# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Kotadiya, Asmita B., 2011, " ***'राजवल्लभ' અને 'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' નું તુલનાત્મક અધ્યયન*** ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/890

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની,

વિનયન વિદ્યાશાખાની ' સંસ્કૃત ' વિષયની

પીએચ.ડી.ની પદવી માટે રજૂ કરવામાં આવનાર મહાનિબંધ

શીર્ષક

# '' '*राजव©भ*' અને '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' નું તુલનાત્મક અધ્યયન''

# " A Comparative Study of ' Rajvallabha ' and ' ' Shilpsmritivastuvidyayam ' "


પ્રસ્તુત કર્ત્રી

પ્રા. અસ્મિતા બી. કોટડિયા
એમ.એ. (સંસ્કૃત)

વિભાગાધ્યક્ષા
સ્વ. એન.એચ. રાદડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ –
જામકંડોરણા

O માર્ગદર્શકશ્રી O

ડૉ. શ્રી જયપ્રકાશ નારાયણ દ્વિવેદી

નિયામકશ્રી
શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઈન્ડોલોજીકલ રિસર્ચ
ઈન્સ્ટીટયુટ – દ્વારકા



ઈ.સ. ૨૦૧૧

# ◆ પ્રમાણપત્ર ◆

આથી હું પ્રમાણિત કરું છું કે શોધછાત્રા પ્રા. અસ્મિતા બી. કોટડિયા દ્વારા પ્રસ્તુત થનાર મહાનિબંધ *'राजव©भ'* અને *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'* નું તુલનાત્મક અધ્યયન ( A Comparative Study of ' Rajvallabha ' and ' Shilpsmritivastuvidyayam ' ) તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધન કાર્ય છે. તેમણે મારા માર્ગદર્શન નીચે નિષ્ઠાપૂર્વક શોધકાર્ય પૂર્ણ કરેલ છે.

માર્ગદર્શકશ્રી

(ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી)
નિયામકશ્રી,
શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ
ઈન્ડોનોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટીટયુટ
દ્વારકા

તારીખ :

સ્થળ :

# ◆ જાહેરનામું ◆

આથી હું સોગંદપૂર્વક જાહેર કરું છું કે પ્રસ્તુત મહાનિબંધરુપે રજૂ થયેલ સંશોધનકાર્ય મેં નિર્દિષ્ટ સંદર્ભ ગ્રંથોના આધારે તૈયાર કરેલ છે. તેમાં આવતા નિરુપણ અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક છે. આથી હું તેની મૌલિકતાની ખાતરી પૂર્વક જાહેરાત કરું છું. ઉપરાંત તેમાં રજૂ થયેલા મંતવ્યો અને વિગતો માટે હું જવાબદાર છું, તે પણ જાહેર કરું છું.

તારીખ :

સ્થળ : અસ્મિતા બી. કોટડિયા

માર્ગદર્શકશ્રી

(ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી)
નિયામકશ્રી,
શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ
ઈન્ડોનોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટીટયુટ
દ્વારકા

# ઋણસ્વીકાર


સંશોધન એ સહકારયુક્ત પ્રક્રિયા છે. સંશોધનની શરૂઆતથી અંત સુધી સંશોધક અનેક વ્યકિતઓ પાસેથી સહકાર, માર્ગદર્શન અને પ્રેરણા મેળવે છે. એજ રીતે પ્રસ્તુત સંશોધન કાર્યના સમગ્ર સમયગાળા દરમિયાન સંશોધનના વિવિધ તબક્કે મને જેમની મદદ મળી છે તે સર્વે પ્રત્યે હું અંતઃકરણ પૂર્વક આભારની લાગણી વ્યકત કરું છું અને તેઓનું ઋણ સ્વીકાર કરવાની તક લઉં છું.

સૌ પ્રથમ મારા પથદર્શક એવા ગુરુવર્ય પૂ. ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી સાહેબનો સાદરવંદન સાથે અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરું છું. તેઓએ આ સમગ્ર સંશોધન કાર્યમાં વૈચારિક પ્રક્રિયાથી શરુ કરી સંશોધન અહેવાલની પૂર્ણતા સુધી ડગલે ને પગલે અમૂલ્ય માર્ગદર્શન, પ્રેરણા, પિતાતુલ્ય પ્રેમ અને હૂંફ પુરા પાડયા છે. તેમના જ સહારે આ ગ્રંથનું નિર્માણ થયું છે.

જેને મારા સંશોધન માટે સંદર્ભ સાહિત્ય અને સહકાર આપી સતત મારું પથદર્શન કર્યુ છે. તેવા ડૉ. સી. વી. બાલધા સાહેબ અને એન.વી. ગાંવિત સાહેબની હું સદા ઋણી રહીશ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સંસ્કૃત ભવનના અધ્યક્ષ ડૉ. ચોટલિયા સાહેબે ભાષા વિશેનું માર્ગદર્શન આપ્યું તથા કે. ઓ. શાહ કોલેજ ધોરાજીના નિવૃત પ્રિન્સિપાલ ડૉ.એમ. આઈ. પટેલ સાહેબે પ્રત્યક્ષ રીતે માર્ગદર્શન પૂરું પાડયું તે બદલ હું તેમની ઋણી રહીશ.

સંશોધન કાર્ય દરમિયાન વિવિધ ગ્રંથાલયો જેવા કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી લાઈબ્રેરી – રાજકોટ, શ્રી દ્વારકાધીશ પ્રાચ્યવિદ્યા સંશોધન ગ્રંથાલય – દ્વારકાના સહયોગને આભારી રહીશ.

જીવનની પ્રત્યેક અવસ્થામાં નિર્વ્યાજ વાત્સલ્ય વરસાવનાર અને સંશોધનકાર્યના  સમયગાળામાં સતત સહકાર અને પ્રોત્સાહન પુરા પાડયા એવા મારા પરમ પૂજય માતૃશ્રી અને પિતાશ્રીનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.  તેમજ સંશોધનના આ માર્ગપર મને હંમેશા સહકાર અને સાથ આપનાર અને જેના કારણે જ આ સંશોધન કાર્ય ગતિશીલ બન્યું તેવા મારા પતિદેવની હું સદા ઋણી રહીશ.

જેની પા....પા....... પગલીઓએ મારા ઉત્સાહમાં વધારો કર્યો તેવી મારી વ્હાલી દિકરી ચિ. હેતસ્વીની લાગણીની પણ હું આ તકે કદર કરું છું.

સમયસર અને સ્વચ્છ મુદ્રણ બદલ કમ્પ્યુટરના ભાઈશ્રી પાઠકભાઈનો આભાર વ્યક્ત કરું છું.

અંતમાં, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદ કરનાર પ્રત્યેક સામર્થ્યશીલ વ્યક્તિઓની હું આભારી છું.

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| (૧) | વાસ્તુશાસ્ત્ર અને તેની પરંપરા | ૧ થી ૪૨ |
| (૨) | કૃતિ અને કૃતિકાર – એક પરિચય | ૪૩ થી ૬૪ |
| (૩) | વાસ્તુશાસ્ત્રીય ચિંતનમાં ' *રાજવ©ભ* ' અને ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' નુ સ્થાન | ૬૫ થી ૭૯ |
| (૪) | ' *રાજવ©ભ* ' અને ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' ના વર્ણ્ય વિષયો | ૮૦ થી ૩૦૬ |
| (૫) | ' *રાજવ©ભ* ' અને ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' ના વર્ણ્ય વિષયોમાં સામ્ય | ૩૦૭ થી ૩૫૭ |
| (૬) | ' *રાજવ©ભ* ' અને ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' ના વર્ણ્ય વિષયોમાં વૈષમ્ય | ૩૫૮ થી ૪૫૨ |
| (૭) | ' *રાજવ©ભ* ' અને ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' ના વર્ણ્ય વિષયોનો અન્ય શાસ્ત્ર સાથે સંબંધ | ૪૫૩ થી ૪૮૮ |
| (૮) | ' *રાજવ©ભ* ' અને ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' ના વર્ણ્ય વિષયોની પ્રાસંગિકતા અને ઉપાદેયતા | ૪૮૯ થી ૫૨૬ |
| | પરિશિષ્ટો : સંદર્ભ ગ્રંથોની વર્ગીકૃત સૂચિ | ૫૨૭ થી ૫૪૧ |

# પ્રકરણ – ૧ : વાસ્તુશાસ્ત્ર અને તેની પરંપરા


૧.૧ ભૂમિકા

૧.૨ વાસ્તુશાસ્ત્ર : એક પરિચય

૧.૨.૧ પૃષ્ઠભૂમિ

૧.૨.૨ વાસ્તુવિવેચન

૧.૨.૩ વાસ્તુશાસ્ત્ર અને સ્થાપત્ય કલા : એક વિવેચન

૧.૨.૪ વાસ્તુનું લક્ષણ અને તેના વર્ગીકરણ

૧.૩ વાસ્તુ વિજ્ઞાનની શાસ્ત્રીય મીમાંસા

૧.૩.૧ વાસ્તુશાસ્ત્રની ઐતિહાસિકતા

૧.૩.૨ વાસ્તુશાસ્ત્રની દાર્શનિકતા

૧.૩.૩ વાસ્તુપુરુષના સ્વરૂપ વિવેચન અને અન્ય શાસ્ત્રપુરુષો સાથે તેની સરખામણી

૧.૩.૩.૧ વાસ્તુશાસ્ત્રના સ્વરૂપ વિવેચન

૧.૩.૩.૨ વાસ્તુપુરુષની અન્યશાસ્ત્ર પુરુષો સાથે સરખામણી

(A) વેદપુરુષની કલ્પના
(B) સાંખ્યદર્શનમાં પુરુષ
(C) કાવ્યપુરુષ
(D) ઋગ્વેદમાં પુરુષવર્ણન
(E) શ્રીમદ્ ભગવત ગીતામાં વિરાટ પુરુષ

૧.૩.૪ વાસ્તુવિષયોની વૈજ્ઞાનિક મીમાંસા

૧.૪ વાસ્તુશાસ્ત્રની પરંપરા અને તેની મુખ્ય કૃતિઓઃ એક વિવેચન

૧.૫ નિષ્કર્ષ

# પ્રકરણ – ૨

# કૃતિ અને કૃતિકાર : એક પરિચય


૨.૧ ભૂમિકા

૨.૨ '*राजव©भ*' નો પરિચય

૨.૩ '*राजव©भ*' ના કર્તા મંડન સૂત્રધાર

- ૨.૩.૧ કુંભકર્ણના આશ્રિત મંડન
- ૨.૩.૨ સૂત્રધારનો સમય
- ૨.૩.૩ દરબારી સન્માનિત સ્થપતિ મંડન
- ૨.૩.૪ સૂત્રધાર મંડનની વશાંવળી

૨.૪ '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' નો પરિચય

- ૨.૪.૧ પૂર્વાર્ધ
- ૨.૪.૨ ઉત્તરાર્ધ
- ૨.૪.૩ સંપાદક નંદલાલભાઈ : એક પરિચય

૨.૫ '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' ના કર્તા વિશ્વકર્માનો પરિચય

- ૨.૫.૧ વિશ્વકર્મા શબ્દનો અર્થ
- ૨.૫.૨ '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' માંથી મળતી માહિતી
- ૨.૫.૩ વૈદિક સાહિત્યમાં વિશ્વકર્મા
- ૨.૫.૪ પુરાણોમાં વિશ્વકર્મા
- ૨.૫.૫ વિશ્વકર્માની અન્ય માહિતી

૨.૬ નિષ્કર્ષ

# પ્રકરણ – ૩

# વાસ્તુશાસ્ત્રીય ચિંતનમાં ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' નું સ્થાન

૩.૧ ભૂમિકા

૩.૨ વાસ્તુશાસ્ત્ર અને ' *राजव©भ* '

- ૩.૨.૧ વાસ્તુ પરંપરા અને ' *राजव©भ* '
- ૩.૨.૨ અનન્યગ્રંથ ' *राजव©भ* '
- ૩.૩.૩ વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતો અને ' *राजव©भ* '

૩.૩ વાસ્તુશાસ્ત્ર અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* '

- ૩.૩.૧ વાસ્તુ પરંપરા અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* '
- ૩.૩.૨ અનન્યગ્રંથ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* '
- ૩.૩.૩ વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતો અને '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*'

૩.૪ નિષ્કર્ષ

# પ્રકરણ – ૪

# ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયો


૪.૧ ભૂમિકા

૪.૨ ' *राजव©भ* ' ના વર્ણ્ય વિષયો

૪.૨.૧ ' *राजव©भ* ' માં વર્ણિત ભૂ–પરીક્ષા, વાસ્તુપ્રકારો, વાસ્તુપુરુષ, વાસ્તુયંત્ર અને યજ્ઞકુંડ આદિ

૪.૨.૧.૧ ભૂ–પરીક્ષા

૪.૨.૧.૨ ભૂમિમાં પ્લવ

૪.૨.૧.૩ ગૃહમાહાત્મ્ય અને અન્ય

૪.૨.૧.૪ વાસ્તુપ્રકારો

૪.૨.૧.૫ વાસ્તુપુરુષ

૪.૨.૧.૬ યજ્ઞકુંડ

૪.૨.૧.૭ ગજ આદિ નિર્માણ માપ

૪.૨.૨ ' *राजव©भ* ' માં નગર, કૂવા,તળાવ અને વાવડીની રચનાઓ

૪.૨.૨.૧ નગર રચનાઓ

૪.૨.૨.૨. કૂવા, તળાવ અને વાવડીની રચનાઓ

૪.૨.૩ ' *राजव©भ* ' માં વર્ણિત સિદ્ધાંતો અને જયોતિષશાસ્ત્રના સિદ્ધાંતો

૪.૨.૩.૧ આયવિચાર

૪.૨.૩.૨ વ્યય, અંશ, તારા, રાશિ નક્ષત્ર અને માત્રિકા લક્ષણ

૪.૨.૩.૩ નાડીચક્ર,લીખથી ગજ સુધીના માપ અને ક્ષેત્રફળ વિચાર

૪.૨.૩.૪ જયોતિષ લક્ષણો અને સ્ત્રીદોષ ઈત્યાદિનું વર્ણન

૪.૨.૪ રાજભવનો અને તેના પ્રકારો

૪.૨.૪.૧ એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ અને ચતુઃશાળ ઘરોની રીત

૪.૨.૫ રાજભવનની સંબંધિત સામગ્રીઓ અને અન્ય ઘરોના વર્ણનો

૪.૨.૫.૧ શય્યા લક્ષણ

૪.૨.૫.૨ સિંહાસન લક્ષણ

૪.૨.૫.૩ છત્રલક્ષણ

૪.૨.૫.૪ ગવાક્ષ લક્ષણ

૪.૨.૫.૫ રાજસભાષ્ટક, વેદિકા અને દીપસ્થંભ

૪.૨.૫.૬ અન્ય ઘરોના વર્ણનો

૪.૨.૬ ' *राजव©भ* ' માં શકુન વર્ણનો

૪.૩ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયો

પૂર્વાર્ધ :

૪.૩.૧ પૃષ્ઠભૂમિ

૪.૩.૧.૧ ભૂ–પરીક્ષા

૪.૩.૧.૨ ગૃહ, દેવમંદિર અને પ્રસાદોનું મહાત્મ્ય

૪.૩.૧.૩ શલ્યશોધન

૪.૩.૧.૪ દિક્સાધના

૪.૩.૧.૫ હસ્તગ્રહણ

૪.૩.૧.૬ અંગુલાદિથી પૃથ્વી પ્રમાણ

૪.૩.૨ વાસ્તુપદાધિકાર

૪.૩.૨.૧ વાસ્તુપુરુષોત્પત્તિ અને પૂજાકર્મ

૪.૩.૨.૨ વાસ્તુપદ–દેવતાવિન્યાસ અને વાસ્તુદેવતાની પૂજાસામગ્રી

૪.૩.૨.૩ વાસ્તુપૂજાવિધિ મુહૂર્ત પ્રમાણે

૪.૩.૩ શિલાન્યાસ

૪.૩.૩.૧ કીલરોપણ વિધિ

૪.૩.૩.૨ શિલાન્યાસ વિધિ

૪.૩.૩.૩ આયતત્ત્વાધિકાર

ઉત્તરાર્ધ :

૪.૩.૧ પ્રાસાદનિર્માણની પૂર્વભૂમિકા

૪.૩.૧.૧ પ્રાસાદોત્પત્તિ

૪.૩.૧.૨ ભૂ–પરીક્ષા

૪.૩.૧.૩ હસ્તપ્રમાણ,મુહૂર્તાદિવિષયો અને શિલાન્યાસ

૪.૩.૧.૪ પ્રાસાદ માટેની આવશ્યક અને લાભકર સામગ્રીઓ

૪.૩.૨ દ્વારમંડપ અને પ્રાસાદ મીમાંસા

૪.૩.૨.૧ દ્વાર મીમાંસા

૪.૩.૨.૨ મંડપ વિધાન

૪.૩.૨.૩ પ્રાસાદદોષો અને તત્સંબંધી પરિહારો

૪.૩.૩ પ્રાસાદ લક્ષણો અને તેના પ્રકારો

૪.૩.૪ જિન પ્રાસાદ વિવેચન

૪.૪.૪.૧ સમવસરણ સ્વરૂપ

૪.૩.૪.૨ મેરુગિરિ સ્વરૂપ

૪.૩.૪.૩ જિનપ્રાસાદ સ્વરૂપ અને અન્ય

૪.૩.૪.૪ વિદ્યાઆદિ દેવીઓનું વર્ણન

૪.૩.૪.૫ નાગર પ્રાસાદ સ્વરૂપ લક્ષણ

૪.૩.૫ દેવતા મૂર્તિ સ્વરૂપ લક્ષણ

૪.૩.૬ પ્રતિષ્ઠાવિધાન

૪.૪ નિષ્કર્ષ

# પ્રકરણ – ૫

# ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના

# વર્ણ્ય વિષયોમાં સામ્ય


૫.૧ ભૂમિકા

૫.૨ મંગલાચરણ

૫.૩ ગૃહનિર્માણ પ્રયોજન

૫.૪ ગૃહારંભ વિચાર

૫.૫ દિક્સાધન વિધિ

૫.૬ ભૂમિનિર્ણય

૫.૬.૧ બ્રાહ્મણાદિ માટે પ્રશસ્તાભૂમિ

૫.૬.૨ ભૂ–પરીક્ષાનો વિધિ

૫.૬.૩ ભૂમિ પ્લવ

૫.૭ શલ્યશોધન વિધિ

૫.૮ નાગચક્ર નિર્ણય વિચાર

૫.૯ શિલાન્યાસ વિધિમાં ખનન નિર્ણય

૫.૧૦ હસ્તાદિ પ્રમાણ

૫.૧૧ વાસ્તુપુરુષ – પદાધિકાર

૫.૧૧.૧ વાસ્તુપુરુષોત્પત્તિ

૫.૧૧.૨ વાસ્તુપૂજન કયાં ?

૫.૧૧.૩ વાસ્તુપુરુષમાં દેવતાવિન્યાસ

૫.૧૧.૪ વાસ્તુપદ વિધાન

૫.૧૧.૫ વાસ્તુદેવના નૈવેદ્ય અને વાસ્તુપૂજન માહાત્મ્ય

૫.૧૨ આયઆદિ તત્ત્વાધિકાર

- ૫.૧૨.૧ ક્ષેત્રફળ
- ૫.૧૨.૨ આયવિચાર
- ૫.૧૨.૩ નક્ષત્ર અને નક્ષત્ર ગણાધિકાર
- ૫.૧૨.૪ ચંદ્રાધિકાર
- ૫.૧૨.૫ નક્ષત્ર વૈરાધિકાર
- ૫.૧૨.૬ વ્યયાધિકાર
- ૫.૧૨.૭ તારાધિકાર
- ૫.૧૨.૮ નક્ષત્ર–નાડી અધિકાર
- ૫.૧૨.૯ રાશિવિચાર
- ૫.૧૨.૧૦ રાશિવૈર અને રાશિસ્વામી
- ૫.૧૨.૧૧ રાશિ–વર્ણ વિચાર
- ૫.૧૨.૧૨ અંશાધિકાર
- ૫.૧૨.૧૩ તિથિ–વાર–લગ્ન અધિકાર
- ૫.૧૨.૧૪ વર્ગાધિકાર
- ૫.૧૨.૧૫ તત્ત્વાધિકાર અને આયુષ્યવિચાર
- ૫.૧૨.૧૬ નક્ષત્ર યોનિવિચાર અને યોનિવૈર
- ૫.૧૨.૧૭ અલ્પદોષ વિચાર

૫.૧૩ દેવાલય નિર્માણ

૫.૧૪ સ્તંભ વિચાર

૫.૧૫ ગૃહાદિ અવરોધફળ

૫.૧૬ મુહૂર્ત લક્ષણ

૫.૧૭ ગૃહાદિના ચાર પ્રવેશદ્વાર

૫.૧૮ યોગિની વિચાર

૫.૧૯ ચંદ્ર વિચાર
૫.૨૦ દેવ પ્રતિષ્ઠા
૫.૨૧ ગૃહપર વૃક્ષછાયા અને ગૃહસમીપ શુભવૃક્ષ
૫.૨૨ ચિત્રોમાં સામ્ય
૫.૨૩ નિષ્કર્ષ

# પ્રકરણ – ૬

# '*રાજવ©ભ*' અને ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' ના

# વર્ણ્ય   વિષયોમાં વૈષમ્ય


૬.૧ ભૂમિકા

૬.૨ ગૃહદ્વાર વિચાર

૬.૨.૧ સૌરમાસવિચાર

૬.૨.૨ ગૃહેશરાશિવશાદ્ દ્વાર વિચાર

૬.૩ ભૂમિ વિચાર

૬.૩.૧ ભૂમિ નિર્ણય વિધાન

૬.૩.૨ પ્રશસ્તા અને નિષિદ્ધાભૂમિ

૬.૩.૩ જીવિત અને મૃતભૂમિ

૬.૩.૪ ભૂમિ પરીક્ષા પછીનો વિધિ

૬.૪ કીલસ્થાપન વિચાર અને ખનન નિર્ણય

૬.૫ શલ્ય વિચાર

૬.૬ નાગચક્રવિધાન

૬.૭ શિલાન્યાસ

૬.૭.૧ શિલાના પ્રકારો અને પ્રમાણ

૬.૭.૨ શિલાન્યાસ વિધાન

૬.૮ ગૃહારંભવિચાર

૬.૯ વાસ્તુપુરુષ વિધાન

૬.૯.૧ વાસ્તુપદ વિધાન

૬.૯.૨ વાસ્તુપુરુષાંગે દેવવિન્યાસ

૬.૯.૩ વાસ્તુપૂજન વિધાન

૬.૧૦ આયાદિ વિધાનો
૬.૧૦.૧ આયજ્ઞાન વિધિ
૬.૧૦.૨ આય સ્વરૂપ
૬.૧૦.૩ રાશિ, નક્ષત્ર અને ભદ્રાજ્ઞાન
૬.૧૦.૪ કરણજ્ઞાન અને યોગજ્ઞાન
૬.૧૦.૫ તિથિ–વાર–લગ્ન જ્ઞાન વિધિ
૬.૧૦.૬ ચંદ્ર અને ગ્રહ બલ વિધાન
૬.૧૦.૭ ક્ષેત્રફળ જ્ઞાન વિધાન
૬.૧૦.૮ ગૃહાયુષ્ય જ્ઞાન વિધાન
૬.૧૦.૯ વ્યયના નામો અને ફળ
૬.૧૦.૧૦ તારાના પ્રકારો
૬.૧૦.૧૧ ગ્રહ અને રાશિસ્વામીમાં શત્રુ–મિત્રભાવ
૬.૧૦.૧૨ ક્ષેત્રનામાક્ષર
૬.૧૦.૧૩ પુરુષાધિકાર અને માતૃકાલક્ષણ
૬.૧૦.૧૪ મહાદશાજ્ઞાન વિધાન
૬.૧૧ દેવ પ્રતિષ્ઠા વિધાન
૬.૧૨ વિવાહ મુહૂર્ત વિધાન
૬.૧૩ દુર્ગ, નગર, જળાશયાદિ લક્ષણ
૬.૧૪ રાજગૃહ લક્ષણ
૬.૧૫ ગૃહ લક્ષણો અને પ્રકારો
૬.૧૬ ગોચર રાત્રિ – દિન વિધાન અને જયોતિષ
૬.૧૭ શકુન વિધાન
૬.૧૮ પ્રાસાદ લક્ષણો અને દેવતામૂર્તિ સ્વરૂપ લક્ષણો
૬.૧૯ ચિત્રોમાં વૈષમ્ય
૬.૨૦ પ્રકીર્ણ બાબતો અને નિષ્કર્ષ

# પ્રકરણ – ૭

# ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોના અન્ય શાસ્ત્રો સાથે સંબંધ


૭.૧ ભૂમિકા

૭.૨ ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોનો જયોતિષશાસ્ત્ર સાથે સંબંધ

૭.૩ ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોનો ધર્મશાસ્ત્ર સાથે સંબંધ

૭.૪ ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોનો દર્શનશાસ્ત્ર સાથે સંબંધ

૭.૫ ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોનો અર્થશાસ્ત્ર સાથે સંબંધ

૭.૬ ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોનો અન્ય શાસ્ત્રો સાથે સંબંધ

૭.૭ નિષ્કર્ષ

# પ્રકરણ – ૮

## ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોની પ્રાસંગિકતા અને ઉપાદેયતા


૮.૧ ભૂમિકા

૮.૨ પૃથ્વી સંબંધી ઉત્પાતોથી રક્ષામાં પ્રસ્તુત વિષયોની ઉપયોગિતા

૮.૩ અર્થ અને આરોગ્ય માટે પ્રસ્તુત વિષયોની ઉપયોગિતા

૮.૪ ગૃહારંભે જ્યોતિષ શાસ્ત્રીય તત્ત્વોની દૃષ્ટિએ

૮.૫ વાસ્તુપૂજન વિધાનની દૃષ્ટિએ

૮.૬ પર્યાવરણની દૃષ્ટિએ

૮.૭ આધુનિક સમયમાં ભૂખંડોનું વૈજ્ઞાનિક રીતિએ ચિંતન

૮.૮ દેવાલય નિર્માણની દૃષ્ટિએ

૮.૯ દિશાઓ જાણવા માટે

૮.૧૦ માપજ્ઞાન જાણવાની દૃષ્ટિએ

૮.૧૧ આધુનિક વૈજ્ઞાનિકની દૃષ્ટિએ

૮.૧૨ સંશોધનની દૃષ્ટિએ

૮.૧૩ નિષ્કર્ષ

# પ્રકરણ : ૧

# વાસ્તુશાસ્ત્ર અને તેની પરંપરા

# પ્રકરણ – ૧

# વાસ્તુશાસ્ત્ર અને તેની પરંપરા

## ૧.૧ ભૂમિકા

વિશ્વમાં સર્વોચ્ચ સ્થાન ધરાવતી ભારતીય સંસ્કૃતિમાં સૌથી પ્રાચીન સાહિત્ય એટલે શ્રુતિ સાહિત્ય. આ શ્રુતિ સાહિત્યમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ તેમજ ચાર ઉપવેદ – આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ અને અથર્વવેદ તેમજ છ વેદાङ्गો પણ વૈદિક સાહિત્યમાં સમાવેશ પામે છે.

ધ્યાતવ્ય છે કે ઘણા વિદ્વાનોના મતે વાસ્તુવેદ પણ ઉપવેદ માનવામાં આવે છે અને વાસ્તુશાસ્ત્ર પણ ઉપવેદ છે. જેના વર્ણનો વેદોમાં જોઈ શકાય તેમ છે.

ત્યાર પછી રામાયણ, મહાભારત, બૌદ્ધગ્રંથો અને જૈન આગમો, સંહિતાઓ વગેરેમાં વાસ્તુવિદ્યા એ આપણી પ્રાચીન વિદ્યા છે. તો પ્રશ્ન થાય કે આ વાસ્તુવિદ્યા એ શું છે ? તો કહી શકાય કે જગતમાં પ્રત્યેક સુખ અને શાંતિ ઝંખે છે. અને કુદરતી વાતાવરણથી પોતાનું રક્ષણ ઈચ્છે છે. આવુ આદિ માનવ પણ ઈચ્છતો અને ભૂમિ ખોદીને, કોતરો બનાવીને અને ગુફાઓની શોધ કરી ને તેમા વાસ કરતો આથી વાસ્તુવિદ્યાનો પ્રારંભ સ્થુળરૂપે આદિકાળથી જ થયેલો ગણી શકાય.

આજ કારણે પ્રાચીન ભારતીય મનીષીઓ દ્વારા વાસ્તુશાસ્ત્ર જેવા જ્ઞાની શાખાના સિદ્ધાંતો પ્રમાણે ભવન નિર્માણ, પૂજા માટે મંદિર, મૂર્તિઓના નિર્માણ અને રાજાઓ માટે રાજ મહેલ તથા કિલ્લાઓ વગેરેના નિર્માણ કરવામાં આવ્યા. આથી અનુમાન કરી શકાય કે માનવ સભ્યતાના વિકાસ સાથે જ શિલ્પનો વિકાસ ક્રમશઃ થતો ગયો હશે.

વાસ્તુશાસ્ત્રનો શાબ્દિક અર્થ ' ઈમારતનું વિજ્ઞાન ' છે અને આ વાસ્તુશાસ્ત્રના પ્રવર્તક વિશ્વકર્મા છે એવું વિધાન વાસ્તુશાસ્ત્રમાં કરવામાં આવ્યું છે. વાસ્તુશાસ્ત્રનો શાબ્દિક અર્થ ભલે ' ઈમારતનું વિજ્ઞાન ' એવો કરીએ પરંતુ એ કેવળ ગણતરીઓ અને ભૌતિક પરિમાણો નથી. પરંતુ વાસ્તુશાસ્ત્રતો તત્ત્વજ્ઞાન, ધર્મ અને કોસ્મિક ઊર્જા સાથે

ગાઢ સંબંધ ધરાવે છે. જે મનુષ્યની સૂક્ષ્મ રીતે રચાયેલ પરિસ્થિતિ છે. તે ૯ ગ્રહો, ૧૨ રાશિઓ અને ૨૭ નક્ષત્રોના ફેરફાર અને જોડાણ સાથે સંપર્ક રાખે છે. અથર્વવેદમાં સ્થાપત્યનાં સૌથી વધારે ઉલ્લેખો મળે છે. જેમકે –

*स्थापत्यवेदा विश्वकर्मादि शिल्पशास्त्रं अथर्ववेदस्योपवेदः ॥*

તેમજ તેની પ્રાચીનતા માટે મત્સ્યપુરાણમાં ભૃગુ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વકર્મા, નારદ વગેરે અઢાર શિલ્પશાસ્ત્રીઓનો ઉલ્લેખ મળે છે.

આ અઢાર આચાર્યો શિલ્પશાસ્ત્રના ઉપદેશકો છે. તેમાંથી હું શિલ્પશાસ્ત્રના આધારરુપ અને વાસ્તુશાસ્ત્રના અણમોલ કહી શકાય તેવા ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' નામના ગ્રંથ જેના કર્તા દેવોના શિલ્પી વિશ્વકર્મા છે તે મૂળગ્રંથ અને મહાન કર્તા મંડન સૂત્રધાર કૃત શિલ્પનો બેનમુન ગ્રંથ ' *राजव©भ* ' આ બંને ગ્રંથોમાં નિરુપિત વાસ્તુવિષયક સિદ્ધાંતોનું તુલાનાત્મક અધ્યયન કરી શોધનિબંધ રજુ કરવાનો યથામતિ મારો પ્રસ્તાવ અને પ્રયત્ન છે. તેમજ વાસ્તુશાસ્ત્રનો ઉદ્દેશ્ય સંસારના માનવમાત્રનાં સુખ માટે જ છે. જેમકે –

વિશ્વકર્માજી દ્વારા રચિત વાસ્તુશાસ્ત્ર હોય, દેવર્ષિ નારદ રચિત નારદ સંહિતા હોય, મયનો ગ્રંથ મયમત હોય કે અન્ય આચાર્યોના વાસ્તુ સંબંધી ગ્રંથો હોય, તે બધાએ વાસ્તુવિદ્યા ને જીવંત રાખી છે અને દરેકનો હેતુ ભવનાદિના નિર્માણની યોજનાઓ માટે સારા મુહૂર્તો, તિથિઓ, વારો, યોગો, કરણોના અવધાનો, ભૂમિ પરીક્ષણના તમામ વિધાનો આ બધુ માનવ માત્ર માટે, માનવને સુખ મળે તે માટે સતત વિચારવામાં આવ્યું છે અને કહ્યુ પણ છે.

*अण्डाकोशे शरीरऽस्मिन् सप्तावरणसंयुते,* (१)

*वैराजः पुरूषोयोऽसौ भगवान धारणाश्रयः ॥*

ભારતીય વાસ્તુશાસ્ત્રને ' વાસ્તુકલા ' પણ કહેવામાં આવે છે. આ ભવનઆદિના નિર્માણની એક પ્રાચીન અને વૈજ્ઞાનિક પદ્ધતિ છે. વાસ્તુવિદ્યાનો પ્રારંભનો કાળ અનિશ્ચિત છે. કેમકે આ ઉપવેદ છે. પરંતુ તેના વિચારબીજ વેદકાલીન ગ્રંથોમાં

પ્રકારાન્તરે ઝંકૃત થતા જોવા મળે છે. જેમકે – મનુષ્ય પુરાતન કાળથી પૃથ્વીને માતા તરીકે માને છે. " *माता भूमिः पुत्रोऽहं पृथिव्याः ।* " અને વાસ્તુના કાર્યક્ષેત્રમાં વાસ્તુના રચનાના આરંભથી વિકાસ સુધી ભૂમિ વાસ્તુનું મહત્ત્વ રહ્યું છે.

ભારતીય વાસ્તુવિદ્યાના વિચારો ભારતના આદિ સાહિત્ય વેદોમાંથી પ્રાપ્ત થાય છે. વેદોમાં વિવિધ દેવોની સ્તુતિ કરવામાં આવી છે. જેમા અગ્નિ, ઈન્દ્ર, સોમ, વરુણ વગેરે દેવોની સ્તુતિ પરક મંત્રોનું ગાન છે. આ દેવતાઓ વાસ્તુનું રક્ષણ કરતા હોવાથી તેને ' વાસ્તોષ્પતિ ' તરીકે ઓળખવામાં આવે છે. ' વાસ્તોષ્પતિ ' નું મંત્રગાન ઋગ્વેદકાલીન મંત્રોમાં પ્રાપ્ત થાય છે.

*यः पञ्चर्षणीरभि निषसाद दमेदमे ।*
*कविर्गृहपतिर्युवा ॥* (२)

અર્થાત " ક્રાન્તદર્શી, ગૃહસ્વામી અને યુવાન છે તે પાંચે પ્રાજાઓમાં ઘેર – ઘેર રહે છે.

આ વાસ્તુ પદ્ધતિ બે સાર્વત્રિક મૂલ્યો સમય અને સ્થાન પર થયેલ છે. તેમજ માનવ શરીરના પંચમહાભૂતોની સાથે સામંજસ્ય સાધે છે. આથી જ તો કહી શકાય કે પ્રકૃતિ સાથેનું સામંજસ્ય તે જ વાસ્તુશાસ્ત્ર. વાસ્તુશાસ્ત્રનો અર્થ ' વસ્ ' નિવાસ એવો થાય છે. તેથી મનુષ્ય જે ભૂમિ પર નિવાસ કરે તેને વાસ્તું કહેવામાં આવે છે. પરંતુ માત્ર આટલામાં જ વાસ્તુની વિભાવના પુરી થતી નથી. તેની કેટલીક લાક્ષણિકતાઓ પણ છે.

આથી જ તો આ અધ્યાયના વિષયની વિવેચના નિમ્નાંકિત ત્રણ વિભાગોમાં વ્યક્ત કરવામાં આવી છે.

## ૧.૨ <u>વાસ્તુશાસ્ત્ર : એક પરિચય</u>

### ૧.૨.૧ <u>પૃષ્ઠભૂમિ</u>

આપણે વાસ્તુશાસ્ત્રના પરિચયની પૃષ્ઠભૂમિ બાંધતા કહી શકીએ કે – વાસ્તુવિદ્યા એ આપણી પ્રાચીન વિદ્યા છે. આ ઉપરાંત એ સ્થાપત્યકલાનું એક વિજ્ઞાન છે. મૂળભૂત રીતે મકાનો, કાર્યસ્થળો, મંદિરો કે અન્ય ઈમારતોના બાંધકામનું એ સુરેખ માર્ગદર્શન છે. તે આપણને આજીવિકા , કામ કરવાની સ્થિતિના સર્જનનું જ્ઞાન આપે છે.

વાસ્તુબાંધકામને અનુરૂપ તમામ પાસા જેવા કે– જમીનની પસંદગી, બાંધકામની સામગ્રી, પદ્ધતિ, ઓરડાઓ, બારી–બારણાની ગોઠવણ એવા અનેક પાસા સાથે જોડાયેલ છે. આ વિજ્ઞાન વર્તમાન સ્થાપત્ય વિજ્ઞાન થી ખૂબ જ આગળ છે. આ વાસ્તુશાસ્ત્ર માત્ર બાંધકામ કે ભૌતિક ગુણધર્મોની એક બીજા પર થતી અસરો નથી પણ સૂક્ષ્મ શક્તિને તેના પ્રભાવ સાથે પણ સંબંધ ધરાવે છે. એ અસ્તિત્ત્વની તમામ કક્ષાએ કોઈપણ જીવની એક બીજા પર થતી અસરો વિશેનું જ્ઞાન છે. એ આપણને મનુષ્ય કે પદાર્થની આંતર બાહ્ય ક્રિયાઓ પણ સમજાવે છે. તેમજ કહી શકાય કે – માત્ર વાસ્તુ જ એક એવો વિષય છે જે આપણી તમામ ભૌતિક શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને વાતાવરણીય સંવાદિતા સાથે પ્રત્યક્ષ રીતે સંબંધ ધરાવે છે.

આ રીતે જોઈએ તો વાસ્તુ એક સંપૂર્ણ હોલિસ્ટિક વિજ્ઞાન છે. એને લાગુ પાડવા માટે આપણા પદાર્થ સાથે આપણી આસપાસના સૂક્ષ્મ આધ્યાત્મિક નિયમો પણ સમજવા જોઈએ. વાસ્તુના અભ્યાસની શરૂઆત કરતા પહેલા આપણી પાસે ચાર વેદો અને તેના ચાર ઉપવેદોનું જ્ઞાન હોવું જરૂરી છે.

ભારતીય વાસ્તુશાસ્ત્રને ' વાસ્તુવિજ્ઞાન ' કહેવામાં આવે છે. વિજ્ઞાન એટલા માટે કે " તેમાં પ્રયોગ કરેલ નિયમો – ઉપનિયમો, કસોટીની એરણ પર સત્ય કર્યા છે. "

વળી ભારતીય વાસ્તુશાસ્ત્રને ' વાસ્તુકલા ' પણ કહેવામાં આવે છે કેમકે –

" જે કાર્ય વાણીથી થઈ શકે તે ' વિદ્યા ' પરંતુ મૂંગો પણ જે કાર્ય કરી શકે તે ' કળા '. " – આથી શિલ્પ, ચિત્ર, નૃત્ય વગેરે મૂકભાવે થઈ શકે છે તેથી દરેકને કળાં કહી છે. અને શિલ્પશાસ્ત્ર વિના વાસ્તુશાસ્ત્ર અધૂરુ છે. તેથી વાસ્તુશાસ્ત્રને પણ ' વાસ્તુકલા ' કહેવામાં આવે છે.

આથી કહી શકાય કે દરેક વ્યવહાર ઉપયોગી વસ્તુ ત્રણ તબક્કાવાળા ચક્રમાંથી પસાર થાયછે. (૧) બાંધકામ, (૨) જાળવણી અને (૩) વિનાશ તે જ રીતે વાસ્તુશાસ્ત્રમાં પ્રતિકોથી જાણીતા છે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. આ ત્રણ ભાગો ક્રમિક રીતે ગતિશીલ હોય છે અને કોઈપણ બીજમાં આ અનંત શક્તિરૂપ અંગભૂત ગુણધર્મ હોય છે.જેથી અનેક લાખોનું એ નિર્માણ કરે છે. આમ, બ્રહ્મા ' અને ' અનંત ' વચ્ચેની આ ધુરી કેન્દ્રીયધુરી

છે. આ ક્રિયાશીલતા એ સાચા વાસ્તુ પાછળનું મૂળભૂત શક્તિસૂત્ર છે. આમ વાસ્તુ એ પૃથ્વી અને સ્વર્ગ વચ્ચેની કેન્દ્રિય ધુરીનું નિર્માણ છે અને આવા વાસ્તુના તમામ પાસાઓ, સિદ્ધાંતો અને સામાન્ય બાબતોનું પણ વિશદ્ વર્ણન બંને ગ્રંથોમાં વર્ણિત છે.

### ૧.૨.૨ વાસ્તુવિવેચન

વાસ્તુનું વિવેચન નિમ્નલિખિત જુદા–જુદા વિભાગોમાં આ પ્રમાણે કરી શકાય.

#### ૧.૨.૨.૧ ' વાસ્તુ ' શબ્દની નિરુક્તિ

ભારતીય વૈદિક સાહિત્યમાં વેદ–સંહિતા, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદો ઉપરાંત ષડવેદાઙ્ગોનો પણ સમાવેશ થાય છે. અને આ વેદકાલીન સમયમાં માનવ જયારે પોતાના નવા ગૃહમાં પ્રવેશ કરતો ત્યારે વિવિધ દેવોને રક્ષણ અર્થે પ્રાર્થના કરતા હતો અને વેદાંગ તરીકે ઓળખાતા શિક્ષા, કલ્પ, નિરુક્ત, છંદ, વ્યાકરણ અને જયોતિષ કહેવામાં આવે છે. જેમાં નિરુક્ત નિઘણ્ટુનો વ્યાકરણ ગ્રંથ છે. આ યાસ્કાચાર્યનો નિરુક્ત ગ્રંથ મૌલિક ગ્રંથ નથી પરંતુ વ્યાકરણ ગ્રંથ છે. જેનું સન્માન અને મહત્ત્વ મૂળ ગ્રંથથી પણ વધારે છે. આ નિરુક્તમાં વાસ્તુ શબ્દની નિરુક્તિ આ પ્રમાણે આપી છે.

*वास्तुस्ते निवासकर्मणः तस्य पाता वा पालयिता वा तस्यैष भवति -----*

*अमीवहा वास्तोष्पते विद्यारूपाण्याविशन् ।*

*सखा सुशेव एधि नः ।।* (૩)

*– अभ्यमनंहा वास्तोष्पते सर्वाणि ।*

*रूपाण्याविशन् सखा नः सुसुख भवा ' शेव '*

*इतिसुखनाम् शिष्यतेर्वकारो नामकरजोऽन्त –*

*स्थान्तरोपलिङ्गी । विभाषितगुणः शिवमित्यप्यस्य*

*भवति । यद् यद् रूपं कामयते तत् तद् देवता भवति ।* (૪)

આમ, ' વાસ્તુ ' વસ્ ધાતુથી બનેલો છે. જેનો અર્થ ઘર થાય છે. વાસ્તોષ્પતિ એ વાયુ છે, જે બ્રાહ્મ મુહૂર્તથી થાય છે અને ઘરના બધા જ રોગોને લઈ જાય છે. એટલા માટે ગૃહ આદિનું નિર્માણએવી રીતે કરવું જોઈએ કે જેનાથી કોઈપણ જાતના રોકાણ વગર

એમા વાયુની આવ–જા થતી રહે અને ખાસ તો સવારનો વાયુ તો અવશ્ય આવી શકે સવારના વાયુના શ્વસન માટે ખુલ્લા મેદાનમાં ભ્રમણ માટે અવશ્ય જવું જોઈએ. આમ, વાસ્તુની રચના એવી રીતે થવી જોઈએ કે જેથી સૂર્યનો પ્રકાશ અને વાયુ તેમાં વસનાર માટે યોગ્ય માત્રામાં મળી રહે.

આ ઉપરાંત વાસ્તુ શબ્દની પરિભાષા મયમતમાં આ પ્રમાણે આપી છે.

*अमर्त्याश्चैव मर्त्याश्च यत्र यत्र वसन्ति द्वि तत्र वस्त्विति मतं ।* (૫)

સંસ્કૃત સાહિત્યમાં વેદ પછી પુરાણોની રચના થઈ છે. અને આ પુરાણોમાં મુખ્ય અઢાર પુરાણોને સ્વીકારવામાં આવ્યા છે. જેમાં મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ વગેરે પુરાણોમાં વાસ્તુ વિશેના વિશેષ વિચારો રજૂ થયા છે. જેમ કે –

*निवासात्सर्वदेवानां वास्तुरित्यभिधीयते ।*

આ રીતે, મત્સ્યપુરાણમાં વાસ્તુનો સંબંધ દેવતા સાથે જણાય છે. જેમાં વાસ્તુની ઉત્પત્તિ શંકરના પ્રસ્વેદમાંથી સ્વીકારાય છે.

આમ ' વાસ્તુ ' શબ્દના વિવિધ અર્થોના આધારે કહી શકાય કે વાસ્તુશાસ્ત્રનો ઉદ્દેશ્ય મનુષ્યના કલ્યાણનો છે. જેમકે –

*वास्तुशास्त्रं प्रवक्ष्यामि लोकानां हितकाम्यया ।* (૬)

સર્વદેવતાઓના નિવાસ કરવાને કારણે ' વાસ્તુ ' નામથી પ્રસિદ્ધ થયું.

૧.૨.૨.૨ <u>વાસ્તુપુરુષની ઉત્પત્તિ</u>

વાસ્તુશાસ્ત્રના ગ્રંથોના અધ્યયન પૂર્વ વાસ્તુશાસ્ત્રમાં આવતા ' વાસ્તુ ' શબ્દ આપણને અનેક વિચારો ઉત્પન્ન કરે છે. જેવા કે વાસ્તુ એટલે શું ? કોને વાસ્તુ કહેવાય ? તેની ઉત્પત્તિ શા માટે થઈ ? આ અને આવા અનેક પ્રશ્નોના ગહનતા પૂર્વકના ઉત્તરો આપણા વાસ્તુશાસ્ત્રની જાણકારી આપતા ગ્રંથોમાંથી મળે છે. જેમ કે –

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં વાસ્તુપુરુષની ઉત્પત્તિ વર્ણવવામાં આવી છે તે આ પ્રમાણે છે.

*संग्रामेंधक रूद्रयोश्च पतितः स्वेदो महेशात्क्षितौ ।*
*तस्माद्भूतमभूच्च भीतिजननंद्यावापृथिव्योर्महत् ।*
*तदेवैः सहसावि गृह्यनिहितं भूमावधो वक्त्रकं ।*
*देवानां वचनाश्च वास्तु पुरूषस्तेनैव पूज्यो बुधैः ।।* (૭)

અર્થાત્ અંધક દૈત્ય સાથે યુદ્ધ કરતાં મહાદેવને પરિશ્રમ થવાથી, પરસેવો થયો તેનું બિંદુ ભૂમિ ઉપર પડયું. તે બિંદુમાંથી આકાશ અને પૃથ્વી ભેય કરે તેવો એક પુરુષ ઉત્પન્ન થયો, તે પુરુષને સર્વ દેવતાઓ મળી વાસ કર્યો તે ઉપરથી તે પુરુષનું નામ વાસ્તુ પુરુષ કલ્પ્યુ કહેવાય છે. માટે ડાહ્યા પુરુષોએ વાસ્તુ પુરુષને અવશ્ય પૂજવો જોઈએ.

⇨ ' *राजव©भ* ' માં પ્રાપ્ત થતી વાસ્તુપુરુષોત્પત્તિનો વિચાર –

*संग्रामेंधकरूद्रयोश्च* ------------ *पूज्योबुधैः ।।* (૮)

વાસ્તુપુરુષોત્પત્તિના વર્ણનમાં ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' અને ' *राजव©भ* ' બન્ને ગ્રંથોમાં અક્ષરસહ સામ્ય રહેલું છે. તે દ્દષ્ટિગોચર થાય છે.

આ ઉપરાંત અન્ય વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં વાસ્તુપુરુષ ઉત્પત્તિનું વર્ણન જોઈએ તો –

બૃહત્સંહિતામાં વાસ્તુપુરુષની ઉત્પત્તિ વર્ણવવામાં આવી છે.

*किमपि किल भूतमभवद्रुन्धानं रोदसी शरीरेण ।*
*तदमरगणेन सहसा विनिगृह्याधोमुखं न्यस्तम् ।।*
*यत्र च येन गृहीतं विबुधेनाधिष्ठितः । स तत्रैव ।*
*तदमरमयं विधाता वास्तुनरं कल्पयामास ।।* (૯)

અર્થાત – " પ્રાચીનકાળમાં પોતાનાં શરીરથી પૃથ્વી અને આકાશને આવૃત કરનાર કોઈ અપરિમિત વ્યક્તિ ઉત્પન્ન થયો. આથી દેવતાઓએ તેને પકડીને અધોમુખ કરીને પૃથ્વી પર સ્થાપિત કરી દીધા તે સમયે જે દેવતાઓ જે અંગને પકડયા હતા તેણે એ અંગમાં પોતાનું સ્થાન બનાવી લીધું. એ દેવમય અપરિચિત વ્યક્તિને બ્રહ્માજી એ ' વાસ્તુપુરુષ ' નામ કલ્પિત કર્યુ. "

' વિશ્વકર્માપ્રકાશ ' માં વાસ્તુપુરુષની ઉત્પત્તિ આ પ્રમાણે વર્ણવી છે. – " પૂર્વ ત્રેતાયુગમાં એક મહાભૂત ઉત્પન્ન થયું. જેણે પોતાના સૂક્ત શરીરથી સમસ્ત સંસારને આચ્છાદિત કર્યુ. તેને નિહાળીને ઈન્દ્રસહિત સમસ્ત દેવગણ આશ્ચર્ય અને ભયભીત બની બ્રહ્માજી ની શરણમાં ગયા અને કહ્યું કે ભૂતભાવના હે ભૂતેશ, લોક પિતામહ બહુ ભય થયો છે હવે અમો કયાં જઈએ ? હે, દેવગણ ભયભીત ન બનો આ મહાબલિને પકડીને ભૂમિ ઉપર અધોમુખ કરી તમો સર્વ નિર્ભય બની જશો. બ્રહ્માજી ની આ વાત સાંભળી ક્રોધમાં સંતપ્ત દેવગણએ મહાબલિ ભૂતને પકડી અને અધોમુખ પાડીને દેવતાગણ તેના પર સ્થાપિત થઈ ગયા. તે મહાભૂતને બ્રહ્માજીએ ' વાસ્તુપુરુષ ' ની સંજ્ઞા આપી ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષની તૃતીય તિથી શનિવાર, કૃત્તિકા નક્ષત્ર, વ્યતીપાત યોગ, વિષ્ટીકરણ ભદ્રાના મધ્યમાં કુલીક મુહૂર્તમાં તેની ઉત્પત્તિ થઈ. " (૧૦)

' બૃહદ્‌વાસ્તુમાલા ' માં વાસ્તુપુરુષની ઉત્પત્તિ આ પ્રમાણે વર્ણવી છે.

*पुरा कृतयुगे ह्यासीन्महदभूतं समुत्थितम् ।*

*व्याप्यमानं शरीरेण सकलं भुवनं ततः ॥*

*तद् दृष्टवा विस्मयं देवा गताः सेन्द्रा भयावृताः ।*

*ततस्तैः क्रौधसन्तप्तैर्गृहीत्वा तमथासुरम् ॥*

*विनिक्षिप्तमधोवक्त्रं स्थितास्तत्रैव ते सुराः ।*

*तमेव वास्तुपुरुषं ब्रह्मा कल्पितवान् स्वयम् ॥*

અર્થાત ' સતયુગના આરંભમાં એક મહાન પ્રાણી ઉત્પન્ન થયું, જે પોતાના વિશાળ શરીરથી સમસ્ત ભુવનમાં વ્યાપ્ત હતું તેને નિહાળી દેવરાજ ઈન્દ્રસહિત સર્વદેવતા ભય તથા આશ્ચર્યચકિત થયા પછીથી તેઓએ ક્રોધિત બની એ અસુરને પકડીને તેનું મસ્તક નીચે કરી ભૂમિમાં સ્થિર કર્યુ, અને સ્વયં ત્યાં ઉભા રહ્યાં તેનું નામ બ્રહ્માએ ' વાસ્તુપુરુષ ' રાખ્યું. (૧૧)

' વાસ્તુપુરુષ ' ની ઉત્પત્તિ વર્ણવતા ' મત્સ્યપુરાણ ' કહે છે કે –

" પ્રાચીન સમયમાં ઘોર રૂપવાળા ભગવાન શૂલિના અંધકનો વધ થવાથી શિવના લલાટથી ભયંકર સ્વેદનું બિંદુભૂમિ પર પડયું તેમાંથી કરાલરૂપવાળું એક ભૂત ઉત્પન્ન થયું. આકાશને ગ્રસતા અને સાતદ્વિપવાળી આ સંપૂર્ણ વસુંધરા ને ગ્રસિત કરતાં પ્રતીત થતા

હતા. આ ભૂમિ ઉપર અંધકનું જેટલું રુધિર પડયું હતુ તેનું તુરંત પાન કરતો હતો છતાં પણ તે ભૂત તૃપ્તિને પ્રાપ્ત કરી શકયો નહીં. ભગવાન શિવ સામે દારુણ તપ કરતો હતો અને ક્ષુધાથી પીડિત તે ભૂત આ જગતત્રયને હણવા માટે સમુધત થતો હતો. તેની મહાન તપસ્યાથી તે યુદ્ધમાં ભૈરવ પ્રસન્ન થયો. ભૈરવે તેને કહ્યું કે – અનઘ તમને જે પણ પસંદ હોય તે વરદાન મારી પાસે માગો. તારુ કલ્યાણ થશે ભૈરવે કહ્યું હે દેવ હું આ ત્રૈલોકને ગ્રહણ કરુ તેવા સામર્થ્યવાળો બનું ત્યારે શંકરે એમજ થશે એમ કહી દીધુ હતું. આ ઉપરાંત તે સંપૂર્ણ સમગ્ર ભૂમંડળ અને પોતાના દેહથી અંતરિક્ષ ભૂમિ પર પડી ગયો હતો. પછીથી ભયભીત દેવ બ્રહ્મા, શૂલિ અને દાનવ અસુર તથા રાક્ષસો દ્વારા બધી તરફ અવધ્ય બની ગયો જેના દ્વારા જયાં પણ આક્રમણ કરવામાં આવ્યું હતું તે ત્યાં જ નિવાસ કરવા લાગતો હતો. સમસ્ત દેવોના નિવાસથી ' વાસ્તુ ' એ નામથી કહેવામાં આવે છે . " (૧૨)

અગ્નિપુરાણમાં વાસ્તુપુરુષની ઉત્પત્તિ વિશે આ મુજબ નિરુપણ છે.

*પૂર્વમાસીન્મહદ્‌ભૂતં સર્વભૂતભયંઙકરમ્ ।*

*તદ્‌દેવૈર્નિહિતં ભૂમો સ વાસ્તુ–પુરુષઃ સ્મૃતઃ ।।* (૧૩)

અર્થાત – " પ્રાચીન સમયમાં સર્વપ્રાણીઓને ભયત્રસ્ત કરવાવાળું એક મહાન ભૂત હતું. દેવતાઓએ તેને ભૂમિમાં સ્થિત કર્યો તે ' વાસ્તુપુરુષ ' નામથી પ્રસિદ્ધ થયો. "

વાસ્તુપુરુષની ઉત્પત્તિ વિશે ભગવદ્‌ગોમંડળ લખે છે કે – " એક પ્રકારનો પુરુષ અંધક દૈત્ય સાથે સંગ્રામ કરતા મહાદેવજીને પરિશ્રમ થયે પરસેવો થયો તેનું બિંદુ ભૂમિ પર પડયું, તે બિંદુમાંથી ભૂમિને ભ્રમ કરે તેવું પ્રાણી ઉપજયું તે પ્રાણીને બધા દેવતાઓએ મળીને એકદમ પકડી નીચે મુખે ઉંધો નાખી તેના ઉપર તે દેવોએ વાસ કર્યો તે પરથી તે પ્રાણીનું નામ ' વાસ્તુપુરુષ ' પડયું છે. "

આ રીતે ' વાસ્તુપુરુષ ' ની ઉત્પત્તિ વિશે *'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'* અને ' *राजव©भ* ' ઉપરાંત અન્ય સાહિત્યમાં પણ ' વાસ્તુપુરુષ ' ની ઉત્પત્તિનું વર્ણન વસ્તુતઃ સામ્યવાળું જોઈ શકાય છે.

### ૧.૨.૨.૩ <u>વાસ્તુનું મહત્ત્વ</u>

વાસ્તુના વિવેચનમાં આપણે વાસ્તુનું મહત્ત્વ ગ્રંથોમાં વર્ણિત છે તે પ્રમાણે જોઈએ તો ' *राजव©भ* ' માં વર્ણિત વાસ્તુનુ મહત્ત્વ નીચે મુજબ જોઈ શકાય છે.

*प्रासादे भवने तडागखनने कूपे च वाप्यांवने ।*
*जिर्णोद्धारपुरेषु यागभवने प्रारंभ निर्वर्तने ॥*
*वास्तोः पूजनकंसुखायकथितं पूजां विनाहानये ।*
*पादौरक्षसिकंशिर्वेधिकरयोः संधिश्चकोणद्वये ॥* (૧૪)

અર્થાત્ પ્રાસાદ વિષે, ઘરવિષે તળાવ ખોદાવતી વખતે કૂવા કરાવતી વખતે, વાવડી કરાવતી વખતે, રોપતી વખતે જીર્ણોદ્ધાર વખતે, નગર વસાવતી વખતે અને યજ્ઞાદિ કર્મ વખતે ઈત્યાદિ ઠેકાણે કાર્યના આરંભે અને કાર્યની સમાપ્તિ વખતે વખતે (બન્ને વખત) વાસ્તુદેવનું. પૂજન કરવાથી સુખ થાય છે અને જો તેનું પૂજન કરે નહિ તો હાનિ થાય છે.

આમ, અહીં વાસ્તુપુરુષના પૂજનથી થતા લાભ અને પૂજન ન કરવાથી થતા દોષનું વર્ણન કરી ગ્રંથ કર્તાએ વાસ્તુનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યુ છે.

તો 'શિલ્પસ્મૃતિવાસ્તવિદ્યાયામ્ ' માં પણ આજ અક્ષરોમાં વાસ્તુનું મહત્ત્વ પ્રદર્શિત કર્યુ છે. જેમ કે –

*प्रासादे भवने तडागखनने कूपे च वाप्यांवने ।*
*जिर्णोद्धारपुरेषु यागभवने प्रारंभ निर्वर्तने ॥*
*वास्तोः पूजनकंसुखायकथितं पूजां विनाहानये ।*
*पादौरक्षसिकंशिर्वेधिकरयोः संधिश्चकोणद्वये ॥* (૧૫)

તેમજ કૂર્મશિલા સ્થાપન, દ્વાર સ્થાપન, પદ્મશિલા સ્થાપન, ધ્વજ પુરુષ સ્થાપન, ઘંટા સ્થાપન, ધ્વજ રોપણ, દેવ પ્રતિષ્ઠા આ સાતને પુણ્યાહ સપ્તક જાણવું આ સાત કાર્યમાં વાસ્તુપૂજન કરવું અને ચતુર્દશ વાસ્તુપૂજન કરવું. આમ, ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં પણ વાસ્તુનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યુ છે.

પ્રસ્તુત બંને ગ્રંથોમાં વાસ્તુના મહત્ત્વને વર્ણિત કર્યા પછી અન્ય ગ્રંથોમાં દ્દષ્ટિપાત કરીએ તો – વિશ્વકર્મા ' વાસ્તુનું મહત્ત્વ ' સમજાવતાં કહે છે કે,

*चतुर्वर्ग फलप्राप्तिस्सत् लोकश्च भवेद् ध्रुवम् ।*

*शिल्पशास्त्रपरिज्ञानान्मर्त्योऽपि सुरतां व्रजेत् ।।*

અર્થાત્ – " શિલ્પશાસ્ત્રના પૂર્વજ્ઞાનથી સારા માનવને ચતુર્વર્ગની પ્રાપ્તિ થાય છે અને મરણશીલ મનુષ્ય પણ દેવતા બની જાય છે "

**વિશ્વકર્માપુરાણ** – વાસ્તુના મહત્ત્વ વિશે કહે છે કે –

તેના પર પ્રસન્ન થઈ વિશ્વકર્મા બોલ્યા " બેટા ! વાસ્તુ તુતો મારો પરાક્રમી પુત્ર છે, તુ સૂર્ય જેવો તેજસ્વી અને અગ્નિ જેવો કરાલ છે. એટલે જેમ તે દેવોની પૂજા થાય છે તેમ તારું પણ પૂજન થશે. આ તારા ભાઈઓ જે જે આવાસ, ઘર, મહેલ આદિનું નિર્માણ કરશે તેમા સર્વ પ્રથમ તારો નિવાસ થશે. તારું પૂજન કર્યા પછી જે તે ઘરમાં રહેનાર વ્યક્તિ કુશળક્ષેમ રહેશે. વળી, નવુ ન હોય પરંતુ જૂના મકાનનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોય તો પણ તેમાં તારું પુજન થશે. તારું પૂજન કર્યા વિના નિવાસ કરનાર મનુષ્યને માત્ર નિરાશા સાંપડશે. માટે તારો કોઈ ઉપહાર કરી શકશે નહીં, તેમ તને ભૂલી જશે નહીં. (૧૬)

(વાસ્તુવિધિના પાંચ અંગો છે – યોગ, પ્રતિષ્ઠા, સ્થાપન, ઉત્થાપન અને આસ્થાપન)

નારદઋષિ વાસ્તુના મહત્ત્વ સંદર્ભે કહે છે કે –

*अनेन विधिना सम्यग्वास्तुपूजां करोति यः ।*

*आरोग्यं पुत्रलाभं च धनं धान्यं लभेन्नरः ।।* (૧૭)

અર્થાત્ " આ વિધિ વડે જે સારી રીતે વાસ્તુપૂજા કરે છે તે નર આરોગ્ય, પુત્રલાભ, ધનધાન્યને પ્રાપ્ત કરે છે.

વિશ્વકર્માપ્રકાશ જણાવે છે કે –

*अश्रियं मृत्युमाप्नोति विघ्नस्तस्य पदे पदे ।*

*वास्तुपूजाम कुर्वाणः तवाहारो भविष्यति ।।* (૧૮)

" નાસ્તિક ભાવ અથવા પ્રમાદથી જે માનવ વાસ્તુપૂજા નથી કરતા તેનું ઐશ્વર્યનાશ થાય છે, અકાલ મૃત્ય પ્રાપ્ત કરે છે, પ્રત્યેક કાર્યમાં અવરોધ આવે છે તથા વાસ્તુપુરુષના કોપને પ્રાપ્ત કરે છે. "

આમ, વાસ્તુશાસ્ત્રના આ વિવિધ ગ્રંથોમાં વાસ્તુનું મહત્ત્વ / વાસ્તુપૂજાનું મહત્ત્વ બતાવ્યું છે. આ ઉપરાંત વૈજ્ઞાનિક રીતે પણ વાસ્તુનુ ખૂબ જ મહત્ત્વ છે. તેનું વર્ણન હું આગળ કરીશ.

### ૧.૨.૩ વાસ્તુશાસ્ત્ર અને સ્થાપત્ય કલા : એક વિવેચન

આપણે આગળ જોયુ તેમ ભારતીય વાસ્તુશાસ્ત્રને ' વાસ્તુકલા ' પણ કહેવામાં આવે છે. તેમ જ વાસ્તુ શબ્દનો અર્થ, વાસ્તુની ઉત્પત્તિ અને વાસ્તુનું મહત્ત્વ વગેરે બાબતની આગળ વિચારણા કરી છે અને હવે વાસ્તુશાસ્ત્ર અને સ્થાપત્ય કલા બંને અભિન્ન ગણાતા શાસ્ત્રોની સાથે વિચારણા કરીએ તો –

પરંપરાગત ભારતીય વાસ્તુશાસ્ત્ર અને શિલ્પ, સ્થાપત્યો દેશ–વિદેશી શિલ્પશાસ્ત્રીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. ત્યારે વાસ્તુશાસ્ત્ર વિશે કહીએ તો – વાસ્તુવિદ્યા એ આપણી પ્રાચીન વિદ્યા છે. આ ઉપરાંત એ ભારતીય સ્થાપત્યકલાનું એક વિજ્ઞાન છે.

*स्थापत्यवेदो विश्वकर्मादि शिल्पशास्त्रं अथर्ववेदस्योपवेदः ॥*

આમ, વાસ્તુશાસ્ત્ર પર વિચારણ કરતા (૧) વાસ્તુશાસ્ત્ર, (૨) સ્થાપત્ય કલા અને (૩) શિલ્પ કલા. આ ત્રણ એક બીજા સાથે સંલગ્ન હોય તેમ જણાય છે.

(૧) વાસ્તુશાસ્ત્ર : દેશ, પથ, નગર, દુર્ગ, જળાશય, પ્રાસાદો વગેરેનું સામાન્ય જ્ઞાન જેમકે – શિરાજ્ઞાન, ભૂમિ પરીક્ષા, ભૂમિ શુદ્ધિ, શલ્યદોષ, શેલ્ય શોધ, હસ્ત લક્ષણ, વાસ્તુપૂજન, ગૃહારંભ, વત્સ એ સર્વ વિદ્યાનું શાસ્ત્ર તે વાસ્તુશાસ્ત્ર.

(૨) સ્થાપત્યકલા : નગર, દુર્ગ, જળાશય, રાજપ્રાસાદ, દેવ–પ્રાસાદ, સામાન્ય ઘર, કિલ્લા, તળાવ, વાવડી, કુંડ વગેરેનું વિશાળ બાંધકામ તે સ્થાપત્ય.

(૩) શિલ્પકલા : દુર્ગના દ્વાર, રાજભવન, દેવપ્રાસાદ, જળાશયો આદિ સ્થાપત્યોના સુશોભન, અલંકરણ, મૂર્તિ, પ્રતિમા, ગોખ, જરૂખા આદિ અલંકૃત ભાગ તે શિલ્પ.

આ રીતે શિલ્પ અને સ્થાપત્ય વાસ્તુશાસ્ત્રના અંગો છે. વિશ્વકર્મા દેવ શિલ્પસ્થાપત્યના ઉપદેશક અને ગુરુ છે. અને મય અસુર સ્થપતિ છે. આ રીતે વાસ્તુપરંપરા બે પ્રકારની છે (૧) દેવતાઓની (૨) અસુરોની

ભગવાન ' વિશ્વકર્મા ' મહાન શિલ્પકાર છે. જેણે દેવોની નગરીઓ, અમરાપુરી, સંયમી, વિરુચી, અલકાપુરી અને દ્વારકા તેમજ દ્રુપદ રાજાનો મત્સ્યવેધમંડપ આવા અનેક સ્થાપત્યોની તથા વાસ્તુશિલ્પના ગ્રંથોની રચના થઈ છે. જેમકે –

' *<u>शिल्पस्मृतिवास्तुविद्यायाम्</u>* ' હાલ વિદ્યમાન છે. જેમા વાસ્તુ, શિલ્પ અને સ્થાપત્યની સ્પષ્ટ સમજૂતી આપી છે.

તેમજ અસુરોના આચાર્ય શુક્રાચાર્યો પાસેથી અસુરોમાં ' મય ' તથા ' સુલોચના ' એ વાસ્તુવિદ્યા ગ્રહણ કરી. આ આસુરી વાસ્તુકલા અત્યંત પ્રાચીન છે. નગ્નજીતનું વિચિત ચિત્ર લક્ષણ બહુ જ પ્રસિદ્ધ છે.

ભારતીય શિલ્પ વાસ્તુશાસ્ત્રનો મુકુટમણિ છે તો ભારતીય સ્થાપત્ય વાસ્તુશાસ્ત્રની વિભૂતિ છે. આ મૂર્તિમંત વિભૂતિ નું ઉદાહરણ દેવપ્રાસાદો છે. માનવ સભ્યતાના વિકાસમાં આધ્યાત્મિક, આધિદૈવિક અને બૌદ્ધિક માનસિક તથા કાલ્પનિક વગેરે વિભિન્ન સાંસ્કૃતિક પ્રગતિઓમાં વાસ્તુશાસ્ત્રની કલાત્મક કૃતિઓ સર્વાતિશય સ્મૃતિઓ છે. ભારતીય વાસ્તુકલાની સર્વપ્રમુખ વિશેષતા તેની અધ્યાત્મ નિષ્ઠા છે.

ભારતીય સ્થાપત્ય એ વિશુદ્ધ વિજ્ઞાન છે અને પ્રાચીનકાળથી સ્થાપત્યને વેદ નામથી વર્ણવવામાં આવેલ છે. જેમ કે –

ઋગ્વેદના – આયુર્વેદ, યજુર્વેદના – ધનુર્વેદ, સામવેદના – ગાંધર્વવેદ તથા અથર્વવેદના – સ્થાપત્યવેદ એ બધા ઉપવેદ માનેલ છે.

આમ ભારતીય સ્થાપત્ય એ ઉપવેદો, વેદાંગો સમાન છે. અને વેદો જેવા અતિ પ્રાચીન છે. આથી કહી શકાય કે, શિલ્પસ્થાપત્યની પ્રાસાદ રચના ભારતીય આધ્યાત્મિક વિચાર–ધારામાંથી ઉદ્ભવી છે. જેમકે – દેવમંદિરના શિખર શંકુ આકારે યોજયા છે.

મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ કરતા – કરતા બ્રહ્મમાં લીન થઈ જાય છે.

શિલ્પ–સ્થાપત્યકલા એ વાસ્તુશાસ્ત્રનું અભિન્ન અંગ છે. જેમકે – મત્સ્યપુરાણમાં ઉલ્લેખ છે કે –

" શિલ્પસ્થાપત્યકલા, વાસ્તુશાસ્ત્ર, ગૃહનિર્માણ માટે સમય નિર્ણય, વાસ્તુવિદ્યામાં વેધ પરિમાર્જન, ગૃહનિર્ણય, વાસ્તુવિદ્યાનું કીર્તન, દેવપ્રતિષ્ઠા, પ્રતિમાના લક્ષણો આદિનો સમાવેશ અને સૂક્ષ્મ અવલોકનથી ચિત્રિત કરનાર પુરાણો શિલ્પસ્થાપત્ય વિચાર અંગેનો ઉત્તમ નમૂનો આપે છે. "

o વાસ્તુ અને શિલ્પ–સ્થાપત્ય વિશે વાસ્તુશાસ્ત્રીયગ્રંથોમાં આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

⇨ ભૂમિ પસંદગી

⇨ ભૂમિ પરીક્ષા

⇨ શલ્ય શોધન

⇨ શલ્ય દોષ

⇨ ભવન, પ્રાસાદ, દેવપ્રાસાદ આદિ નિર્માણ કલા.

⇨ વિવિધમાળ, દિવાલો, સ્તંભ, વગેરેની આકૃતિઓ દ્વારા સુશોભનનો ઉલ્લેખ.

⇨ ઘર બનાવવાનો સમય નિર્ણય

⇨ વાસ્તુવિદ્યા સાથે સંબંધિત નિર્ણયો

⇨ મંદિર કે રાજમહેલની રચના

⇨ વાસ્તુવિદ્યામાં વેધ પરિમાર્જન વગેરે મુદ્દાઓ

વાસ્તુશાસ્ત્રના મુખ્ય મુદ્દાઓ છે તેમાં અભિન્ન રીતે શિલ્પ–સ્થાપત્ય સમાયેલ છે.

### ૧.૨.૪ <u>વાસ્તુનું લક્ષણ અને તેના વર્ગીકરણ</u>

(૧) વાસ્તુનું લક્ષણ –

વાસ્તુપુરુષની ઉત્પત્તિ, વાસ્તુનું મહત્ત્વ અને વાસ્તુ અને સ્થાપત્યની ચર્ચા કર્યા પછી વાસ્તુશાસ્ત્રએ બતાવેલ વાસ્તુનું લક્ષણ જોઈએ તો –

⇨ સંસ્કૃત શબ્દાર્થ કૌસ્તુભમાં – ' વાસ્તુ ' એ સ્થાન કહેવાય છે. જયાં કોઈ ઈમારત હોય અથવા ઘર બનાવવાને લાયક જગ્યા હોય તેને ' વાસ્તુ ' કહે છે.

⇨ અમરકોષ અનુસાર – *गृहरचनावच्छिन्न भूमे ।*

પ્રસ્તુત બંને ગ્રંથો ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' અને ' *राजव©भ* ' માં વાસ્તુપુરુષના લક્ષણ આપતા કહ્યું છે કે – " પ્રાસાદ તથા ગૃહ વગેરે કર્મમાં આરંભે જે ગૃહાદિ બનાવવાની જગ્યા હોય ત્યાં વાસ્તુપુરુષ કલ્પવો. "

" એ વાસ્તુપુરુષ ઉંધો સૂતો છે, એ એવી રીતે કે બે પગ નૈઋત્યકોણમાં છે. એ બંને પગના પગતળ એક–બીજા સાથે જોડાયેલ છે. તેનું મસ્તક ઈશાન કોણે છે, હાથ અને પગોની સંધીઓ અગ્નિ અને વાયવ્ય કોણમાં છે. "

**હલાયુધકોષ અનુસાર –**

*वास्तु संक्षेपतो वक्ष्ये ग्रहादो विघ्ननाशनम् ।*

*ईशानकोणादारभ्य ह्योकाशीतिपदे त्यजेत् ।।*

**ભારતીય સ્થાપત્ય અનુસાર –**

ભારતીય મનીષિયોને બ્રહ્મની કલ્પના કરીને વ્યાકરણને ' દર્શનરુપ ' આપ્યુ. એજ બ્રહ્મની કલ્પના કરીને કાવ્યને ' નાદબ્રહ્મ ' અને સંગીતને આ લોકની પૃષ્ઠભૂમિમાંથી ઉઠાવી પારલૌકિક પરમ રહસ્યમાં પરિણમિત કર્યુ.

એજ રીતે પાષાણમય પ્રાસાદમાં પુરુષની કલ્પના ને સ્થાપિત્ય દેવા માટે ' વાસ્તુબ્રહ્મવાદ ' ની કલ્પના કરી છે. વાસ્તુશાસ્ત્ર એક એવી પ્રક્રિયા છે જેમાં પરિમિત ભૂમિ અપરિમિત વિશ્વશક્તિમાં પરિવર્તિત થઈ જાય છે. આ અનામ અને અરુપ સત્તા ને આ વાસ્તુમંડલમાં નિયંત્રિત કરવામાં આવી છે. તેને ' વાસ્તુપુરુષ ' કહેવામાં આવે છે. (૧૯)

આ ઉપરાંત વાસ્તુ કર્મમાં પાષાણ, ઈષ્ટિકા, ચૂનો, રેતી, દારુક (કાસ્ઠ) એ દ્રવ્યો / વસ્તુઓથી નિર્માણ થાયા છે. આ બધી વસ્તુઓ છે તે સ્થિર થાય છે એટલે વાસ્તુ કહેવાય છે. વાસ્તુ એટલે સ્થિર થવું. વસ્તુમાંથી વાસ્તુ સ્વરૂપ સર્જાય છે. તેનું નામકરણ તેના રૂપાંતર ઉપરથી થાય છે. જેમકે – ગૃહ, ભવન, રાજપ્રાસાદ, દેવપ્રાસાદ, વાવ, તળાવ, કૂવા, દુર્ગ વગેરે.

તેમજ વાસ્તુશાસ્ત્ર એટલે પંચમહાભૂતોનું એક મહાભૂત . પંચમહાભૂત અર્થાત્ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પંચમહાભૂત અર્થાત્ બ્રહ્માંડ. જો આ બધાની વચ્ચે તાદાત્મ્ય રહે તો શાંતિ મળે છે. આ પ્રકૃતિ સાથેનું તાદાભ્ય સુખ અને વિપરીતતા દુઃખ આપે છે. પ્રકૃતિ સાથેનું આ સામંજસ્ય એટલે જ ' વાસ્તુ '.

(૨) વાસ્તુનું વર્ગીકરણ –

વાસ્તુનાં વર્ગીકરણનું નિરુપણ ભારતીય વાસ્તુશાસ્ત્રના ઘણા ગ્રંથોમાં કરવામાં આવ્યું છે.

' *राजव©भ* ' ગ્રંથના ' વાસ્તુલક્ષણ ' નામના બીજા અધ્યાયમાં વાસ્તુનું વર્ગીકરણ આ પ્રમાણે જોઈ શકાય છે. કે વાસ્તુ ૧ પદથી માંડીને ૧૦૦૦ પદ સુધીનો વાસ્તુ પૂજવો. અહીં વિચાર કરીએ તો પદ એટલે ભાગ એની એવી રીત છે કે ઘર કરવાનું જે ક્ષેત્ર અથવા જમીન હોય તે ક્ષેત્રના એકથી હજાર સુધીના ભાગ અથવા પદ કરવા આમ તે ભાગમાં એકથી માંડી હજાર ભાગ સુધીનો વાસ્તુ હોય.

તેમજ " ગામ વિષે, રાજમંદિર અને નગર વિષે ૬૪ પદનો વાસ્તુ પૂજવો. બીજા સર્વના ઘર માટે એકાશી પદનો (૮૧) વાસ્તુ પૂજવો, અને જીર્ણોદ્ધાર વિષે તો ઓગણપચાસ પદનો (૪૯) વાસ્તુ પૂજવો, સર્વ પ્રકારના પ્રાસાદો અને મંડપો વિષે પદનો (૧૦૦) વાસ્તુ પૂજવો. કૂવા, તળાવ, વાવડીઓ અને વન માટે એક સો ને છન્નુ પદનો (૧૯૬) વાસ્તુ પૂજવો. "

ત્યાર પછી પદ અને દેવતા વિશે વિસ્તારથી માહિતી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં વિશ્વકર્મા વાસ્તુના વર્ગીકરણ વિશે આ પ્રમાણે કહે છે.

*स्वस्तिकं पुष्पकं नन्दं षोऽशाक्षं चतुर्थकम् ।*
*पंञ्चमं कुल तिलकं सुभद्रं षष्टमेव च ।।*
*सप्तमो मरीचिगणो भद्रकंस्यात्तथाष्टमम् ।*
*नवमं कामदं प्राक्तं दशमं भद्रमुच्यते ।।*
*सर्वतोभद्रनामाख्यमतऊर्ध्वं न कारयेत् ।*
*वास्तुन्येकादशैव स्युः प्रोक्तानि परमैश्वरैः ।।* (૨૦)

અર્થાત (૧) સ્વસ્તિક, (૨) પુષ્પક, (૩) નન્દ, (૪) ષોડશાક્ષ, (૫) કુલતિલંક, (૬) સુભદ્ર, (૭) મરીચિગણ, (૮) ભદ્રક (૯) કામદ, (૧૦) ભદ્રાખ્યં અને (૧૧) સર્વતો ભદ્ર. આથી વિશેષ નહિ કરવા આ વાસ્તુ એકાદશ ઈશ્વરે કહેલ છે.

તેનું ફરીથી આ પ્રમાણે વર્ગીકરણ પ્રાપ્ત થાય છે. " એક પદનો સ્વસ્તિક, પાંચ પદનો પુષ્પક, નવ પદનો નંદ, સોળ પદનો ષોડશાક્ષ, પચીસ પદનો કુલતિલક, છત્રીસ પદનો સુભદ્ર, ઓગણપચાસ પદનો મરીચિગણ, ચોસઠ પદનો ભદ્રક, એકાશી પદનો કામદ, સો પદનો ભદ્રાખ્ય અને સહસ્ત્રપદનો સર્વતોભદ્ર વાસ્તુ જાણવો. "

આ ઉપરાંત " છ પ્રકારના વાસ્તુ ક્ષેત્રના પદો છે, માન અને સૂત્રથી વાસ્તુ વેદ ઉદ્‌ભવે છે " જેમકે – ૧– ચોરસ, ૨– લંબચોરસ, ૩–ગોળ, ૪– લંબગોળ, ૫– અષ્ટાંશ, ૬– અર્ધચંદ્ર. આ પ્રમાણે વાસ્તુસૂત્ર પણ વિવિધ છ પ્રકારના છે.

ત્યારપછી આ ગ્રંથમાં પણ પદ અને દેવતાઓ વિશે પણ વર્ણનો પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત બંને ગ્રંથોમાં વાસ્તુના અગિયારેય પ્રકારનાં ચિત્રો આલેખિત કર્યા છે.

વાસ્તુશાસ્ત્રના અન્યગ્રંથો પર દ્દષ્ટિપાત કરીએ તો – સમરાંગણ સૂત્રના ' મર્મવેધ ' નામના અધ્યાયમાં વાસ્તુના પ્રકારોના, વાસ્તુમાં કોનો પ્રયોગ થઈ શકે ? તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

" બુદ્ધિમાન સ્થપતિએ બ્રાહ્મણ આદિ વર્ણોના ઘર, રાજપ્રાસાદો, ઈન્દ્રસ્થા વગેરેમાં એકયાશી પદવાળા વાસ્તુથી, વિવિધ પ્રાસાદો, દેવમંદિરો અને વિચિત્ર મંડપોને સો પદવાળા વાસ્તુથી વિભાજીત કરવું જોઈએ. " (૨૧)

તેમજ વિશ્વકર્મા પ્રકાશમાં એકયાશી કોષ્ટક વાસ્તુરચનાની રીતિ પણ વર્ણવેલ છે. જેમકે " સુવર્ણની શલાકાથી એકયાશી કોષ્ટકની રચના કરી સૂત્રને ચોતરફ રાખીને ચૂનાથી આલેખન કરવું દસ રેખા પૂર્વ, પશ્ચિમ, દશ રેખા ઉત્તર –દક્ષિણને અંકિત કરવાથી એકયાશી કોષ્ટકનું વાસ્તુપદ બને છે. " (૨૨)

આ રીતે વાસ્તુશાસ્ત્રના પ્રમુખ ગ્રંથોના આધારે કહી શકાય કે વાસ્તુનું વર્ગીકરણ આ રીતે પદના આધારે અગિયાર પ્રકારે કરી શકાય. અને કયાં પ્રકારના સ્થાપત્ય માટે કયાં પ્રકારનો વાસ્તુ, કેટલા પદના વાસ્તુમાં કેટલા પદના બ્રહ્માદિ દેવતાનું સ્થાપન અને

કયાં દેવતાને કયાં પ્રકારનો બલિ. આ દરેક બાબતની વિસ્તારથી માહિતી ' *राजव©भ* ' ના બીજા અધ્યાયમાં અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના પૂર્વાર્ધના ત્રીજા અધ્યાયમાં આપેલી છે. તેનું વર્ણન હું આગળ સામ્ય–વૈષમ્ય તપાસતી વખતે કરીશ.

## ૧.૩ વાસ્તુવિજ્ઞાનની શાસ્ત્રીય મીમાંસા

### ૧.૩.૧ <u>વાસ્તુશાસ્ત્રની ઐતિહાસિકતા</u>

ભારતીય વાસ્તુશાસ્ત્ર પ્રમાણે સ્થાપત્યની રચના સપ્રમાણતા તથા કલાત્મક અંગો જોનારને મંત્રમુગ્ધ કરે છે. આ પ્રાચીન સ્થાપત્યોની રચના સપ્રમાણતા આપણા પૂર્વાચાર્યોએ રચેલા શિલ્પગ્રંથોને આભારી છે. શિલ્પગ્રંથોમાં સામાન્યમાં સામાન્ય બાબતનું સ્પષ્ટિકરણ કરેલ છે. બારી, બારણા, ગોખલા, ગવાક્ષ, દીપસ્થળ વગેરેનું. આ બધા જ સ્પષ્ટીકરણને આધારે સ્થાપેલ આપણાં પ્રાચીન સ્થાપત્યો જ વાસ્તુશાસ્ત્રની ઐતિહાસિકતા સિદ્ધ કરે છે. કોઈ પણ રચના સાથે એમનો ઈતિહાસ અચૂક રીતે સંકળાયેલો હોય છે. તેવી રીતે વાસ્તુશાસ્ત્ર પણ છે. અહીં અનેક જનપદો, ગ્રામોમા દુર્ગ, રાજપ્રાસાદ, મંદિર, જિનાલય વગેરેમાં વાસ્તુશાસ્ત્રનો પ્રશસ્ત ઉપયોગ થયેલો છે. સૌ પ્રથમ બ્રહ્માએ વાસ્તુજ્ઞાનની ચર્ચા કરી છે.

*वास्तुज्ञानमथातः कमलभवान्मुनिपरम्परायातम् ।*

*क्रियतेऽधुना मयेद विदग्धसांवत्सरप्रीत्यै ॥*

વાસ્તુપુરુષની ઉત્પત્તિની ચચા  કયા  પછી હવે વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો પ્રમાણે પ્રાપ્ત થતાં ભવનાદિના નિમા ણના પ્રાચીન ઐતિહાસિકતા વિશે વિસ્તાર પૂર્વક ચર્ચા કરીએ તો – યુધિષ્ઠિરે અભિમન્યુ પુત્ર પરીક્ષિતને ગાદી શીન કરી સ્વર્ગારોહણ કર્યુ. તેને આજે ૫૦૭૬ વર્ષ થયા. તે યુધિષ્ઠિર શક ઉપરથી જાણી શકીએ કે – રાજધાની હસ્તિનાપુર કૌશાંબીમાં પરિક્ષિતથી ક્ષેમક સુધી ૨૯ રાજાએ રાજય કર્યુ.

ત્યાર પછી ઈ.સ. પૂર્વે ૯૨૧ થી ૭૮૩ પ્રદ્યોતવંશ પછી ઈ.સ. પૂર્વે ૭૮૩ થી ૪૨૧ સુધી શિશુનાગ વંશ થયો. તે વંશે ૩૬૨ વર્ષ રાજય કર્યુ. તેની રાજધાની રાજગૃહી પાટલી પુત્ર હતી. ત્યાર પછી અજાતશત્રુ રાજા ગાદીએ આવ્યો. આ અજાતશત્રુની મૂર્તિ ૮.૮ ફુટ

ઊંચી છે. જે હાલ મથુરા સંગ્રહ સ્થાનમાં છે. ઈ.સ. પૂર્વે ૪૨૧ માં શીશુવંશનો છેલ્લો રાજા મહાનંદી થયો તેના પછી મહાપદમનંદ ગાદીએ આવ્યો. ત્યાંથી નંદવંશ કહેવાયો. છેલ્લા ધનનંદને મારી ચંદ્રગુપ્ત ગાદીએ આવ્યો. ઈ.સ. પૂર્વે ૩૨૧ માં તેણે ગિરનાર પાસે સુદર્શન તળાવ બંધાવેલ અને પોતાનો રાજમહેલ જે મહાન શિલ્પસ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે.

ત્યાર પછી શુંગવંશ શરૂ થયો. ઈ.સ. પૂર્વે ૧૮૫ થી તેમા પૂષ્યમિત્રથી દેવભૂતિ સુધી ૧૦ રાજાઓ થયા. આ વંશનો એક સ્તંભ સાંચીમાં છે તેના ઉપર એક જ સિંહ છે.

સાતવાહન વંશે ભવ્ય સ્તુપ, વિહારો અને મહાયાન ધર્મમાં રહી તેણે બૌદ્ધની ગાંધાર શૈલીની મૂર્તિ બનાવવાનું શરૂ કર્યુ. ત્યાર પછી ગુપ્તવંશે સમુદ્રગુપ્તે દિગ્વિજય કર્યો તેના સ્મરણો પ્રયાગના કિલ્લામાં સ્તંભ ઉપર કોતરેલ છે.

વિક્રમાદિત્યે શક રાજયનો નાશ કર્યો. તેના પરાક્રમો દિલ્હીમાં કુતુબ મિનાર પાસે લોહ સ્તંભમાં કોતરેલ છે તે સ્તંભ તેણે કરાવ્યો છે. ત્યાર પછી,

| | | |
|---|---|---|
| વર્ધન વંશ | – | રાજધાની કનોજ, નાલંદા વિદ્યાપીઠ |
| ચાલુકય વંશ | – | રાજધાની વાતાથી, એલીફન્ટાની ગુફા |
| રાષ્ટકુટ વંશ | – | રાજધાની ઈલોરા પાસે, ઈલોરાની ગુફાઓ |
| પલ્લવ વંશ | – | કાંચીના ભવ્ય મંદિરો |
| ચોલ વંશ | – | તાંજોરના ભવ્ય શિવાલયો |
| ગંગા વંશ | – | ભૂવનેશ્વરના મંદિરો |
| ચાવડા વંશ | – | વનરાજે અણહીલપુર પાટણ વસાવી, ગુર્જર પ્રદેશની રાજધાની સ્થાપી, પાટણમાં અનેક શિવાલયો બંધાવ્યા |
| સોલંકી વંશ | – | ગુર્જર રાજયને વિસ્તારી અનેક શિવાલયો,તળાવો, વાવો બંધાવ્યા. |
| ભીવદેવ | – | સોમનાથ મહાદેવનો પુનરુદ્ધાર, મોઢેરાના સૂર્યમંદિર, રાણકી વાવ, કુભારીયાના જૈન મંદિરો વગેરે. |
| કર્ણદેવ | – | તેને વીરમગામમાં મુનસર તથા ધોળકા તળાવ બંધાવ્યા. |

સિદ્ધરાજ – સિદ્ધપુર શહેર વસાવ્યુ, પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ અને ઝીંઝુવાડાનો કિલ્લો બંધાવ્યો.

કુમારપાળ – સોમનાથ શિવાલયનો પુનઃઉદ્ધાર અને અજીતનાથનો મહાન પ્રાસાદ બંધાવ્યા.

ત્યાર પછી <u>વાઘેલા વંશ</u> શરૂ થયો. તેમા ડભોઈનો કિલ્લો અને તળાવ બંધાવ્યા. તેજપાળ, વસ્તુપાળે આબુ ઉપર ભવ્ય કલાત્મક લૂણી વસહી બંધાવી ત્યાર પછી ગુજરાત ઉપર ઈસ્લામી રાજયની સ્થાપના થઈ.

પંદરમાં સૈકામા થયેલ મહારાણો કુંભો વાસ્તુશાસ્ત્રનો ઘણો જ શોખીન હતો. તેણે શિલ્પી મંડન સૂત્રધાર પાસે અનેક શિલ્પ ગ્રંથોનું સંશોધન કરાવ્યુ તેમા મુખ્ય મંડન રાજવલ્લભ, પ્રાસાદ મંડન, રૂપ મંડન, મંડનનાભાઈ ખેતાએ પ્રાસાદમંજરી, આદિ ગ્રંથો રચેલા છે અને ચિતોડનો કીર્તિસ્તંભ જે એકસો બાવીશ ફુટ ઊંચો છે અને ભવ્ય અલંકારોથી અલંકૃત દેવ, દેવીઓ, વાહન, આયુદ્ધો સહિત સેંકડો મૂર્તિઓ અને કલાકૃતિયુક્ત ઘાટ કામો, મૂર્તિઓ નીચે નામો કોતરેલ હોવાથી કયાં દેવની મૂર્તિ છે તેનો ખ્યાલ આવે છે. ટૂંકમાં કહીએ તો મૂર્તિઓનો જીવતો જાગતો વિશ્વકોષ છે. આ કીર્તિસ્તંભ મહાન શિલ્પીકાર અને શિલ્પગ્રંથોનો સંશોધનકાર મંડન સૂત્રધારે બાંધેલ છે.

આમ વાસ્તુશાસ્ત્રના પ્રાચીન ગ્રંથો અને આપણી ભારતીય સંસ્કૃતિનાં પ્રાચીન સ્થાપત્યો જેવા કે રાજપ્રાસાદ, મંદિરો અને નગરો આદિ વાસ્તુશાસ્ત્રની પ્રાચીનતા સિદ્ધ કરે છે.

વાસ્તુશાસ્ત્ર અને સ્થાપત્યનો બેનમુન નમૂનો એટલે હાલ દ્વારકાનગરી. તેમા નગર વ્યવસ્થા, દ્વારકાધીશ મંદિર વગેરે વાસ્તુશાસ્ત્રની પ્રાચીનતાની એટલે કે એના ઈતિહાસની મૂક સાક્ષી છે.

'*राजव©भ*' માં વાસ્તુશાસ્ત્રનો ઈતિહાસ આ પ્રમાણે વર્ણિત છે.

*सिंहोवैरि पराभवंप्रकुरुते तिष्ठन्गिरेगह्वरे*

*दुर्गस्थोनृपतिः प्रभूतकटकंशत्रुजयेत्संगरे ॥*

*कैलासे नगरंशिवेनरचितंगौर्यादिसंरक्षणम्*

*दुर्गंपश्चिम सागरे च हरिणान्येषां किमत्रोच्यते ।।* (२३)

અર્થાત્ – " પર્વતની ગુફામાં રહેનાર સિંહ જેમ પોતાના શત્રુનો નાશ કરે છે તેજ રીતે કિલ્લામાં રહેનાર રાજા સામે તેનો શત્રુ મોટી સેનાવાળો છતા દુર્ગપતિ રાજા શત્રુનો નાશ કરી શકે છે. એમ જાણી પાર્વતીના રક્ષણ માટે મહાદેવજીએ કૈલાસપર્વત ઉપર નગર રચ્યું, અને તેજ રીતે પશ્ચિમ સમુદ્રમાં શ્રીકૃષ્ણ ચંદ્રે દ્વારકાનગરી રચેલી છે. તો બીજાઓ માટે શું કહીએ ? માટે રાજાઓએ અવશ્ય એવો કિલ્લો રચવો જ જોઈએ "

આ ઉપરાંત અહી બતાવેલા દુર્ગના પ્રકારો, નગરના પ્રકારો, નગરના માર્ગો, રાજાનું નગર વગેરેનું વર્ણન કરેલ છે.

### ૧.૩.૨ <u>વાસ્તુશાસ્ત્રની દાર્શનિક્તા</u>

ભારતીય વાસ્તુશાસ્ત્રની દાર્શનિક્તા ઉપર વિચાર કરીએ તો કહી શકાય કે ભારતીય કોઈપણ સાહિત્ય લઈએ વેદ, ઉપનિષદ, પુરાણો, ધર્મશાસ્ત્ર, જયોતિષશાસ્ત્ર, અર્થશાસ્ત્ર કે વર્તમાન સમયમાં દરેક વ્યક્તિને પોતાના શ્રેય અને પ્રેયનું જ્ઞાન આપતું વાસ્તુશાસ્ત્ર. આ બધા જ શાસ્ત્ર પાછળ એક મૂળભૂત તત્ત્વ છે. ભારતીય દર્શન, અને એટલે જ ભારત એટલે દર્શનની ભૂમિ એવુ સમીકરણ કરવામાં આવે તો કોઈ અતિશયોક્તિ નથી.

આથી જ કોઈએ કહ્યું છે કે " વિશ્વના ચરણે ભેટ ધરવા જેવી જો કોઈ વસ્તુ ભારત પાસે હોય તો તે છે તેનું તત્ત્વજ્ઞાન / દર્શન. "

હવે આપણે વાસ્તુશાસ્ત્ર ઉપર વિચારણ કરીએ તો વાસ્તુશાસ્ત્રનાં અંગો તરીકે આપણે શિલ્પ, અને સ્થાપત્યને લઈ શકીએ. આ શિલ્પ અને સ્થાપત્યથી જ દરેક ધર્મ અને દર્શન નિરાકાર બ્રહ્મને સાકાર સ્વરૂપ આપી શકે છે. આપણે આગળ જોયુ કે – પાષાણ, ઈષ્ટિકા, ચૂનો, રેતી, દારુક આ બધી વસ્તુઓ સ્થિર થાય છે એટલે વાસ્તુ કહેવાય. આ વાસ્તુના લક્ષણો, અંગો અને ઘટકો ઉપર વિચાર કરતા આપણને વાસ્તુશાસ્ત્રની દાર્શનિક્તા દ્દષ્ટિગત થાય છે. જેમકે –

⇨ ગૃહ, પ્રાસાદ, રાજભવનો એ પ્રજા અને રાજાઓને વસવા માટેના સ્થાન છે. જે દરેક ઋતુમાં ઠંડી, ગરમી, વર્ષાથી રક્ષણ કરે છે અને સર્વ સુખો ભોગવી શાંતિ પ્રાપ્ત કરી શકે છે. અર્થાત્ બ્રહ્મમાં લીન થઈ શકે છે.

⇨ દેવપ્રાસાદો, મંદિરો એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપનાર છે તે ધર્મનું પ્રતિપાદન કરે છે.

⇨ વાવ, કૂવા અને તળાવ એ જલાશયો દરેક જીવોની તૃપ્તિ માટે છે.

⇨ મૂર્તિકલામાં દેવોની પ્રતિમાં સાધારણ માણસ માટે બોધગમ્ય છે

આમ, ભારતના આ સ્થાપત્ય કળાનો પ્રારંભ ધર્મભાવનાથી થયેલ છે. તેથી શિલ્પશાસ્ત્ર ધર્મસહિષ્ણુતા સાથે સંકળાયેલા છે. તેની બુદ્ધિપૂર્વક રચના આપણા મહાન આચાર્યોએ કરેલ છે. શિલ્પની કેટલીક શૈલીજ ભારતની આધ્યાત્મિક વિચારધારામાંથી ઉદ્ભવી છે. પુનર્જન્મના સિદ્ધાંત પ્રમાણે સૃષ્ટિના જીવો વિકાસ સાધતા અનેક ઉચ્ચકોટીની યોનિઓમાં જન્મતાં જન્મતાં આખરે બ્રહ્મમાં વિલીન થાય છે. આ સિદ્ધાંતે જ દેવમંદિરની સંરચના ગર્ભગૃહથી લઈને શિખા સુધી વર્ણવી છે.

આથી કહી શકાય કે પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોમાં જે શિલ્પ–સ્થાપત્યના સિદ્ધાંતો આપ્યા છે તે વૈષ્ણવ, જૈન, શૈવ, શક્તિ કે બીજા કોઈપણ સંપ્રદાય હોય તે બધા જ સંપ્રદાયોના દાર્શનિક સિદ્ધાંતનો મૂલ આધાર છે.

તેમજ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' અને ' રાજવલ્લભ ' બંને ગ્રંથો રહેલ વાસ્તુપુરુષની પરિકલ્પનામાં પણ વાસ્તુના દાર્શનિક સ્વરૂપનું સુચન થાય છે જેમ કે –

**વાસ્તુપુરુષની ઉત્પત્તિ** – આપણે આગળ જોયુ તેમ અંધક દૈત્ય સાથે સંગ્રામ કરતા મહાદેવજીને પરિશ્રમ થયે પરસેવો થયો તેનુંબિંદુ ભૂમિ ઉપર પડયું તે બિંદુમાંથી આકાશ અને ભૂમિને ભય કરે એવો એક પ્રાણી ઉત્પન્ન થયો. તે પ્રાણીને સર્વ દેવતાઓ મળી એકદમ પકડી નીચે મુખે નાખી તેના ઉપર તે દેવોએ વાસ કર્યો.

અહીં દેવાસુર સંઘર્ષમાંથી નવસર્જન થયેલું જોઈ શકાય છે. નવસર્જિત વિરાટ્ પુરુષને વિરાટ્–પુરુષ તરીકે કલ્પી શકાય.અથવા ભૂમિને સ્થિર કરનાર પરમપુરુષ તરીકે ઓળખી શકાય. તે ઉંધા મુખે હોવાથી જીવાત્માની અંતર મુખીતા દર્શિત થાય છે.

અને પુરુષની કલ્પના હોવાથી માનવ શરીરના પંચમહાભૂતો પણ વિદ્યમાન છે. તેમાં રહેલા બધા દેવતાઓનો વાસ ચેતન તત્ત્વમાં બ્રહ્મનો બોધ અથવા બહુ દેવતાવાદ દ્વારા એકેશ્વર બ્રહ્મનો બોધ કરાવે છે.

આમ, વાસ્તુશાસ્ત્રમાં સ્થાપત્ય, શિલ્પ, વિધિ–વિધાનો, વાસ્તુપુરુષની પરિકલ્પના વગેરેમાં સમાવેશ પામતા બધા જ તત્ત્વો આધ્યાત્મિક ઉપાસનાનું પ્રતીક છે. આથી કહી શકાય કે વાસ્તુ એ સ્થાન નથી વાસ્તુપુરુષ એક દેવતા છે. જેનું બ્રહ્મા દ્વારા તેમજ શિવના આશીર્વાદથી ધરતી ઉપર સ્થાપન થયું છે. જેના દરેક અંગમાં જુદા–જુદા દેવતા નિવાસ કરે છે. જેમાં વાસ્તુપુરુષનું મસ્તક ઉત્તર–પૂર્વની (ઈશાન) વચ્ચે હોવાથી તે પવિત્ર દિશા ગણાય છે. આ વાસ્તુપુરુષનું દાર્શનિક મહત્ત્વ પ્રસ્થાપિત છે.

જેમકે – ભારતીય મનીષિઓએ પાષાણમય પ્રાસાદમાં પુરુષની કલ્પનાને સ્થાયિત્વ દેવા માટે ' વાસ્તુબ્રહ્મવાદ ' ની કલ્પના કરી છે. તેમજ એક પરિમિત ભૂમિને અપરિમિત વિશ્વશક્તિમાં પરિવર્તિત કરી છે. આ અનામ અને અરૂપ સત્તાને ' વાસ્તુપુરુષ ' માં નિયંત્રિત કરી આપણને વાસ્તુશાસ્ત્રનું ગહન દર્શન કરાવે છે. આથી જ ભારતીય વાસ્તુકલા દરેક દૃષ્ટિથી દૈવિક ભાવનાઓથી ઓતપ્રોત છે. તેમાં વાસ્તુપુરુષની દૈવી ઉત્પત્તિ, તેના અંગો–ઉપાંગો, ભવનનિર્માણ, દ્વાર નિર્ણય કે પછી પૃથ્વીનું વર્ણન આ બધું દૈવી સિદ્ધાંતોના આધારે જ બતાવવામાં આવ્યું છે.

⇨ **પંચમહાભૂત :**

(૧) અગ્નિતત્ત્વ – સંપૂર્ણ વિશ્વમાં અગ્નિ સૌથી પ્રથમ દૃષ્ટિ ગોચર થાય છે. તેમા બ્રહ્માનનું તાપ તત્ત્વ વિદ્યમાન છે.

(૨) પૃથ્વીતત્ત્વ – પૃથ્વી એક આધાર તત્ત્વ છે. તે મૃતિકા પત્થરના રૂપમાં છે.

(૩) વાયુતત્ત્વ – સમગ્ર પ્રાણધારીઓ એમના વગર જીવિત રહી શકતા નથી.પંચ પ્રાણો સાથે વાયુનો સંબંધ છે.

(૪) જલતત્ત્વ – જલ પ્રાણાધાર છે. તે આયુષ્યકર્તા છે અને ભૂમિ જલ ઉપર આધારીત છે.

(૫) આકાશતત્ત્વ – આ તત્ત્વ અતિવિસ્તૃત છે. બ્રહ્માંડના તમામ ઉપગ્રહો તેમના વિકીરણ તરંગો અવકાશમાં જ સમાહિત છે. આની મહત્તા સર્વવ્યાપક રૂપમાં છે.

આ રીતે પંચમહાભૂતના પંચતત્ત્વોના આધારે પ્રાપ્ત થયેલ વાસ્તુશાસ્ત્ર એ મહાન દાર્શનિક્તાને સિદ્ધ કરે છે.

## ૧.૩.૩ વાસ્તુપુરુષના સ્વરૂપ વિવેચન અને અન્ય શાસ્ત્રપુરુષો જોડે તેની સરખામણી

### ૧.૩.૩.૧ વાસ્તુપુરુષના સ્વરૂપ વિવેચન

પ્રસ્તુત બંને ગ્રંથોમાં વાસ્તુપુરુષના સ્વરૂપ વિશે ચર્ચા કરવામાં આવી છે. જેમકે – આગળ વાસ્તુના વર્ગીકરણોમાં તેના સ્વરૂપ વિશે ચર્ચા કરી છે. વાસ્તુના સ્વરૂપની પરિકલ્પના કરવામાં આવી છે અને વાસ્તુપુરુષના ચિત્રો પણ બંને ગ્રંથોમાં આપવામાં આવ્યા છે.

તેમાં વાસ્તુપુરુષ ઉંધો સૂતો છે. તે એવી રીતે કે તેના બે પગ નૈઋત્ય કોણમાં છે. એ બન્ને પગના પગતળ એકબીજા સાથે જોડેલા છે. તેનું મસ્તક ઈશાન કોણે છે, અને હાથ તથા પગો સંધિયો અથવા સાંધાઓ અગ્નિ અને વાયવ્ય કોણમાં છે. તે વાસ્તુપુરુષ ઘર કરવાની જમીનના ક્ષેત્રનાં પ્રમાણમાં કલ્પાય છે. વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં વાસ્તુપુરુષના સ્વરુપ વિશે આ પ્રમાણે વણ ન કરવામાં આવ્યું.

" વાસ્તુપુરુષ એક જ છે જે જુદા–જુદા પ્રકારોથી પરિકલ્પિત કરવામાં આવ્યા છે. વાસ્તુપુરુષના શરીરની કલ્પના કરવી જોઈએ. જેમા ગુણ અને દોષ બંને હોય છે. આ શરીર કલ્પનમાં ક્રમશઃ સર્વપ્રથમ મુખ, મતિષ્ક, કાન, આંખ, તાળવું, દાંત, છાતી, કંઠ, સ્તન, નાભિ, લિંગ, અંડકોષ, ગુદા, બાહુ, પ્રબાહુ, હાથ, ઉરુ, જંઘા અને પગ. આ પ્રકારે પુરુષ સમાન આકૃતિવાળા વાસ્તુપુરુષ બનાવવા જોઈએ. શિરાઓ, વંશ, અનુવંશ, સંધિ, અનુસંધિ, મર્મ તથા મહાવંશ વાસ્તુ શરીરમાં ફેલાય છે તે ' નાડી ' કહેવાય છે. પદનો સોળમો ભાગ એ પ્રમાણેથી લક્ષિત કરવામાં આવ્યા છે. પૂર્વ તથા પશ્ચિમમાં ઉત્તર તથા દક્ષિણમાં મધ્યમાં બે–બે મહાવંશના પ્રમાણપદનો પાંચમો ભાગ કહેવાયો છે. એમાં જે

વંશ રહયો છે તે મુખ્યતઃ ફેલાયેલી રેખા છે. અને જે વિચિત્ર આકારવાળી રેખાઓ છે તેને ' અનુવંશ ' કહે છે. તેના સંપાતોને ' મર્મ ' કહે છે. જે પદના મધ્યમાં છે. તેને ' ઉપમર્મ ' કહે છે. વંશાદિના ક્રમશઃ પદથી પ્રમાણ કહેવામાં આવ્યું છે. આઠે વંશોની જે સંધિ છે તેને ' સંધિ ' કહે છે. જે વંશના અંગોની સંધિ છે. તેને ' અનુસંધિ ' કહેવાય અને સંધિઓનું પ્રમાણ વાલાગ્રની સમાન કહેવામાં આવ્યું છે. અને તેનાથી અર્ધુ પ્રમાણ અનુસંધિઓનું કહેવામાં આવ્યું છે. (૨૪)

આ ઉપરાંત વાસ્તુપુરુષના અંગો ઉપર દેવોના સ્થાપન વિશે મંડન સૂત્રધારકૃત ' *राजव©भ* ' ગ્રંથમાં આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે.

" વાસ્તુપુરુષના મસ્તક ઉપર મહાદેવજીનું સ્થાપન કરવું, બે કાન ઉપર પર્જન્યનું અને દિતિનું, ગળા ઉપર આપદેવનું, બે સ્કંધો અથવા ખભાઓ ઉપર જય અને અધિતિનું, બે સ્તન ઉપર અર્યમાં અને પૃથ્વીધરનું, હૃદય ઉપર આપવત્સનું, જમણા બાહુ ઉપર ઈન્દ્ર આદિ પાંચ દેવોનું, ડાબા બાહુ ઉપર નાગ આદિ (નાગ, મુખ્ય, ભલ્લાટ, કુબેર અને શૈલનું ) પાંચ દેવોનું જમણા હાથ ઉપર સાવિત્ર અને સવિતા એ બે દેવોનું (કોણીથી પોંચા સુધી), ડાબા હાથ ઉપર રુદ્ર અને રુદ્રદાસનું સાથળ ઉપર મૃત્યુ અને મૈત્ર એ બે દેવનું, નાભિના પૃષ્ઠ ભાગે બ્રહ્માનું, ઉપસ્થ સ્થાને ઈન્દ્ર અને જયનું, બે ઢીંચણ અથવા ગોઠણ ઉપર અગ્નિ અને રોગનું, બે પગની બે નળિયો ઉપર પૂષાદિ સાત દેવો અને નંદિગણાદિ સાત દેવોનું અને બંને પગની એડી ઉપર પિતૃ દેવતાનું સ્થાપન કરવું. "

આ રીતે વાસ્તુપુરુષના અંગોનું પણ ચિંતન કરવામાં આવ્યું છે. પ્રત્યેક અંગ ઉપર અધિષ્ઠાતા દેવ નિવાસ કરે છે. આ વાસ્તુપુરુષ અંગ દેવતાઓનું નિરુપણ આ ઉપરાંત બૃહત્સંહિતા, સમરાંગણ સૂત્રધાર, વાસ્તુરાજવલ્લભ વગેરે ગ્રંથોમાં પણ વર્ણિત છે.

ભારતીય સંસ્કૃતિના ગ્રંથોમાં મળતી માહિતીના આધારે કહી શકાય કે – સંસ્કૃત સાહિત્યના પ્રાચીન ગ્રંથોમાં અલગ–અલગ પુરુષનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમકે – ઋષિઓ દ્વારા વેદરુપી પુરુષની કલ્પના સાંખ્યદર્શનમાં પ્રકૃતિ સાથે પુરુષનું વર્ણન, કાવ્યશાસ્ત્રમાં કવિની કલ્પનાથી કાવ્યપુરુષનું વર્ણન, ઋગ્વેદના ૧૦ મંડળમાં પુરુષ સૂક્તનું વર્ણન, શ્રીમદ્ભગવત ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણ અર્જુનને પોતાના વિરાટ પુરુષ

તરીકેના દર્શન કરાવે છે. તેજ રીતે વાસ્તુશાસ્ત્રમાં વાસ્તુપુરુષની પરિકલ્પના કરવામાં આવી છે.

### ૧.૩.૩.૨ <u>વાસ્તુપુરુષની અન્ય શાસ્ત્રપુરુષો જોડે સરખામણી</u>

#### (A) વેદપુરુષની કલ્પના :

પ્રાચીન ઋષિઓ વેદપુરુષની જે કલ્પના કરી છે તે આ પ્રમાણે છે.

*छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठ्यते ।*

*ज्योतिषामयनं चक्षुर्निरुक्तं श्रोत्रमुच्यते ॥*

*शिक्षा घ्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम् ।*

*तस्मात्साङ्गमधीत्यैव ब्रह्मलोके महीयते ॥* (૨૫)

અહીં સમગ્ર અપૌરુષેય સાહિત્યની વેદપુરુષ તરીકે ઋષિઓની કલ્પના વેદને સાક્ષાત બ્રહ્મના સ્વરૂપની મહત્તા આપે છે અને વેદપુરુષના અંગોની વિભાવનામાંથી સાહિત્ય સૃષ્ટિની શરૂઆત થાય છે.

#### (B) સાંખ્યકારિકામાં પ્રકૃતિ સાથે પુરુષની કલ્પના :

સાંખ્ય એ દ્વૈતવાદી છે. તે પ્રકૃતિ અને પુરુષને જ અંતિમ તત્ત્વ તરીકે સ્વીકારે છે. પ્રકૃતિ જડ અને પુરુષ ચેતન છે.

સાંખ્યની પ્રકૃતિ અવ્યક્ત, નિત્ય અને ત્રિગુણાત્મક છે. જયારે સાંખ્યનો પુરુષ અકર્તા છે, ચેતન હોવા છતા કંઈ કરતો નથી કેવલ દ્દષ્ટા છે. પ્રકૃતિની પ્રક્રિયાનો તે સાક્ષી માત્ર છે. ચેતનના સંયોગ વિના જડ પદાર્થ કંઈ પ્રવૃતિ કરી શકે નહીં.

આ રીતે સાંખ્યદર્શન પ્રમાણે પુરુષ અને પ્રકૃતિના સંયોગની નૂતનત્ત્વનો આવિર્ભાવ થાય છે તે.

#### (C) કાવ્યપુરુષનું વર્ણન :

કાવ્યપુરુષની ઉત્પત્તિનું કથાનક, વાયુપુરાણ, મહાભારત તથા હર્ષચરિતમાં પ્રાપ્ત થાય છે. તેમા બાણભટ્ટના <u>હર્ષ ચરિતમાં</u> જોઈએ તો –

" સરસ્વતીનું પૃથ્વી ઉપર અવતરણ, ચ્યવન પુત્ર દધીચી સાથેનું તેનું લગ્ન અને તેણે પુત્ર સારસ્વતેયને જન્મ આપ્યો. "

<u>વાયુપુરાણ</u>માં પણ બાણની કથા અનુસાર જ કથા પ્રાપ્ત થાય છે. મહાભારતના શાંતિપર્વના અધ્યાય – ૩૫૯ માં આ કથા થોડા ફેરફાર સાથે પ્રાપ્ત થાય છે.

આ બધા આધારોના આધારે કહી શકાય કે બધી જ પ્રાચીન વિદ્યાઓની જેમ જ કાવ્યવિદ્યાનો જન્મપણ દિવ્ય જ છે.

રાજશેખરે તો બ્રહ્માથી જ સરસ્વતીના પુત્રની ઉત્પત્તિની કથા આપે છે. છતા તેના જન્મ પછીની પ્રવૃતિઓ, વૃત્તિઓ તથા રીતિઓના વર્ણન તો તેણે નાટયશાસ્ત્રના કર્તા તથા ભામહના મતાનુસાર જ કર્યા છે. કાવ્યમીમાંસામાં વર્ણવેલ કાવ્યપુરુષની ઉત્પત્તિની કથા આ પ્રમાણે છે.

" એકવાર કથાપ્રસંગે શિષ્યોએ ગુરુ બૃહસ્પતિને પૂછયુ : તમારા ગુરુ સરસ્વતી પુત્ર કાવ્યપુરુષ તે કોણ છે ? ત્યારે તેમને બૃહસ્પતિએ કહ્યું : પ્રાચીન કાળમાં પુત્રપ્રાપ્તિની ઈચ્છાવાળી સરસ્વતીએ હિમાચલ ઉપર તપ કર્યુ. તેના તપથી પ્રસન્ન થયેલ બ્રહ્માએ તેને કહ્યું, " તારે માટે હું પુત્ર ઉત્પન્ન કરુ છું. " એમ કહીને બ્રહ્માએ કાવ્યપુરુષને સજર્યો, જન્મીને તરત જ ઉભો થઈને માતાને પ્રણામ કરીને તેણે છંદમયી વાણીમાં માતાને કહ્યું,

*यदेतद् वाङ्मयं विश्वमर्थमूर्त्या विवर्तते ।*

*सोऽस्मि काव्यपुमानम्ब पादौ वन्देय तावकौ ।।*

અર્થાત્ – હે માતા, આ સંપૂર્ણ વાઙમય વિશ્વ (સાહિત્ય જગત) જેને પ્રતાપે અર્થના રૂપમાં પ્રવર્તમાન થાય છે તે હું કાવ્યપુરુષ છું. હું તમારાં ચરણોમાં વંદન કરું છું.

આ રીતે માત્રા વેદમાં દેખાતી એવી છંદવાળી રચનાને લૌકિક ભાષામાં સાંભળીને સરસ્વતીએ તે બાળકને આનંદ પૂર્વક ખોળામાં લઈને કહ્યું – બેટા, છંદઃ પ્રધાન વાણીની પ્રણેત્રી, સંપૂર્ણ વાઙમયની જનેતા એવી મને તે પરાજિત કરી છે. આથી જ લોકમાં આ પ્રશસ્તિ છે કે પુત્રને હાથે પરાજય પામવો તે તો બીજા પુત્રના જન્મ જેવો પ્રસંગ છે. તારી પૂર્વે વિદ્વાનો એ ગદ્યનું સર્જન કર્યુ છે, પદ્યનું નહીં. હવે તો તે જ સર્જેલી છંદ રચનાવાળી વાણી જગતમાં પ્રવર્તન પામશે. શબ્દાર્થ એ તારું શરીર, સંસ્કૃત ભાષા તારું મુખ,

પ્રાકૃતભાષા તારા હાથ, અપભ્રંશ ભાષા તારી જંઘા, પૈશાચી ભાષા તારા બે પગ અને મિશ્રભાષાઓ તારું વક્ષઃસ્થળ છે. હે કાવ્યપુરુષ ! તુ સમતોલ સ્વભાવનો, પ્રસન્ન, મધુર, ઉદાર, તેજસ્વી છે. તારી વાણી સુંદરઉક્તિઓ વાળી, રસ એ તારો આત્મા, છંદો તારા રોમ, પ્રશ્નોત્તર–પ્રહેલિકા વગેરે તારી ક્રીડા તથા અનુપ્રાસાદિ અને ઉપમાદિ તારા અલંકરણો થશે. ભવિષ્યના અર્થને પણ ભાખનારી શ્રુતિની વાણી પણ તારા જ સ્તુતિગાન કરે છે ." (૨૬)

આમ કાવ્યવિદ્યાની દિવ્ય ઉત્પત્તિની કથા પણ કાવ્યપુરુષની કલ્પનાથી કરી છે. તે કાવ્યપુરુષનું પણ અંગ–ઉપાંગો શક્તિનું વર્ણન પ્રાપ્ત થાય છે.

*इत्येष काव्यपुरुषः पुरासृष्टः स्वयम्भुवा ।*

*एवं विभज्य जनानः प्रेत्य चहे च नन्दति ॥* (२७)

અર્થાત આ રીતે પ્રાચીન કાળમાં બ્રહ્માએ કાવ્યપુરુષને સજર્યો હતો. જે કોઈ કાવ્ય તથા સાહિત્યવિદ્યાનું તેના વિવિધ અંગાગોપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરશે તે આ લોકમાં તથા પરલોકમાં આનંદ પ્રાપ્ત કરશે.

આમ કાવ્યપુરુષોત્પત્તિથી પણ તેનો મુખ્ય હેતુ લોકહિતનો જ છે.

## (D) ઋગ્વેદમાં પુરુષ વર્ણન :

ઋગ્વેદના ૧૦ માં મંડળના પુરુષસૂકતના પ્રારંભમાં જ ઋષિ નારાયણ એક સૃષ્ટિસર્જન કરતા વિરાટ પુરુષને વર્ણવે છે. આ સૃષ્ટિના આરંભે જ એક પરમ પુરુષ કે જે પોતે હજાર મસ્તકવાળો, હજાર આંખોવાળો અને હજાર હાથ–પગવાળો છે. તે વિશ્વને ચોતરફી ઘેરીને દસ આંગળ ઊંચો રહેલો છે.

*सहस्त्रशीर्षा पुरुषः सहस्त्राक्षः सहस्त्रपात् ।*

*स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठदशाङ्गुलम् ॥* (२८)

સર્વ પ્રાણીઓમાં સમુદાયરૂપ બ્રહ્માંડરૂપી દેહવાળો આ યજ્ઞીય પુરુષ ત્રણેય કાળ ઉપર સત્તા ધરાવનાર છે. આ આદિ પુરુષમાંથી જ વિરાજની ઉત્પત્તિ થઈ છે. સમસ્ત પ્રાણીઓ તેનો એક પાદ છે. જયારે '*त्रिपादस्यामृतं दिवि*' ત્રણ પાદ દ્યુલોકમાં અમૃતતત્ત્વ છે. અને આ પુરુષ '*अन्नेन अतिरोहति*' અન્નનો સ્વામી છે.

*ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः ।*

*ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥* (२८)

અર્થાત્ – મુખમાંથી બ્રાહ્મણ, ભૂજાઓમાંથી ક્ષત્રિય, સાથળોમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્રો જન્મ્યા.

આ રીતે પ્રૌઢ દાર્શનિક વિચારધાર રજૂ કરી યજ્ઞીય પુરુષની વિરાટતા અહીં વ્યક્ત કરવામાં આવી છે. અને યજ્ઞીય પુરુષના ત્યાગ અને બલિદાનથી નવસર્જન થયું છે. યજ્ઞ એ નવસર્જનનું પ્રતિક છે.

## (E) શ્રીમદ્ભગવતગીતામાં વિરાટ્ પુરુષનું વર્ણન :

શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૦ માં અધ્યાયમાં ભગવાને પોતાની વિભૂતિઓનું ઉપાસનાર્થે પ્રતિપાદન કરી તથા –

*विष्टम्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ।* (३०)

" આ સર્વ જગતને એક અંશ વડે જ વ્યાપીને હું રહેલો છું. " એ વચન વડે પોતાના વિશ્વાત્મક ઈશ્વરસ્વરૂપનું ઉપાસ્યરૂપે સૂચન કરી પછી ૧૧ માં અધ્યાયમાં પોતાના વિશ્વરૂપના દર્શન ભગવાન અર્જુનને કરાવે છે અને ભગવાનના વિશ્વરૂપનું વર્ણન ધૃતરાષ્ટ્ર સામે સંજયે આ પ્રમાણે કર્યુ છે.

" ઘણા મુખો અને નેત્રોવાળું, ઘણાં અદ્ભૂત રૂપોવાળું, ઘણા દિવ્ય ઘરેણાવાળું, ઉઠાવેલા ઘણાં દિવ્ય શસ્ત્રોવાળું, દિવ્યમાળા અને વસ્ત્રોને ધારણ કરેલું, દિવ્ય ગન્ધોનું લેપન કરેલું, સર્વ પ્રકારના આશ્ચર્યોથી ભરેલું, પ્રકાશવાળું, અપાર, ચોરતરફ મુખવાળું, જો આકાશમાં એક સાથે હજારો સૂર્યોનો પ્રકાશ ઉત્પન્ન થાય તો તે પ્રભા તે પરમાત્માના પ્રકાશ જેવી થાય. " (૩૧)

આમ ભગવાને બ્રહ્માદિ દેવો, ઋષિઓ, ગંધર્વો, મનુષ્યો, પશુ, પક્ષી,વૃક્ષ, સ્થાવરાદિ ભોક્તુવર્ગ, પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ, પાતલ, અતલ, પિતલ, સુતલ વગેરે ભોગસ્થાન તથા ભોગ્ય અનેક સામગ્રીઓના ભેદ વડે વિભક્ત જગતને એક સ્થાનમાં અર્જુનને બતાવ્યુ.

ભારતીય સાહિત્ય શાસ્ત્રોમાં વર્ણિત વિવિધ પુરુષોનાં વર્ણનો સાથે વાસ્તુપુરુષની તુલના કરીએ તો –

વાસ્તુપુરુષ એટલે – વસ્ – નિવાસ્ માટે ભૂમિ પૂજન માટે રુદ્ર અને અંધકારસુર નામના દૈત્ય વચ્ચે થયેલા યુદ્ધમાંથી રુદ્રના પરિશ્રમથી ઉત્પન્ન થયેલા પરસેવાના બુંદમાંથી જેની ઉત્પત્તિ આપણા શાસ્ત્રોએ બતાવી છે તે વાસ્તુપુરુષ. વાસ્તુપુરુષ જેના વર્ણનો મે આગળ કર્યા પરંતુ અન્ય શાસ્ત્રોમાં વર્ણિત વિવિધ પુરુષો સાથે તુલના કરતા કહી શકાય કે – આગળ વર્ણિત શાસ્ત્ર પુરુષોની ઉત્પત્તિ કરતા વાસ્તુપુરુષની ઉત્પત્તિમાં દેવ–દાનવના યુદ્ધની કથા છે. અને વાસ્તુપુરુષના અંગો ઉપર બધા જ દેવતાઓના સ્થાન છે તેવુ શાસ્ત્રો કહે છે. આમ, પુરુષ એટલે ચૈતન્ય એવો અર્થ એ બધા શાસ્ત્ર પુરુષો જોડે સામ્ય ધરાવે છે. પરંતુ ઊંધા મુખવાળું સ્વરૂપ, અંગોમાં દેવ સ્થાપના, પૂજન આદિ બાબતોથી વાસ્તુપુરુષો અનન્ય શાસ્ત્ર પુરુષ સિદ્ધ થાય છે.

### ૧.૩.૪ <u>વાસ્તુવિષયોની વૈજ્ઞાનિક મીમાંસા</u>

માનવ અને પ્રકૃતિ પરસ્પર સંબંધથી વ્યાપ્ત છે. પ્રકૃતિના પ્રત્યેક પરિવર્તનની અસર માનવને સ્પર્શે છે અને સૂર્ય માનવ જીવનપર અસર કરે છે. વાસ્તુશાસ્ત્ર સંપૂર્ણ પણે સૂર્યકિરણ અને તેની શક્તિપર અવલંબિત છે.

વાસ્તુશાસ્ત્ર પ્રાકૃતિક નિયમ પર આધારિત છે. પ્રાકૃતિક નિયમ સાથેનું સામંજસ્ય સુખ આપે છે, જયારે તેનાથી વિપરીત દુઃખ આપે છે. પ્રકૃતિનું આ સનાતન સત્ય છે.

આ વાસ્તુશાસ્ત્ર પ્રાચીન અને વૈજ્ઞાનિક છે. કેમકે ભૂમિ એ જીવંત છે. વાસ્તુશાસ્ત્ર સંપૂર્ણ પણે સૂર્યની અદશ્ય શક્તિપર આધાર રાખે છે. સૂર્ય–ચંદ્રનાં કિરણો સાથેનું તાદાત્મ્ય પ્રત્યેક ક્ષણોએ માનવને પ્રભાવિત કરે છે. ભૂમિની સકારાત્મક અને નકારાત્મક અસર માનવના તેમજ તેને બનાવેલા વાસ્તુ ઉપર થાય છે. પૃથ્વીમાં રહેલી ઉર્જાને કારણે જ અમુક ભૂમિનો સ્પર્શ કરતાં સુખ અને આનંદ પ્રાપ્ત થાય છે. જયારે કેટલીક ભૂમિનો સ્પર્શ કરતા દુઃખ અને વેદનાનો અનુભવ થાય છે.

આ વાસ્તુશાસ્ત્રને વિજ્ઞાન પણ સમર્થન આપે છે. વાસ્તુશાસ્ત્રમાં વાસ્તુપુરુષ દ્વારા દિશાઓની જાણકારી પ્રાપ્ત થાય છે. વાસ્તુપુરુષ મંડળમાં ઉર્જાના બે સ્ત્રોત છે અને વાસ્તુપુરુષ મંડળની દિશાના અલગ–અલગ દેવતાનો વાસ છે.

ઉર્જાના બે સ્ત્રોત આ પ્રમાણે છે :

(૧) પ્રાણી ઉર્જા : સૌરઉર્જાને ' પ્રાણીક ' અથવા ' બ્રહ્માંડીય ' ઉર્જા પણ કહેવાય છે. આ ઉર્જા પૃથ્વીની સર્વદેશીય ગતિની સાથે સાથે પરિવર્તનશીલ હોય છે.

(૨) જૈવિક ઉર્જા : વિદ્યુત ચુંબકીય પ્રવાહને ' જૈવિક ' અથવા ' કાર્બનિક ' ઉર્જા કહે છે. આ ઉર્જા એક દેશીય ઉત્તર થી દક્ષિણ ધ્રુવ તરફ ગતિશીલ હોય છે. જૈવિક ઉર્જાના તત્ત્વોનું સામંજસ્ય સુખ કે આનંદ આપે અને તેઓનું વૈષમ્ય વેદના કે દુઃખપ્રદાન કરે.

વાસ્તુશાસ્ત્રમાં પૂર્વ અને ઉત્તર દિશા વચ્ચે આવતો ખુણો ' ઈશાનકોણ ' તરીકે ઓળખાય છે. આ અત્યંત પવિત્ર ખુણો છે. માટે જ આ સ્થાનમાં દેવતાઓ અર્થાત્ ઘરના મંદિરની સ્થાપના કરવાનું વિધાન મળે છે. અને વિજ્ઞાનના પ્રયોગ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે કે સૂર્ય જે પ્રાણી માત્રનો જીવવાનો આધાર છે તે પૂર્વ દિશામાં ઊગે છે અને પશ્ચિમમાં અસ્ત થાય છે. આથી તેની પ્રાણીક ઉર્જા પૂર્વથી પશ્ચિમ તરફ ગતિ કરે છે. જયારે જૈવિક ઉર્જા ઉત્તરથી દક્ષિણ તરફ અસ્ત પામે છે. આમ, આ ' પ્રાણીક ' અને ' જૈવિક ' બન્ને ઉર્જાઓ પૂર્વ–ઉત્તરથી આરંભી પશ્ચિમ–દક્ષિણમાં અસ્ત પામતી હોવાથી પૂર્વ–ઉત્તરનો ખૂણો પવિત્ર માનવામાં આવે છે. આમ, ' ઈશાનકોણ ' પવિત્ર છે.

આથી કહી શકાય કે પૃથ્વીમાંથી ઉદ્ભવતી ઉર્જા ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાયેલી છે. તેથી તેનું આરંભ બિંદુ ઉત્તર–પૂર્વ છે અને અંત્યબિંદુ દક્ષિણ–પશ્ચિમ છે. પૃથ્વીની આ ઉર્જા પૃથ્વીની આસપાસ ગતિ કરતા–કરતા એક આવરણ બનાવે છે.

આમ વાસ્તુનો મૂળ આધાર પંચમહાભૂત અને પ્રાકૃતિક શક્તિઓ છે.

– પંચમહાભૂત – પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ છે.

– પ્રાકૃતિક શક્તિઓ – ગુરુત્વાકર્ષણશક્તિ, ચુંબકિય શક્તિ અને સૂર્ય ઉર્જા આ ત્રણ પ્રાકૃતિક શક્તિઓ છે.

માટે ગૃહાદિનું નિર્માણ આ બધી શક્તિઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જેથી તેમા રહેનાર વ્યકિત આ શક્તિઓથી વંચિત ના રહે કેમકે, આ શક્તિઓના આધારે જ વ્યક્તિનું તન–મન અને જીવન સંતુલિત રહે છે, તેથી જ કહી શકાય કે વાસ્તુશાસ્ત્ર વૈજ્ઞાનિક તથ્ય પર આધારિત છે. વિજ્ઞાનમાં ચોક્કસ નિયમો હોય છે તેમ વાસ્તુશાસ્ત્રમાં પણ સ્થાપત્ય માટે દિશા, સમય આદિના ચોક્કસ નિયમો છે. અને આ નિયમોનો ભંગ કરવાથી ગૃહસ્વામીને અનેક દુ:ખ, વ્યાધિ તેમજ આપત્તિઓનો પણ સામનો કરવો પડે છે.

## ૧.૪ વાસ્તુશાસ્ત્રની પરંપરા અને તેમની મુખ્ય કૃતિઓ : એક વિવેચન

વાસ્તુશાસ્ત્ર માનવજીવનને પ્રકૃતિ અનુસાર જીવવાનો નિર્દેશ આપે છે. આ વાસ્તુવિદ્યાના વિચારો વેદોમાંથી પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં માનવ પર્વત પર અને સમુદ્ર કિનારા પર નિવાસ કરતો હતો. ગરમી, ઠંડી, પવન, વરસાદથી બચવા માણસને જયારે આશ્રયની જરૂર ઉભી થઈ ત્યારે તેણે પર્યાવરણમાના પંચમહાભૂતોને ધ્યાનમાં લઈને વધારેમાં વધારે સુખસગવડભર્યુ પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. પરિણામ સ્વરૂપે પ્રાકૃતિક વિપત્તિઓથી બચવા માટે તેમજ પોતાના રક્ષણ માટે દુર્ગની રચના, નગરનું નિર્માણ અને ગૃહનું નિર્માણ કરવા લાગ્યા. જેમ–જેમ માનવની બુદ્ધિનો વિકાસ થતો ગયો તેમ તેમ માણસ હંમેશા ચિંતન અને મનન કરીને પર્યાવરણના ઘટકોનો અને તેની જીવન અને મકાન પર શી અસર થાય છે. તેનો અભ્યાસ કરતો ગયો.

### ૧.૪.૧ <u>વેદકાલીન વાસ્તુ</u>

ત્રેતાયુગમાં માનવ વનરાજીમાં વિહાર કરતો હતો અને કલ્પદ્રુપ પાસેથી સર્વભોગ્ય પદાર્થો પ્રાપ્ત કરતો, જયારે એ અદૃશ્ય થયા ત્યારે અન્યનો આશ્રય લીધો. અને ક્રમશઃ કાષ્ઠ ગૃહોનું નિર્માણ કર્યુ. જેમાં દશશાલા સુધીના નિર્માણનું આયોજન હતું, પોતાના રક્ષણાર્થે દેવોની તેઓ સ્તુતિ કરવા લાગ્યા. આ સ્તુતિ પરક મંત્રોનું ગાન વિવિધ દેવ જેમકે મરુત, ઈન્દ્ર, વરુણ , ઉષા, સોમ, અગ્નિ, અર્યમા વગેરે સંદર્ભે કરવામાં આવતું

હતું. આ દેવતાઓ વાસ્તુનું રક્ષણ કરતા હોવાથી તેને ' વાસ્તોષ્પતિ ' તરીકે ઓળખાય છે. આવા ' વાસ્તોષ્પતિ ' નું મંત્રગાન ઋગ્વેદકાલીન મંત્રોમાં કરવામાં આવ્યું છે.

*वास्तोष्पते प्रति जानीह्यस्मानस्वावेशो अनमीवो भवा नः ।*

*यत् त्वेमहे प्रति तन्नो जुषस्व शं नो भव द्विपदे शं चतुष्पदे ॥* (૩૨)

*अमीवहा वास्तोष्पते विश्वा रूपाण्याविन् सखा सुशेव एधिनः ॥* (૩૩)

વૈદિક સમયમાં માનવ જયારે પોતાના નવા ગૃહમાં પ્રવેશ કરતો ત્યારે વિવિધ દેવોને રક્ષણ અર્થે પ્રાર્થના કરતો હતો. વેદકાલીન આ ભાવના પ્રવર્તમાન સમયે પણ ગૃહવાસ્તુ પૂજનમાં વ્યક્ત થતી જોઈ શકાય છે.

*यः पञ्चर्षणीरभि निषसाद दमेदमे ।*

*कविर्गृहपतिर्युवा ॥*

*शं नः सोमोभवतु ब्रह्म शं नः शं नो ग्रावाणः शमुसन्तु यज्ञाः ।*

*शं नः स्वरुणां मितयो भवन्तु शं नः प्रस्वः शम्वस्तु वेदि ॥*

*आदित्यासो अर्दितयः स्याम पूर्देवत्रा वसवो मर्त्यत्रा ।*

*सनेम मित्रावरूणा सनन्तो भवेम घावापृथिवी भवन्तः ॥* (૩૪)

અગ્નિ દેવતા વિશેની ઋચામાં ઋષિ કહે છે કે –

*यमश्री नित्यमुपयाति यज्ञं प्रजावन्तं स्वपन्यं क्षयं नः ।*

*स्वजन्मना शेषसा वावृधानम् ॥*

ઋગ્વેદ સંહિતાની જેમ અથર્વવેદમાં પણ કેટલીક ઋચાઓમાં વાસ્તુશાસ્ત્રની વિભાવના જોવા મળે છે. ઋગ્વેદમાં નિવાસ સ્થાન માટે – ' *सभा* ' , ગૃહના છાપરા માટે ' *छरदी* ' દ્વાર માટે ' *दुरोना* ' શબ્દો પ્રયોજાયા છે.

અથર્વવેદમાં છાપરાના આધાર માટે ' *वाम्स* ' , ' *स्थुना* ' , ' *उपमित* ' , ' *प्रतिमित* ' વગેરે શબ્દો બીમ માટે પ્રયોજાયા છે.

## ૧.૪.૨ <u>પૌરાણિક વાસ્તુ</u>

વેદકાલીન વાસ્તુની પરંપરા પુરાણગ્રંથોમાં પણ જોવા મળે છે.

જેમકે – મત્સ્યપુરાણ વાસ્તુનો સંબંધ દેવતા સાથે જણાવે છે. વાસ્તુની ઉત્પત્તિ શંકરના પ્રસ્વેદમાંથી સ્વીકારાય છે.

' *निवासात्सर्वदेवानां वास्तुरित्यभि धीयते ।* ' (૩૫)

'દેવતાઓનો નિવાસ હોવાને કારણે ' વાસ્તુ ' એ શબ્દની પરિચિત થયુ. '

મત્સ્યપુરાણ અનુસાર ' સ્થપતિ ' વિશેની પરિભાષા આપવામાં આવી છે તે આ પ્રમાણે છે.

*वास्तुविद्याविधानज्ञो लघुहस्तो जितश्रमः ।*
*दीर्धदर्शी च शूश्ररश्च परिकीर्तितः ।* (૩૬)

તેમજ મત્સ્યપુરાણ અનુસાર ચાર પ્રકારના પ્રાસાદો હોય છે. જેમાં રાજાની ઉત્તમ પ્રાસાદ એકસો આઠ હાથના વિસ્તારવાળો હોવો જોઈએ. બાકીના ક્રમશઃ આઠ–આઠ હાથ ઓછા કરવા જોઈએ.

વર્ણ અનુસાર ભવનોનું નિર્માણ, ચિંતન પણ પુરાણ ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. ભવનના સ્વરુપ આકાર આધારે ચતુઃશાલાના સર્વતોભદ્ર, નન્ધાવર્ત, વર્ધમાન, સ્વસ્તિક અને રુચક નામના પ્રકારો દર્શાવ્યા છે.

વાયુપુરાણમાં પુર (નગર) વિશે કહેવાયું છે કે –

*विद्युत्वन्तं महाशैलं तत्रैकं कुलपर्वतम् ।*
*येन कूटतटैनैंकैस्तद् दीपं समलंकृतम् ।।* (૩૭)

અર્થાત્ – વિદ્યુતવાન પર્વત પર સ્થિત પુર પર્વતના મધ્યમાં સ્થિર છે.

વાયુપુરાણ જણાવે છે કે પરિખાની લંબાઈ અને પહોળાઈ દશ અને આઠ હાથની સામાન્ય રીતે હોય છે. લંબાઈથી અર્ધી પહોળાઈવાળા પુર શ્રેષ્ઠ હોય છે. નગરના પરિમાણથી ખેટનું પરિમાણ અર્ધુ હોય છે.

વાયુપુરાણમાં વિદ્યાધરોનાં નગરને ઊંચા પ્રકારોથી યુક્ત બતાવવામાં આવ્યા છે. વાયુપુરાણ અનુસાર નગર સ્વસ્તિક દ્વારયુક્ત બનાવવું જોઈએ.

– *तदेकं स्वस्तिकद्वारं ।*

બ્રહ્માંડપુરાણ દ્વારવિશે કહે છે કે – *रूचकं प्रतिकद्वारम् ।*

અને મત્સ્યપુરાણમાં દુર્ગની વિવેચના પણ કરવામાં આવી છે. આમ, પુરાણોમાં પણ વાસ્તુની પરંપરા પ્રાપ્ત થાય છે.

### ૧.૪.૩ <u>મહાભારતકાલીન વાસ્તુ</u>

મહાભારતમાં વિશ્વકર્મા અને મય બન્નેનો ઉલ્લેખ થયેલો છે. મહાભારતમાં ગૃહ માટે સ્વસ્તિક, વર્ધમાન, નન્ધાવર્ત શબ્દોનો ઉલ્લેખ થયો છે.

વિશ્વકર્મા સહસ્ત્રવિદ્યાના જ્ઞાતા અને સ્થપતિના જ્ઞાતા તરીકે ઓળખાય છે. વિશ્વકર્માએ વૈવસ્વથ સભાનું નિર્માણ કર્યુ હતું. મય એ દાનવોનો શિલ્પી હતો જેણે યુધિષ્ઠિર માટે ઉત્તમ સભાની રચના કરી હતી. નગરનો ' પુર ' અથવા ' નગર ' તરીકે ઉલ્લેખ થયેલો છે. જયારે નિર્માણ થતા ભવનને સભા, પ્રાસાદ, વિમાન, સૌધ, હાર્મ્ય જેવા નામોથી ઓળખાય છે. નગરની શોભા માટે ઉદ્યાન, પ્રાસાદ, તોરણ, યૂપ અને ચૈત્યસ બનાવવામાં આવતા. નગરમાં મહાપથ રાખી તેની બંને તરફ દુકાનોની રચના કરવામાં આવતી. આ ઉપરાંત છ પ્રકારનાં દુર્ગોનો પણ નિર્દેશ થયેલો છે. મય દ્વારા બનાવવામાં આવેલી યુધિષ્ઠિરની સભાની ઉપાદાન સામગ્રી બિંદુ સરોવર પાસેથી લાવવામાં આવી હતી.

આ રીતે વાસ્તુશાસ્ત્ર અને તેના કેટલાક સિદ્ધાંતો, વિધાનો વગેરે પરંપરાગત રીતે મહાભારતમાં પણ જોઈ શકાય છે.

### ૧.૪.૪ <u>કૌટિલ્યકાલીન વાસ્તુ</u>

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ વાસ્તુની વિભાવના પ્રાપ્ત થાય છે. જેમ કે –
રાજાનો મુખ્ય ગૃહ " પ્રાસાદ " જયારે અન્ય પ્રકારના નિર્મિત ગૃહ " હાર્મ્ય " અને " સભા " તરીકે ઓળખાય છે. ચતુઃશાલાનું પણ અહીં વર્ણન કરવામાં આવ્યું છે. થાંભલા માટે ' સ્થંભ ' અને ' સ્થુના ' જેવા શબ્દ પ્રયોગ થયા છે. તો દ્વાર માટે ' મંડુકદ્વાર ' એ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. આમ અર્થશાસ્ત્રમાં વાસ્તુવિધાન પ્રમાણે દ્વાર વિચારણા

પણ જણાય છે. તેમજ વિભિન્ન પ્રકારનાં ભવનદ્વારોની દેવનામાવલિ ના પારિભાષિક શબ્દો પણ પ્રયોજાયા છે. તે બધામાં વાસ્તુવિદ્યાનો જ પ્રયોજાયેલા જોઈ શકાય છે.

– બ્રાહ્મણગ્રંથોમાં વાસ્તુવિદ્યાની વિભાવના પ્રકારાન્તરે વ્યક્ત થઈ છે. ઐતરેય અને શતપથ બ્રાહ્મણ ગ્રંથોમાં યુપના સ્વરૂપ અને તેની રચના વિશેની માહિતી મળે છે. તો કૌશિતકી બ્રાહ્મણમાં ' શિલ્પ ' ના સંદર્ભમાં ત્રણ આયામ નૃત્ય, સંગીત અને ગાયન વિશે જણાવે છે.

– સૂત્ર સાહિત્યમાં પણ વાસ્તુવિદ્યાની વિભાવના પ્રતિબિંબિત થાય છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં ભૂમિપરીક્ષા, સ્થળ પસંદગી, માટી પરીક્ષા વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. જયારે સાંખ્યાયન ગૃહ્યસૂત્રમાં તે સમયનો ઉલ્લેખ કરતા જણાવે છે કે, ગૃહનિર્માણ સમયે ઉત્સવ ઉજવવામાં આવતો અને વાસ્તુનિર્માણ થઈ ગયા બાદ જે તે દિશાઓના સ્વામીની પ્રાર્થના કરવામાં આવતી.

આમ, ભારતીય શિલ્પસ્થાપત્ય (વાસ્તુવિદ્યા) નાં પ્રારંભ કાળનો ચોક્કસ નિર્ણય લઈ શકતો નથી. પણ ઋગ્વેદ, બ્રાહ્મણગ્રંથો, રામાયણ–મહાભારત–પુરાણો, બૌદ્ધગ્રંથો, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વગેરે ગ્રંથોમાં આવેલા વિધાનો પરથી આપણને શિલ્પસ્થાપત્ય વિદ્યાના વિકાસની ઝાંખી થાય છે. અને તેના આધારે જ વાસ્તુની પ્રાચીનતા અને પરંપરાને પણ વર્ણવે છે.

### ૧.૪.૫ વાસ્તુની આચાર્ય પરંપરા

વાસ્તુશાસ્ત્રની આચાર્ય પરંપરા મત્સ્યપુરાણમાં આ પ્રમાણે વર્ણવી છે.

*भृगुरत्रिर्वशिष्ठश्च विश्वकर्मा मयस्तथा ।*
*नारदो नग्नजिच्चैव विशालाक्षः पुरन्दरः ।।*
*ब्रह्माकुमारो नन्दीशः शौनको गर्ग एव च ।*
*वासुदेवोऽनिरुद्धश्च तथा शुक्रबृहस्पति ।।*
*अष्टादशैतेविख्याता वास्तुशास्त्रोपदेशकाः ।*
*सङ्क्षेपेणोपदिष्टन्तु मनवे मत्स्यरुपिणे ।।* (૩૮)

અર્થાત " શ્રી સુતજી કહે છે ભૃગૃ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વકર્મા, મય, નારદ, નગ્નજિત, વિશાલાક્ષ, પુરન્દર, બ્રહ્માકુમાર, નન્દીશ, શૌનક, ગર્ગ, વાસુદેવ, અનિરુદ્ધ, શુક્ર અને બૃહસ્પતિ આ અઢાર વાસ્તુશાસ્ત્રના ઉપદેશક પ્રખ્યાત થયા છે. મત્સ્યના સ્વરૂપને ધારણ કરવાવાળા ભગવાને પણ મનુને માટે સંક્ષેપથી તેનો ઉપદેશ આપ્યો છે.

બૃહદ્ સંહિતાદિ ગ્રંથોમાં આ ઉપરાંત બીજા સાત વધુ નામ પણ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે. – મનુ, પરાશર, કાશ્યપ, ભારદ્વાજ, પ્રલ્હાદ, અગત્સ્ય અને માર્કંડેય.

મત્સ્યપુરાણ આદિ ગ્રંથોમાં વર્ણિત અઢારે ઋષિમુનિઓ વાસ્તુશાસ્ત્રના ઉપદેશક અને આચાર્યો હતા. તેઓના લખેલા ગ્રંથો પ્રાપ્ત થતા નથી. પણ એ ગ્રંથોના કોઈ છૂટક અધ્યાયો મળે છે. અને અન્ય શિલ્પ ગ્રંથોમાં આ આચાર્યોના મતના અવતરણ આપેલા છે.

ઉપરાંત અઢારે પ્રસિદ્ધ સ્મૃતિકાર આચાર્યોના રચેલા સંહિતાગ્રંથોમાં પણ શિલ્પના ઉલ્લેખો છે. બૃહદ્ સંહિતામાં શિલ્પાચાર્ય વરાહમિહિરે ગર્ગનો મત પ્રમાણરૂપે આપેલ છે. વળી મય, નગ્નજિત અને વસિષ્ઠના નામો પણ પ્રાપ્ત થાય છે.

પુરાણોમાં આપેલા સ્થાપત્ય વર્ણનોમાં ત્રણ મુખ્ય શિલ્પવિશારદના નામો મળે છે. (૧) વિશ્વકર્મા, (૨) મય, (૩) પુરોચન. જેમની અલૌકિક શક્તિના વર્ણન તથા દેવાસુર યુદ્ધને માટેના તેમના રચેલા રથો તથા અસ્ત્રશસ્ત્રના નામ આપેલા છે.

ગર્ગ, પરાશર, નારદ વસિષ્ઠ અને અત્રિ એ પાંચેની સંહિતા વર્તમાનકાળમાં મળે છે. તેમા જયોતિષ સાથે શિલ્પની પણ ઓછી–વધતી ચર્ચા આપી છે.

### ૧.૪.૬ વાસ્તુશાસ્ત્રના મહત્ત્વપૂર્ણ ગ્રંથો

વાસ્તુશાસ્ત્ર એક વેદાંગ છે. તે વેદોનો જ એક અંગ છે. વાસ્તુશાસ્ત્ર અ અથર્વવેદના ઉપવેદ સ્થાપત્ય વેદનું અંગ છે. જેમા મકાન નિર્માણકલાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સિવાય બીજા ઘણા પ્રાચીન ગ્રંથોમા પણ વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ મળી આવે છે. જેમકે –

- *विश्वकर्माप्रकाश*
- *समराङ्गण सूत्रधार*
- *मयमतम्*

- *बृहत्संहिता*
- *वास्तुराजव©भ*
- *दीपार्णव*
- *मनुष्यालय चन्द्रिका*
- *वास्तु सारः*
- *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*
- *शिल्पशास्त्र सारसंग्रह*
- *शिल्परत्नम्*
- *शिल्परत्नाकरः*
- *भारतीय स्थापत्य*

**આ સિવાય પણ અનેક વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો છે.**

**આયુર્વેદ, ધનુર્વેદ, જયોતિષ વગેરેની જેમ વાસ્તુવિદ્યાનો જન્મ પણ ભારતમાં જ થયો છે. ત્યાર પછી યુરોપ વગેરે દેશોમાં આરબ તથા ગ્રીક પ્રજા મારફત આ વિદ્યા પરદેશોમાં ફેલાઈ છે. આ બધી વિદ્યાના સિદ્ધાંતોનું વર્ણન તે તે વિદ્યાના પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં એ કાળના નિષ્ણાંત પ્રસિદ્ધ ઋષિમુનિઓએ કર્યુ છે. વર્તમાનયુગના એન્જીનીયરીંગને ઓળંગી જાય તેવું એ અમૂલ્ય સાહિત્ય છે. પરંતુ ભારતમાં વિધર્મી મુસ્લિમ ધર્માંધ શાસકોના હાથે સ્થાપત્યોની સાથે તેના ગ્રંથોનો પણ વિનાશ થયો. તેમ છતા બચી ગયેલા કેટલાક શિલ્પગ્રંથો આ પ્રમાણે છે.**

**વાસ્તુવિદ્યાના ૧૮ આચાર્યોએ જે ગ્રંથો રચેલા છે. તે સાહિત્ય આજે પુરું ઉપલબ્ધ નથી.**

**શ્રી વિશ્વકર્માએ રચેલા ગ્રંથો : (૧) ક્ષીરાર્ણવ, (૨) વૃક્ષાર્ણવ, (૩) દીપાર્ણવ, (૪) અપરાજિત, (૫) જ્ઞાનપ્રભકોષ, (૬) વિશ્વકર્મા પ્રકાશ, (૭) વાસ્તુશાસ્ત્રકારીકા, (૮) જયગ્રંથ, (૯) શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ – આટલા ગ્રંથો હાલ જોવામાં આવે છે.**

સૂત્રધાર મંડને રચેલા ગ્રંથો – (૧) દેવતા–મૂર્તિપ્રકરણમ્ (૨) પ્રાસાદ મંડન (૩) રાજવલ્લભ વાસ્તુશાસ્ત્ર (૪) રૂપમંડન, (૫) વાસ્તુમંડન, (૬) વાસ્તુશાસ્ત્ર, (૭) વાસ્તુસાર, (૮) આયતત્ત્વ.

મંડન સૂત્રધારના ભાઈ નાથુએ રચેલો ' વાસ્તુમંજરી ' ગ્રંથ મળે છે.

મહારાજ ભોજ રચિત ' સમરાંગણ સૂત્રધાર ' ગ્રંથ છે.

સૂત્રધાર વીરપાલનો ' બેડાયા પ્રાસાદતિલક ' નામનો ગ્રંથ છે.

ઠાકુર કેરુનો રચેલો ' વાસ્તુસાર ' નામનો ગ્રંથ છે.

આ ઉપરાંત પંડિત વાસ્તુદેવ રચિત " વાસ્તુપ્રદીપ ", સૂત્રધાર મલ્લ રચિત " પરિમાણ મંજરી ", સૂત્રધાર રાજસિંહનો " વાસ્તુરાજ ", સૂત્રધાર ગણેશનો " વાસ્તુ કૌસ્તુભ ".

તેમજ " કલાનિધિ ", " વાસ્તુ–ઉદ્ધાર ", સૂત્રપ્રતાન " વગેરે ગ્રંથો વાસ્તુવિદ્યાના મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે.

પુરાણોમાં પણ વાસ્તુવિદ્યાના ઉલ્લેખો મળે છે, જેમકે મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ, ગરુડપુરાણ, વિષ્ણુ–ધર્મોત્તર પુરાણ વગેરેમાં વાસ્તુવિદ્યાના ઉલ્લેખો છે. આ ઉપરાંત આગમગ્રંથો, ક્રિયાકાંડના ગ્રંથો, જ્યોતિષગ્રંથો, તંત્રગ્રંથો, સૂત્રગ્રંથો, નીતિશાસ્ત્રના ગ્રંથોમાં પણ શિલ્પના ઉલ્લેખો મળે છે.

આ ઉપરાંત દ્રવિડાદિ શિલ્પ સાહિત્યના મુખ્ય ગ્રંથોમાં (૧) અંશુમાન ભેદાગમ, (૨) કાશ્યપશિલ્પ, (૩) માનસાર, (૪) વૈખાનસાગમ, (૫) મયમતમ્ (૬) શિલ્પશાસ્ત્રમ્, (૭) મનુષ્યાલય ચંદ્રિકા, (૮) વાસ્તુવિદ્યા, (૯) શ્રી તત્ત્વનિધિ, (૧૦) મયશાસ્ત્રમ્ (૧૧) પ્રતિમા લક્ષણાધ્યાય (૧૨) વિશ્વકર્મા પ્રકાશ (૧૩) વાસ્તુસાર સંગ્રહ (૧૪) વાસ્તુબંધ (૧૫) હયશીર્ષ પંચરાત્રમ્ (૧૬) શિલ્પ રત્નમ્ (૧૭) બૃહદ શિલ્પશાસ્ત્ર અને (૧૮) અભિલષિતાર્થ વગેરે વાસ્તુશાસ્ત્રના ગ્રંથો છે. [૩૯]

## ૧.૫ નિષ્કર્ષ

આ રીતે 'વાસ્તુ' અને તેની પરંપરા ઉપર વિચાર કરતા કહી શકાય કે, વાસ્તુશાસ્ત્રના ઉદ્‌ગમ સમય વિશે કોઈ ચોક્કસ માહિતી ન મળતી હોવા છતા તે વેદ અને વેદકાલીન ગ્રંથોમાં પ્રકારાન્તરે ઝંક ત થતા જોવા મળે છે. વાસ્તુશાસ્ત્રમાં સ્થાપત્ય અને શિલ્પકળાનું વિવેચન છે. તેમજ વાસ્તુશાસ્ત્ર એ વૈજ્ઞાનિક તથ્ય પર આધારિત વિજ્ઞાન છે. પંચતત્ત્વોનો વિચાર તેની ધરોહર છે. પંચતત્ત્વોનું સાયુજય માનવીને સુખ–શાંતિ પ્રદાન કરે છે. વળી, તેનાથી વિપરીત સ્થિતિમાં દુઃખ – પીડા આપે છે. આથી જ નિમા ણ પામતા પ્રત્યેક વાસ્તુની પૂવ` તેની સૂક્ષ્મ વિશદ્ વિચારણા શાસ્ત્રોનાં ચિંતન રુપે વ્યક્ત કરવામાં આવી છે અને વાસ્તુશાસ્ત્રનું વિજ્ઞાન ઉપરાંત ઈતિહાસ, દશ ન અને અન્ય શાસ્ત્રપુરુષોમાં પરિપ્રેક્ષ્યમાં ખૂબ જ મહત્ત્વ છે. તેથી જ વાસ્તુના મુખ્ય ગ્રંથો અને તેની પરંપરાની વિચારણા કરતા કહી શકાય કે, વાસ્તુ એ વિકાસ પામેલ વત માન વિજ્ઞાન કરતા ખૂબ જ આગળ છે.

# પાદ–ટીપ

| ક્રમ | નામ | શ્લોક ક્રમ |
|---|---|---|
| ૧ | શ્રીમદ્ભાગવત | ૨/૧/૨૫ |
| ૨ | ऋग्वेदसंहिता | ૭/૧૫/૨ |
| ૩ | निरुक्त | ૧૦/૨/૪ |
| ૪ | निरुक्त | ૧૦/૨/૪ |
| ૫ | मयमतम् | ૨/૧ |
| ૬ | विश्वकर्माप्रकाश | ૧૦/૫ |
| ૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૩/૧૦૯–૧૧૦ |
| ૮ | राजव©भ | ૨/૧ |
| ૯ | बृहद् संहिता | ૨/૩ |
| ૧૦ | विश्वकर्मा प्रकाश | ૧/૬ – ૧૪ |
| ૧૧ | बृहद् वास्तुमालायम् | ૧–૨–૩ |
| ૧૨ | मत्स्यपुराणम् | ૧૧૫/૫/૧૪ |
| ૧૩ | अग्निपुराणम् | ૪૦/૧ |
| ૧૪ | राजव©भ | ૨/૨ |
| ૧૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૩/૧૧૮–૧૧૯ |
| ૧૬ | વિશ્વકર્માપુરાણ | –– |
| ૧૭ | નારદ સંહિતા | ૩૨/૧૯ |

| | | |
|---|---|---|
| १८ | *विश्वकर्मा प्रकाश* | १/१७ |
| १૯ | *भारतीय स्थापत्य* | ડૉ.દ્વિજેન્દ્રનાથ શુકલ |
| ૨૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૩/૧૨૩ થી ૧૨૫ |
| ૨૧ | *समराङ्गण सूत्रधार* | અધ્યાય – ૧૬ |
| ૨૨ | *विश्वकर्माप्रकाश* | ૫/૧૭/૧૮ |
| ૨૩ | *राजव©भ* | ૪/૨ |
| ૨૪ | *समराङ्गणसुत्रधार* | અધ્યાય–૧૬ |
| ૨૫ | પાળિનીય શિક્ષા | ૪૧–૪૨ |
| ૨૬ | *काव्य मीमांसा* | અધ્યાય–૬<br>કાવ્યપુરુષોત્પત્તિ |
| ૨૭ | *काव्य मीमांसा* | અધ્યાય–૬<br>કાવ્યપુરુષોત્પત્તિ |
| ૨૮ | *ऋग्वेदसंहिता* | ૧૦/૯૦/૧ |
| ૨૯ | *ऋग्वेदसंहिता* | ૧૦/૯૦/૧૨ |
| ૩૦ | *श्रीमदभगवद्गीता* | ૧૦/૪૨ |
| ૩૧ | *श्रीमदभगवद्गीता* | ૧૧/૧૧ થી ૧૩ |
| ૩૨ | *ऋग्वेदसंहिता* | ૭/૫૪/ ૧ |
| ૩૩ | *ऋग्वेदसंहिता* | ૭/૫૫/૧ |
| ૩૪ | *ऋग्वेदसंहिता* | ૭/૧/૧૨ અને ૭/૧૫/૨ |
| ૩૫ | *मत्स्यपुराणम्* | ૧૧૫/૧૪ |
| ૩૬ | *मत्स्यपुराणम्* | ૨૧૫/૪૦ |
| ૩૭ | *वायपुराणम्* | ૩ |
| ૩૮ | *मत्स्यपुराणम्* | ૧૧૫/૨ થી ૪ |
| ૩૯ | *ज्ञानप्रकाशदीपार्णव* | પ્રસ્તાવના પૃષ્ઠ નં.૪૧–૪૨ |

# પ્રકરણ : ૨

# કૃતિ અને કૃતિકાર – એક પરિચય

# પ્રકરણ – ૨

# કૃતિ અને કૃતિકાર : એક પરિચય

## ૨.૧ ભૂમિકા

ક્ષર – અક્ષર પુરુષોથી ઉત્તમ એવા પરમ પુરુષ પુરુષોત્તમથી નિર્મિત સમસ્ત બ્રહ્માંડમાં સર્વ પ્રાણીઓ સુખને ઈચ્છે છે. તે મનુષ્ય પછી ભલે સમુદ્રની ઊંડાઈ, આકાશની ઊંચાઈ અને પૃથ્વીની સીમાને માપવા સમર્થ હોય, નિડર હોય તો પણ તે સુખને ઈચ્છે છે. માત્ર મનુષ્યો જ નહીં પરંતુ પશુ–પક્ષીઓ પણ જેને માત્ર આહાર, ભય, નિંદ્રા અને મૈથુન વિના પાંચમું શું તેની ખબર નથી એ પણ સુખ ઈચ્છે છે. અને આ સુખ સંસારમાં આશ્રમ વિના બીજે કયાં છે ? દરેક આશ્રમમાં આશ્રમીને સુખનો સ્વાદ પ્રાપ્ત થાય છે. આ સુખ એટલે અંતઃ કરણની પ્રસન્નતા.

પરંતુ આ સુખ એ કોઈ વસ્તુ નથી કે જેને નિર્બળ પાસેથી સબળ છીનવી લે. તે સુખ તો અદ્દશ્યછે. અને આ અંતઃકરણની પ્રસન્નતાનું મૂળ ઘર છે. પરંતુ કયારેક એવુ બને કે – આલીશાન ઘર પણ અંદરથી કુરુક્ષેત્રની યાદ દેવડાવે અને કયારેક નાની ઝુંપડી પણ સાચા સુખની ગંગોત્રી બને.

આથી કહી શકાય કે – જગતમાં મનુષ્યો માટે ઘર જ સુખનું સાધન હોય, ઘર જ પૃથ્વીનો છેડો હોય તો. આ ઘર જો ગણિત, માપ અને વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો પ્રમાણે થાય તો, હર્ષપૂર્વક તેનો ઉપભોગ થઈ શકે. સંસારનાં બધાજ આશ્રમોનો આધાર ગૃહસ્થાશ્રમ છે. મનુસ્મૃતિ કહે છે કે –

*यथा वायुं समाश्रित्य वर्तन्ते सर्वजन्तवः ।*

*तथा गृहस्थमाश्रित्य वर्तन्ते इतराश्रमाः ।।* (૧)

અર્થાત્ – જેમ સર્વ જીવો વાયુને આધારે જીવે છે, તેમ સર્વ આશ્રમો ગૃહસ્થને આધારે જીવે છે.

આ ગૃહ જ જો સૌથી પ્રથમ સુખની વૃદ્ધિ કરનાર હોય તો આ ગૃહનું નિર્માણ વાસ્તુશાસ્ત્રના મુખ્ય સિદ્ધાંતોના આધારે કરવામાં જ મનુષ્યો પોતાના <u>શ્રેય અને પ્રેય</u> પ્રાપ્ત કરી શકે શકે છે.

આ રીતે મનુષ્યોના શ્રેયનો જેમા મુખ્ય હાર્દ છે. વાસ્તુશાસ્ત્ર એ ગૃહનિર્માણના માપ, ગણિત, રીતિ અને શિલ્પશાસ્ત્રના નિયમો આપ્યા છે. આ બધા જ નિયમો એટલે અગાધ સમુદ્રરૂપી શિલ્પશાસ્ત્ર અને આ શિલ્પશાસ્ત્રના મુખ્ય આચાર્ય વિશ્વકર્મા છે. દેવોના શિલ્પી વિશ્વકર્માએ શિલ્પના અનેક ગ્રંથો રચ્યા છે. તેમ કહેવાય છે જેમકે, દીપાર્ણવ, 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્', વિશ્વકર્માપ્રકાશ, ક્ષીરાર્ણવ, વૃક્ષાર્ણવ, અપરાજિત, વાસ્તુશાસ્ત્રકારીકા, જયગ્રંથ આદિ.

તેના આધારે બીજા પણ ઘણા શિલ્પકારોએ શિલ્પશાસ્ત્રના ઘણા ગ્રંથો રચ્યા છે. આ બધા જ શિલ્પશાસ્ત્રના નિયમોને અનુસરીને ભારતીય સંસ્કૃતિના પ્રાસાદોમાં કંઈક અવર્ણનીય અદ્‌ભુતતા દેખાય છે. એટલી હદે અદ્‌ભુત છે કે તે રાજપ્રાસાદો કે દેવપ્રાસાદોની નકલ કરવા આજે વિશ્વમાં કોઈ માનવ હિંમત કરે તેમ નથી.

આવા શિલ્પશાસ્ત્રના સમુદ્રરૂપી કહી શકાય તેવા અને શિલ્પશાસ્ત્રના મુખ્ય સિદ્ધાંતો જેવા કે, ભૂ–પરીક્ષણ, ભૂમિ શુદ્ધિ, શલ્યશોધન, દિશા પરિચ્છેદ, પદ્‌વિન્યાસ, બલિકર્મ તથા પૂજન વિધિ આદિ તેમજ સ્થાપત્ય અને શિલ્પ વગેરેના નિયમો આદિ.

આ બધી જ બાબતોને વર્ણવતા તેમજ પરસ્પર સામ્ય વૈષમ્ય ધરાવતા બે ગ્રંથો, મંડનસૂત્રધાર કૃત ' રાજવલ્લભ ' અને વિશ્વકર્મા કૃત ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' આ બંને ગ્રંથોનું તુલનાત્મક અધ્યયની પૂર્વ ભૂમિકાએ પ્રથમ બંને ગ્રંથો અને ગ્રંથકારનો પરિચય પ્રસ્તુત પ્રકરણનો મુખ્ય વિષય છે.

## ૨.૨ '*राजव©भ*' નો પરિચય

'*राजव©भ*' વાસ્તુશાસ્ત્રીય અને વાસ્તુના સિદ્ધાંતોને આગવી રીતે રજૂ કરતો આ ગ્રંથ સંસ્કૃત સાહિત્યના ઉપવનમાં પૂષ્પમંજરીની જેમ પોતાની પમરાટને ચોમેર પ્રસરાવે છે.

પ્રસ્તુત ગ્રંથ અને ગ્રંથકારનો પરિચય આપવાનું કાર્ય થોડું કપરુ હોવા છતા બને તેટલો પરિચય પ્રાપ્ત કરી અહીં વર્ણવું છું.

- આ ગ્રંથની ચોથી આવૃતિમા પ્રત.ની સંખ્યા ૧૦૦૦ છે. વિ. સંવત – ૧૯૮૦ અને ઈ.સ. ૧૯૨૪ માં પ્રકાશિત છે. તે સમયનું તે ગ્રંથનું મૂલ્ય – રૂ. ૧૫/– છે.
- આ ગ્રંથની પૃષ્ઠ સંખ્યા ૨૪૦ ની છે. તેમજ સમગ્ર ગ્રંથમાં કુલ શ્લોક સંખ્યા ૪૭૨ છે. તેમજ તેમાં કુલ ૧ થી ૧૪ અધ્યાયોમાં વિભાજન છે.
- પ્રસ્તુત ગ્રંથના કર્તા – મંડન સૂત્રધાર છે. અને તેનો ગુજરાતી અનુવાદક – નારાયણભારતી યશવંતભારતી ગોસાઈ છે.

  'રાજવલ્લભ' માં મળતી માહિતીના આધારે શિલ્પના ઘણા ગ્રંથો છે તે પૈકીના 'રાજવલ્લભ' પ્રથમ જ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયેલો ગ્રંથ છે. 'રાજવલ્લભ'ને મહારાણાશ્રીજીનો પ્રથમ આશ્રય મળ્યેથી આ રાજવલ્લભ સર્વને પ્રિય અને જગતમાં પ્રખ્યાતિને પામ્યો અને ત્યાર પછી ગુર્જર દેશાધિપતિ ગાયકવાડ સરકાર વિદ્યોત્તેજક શ્રીમંત સયાજીરાવ મહારાજને પુનઃ યૌવન પ્રાપ્ત થયું. પ્રાચીન વખતમાં લખાયેલો આ ગ્રંથ અપ્રસિદ્ધ હતો. તે ગ્રંથને લખવાનું કાર્ય નારાયણ ભારતીને સોંપવામાં આવ્યુ અને ત્યાર પછી તેણે જ ગુજરાતીમાં આ ગ્રંથનો અનુવાદ કર્યો.
- આ ગ્રંથના પ્રકાશક છે – મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે છે.
- પ્રસ્તુત ગ્રંથમાં વાસ્તુશાસ્ત્રીય વિષયો ૧૪ અધ્યાયમાં નીચે પ્રમાણે વર્ણિત છે.

અધ્યાય – ૧ *मिश्रफललक्षणम् ।*

અધ્યાય – ૨ *वास्तुलक्षणम् ।*

અધ્યાય – ૩ *आयादिलक्षणम् ।*

અધ્યાય – ૪ *ग्रहादिलक्षणम् । / दुर्गपुरयन्त्रजलाशयादिलक्षणम् ।*

અધ્યાય – ૫ *राजग्रहादि लक्षणम् ।*

અધ્યાય – ૬ *ऐकशालाद्विशाला लक्षणम् ।*

અધ્યાય – ૭ *द्विशाल त्रिशाल चतुःशाल गृहलक्षणम् ।*

અધ્યાય – ૮ *सिंहासनछत्रगवाक्षसमाष्टकवेदिकाचतुष्टयदीपस्तंभलक्षणम् ।*

અધ્યાય – ૯ *गृहगृहद्वारादिलक्षणम् ।*

અધ્યાય – ૧૦ *क्षेत्रादिलूतलक्षणम् ।*

અધ્યાય – ૧૧ *दिनशुद्धिगृहनिवेशविवाहमुहुर्तलक्षणम् ।*

અધ્યાય – ૧૨ *गोचरदिनरात्रिमानस्वरोदय कोटचक्रमातृकालक्षणम् ।*

અધ્યાય – ૧૩ *ज्योतिषलक्षणम् ।*

અધ્યાય – ૧૪ *वृद्धजनप्रणीत शकुनलक्षणम् ।*

આ ઉપરાંત સંપાદક અને હિન્દી અનુવાદક શ્રીકૃષ્ણ જુગનુ એ સંપાદિત ગ્રંથ 'રાજવલ્લભવાસ્તુશાસ્ત્રમ્' ને પણ નજર સમક્ષ રાખી, તેમા ગુજરાતી અનુવાદીત ગ્રંથ કરતા શ્લોકોની સંખ્યામાં અધિકતા હોવાથી તે શ્લોકો પણ મેં અહીં સમાવ્યા છે. જેમા પણ અધ્યાય ૧ થી ૧૪ છે. પરંતુ અધ્યાય–૨ માં બે શ્લોકો, અધ્યાય–૩ માં બે શ્લોકો, અધ્યાય–૫ માં એક શ્લોક અને અધ્યાય–૧૧ માં પાંચ શ્લોકો વધારે છે. જેનો મેં અહીં રાજવલ્લભનાં વર્ણ્ય વિષયમાં સમાવેશ કર્યો છે

– પ્રસ્તુત વિષયોનું વિસ્તારથી વર્ણન હું આગળ કરીશ.

ઉપરોકત બૃહત શિલ્પશાસ્ત્રના ગ્રંથ વિશે ભારતના ઈતિહાસમાં વાઘેલા વંશ માંથી

મળતી માહિતીના આધારે કરી શકાય કે –

પંદરમાં સૈકામાં થયેલા મહારાણા કુંભા ના સમયમાં પ્રાપ્ત થયેલો આ ગ્રંથ ભારતીય શિલ્પશાસ્ત્રનો બેનમુન ઈતિહાસિક ગ્રંથ છે. શિલ્પશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન પ્રસ્તુત ગ્રંથમાં જોઈ શકાય તેમ છે જેમકે –

ઘર માટે ભૂમિ પસંદગી, ભૂમિશુદ્ધિ, શલ્યશોધન, વત્સદોષ, ગૃહ દિશા, ગૃહદ્વાર, એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ આદિ ગૃહના લક્ષણો, વાસ્તુપૂજનવિધિ, ગૃહ–રાશિ–નક્ષત્ર–આય વગેરેના સિદ્ધાંતોનું નિરુપણ, તેમજ જયોતિષ, શુકન આદિ વિષયોનું નિરુપણ સરળ રીતે, '*राजव©भ*' માંથી પ્રાપ્ત થાય છે.

તેમજ ' *राजव©भ* ' ગ્રંથ દેવનાગરી લિપિનો ઉત્તમ નમૂનો છે. આમ છતા ગ્રંથ સરળ અને ઉન્નત શૈલીમાં લખાયો છે. આથી આ ગ્રંથ શિલ્પશાસ્ત્રનું જ્ઞાન ધરાવતા અને તેમા રસ કેળવતા કોઈપણ સુજ્ઞ મનુષ્યને તે ઉપયોગી થઈ શકે તેમ છે.

આ ઉપરાંત ગ્રંથની વિશેષતા એ છે કે – ગ્રંથકારે શિલ્પશાસ્ત્રના આ ગ્રંથમાં વાસ્તુવિષયક જુદી–જુદી આકૃતિઓ, ચિત્રો તેમજ સ્થાપત્ય અને શિલ્પના અલભ્ય ચિત્રો મૂકીને આ ગ્રંથને શિલ્પના જ્ઞાતાઓ માટે અત્યંત રસપ્રદ બનાવ્યો છે.

આ ' *राजव©भ* ' ગ્રંથ જે સૂત્રધાર મંડનકૃત મૂળપ્રત રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન, ઉદયપુરમાં વિદ્યમાન છે. તેની પ્રતિલિપિ વિક્રમ સંવત ૧૭૮૮ અને ઈ.સ. ૧૭૩૧ માં થઈ છે. આ પ્રતિલિપિ વારણસીમા તૈયાર થઈ છે.

' *राजव©भ* ' ગ્રંથ પર એક મેવાડી ટીકા પણ પ્રાપ્ત થાય છે.

આ વાસ્તુશાસ્ત્રીય ગ્રંથ ' *राजव©भ* ' ને પોતાનું સાહિત્યક મહત્ત્વ પણ છે. ' *मुनिमतमिदमुक्तं वास्तुशास्त्रम् सुवृत्तम्* ' કહીને મંડને આમા આપેલા છંદની પ્રશંસા પણ કરી છે. આથી કહી શકાય કે ' રાજવલ્લભ ' માં વર્ણિક અને માત્રિક બંને પ્રકારના છંદોનો પ્રયોગ થયેલો છે.

આવા શિલ્પશાસ્ત્રના ગ્રંથોના મૂળભૂત સિદ્ધાંતોના આધારે બંધાયેલ હિન્દુ બાંધણી વિલાયતી લોકોને પણ અજાયબી પમાડે છે. વિશ્વની જે ત્રણ મુખ્ય બાંધણીઓ ગણાય છે. તેમા હિંદી બાંધણી પણ છે. અને દેવાલયો એ આ બાંધણીના અદ્ભુત નમૂનો છે.

આમ વિક્રમ સંવત ૧૪૮૦ ના સુમારે ઉદેયપુરના મહારાણાજી શ્રી કુંભકર્ણજીના આશ્રય નીચે મંડન સૂત્રધાર આ ગ્રંથ રચ્યો હોય અમે મેવાડના આખા પ્રદેશમાં તે વખતના બનેલા ભવ્ય કામો દેખનારની દ્દષ્ટિમાં શીતળતા પાથરે છે. અને " *श्रीमेद् पाटे नृप कुंभकर्ण* " એવું વાકય પણ છે.

આથી કહી શકાય કે – એ સમયે લેખકો માટે રાજયાશ્રય ખૂબ જ જરૂરી હતો. કેમકે – રાજયાશ્રય વિના ગ્રંથોને જે માન મળે છે તે જાણે વાદળમાં ઢંકાયેલા સૂર્યના જેવો પ્રકાશ પામે છે, પણ 'રાજવલ્લભ' ના કર્તાએ અનેક ગ્રંથોનું સંશોધન કરી રાજાના આશ્રય નીચે રચવાથી 'રાજવલ્લભ' નું નામ સાંભળનારને વાંચવાની ઈચ્છા થાય છે.

કહેવાય છે કે – શિલ્પશાસ્ત્ર ઉપર " પાણી ફરી વળ્યું " હતુ ત્યારે પણ કોસીલા – તાલુકાના, પાલી–ઈલાકેના જોધપુરના ગામમા સોમપુરા શિલાવટ <u>કેવળરામ રઘુનાથ</u>જી તેઓ એ સમયે વૃદ્ધ વયના હોવા છતા 'રાજવલ્લભ' ને મદદ કરવા માટે  તેમણે પોતાની પાસેના કેટલાક પુસ્તકો અને પ્રાચીન વખતના નકશાઓ હિંમત વિજયજી સાથે મોકલ્યા હતા. આમ, મોહમદ વંશની જુલમી ઝપાટા પછી જયારે નીતિવાન અંગ્રેજી રાજ થયા. ત્યાર પછી અનેક સુખો પ્રાપ્ત થયા. વૈભવ પ્રકાશ પામ્યો અને ભય દૂર થયો ત્યાચરે અનેક ગ્રંથો પ્રસિદ્ધ થયા. તેમનો એક ખૂબ જ પ્રસિદ્ધ અને અદ્વિતીયતા ધરાવતો ગ્રંથ એટલે મંડન સુત્રધાર રચિત  ' *राजव©भ* '  છે.

## ૨.૩ ' ***राजव©भ*** ' ના કર્તા ' મંડન સૂત્રધાર ' નો પરિચય

' રાજવલ્લભ ' ના કર્તા મંડનસૂત્રધાર કયારે ? અને કયા થઈ ગયા તેના વિશે આધારભૂત કહી શકાય તેવી થોડી માહિતી 'રાજવલ્લભ' ગ્રંથની પૂર્વભૂમિકામાંથી આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

### ૨.૩.૧ <u>કુંભકર્ણના આશ્રિત મંડન</u>

કહેવાય છે કે ભરતખંડમાં સૂર્ય વંશને ઉન્નતિ આપનાર હિંદુપત બાદશાહ બિરુદ જેને પ્રાપ્ત થયેલું છે. એવા મેવાડ જનપદના ઉદેપુરની રાજગાદીએ મહારાણાશ્રીજીની એક્તાળીસમી પેઢીમાં થયેલા પ્રતાપી મહારાણા કુંભકર્ણ (કુંભોરાણો) પ્રસિદ્ધ છે.

તે કુંભકર્ણ મહારાણાએ કુંભલમેર નામનો મોટો કિલ્લો બનાવ્યો છે. તેવો બીજો મેવાડમાં નથી. મેવાડનાં ૮૪ પ્રસિદ્ધ દુર્ગોમાં ૩૨ દુર્ગોના નિર્માણનો શ્રેય તેને જાય છે.

તે સમયે ગુર્જરદેશમાં અણહિલ્લપુર નામે નગર હતું. આ નગરમાં વસનાર લોકો સર્વે પ્રકારે કુશળ હતા. ત્યારે મહારાજા ભોજ અને ભીમદેવની સભામા શાસ્ત્ર અને સમસ્યાના સંવાદોના સંગ્રામ થતા તે વખતે ભોજની સભાના પંડિતોના ગર્વ અણહિલ્લપુરની વેશ્યા ઉતારતી હતી ! એ અણહિલ્લપુર તો ખુબ જ પ્રસિદ્ધ હતું.

આ અણહિલપુરનો રહેનાર એક શિલાવટ કોઈ કારણથી મેવાડમાં ચિત્રકૂટ અથવા ચિતોડમાં જઈ વસેલો હતો, તેની ત્રીજી પેઢીએ ખેતા નામે શિલાવટ થયો. તે ખેતાને બે પુત્રો હતા. તેમાંથી નાનો નાથુ અને મોટાનું નામ " મંડન " હતું.

આ મંડને પોતાના નામને એવો પ્રકાશ આપ્યો કે તે વખતના કારીગર સમુદાયનો એ શિરમંડન થયો.

આ ' મંડન ' ભંગોરા જ્ઞાતિના (બ્રાહ્મણ) હતા. અને ભારદ્વાજ તેનું ગોત્ર હતું. પરંતુ કર્મથી શિલાટ [૨] કહેવાય છે. શિલાટનું મૂળ સોમપુરા બ્રાહ્મણ છે. તે મહાદેવના ઉપાસક છે. આવા બ્રાહ્મણોનો સમુદાય પ્રભાસ પાટણમાં છે. તે સમયમાં સૂત્રધાર મંડને પોતાની વિશેષ ઓળખાણ બનાવી અને તે તેની વિદ્વતાના બળ ઉપર કુંભકર્ણના પ્રિય બન્યા. જેમકે તેણે 'રાજવલ્લભ'માં લખ્યું છે કે –

*श्रीमेदपाटे नृपकुम्भकर्णस्तदङ्घ्रिराजीवपरागसेवी ।*

*स मण्डनाख्यो भुवि सूत्रधारस्तेनोद्धृतो भूपतिव©भोऽयम् ।* [૩]

પ્રસ્તુત પંક્તિના આધારે કહી શકાય કે 'રાજવલ્લભ'ના કર્તા મંડન અને કુંભકર્ણજી ને પ્રીતિ હશે. મંડન મહારાણા કુંભા ના પિતા મહારાણા મોકલના દરબારી સૂત્રધાર ક્ષેત્રાક (ખેતા) ના મોટા પુત્ર હતા. ' વાસ્તુસાર ' ગ્રંથમાં મંડને કહ્યું છે કે –

*मेद्यपाटे वेर देशे कुम्भकर्ण नृपालये ।*

*क्षेत्राक्षः सूत्रधारश्चपुत्रो मण्डन आत्मजम् ।।* [૪]

સ્કંદપુરાણમાં મંડનને સાક્ષાત વિશ્વકર્માનો અવતાર કહ્યો છે.

## ૨.૩.૨ સૂત્રધારનો સમય

મંડન સૂત્રધાર કુંભારાણાથી આયુષ્યમાં નાના હતા. કેમકે, કુંભકર્ણનો રાજયકાલ વિક્રમ સંવત ૧૪૯૦ થી ૧૫૨૫ તે મુજબ ઈ.સ. ૧૪૩૩ થી ૧૪૬૮ માં મનાઈ છે. આ રીતે મંડન આ સમયમાં પ્રમુખ રાજકીય સ્થપતિ હતા. ત્યાર પછી મહારાણા રાયમલના દરબારમાં મંડનનો અનુજ નાથુ અને મંડનનોપુત્ર ગોવિંદને ત્યાં સમ્માનીત થયા હતા. આથી કહી શકાય તેનો સંપૂર્ણ વંશ મેવાડમાં સ્થપતિ, ગજધરનું સમ્માન પ્રાપ્ત કર્યું.

### ૨.૩.૩ <u>દરબારી સમ્માનિત સ્થપતિ મંડન</u>

મંડનને કુંભારાણાના રાજદરબારમાં ખૂબ જ સમ્માન મળ્યું હતું. તે પ્રસ્તુત સ્વીકારોક્તિથી અનુમાન કરી શકાય.

*इत्यमेवं विविधं कुर्यात् सूत्रधारस्य पूजनम् ।*

*भूवित्तवस्त्रालङ्कारैर्गौमहिष्यश्च वाहनैः ।।*

*अन्येषां शिल्पिनां पूजा कर्तव्या कर्मकारिणाम् ।*

*स्वाधिकारानुसारेणवस्त्रैस्ताम्बूल भोजनैः ।।* (૫)

અર્થાત્ – નિર્માણકાર્યની અંદર સૂત્રધારનું વિવિધ પ્રકારનું પૂજન અને સમ્માન થશે, તેને ભૂમિ, ધન, વસ્ત્ર, અલંકાર, ગાય, ભેંસ, અશ્વ , વાહન વગેરે આપી. સૂત્રધારને સમાન શિલ્પયોનો પણ તેની યોગ્યતાને અનુરૂપ વસ્ત્ર, તામ્બુલ, સ્વરૂચી ભોજન વગેરે આપવું તે જ કર્તવ્ય છે.

આ સ્વીકારોક્તિ મંડનના સહોદર સૂત્રધાર નાથા માટે પણ છે. (૬) મંડન સૂત્રધારને આ સમ્માનની અંદર ગૃહેશને આશીર્વચન દેવાની વાત પણ કરી છે.

*पुण्यं प्रसादजं स्वामी प्रार्थयेत् सूत्रधारतः ।*

*सूत्रधारो वदेत् स्वामिन् ! अक्षयं भवतात् तव ।।* (૭)

આ રીતે કહી શકાય કે મંડનના વ્યકિતત્ત્વમાં વિવિધ ગુણોનું પ્રતિનિધિત્વ હતુ. તે ગુણોનું વર્ણન સ્વયં મંડનને સૂત્રધાર લક્ષણ પ્રસંગમાં કર્યુ છે.

*सुशीलश्चतुरो दक्षः शास्त्रज्ञो लोभवर्जितः ।*

*क्षमायुक्तौ द्विजश्चैव सूत्रधारः स उच्यते ।।* (૮)

### ૨.૩.૪ <u>સૂત્રધાર મંડનની વંશાવળી</u>

મંડનના કનિષ્ઠ પુત્ર ઈશ્વરે પંચાયતન પ્રાસાદ બનાવ્યો હતો. તે મહારાણા કુંભાની પુત્રી રમાબાઈએ ભગવાન વિષ્ણુને સમર્પિત કર્યો હતો. તેમાં ઈશ્વરે પોતાની વંશાવળી આ પ્રમાણે આપી છે. (૯)

क्षेत्रार्क(ખેતા)

મંડન — નાથા

(મંડન:) ગોવિંદ — ઈશ્વર

ગોવિંદ → રાજાજી

ઈશ્વર → છીતર

આ રીતે આ પરિવાર વાસ્તુશાસ્ત્ર વિશારદ હતો. અને મંડનને તો ચિત્તોડગઢના વિક્રમ સંવત ૧૪૯૫ માં મહાવીર જૈન મંદિરની પ્રશસ્તિમાં ભાષા માટે સકલવાસ્તુશાસ્ત્ર વિશારદથી સમ્માનીત કર્યા હતા.

તેમજ કહી શકાય કે વાસ્તુશાસ્ત્ર વિશારદ મંડન અને મહારાણા કુંભકર્ણનો સંબંધ મણિકાંચન સમાન હતો. આથી જ તે મહારાણાના અતુલિત આશ્રય નીચે વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોનું નિર્માણ દેવભાષા સંસ્કૃતમાં જ કર્યુ છે.

⇨ મંડન સૂત્રધારની 'રાજવલ્લભ' સિવાયની અન્ય કૃતિઓ પણ છે. જેમકે –

(૧) રુપ મંડન

(૨) વાસ્તુ મંડન

(૩) પ્રાસાદ મંડન

(૪) આયતત્ત્વ વાસ્તુસાર

આ ઉપરાંત થિયાડોર આફ્રેચને પોતાના સુચિપત્રમાં મંડનના ગ્રંથોને આ પ્રમાણે જણાવ્યા છે. (૧૦)

(૧) *देवतामूर्तिप्रकरणम्*

(૨) *प्रासादमण्डनम्*

(૩) *राजव©भवास्तुशास्त्रम्*

(૪) *रूपमण्डनम्*

(૫) *वास्तुमण्डनम्*

(૬) *वास्तुशास्त्र*

(૭) *वास्तुसार*

(૮) *वास्तुमञ्जरी*

(૯) *आयतत्त्व*

આ ગાદી ગ્રંથો પ્રાપ્ત છે. તેમાંથી ' *राजव©भ* ' ગ્રંથ એ સમયમાં જ લોકપ્રિય બન્યો અને આ ' રાજવલ્લભ ' વસ્તુતઃ ' લોકવલ્લભ ' સિદ્ધ થયો.

## ૨.૪ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' નો પરિચય

શિલ્પશાસ્ત્રનાં અગાધ સમુદ્રરૂપ અને દેવોના શિલ્પી ' વિશ્વકર્મા ' કૃત પ્રસ્તુત ગ્રંથ બધા જ શિલ્પગ્રંથોમાં શિરમોર સ્થાન ધરાવે છે. તેમા વાસ્તુશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોની સાથે સ્થાપત્ય અને શિલ્પકળાનું બેનમુન નિરુપણ કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ બે ભાગોમાં વિભાજીત છે.

### ૨.૪.૧ <u>પૂર્વાર્ધ</u>

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના પૂર્વાર્ધમાં કુલ ૧ થી ૭ અધ્યાયો છે. તે કુલ સાત અધ્યાયમાં ૮૯૩ શ્લોકો છે. તેમજ ૨૮૬ પૃષ્ઠ સંખ્યા છે.

આ ગ્રંથ વિ. સંવત ૨૦૩૩ અને ઈ.સ. ૧૯૭૭ માં ફાગણવદ ૧ ને રવિવાર તા. ૬–૩–૭૭ માં ૧૦૦૦ પ્રતમાં પ્રકાશિત થયેલ છે. તે સમયનું તેમનું મૂલ્ય ૫૦/– રૂપિયા છે.

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના પૂર્વાર્ધમાં અધ્યાયોમાં વિભાજિત વિષયો આ પ્રમાણે છે.

| | |
|---|---|
| અધ્યાય – ૧ | *भूलक्षण ।* |
| અધ્યાય – ૨ | *हस्त–कम्बी प्रमाणम् ।* |
| અધ્યાય – ૩ | *वास्तुपदाधिकार ।* |
| અધ્યાય – ૪ | *वास्तुपूजन गृहारंभ मुहूर्त ।* |
| અધ્યાય – ૫ | *वास्तुपूजन गृहारंभ मुहूर्त ।* |
| અધ્યાય – ૬ | *शिलान्यास ।* |
| અધ્યાય – ૭ | *आयतत्त्वाधिकार ।* |

પ્રસ્તુત ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના પૂર્વાર્ધના સંપાદક શિલ્પાચાર્ય નંદલાલ ચુનિલાલ સોમપુરા છે. અને પ્રસ્તુત પૂર્વાર્ધના પ્રકાશક – દક્ષકુમાર નંદલાલ સોમપુરા છે.

## ૨.૪.૨ ઉત્તરાર્ધ

ભારતીય શિલ્પશાસ્ત્ર ભારતીય વાસ્તુકલાનો મુકુટ મણિ નહીં પરંતુ સર્વસ્વ છે અને ભારતીય સ્થાપત્યની મૂર્તિમંત વિભૂતિ દેવપ્રાસાદો છે. પ્રાસાદ રચના જગતી–વેદિથી પ્રારંભ થઈ શિખર શિખા સુધી સમાપ્ત થાય છે. આમ, ભારતીય વાસ્તુકલાની સર્વ પ્રમુખ વિશેષતા તેની અધ્યાત્મનિષ્ઠા છે. આવી વાસ્તુકલાને વર્ણવતો અને શિલ્પશાસ્ત્રના જ્ઞાનનાં દરિયા જેવો ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના ઉત્તરાર્ધનો પરિચય નીચે મુજબ છે.

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ઉત્તરાર્ધ વિક્રમ સવંત ૨૦૩૬ અને ઈ.સ. ૧૯૭૯ માં માર્ગશીર્ષ સુદ ૧ (એકમ) રોજ પ્રકાશિત થયેલ છે. તે સમયે તેનું મૂલ્ય ૬૦/– રૂ. છે.

આ ઉત્તરાર્ધમાં કુલ ૧ થી ૧૪ અધ્યાયો છે. અને ૧ થી ૧૪ અધ્યાયોમાં કુલ ૨૫૯૪ શ્લોકો છે. તેમજ પૃષ્ઠ સંખ્યા ૬૮૦ છે. જેમાં ભૂમિપરીક્ષા, હસ્તપ્રમાણ, વાસ્તુપદાધિકાર, વાસ્તુપૂજનવિધિ, શિલાન્યાસ, આયતત્ત્વાધિકાર, પ્રાસાદોત્પત્તિ, મંડપાધિકાર આદિવિષયોનું નિરુપણ પ્રાપ્ત થાય છે.

ઉત્તરાર્ધમાં વિભાજિત અધ્યાયો અને વિષયો આ પ્રમાણે છે.

અધ્યાય – ૧ *प्रसादोत्पत्ति ।*

અધ્યાય – ૨ *शिलान्यास ।*

અધ્યાય – ૩ *प्रासादनिरूपण ।*

અધ્યાય – ૪ *द्वारलक्षण ।*

અધ્યાય – ૫ *मंडपाधिकार ।*

અધ્યાય – ૬ *प्रासादगृह दोषपरिहार ।*

અધ્યાય – ૭ *शिखरलक्षणाधिकार ।*

અધ્યાય – ૮ *केशर्यादि सान्धारप्रासाद निर्णयः ।*

અધ્યાય – ૯ *श्री ऋषभादिद्विसप्त प्रासाद लक्षणाधिकारः ।*

અધ્યાય – ૧૦ *श्री जिनकल्पद्रुम ।*

અધ્યાય – ૧૧ *जिनेन्द्र प्रासाद लक्षणाधिकार ।*

અધ્યાય – ૧૨ *श्री पूर्णभद्रादि नागर प्रासाद लक्षणाधिकार ।*

અધ્યાય – ૧૩ *देवतामूर्तिस्वरूप लक्षणाधिकार ।*

અધ્યાય – ૧૪ *प्रतिष्ठाविधान ।*

આ રીતે ઉત્તરાર્ધમાં વાસ્તુશાસ્ત્રના ગહન વિષયોનું નિરુપણ પ્રાપ્ત થાય છે. તેનું વિસ્તારથી વર્ણન હું આગળ કરીશ.

– ઉત્તરાર્ધના સંપાદક – નંદલાલ ચુનિલાલ સોમપુરા છે અને પ્રકાશક – દક્ષકુમાર નંદલાલ સોમપુરા છે.

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' નામનો આ બંને ભાગમાં વિભાજીત સમગ્ર ગ્રંથ ગુજરાતમાં આવેલા પાલિતાણા નગરમાં પ્રકાશિત થયેલ છે. તેનું પ્રાપ્તિ સ્થાન છે. ૨૫, " શિલ્પાયતન " સર્વોદય સોસાયટી, પાલીતાણા (ગુજરાત)

પ્રસ્તુત ગ્રંથના સંપાદક નંદલાલભાઈ શિલ્પશાસ્ત્રજ્ઞ છે. તેમણે આ ગ્રંથની સાથે ચિત્રો, આકૃતિઓ અને ફોટાઓ મૂકીને ગ્રંથને વાંચકો માટે વધારે સુગમ અને સરળ બનાવ્યો છે. આવા સંપાદક શ્રીનો આછેરો પરિચય મેળવીએ તો –

### ૨.૪.૩ <u>સંપાદક નંદલાલભાઈ એક – પરિચય</u>

પ્રખર શિલ્પજ્ઞ નંદલાલભાઈનો જન્મ – સવંત ૧૯૬૫ માં માર્ગશીર્ષ માસમાં શુકલ પક્ષમાં ૧ (એકમ) ને સોમવારે થયો હતો. તેમના પિતાશ્રી – ચુનિલાલ વેલજીભાઈ સોમપુરા છે. તેઓ કશ્યપ ગોત્ર અને સોમપુરા બ્રાહ્મણ જ્ઞાતિના છે.

તેમના પિતા ચુનિલાલ એક પ્રખર શિલ્પજ્ઞાની હતા અને તેના પિતાજી ચુનિલાલ જેમણે કચ્છ વાગડમાં પ્લાસવા, ફતેગઢ, બેલા સૌરાષ્ટ્રમાં ઝીંઝુવાડા, દસાડા, માંડલ, પાટડી આદિ કામોના જીર્ણોદ્ધાર કર્યા. આ સિવાય બીજા અનેક કામો કરેલ.

તેના પિતામહ વેલજીભાઈ જેણે અનેક પ્રાસાદોની રચના કરી તેમાં પાલીતાણાં શહેરમાં દિગમ્બરા મંદિર, બોટાદ પાસે ગઢડા, પાળીયાદ, અળાઉ જિનમંદિર આદિ. વેરાવળ પાસે આદરી જૈન પ્રાસાદ રચના, શામળાજી જીર્ણોદ્ધાર, કુંડલા પાસે ગાધકડા જૈન મંદિર, ભાવનગર પાસે વરતેજ જૈન દેરાસર વગેરે રચનાઓ કરી હતી. તો તેના પ્રપિતામહ જશકરણભાઈએ શત્રુંજય ઉપર ઉતંગ શિખરથી શોભી રહેલ ચૌમુખ પ્રાસાદની રચના કરી અને ૧૮૯૨ માં સંપૂર્ણ કર્યું.

આવા શિલ્પશાસ્ત્રજ્ઞના વારસામાં જન્મેલા નંદલાલભાઈને ગુજરાતી ચાર ધોરણનો અભ્યાસ કર્યા પછી કૌટુંબીક સંજોગોને લઈ શિલ્પ કામમાં જોડાવવાની જરૂર પડી. ધંધાદારી પ્રેકટીકલ જ્ઞાન સાથે શિલ્પગ્રંથોનો ૧૫ વર્ષે અભ્યાસ શરૂ કર્યો. અને ૧૮ વર્ષની ઉંમરે સ્વતંત્ર બિલ્ડીંગ કોંટ્રાકટના કામ શરૂ કર્યા. અને તેણે પાલીતાણામાં જુનું શ્રાવિકાશ્રમ જે હાલ ' સમરથ ભુવન ' કહેવાય છે. તે અને તે ઉપરાંત ચાંદ ભુવન, ખુશાલ ભુવન, દિગમ્બર ધર્મશાળા, ખોજાની મસ્જિદ વગેરે બિલ્ડીંગના વર્ક કર્યા અને રાજય મહેલ, હવા મહેલમાં કેટલુક કામ કર્યું. અને ત્યાર પછી પ્રાસાદો બાંધવાનું કામ શરૂ કર્યુ.

આ નંદલાલભાઈ નામના શિલ્પી શિલ્પવિદ્યામાં નિપુણ છે. જેમણે શિલ્પકલાથી ચન્દ્રમાના જેવી ઉજ્જવલ કીર્તિ પ્રાપ્ત કરી. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન વગેરે પ્રાંતોમાં શિલ્પ શ્રેષ્ઠ એવા તેમણે શ્રી પાલિતાણામાં આવેલ અતિ ભવ્ય પ્રાસાદો અને મંદિરો બનાવ્યા છે. અને શિલ્પ વિષયક અનેક શાસ્ત્રોનાં અવલોકનથી પ્રાપ્ત કરેલી વિશિષ્ટ બુદ્ધિવાળા તેમણે ' શિલ્પસ્મૃતિવાસ્તવિદ્યાયામ્ ' નામના ગ્રંથનો સંગ્રહ કર્યો.

આ નંદલાલભાઈએ આજ સુધીમાં ૧૦૮ નૂતન જિનમંદિરોનું નિર્માણ કર્યુ છે. તથા ૯૬ પ્રાચીન જિનમંદિરોના જીર્ણોદ્ધાર કર્યો છે. [૧૧]

આમ, નંદલાલભાઈએ કઠોર પરિશ્રમ, અવિરત પુરુષાર્થ, વિશાળ અનુભવ, ઊંડી સુઝ, વગેરેના પ્રતાપે વિવિધ ગ્રંથોના વાંચન પછી તેમાંથી અગત્યની બાબતોની તારવણી કરી તેનું વ્યવસ્થિત સંકલન કરી ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' આ નામના પૂર્વાર્ધ – ઉત્તરાર્ધ રૂપે બે ભાગો બહાર પાડી શિલ્પ જગત ઉપર ભારે ઉપકાર કર્યો છે. આમ કહી શકાય કે તેમના વર્ષોના અથાગ ચિંતન અને પરિશ્રમનું આ સર્જન છે. [૧૨]

નંદલાલભાઈનો ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

*देवानां सूत्रधारस्य प्रसादाद्विश्वकर्मणः ।*

*सोमपुरा ब्राह्मणेन कश्यपगोत्र जन्मना ॥*

*विदुषा नन्दलालेन श्री चुनीलाल सूनुना ।*

*वास्तुवेद समद्भूतं वास्तु कर्म विवेचने ॥* (૧૩)

*प्रासादभूमिकम्बनां तथैव वेश्मनामपि ।*

*भेदानां लक्षणानाञ्च वास्तुशास्त्रानुसारतः ॥*

*अपि मान प्रमाणादे – र्विविधग्रन्थमन्थनात् ।*

*अयं शिल्पस्मृतिर्नाम निर्मितः सारसंग्रहः ॥* (૧૪)

## ૨.૫ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના કર્તા ' વિશ્વકર્મા ' નો પરિચય

વાસ્તુશાસ્ત્રના પ્રથમ પ્રખર પ્રણેતા અને કલા–કૌશલ્ય, શિલ્પસ્થાપત્ય તથા ઈજનેરી વિદ્યાનો પૃથ્વી ઉપર પાયો નાખનાર વિશ્વકર્મા જ હતા. કહેવાય છે કે – આ વિશ્વકર્મા એ કૃષ્ણભગવાન માટે ગજબની અલૌકિક દ્વારકા નગરીનું નિર્માણ કરનાર,ઈન્દ્ર માટે ઈન્દ્રપ્રસ્થ અને પાંડવો માટે હસ્તિનાપુરની રચના કરનાર મહાન શિલ્પજ્ઞ વિશ્વકર્મા જ હતા.

પુરાણોમાં સર્જન કે નિર્માણ માટે ત્વષ્ટા અને વિશ્વકર્મા એમ બે દેવોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. કયારેક આ બંને દેવો એકબીજાથી ભિન્ન હોય એવું લાગે છે. તો કયારેક બંને એક જ દેવના બે જુદા જુદા નામોલ્લેખ છે એવુ પણ જણાય છે. (૧૫) પરંતુ વૈદિક સાહિત્યમાં ત્વષ્ટા અને વિશ્વકર્મા એ બન્ને દેવો વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ છે. ત્વષ્ટા આયુધ નિર્માણ સાથે સંલગ્ન દેવ છે. અને વિશ્વકર્મા સૃષ્ટિના સર્જન ધારણ ક્ષેત્રે સંકળાયેલા છે. તો સૃષ્ટિના સર્જક એવા વિશ્વકર્માનો પરિચય નિમ્નલિખિત છે.

### ૨.૫.૧ વિશ્વકર્મા શબ્દનો અર્થ

વિશ્વકર્મા શબ્દ *विश्व* + *कृ* પરથી નિષ્પન્ન થયો છે. નિરુક્તકાર યાસ્કાચાર્ય – *विश्वकर्मा सर्वस्य कर्ता ।* એમ નિરુક્તિ આપી વિશ્વકર્માને સૃષ્ટિકર્તા, પરમાત્મા કે

પ્રાણવાયુ તરીકે ઓળખાવે છે. [૧૬] તો શબ્દકલ્પદ્રુમ પણ આવો જ અર્થ આપતાં – *विश्वेषु कर्म यस्य सः ।* એમ કહી સૂર્ય એવો અર્થ કહે છે. [૧૭]

ઉપર્યુક્ત વ્યુત્પત્તિઓના આધારે વિશ્વકર્માનો વિશ્વના સર્જન કે નિર્માણ સાથેનો સંબંધ સમજી શકાય છે.

૨.૫.૨ <u>' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માંથી મળતી માહિતી પ્રમાણે વિશ્વકર્મા</u>

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં શ્રી ગુરુદેવ વિશ્વકર્માનો પરિચય ગ્રંથની ભૂમિકામાં આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

→ વિશ્વકર્માની ઉત્પત્તિ :

સમસ્ત સૃષ્ટિની ઉત્પત્તિ જગત પિતામહ બ્રહ્માથી થઈ છે. બ્રહ્માના જમણા અંગમાંથી ધર્મની ઉત્પત્તિ થઈ. આ ધર્મથી વિશ્વકર્માની ઉત્પત્તિ આ પ્રમાણે આપી શકાય.

બ્રહ્મા
↓
ધર્મ
↓
(દક્ષપ્રજાપતિની વસુનામની કન્યાથી ૮ પુત્રોની ઉત્પત્તિ)

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
|---|---|---|---|---|---|---|---|
| આપ | ધ્રુવ | સોમ | ધર | અનિલ | અનલ | પ્રત્યુષ | પ્રભાસ |

પ્રભાસ
↓
(યોગસિદ્ધાવસુધારાથી પુત્ર)
↓
વિશ્વકર્મા

તેણે શિવ અને હયગ્રીવ પાસેથી શિલ્પ વિદ્યા ગ્રહણ કરી. પૂર્વે ઈન્દ્રની દેવધાની નગરી, દક્ષિણે યમની સંયમી નગરી, પશ્ચિમે વરુણની વિભાવરી નગરી અને ઉત્તરે કુબેરની અલકા નગરી વગેરેની રચના કરી. [૧૮]

આ ઉપરાંત આશ્વેતવરાહ કલ્પના પ્રથમ મન્વંતર પ્રમાણે જોઈએ તો –

બ્રહ્મા

↓

સ્વયંભૂવમનુ

↓

ઉત્તાનપાદ

↓

ધ્રુવ

↓

શ્લિષ્ટિ

↓

રિપુ સાક્ષુષ ઉરગ અંગ વેન પૃથુ

↓

(જન્મ સાથે આજગવ ધનુષ્યની ઉત્પત્તિ)

આ આજગવ ધનુષ્ય ધારણ કરી પૃથુ એ સૃષ્ટિ પરના ઝાડો અને પહાડોનો નાશ કરવા માંડયો. તેથી સૃષ્ટિ ગાયનું રૂપ ધારણ કરી બ્રહ્મલોકમાં બ્રહ્મા પાસે ગઈ. બ્રહ્માએ સૃષ્ટિ અને પૃથુને શાંત કર્યા અને દેવશિલ્પી વિશ્વકર્માને સૃષ્ટિ ઉપરની રચના કરવા મોકલ્યા છે. આ વિશ્વકર્માએ આ સૃષ્ટિ પર આવી અનેક નગરો, ગામો, કર્વટો, પલ્લી વગેરેની રચના કરી અને સૃષ્ટિનું નામ પૃથ્વી પડયુ.

વિશ્વકર્મા ( ને ચાર પુત્ર એક પુત્રી)

| (૧) પુત્ર | (૨) પુત્ર | (૩) પુત્ર | (૪) પુત્ર | (૧) પુત્રી |
|---|---|---|---|---|
| જય | વિજય | સિદ્ધાર્થ | અપરાજિત | સંજ્ઞા |

↓

સૂર્યવંશની ઉત્પત્તિ

આ ચારેય પુત્રોને વિશ્વકર્માએ વાસ્તુકર્મનો પ્રતિબોધ કર્યો અને તે અનેક શિલ્પગ્રંથો તરીકે વિખ્યાત થયા. [૧૯] કોઈ ગ્રંથમાં સિદ્ધાર્થના બદલે ત્વષ્ટા નામ પણ મળે છે.

આમ, વિશ્વકર્માની ઉત્પત્તિ જગતના આદિપિતા બ્રહ્માથી થઈ છે અને તે શ્રેષ્ઠ શિલ્પજ્ઞ તરીકે જગતમાં વિખ્યાત થયા અને તેના પુત્રોએ વિશ્વકર્મા પાસેથી પ્રશ્નો પૂછીને શિલ્પવિદ્યાનું સંપાદન કરી હતી. લગભગ બધા શિલ્પગ્રંથો ગુરુ વિશ્વકર્મા અને શિષ્યના સંવાદ રૂપે મળે છે.

### ૨.૫.૩ વૈદિક સાહિત્યમાં વિશ્વકર્મા

વૈદિક સાહિત્યમાં વિશ્વકર્મા વિશે આ પ્રમાણે વિગતો પ્રાપ્ત થાય છે. ઋગ્વેદમાં ફક્ત પાંચ વખત તેમનો ઉલ્લેખ થયો છે. દશમાં મંડળનાં ૮૧ અને ૮૨ એમ બે પૂર્ણ સૂક્તોમાં તેમની સ્તુતિ છે. જેમકે –

*વિશ્વતશ્ચક્ષુરુત વિશ્વતોમુખો*
*વિશ્વતોબાહુરુત વિશ્વતસ્પાત્ ।*
*સં બાહુભ્યાં ધમતિ સ પતત્રૈ*
*દ્યાવાભૂમી જનયન્દેવ એકઃ ।।* (૨૦)

અર્થાત્ " હે પ્રભુ ! સમગ્ર વિશ્વ આપનાં ચક્ષુરૂપ છે, વિશ્વ તે આપનું જ મુખ છે. વિશ્વ આખામાં આપના હાથ અને પગ ફેલાયેલા છે. પૃથ્વી અને આકાશને આપે આપના હાથ અને પગથી ઉત્પન્ન કર્યા છે, એવા વિશાળ વિરાટ સ્વરૂપ આપ જગતમાં એક જ છો. "

આ ઉપરાંત ઋગ્વેદના ૧૦ માં મંડળના ૮૨ માં સૂકતમાં પણ દેવતા – વિશ્વકર્મા જ છે. અને આખા સૂક્તમાં વિશ્વકર્માની સ્તુતિ કરવામાં આવી છે. તેમા પણ સૃષ્ટિ પરના સ્થાપત્યના કરતા તરીકે વર્ણવેલ છે. તેને જ પૃથ્વીને ઉત્પન્ન કરી અને આકાશને અનાવૃત કર્યુ છે. વિશ્વકર્મા શબ્દ કયારેક ઈન્દ્ર કે સૂર્યના વિશેષણ તરીકે વપરાયો છે.

બ્રાહ્મણગ્રંથોમાં તેમનું પ્રજાપતિ સાથે સામ્ય જોવા મળે છે.

જેમ કે – *પ્રજાપતિર્વૈ વિશ્વકર્મા* (૨૧) અને
*પ્રજાપતિઃ પ્રજાઃ સૃષ્ટ્વા વિશ્વકર્માભવત્ ।* (૨૨)

## ૨.૫.૪ <u>પુરાણોમાં વિશ્વકર્મા</u>

વૈવસ્વત મન્વન્તરમાં દક્ષ પ્રજાપતિની ૬૦ કન્યાઓ પૈકી દશ કન્યાઓ ધર્મને આપવામાં આવી હતી. ધર્મ અને દક્ષ પ્રજાપતિની પુત્રી વસુ દ્વારા આઠ પુત્રો થયા જેઓ વસુ નામે ઓળખાયા છે. તેમા પ્રભાસ નામના વસુ અને બૃહસ્પતિની બેન આંગિરસી યોગસિદ્ધામાં વિશ્વકર્માનો જન્મ થયો હતો. આમ, વિશ્વકર્મા ધર્મના પૌત્ર થાય છે.

આ વિશ્વકર્મા શિલ્પના પ્રજાપતિ બન્યા તેઓ દેવોના સુથાર કહેવાયા. તેઓ બધા પ્રકારના મહેલો, ભવનો, આભૂષણો, તળાવ, ઉદ્યાન અને પ્રતિમાઓનું નિર્માણ કરવામાં કુશળ હતા. જુદા જુદા પુરાણો જેમકે – મત્સ્યપુરાણ (૨૩) , કૂર્મપુરાણ (૨૪) , અગ્નિપુરાણ (૨૫), હરિવંશ પુરાણ (૨૬) વગેરેમાં મળતી વિશ્વકર્માની ઉત્પત્તિ અને તેમના કાર્ય અંગે મળતી વિગતો ઉપરની વિગત સાથે તદ્દન સામ્ય ધરાવે છે.

આમ, વિવિધ પુરાણોનાં આધારે કહી શકાય કે – સૃષ્ટિ સર્જન, નગરનિર્માણ કે વાસ્તુવિદ્યાના જ્ઞાતા તરીકે જુદા જુદા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

## ૨.૫.૫ <u>વિશ્વકર્માની અન્ય માહિતી</u>

વિશ્વકર્મા વિશે વિશ્વકર્માપ્રકાશમાં પ્રારંભમાં કહ્યું છે કે શિવે પ્રાચીન વાસ્તુશાસ્ત્ર પરાશર ઋષિને શિખવ્યું. તેમણે બ્રહદ્રથને, બ્રહદ્રથે વિશ્વકર્માને અને વિશ્વકર્માએ જગતના કલ્યાણાર્થે લોકોમાં તે પ્રવર્તાવ્યું છે. (અન્ય ગ્રંથોમાં આ શાસ્ત્ર શિવને બદલે ગર્ગે પરાશરને શિખાવ્યાનો ઉલ્લેખ છે.)

<u>વિશ્વકર્મા</u> – વિશ્વકર્તા – પ્રજાપતિ – બ્રહ્મા,

શિલ્પશાસ્ત્રોના કર્તા <u>વિશ્વકર્મા</u> અને લોકવાર્તાના <u>વિશ્વકર્મા</u> એ ત્રણે ભિન્ન છે.

વિશ્વકર્મા વિશે કેટલાક વિદ્વાનો નિઃસંદેહ માને છે કે ગુપ્તકાળ પહેલા વાસ્તુશાસ્ત્રના રચનારા વિશ્વકર્મા નામે એક વિદ્વાન પુરુષ હતા. આવા અનેક મતો સાહિત્ય જગતમાં વિદ્યમાન છે. વેદો, પુરાણો, રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યોમાં તેમના ઉલ્લેખો ઘણા મળે છે. તેમણે વિસ્મયકારી કળાયુક્ત રાજપ્રસાદો બાંધ્યા, દેવોને

યુદ્ધના અસ્ત્રશાસ્ત્ર, રથો અને વિમાનો બનાવી આપ્યા હતા. દેવોના આ સૂત્રધારે લોકકલ્યાણને સારુ જ પૃથ્વી પર વાસ્તુશાસ્ત્રની રચના કરી છે. આમ વિશ્વકર્મા બ્રહ્માના અવતારરૂપ પણ મનાય છે. અને અનેક વિશ્વકર્માના જુદા જુદા ઉલ્લેખોના આધારે કહી શકાય કે – વિશ્વકર્મા તો યુગે યુગે થયા છે. તેમજ સોમપુરા, દ્રવિડી અને ઉડીયાના શિલ્પીઓના વૃતાંત પરથી જણાય છે કે વિશ્વકર્મા શબ્દ શિલ્પીનું એક વિશેષણ જ હતું.

→ આંગિરસ વિશ્વકર્મા : આંગિરસ વિશ્વકર્મા એ વિરાટ વિશ્વકર્માનો ચોથો અવતાર મનાય છે. એ અવતારનું વર્ણન મહાભારતમાં આપેલું છે. તેનો સમય ઈ.સ. પૂર્વે ૮૦૦ વર્ષનો હોવો જોઈએ.

→ આચાર્ય વિશ્વકર્મા : આચાર્ય વિશ્વકર્મા એ વિરાટ વિશ્વકર્માનો પાંચમો અવતાર મનાય છે. તેનું વર્ણન વાયુપુરાણમાં આપેલું છે. એટલે ઈ.સ. પૂર્વે ૫૦૦ વર્ષથી વધારે સમય એ અવતાર થયાનો હશે. [૨૭]

→ જગદ્‌ગુરુ વિશ્વકર્મા : એ છઠ્ઠો અવતાર છે. તેનું વર્ણન ' સકલ અધિકાર ' નામના ગ્રંથમાં આપેલું છે. તેનો સમય ઈ.સ. પૂર્વે ૫૦૦ થી વધારે છે.

→ પ્રજાપતિ વિશ્વકર્મા : એ સાતમો અવતાર છે. તેનું વર્ણન ' મૂલસ્થંભ ' માં થયેલું છે.

→ કશ્યપીય વિશ્વકર્મા : એ આઠમો અવતાર છે. તેનું વર્ણન સ્કંદપુરાણમાં થયેલું છે.

→ શિલ્પાચાર્ય વિશ્વકર્મા : એ નવમો અવતાર છે.

→ બ્રહ્મકુલોત્પન્ન વિશ્વકર્મા : એ દશમો અવતાર છે.

આમ, વિશ્વકર્માના દસ અવતારો થયા છે. તેમનો સમય ઈ.સ. પૂર્વે ૫૦૦ થી વધારે જ છે. તેમનું વર્ણન અનુક્રમે ' શિલ્પશાસ્ત્ર ' અને ' બ્રહ્મવૈવર્ત ' પુરાણમાં આવેલું છે.

કહી શકાય કે વિશ્વકર્માનું વર્ણન અનેક જુદા જુદા નામથી જુદા જુદા ગ્રંથોમાં થયેલું છે. એટલે કયાં અવતારનું કયું વર્ણન છે એ સમજવું કઠિન છે. પરંતુ એટલું ચોક્કસ છે કે એમની અમાપ વિભૂતિનો પાર નથી. અને ધર્મગ્રંથો તેને વર્ણવતા થાકતા નથી.

→ વિશ્વકર્માના ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' સિવાયના અન્યગ્રંથો :

કહેવાય છે કે, વાસ્તુવિદ્યાના ૧૮ આચાર્યોએ જે ગ્રંથો રચેલા છે. તે સાહિત્ય આજે પુરુ ઉપલબ્ધ નથી. તેમ છતા શ્રી વિશ્વકર્મા રચિત અને હાલ જોવા મળતા ગ્રંથો આ પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) ક્ષીરાર્ણવ | (૫) જ્ઞાનપ્રભકોષ |
| (૨) વૃક્ષાર્ણવ | (૬) વિશ્વકર્મા પ્રકાશ |
| (૩) દીપાર્ણવ | (૭) વાસ્તુશાસ્ત્રકારીકા |
| (૪) અપરાજિત | (૮) જયગ્રંથ |

આ રીતે, મહાન શિલ્પજ્ઞ શ્રી વિશ્વકર્માના જીવન, સમય અને સાહિત્ય વિશે જુદા–જુદા ગ્રંથોમાં જે માહિતી પ્રાપ્ત થાય છે તેના આધારે કહી શકાય કે તે મહાન શિલ્પી અને વાસ્તુવિદ્યાના આદિ પિતા હતા.

## ૨.૬ નિષ્કર્ષ

પ્રસ્તુત મહાનિબંધની બંને કૃતિ અને કૃતિકારના પરિચય પર દૃષ્ટિપાત કર્યા પછી કહી શકાય કે બન્ને ગ્રંથોના વિષયમાં રહેલ વાસ્તુવિષયમાં સામ્ય છે. પરંતુ બંને ના કર્તા એટલે કે વિશ્વકર્મા અને મંડન સૂત્રધારના અનુમાનિત સમયમાં ઘણું વૈષમ્ય છે. વિશ્વકર્મા દેવોના શિલ્પી તરીકે છે. જયારે મંડન સૂત્રધાર રાજયાશ્રિત શિલ્પી છે. આજ કારણે તેના વિષયો જેવા કે – પ્રાસાદ, દેવાલય, ગૃહ, રાજભવન અને તેની સાથે સંબંધીત સામગ્રીઓના વિષયોને વર્ણવે છે. બન્ને ગ્રંથોના કર્તાના સમયના વૈષમ્યના કારણે જ વિષયોમાં પણ વૈષમ્ય દૃષ્ટિગત થાય છે.

# પાદ–ટીપ

| ક્રમ | નામ | શ્લોક ક્રમ |
|---|---|---|
| ૧ | મનુસ્મૃતિ | ૩–૭૭ |
| ૨ | *राजव©भ* | ભૂમિકા પૃષ્ઠ ન. ૫ |
| ૩ | *राजव©भ* | ૧૪ / ૪૩ |
| ૪ | વાસ્તુસાર | શ્લોક – ૧૫૪ |
| ૫ | *प्रासादमण्डनम्* | ૮ / ૮૨ – ૮૩ |
| ૬ | *प्रासादमञ्जरी* | ૧૮૨ – ૧૮૩ |
| ૭ | *प्रासादमण्डनम्* | ૮, ૮૫ |
| ૮ | *राजव©भवास्तुशास्त्रम्* | ૧, ૪૧ |
| ૯ | વીરવિનોદ | ભાગ–૨ , પૃષ્ઠ નં. ૫૮ |
| ૧૦ | CATALOGUES CATALOGORUM | –– |
| ૧૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ભૂમિકા પૃષ્ઠ નં. ૪ |
| ૧૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ભૂમિકા પૃષ્ઠ નં. ૩૦ |
| ૧૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧ / ૮ |
| ૧૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧ / ૯ |
| ૧૫ | પૌરાણિક કથાકોશ (ખંડ–૧) | પૃ. ૧૬૯, ૨૩૭ |
| ૧૬ | *निरुक्त* | ૧૦ / ૨૬ |
| ૧૭ | શબ્દકલ્પદ્રુમ (ખંડ–૪) | પૃ. ૪૩૭ |
| ૧૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ભૂમિકા પૃ. નં. ૩૯ |
| ૧૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ભૂમિકા પૃ. નં. ૩૯ |
| ૨૦ | *ऋग्वेद* | ૧૦/૮૧/૩ |
| ૨૧ | શતપથ બ્રાહ્મણ | ૮/૨/૧/૧૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | ઐતરેય બ્રાહ્મણ | ૪, ૨૨ |
| ૨૩ | *मत्स्यपुराणम्* | ૫/ ૨૭–૨૮ |
| ૨૪ | કૂર્મપુરાણ | ૧/૧૬/૧૬ |
| ૨૫ | *अग्निपुराणम्* | ૧૮/૪૦–૪૧ |
| ૨૬ | હરિવંશ પુરાણ | ૧/૩/૪૫–૪૮ |
| ૨૭ | ભારતનો ઈતિહાસ | પૃષ્ઠ નં. ૬૬ |

# પ્રકરણ : ૩

# વાસ્તુશાસ્ત્રીય ચિંતનમાં

# ' *राजव©भ* ' અને

# ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* '

# નું સ્થાન

# પ્રકરણ – ૩

# વાસ્તુશાસ્ત્રીય ચિંતનમાં ' *राजव©भ* ' અને

# ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' નું સ્થાન

## ૩.૧ ભૂમિકા

*स्थापत्यवेदा विश्वकर्मादि शिल्पशास्त्रं अथर्ववेदस्योपवेदः ।*

કહી શકાય કે સ્થાપત્યવિદ્યા / વાસ્તુવિદ્યા એ અથર્વવેદનો ઉપવેદ છે અને આપણા વૈદિક સાહિત્યમાં અથર્વવેદમાં સ્થાપત્યકલા વિશે ઘણું કહ્યું છે. આ દૃષ્ટિએ ભારતીય વાસ્તુવિદ્યાના મૂળ વેદમાં રહેલા છે. તેથી વાસ્તુવિદ્યા એ આપણી પ્રાચીન વિદ્યા છે. અને પ્રાચીનતાની સાથે તેમાં વિજ્ઞાન સાંગોપાંગ વળાયેલું છે. જેમકે –

મૂળભૂત વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોએ જે સિદ્ધાંતોથી મકાનો, કાર્યસ્થળો, મંદિરો કે અન્ય ઈમારતોના બાંધકામ, ભૂમિપસંદગી, વાસ્તુપૂજન અને શિલ્પકળા વિશે જે માર્ગદર્શન આપ્યુ છે, તે આપણને આજીવિકા, કામ કરવાની સ્થિતિના સર્જનનું જ્ઞાન આપે છે. તેમજ તે વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો આપણા ભૌતિક, શારીરિક, માનસિક, આધ્યાત્મિક વગેરે પ્રકારનાં વિકાસ સાથે સુસંવાદિત સંબંધ ધરાવે છે. જેમકે –

*नगराणां भूषणार्थं देवानां निलयाय च ।*
*लोकानां धर्महेत्वर्थं क्रीडार्थं सुरयोषिताम् ।।*
*आलयं सर्वभूतानां विजयायजितात्मनाम् ।*
*धर्मार्थकाममोक्षाणां प्राप्तिहेतुश्च कामदः ।।* (૧)

અર્થાત્ – " દેવમંદિર કે પ્રાસાદોની રચના નગરોની શોભા, દેવોના નિવાસ, લોકોની ધર્મવૃદ્ધિ અને દેવાંગનાઓની ક્રિડા માટે હોય છે, વળી પ્રાસાદ પ્રાણી માત્રનું આશ્રય સ્થાન, વીરપુરુષોની કીર્તિ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિના કારણભૂત તેમજ સર્વ કામનાઓને આપનાર છે. "

તેમજ ગૃહ નિર્માણની આવશ્યકતા વિશે – કહેવાય છે કે બધા જ પ્રકારના સુખો ગૃહથી પ્રાપ્ત થાય છે. માટે દેવતાઓ પણ ગૃહની કામના કરે છે.

*गेहं पूर्वमुशन्ति तेन विबुधाः श्री विश्वकर्मादयः ।* (२)

આ રીતે માનવ–વિકાસની મહાન કામના ભારતીય મહર્ષિઓએ વાસ્તુશાસ્ત્રના સૈદ્ધાંતિક ગ્રંથોમાં કરી છે.

આ ઉપરાંત વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં બતાવેલ ભૂ–પરીક્ષા, ભવનનિર્માણ, પ્રાસાદનિર્માણ, દ્વારનિર્માણ, વાસ્તુપૂજન, નગર, કૂવા, તળાવ વગેરેના નિર્માણ અને તેની સાથે ધર્મ, જયોતિષ, શકુન, અર્થ, દર્શન, વિજ્ઞાન વગેરે વિષયોને આવરી લેતા વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોનું ચિંતન કરતા કહી શકાય કે – વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો આપણને વેદ–ઉપવેદથી લઈને વિકાસ પામેલા યુગના વિજ્ઞાન સુધી ઉપયોગી છે. અને આવા મૂળ વાસ્તુના સૈદ્ધાંતિક ગ્રંથોની વચ્ચે મોગરાની વેણીમાં ગુંથેલ ગુલાબની જેમ પોતાની સૌરભ અને સુંદરતાની સાથે ' રાજવલ્લભ ' અને ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નામના આ બંને ગ્રંથનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું છે.

આથી જ પરંપરાગત ભારતીય વાસ્તુવિદ્યા અને શિલ્પસ્થાપત્યો દેશી – વિદેશી શિલ્પશાસ્ત્રીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. ત્યારે પ્રસ્તુત બંને ગ્રંથોનું સ્થાન વાસ્તુશાસ્ત્રના ચિંતનમાં સૌથી મોખરે છે. તેમ કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી.

## ૩.૨ વાસ્તુશાસ્ત્ર અને *'राजव©भ'*

### → ૩.૨.૧ <u>વાસ્તુપરંપરા અને *'राजव©भ'*</u>

ભારતીય દેશી રાજયોનાં ઈતિહાસમાં મહારાણા કુંભકર્ણનો શાસનકાળ ખૂબ જ મહત્ત્વનો છે. ઉત્તર–મધ્યકાળના આ મહારાણા કુંભકર્ણ ખૂબ જ પ્રસિદ્ધ છે. આ મહારાણાનાં પ્રિય અને વાસ્તુકર્મ વિશારદ સૂત્રધાર મંડનનું નામ વાસ્તુશાસ્ત્રના સૈદ્ધાંતિક અને વ્યાવહારિક બંને પક્ષોમાં પ્રસિદ્ધ છે.

વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોમાં કલાપક્ષ, ગણિત, જયોતિષ, રાશિ, આય વગેરેના વિચારો દેશ અને કાળ પ્રમાણે પ્રાપ્ત થાય છે. તેમ જ દેવમંદિરો, રાજપ્રાસાદો, વાવ, જળાશયો, નગર પ્રતિમાં અને સામન્તો દરબારોથી લઈને સામાન્ય જનોપયોગી સ્થાપત્યને સંપાદન કરવાનું અને ચિત્રાત્ત્મક કરવાના કાર્યોની વિગતો સૂત્રધાર મંડન રચિત ' રાજવલ્લભ ' નામના ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે.

વાસ્તુશાસ્ત્રના સુપ્રસિદ્ધ ગ્રંથ ' રાજવલ્લભ ' ભારતીય વાસ્તુવિદ્યાના ઈતિહાસમાં અમરત્ત્વ ધરાવે છે. ઉત્તર ભારતીય વાસ્તુપરંપરાના મુખ્ય ગ્રંથોમાં સૂત્રધાર મંડન કૃત ' રાજવલ્લભ ' આગવું સ્થાન ધરાવે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં બે પ્રકારની પરંપરા છે.

૧) ઉત્તર ભારતીય વાસ્તુપરંપરા (નાગરાદિ શિલ્પ) (૩)

૨) દક્ષિણ ભારતીય વાસ્તુપરંપરા (દ્રવિડાદિ શિલ્પ)

આ બંને પ્રકારની વાસ્તુ પરંપરાઓને પ્રાચીન વિદ્વાનોએ સંવર્ધિત કરી. તે વિદ્વાનોમાં – દેવર્ષિનારદ, મહર્ષિભૃગુ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વકર્મા, મય, નગ્નજીત, વિશાલાક્ષ, બ્રહ્મકુમાર, નંદીશ, શોણંક, ગર્ગમુનિ, વાસુદેવકૃષ્ણ, અનિરુદ્ધ, કુબેર, દૈત્યગુરુ શુક્રાચાર્ય તથા દેવગુરુ બૃહસ્પતિ. તે બધા જ વાસ્તુવિશારદોને વૈદિક કાળના મહાન વાસ્તુશાસ્ત્રીઓ માનવામાં આવે છે. તેવો ઉલ્લેખ મત્સ્યપુરાણ અને અન્ય ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે.

આમ, વાસ્તુશાસ્ત્રના ગ્રંથોની યાદીમાં ડોકિયું કરતા ' રાજલ્લવભ ' ઉત્તરભારતીય વાસ્તુશાસ્ત્ર પરંપરામાં સ્થાન ધરાવે છે. અને વાસ્તુશાસ્ત્રના મુખ્ય સિદ્ધાંતોનો આગવી રીતે પ્રગટ કરે છે. ' રાજવલ્લભ ' ગ્રંથમાં વાસ્તુના સૈદ્ધાંતિક મુદ્દાઓ ઉપર દૃષ્ટિપાત કરીએ તો –

ભૂ–પરીક્ષણ, ભૂમિસંગ્રહ, દિશા–નિરધારણ, પદ્‌વિન્યાસ, વાસ્તુપૂજન વિધાન, વાસ્તુબલિકર્મ વિધાન, ગ્રામ, નગર, વાવ, કૂવા, ભવન, ગૃહ, આદિ નિર્માણના નિયમો તેમજ દ્વારવિધાન, નગરવ્યવસ્થા, રાજભવનો સાથે સંબંધીત સામગ્રીના નિયમો, એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ ભવનોના પ્રકારો, નક્ષત્રો, ગૃહ ,તિથિ, રાશિ, આય, નાડીચક્ર, ક્ષેત્રફળ, જુદા–જુદા માપ, વૃક્ષો. આ બધી જ બાબતો સાથે સાંગોપાંગ વણાયેલ જયોતિષ, દર્શન, ધર્મ વગેરે વાસ્તુના સિદ્ધાંતોને પ્રગટ કરી ' રાજવલ્લભ ' ગ્રંથ વાસ્તુશાસ્ત્રના ચિંતનમાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે.

→ ૩.૨.૨ <u>અનન્ય ગ્રંથ *'राजव©भ'*</u>

ભારતીય વાસ્તુશાસ્ત્રના ઈતિહાસમાં પ્રકાશિત વાસ્તુગ્રંથોના ઈતિહાસમાં ' રાજવલ્લભ ' ને સૌથી પ્રથમ પ્રકાશિત ગ્રંથ થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. અને ' રાજલ્લવભ ' રાજાઓને વલ્લભ (પ્રિય) રહ્યો છે.

આ વાસ્તુગ્રંથની એક ગુજરાતી ટીકા વડોદરા નરેશ સયાજી મહારાજના આગ્રહથી અણહિલપુર પાટણના શ્રી નારાયણ ભારતી યશવંત ભારતીયે સંવત ૧૯૪૭ અને ઈ.સ. ૧૮૯૧ માં તૈયાર કરી અને તેજ વર્ષે વીરક્ષેત્ર મુદ્રાણાલયથી તેને (રાજવલ્લભને) પ્રકાશિત કર્યો.

આ ગ્રંથની પ્રસંશા કરતા કહી શકાય કે 'રાજવલ્લભ' ગ્રંથની લોકપ્રિયતા જ તેનું આગવી પ્રસંશાનું પ્રમાણ છે. તેમજ વિષયવસ્તુની સરળતા તથા સદ્ગ્રાહતા એ આ ગ્રંથના ઉડીને આંખે વળગે તેવા ગુણ છે. તેમજ 'રાજવલ્લભ' ના કર્તાએ મત્સ્યપુરાણાદિ ગ્રંથોનો ઋણ સ્વીકાર પણ કર્યો છે.

' રાજવલ્લભ ' ગ્રંથની પ્રાચીનતાને સિદ્ધ કરતા કહી શકાય કે – મહારાણા પ્રતાપ (સમય – ૧૫૭૨ – ૧૫૯૭ ઈ.સ.) ના દરબારી પંડિત ચક્રપાણિ મિશ્રને ' રાજયાભિષેક પદ્ધતિ ' માં ' રાજવલ્લભ ' ના શ્લોકો ઉદ્ધ ત કર્યા છે. (૪) તેમજ ' માનસાર ' નામના ગ્રંથના સંપાદક પ્રસન્નકુમાર આચાર્યએ 'રાજવલ્લભ' ની ' માનસાર ' સાથે તુલના કરીને 'રાજવલ્લભ' ને અનન્ય ગ્રંથ કહ્યો છે.

બલરામ શ્રી વાસ્તવનો મત છે કે સૂત્રધાર મંડન માત્ર સૂત્રધાર જ નથી, પરંતુ શાસ્ત્રજ્ઞ અને શાસ્ત્ર પ્રણેતા છે. તેથી જ તેના પહેલા પ્રચલિત શિલ્પશાસ્ત્રીય માન્યતાઓનું પણ તેને અધ્યયન કર્યુ છે. અને તેની કૃતિઓમાં મત્સ્યપુરાણથી લઈને અપરાજિત પૃચ્છા સુધીના ગ્રંથોનો પ્રભાવ જોઈ શકાય છે. મંડને વાસ્તુ અને જુદા – જુદા શાસ્ત્રોના સંબંધમાં સ્વસ્થ અને ઉપયોગી માન્યતાઓ અને પરંપરા વગેરેનું સારી રીતે અધ્યયન કરીને પ્રયોગાત્મક અનુભૂતિયોનો અનુભવ કરીને વાસ્તુ અને શિલ્પને આવરી લેતા ગ્રંથની રચના કરી છે. (૫)

આથી જ તેના ગ્રંથોમાં શિરમોર સ્થાન ધરાવતા 'રાજવલ્લભ' ને અનન્ય ગ્રંથ કહી શકાય. તેમ જ 'રાજવલ્લભ' વિશે બનારસના ગવર્મેન્ટ સંસ્કૃત કોલેજના વરિષ્ઠ પ્રાધ્યાપક અનુપમિશ્રએ કહ્યું છે કે – 'રાજવલ્લભ' તે સમયનો અદ્વિતીય ગ્રંથ છે અને લખ્યુ છે –

*एतन्निर्माणसम्बन्धि सकलविचारजातमेव ज्योतिषस्याङ्गभूतं ।* (૬)

આમ, કહી શકાય કે 'રાજવલ્લભ ' ગ્રંથ પ્રાચીનતા અને મહત્ત્વની દ્રષ્ટિએ વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં શિરમોર સ્થાન ધરાવે છે.

### → ૩.૨.૩ વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતો અને રાજવલ્લભ

વાસ્તુશાસ્ત્રના પ્રાચીન અને ઉત્તરભારતીય વાસ્તુપરંપરામાં સમાવેશ પામતા ' રાજવલ્લભ ' અને અન્ય ગ્રંથોમાં દ્રષ્ટિપાત કરતા ગૃહ, ગામ, નગર, પ્રાસાદ, દુર્ગ, દેવપ્રાસાદ, વાવડી, કૂવા, જળાશય, તળાવ, દેવાયતન આદિ સ્થાપત્યોનો પરિચય મળે છે. આ ઉપરાંત તેનું નિયોજન કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન ભૂ–પરીક્ષા, ભૂમિશુદ્ધિ, દિશાનિર્દેશ, વાસ્તુપૂજન, આયતત્ત્વાધિકાર, પ્રમાણાદિનિર્ણયો, ક્ષેત્રફળવિચાર, જયોતિષ, શકુન આદિ સૈદ્ધાંતિક બાબતો દ્વારા વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો આપે છે. ટૂંકમાં કહી શકાય કે – આવાસની ઈચ્છા રાખતા ભદ્રજને ગૃહાદિનિર્માણ પૂર્વે શું કરવું જોઈએ ? અને કયાં સિદ્ધાંતોનું પાલન કરી પોતાના સુખ–શાંતિ રૂપ ઉદ્દેશ્યને સિદ્ધ કરવું જોઈએ. તેનો ખ્યાલ વાસ્તુશાસ્ત્રના સૈદ્ધાંતિક વિવેચન કરતા ગ્રંથોના તલસ્પર્શી અભ્યાસથી થાય છે.

તો વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોને પ્રતિપાદિત કરતા ' રાજવલ્લભ ' નામના પ્રસ્તુત ગ્રંથમાં આ પ્રમાણે સિદ્ધાંતોનું નિરુપણ છે.

મુખ્યત : 'રાજવલ્લભ' ના વિષયવસ્તુને આ પ્રમાણે સૈદ્ધાંતિક રૂપમાં વિભાજીત કરી શકાય.

૧) વાસ્તુશાસ્ત્ર

૨) ગણિતશાસ્ત્ર

૩) જયોતિષશાસ્ત્ર

૪) શકુન શાસ્ત્ર

**<u>પ્રસ્તુત વિષયોના નિરુપણમાં તેને ક્રમશઃ નિરુપણ કર્યુ છે :</u>**

(૧) ગૃહનિર્માણ પ્રયોજન, ગૃહનિર્માણકાળ, દિક્સાધના, ભૂ–પરીક્ષા, પ્લવ વિચાર, શિલાન્યાસ વિચાર, ગજ આદિના પ્રમાણવિચાર, વાસ્તુલક્ષણ, વાસ્તુપુરુષ, વાસ્તુપૂજન, વાસ્તુના પ્રકારો, આયાદિ વિચાર, ગૃહનિર્માણ, જલાશયનિર્માણ, દુર્ગનિર્માણ, રાજપ્રાસાદ નિર્માણ, નગરનિર્માણ, વાવ–કૂવા–તળાવાદિનિર્માણ તેમજ એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ અને ચતુઃશાળ ગૃહોના લક્ષણો અને નિર્માણ વિધિ

(૨) ગણિતશાસ્ત્ર, માપ–માન, ઘનફળ વિચાર, પરિધ, વર્તુળ, ષટ્કોણ, અષ્ટકોણ આદિ રચનાઓમાં ક્ષેત્રફળ અને નિર્માણ વિધાન.

(૩) તિથિ, વાર, નક્ષત્ર, આદિમાં ગૃહનિવેશ, ગૃહપ્રવેશ અને વિવાહ આદિ શુભ કાર્યોમાં મુહૂર્ત વગેરેના વિધાનો અને શુભા–શુભ ફળના નિર્દેશોનો જયોતિષ શાસ્ત્ર સાથે ઉલ્લેખ.

(૪) શકુન લક્ષણો :

પ્રસ્તુત વિષયોને હું વિસ્તાર પૂર્વક વર્ણન આગળના પ્રકરણમાં ('રાજવલ્લભ' ના વર્ણ્ય વિષયમાં) કરીશ. પરંતુ અહીં ' રાજવલ્લભ ' માં સ્પષ્ટ થતા સિદ્ધાંતોના આધારે કહી શકાય કે –

ભારતીય શિલ્પ–સ્થાપત્ય (વાસ્તુ–વિદ્યા) ના ગ્રંથોમાં આ રીતે ત્રણ વિભાગો જોવા મળે છે.

૧) શિલ્પશાસ્ત્ર વિષયક ગ્રંથો

૨) જનવાસ્તુશાસ્ત્ર વિષયક ગ્રંથો

૩) દેવવાસ્તુ વિષયક ગ્રંથો.

તેમાં ' જનવાસ્તુશાસ્ત્રનાં ' વિષયોનું નિરુપણ મંડને ' રાજવલ્લભ ' માં કર્યુ છે.

જોકે રાજપ્રાસાદોનાં વર્ણનો અને સિદ્ધાંતોથી તે રાજાઓમાં વલ્લભ તો છે જ પરંતુ વસ્તુતઃ તે લોકવલ્લભ પણ થઈ ગયો છે.

આથી ' રાજવલ્લભ ' ગ્રંથને વાસ્તુશાસ્ત્રની પરંપરામાં ઉત્તરભારતીય વાસ્તુગ્રંથોમાં અને જનવાસ્તુશાસ્ત્રનું નિરુપણ કરતો ગ્રંથ કહી શકાય તેમજ મત્સ્યપુરાણાદિમાં ઉલ્લેખાયેલ વિશ્વકર્માદિ આચાર્યો પછી એટલે કે – પંદરમી સદીમાં આ ગ્રંથ પ્રાપ્ત થયો હોય તેમ અનુમાન કરી શકાય.

આથી કહી શકાય કે – જનવાસ્તુશાસ્ત્રના સંપાદનમાં આ એક ગ્રંથ જ પર્યાપ્ત અને ગુણધારક છે. તથા પણ *मणिर्गुणाढ्योऽपि सहायकाङ्क्षी ।* [૭] અર્થાત્ – મણિનો સોના સાથે સંયોગ થવાથી મહત્ત્વ વધી જાય છે. તેમ આ ગ્રંથને બીજા ગ્રંથ સાથે સમીક્ષા ભાવથી જોવાથી જનવાસ્તુકાર્ય સંપાદનની શ્રેષ્ઠતા મણિકાંચનવત્ થઈ જશે.

## ૩.૩ વાસ્તુશાસ્ત્ર અને *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'*

આગળ વર્ણવ્યા પ્રમાણે ' વાસ્તુ ' શબ્દ વસ્ ધાતુમાંથી બની વાસ્, નિવાસ એવો અર્થ પ્રગટ કરે છે. અને માનવીની મૂળભૂત જરુરીયાતોમાંની એક છે. આશ્રય મેળવવા માટે ઘર. આ ગૃહાદિના નિર્માણના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતું શાસ્ત્ર એટલે વાસ્તુશાસ્ત્ર.

આ વાસ્તુવિદ્યા એ આપણી પ્રાચીન વિદ્યા છે તેવું આપણે વેદો અને પુરાણોમાં વાસ્તુના ઉલ્લેખોના આધારે કહી શકીએ.

જેમકે, હિન્દુ સંસ્કૃતિમાં ૧૮ વિદ્યાઓ મૂળરૂપે છે. [૮] જેમા

૧) ૪ વેદ – ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ

૨) ૬ વેદાંગ – શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જયોતિષ,નિરુક્ત

૩) ૪ અન્ય શાસ્ત્રો – પુરાણો, ન્યાયશાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર, સ્મૃતિશાસ્ત્ર

૪) ૪ ઉપવેદ – આયુર્વેદ, ધનુર્વેદ, સામવેદ, સ્થાપત્યવેદ

આ ૧૮ વિદ્યાઓમાં સ્થાપત્યવેદ એ વાસ્તુવિદ્યાનું મૂળ છે. આમ, વાસ્તુવિદ્યા એ વેદો જેટલી જ પ્રાચીન વિદ્યા છે.

→ ૩.૩.૧ <u>વાસ્તુપંરપરા અને *' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ '*</u>

પ્રસ્તુત ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' નામનો શિલ્પગ્રંથ વાસ્તુવિદ્યાના આદ્યપિતા ' વિશ્વકર્મા ' કૃત છે. અને ખરુ કહીએ તો વિશ્વકર્મા એ વિશ્વકર્તા છે. આથી જ તો વિશ્વકર્મા વિના વાસ્તુશાસ્ત્રની કલ્પના અધુરી છે.

મત્સ્યપુરાણના (૯) ઉલ્લેખ પ્રમાણે વિશ્વકર્મા ૧૮ શિલ્પાચાર્ય પૈકીના એક છે.તે શિલ્પશાસ્ત્રના પ્રખ્યાત ઉપદેશક વેદકાલીન ઋષિ અને પ્રખ્યાત દેવપુરુષ છે.

વાસ્તુપરંપરા ઉપર વિચાર કરતા અને વેદકાલ સુધી દૃષ્ટિપાત કરતા કહી શકાય કે – વાસ્તુપરંપરા બે પ્રકારની છે.

૧) દેવતાઓની વાસ્તુપરંપરા અને

૨) અસુરોની વાસ્તુપરંપરા

આદ્ય સ્થપતિ <u>વિશ્વકર્મા</u> એ દેવશિલ્પ સ્થાપત્યના ઉપદેશક અને મહાન ગુરુ છે. જયારે <u>મય</u> એ અસુર સ્થપતિ પુરુષ છે.

આથી કહી શકાય કે દેવતાઓની વાસ્તુપરંપરામાં વિશ્વકર્મા એ આદ્ય શિલ્પજ્ઞ દેવ છે. તેમના અનેક શિલ્પગ્રંથો હાલ વિદ્યમાન છે. તેમણે દેવોની નગરીઓ જેવીકે – અમરાપુરી, સંયમી, વિરુચી, અલકાપુરી અને દ્વારકા વગેરે અનેક સ્થાપત્યોની રચના કરી છે. અને તેમના ગ્રંથોમાં વાસ્તુના સિદ્ધાંતોને સ્પષ્ટ કર્યા છે. તેથી વાસ્તુવિદ્યાના આધારભૂત ગ્રંથોમાં ' વિશ્વકર્માકૃત ' ગ્રંથો શિર સ્થાને છે.

' વિશ્વકર્માકૃત ' ગ્રંથોના ઉલ્લેખોમાં ભલે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નામના ગ્રંથનું નામ ઉલ્લેખીત નથી. પરંતુ દેવવાસ્તુ પરંપરામાં આજે પણ તેનું સ્થાન કલ્પી શકાય છે.

આશરે ચારેક દાયકા પહેલાજ ' શિલ્પાચાર્ય નંદલાલભાઈ ' દ્વારા સંપાદિત થયેલો આ ગ્રંથ વાસ્તુવિદ્યાના ઈતિહાસમાં અમરત્ત્વની પ્રાપ્તિરૂપ છે. પરંતુ મારા મતે કહી શકાય કે તેમના ઉપર વિશેષ રૂપે કોઈ અધ્યયનો થયા નથી.

વિશ્વકર્મા એ આપણી ભારતીય વાસ્તુવિદ્યાના ઈતિહાસમાં હયાતી ધરાવતી વાસ્તુશાસ્ત્રની ત્રણેય પરંપરામાં સ્થાન ધરાવે છે તેમ કહી શકાય. તે ત્રણ પરંપરા આ પ્રમાણે છે.

૧) નાગરાદિ વાસ્તુપરંપરા

૨) દ્રાવિડાદિ વાસ્તુપરંપરા

૩) વેસરાદિ વાસ્તુપરંપરા

આ ત્રણેય પરંપરા મૂળ તો એક જ છે. પરંતુ તે દરેકનો કોઈ ચોક્કસ કારણોને લીધે સાવ સ્વતંત્ર વિકાસ થયો છે. (૧૦)

તો આ ત્રણમાં નાગરાદિ અર્થાત્ – ઉત્તરભારતીય વાસ્તુપરંપરામાં ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નું સ્થાન કલ્પી શકાય કેમકે – પ્રસ્તુત ગ્રંથમાં પ્રાસાદ ઉત્પત્તિનો સુરમ્ય ઇતિહાસ વર્ણવતા નાગરાદિ પ્રાસાદોની ચૌદ જાતિઓના વર્ણનો કર્યા છે. (૧૧) તો વિશ્વકર્માકૃત બીજા ગ્રંથોના પ્રસ્તુત ગ્રંથમાં ઉલ્લેખો કર્યા છે.

આથી મૂળતઃ નાગરાદિ વાસ્તુપરંપરામાં સ્થાન ધરાવતા અને વિશ્વકર્માના દીપાર્ણવ, વિશ્વકર્મા પ્રકાશ, અપરાજિત પૃચ્છા આદિ ગ્રંથો પછી સ્થાન કલ્પી શકાય.

આમ છતા વાસ્તુશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોને આગવી રીતે પ્રગટ કરતા અને સંપાદકે આકૃતિઓ, ચિત્રો અને છબીઓ દ્વારા આ ગ્રંથને વાસ્તુપરંપરામાં શિર સ્થાને મૂકયો છે. તો ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં પ્રગટ થતા વાસ્તુના સૈદ્ધાંતિક મુદ્દાઓ આ પ્રમાણે છે.

ભૂ–પરીક્ષા, પ્લવભૂમિ, શલ્યશોધન, અંગુલાદિ પ્રમાણો, હસ્તગ્રહણવિધિ, વાસ્તુપુરુષ, વાસ્તુપૂજનવિધિ, કીલરોપણ, ખનન, શિલાન્યાસ, ગણિત–જયોતિષના નક્ષત્ર, આય અને ૨૧ અંગો, ૧૪ જાતિના પ્રાસાદોત્પત્તિ પ્રાસાદનિરુપણ, દ્વાર લક્ષણ, મંડપ, પ્રાસાદના અંગો સ્થાપનવિધિ, કેશર્યાદિ સાન્ધાર પ્રાસાદો, ઋષભાદિ પ્રાસાદો, જિન પ્રાસાદો, મેરુ પ્રાસાદો, નાગરપ્રાસાદો, દેવતામુર્તિ સ્વરૂપ લક્ષણો અને પ્રતિષ્ઠાવિધાન. આ વાસ્તુવિધાનો સાથે વણાયેલ ધર્મ, દર્શન, જયોતિષ વગેરે શાસ્ત્રો વડે વાસ્તુના સિદ્ધાંતોને પ્રગટ કરે છે. આથી વાસ્તુપરંપરામાં ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ને

૧) દેવતાઓની વાસ્તુપરંપરામા અને

૨) ઉત્તરભારતીય વાસ્તુપરંપરામાં કલ્પી શકાય તેમ છે.

આથી કહી શકાય કે, વાસ્તુશાસ્ત્રીય ચિંતનમાં ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નું સ્થાન ' મત્સ્યપુરાણથી લઈ અપરાજિતપૃચ્છા ' સુધીના સાહિત્ય પછી હશે. કેમકે, વિશ્વકર્તા વિશ્વકર્માએ પોતાના આ ગ્રંથમાં ઉપરોક્ત ગ્રંથના ઉદ્ધરણો ટાંકયા છે.

→ ૩.૩.૨ <u>અનન્ય ગ્રંથ '*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* '</u>

આશરે ચારેક દાયકા પહેલાજ જેણે પ્રકાશિત થવાનો અવસર પ્રાપ્ત થયો છે તે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નામનો ગ્રંથ <u>શિલ્પસંહિતાનો</u> એક વિભાગ છે.

શિલ્પસંહિતા વિશે કહેવાયું છે કે – *શિલ્પસંહિતાયા દશશાસ્ત્રાણિ* । (૧૨)

અર્થાત્ – શિલ્પસંહિતાના ૧૦ વિભાગ છે :–

| | |
|---|---|
| ૧) કૃષિશાસ્ત્ર | ૬) વિમાનશાસ્ત્ર |
| ૨) જળશાસ્ત્ર | ૭) વાસ્તુશાસ્ત્ર |
| ૩) ખનીજશાસ્ત્ર | ૮) પ્રકારશાસ્ત્ર |
| ૪) નૌકાશાસ્ત્ર | ૯) નગરરચના |
| ૫) રથશાસ્ત્ર | ૧૦) યંત્રશાસ્ત્ર |

આ શિલ્પસંહિતાના ૧૦ વિભાગો પર લખાયેલા જુદા–જુદા ગ્રંથોમાં ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' એ શિલ્પસંહિતાના વાસ્તુશાસ્ત્ર વિભાગ પર લખાયેલો અને વાસ્તુ, ગૃહનિર્માણ, પ્રાસાદનિર્માણ, દેવાયતનોનું નિર્માણ, સ્થાપત્યો , શિલ્પ, પ્રતિમાં પ્રમાણ, પ્રતિષ્ઠા આદિ વિષયોને આવરી લેતો અનન્ય ગ્રંથ છે.

આ ઉપરાંત ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ગ્રંથ વિશે કહેવાયું છે કે –

*ગ્રન્થોऽયંશિલ્પગ્રન્થાનાં, મંડનં ચ મનોહરઃ ।*

*સરલઃ શોભનઃ સુષ્ઠુઃ, સર્વોપકારકારકઃ ।।* (૧૩)

અર્થાત્ – આ ગ્રંથ શિલ્પશાસ્ત્રના મંડનરૂપ છે. અને તેની રચના સરલ, શોભન, સુંદર અને સર્વને માટે ઉપકારક છે.

આથી કહી શકાય કે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નામનો ગ્રંથ ' વાસ્તુશાસ્ત્રના ' અનેક ગ્રંથોમાં સ્વયં પ્રકાશિત છે. આથી જ પાછળથી સંપાદિત થયેલો અને વાસ્તુવિદ્યાને તત્ત્વતઃ વર્ણવતા આ ગ્રંથ વિશે શું કહેવું ? બસ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' એટલે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ '

→ ૩.૩.૩ <u>વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતો અને *'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'*</u>

વાસ્તુવિદ્યાના ગ્રંથો વચ્ચે સ્વયં પ્રકાશિત અને છેક દેવતાઓની પરંપરા સાથે સલંગ્ન આ કૃતિ ' શાસ્ત્રાકાશમાં ધ્રુવ તારક સમાન છે ' તો ગ્રંથના વિષયવસ્તુપર વિહંગાવલોકન કરતા – વાસ્તુ, ભૂ–પરીક્ષા, ભૂમિશુદ્ધિ, વત્સચક્ર, નાગચક્ર, વૃષભચક્ર, આયતત્ત્વ, કીલ, ખનન, શિલાન્યાસ, હસ્તાદિ માપ, દિક્સાધના, રાશિ, નક્ષત્ર, ક્ષેત્રફળાદિ ૨૧ અંગો તેમજ, નાગરાદિ પ્રાસાદો, મેરુપ્રાસાદો, જિનપ્રાસાદો, સંવસરણ, કેસરાજપ્રાસાદો, દેવ–દેવી લક્ષણ–સ્વરૂપો, પ્રતિષ્ઠાવિધાન આદિ વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતોને તે નિર્દેશે છે. આથી જ ભારતીય વાસ્તુવિદ્યાના આધારે ગૃહાદિ અને દેવાયતનો આદિના નિર્માણથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે પ્રસ્તૃત ગ્રંથના વિષયો વાસ્તુનાં સિદ્ધાંતોને તત્ત્વતઃ આલેખિત કરે છે.

► **વાસ્તુશાસ્ત્રના સૈદ્ધાંતિક રૂપમાં પ્રસ્તુત ગ્રંથના વિષયોને આ પ્રમાણે વિભાજીત કરી શકાય.**

૧) વાસ્તુશાસ્ત્ર

૨) ગણિત અને જયોતિષશાસ્ત્ર

૩) પ્રાસાદોત્પત્તિ

૪) દેવાયતનો નિર્માણ

૫) દેવ–દેવીઓના સ્વરૂપ લક્ષણો

૬) પ્રતિષ્ઠાવિધાન

પ્રસ્તુત વિષયોના નિરુપણો વિશ્વકર્માએ આ પ્રમાણે કર્યા છે.

(૧) ભૂ–પરીક્ષા, દિક્સાધના, વાસ્તુઉત્પત્તિ, વાસ્તુપુરુષ, ૧ થી ૧૦૦૦ પદ સુધીના વાસ્તુ, વાસ્તુપૂજનવિધિ, કીલરોપણ, ખનન, શિલાન્યાસ, વત્સચક્ર, હસ્તાદિ પ્રમાણ, હસ્તગ્રહણ વિધિ આદિ વાસ્તુશાસ્ત્રીય વિષયોના નિરુપણો છે.

(૨) પ્રાસાદ આદિની રચનામાં ગણિત એ મુખ્ય વિષય છે. અને ગણિત એ જયોતિષ ચક્રો સાથે સંકળાયેલ છે. અને તેના ૨૧ અંગોના નિરુપણ અહીં છે. ક્ષેત્રફળ, આય, નક્ષત્રફળ, નક્ષત્રગણ, નક્ષત્રચંદ્ર, નક્ષત્રવૈર, વ્યય, તારા, નાડી, રાશિ, રાશિસ્વામી, ગૃહનામાક્ષર, અંશક, લગ્ન, તિથિ, વાર, કરણ, યોગ, વર્ગ, તત્ત્વ, આયુષ્ય આ રીતે ગણિત / જયોતિષના ૨૧ અંગોનું વિધાન.

(૩) વિશ્વકર્માએ પ્રાસાદ વિધાનમાં નાગરાદિ ચૌદ જાતિય પ્રાસાદો  કૈશર્યાદિ સાન્ધાર પ્રાસાદો, નિરન્ધાર પ્રાસાદો, મેરુ પ્રાસાદો, ઋષભાદિ પ્રાસાદો, જિનપ્રાસાદો, સમવસરણનું સ્વરૂપ, દ્વાર, મંડોવર, ગવાક્ષ, નાગરાદિ પ્રાસાદો વગેરે તલમાન, પ્રતિષ્ઠા આદિ વિષયનું વિધાન.

(૪) દેવાયતનોના વિધાનમાં વિશ્વકર્મા – વિવિધ દેવોના આયતનો, દેવ દ્દષ્ટિનિર્ણય, ગર્ભગૃહ, કળશવિધાન, દેવ–દેવીઓના પ્રતિમા સ્વરૂપ – લક્ષણ, જિન સ્વરૂપ, તીર્થંકરો સ્વરૂપ, વિદ્યા આદિ દેવીઓના વિધાનો, આય સ્વરૂપો આદિનું નિરુપણ.

ટુંકમાં પ્રારંભિક માન્યતાઓ પ્રમાણે દેવાલયની રચના માનવ દેહ પ્રમાણે પગથી લઈને શિર સુધી કહી છે અને વાસ્તુ સિદ્ધાંતોની શરૂઆત દેવાયતનોના નિર્માણના સિદ્ધાંતો આધારે જ થઈ છે. (૧૪)

(૫) દેવ–દેવીઓના સ્વરૂપ લક્ષણો.

(૬) ગૃહાદિના નિર્માણમાં પ્રવેશ, માસ, વાર, ત્યાગ, વત્સ, હોલાષ્ટક, દિક્શૂલ, નક્ષત્ર, કાળ, દેવ–દેવીની પ્રતિષ્ઠા રત્નાદિના ન્યાસ વિધાનો, શિલાન્યાસ, મુહૂર્ત આદિમાં પ્રતિષ્ઠાવિધાન.

ઉપરોક્ત વિષયોનાં વિસ્તારથી વર્ણનો હું આગળના પ્રકરણમાં (' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના વર્ણ્ય વિષયમાં) કરીશ.

પરંતુ અહીં વિષયવસ્તુના અવલોકનના આધારે કહી શકાય કે – વાસ્તુશાસ્ત્ર ત્રણ વિભાગોમાં વિભાજીત છે.

(૧) શિલ્પશાસ્ત્ર પરંપરા

(૨) દેવવાસ્તુ પરંપરા

(૩) જનવાસ્તુ પરંપરા

તેમા ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નામનો સુપ્રતિષ્ઠિત ગ્રંથ દેવવાસ્તુ પરંપરાનો ગ્રંથ છે. પરંતુ " <u>તેને શુદ્ધ દેવવાસ્તુ પરંપરામાં ન ગણતા – દેવવાસ્તુ ઉપરાંત જનવાસ્તુનો નિર્દેશો કરતા અને પ્રતિમા, પ્રમાણ, પ્રતિષ્ઠા આદિ વિશેષ વિષયોના નિરુપણ કરતા ગ્રંથ તરીકે પ્રસ્થાપિત કરી શકાય.</u> "

## ૩.૪ નિષ્કર્ષ

પ્રસ્તુત પ્રકરણ વાસ્તુશાસ્ત્રીય ચિંતનમાં ' રાજવલ્લભ ' અને' શિલ્પસ્મૃતિ–વાસ્તુવિદ્યાયામ્ ' નું સ્થાન પરંતુ ખરેખર ભારતીય વાસ્તુવિદ્યામાં આવા સૈદ્ધાંતિક ગ્રંથોનું સ્થાન નક્કી કરવું એ – મારા જેવા વાસ્તુવિદ્યામાં અલ્પજ્ઞ મનુષ્ય માટે ખૂબ જ કપરુ કામ છે. પરંતુ કેટલાક ગ્રંથોના અવલોકન પછી હું તેમના સ્થાન આ પ્રમાણે સ્પષ્ટ કરું છું તેમા કોઈ ક્ષતી હોવાની સંભાવનાને હું સ્વીકારું છું.

મારા મત મુજબ ' રાજવલ્લભ ' ગ્રંથ દેવપરંપરામાં વિશ્વકર્મા પછી એટલે કે પંદરમી શતાબ્દીમાં પ્રાપ્ત થયેલો ગ્રંથ છે. એમ ગ્રંથોક્ત પુરાવાના આધારે કહી શકાય તેમા સંપૂર્ણ જનવાસ્તુના નિરુપણો છે અને તેની શૈલી ઉત્તરભારતીય વાસ્તુ પરંપરાની છે એમ કહી શકાય.

તો દેવોના શિલ્પી અને વાસ્તુસ્થપતિ વિશ્વકર્મા રચિત ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' એ પણ દેવતાઓની પરંપરામાં અને શુદ્ધ દેવવાસ્તુ ઉપરાંત પ્રતિમા, પ્રમાણ, પ્રતિષ્ઠા અને જનવાસ્તુના અંશતઃ નિરુપણ કરતો અમૂલ્ય ગ્રંથ છે.

પ્રસ્તુત ગ્રંથોના સ્થાનને આ પ્રમાણે કલ્પી શકાય.




તો અહીં મુખ્ય બે પ્રવાહોમાં બંને ગ્રંથો દેવપરંપરામાં કલ્પી શકાય અને બંનેની શૈલી નાગરાદિ છે તેમ પણ અનુમાન કરી શકાય. પરંતુ ' રાજવલ્લભ ' જનવાસ્તુશાસ્ત્રના વિષયોને રજૂ કરતો ગ્રંથ છે. જયારે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' એ દેવવાસ્તુ મુખ્ય અને અંશતઃ જનવાસ્તુના નિરુપણ કરતો વાસ્તુશાસ્ત્રીય ગ્રંથ છે.

આથી જ એક જ પ્રવાહના બે ગ્રંથોના કેટલાક વિષય ભેદને કારણે જ બંનેની તુલના શકય બનશે.

આ બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોના અવલોકન પછી કહી શકાય કે – " આ ગ્રંથોના વર્ણ્ય વિષયો વર્તમાન સ્થાપત્ય વિજ્ઞાનથી ખૂબ જ આગળ છે. " આથી કોઈએ કહ્યું છે વાસ્તુશાસ્ત્ર વિકાસ પામેલ યુગનું વિજ્ઞાન છે. અને પ્રાચીનકાળનો એક ' ઉપવેદ ' છે.

આવા વાસ્તુશાસ્ત્રીય ચિંતનના અંતે કહી શકાય કે – આ બંને ગ્રંથોના વર્ણ્ય વિષયો આપણી તમામ ભૌતિક શારીરિક, આધ્યાત્મિક, વાતાવરણીય વગેરે સંવાદિતતા સાથે પ્રત્યક્ષ રીતે સંબંધ ધરાવે છે. આથી તે માનવ જીવનને વધારે સુખી અને સમૃદ્ધ જીવન તરફ દોરી જાય છે. માટે જ આ બંને ગ્રંથોનું સ્થાન વાસ્તુશાસ્ત્રના ચિંતનમાં શિરમોર છે તેમ કહીએ તો કોઈ અતિશયોક્તિ નહી થાય તેમ હું માનું છું.

# પાદ–ટીપ

| ક્રમ | વિષય | શ્લોક ક્રમ |
|---|---|---|
| ૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧,૧૧ |
| ૨ | *राजव©भ* | ૧,૫ |
| ૩ | *ज्ञानप्रकाशदीपार्णव* | પ્રસ્તાવના પૃ.નં. ૨૧ |
| ૪ | ચક્રપાણિમિશ્ર અને તેનું સાહિત્યમાં રાજયભિષેક પદ્ધતિ | પ્રસ્તાવના |
| ૫ | *रूपमंडनम्* | પ્રસ્તાવના<br>પૃ.નં.૧૩–૧૪ |
| ૬ | *राजव©भ* | બનારસ પ્રાક્કથન |
| ૭ | *प्रासादमण्डनम्* | ૮,૧૧૬ |
| ૮ | ભારતીય વાસ્તુશાસ્ત્ર સંહિતા | ૧,૫ |
| ૯ | *मत्स्यपुराणम्* | ૧૧૫, ૨,૩ |
| ૧૦ | *ज्ञानप्रकाशदीपार्णव* | પ્રસ્તાવના પૃ.નં. ૨૧ |
| ૧૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૧,૮ થી ૧૪ |
| ૧૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | પ્રસ્તાવના પૃ.નં.૧૮ |
| ૧૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | પ્રસ્તાવના પૃ.નં. ૦૯ |
| ૧૪ | *प्रासादमंडनम्* | પૃ.નં. ૦૫ |

# પ્રકરણ : ૪

# ' *राजव©भ* ' અને

# ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના

# વર્ણ્ય વિષયો

# પ્રકરણ – ૪

## *' राजव©भ '* અને *' शिल्पस्मृतिवास्तुविद्यायाम् '* ના વર્ણ્ય વિષયો

### ૪.૧ ભૂમિકા

પ્રસ્તુત બંને ગ્રંથો શિલ્પ શાસ્ત્રના ગ્રંથો છે. વાસ્તુવિદ્યાને વર્ણવતા આ બંને ગ્રંથોમાં સ્થાપત્ય વિદ્યા મુખ્ય વિષય છે. વાસ્તુ, શિલ્પ અને સ્થાપત્ય એ ત્રણ અભિન્ન રીતે આ ગ્રંથોના વર્ણ્ય વિષય સાથે જોડાયેલા છે. અને શિલ્પ–સ્થાપત્ય વાસ્તુનો મુકુટમણિ છે. સ્થાપત્ય વિશે કહેવાય છે કે –

*चतुःप्रकारं स्थापत्यमष्टधा च चिकित्सितम् ।*

*धनुर्वेदश्च सप्ताङ्गो ज्योतिषं कमलालयात् ।।* (૧)

અર્થાત્ – ' ચારેય પ્રકારનાં સ્થાપત્ય, અષ્ટાદશ આયુર્વેદ અને જયોતિષ એ સર્વશાસ્ત્રોના મૂળ પ્રવર્તક બહ્માજી છે '.

આ ચતુર્વિધ સ્થાપત્ય એટલે (૧) પુર નિવેશાદિ (૨) ભવનનિર્માણાદિ (૩) પ્રાસાદ વાસ્તુશાસ્ત્ર અને (૪) જળાશય આદિ નિર્માણ ને ગણાય છે. અને આ સ્થાપત્યવિદ્યા / વાસ્તુવિદ્યા એ અથર્વવેદનું એક અંગ છે.

શુક્રાચાર્ય કહે છે –

*विद्याह्यनंताश्च कलाः संख्या तु नैव शक्यते ।*

*विद्या मुख्याश्च द्वात्रिंशच्चतुः षष्ठिकलास्मृताः ।।* (૨)

અર્થાત્ – અનંત વિદ્યા તથા અસંખ્ય કલાની ગણતરી થઈ શકતી નથી. પરંતુ મુખ્ય વિદ્યા બત્રીશ છે. અને મુખ્ય કળા ચોસઠ છે. આ વિદ્યા તથા કળાની સામાન્ય વ્યાખ્યા આપતા શુક્રાચાર્ય કહે છે કે –

*यद् यत्स्याद् वाचिकं सम्यक्कर्म विद्याभिसंज्ञकम् ।*

*शक्तो मूकोऽपि यत्कर्तुं कलासंज्ञंतु तत्स्मृतम् ।।* (૩)

અર્થાત્ – " જે કાર્ય વાણીથી થઈ શકે છે તેને વિદ્યા કહે છે અને મૂંગો પણ જે કાર્ય કરી શકે છે તેનું નામ કળા છે. "  શિલ્પ, ચિત્ર, નૃત્ય વગેરે કાર્યો મૂક ભાવે પણ થઈ શકે છે તેથી તે દરેકને કળા કહે છે.

તેમજ દેવમંદિર, રાજમહેલ, પ્રતિમા, ઉપવનગૃહો, સરોવર વગેરે જળાશયો,નગર, કિલ્લા, આદિ રચનાની વિદ્યાને મહર્ષિઓએ શિલ્પશાસ્ત્ર કહ્યું છે.

આમ, સ્થાપત્ય અને શિલ્પ એ વાસ્તુવિદ્યા સાથે અભિન્ન રીતે જોડાયેલ છે અને વાસ્તુવિદ્યા આપણી પ્રાચીન વિદ્યા છે, તેના ઉલ્લેખો, વેદ, પુરાણો અને પ્રાચીન સાહિત્યમાં જોઈ શકાય છે. અને વાસ્તુવિદ્યાને વર્ણવતા અનેક ગ્રંથો જેવા કે – ક્ષીરાર્ણવ, વૃક્ષાર્ણવ, દીપાર્ણવ, અપરાજિત, જ્ઞાનપ્રભકોશ, વિશ્વકર્મા પ્રકાશ, દેવતામૂર્તિ–પ્રકરણ, પ્રાસાદ મંડન, રાજવલ્લભ, રુપમંડન, વાસ્તુમંડન, માનસાર, વેખાનસાગમ, મયમતમ્ આદિ ગ્રંથો એ આપણા પ્રાચીન શિલ્પગ્રંથો છે.

પ્રાચીન શિલ્પગ્રંથોમાં સમાવેશ પામતા અને આજે પણ વાસ્તુવિદ્યાની 'વાસ્તુવિશારદ વિશ્વકર્મા' અને ' મંડનસૂત્રધાર ' ના મતમાં જ પ્રસ્તુતિ કરતા ગ્રંથો એટલે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' અને ' રાજવલ્લભ ' આ બંને ગ્રંથોના શિલ્પ–સ્થાપત્ય / વાસ્તુવિદ્યાના સિદ્ધાંતોનું તુલનાત્મક અધ્યયન એ મારો શોધનો  વિષય છે. પરંતુ તે પૂર્વે હું પ્રસ્તુત બંને ગ્રંથોના વિષયવસ્તુને વર્ણવવાનો નમ્ર પ્રયાસ કરું છું.

' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં વિશ્વકર્માએ જનવાસ્તુ, દેવવાસ્તુ અને શિલ્પશાસ્ત્રને આવરી લઈને વિશદ વર્ણન કર્યુ છે.  તો મંડનકૃત ' રાજવલ્લભ ' માં જનવાસ્તુના મુખ્ય સિદ્ધાંતોને વિશદ રીતે વર્ણવ્યા છે. તો પ્રસ્તુત છે બંને ગ્રંથોના વર્ણ્યવિષયો.

## ૪.૨ ' ***राजव©भ*** ' ના વર્ણ્યવિષય

મંડનસૂત્રધાર રચિત ' રાજવલ્લભ ' તેના શીર્ષક પ્રમાણે રાજાઓને તો પ્રિય છે જ પરંતુ તેના વિશદ વિષય વસ્તુમાં જનવાસ્તુને પણ આવરી લેતા તે જનવલ્લભ પણ થઈ શકે તેવી વિરાટ સંભાવના છે. આ ઉપરાંત તે જયોતિષ શાસ્ત્રીઓને પણ આ ગ્રંથ પ્રમાણિત લાગ્યો છે. આવા વાસ્તુશાસ્ત્રના વર્ણ્યવિષયોને આ પ્રમાણે આલેખિત કરી શકાય.

## ૪.૨.૧ <u>'રાજવલ્લભ' માં વર્ણિત ભૂ–પરીક્ષા, વાસ્તુ પ્રકારો, વાસ્તુપુરુષ, વાસ્તુયંત્ર અને યજ્ઞકુંડ આદિ</u>

પ્રસ્તુત વિષયોનું વણ ન 'રાજવલ્લભ' માં પ્રથમ બે અધ્યાયોમાં આ પ્રમાણે જોઈ શકાય છે.

→ 'રાજવલ્લભ' માં પણ ભારતીય સંસ્કૃતિની રીતિથી સૌ પ્રથમ મંગલાચરણ કર્યું છે. મંડને ગણપતિ, સૂર્ય, વિષ્ણુ, પાર્વતી અને મહાદેવની સ્તુતિ આ પ્રમાણે અનુષ્ટુપ છંદમાં કરી છે.

*आनंदंवोगणेशार्कविष्णु गौरीमहेश्वराः ।*

*देवाः कुर्युः श्रियंसौख्यमारोग्यंत्वद्गृहेसदा ।।* (૪)

અર્થાત્ – ગણપતિ, સૂર્ય, વિષ્ણુ, પાર્વતી અને મહાદેવ એ દેવો તમને આનંદ આપો તથા નિરંતર લક્ષ્મી, તમારા ઘરમાં સુખ અને આરોગ્યપણું આપો. ત્યાર પછી પાર્વતી પુત્ર ગણેશની સ્તુતિ, સરસ્વતીની સ્તુતિ અને વિશ્વકર્માની સ્તુતિ કરીને આ ગ્રંથના વર્ણ્યવિષયને સ્પર્શ કર્યો છે.

### ૪.૨.૧.૧ <u>ભૂ–પરીક્ષા</u>

મંડન સૂત્રધારે વાસ્તુશાસ્ત્રના મુખ્ય સિદ્ધાંતોનું વર્ણન કરતા ભૂ–પરીક્ષા, ભૂ–પ્રકારો, ભૂમિશુદ્ધિ આદિ વિષયોને પ્રથમ અધ્યાયમાં આ પ્રમાણે વર્ણતિ  છે.

*परीक्षितायां भुविविघ्नराजंसमच्चर्ययेश्चंडिकया समेतम् ।*

*क्षेत्राधिपंचाष्ठदिशाधिनाथान् सपुष्पधूपैर्बलिभिः सुखाय ।।* (૫)

અર્થાત્ – પૃથ્વીની પરીક્ષા કરી ચંડી સહિત ગણપતિનું પૂજન કરવું, તેમજ ક્ષેત્રપાળ અને આઠે દિક્પાળોનું પૂજન પુષ્પ, ધૂપ અને બલિ વડે કરવાથી સુખ થાય.

તેમજ બ્રાહ્મણાદિ વર્ણો અનુસાર જ મંડને ભૂમિના ચાર પ્રકારોનું વર્ણન કર્યુ છે અને તેવુ જ વર્ણન મત્સ્યપુરાણમાં પણ પ્રાપ્ત થાય છે. (૬) મંડને વર્ણવેલા વર્ણાનુસાર ભૂમિ પ્રકારો આ પ્રમાણે છે.

*श्वेताब्राह्मणभूमिका च घृतवद्गंधाशुभस्वादिनी*

*रक्ताशोणितगंधिनीनृपति भूःस्वादेकषयाचसा ॥*

*स्वादऽम्लातिलतैलगंधिरुदितापीताचवैश्यामही*

*कृष्णा मत्स्यसुगंधिनीचकटुकाशूद्रेतिभूलक्षणम् ॥* (૭)

અર્થાત્, પ્રસ્તુત શ્લોકાર્થને નીચેના કોષ્ટક દ્વારા પ્રસ્તુત કરી શકાય.

| વર્ણ | રસ | ગંધ | રંગ |
|---|---|---|---|
| બ્રાહ્મણ | મધુર | ધૃતગંધા | શ્વેત |
| ક્ષત્રિય | કષાય | રક્ત ગંધા | રક્ત/લાલ |
| વૈશ્ય | ખાટો | તલતૈલગંધા | પીત/પીળો |
| શૂદ્ર | કટુ | મત્સ્ય ગંધા | કૃષ્ણ |

આ ઉપરાંત જે ભૂમિમાં મીઠાસ હોય, શ્વેતવર્ણની હોય અને જયાં વિપરીત પ્રકૃતિવાળા લોકો (પ્રાણીઓ) પ્રીતિ વડે રહેતા હોય, તે ભૂમિ ચારેય વર્ણો માટે શ્રેષ્ઠ છે.(૮)

આ ઉપરાંત ભૂમિની ઉત્કૃષ્ટતા અને શુભાશુભતા માટે મંડને પૃથ્વીની પરીક્ષા બીજા પ્રકારે કરવાનું કહ્યું છે.

તે એવી રીતે કે – " ઘર કરવાની જમીનમાં એક હાથ ઉંડો ખાડો ખોદવો અને તે ખાડો ખોદતાં નીકળેલી માટી તેજ ખોદેલા ખાડામાં પાછી પૂરતાં માટી ઘટે તો હીન ફળ જાણવું, તથા ખોદેલી માટી ખાડામાં પૂરતા તે ખાડો જમીનની સપાટી બરોબર પૂરાઈ રહે તો તેનું સાધારણ ફળ જાણવું. અને ખોદેલા ખાડામાંથી નીકળેલી માટી પાછી તેજ ખાડામાં પૂરતાં માટી વધે તો લાભ થાય એમ જાણવું. (૯) અને એક એવો પણ પ્રયોગ કહ્યો છે કે, ભૂમિમાં કરેલા ખાડામાં પાણી ભરી અને ૧૦૦ પગલા દૂર જઈ પાછા આવી જોતા પાણી શોષાય ગયું હોય તો અશુભ, થોડુક રહ્યું હોય તો મધ્યમ અને પૂર્ણ રહ્યું હોય તો શુભકારક જાણવું.

### ૪.૨.૧.૨ <u>ભૂમિમાં પ્લવ / ઢાળ અને વર્ણો માટે યોગ્યતા</u>

વાસ્તુશાસ્ત્રમાં ભૂમિની પ્લવ પરીક્ષા ખૂબ જ મહત્ત્વની બાબત મનાઈ છે અને અહીં મંડને પ્લવની ગૃહ પર પડતી અસર અને તેના ફળનો વિચાર આ પ્રમાણે કર્યો છે.

*भूमेः प्राक्प्लवनं च शंकर ककुट सौम्याश्रितं सौख्यकृत् ।*
*वह्नौवह्निभयंचमेमरणं चौराद्भयं राक्षसे ॥*
*वायव्येप्लवनंचधान्यहरणंस्याच्छोकदंवारुणे ।*
*विप्रादेरनुवर्णतश्चसुखदंसृष्टेः क्रमात्सौम्यतः ॥* (૧૦)

અર્થાત્ – "જે જમીનનો ઢાળ, પૂર્વ, ઈશાન કે ઉત્તર તરફ હોય તે સુખકારી, જેનો ઢાળ અગ્નિ તરફ હોય તે અગ્નિનો ભય ઉત્પન્ન કરે, દક્ષિણ તરફ ઢાળવાળી ગૃહપતિનું મૃત્યુ કરાવે, નૈઋત્યનો ઢાળ ચોરનો ભય ઉત્પન્ન કરાવે, વાયવ્યનો ઢાળ ધાન્ય નાશક અને પશ્ચિમનો ઢાળ શોક કરાવનારો છે." આથી સુખ પ્રાપ્તિ માટે મનુષ્યએ પ્લવ પરીક્ષા કરીને ગૃહ બનાવવું જોઈએ.

વળી મંડને પક્ષાંતરે કહ્યું છે કે દિશા પ્લવ વર્ણાનુસાર પણ શુભાશુભ લક્ષણો વાળી હોય છે તેનો પ્રસ્તુત સારણી દ્વારા આ રીતે સ્પષ્ટ કરી શકાય.

| <u>વર્ણ</u> | <u>દિશા–પ્લવ</u> | <u>ફળ</u> |
|---|---|---|
| બ્રાહ્મણ | ઉત્તર | શ્રેષ્ઠ |
| ક્ષત્રિય | પૂર્વ | શ્રેષ્ઠ |
| વૈશ્ય | દક્ષિણ | શ્રેષ્ઠ |
| શૂદ્ર | પશ્ચિમ | શ્રેષ્ઠ |

આ ઉપરાંત મંડને વર્ણપ્રમાણે ગૃહ અને ગૃહ બાંધતા પહેલા સાધનો અને વર્ણ અનુસાર ત્યાજ્ય જમીનનાં લક્ષણો બતાવ્યા છે. જેમકે –

*अग्नौराक्षसवायुशंकर दिशिस्थाप्यः क्रमात् कीलिकाः*
*अश्वत्थात्खदिरश्च्छिरीषककुभाद्वृक्षात्क्रमेणद्विजात् ॥*
*वर्णानां कुशमुंजकाशशणेजंसूत्रक्रमात् सूत्रणे*
*निम्नाभूः स्फुटितोषराबिलवती शल्यैर्युतानोशुभा ॥* (૧૧)

પ્રસ્તુત શ્લોકાર્થને આ રીતે સ્પષ્ટ કરી શકાય.

| ક્રમ | વર્ણ | લાકડું | દિશા | સુત્ર |
|---|---|---|---|---|
| ૧ | બ્રાહ્મણ | પીપળો | અગ્નિકોણ | દર્ભ |
| ૨ | ક્ષત્રિય | ખેર | નૈૠત્યકોણ | મુંજ |
| ૩ | વૈશ્ય | શિરીષ | વાયવ્યકોણ | કાસ |
| ૪ | શૂદ્ર | કકુભ | ઈશાનકોણ | શણ |

પક્ષાંતરે મંડને કહ્યું છે કે – ગૃહ કરતા પહેલા જો ભૂમિ ખાડાવાળી હોય, ફાટેલી હોય, ખારવાળી હોય, ઉંદર અને સર્પના દરો હોય અને ખોદતા હાડકા નીકળે તેવી ભૂમિ સર્વથા ત્યાજવી.

૪.૨.૧.૩ <u>ગૃહનું માહાત્મ્ય</u>

પ્રાણી માત્રને માટે સૌથી સુખની અનુભૂતિ કરાવનાર જો કોઈ સ્થળ હોય તો તે ગૃહ છે. અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટેના કર્મો ગૃહમાં જ થાય છે. માટે મનુષ્યએ ગૃહ નિર્માણ આદિ કાર્યો વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે કરવા જોઈએ. મંડને ગૃહારંભ માટે નક્ષત્ર, પક્ષ, ચંદ્ર, શુભદિન, સૂર્યનું અયન અને સારો દિવસ આદિ વિચારને યોગ્યતા આપી છે. અને ગૃહ મહાત્મ્ય બતાવતા કહ્યું છે કે –

*स्त्रीपुत्रादिकभोगसौख्य जननंधर्मार्थकामप्रदं*
*जंतूनांलयनं सुखास्पदमिदंशीतां बुधर्मावहम् ।।*
*वापी देवगृहादिपूज्यमखिलंगेहात्समुत्पद्यते ।*
*गेहंपूर्वमुशंति तेन विबुधाः श्री विश्वकर्मादयः ।।* (૧૨)

અર્થાત્ – " જે ઘર વિશે સ્ત્રી, પુત્રાદિભોગના ભોગો અને સુખપ્રાપ્ત થાય છે, જે ઘર વડે ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે. જે ઘર પ્રાણીનું વિશ્રામ સ્થાન છે. એટલું જ નહીં પણ શીત, વર્ષા અને તાપનો ભય નિવારણ કરનાર પણ ઘર છે, તે ઘર વડે વાવડી તથા કૂવાનું સુખ અને દેવમંદિરનું પૂણ્ય મળે છે. એ સર્વ ઘરવડે જ મળે છે. માટે જ વિશ્વકર્માદિ પંડિતો અને દેવતાઓ વગેરે સૌથી પહેલા ઘરની ઈચ્છા કરે છે. " માટે જ

વાસ્તુશાસ્ત્રએ કહેલા માસમાં, શુકલ પક્ષમાં, ચંદ્રમાંના બળમાં સારા દિવસે અને સારા શકુનમાં ઉત્તરાયણના સૂર્યમાં ઘરનો આરંભ અને ઘરમાં પ્રવેશ કરવાનું કહ્યું છે. (૧૩)

આ ઉપરાંત <u>ગૃહારંભમાં માસ ફળ</u> બતાવતા મંડને કહ્યું છે કે –

*चैत्रे शोककरंगृहादिरचितंस्यान्माधवेऽर्थप्रदं*

*ज्येष्ठे मृत्युकरंशुचौपशुहरंतद् वृद्धिदं श्रावणे ॥*

*शून्यंभाद्रपदेऽश्विनेकलिकरंभृत्युक्षयं कार्त्तिके*

*धान्यं मार्गसहस्यर्योदहनभीर्माघेश्रियं फाल्गुने ॥* (૧૪)

પ્રસ્તુત શ્લોકાર્થને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| <u>ક્રમ</u> | <u>માસ</u> | <u>ફળ</u> |
|---|---|---|
| ૧ | ચૈત્ર | શોક |
| ૨ | વૈશાખ | ધનની પ્રાપ્તિ |
| ૩ | જયેષ્ઠ | મૃત્યુ |
| ૪ | અષાઢ | પશુનો નાશ |
| ૫ | શ્રાવણ | પશુની વૃદ્ધિ |
| ૬ | ભાદ્રપદ | શૂન્ય |
| ૭ | આશ્વિન | કલેશ |
| ૮ | કાર્તિક | નોકરોનો નાશ |
| ૯ | માર્ગશીર્ષ | ધાન્ય પ્રાપ્તિ |
| ૧૦ | પૌષ | ધાન્ય પ્રાપ્તિ |
| ૧૧ | માઘ | અગ્નિ ભય |
| ૧૨ | ફાગણ | લક્ષ્મીની વૃદ્ધિ |

તેમજ મંડને માસ–ફળની સાથે જ યોગ્યમાસમાં રાશિ અને સૂર્યની સ્થિતિ અર્થાત્ જે રાશિ પર સૂર્ય હોય તે પ્રમાણે <u>ગૃહદ્વાર રાખવાનો નિર્ણય</u> આપ્યો છે. જેમકે –

*आदित्येहरिकर्कनक्रधटगे पूर्वा परास्यंगृहं*
*कर्तव्यंतुलमेष वृश्चिक वृषेयाम्योत्तरास्यं तथा ।*
*द्वारंभिन्नतया करोतिकुमति र्द्रव्य प्रणाशस्तदा*
*कन्यामीन धनुर्गते मिथुनगेचास्मिन्नकार्यंगृहम् ।।* (૧૫)

અર્થાત્ –

| સૂર્યની સ્થિતિ | દ્વારની દિશા |
|---|---|
| સિંહ, કર્ક, મકર, કુંભ | પૂર્વ અને પશ્ચિમ દિશા |
| તુલા, મેષ, વૃશ્ચિક, વૃષ | દક્ષિણ અને ઉત્તર દિશા |

– માં દ્વારવાળું ઘર કરવું. પરંતુ કન્યા, મીન, ધન અને મિથુન એટલી રાશિમાં સૂર્યની સ્થિતિમાં ઘર કરવું નહીં.

આ ઉપરાંત મંડને વત્સમુખાનુસાર ગૃહારંભ અને દ્વાર નિર્ણય પણ આપ્યો છે જે આ પ્રમાણે છે કે રાશિ અને સૂર્યની સ્થિતિ પ્રમાણે વત્સનું મુખ બદલાય છે. અને વત્સ સામે ઘરનું દ્વાર મૂકવામાં આવે તો હાનિ થાય છે. વત્સની પાછળ દ્વાર મૂકાય તો આયુષ્યનો ક્ષય થાય. મંડને આપેલા વત્સચક્રથી વત્સમુખ નિર્ણય થાય છે.

## <u>વત્સચક્ર</u>

ઉત્તર

<table>
<tr><td>વાયવ્ય</td><td>૫</td><td>૧૦</td><td>૧૫</td><td>૩૦</td><td>૧૫</td><td>૧૦</td><td>૫</td><td>ઈશાન</td></tr>
<tr><td>૫</td><td colspan="7">મિ. ક.<br>સિં.</td><td>૫</td></tr>
<tr><td>૧૦</td><td colspan="7"></td><td>૧૦</td></tr>
<tr><td>૧૫</td><td rowspan="3">વ.<br>મે.<br>મી.</td><td colspan="5" rowspan="3">ઘર કરવાની ભૂમિ</td><td rowspan="3">ક.<br>તુ.<br>વ.</td><td>૧૫</td></tr>
<tr><td>૩૦</td><td>૩૦</td></tr>
<tr><td>૧૫</td><td>૧૫</td></tr>
<tr><td>૧૦</td><td colspan="7"></td><td>૧૦</td></tr>
<tr><td>૫</td><td colspan="7">ધ. મ.<br>કું.</td><td>૫</td></tr>
<tr><td>નૈઋત્ય</td><td>૫</td><td>૧૦</td><td>૧૫</td><td>૩૦</td><td>૧૫</td><td>૧૦</td><td>૫</td><td>અગ્નિ</td></tr>
</table>

પશ્ચિમ (ડાબે) — પૂર્વ (જમણે)

દક્ષિણ

મંડને આપેલા આ વત્સાનુંસાર ગૃહદ્વાર નિર્ણય દીપાર્ણવ સાથે સામ્ય ધરાવે છે.[૧૬]

તેમજ મંડને દિશા કઈ રીતે જાણી શકાય અને દિશા જાણવાનાં સાધનો અને વિધિનો પણ ઉલ્લેખ કર્યો છે. [૧૭] અને ત્યાર પછી ગૃહ સ્વામિની રાશિ અને દ્વાર નિર્ણય આપ્યો છે. [૧૮] જે આ પ્રમાણે છે.

| <u>ક્રમ</u> | <u>ગૃહસ્વામિની રાશિ</u> | <u>દિશા</u> |
|---|---|---|
| ૧ | વૃશ્ચિક, મીન, સિંહ | પૂર્વ |
| ૨ | કન્યા, કર્ક, મકર | દક્ષિણ |
| ૩ | ધન, તુલા, મિથુન | પશ્ચિમ |
| ૪ | કુંભ, વૃષભ, મેષ | ઉત્તર |

રાજવલ્લભ અધ્યાય–૧ અંતર્ગત મંડને ગૃહારંભ પૂર્વે શલ્યશોધન વિધિ પણ બનાવ્યો છે. અને શલ્યનદોષ વર્ણન પણ આપ્યું છે.(૧૯) જેમકે –

| ક્રમ | શલ્ય/હાડકાનો પ્રકાર | શલ્યથી થતો દોષ |
|---|---|---|
| ૧ | ગાયનું હાડકું | રાજાનો ભય |
| ૨ | ઘોડાનું હાડકું | રોગ થાય |
| ૩ | કુતરાનું હાડકું | કલેશ થાય |
| ૪ | ગધેડાનું હાડકું | સંતતિ નાશ |
| ૫ | ઉંટનું હાડકું | સંતતિ નાશ |
| ૬ | બકરાનું હાડકું | અગ્નિનો ભય |

આમ કહી શકાય કે મંડને ગૃહ ભૂમિમાંથી શલ્ય કાઢવાનો નિર્દેશ કર્યો છે. તેમજ ખાત કરતા પહેલા નાગમુખ પર પણ વિચાર કર્યો છે. અને નાગમુખથી થતા દોષનું નિરુપણ કર્યુ છે.(૨૦)

નાગચક્રને દિશા, રાશિ અને માસ અનુસાર ફરતું બતાવ્યું છે. અને મંડને ખાતકરણનાં સંદર્ભે ૬૪ કોઠાવાળું કોષ્ટક બનાવ્યું છે અને મંગલ માટે મંગળ અને શનિ પર સર્પાકૃતિ બનાવી મુખ, પૂંછ પર ખાત કરવાનો નિષેધ કર્યો છે. (૨૧) અને નાગના મુખ અને પૂંછ પર ખાત કરવાથી થતા પરિણામો પણ મંડને બતાવ્યા છે. (૨૨)

આમ, મંડને 'રાજવલ્લભ' અંતર્ગત ગૃહમાહાત્મ્ય અને ગૃહનિર્માણ પૂર્વે, ભૂમિશુદ્ધિ, દિશાનિર્ણય, દ્વાર નિર્ણય, ખાત આદિ વિચારને પ્રમુખતા આપી છે.

### ૪.૨.૧.૪ વાસ્તુ પ્રકારો

વાસ્તુશાસ્ત્રમાં પ્રાસાદ, દેવગૃહ, ગૃહ, ઉદ્યાન, જળાશય વગેરેના આરંભે અને અંતે વાસ્તુયજ્ઞની પ્રસ્તુતિ કરી છે. તેજ પ્રમાણે મંડને ગૃહારંભ અને બીજા કેટલાક એમ પાંચ વખત ' વાસ્તુયજ્ઞ ' નું સૂચન કરેલ છે.

*भवनपुरसुराणांसूत्रणे पूर्वमुक्त :*

*यथितइहपृथिव्याः शोधनेचद्वितियः ।*

*तदनुमुखनिवेशे स्तंभ संरोपणेस्याद्*

*भवन वसन कालेपञ्चधावास्तु यज्ञः ॥* (२३)

પ્રસ્તુત શ્લોકાર્થ પ્રમાણે ગૃહ, નગર, પ્રાસાદનું પાંચ વખત વાસ્તુ કરવું જે આ પ્રમાણે છે.

૧) ગૃહ, નગર અને પ્રાસાદના સૂત્રપાત વખતે.

૨) ભૂમિશોધન કરવામાં આવે ત્યારે અને શિલા સ્થાપન વખતે.

૩) દ્વાર સ્થાપન વખતે.

૪) સ્તંભો મુકવામાં આવે ત્યારે.

૫) ઘરમાં પ્રવેશ કરવામાં આવે ત્યારે.

આ ઉપરાંત મંડને પૂજા કર્મ માટે જગ્યા પ્રમાણે આકૃતિ બનાવી જુદા–જુદા પદનો વાસ્તુ પૂજવાનો નિર્દેશ કર્યો છે.

'રાજવલ્લભ'માં –

*क्षेत्राकृतिर्वास्तुरिहार्चनीयस्त्वेकांशतो ---- ।* (२४)

એ શ્લોકમાં વાસ્તુનાં ૮૧ પદ અને ૬૪ પદના વાસ્તુનું વર્ણન કર્યુ છે. મંડને વાસ્તુ પૂજન વખતે કેટલા પદનો વાસ્તુ પૂજવો તે આ પ્રમાણે બતાવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | ૬૪ | પદનો વાસ્તુ | ગામ, રાજપ્રાસાદ, નગર માટે પૂજવો. |
| ૨) | ૮૧ | પદનો વાસ્તુ | બીજા બધાના ઘર માટે પૂજવો. |
| ૩) | ૪૯ | પદનો વાસ્તુ | જીર્ણોદ્ધાર વખતે પૂજવો. |
| ૪) | ૧૦૦ | પદનો વાસ્તુ | સર્વપ્રકારનાં પ્રાસાદો અને મંડપો વખતે પૂજવો. |
| ૫) | ૧૯૬ | પદનો વાસ્તુ | કૂવા, તળાવ, વાવડીઓ, વન માટે પૂજવો. |

આમ, મંડને વાસ્તુના પદનો ઉલ્લેખ 'રાજવલ્લભ'માં કર્યો છે. (૨૫)

#### ૪.૨.૧.૫ <u>વાસ્તુપુરુષ</u>

' રાજવલ્લભ ' માં બીજો અધ્યાય ' વાસ્તુલક્ષણ ' નામનો છે. તેમાં વાસ્તુપુરુષની ઉત્પત્તિનો પ્રસંગ અગ્નિપુરાણ(૨૬) , બૃહત્સંહિતા(૨૭) , વિષ્ણુધર્મોત્તર પુરાણ(૨૮) , પરાજિતપૃચ્છા(૨૯) વગેરેમાં પણ છે. તેનું વિવરણ મે આગળ કર્યુ પરંતુ અહીં મત્સ્યપુરાણની કથા સાથે વધારે સામ્ય જોવા મળે છે. મંડને કહ્યું છે કે –

*संग्रामेंधकरुद्रयोश्च पतितः स्वेदो महेशात्क्षितौ ---।।* (૩૦)

અર્થાત્ – અંધક દૈત્ય સાથે સંગ્રામ કરતા મહાદેવજીને પરિશ્રમ થયો પરસેવો થયો તેનું બિંદુ ભૂમિ ઉપર પડયું તે બિંદુમાંથી આકાશ અને ભૂમિને ભય કરે એવો એક પ્રાણી ઉત્પન્ન થયો. તે પ્રાણીને સર્વ દેવતાઓ મળી એકદમ પકડી નીચે મુખે નાખી તેના ઉપર તે દેવોએ વાસ કર્યો. તે ઉપરથી તે પ્રાણીનું નામ " વાસ્તુપુરુષ " કહેવાય છે. માટે ડાહ્યા મનુષ્યોએ એ વાસ્તુપુરુષને અવશ્ય પૂજવો જોઈએ.

તેમજ ' વાસ્તુપુરુષ ' ની પૂજાથી થતા લાભ અને પૂજા ન કરવાથી થતા દોષનું વર્ણન મંડન –

*प्रासादेभवनेतडागखनने कूपेचवाप्यांवने --- ।।* (૩૧)

એ શ્લોકમાં કર્યું છે. જેમકે –

૧) પ્રાસાદ બનાવતી વખતે

૨) ઘર બનાવતી વખતે

૩) તળાવ ખોદાવતી વખતે

૪) કૂવા ખોદાવતી વખતે

૫) વાવડી બનાવતી વખતે

૬) વૃક્ષો રોપતી વખતે

૭) જીર્ણોદ્ધાર વખતે

૮) નગર વસાવતી વખતે

૯) યજ્ઞાદિકર્મ વખતે – વાસ્તુપૂજનનો મંડને નિર્દેશ કર્યો છે.

## → વાસ્તુપુરુષની સ્થિતિ :

મંડને વાસ્તુ પૂજા કર્મ માટે ભૂમિના ક્ષેત્ર (જગ્યા) પ્રમાણે વાસ્તુપુરુષની પૂજાનો નિર્દેશ કર્યો છે. જે આપણે વાસ્તુના પદ વિશે ચર્ચા કરતા આગળ જોયું. પરંતુ વાસ્તુ પુરુષની સ્થિતિ પ્રકરણ–૫ માં મૂકેલ ચિત્રથી સ્પષ્ટ થાય છે.

વાસ્તુપુરુષ ઉંધો સૂતો છે. તે એવી રીતે કે તેના બે પગ નૈઋત્ય કોણમાં છે. એ બન્ને પગના પગતલ એકબીજા સાથે જોડેલા છે. તેનું મસ્તક ઈશાન કોણે છે, અને હાથ અને પગના સાંધાઓ અગ્નિ અને વાયવ્ય કોણમાં છે.

આ ' વાસ્તુપુરુષ ' ઘર કરવાની જમીનના ક્ષેત્ર પ્રમાણે કલ્પાય છે.

## → વાસ્તુપુરુષમાં દેવવિન્યાસ :

મંડને વાસ્તુપુરુષની ઉત્પત્તિ કથા, સ્થિતિ, પદવાસ્તુ અને વાસ્તુપુરુષમાં જુદા–જુદા દેવતાઓના સ્થાપનનો નિર્દેશ કર્યો છે. જે મંડને તેના ' પ્રાસાદ મંડન ' માં પણ કર્યો છે.[૩૨] અને ' રાજવલ્લભ ' માં આ પ્રમાણે દેવસ્થાપન ઉદ્ધૃત કર્યું છે.[૩૩]

| ક્રમ | વાસ્તુપુરુષના અંગ | દેવતા |
|---|---|---|
| ૧ | મસ્તક | મહાદેવ |
| ૨ | બે કાન | પર્જન્ય અને દિતિ |
| ૩ | ગળા | આપદેવ |
| ૪ | બે ખંભા | જય અને અદિતિ |
| ૫ | બે સ્તન | અર્યમાં અને પૃથ્વીધર |
| ૬ | હૃદય | આપવત્સ |
| ૭ | જમણા હાથ | ઈન્દ્રાદિ પાંચ દેવો<br>(ઈન્દ્ર, સૂર્ય, સત્ય, ભૃશ, આકાશ) |
| ૮ | ડાબા હાથ | નાગાદિ પાંચ દેવો<br>(નાગ, મુખ્ય, ભલ્લાટ, કુબેર, શૈલ) |
| ૯ | જમણા હાથ (કોણીથી પોચાસુધી) | સાવિત્ર અને સવિતા |

| | | |
|---|---|---|
| ૧૦ | ડાબા હાથ (કોણીથી પોચાસુધી) | રુદ્ર અને રુદ્રદાસ |
| ૧૧ | સાથળ | મૃત્યુ અને મૈત્ર |
| ૧૨ | નાભિ | બ્રહ્મા |
| ૧૩ | ઉપસ્થસ્થાને | ઈન્દ્ર અને જય |
| ૧૪ | બે ઢીંચણ / ગોઠણ ઉપર | અગ્નિ અને રોગનું |
| ૧૫ | બે પગની બે નળિયો ઉપર | પૂષાદિ સાત દેવો અને નંદિગણાદિ સાત દેવોનું |
| ૧૬ | બે પગની એડી ઉપર | પિતૃ દેવતાનું |

આમ મંડને વાસ્તુપુરુષમાં દેવતાઓનું સ્થાન સ્થિર કર્યુ છે.

આ ઉપરાંત મંડને પૂર્વાદિ દિશાએ દેવતા સ્થાપન અને પૂજનનો નિર્દેશ કર્યો છે. જેનો નિર્દેશ હું આગળ કરીશ.(૩૪)

– વાસ્તુપુરુષમાં સ્થાપિત દેવતાઓની પૂજા સામગ્રી અને બલિ વિશે મંડને આ પ્રમાણે વર્ણન કર્યુ છે.

વાસ્તુદેવ અને સ્થાપિત દેવતાઓની પૂજા સામગ્રી અને બલિના વર્ણનને આ પ્રમાણે વર્ણિત કરી શકાય.

| ક્રમ | દેવતા | બલિ |
|---|---|---|
| ૧ | વાસ્તુદેવ | મધ,ઘી,દૂધ,દહીં,સાકર,કાળાતલ,વરી અને જવ,ખાખરાના નાના કટકા,લીલી ધરો અને દુધવાળા વૃક્ષોના લાકડા |
| ૨ | ઈશ | ઘી અને ખીચડી |
| ૩ | પર્જન્ય | ભાત અને ઘી |
| ૪ | જય | લીલારંગનું વસ્ત્ર અને લોટનો કાચબો |
| ૫ | ઈન્દ્ર | લોટનું વજ્ર અને પંચરત્ન |
| ૬ | સૂર્ય | કાટવા વસ્ત્રનો ચંદ્રવો |
| ૭ | સત્ય | ઘઉં અને ઘી |

| | | |
|---|---|---|
| ૮ | ભૃંશ | માછલા |
| ૯ | આકાશ | તલ સાકળી |
| ૧૦ | અગ્નિ | ચોખાનો ચરુ |
| ૧૧ | પૂષા | ડાંગરની ધાણી |
| ૧૨ | અધર્મ (વિતથ) | ચણાના બાકળા અને ભાત |
| ૧૩ | ગૃહક્ષત | મધ અને અન્ન |
| ૧૪ | યમ | માંસ અને ભાત |
| ૧૫ | ગંધર્વ | ભાત અને સેવંત્રાના ફૂલ |
| ૧૬ | ભૃંગરાજ | બકરાની જીભ |
| ૧૭ | મૃગ | લીલા જવ |
| ૧૮ | પિતૃ | લાડુ |
| ૧૯ | દૌવારિક (નંદી) | અડદના વડા |
| ૨૦ | સુગ્રીવ | માલપૂડા |
| ૨૧ | પૂષ્પદંત | દૂધ અને સફેદ ફુલ |
| ૨૨ | વરુણ | કમળ કાકડી |
| ૨૩ | અસુર | મદ્ય |
| ૨૪ | શેષ | તલ અને તલનું તેલ |
| ૨૫ | પાપ | રાંધેલુ માસ |
| ૨૬ | રોગ | મદિરા અને ઔષધિ |
| ૨૭ | સાપ | ગાયનું દૂધ |
| ૨૮ | મુખ્ય | ચંદન અને ભાત |
| ૨૯ | ભલ્લટ | સુવર્ણ |
| ૩૦ | કુબેર | માડા અને બકરીનું દુધ |
| ૩૧ | પર્વત | સાથવો |

| | | |
|---|---|---|
| ૩૨ | અદિતિ | લાપસી |
| ૩૩ | દિતિ | પુરી |
| ૩૪ | આય | દૂધ |
| ૩૫ | આપવત્સ | દહી |
| ૩૬ | અર્યમાને | રતાંદળી, દૂધ, સાકર |
| ૩૭ | સાવિત્ર | લાડુ |
| ૩૮ | સવિતા | પુડા, ગોળ, ઘી |
| ૩૯ | વિવસ્વાન | ઘી, દૂધ, લાડવા |
| ૪૦ | ઈન્દ્ર | પૂષ્પની માળા |
| ૪૧ | ઈન્દ્રજય | ચંપાનું પૂષ્પ |
| ૪૨ | મૈત્ર | ઘી અને દૂધ |
| ૪૩ | રુદ્ર | ગુગળનો ધૂપ આદિ સુગંધી પદાર્થો |
| ૪૪ | રુદ્રદાસ | રાંધેલુ અન્ન |
| ૪૫ | પૃથ્વીધર | રત્નની માળા |
| ૪૬ | બ્રહ્મા | દૂધવાળી ગાય અને અમૃતનો ઘડો |
| ૪૭ | સર્વદેવોને | સુવર્ણ |
| ૪૮ | ચરકી | માંસવાળુ હાડકું |
| ૪૯ | વિદારિકા | પીળા ભાત |
| ૫૦ | પુતના | રુધિર અને ભાત |
| ૫૧ | પાપા | મદિરા અને માછલા |
| ૫૨ | પિલિપિરછા | રાંધેલુ માંસ |
| ૫૩ | જૂંભા | તાજુ માસ |
| ૫૪ | સ્કંદા | મદિરા સાથે માસ |
| ૫૫ | અર્યમાને | માંસવાળુ હાડકું |

આ પ્રમાણે મંડને વાસ્તુપુરુષમાં સ્થાપિત દેવો–દેવિયોને સંતુષ્ટ કરી પૂજન કરવાથી થતા ફળનું વર્ણન કરતા કહ્યું છે કે –

*यःपूजयेद्वास्तुमनन्य भक्तयानतस्य ----।* (૩૫)

અર્થાત્ – " જે પુરુષ અસાધારણ ભક્તિ વડે વાસ્તુદેવને પૂજે છે, તેને આ લોકમાં કોઈ પ્રકારનું દુઃખ થાય નહીં, એટલુ જ નહીં, તે સો વર્ષ પર્યંત સુખે જીવે અને ત્યાર પછી એક કલ્પ પર્યંત તે સ્વર્ગમાં રહે છે ".

### ૪.૨.૧.૬ યજ્ઞકુંડ

મંડને ભૂમિ પરીક્ષા પછી વાસ્તુ પૂજન માટે ગૃહના ઈશાન ખુણામાં કુંડ બનાવી બધા દેવતા માટે ૧૦૮ અથવા ૨૮ આહુતિ આપવી.

તેમા યજ્ઞકુંડ એક હાથનો ચતુરસ્ત્ર કુંડ કરી તેને ત્રણ મેખલાઓ કરવી.(૩૬)

કુંડ



### ૪.૨.૧.૭ ગજ આદિ નિર્માણ માપ

મંડને જવ, અંગુલ અને ગજ ના નિર્માણનો નિર્દેશ કર્યો છે. જેમકે –

*हस्तः पर्वाष्टयुक्तोमुनिवर रचितः पर्वचैकंत्रिमात्रं -- ।।* (૩૭)

અર્થાત્ – આઠ પર્વના એક ગજ બનાવ્યો એમા તેમા એક પર્વ ત્રણ માત્રાનું છે. અને છ આડા જવની એક માત્રા થાય છે. દરેક પર્વ વચ્ચે ત્રણ–ત્રણ આંગળનો અંતરાય હોય છે અને ચાર પર્વ પછી ફૂલ બનાવવું. આથી ચોથા પર્વે અર્ધગજ થશે બાકી રહેલા અર્ધગજમાં એક–એક આંગળ વિભાગો કરવા.

**ગજના પ્રકારો :** મંડને ગજના પ્રકારોનું વર્ણન કર્તા ત્રણ પ્રકાર આપ્યા છે. [૩૮]

(૧) **જયેષ્ઠગજ :**

આડા આઠ જવના પ્રમાણ વડે એક તસુ થાય અને ચોવીસ તસુનો એક ગજ થાય તે જયેષ્ઠ ગજ. જયારે ગામ, નગર, કોશ અને યોજનાદિ માપવા હોય ત્યારે આ ગજ વપરાય છે.

(૨) **મધ્યમ ગજ :** સાત આડા જવનો એક તસુ તેવા ચોવીસ તસુના એક ગજને મધ્યમ ગજ કહે છે. પ્રાસાદ, પ્રતિમા, રાજાના ઘરો અને સાધારણ લોકોના ઘરો માપવા હોય ત્યારે આ ગજ વપરાય છે.

(૩) **કનિષ્ઠગજ :**

છ આડા જવનો એક તસુ તેવા ચોવીસ તસુના એક ગજને કનિષ્ઠગજ કહે છે.

પાલખી, ગાડા, ગાડી, ખાટલો, પલંગ, સિંહાસન, છત્ર અને શસ્ત્રો વગેરે આ ગજ વડે માપવા.

વળી મંડને – *रुद्रो वायुर्विश्वकर्माहुताशोब्रह्माकाल ––––॥* [૩૯]

કહીને ગજના (હસ્તના) આઠેય પર્વો પર દેવતાઓની કલ્પના કરી છે.

(૧) રુદ્ર (૨) વાયુ, (૩) વિશ્વકર્મા, (૪) અગ્નિ, (૫) બ્રહ્મા, (૬) યમ, (૭) વરુણ, (૮) સોમ અને (૯) વિષ્ણુ

તેમજ ગજની ત્રેવીશ રેખાઓ ઉપર પણ મંડને દેવતાઓના ક્રમશઃ નામ આપ્યા છે. શિવ, વાયુ, વિશ્વદેવતા, અગ્નિ, બ્રહ્મા, સૂર્ય, રુદ્ર, યમ, વિશ્વકર્મા, વસુ, ગણેશ, વરુણ, કાર્તિકેય, ઈચ્છા, ક્રિયા, જ્ઞાન, કુબેર, ચંદ્રમાં, જય, વાસુદેવ, બલભદ્ર, કામ અને વિષ્ણુ આ બધાનું સ્થાપન કરી પૂજન કરવું. [૪૦]

આ ઉપરાંત મંડને ગજને ધારણ કરતી વખતે કોઈ દેવતા દબાય નહિ તેનો નિર્દેશ કર્યો છે. અને તેના દોષને પણ વર્ણવ્યા છે.[૪૧]

મંડને તાલથી પૃથ્વી સુધીનું આ પ્રમાણે વર્ણવ્યું છે. [૪૨]

| | | |
|---|---|---|
| ૧૨ માત્રા | = | ૧ તલ |
| ૨ તાલ | = | ૧ ગજ (હસ્ત) |
| ૧ાા ગજ | = | ૧ કિષ્કું |
| ૪ ગજ | = | ૧ ધનુષ |
| ૨ હજાર ધનુષ | = | ૧ કોશ |
| ૨ કોશ | = | ૧ ગવ્યૂતિ |
| ૨ ગવ્યૂતિ | = | ૧ યોજન |
| ૧૦૦ કરોડ યોજન | = | આખી પૃથ્વી |

અને વાસ્તુશાસ્ત્રમાં ઉપયોગી એક આઠ સૂત્રોનું પણ વર્ણન કર્યુ છે. [૪૩].

જે આ પ્રમાણે છે –

| | |
|---|---|
| (૧) દૃષ્ટિ સૂત્ર | (૫) અવલંબ / ઓલંબો |
| (૨) ગજ | (૬) કાટખૂણો |
| (૩) મુંજની દોરી | (૭) સાધણી |
| (૪) સૂત્રનો દોરો | (૮) વિલેખ્ય / પ્રકાર |

અષ્ટસૂત્રનું ચિત્ર પ્રકરણ નં.૫ માં મૂકેલ છે.

આ રીતે મંડને પ્રથમ બે અધ્યાયમાં ગૃહમાહત્મ્ય, ભૂમિ પરીક્ષા, ભૂમિ શોધન, વાસ્તુપ્રકારો, વાસ્તુપુરુષ, યજ્ઞકુંડ, સાધનોના માપ આદિ વિષયોને વર્ણિત કર્યા છે.

### ૪.૨.૨ *'राजव©भ'* માં નગર, કૂવા, તળાવ અને વાવડીની રચનાઓ

#### ૪.૨.૨.૧ નગર રચના

મંડને નગર નિર્માણની સંપૂર્ણ જરુરીયાતોને વર્ણવી છે. તેમા મંડને નગર રચનાના વર્ણનની શરૂઆતમાં ૨૦ પ્રકારના નગરોની વિશેષતા બતાવી છે.[૪૪] જે આ પ્રમાણે વર્ણવી શકાય.

| ક્રમ | નગરનો આકાર | નામ |
|---|---|---|
| ૧ | ચોરસ | માહેંદ્ર |
| ૨ | લંબચોરસ | સર્વતો ભદ્ર |
| ૩ | ગોળ | સિંહ |
| ૪ | લંબગોળ | વારૂણ |
| ૫ | ખાલી ખુણાનું / ખુણારહિત | નંદ |
| ૬ | સાથિયાકાર | નંદાવર્તક |
| ૭ | જવ આકાર | જયંત |
| ૮ | પર્વત મસ્તકે | દિવ્ય |
| ૯ | અષ્ટદલ કમળાકાર | પુષ્પપુર |
| ૧૦ | પુરુષાકાર | પૌરુષ |
| ૧૧ | પર્વત કુખે | સ્નાહ |
| ૧૨ | લાંબુ (પાઘડીપને) | દંડનગર |
| ૧૩ | નદીની પૂર્વ દિશાએ | શક્રપુર |
| ૧૪ | નદીની પશ્ચિમ દિશાએ | કમળપુર |
| ૧૫ | નદીની દક્ષિણ દિશા | ધાર્મિકપુર |
| ૧૬ | બંને બાજુ નદી હોય | મહાજય |
| ૧૭ | નદીની ઉત્તર દિશાએ | સૌમ્ય |
| ૧૮ | એક કિલ્લો હોય | શ્રીનગર |
| ૧૯ | બે કિલ્લા હોય | રિપુઘ્ન |
| ૨૦ | આઠ કોણ હોય | સ્વસ્તિક |

આવા નગરમાં નિવાસ કરવાથી તે લોકોના રાજાને સુખ, યશ અને ધનની પ્રાપ્તિ થાય છે. અને કીર્તિ અને પ્રતાપની વૃદ્ધિ થાય છે.

તેમજ – *वह्ने भींतिकरं त्रिकोणनगरं षट्कोणकं क्लेशदं* –– ॥ (૪૫)

કહીને નગરના આકાર – દોષને વર્ણવ્યો છે. જે આ પ્રમાણે છે.

| ક્રમ | નગરનો આકાર | દોષ / ભય |
|---|---|---|
| ૧ | ત્રિકોણ | અગ્નિનો ભય |
| ૨ | ષટ્કોણ | કલેશ |
| ૩ | વજ્રાકાર | વીજળીનો ભય |
| ૪ | ગાડા આકારે | રોગનો ભય |
| ૫ | ત્રિશૂળ આકાર | યુદ્ધનો ભય |
| ૬ | બે ગાડાના આકારે | ચોરનો ભય |
| ૭ | વધારે ખુણા | ધનનો ક્ષય |

આ રીતે લોકોને ભય આપતા સાત દોષોનું વર્ણન કર્યુ છે.

– નગરના પ્રકારો અને માર્ગો :

આ ઉપરાંત મંડને લંબાઈના આધારે ત્રણ પ્રકારનાં નગરનું વર્ણન કર્યુ છે.(૪૬) અને નગરના માર્ગોની સંખ્યા પણ બતાવી છે. (૪૭) જે આ પ્રમાણે બતાવી શકાય.

| ક્રમ | નગરનો પ્રકાર | નગરનું માપ | નગરના માર્ગો |
|---|---|---|---|
| ૧ | કનિષ્ઠ નગર | ૧૦૦૦ હાથનું | ૯ માર્ગો |
| ૨ | મધ્યમ નગર | ૧૫૦૦ હાથનું | ૧૩ માર્ગો |
| ૩ | ઉત્તમ નગર | ૨૦૦૦ હાથનું | ૧૭ માર્ગો |

તેમજ મંડને 'રાજવલ્લભમાં' જનસંખ્યાના આધારે પણ નગરનો આકાર વર્ણવ્યો છે. (૪૮)

(૧) નગર – આગળ બતાવ્યું તે

(૨) ગામ – નગરનું અર્ધુ

(૩) ખેટ – ગામનું અર્ધુ

(૪) કૂટ – ખેટનું અર્ધુ

(૫) ખર્વટ – કૂટનું અર્ધુ

ત્યાર પછી મંડને રાજાઓ માટે નગર ૮ હજાર અથવા ૪ હજાર અથવા ૧૬ હજાર ગજનું (હસ્તનું) કરવાનો નિર્દેશ કર્યો છે. (૪૯) પરંતુ તે નગરમાં અવાંતર ભેદે એક–એક હજાર વધારવાથી તેના ૧૦ પ્રકાર બતાવ્યા છે અને મુખ્ય ત્રણ ગણવાથી ૧૩ પ્રકારનાં નગર થાય છે. (૫૦)

આ નગર રચનાને આ રીતે વર્ણવી શકાય.

<u>(૧) ૪૦૦૦ ગજનું માપ</u>

(1) ૫૦૦૦ ગજનું

(2) ૬૦૦૦ ગજનું

(3) ૭૦૦૦ ગજનું

<u>(૨) ૮૦૦૦ ગજનું માપ</u>

(1) ૯૦૦૦ ગજનું

(2) ૧૦૦૦૦ ગજનું

(3) ૧૧૦૦૦ ગજનું

(4) ૧૨૦૦૦ ગજનું

(5) ૧૩૦૦૦ ગજનું

(6) ૧૪૦૦૦ ગજનું

(7) ૧૫૦૦૦ ગજનું

<u>(૩) ૧૬૦૦૦ ગજનું માપ</u>

આમ અવાંતર ભેદો વર્ણવ્યા છે. તેમાં પણ તે નગરોની જેટલી પહોળાઈ હોય તે પહોળાઈથી લંબાઈમાં સવા આઠમો તથા સાડી આઠમો ભાગ વધારવો અને આ સર્વ નગરોના ચાર–ચાર ભેદ કહ્યાં છે તે આ પ્રમાણે છે.

(૧) લંબાઈ–પહોળાઈ સરખા

(૨) પહોળાઈનો $\frac{૧}{૮}$ ભાગ લંબાઈમાં વધારે

(૩) પહોળાઈથી $\frac{1}{10}$ ભાગ લંબાઈમાં વધારે

(૪) પહોળાઈથી $\frac{1}{12}$ ભાગ લંબાઈમાં વધારે

તે બધા સમકરણ નગરો રચવા આથી કહી શકાય કે મંડને નગર રચનામાં લંબાઈને મહત્ત્વ આપ્યું છે.

મંડને દેવમંદિર, નગર અને ચોવટાની લંબાઈ પહોળાઈ વિશે આ પ્રમાણે કહ્યું છે.

*षट्त्रिंशतः षट्क्रमतोविदध्यात् दैवेपुरेचत्वरकेक्रमेण ।*

*यदृच्छयामानमुशंतिकेचित् प्राकारकौट्टेपिचभित्तिकायाम् ॥* (૫૧)

અર્થાત્ –(૧) ૩૬ હાથની પહોળાઈમાં ૬ હાથ વધારી ૪૨ હાથની લંબાઈ કરવી.

(૨) ૭૨ હાથની પહોળાઈમાં ૧૨ હાથ વધારી ૮૪ હાથની લંબાઈ કરવી.

આમ, દર ૩૬ હાથની પહોળાઈએ ૬ હાથની વૃદ્ધિ કરવી. પરંતુ કિલ્લો તથા કોટ અને ભીંતનું માન ઈચ્છા પ્રમાણે કરવું.

વિશ્વકર્માએ અપરાજિત માં આવી જ રીતિ બતાવી છે. (૫૨)

– નગરનો કિલ્લો

મંડને નગરનાં કિલ્લાની રચના વિશે કહ્યું છે કે –

*व्यासार्धेनत्तदूर्ध्वतश्चकपिशीर्षाण्यष्टमात्रांतरम् ॥* (૫૩)

અર્થાત્ – કિલ્લાની ઊંચાઈ ૨૭ ગજ અથવા ૨૫ ગજ અથવા ૨૯ ગજ કરવી અને વિદ્વાનો સાથે સમંત થઈ ઈચ્છા અનુસાર માન રાખવાનું પણ કહ્યું છે.

ચાણકયએ કહ્યું છે કે – કિલ્લાની ઊંચાઈ ૧૨ હાથથી વધારે ૧૩,૧૫ કે ૧૬ હાથ હોઈ શકે. વધારેમાં વધારે ૨૪ હાથની ઊંચાઈ પણ થઈ શકે છે. પરંતુ તેની પહોળાઈ એટલી વધારે હોય કે તેના પર એક રથી રથ હાંકી શકે. (૫૪)

અહીં મંડને દુર્ગની ઊંચાઈ ૯ અથવા ૧૫ હાથ કહી છે. અને અન્ય વિદ્વાનોના મત પ્રમાણે ૧૭ અથવા ૧૮ હાથ પણ બતાવી છે. અને પહોળાઈ ૧૦, ૧૨ અથવા ૮ હાથ રાખવાનો નિર્દેશ કર્યો છે. (૫૫)

મંડને કિલ્લા પર કાંગરા / કપિશીર્ષ નો નિર્દેશ કર્યો છે.

– નગરમાં દેવાલય :

વાસ્તુશાસ્ત્રના બધા ગ્રંથો એ નગર રચના સાથે જ દેવાલય નિર્માણની ચર્ચા કરી છે. જેમકે – અર્થશાસ્ત્ર (૫૬), મયમતં (૫૭), માનસાર (૫૮), દીપાર્ણવ (૫૯) વગેરે એ તે પ્રમાણે જ મંડને પણ દેવાલય નિર્માણની ચર્ચા કર્તા કહ્યું છે કે –

*पूर्वापरास्याः पुरसन्मुखाश्च देवाः शुभानोत्तरदक्षिणास्याः --- ।।* (૬૦)

અર્થાત્ – દેવાઓનું મુખ પૂર્વ–પશ્ચિમ દિશામાં હોય તો શુભ નગરની સામે મુખવાળા દેવો હોય તો પણ શુભ. પરંતુ ઉત્તર અને દક્ષિણ દિશા સામે મુખવાળા દેવો અશુભ છે.

તેમજ બ્રહ્મા, સૂર્ય, વિષ્ણુ અને શંકર એ ચાર દેવતાની પીઠ નગર સામે હોય તો નગરનો ભંગ થાય છે.

આ ઉપરાંત મંડને દેવતામુખ અને દિશા ઉપર ચર્ચા કરી છે. (૬૧)

**<u>દેવતામુખ</u>**

| ક્રમ | દિશા | દેવતા | ફળ |
|---|---|---|---|
| ૧ | પૂર્વ–પશ્ચિમ | બ્રહ્મા,વિષ્ણુ,શિવ,ઈન્દ્ર,સૂર્ય, કાર્તિકસ્વામી | શુભ |
| ૨ | ગમે તે દિશા | શિવ,તીર્થંકર,વિષ્ણુ,બ્રહ્મા | શુભ |
| ૩ | દક્ષિણ | ચામુંડા,ષોડશ માત્રિકાઓ,કુબેર, ગણપતિ, ભૈરવ | શુભ |
| ૪ | નૈઋત્યકોણ | હનુમાનજી | શુભ |

આજ વાત મંડને દેવતામૂર્તિ પ્રકરણમાં સ્પષ્ટ કરી છે. (૬૨)

– નગરમાં રહેઠાણ વ્યવસ્થા

મંડને નગરમાં રહેઠાણ વ્યવસ્થા પર વિચાર કર્યો છે. તેણે રાજદ્વાર, દેવાલય, નગરની જુદી – જુદી દિશાઓમાં રાખવામાં આવતી જાતિઓ, કર્મ કરવાવાળાઓ વગેરેનો નિર્દેશ કર્યો છે. (૬૩) તે આ પ્રમાણે છે.

૧) રાજદ્વાર અને દેવમંદિર સામે – પાનની, ફળોની, દાંતની સુગંધી પદાર્થોની, પુષ્પોની, મોતી વગેરેની, રત્નોની દુકાન આદિ સ્થાપવા.

૨) નગરની પૂર્વ દિશાએ – બ્રાહ્મણો

૩) નગરની દક્ષિણ દિશાએ – ક્ષત્રિયો

૪) નગરની ઉત્તર દિશાએ – શૂદ્રો અને વૈશ્યો

૫) નગરની મધ્યમાં – અન્ય વ્યાપારી લોકો

૬) નગરના ઈશાન કોણમાં – રંગારા, કપડા વણનાર, ધોબી

૭) નગરના અગ્નિ કોણમાં – અગ્નિ વડે આજીવિકા મેળવનાર, સોની વગેરે

૮) નગરની દક્ષિણ દિશાએ – અંત્યજ, ચર્મકાર, વાંસફોડા આદિ

૯) નૈઋત્ય કોણમાં – વૈશ્યોને

૧૦) વાયવ્ય કોણમાં – પારધી લોકોને

– નગરદ્વાર, શુશોભન અને રક્ષણ

મંડને નગરમાં ૪ પ્રકારનાં સિંહદ્વાર અને ૮ ખડકીદ્વાર કરવાનું કહ્યું છે. (૬૪) તેમા તેણે દ્વારને મજબૂત અર્ગલા, મજબૂત અને શોભાયમાન કમાડો, રાજમંદિર પાસે કીર્તિસ્થંભ, નગરના પ્રાસાદો દ્વારો, હવેલી આદિ ચૂનામય ઉજ્જવળ કરવા તથા નગર પાસે બાગ અને જળાશયોનો નિર્દેશ કર્યો છે.

મંડનનો આ વિચાર ' મત્સ્યપુરાણ ' પ્રમાણે જ છે. (૬૫)

આ ઉપરાંત મંડને નગરનાં રક્ષણ માટે જળ, અગ્નિ અને વાયુ વડે ચલાવી શકાય તેવા યંત્રોની માંસ અને મદિરાથી પૂજા કરવાનો નિર્દેશ કર્યો છે. (૬૬) અને મહાદેવજી રચિત ભૈરવ યંત્રોના પ્રકારો પણ વર્ણવ્યા છે. (૬૭)

| ક્રમ | યંત્રનું નામ | માપ |
|---|---|---|
| ૧ | ભૈરવ યંત્ર | ૮ હાથ લંબાઈ |
| ૨ | યંત્ર | ૯ હાથ લંબાઈ |
| ૩ | અર્ક યંત્ર / સૂર્ય યંત્ર | ૧૦ હાથ લંબાઈ |
| ૪ | ભીમગજ યંત્ર | ૧૧ હાથ લંબાઈ |
| ૫ | યુગ્મ યંત્ર | ૧૨ હાથ લંબાઈ |
| ૬ | શિખિ યંત્ર | ૧૩ હાથ લંબાઈ |
| ૭ | યમદંડ યંત્ર | ૧૪ હાથ લંબાઈ |
| ૮ | મહાભૈરવ યંત્ર | ૧૫ હાથ લંબાઈ |

આ યંત્ર લાકડામાંથી બનાવી લોઢાના યુંગલ / ખિલા લગાવાય છે.અને તેને સ્થંભો પર ઉભા કરવામાં આવે છે અને <u>લાકડાનું જ બનાવવું</u>. આ યંત્રોનું નિર્માણ હાથ અથવા અંગુલના માપથી કરવું.

૪.૨.૨.૨ <u>કૂવા, તળાવ અને વાવડીની રચના</u>

મંડને નગરમાં દેવાલયની રચના સાથે જ પશ્ચિમમાં જળસ્ત્રોતો[૬૮] – કહીને પશ્ચિમમાં વાવડી, કૂવો, તળાવ, કુંડ વગેરે બનાવવાનું શુભ માન્યું છ. અને જળસ્રોતોનું નિર્માણ પુણ્યવાનોનું કર્મ માન્યું છે. અને કહ્યું છે કે, ગાયના પગ જેવું જળાશય જે બનાવે છે તે ૬૦ હજાર વર્ષ સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે.[૬૯] અને

*वाप्यश्चतस्त्रापिदशैव कूपाः चत्वारिकुंडानिचषट्तडागाः ।* [૭૦]

કહીને ૪ પ્રકારની વાવડી, ૧૦ પ્રકારનાં કૂવા, ૪ પ્રકારનાં કુંડ અને ૬ પ્રકારના તળાવનો નિર્દેશ કર્યો છે. જે આ પ્રમાણે છે.

## કૂવાના પ્રકાર

| ક્રમ | કૂવાનું માપ (પહોળાઈ) | કૂવાનું નામ |
|---|---|---|
| ૧ | ૪ હાથ | શ્રીમુખ |
| ૨ | ૫ હાથ | વૈજય |
| ૩ | ૬ હાથ | પ્રાંત |
| ૪ | ૭ હાથ | દંદુભિ |
| ૫ | ૮ હાથ | મનોહર |
| ૬ | ૯ હાથ | ચૂડામણિ |
| ૭ | ૧૦ હાથ | દિગ ભદ્ર |
| ૮ | ૧૧ હાથ | જય |
| ૯ | ૧૨ હાથ | નંદ |
| ૧૦ | ૧૩ હાથ | શંકર |

પરંતુ જેની ૪ હાથથી ઓછી પહોળાઈ હોય તે કૂપ કહેવાય.

## વાવડીના પ્રકારો – નામ

| ક્રમ | વાવડીનું માપ | વાવડીનું નામ | મુખ |
|---|---|---|---|
| ૧ | ૩ ફૂટ | નંદા | ૧ |
| ૨ | ૬ ફૂટ | ભદ્રા | ૨ |
| ૩ | ૯ ફૂટ | જયા | ૩ |
| ૪ | ૧૨ ફૂટ | વિજયા | ૪ |

## તળાવના પ્રકારો

| ક્રમ | નામ | ભેદ | આકાર |
| --- | --- | --- | --- |
| ૧ | અર્ધચંદ્ર | જયેષ્ઠમાન | અર્ધચંદ્રાકાર |
| ૨ | મહાસર | જયેષ્ઠમાન | ચારેય બાજુ બાંધેલુ |
| ૩ | વૃત | મધ્યમમાન | ગોળાકાર |
| ૪ | ચતુઃકોણ | મધ્યમમાન | ચાર ખુણાવાળુ |
| ૫ | ભદ્ર | કનિષ્ઠ | એક ગમન માર્ગ |
| ૬ | સુભદ્ર | કનિષ્ઠ | ચારેય માર્ગ |

આ તળાવમાં ૧૦૦૦ દંડનું હોય તે જયેષ્ઠમાન ૫૦૦ દંડનું હોય તે મધ્યમમાન ૨૫૦ દંડનું હોય તે કનિષ્ઠ કહેવાય. અને તેને અનુક્રમે ૫૦૦ હાથ લાંબી, ૨૫૦ હાથ લાંબી અને ૧૨૫ હાથ લાંબી પાળ હોય છે. (૭૧)

આવી જ રીતે મંડને કુંડ રચનાનો પણ નિર્દેશ કર્યો છે. (૭૨)

## કુંડના પ્રકારો

| ક્રમ | નામ | આકાર |
| --- | --- | --- |
| ૧ | ભદ્ર | ચોરસ |
| ૨ | સુભદ્ર | ભદ્રસહિત |
| ૩ | નંદ | પ્રતિભદ્ર સહિત |
| ૪ | પરિઘ | મધ્યે ભિટ્ટ |

આ કુંડ ૮ હાથથી માંડી ૧૦૦ હાથ સુધીનો કરવો. અને ૪ દ્વારો કરવા. તે દ્વારોની દિશાઓમાં ગોખલા કરવા તેમજ કુંડનાં ખુણાઓમાં ચોકિયો તથા પટ્ટશાળાઓ કરવી. તેમજ –

*ગંગાદ્યારવયો હરેશ્ચદશકંરુદ્રાદશૈકાધિકાઃ --- ।* (૭૩)

કહીને કુંડમાં રહેલી ભિટ્ટમાં ગંગા આદિ પ્રતિમાઓના સ્થાપનનો નિર્દેશ કર્યો છે.

## ૪.૨.૩ <u>'રાજવલ્લભ' માં વર્ણિત સિદ્ધાંતો અને જ્યોતિષ શાસ્ત્રીય સિદ્ધાંતો</u>

રાજવલ્લભમાં અધ્યાય–૩, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ માં આયલક્ષણ, લીખથી ગજ સુધીના પ્રમાણ, ક્ષેત્રફળો, માત્રિકા લક્ષણ, નક્ષત્ર, તારા, નાડીચક્ર જેવા સિદ્ધાંતો અને જ્યોતિષ લક્ષણો, સ્ત્રીદોષો ઈત્યાદિનું વર્ણન કર્યું છે.

### ૪.૨.૩.૧ <u>આય વિચાર</u>

મંડને – *आयर्क्षव्ययतारकांशकविधून्* --- ॥ (૭૪) કહીને ગૃહ આદિ વિશે આય, ૠક્ષ, વ્યય, તારા, અંશ, ચંદ્ર, રાશિની રીત બતાવી છે. તેમાં પ્રથમ આય વિચાર વ્યક્ત કરતા આયના પ્રકારો વિશે કહ્યું છે. (૭૫)

૧) ધ્વજ આય

૨) ધૂમ્ર આય

૩) સિંહ આય

૪) શ્વાન આય

૫) વૃષ આય

૬) ખર / ગર્દભ આય

૭) ગજ આય

૮) ધ્વાંક્ષ આય

આમ, ૧, ૩, ૫, ૭ નંબરનાં આયો દેવમંદિર માટે શ્રેષ્ઠ છે.

મંડને આય કલ્પનો વિધિપણ બતાવ્યો છે.(૭૬) ઘર કરવાની ભૂમિ ને હાથ, આંગુળ કે જવથી માપી તેનું ક્ષેત્રફળ કાઢયા પછી હાથ અને અંગુળો પ્રમાણે આય કલ્પવો.

તેમજ મંડને કોના માટે કયો આય શ્રેષ્ઠ તેનો પણ નિર્દેશ કર્યો છે. (૭૭)

| | | |
|---|---|---|
| ૧ | ધ્વજ આય | છત્ર,દેવમંદિર,બ્રાહ્મણનું ઘર,વેદિકા,જળાશય,ક્ષેત્રોના વિસ્તાર, ઉંચાઈ,વસ્ત્ર, આભુષણ,યજ્ઞશાળામાં શ્રેષ્ઠ |
| ૨ | ધૂમ્ર આય | અગ્નિવડે જીવનારા અને હોમના કુંડ વિશે શ્રેષ્ઠ છે. |
| ૩ | સિંહ આય | સિંહદ્વાર,રાજઘરમાં, શસ્ત્રોમાં, સિંહાસનમાં શ્રેષ્ઠ છે |
| ૪ | શ્વાન આય | ચાંડાળના ઘર વિશે શ્રેષ્ઠ છે |
| ૫ | વૃષ આય | વાણિયાના ઘર, અશ્વશાળા,વ્યાપારીની દુકાન,આદિમાં શ્રેષ્ઠ છે |
| ૬ | ખર આય | વાદિત્રોના ઘર અને ગધેડા વડે આજીવિકા માટે ખરઆય શ્રેષ્ઠ છે |
| ૭ | ગજ આય | શૂદ્રના ઘર વિશે, યાન વિશે, સ્ત્રીઓના ઘર વિશે, ગજશાળા વિશે શ્રેષ્ઠ છે. |
| ૮ | ધ્વાંક્ષ આય | શિલ્પિના ઘર અને તપસ્વીના સ્થાન માટે શ્રેષ્ઠ છે. |

→ આયના શરીર :

ઉપર બતાવેલ આઠેય આયોના મુખો પોતપોતાના નામો જેવા છે પણ વિશેષ કરી – ધ્વાંક્ષ આયનું મુખ કાગડા જેવું છે. ધૂમ્ર આયનું મુખ બિલાડા જેવું છે, ધ્વજ આયનું મુખ મનુષ્ય જેવું છે. બધા જ આયના પગ પક્ષીઓ જેવા છે. બધાના ગળાં સિંહ જેવા છે. બધાના હાથ મનુષ્યો જેવા છે. અને આઠેય આયો આઠેય દિશાના સ્વામી છે. (૭૮)

તેમજ મંડને *आयकेषु विषमाः श्रेष्ठाः सुराणां गृहे* – (૭૯) કહ્યું ને ફળાફળ નો પણ નિર્દેશ કર્યો છે .

આવાસ માટે સિંહ, ગજ, ધ્વજ અથવા વૃષ આય ગ્રાહય છે આય પ્રમાણે દ્વાર રાખવાનો મત વ્યક્ત કરતા મંડને કહ્યું છે કે બધા ગૃહ પોતાના આયને અનુકૂળ હોવા જોઈએ. (૮૦)

### ૪.૨.૩.૨ <u>વ્યય, અંશ, તારા, રાશિ, નક્ષત્ર અને માત્રિકા લક્ષણ</u>

મંડને નક્ષત્ર જાણવા માટેનું સૂત્ર પણ આપ્યું છે. ભૂમિના ક્ષેત્રફળ ને ૮ થી ગુણી, પ્રાપ્ત ગુણનફળને ૨૭ થી ભાગાકાર કરવાથી ૧ ક્રમથી અશ્વિની, ભરણી વગેરે નક્ષત્ર જ્ઞાત થાય છે. અને જે વ્યયનો અંક આયના અંકથી ઓછો આવે તો લક્ષ્મીની પ્રાપ્તિ કરાવે, બંને અંક સરખા આવે તો પિશાચ જાણવો અને ધ્વજ આય વિના બીજા આયોના અંકથી વ્યયનો અંક વધારે આવે તો રાક્ષસ સમજવો. (૮૧)

તેમજ ગૃહના ક્ષેત્રફળમાં વ્યય તથા ધ્રુવાદિ ગ્રહોનું નામ જોડીને ૩ થી ભાગવાથી અંશની પ્રાપ્તિ થાય છે. શેષ–૧ વધે તો ઈન્દ્રાશ કહેવાય, ૨ વધે તો યમાંશ કહેવાય, અને ૩ અથવા શૂન્ય વધે તો યમાંશ કહેવાય. (૮૨)

અહીં અંશની શ્રેષ્ઠતા આ પ્રમાણે બતાવી છે.

ઈન્દ્રાંશ – દેવાલય અને વેદિકામાં શ્રેષ્ઠ છે.

યમાંશ – દુકાન માટે, નાગગૃહ માટે, ભૈરવગૃહ માટે શ્રેષ્ઠ છે

રાજાંશ – ગજશાળા,અશ્વશાળા, યાનમાં, નગરમાં, રાજાના ઘરમાં અને બીજા સાધારણ લોકોના ઘરો માટે શ્રેષ્ઠ છે.

મંડને તારાઓ જાણવાની વિધિ પણ આ પ્રમાણે બતાવી છે. ઘરધણીના જન્મનું જે નક્ષત્ર હોય તે નક્ષત્રથી ઘરનું જે નક્ષત્ર આવ્યું હોય તે નક્ષત્ર સુધી ગણતા જેટલો અંક આવે તેને ૯ ભાગતાં શેષ અંકથી તારા જાણવી. (૮૩) આ તારાઓમાં ત્રીજી, પાંચમી અને સાતમી તારા ત્યાજય ગણવી. અને પહેલી, બીજી, ચોથી, છઠ્ઠી, આઠમી અને નવમી એટલી તારાઓમાંથી કોઈપણ આવે તો શ્રેષ્ઠ જાણવી.

રાશિના ગુણ–દોષનો વિચાર પણ સૂત્રધારે ' રાજવલ્લભ ' માં આ પ્રમાણે કર્યો છે કે –

ગૃહસ્વામીની રાશિથી ગૃહની રાશિ સુધી ગણતરી કરવાથી જો ૭ અંક આવે તો ઉત્તમ પ્રીતિ કરે, ૧૦ અથવા ૪ આવે તો સારી, ૧૧ અથવા ૩ આવે તો પણ સારી, પરંતુ ૨ અથવા ૧૨ આવે તો દરિદ્ર કરે, ૬ અથવા ૮ આવે તો મૃત્યુ કરાવે, અને ૫ અથવા ૯

**આવે તો કલેશ ઉત્પન્ન કરાવે. આ રાશિ વિચારને સ્પષ્ટ કરતા કહી શકાય કે – રાશિની શુદ્ધિ કરીને ગૃહ નિર્માણ કરવું શ્રેયસ્કર છે. તેમ જ્ઞાનપ્રકાશ દીપાર્ણવનો પણ મત છે.(૮૪)**

**રાશિ ગણતરી સ્પષ્ટ કરતા મંડને કહ્યું છે કે –**

***मेषोऽश्वित्रितयेहरिस्तुपितृभाच्चापंत्रयेमूलतः ।***

***शेषैस्युर्नवराशयः परमतेनंदांशकैस्तेपृथक् ॥* (૮૫)**

**અર્થાત્ – અશ્વિની આદિ ત્રણ નક્ષત્રની મેષ, મઘાદિ ત્રણની સિંહ, મૂળાદિ ત્રણની ધન, બાકીની ૯ રાશિ બે–બે નક્ષત્રોની છે. તે રાશિઓ ઘર વિશે લેવાતી નથી. અને જયોતિષ મત પ્રમાણે ગૃહસ્વામીની રાશિ લઈ શકાય.**

## રાશિ અને રાશિનો સ્વામી

| ક્રમ | રાશિ | સ્વામી | મિત્રભાવ | શત્રુભાવ |
|---|---|---|---|---|
| ૧ | વૃશ્ચિક, મેષ | મંગળ | સૂર્ય, મંગળ, ચંદ્ર અને બૃહસ્પતિ | બુધ, શુક્ર, શનૈશ્વર અને રાહુએ પ્રથમ ચારના શત્રુ |
| ૨ | વૃષભ, તુલા | શુક્ર | | |
| ૩ | મિથુન, કન્યા | બુધ | | |
| ૪ | કર્ક | ચંદ્રમાં | | |
| ૫ | સિંહ | સૂર્ય | | |
| ૬ | મીન, ધન | બૃહસ્પતિ | | |
| ૭ | મકર, કુંભ | શનૈશ્વર | | |

| ક્રમ | રાશિ | વર્ણ |
|---|---|---|
| ૧ | કર્ક, મીન, વૃશ્ચિક | બ્રાહ્મણ વર્ણ |
| ૨ | સિંહ, મેષ, ધન | ક્ષત્રિય વર્ણ |
| ૩ | કન્યા, મકર, વૃષભ | વૈશ્ય વર્ણ |
| ૪ | મિથુન, કુંભ, તુલા | શૂદ્ર વર્ણ |

આ પ્રમાણે વર્ણાદિ ક્રમ પ્રમાણે રાશિ ચંદ્ર આપીને મંડને નિર્દેશ કર્યો છે કે બુદ્ધિમાન વ્યકિત એ વર્ણોત્તમા કન્યા અને વર્ણોત્તમા ગૃહનો પરિત્યાગ કરવો. બ્રાહ્મણાદિ વણો માટે ક્રમશઃ મીન, ધન, કન્યા અને મિથુન રાશિના ગૃહ શ્રેયસ્કર છે. [૮૬]

મંડને નક્ષત્ર વિચાર સ્પષ્ટ કરતા કહ્યું છે કે –

કૃત્તિકા આદિ સાત નક્ષત્રોને પૂર્વ દિશા, મઘાદિ સાત નક્ષત્રોને દક્ષિણ, અનુરાધાદિ સાત નક્ષત્રોને પશ્ચિમ, ધનિષ્ઠાદિ સાત નક્ષત્રોને ઉત્તર દિશામાં ક્રમાનુસાર લખવા. આ ક્રમ પ્રમાણે ઘરનું નક્ષત્ર જે દિશામાં આવે તે દિશામાં ચંદ્ર છે, એમ જાણવું અને ગૃહ નિર્માણમાં ચંદ્રની સ્થિતિ પ્રમાણે ફળ આ પ્રમાણે છે. [૮૭]

ઘરની પાછળ ચંદ્ર = હાનિ કરે

ઘરની સામે ચંદ્ર = આયુષ્યનો ક્ષય

ઘરની જમણે ચંદ્ર = શ્રેષ્ઠ

ઘરની ડાબે ચંદ્ર = શ્રેષ્ઠ

નક્ષત્રનો ગણવિચાર સ્પષ્ટ કરતા મંડને જયોતિષ વિચારને પ્રગટ કર્યો છે.

| ક્રમ | ગણ | નક્ષત્ર |
|---|---|---|
| ૧ | દેવગણ | પૂનર્વસુ, અશ્વિની, પુષ્ય, મૃગશીર્ષ, શ્રવણ, રેવતી સ્વાતિ, હસ્ત, અનુરાધા |
| ૨ | મનુષ્યગણ | ભરણી, રોહિણી, આર્દ્રા, ત્રણેય પૂર્વા, ત્રણેય ઉત્તરા |
| ૩ | રાક્ષસગણ | વિશાખા, કૃત્તિકા, આશ્લેષા, મઘા, શતભિષા, ચિત્રા, જયેષ્ઠા, ધનિષ્ઠા, મૂળ |

આમાં રાક્ષસ અને મનુષ્યગણ નો સંબંધ થાય તો મૃત્યુ રાક્ષસ અને દેવતાનો સંબંધ થાય તો કલેશ અને મનુષ્ય અને દેવગણ નો સંબંધ સ્થપાય તો સમતા થતા મૈત્રી થાય છે. [૮૮]

મંડને દેવાલય, ભવન, આસન અને શય્યાના નિર્માણમાં નક્ષત્રોનો પારસ્પારિક વિરોધ ત્યાગ કરવાનો નિર્દેશ કર્યો છે. આ નક્ષત્ર વેર નક્ષત્ર દ્વંદ્વ થી આ પ્રમાણે બતાવ્યું છે.

ઉત્તરાફાલ્ગુની — અશ્વિની

સ્વાતી — ભરણી

રોહિણી — ઉત્તરષાઢા

શ્રવણ — પુનર્વસુ

ચિત્રા — હસ્ત

પુષ્ય — આશ્લેષા

જયેષ્ઠા — વિશાખા

આમાં પરસ્ય શત્રુભાવ હોય છે.(૮૯)

મંડને નક્ષત્ર યોનિ વિચાર સ્પષ્ટ કરીને યોનિ મૈત્રી અને વૈરની સ્પષ્ટતા કરી યોનિ વૈરને ત્યાગીને ગૃહ નિર્માણનો વિચાર કરવાની સ્પષ્ટતા કરી છે. (૯૦)

| ક્રમ | નક્ષત્ર | યોનિ |
|---|---|---|
| ૧ | અશ્વિની, શતભિષા | અશ્વ |
| ૨ | ભરણી, રેવતી | હસ્તી |
| ૩ | કૃત્તિકા, પુષ્ય | છાગ |
| ૪ | રોહિણી, મૃગશીષ | સર્પ |
| ૫ | મૂળ, આર્દ્રા | શ્વાન |
| ૬ | આશ્લેષા, પુનર્વસુ | માંર્જાર |
| ૭ | પૂર્વાફાલ્ગુની, મઘા | ઉંદર |
| ૮ | ઉત્તરભાદ્રપદ, ઉત્તર ફાલ્ગુની | ગાય |
| ૯ | સ્વાતિ, હસ્ત | મહિષી |
| ૧૦ | ચિત્રા, વિશાખા | વાઘ |
| ૧૧ | જયેષ્ઠા, અનુરાધા | હરણ |
| ૧૨ | પૂર્વાષાઢા, શ્રવણ | વાનર |
| ૧૩ | ઉત્તરષાઢા, અભિજિત | નોળિયો |
| ૧૪ | પૂર્વાભાદ્ર, ધનિષ્ઠ | સિંહ |

આ રીતે નક્ષત્રની યોનિથી ઉત્પન્ન થયેલું વૈર જો ઘરની સાથે ઘરના ધણીને લોક વ્યવહારે લાગું પડતું હોય તો ત્યજવું.

મંડને 'રાજવલ્લભ' અધ્યાય–૧૧ માં નક્ષત્રોના સિદ્ધિ યોગ–અયોગનું વર્ણન આ પ્રમાણે કર્યું છે. (૯૧)

| <u>શુભ અને અશુભ વાર</u> | <u>નક્ષત્ર</u> | <u>તિથિ</u> |
|---|---|---|
| રવિવાર શુભ | અશ્વિની, મુળ, પુષ્ય, હસ્ત, ત્રણ ઉત્તરા | – |
| રવિવાર અશુભ | મઘા, ભરણી, અનુરાધા, જયેષ્ઠા, વિશારવા | ૧૨–૭ |
| સોમવાર શુભ | શ્રવણ, અનુરાધા, પુષ્ય, મૃગશીર્ષ, રોહિણી | – |
| સોમવાર અશુભ | અભિજિત, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા,ચિત્રા,વિશાખા | ૧૧ |
| મંગળવાર શુભ | કૃત્તિકા, અશ્વિની, અશ્લેષા, મૂળ, ઉત્તરાભાદ્ર | – |
| મંગળવાર અશુભ | ઉત્તરાષાઢા,ધનિષ્ઠા,શતભિષા,પૂર્વાભાદ્રપદ આર્દ્રા | ૧૦ |
| બુધવાર શુભ | પુષ્ય, હસ્ત, મુગશીર્ષ, રોહિણી, કૃત્તિકા,અનુરાધા | – |
| બુધવાર અશુભ | ધનિષ્ઠા, ભરણી, અશ્વિની, રેવતી | ૧–૯ |
| ગુરુવાર શુભ | અશ્વિની, અનુરાધા, પુનર્વસુ, રેવતી, પુષ્ય | – |
| ગુરુવાર અશુભ | શતભિષા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, ઉત્તરફાલ્ગુની, કૃત્તિકા | ૮ |
| શુક્રવાર શુભ | રેવતી, અશ્વિની, પૂર્વાફાલ્ગુની, શ્રવણ, ઉત્તરાષાઢા, અનુરાધા | – |
| શુક્રવાર અશુભ | પુષ્ય અશ્લેષા, મઘા, રોહિણી, જયેષ્ઠા | ૭ |
| શનિવાર શુભ | રોહિણી, શ્રવણ, સ્વાતી, શતભિષા | – |
| શનિવાર અશુભ | ઉત્તરફાલ્ગુની, હસ્ત, ચિત્રા, પૂર્વાષાઢા, રેવતી | ૬ |

### ૪.૨.૩.૩ નાડીચક્ર, લીખ થી ગજ સુધીના માપ અને ક્ષેત્રફળ વિચાર

રાજવલ્લભ અધ્યાય–૩ માં મંડને ' નાડીચક્ર ' પ્રસ્તુત કર્યુ છે. આ નાડી અનુસાર નક્ષત્રોનો ક્રમ વર્ણવ્યો છે. (૯૨) અને નક્ષત્રો વેધ, લાભ, દોષ આદિનો વિચાર કર્યો છે.

એક સર્પના આકારે ત્રણ નાડીનું ચક્ર કરી તેમાં અશ્વિની આદિ સત્યાવીશ નક્ષત્રો વેધ કરવા અર્થાત્ સર્પના નવ(૯) ભાગો કરી તે દરેક ભાગમાં ત્રણ નક્ષત્રો વેધવા. એ નક્ષત્રોમાં – સર્પાકૃતિ ચક્રમાં એક નાડીમાં વર અને કન્યાનાં નક્ષત્રો આવે તો તે મૃત્યું કરે માટે તે સારા નહીં. માટે તે નક્ષાત્રાંશ ત્યજવા. પરંતુ, સ્વામી અને સેવકને, મિત્ર, મિત્રને, ઘરને અને ઘરના સ્વામીને તેમજ નગરને અને રાજાને એટલાઓના નક્ષત્રોના એક નાડીમાં વેધ થાય તો સારો. તેમજ આયાદિ નવ પ્રકારમાં ત્રણ, પાંચ, સાત અને નવ એ પ્રથમ હોય તો ઘર કરનાર સુખી થાય છે.

**ત્રણેય નાડીમાં નક્ષત્ર વેધ આ પ્રમાણે વર્ણવી શકાય.**

(૧) પ્રથમ નાડી – અશ્વિની,આર્દ્રા, પુનર્વસુ,ઉત્તરાફાલ્ગુની, હસ્ત, જયેષ્ઠા, મૂલ,શતભિષા, પૂર્વા ભાદ્રપદ

(૨) મધ્ય નાડી – ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, પૂર્વાફાલ્ગુની, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા, ધનિષ્ઠા, ઉત્તરાભાદ્રપદ

(૩) અંતિમ નાડી – કૃત્તિકા, રોહિણી, અશ્લેષા, મઘા, સ્વાતી, વિશાખા, ઉત્તરાષાઢા, શ્રવણ, રેવતી

મંડન સૂત્રધારે 'રાજવલ્લભ' અધ્યાય–૧૦ માં જયોતિષ શાસ્ત્રીય સિદ્ધાંતોને સ્પષ્ટ કર્યા છે, અને જયોતિષ એ આપણા આદિ જ્ઞાનના સ્ત્રોત એવા વેદનું એક અંગ છે. વેદના છ અંગોમાં જયોતિષ એ વેદના ચક્ષુ છે. (૯૩)

નારદ પુરાણમાં કહ્યું છે કે જયોતિષના વિજ્ઞાન માત્રથી ધર્મની સિદ્ધિ થાય છે. જયોતિષશાસ્ત્રના મુખ્ય પાંચ અંગ છે. તેમા સિદ્ધાંત શાસ્ત્ર વૈજ્ઞાનિક અને વિસ્તૃત છે,મંડને આ જયોતિષ સિદ્ધાંતો ' લીલાવતી ' નામના ગ્રંથમાંથી કેટલીક ઉક્તિ ગ્રહણ

કરેલી હોય તેવું લાગે છે. શિલ્પજ્ઞ માટે આ ભૂમિતિ વિદ્યાનું જ્ઞાન આવશ્યક છે અને મંડનના મતે આ પ્રમાણે માપની માત્રા હોય છે.

*छायाचाणूरेणु केशाग्रलिक्षायूकाः प्रोक्ताः स्याद्यवस्त्वंगुलश्च ।*

*छायादिभ्योष्टघ्नमानस्यवृद्धिः प्रोक्तौ हस्तोजैनसंख्यांगुलैश्च ।।* (૯૪)

પ્રસ્તુત શ્લોકને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| | | | |
|---|---|---|---|
| ૮ છાયા | = | ૧ | અણૂ |
| ૮ અણુ | = | ૧ | રેણુ |
| ૮ રેણુ | = | ૧ | કેશાગ્ર |
| ૮ કેશાગ્ર | = | ૧ | લિક્ષા / લીખ |
| ૮ લિક્ષા | = | ૧ | યૂકા / જૂ |
| ૮ યૂક | = | ૧ | યવ / જવ |
| ૮ જવ | = | ૧ | અંગુલ |
| ૨૪ અંગુલ | = | ૧ | હાથ |

ત્યાર પછી મંડને ભૂમિતિનું સૂત્ર આ પ્રમાણે પ્રસ્તુત કર્યુ છે.

જે ભૂમિનો વ્યાસ અને લંબાઈ સરખી હોય તે ભૂમિનો વ્યાસ × લંબાઈ = ક્ષેત્રફળ

જે ક્ષેત્રફળ આવ્યું તેને ભૂમિના ખાત / ખોદાઈની ઊંચાઈ સાથે ગુણા કરવાથી જે આવે તે ચતુરસ્ત્ર લંબાઈ તથા વ્યાસ અને ઉંડાઈનું એ સમગ્રનું ઘન ક્ષેત્રફળ નીકળે છે. આ ક્ષેત્રફળનું નામ ખાતસિદ્ધિ થાય છે. (૯૫)

અહીંયા મંડનનો નિર્દેશ છે કે જો ભૂમિના વ્યાસ સાથે લંબાઈના હસ્ત/હાથનો ગુણાકાર કરીએ તો તો ક્ષેત્રફળ ફળ ' હસ્તાત્મક ' થશ અને જો ગુણાદિ સંખ્યા અંગુલમાં એટલે કે અંગુલ સાથે તો પ્રાપ્ત ક્ષેત્રફળ ' હસ્તાંગુલાત્મક ' થશે અને જો વ્યાસના અંગુલ × ભૂમિની લંબાઈના અંગુલ = ' અંગુલાત્મક ' ક્ષેત્રફળ આવે તેમજ અંગુલાત્મક ક્ષેત્રફળને ચોવીશે ભાગતા ' અંગુલ હસ્તાત્મક ' ક્ષેત્રફળ આવે. (૯૬)

આવી જ રીતે ખાતનું ક્ષેત્રફળ જાણવા માટે પિંડને બે વાર ગુણવાથી ભીત્તિનું ક્ષેત્રફળ પણ જાણી શકાય છે. [૯૭]

મંડન અનુસાર વૃતક્ષેત્રનો સામાન્ય વિચાર આ પ્રમાણે પ્રસ્તુત કરી શકાય.

$$\frac{\text{પરિધિ} \times \text{વ્યાસ}}{૪} = \text{વૃત ક્ષેત્રફળ}$$ [૯૮]

આવી જ રીતે મંડને ઘનફળ જાણવા માટે પણ કહ્યું છે –

*घनीकृतंव्यासदलंनिजैक विंशांशयुग् गोलफलंघनं स्यात् ।* [૯૯]

અર્થાત્ $$-\frac{(\text{વ્યાસ})^{૩}}{૨} + \frac{(\text{વ્યાસ})^{૩}}{૨ \times ૨૧} = \text{વૃતક્ષેત્રફળ}$$

મંડને લીલાવતીના મત મુજબ આગળ કહ્યું છે કે – [૧૦૦]

૧) $$\frac{\text{વૃતની પરિધિ} \times \text{વ્યાસ}}{૪} = \text{વૃતક્ષેત્રફળ}$$

૨) વૃતક્ષેત્રફળ × ૪ = ગોળ આકૃતિનું પૃષ્ઠ ફળ

૩) $$\frac{\text{પૃષ્ઠફળ} \times \text{વ્યાસ}}{૬} = \text{ગોળ આકૃતિનું ઘનફળ}$$

મંડને ધનુષ્યનો ક્ષેત્રફળ વિચાર આ પ્રમાણે આપ્યો છે. [૧૦૧]

$$\frac{\text{જીવા (પ્રત્યંસા)} + \text{બાણ}}{૨} = \text{જે આવે તે – બાણનામાપ સાથે ગુણતા}$$

$$\frac{(\text{બાણનું માપ})^{૨} \times ૧૦}{૯} = \text{ધનુષ્યનું ક્ષેત્રફળ}$$

મંડને અષ્ટકોણીય ક્ષેત્રફળ વિચાર પણ સ્પષ્ટ કર્યો છે. [૧૦૨]

અષ્ટકોણીય ભૂમિની પહોળાઈ × લંબાઈ = પ્રાપ્ત અંક

પ્રાપ્ત અંક – ૬ = શેષ અંક – ૪૮ = અષ્ટાસ્ત્રભૂમિનું ક્ષેત્રફળ

આ ઉપરાંત મંડને ષોડશકોણા ક્ષેત્રફળનો વિચાર પણ આપ્યો છે. [૧૦૩]

તેમજ મંડને અધ્યાય–૧૨ માં માત્રિકા વિચાર પણ આપ્યો છે.

**માતૃકા યંત્ર**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | જ | છ | ચ | ઙ | ઘ | ગ |
| આ | ઝ | ભ | બ | ફ | પ | ખ |
| ઇ | ઞ | મ | શ | ષ | ન | ક |
| ઈ | ટ | ય | હ | શ | ધ | અઃ |
| ઉ | ઠ | ર | લ | વ | દ | અં |
| ઊ | ડ | ઢ | ણ | ત | થ | ઔ |
| ઋ | ૠ | લૃ | લ | એ | ઐ | ઓ |

આ અક્ષરોનું શુભાશુભ ફળ આ પ્રમાણે બતાવ્યું છે. તેમા ૨૫ અથવા ૧૯ અક્ષરો શુભ ફળદાયક છે.

### ૪.૨.૩.૪ જયોતિષ લક્ષણો અને સ્ત્રીદોષ ઈત્યાદિનું વર્ણન

વાસ્તુશાસ્ત્રીય 'રાજવલ્લભ' ગ્રંથના તેરમાં અધ્યાયમાં જુદા–જુદા નક્ષત્રો પર કરવામાં આવતા કાર્યોનો નિર્દેશ છે. અને સંપૂર્ણપણે જયોતિષના મુહૂર્ત પ્રકરણ ઉપર કેન્દ્રિત છે. માટે જ મંડને એ અધ્યાયનું નામ પણ ' જયોતિષલક્ષણ ' રાખ્યું છે. આ ' જયોતિષલક્ષણ ' નામના પ્રકરણમાં તે સમયનાં રાજપરિવાર અને સામાન્ય લોક સમુદાયને ઉપયોગી જુદા–જુદા મુહૂર્તો આપ્યા છે. તેમાં પહેલા મંડને નક્ષોની જુદી જુદી સંજ્ઞાઓ આપી છે. અને તેના કાર્યો ગણાવ્યા છે. પછી નક્ષત્રોને અનુકૂળ તિથિઓનું વર્ણન છે.આ રીતે નક્ષત્રપર આધારિત જયોતિષ લક્ષણોની ચર્ચા મંડને 'રાજવલ્લભમાં' કરી ને 'રાજવલ્લભ' અને જયોતિષશાસ્ત્રનો સંબંધ બતાવ્યો છે.

મંડને નક્ષત્રોની મુખ સ્થિતિ અને તેમાં કરવાના કાર્યો ની યાદી આપી છે. [૧૦૪]

| ક્રમ | સ્થિતિ | નક્ષત્ર | કાર્યો |
|---|---|---|---|
| ૧ | અધોમુખ | પૂર્વાત્રય, અશ્લેષા, મઘા, કૃત્તિકા, મૂળ, ભરણી, વિશાખા | ખાતમુહૂર્ત, પૃથ્વીમાંધન ઉગ્રકાર્ય |
| ૨ | પાર્શ્વમુખ/તીર્થક્મુખ | ચિત્રા,અશ્વિની,અનુરાધા, પુનર્વસુ, સ્વાતી, જયેષ્ઠા, મૃગશીર્ષ, રેવતી, હસ્ત | વાહન, યંત્ર, હળ, અને પશુના કાર્યમાં |
| ૩ | ઉર્ધ્વમુખ | પુષ્ય, ઉત્તરાત્રય, આર્દ્રા, શ્રવણ, ધનિષ્ઠા,રોહિણી, શતભિષા | કિલ્લો,દેવમંદિર, છત્ર,હવેલી, રાજયાભિષેક |

ત્યાર પછી મંડને સીમંતોપન્નયન, અન્નપ્રાશન, કર્ણવેધ મૌંજીબંધ, વિદ્યારંભ, ક્ષૌરકર્મ, વસ્ત્રધારણ વગેરે સંસ્કારો / કર્મો કયા સમયે, કઈ તિથિએ કયાં વારે અને તેના માટે શુભ અને અશુભ નક્ષત્ર કયું વગેરેની ચર્ચા કરી છે. [૧૦૫]

આ પ્રસંગે રોગ વિચાર કરતા મંડને કહ્યું છે કે – સ્વાતિ, પૂર્વાત્રય, આશ્લેષા, જયેષ્ઠા, આર્દ્રા  આટલા નક્ષત્રોમાં રોગોત્પત્તિ થાય તો મૃત્યુ થાય છે. [૧૦૬] આ ઉપરાંત યાત્રા વિચાર પણ ઉદ્ધૃત કર્યો છે. [૧૦૭]

આ ઉપરાંત દેવપ્રતિષ્ઠા માટે પણ મંડને મુર્હૂત બતાવ્યું છે.[૧૦૮] જે આ પ્રમાણે છે.

અયન – ઉત્તરાયણ

પક્ષ – શુક્લપક્ષ

ગ્રહમાસ – મીન સંક્રાંતિ અને ચૈત્રમાસ રહિત

લગ્ન – સ્થિર લગ્ન

તિથિ – ૧૦, ૨ અથવા ૧,૩,૫,૭,૧૧,૧૩,૧૫ વિષમ તિથિઓ શુભ

નક્ષત્ર – પૂર્વાભાદ્રપદ, ત્રણ ઉત્તરા, મૃગશીર્ષ, રોહિણી, જયેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, પુનર્વસુ, શ્રવણ, હસ્ત, સ્વાતિ, અશ્વિની, ધનિષ્ઠ, રેવતી, આર્દ્રા, પૂષ્ય અને અનુરાધા.

ગૃહવેધ – સપ્તશલાકા ચક્રમાં જો ક્રૂર ગ્રહનો વેધ આવે તો તે સારો નહી, તેમજ મંગળનો વેધ તો ઘણો જ ખોટો છે.

<u>સપ્તશલાકા ચક્ર</u>




મંડને બાર સ્થાનમાં રહેલા ચંદ્રમાંના ફળ પણ બતાવ્યા છે.[૧૦૯] અને તેજ પ્રમાણે શાન્તિક તથા પૌષ્ટિક કર્મ માટે શુભ નક્ષત્ર અને વાર બતાવ્યા છે.[૧૧૦] તેમજ વાસ્તુના કામમાં શુભ નક્ષત્ર, વાર અને તિથિઓ લેવાનું કહ્યું છે.[૧૧૧] લગ્ન મુહૂર્ત માટે પણ આ પ્રમાણે કહ્યું છે.

*विष्कुंभव्यतिपातकौ च नशुभौयोगाः परेशोभनाः*

*शस्तं नागबवाव्हतैतलगिरंयुग्मांतिथि वर्जयेत् ।*

*मौहूर्तत्वथविश्वमष्टनवमं पञ्चत्रिरागाद्रिकं*

*श्रेष्ठंचद्वितियंतुलावृषघटौयुग्मंधनुः कन्यके ॥ !* [૧૧૨]

તેમજ *क्रूरोह्यष्टमसंस्थितोपिमरणंकर्त्तुर्विधत्तेतरम् ।*[૧૧૩] કહીને ગૃહપ્રારંભના શ્રેય–પ્રેયનું વર્ણન કર્યુ છે.

મંડને સ્ત્રીના ગુણ–દોષનું વર્ણન પણ કર્યુ છે, જેમકે

*यस्याश्चारुमुखं नितंबजधने स्थूलेकुचौ श्रीफलैः*

*स्तुल्यौक्षामकटिर्विशालनयनेताम्रोधरःसत्कचाः ।।* (११४)

અર્થાત્ જેનું અંગ સુકોમળ હોય, સુંદર મુખ હોય, નિતંબ અને જઘન એ બે સ્થૂળ હોય અને જેના સ્તન શ્રીફળ જેવા હોય, કટિ દુર્બળ હોય વિશાળ નેત્રો હોય, અધર લાલ હોય, અને કેશ સુંદર હોય તેવી સ્ત્રી સાથે લગ્ન કરવું.

આ ઉપરાંત અધ્યાય–૧૨ માં ગોચર પ્રકરણ, સંક્રાંતિ વિચાર, છાયામાન, શરીર સ્વરોદય, પંચસ્વર વિચાર, પ્રકારચક્ર અને માતૃકાશકુન વિચાર આ બધા વિચાર જયોતિષ શાસ્ત્રના છે.

### ૪.૨.૪ રાજભવનો અને તેના પ્રકારો

મંડને *प्रासाद एवामरभूपयोश्च* (११५) કહીને રાજાના તથા દેવોના ઘરને પ્રાસાદ ગણાવ્યો છે. અને પોતાની રાજભવનની વાત દ્વાપર યુગથી શરૂ કરે છે. જેમકે –

*येद्वापरेभूमि भूजौबभूवुः तेषां गृहंहस्त शतंद्विहीनम् ।*

*तत् त्र्यंशभूमीश्चरकोनृनाथः त्वष्टाधिकाशीतिकरंगृहंस्यात् ।।* (११६)

અર્થાત્ –

જે દ્વાપર યુગના ચક્રવર્તી રાજાઓ હતા તેમના ઘરો ૯૮ હાથના હતા. પરંતુ તેના કરતા ત્રીજા ભાગની પૃથ્વીના માલિક જે રાજાઓ હતા તેમના ૮૮ હાથના ઘરો હતા.

આ રીતે ચક્રવર્તી રાજાઓથી શરૂ કરીને જુદા–જુદા રાજાઓના રાજભવનોના માપ મંડને આપ્યા છે. જે આ પ્રમાણે છે. (૧૧૭)

| ક્રમ | રાજાનું નામ | વિશેષતા | ભવનનું માપ |
|---|---|---|---|
| ૧ | ચક્રવર્તી | સર્વાધિપતિ | ૯૮ હાથ |
| ૨ | નૃનાથ | સર્વાધિપતિ થી ત્રીજા ભાગની પૃથ્વીના માલિક | ૮૮ હાથ |
| ૩ | મહામંડલિક | ૧/૨ લાખ ગામનો અધિપતિ | ૭૮ હાથ |
| ૪ | મંડલિક | ૫૦ હજાર ગામનો અધિપતિ | ૬૮ હાથ |
| ૫ | સામન્ત (મુખ્ય) | ૨૦ હજાર ગામનો અધિપતિ | ૫૮ હાથ |
| ૬ | સામન્ત | ૧૦ હજાર ગામનો અધિપતિ | ૪૮ હાથ |
| ૭ | સામન્ત | ૫ હજાર ગામનો અધિપતિ | ૩૨ હાથ |
| ૮ | ચોરાશીક ધણી | ૧ હજાર ગામનો અધિપતિ | ૨૮ હાથ |
| ૯ | અલ્પદેશનો રાજા | ૧૦૦ ગામનો અધિપતિ | ૧૮ હાથ |

તેમજ મંડન કહે છે, રાજાના ઘર કરતા તેના મંત્રીનું ઘર અર્ધાભાગનું કરવું અને મંત્રીથી અનુક્રમે ઉતરતા અધિકારીઓના ઘરો પણ ક્રમશઃ અર્ધા ભાગના કરવા. તેમજ પહોળાઈમાં ૧૦ અથવા ૫ માં ભાગની લંબાઈ વધારી ઘરો કરવા.

૪ થી ૩૨ હાથ સુધીના ઘર સામાન્ય માણસોના હોય છે. જયારે અને ત્યાંથી ૧૦૮ હાથ સુધી રાજાઓના ઘરો કરવા જોઈએ.[૧૧૮]

તેમજ – *शालायानवधाच पंचकरतो मानंचविश्वांतकं ।* [૧૧૯]

કહીને શાળા (ઓસરી) ઓ ૫ થી ૧૩ હાથ સુધી એમ નવ પ્રકારની થાય તેમ વર્ણવ્યું છે. તેમજ રાજભવનમાં ગૃહદ્વાર અને તેના પ્રકારો[૧૨૦], ઉદયનું માપ અને તેના પ્રકારો[૧૨૧], શાળા અને તેના પ્રકારો, દીપાલય, ખડકીનું દ્વાર, મત્સ્યપુરાણના મતે મંડને દ્વાર ઉદયના ૧૦ પ્રકાર બતાવ્યા છે. તેમજ ગૃહની ચારેકોર મેખલાના નિર્માણનો નિર્દેશ કર્યો છે. [૧૨૨]

મત્સ્યપુરાણના મતે મંડને આ પ્રમાણે ૧૦ પ્રકારનાં દ્વાર ઉદય માપ બતાવ્યું છે.

૧ – ૧૫૦ અંગુલ

૨ – ૧૪૦ અંગુલ

૩ – ૧૩૦ અંગુલ

૪ – ૧૨૦ અંગુલ

૫ – ૧૮૦ અંગુલ

૬ – ૧૯૦ અંગુલ

૭ – ૧૧૬ અંગુલ

૮ – ૧૦૯ અંગુલ

૯ – ૮૦અંગુલ

૧૦ – ૧૧૦ અંગુલ

આ ઉપરાંત રાજભવનોમાં સ્તંભો અને તેની આકૃતિઓ, ઘરનો કરો, છાપરું, વગેરેના માપ આદિના વર્ણનો મંડને 'રાજવલ્લભ' ના અધ્યાય– ૫ માં વિસ્તારથી કર્યા છે.

મંડને પ્રાચીન મતો અનુસાર રાજભવનના વિભાજના બે પ્રકારો બતાવ્યા છે. (૧) દિશા અનુસાર વિભાજનની [૧૨૩]

(૨) વાસ્તુપદાનુસાર વિભાજનની [૧૨૪]

ગૃહમાં ડાબી બાજુ – ધનનું, વસ્ત્રનું , દેવનું, ધાતુનું લક્ષ્મીનું, ઘોડાનું, રાણીનું, ઔષધનું, બાગનું અને ભોજનનું સ્થાન રાખવું.

રાજભવનમાં જમણી બાજુ – અગ્નિનું, ગાયનું, જળનું, હાથીનું, શસ્ત્ર, અને સ્ત્રીઓના સ્થાનકોનું સ્થાન રાખવું.

તેમજ ભેંસોનું, બકરાનું અને ગાડરો (ઘેટાં) એટલાઓનાં સ્થાનકો ઘરથી દક્ષિણ અને અગ્નિકોણ વચ્ચે કરવા.

મંડને વાસ્તુપદ અનુસાર વિભાજનનો નિર્દેશ કર્યો અને તેની સાથે જ કહ્યું છે કે – નૃત્યશાળા, પૂર્વ, પશ્ચિમ, વાયવ્ય અથવા અગ્નિકોણે અને શૌચાલય નૈઋત્યમાં અને ભોજનશાળા પશ્ચિમમાં પ્રશસ્ત છે.[૧૨૫]

આ ઉપરાંત રાજમહેલ આગળ શોભામંડપ તેની આગળ પુત્ર–પૌત્રાદિનો મહેલ, ડાબી બાજુ યોદ્ધાઓ અને લખતરો, રાજમહેલની જમણી બાજુ છત્ર પકડનાર, ચામ ઢાળનાર , ગુરુ અને તાંબૂળ ધરનારનું સ્થાન રાખવું. ઘરધણીની ઈચ્છા મુજબ શયન સ્થાન રાખવું. (૧૨૬)

મંડને રાજભવનોની સાથે લોકગૃહનું વર્ણન કરીને – રાજભવનો જયેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ હોય છે. અને તે ૧ થી ૧૦ શાળાના રૂપમાં બનાવાય છે. પરંતુ મોટા ભાગે ગૃહ ૧ થી ૩ શાળા અને પ્રાયઃ ચતુઃશાળા હોય છે.(૧૨૭)

૪.૨.૪.૧ <u>એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ અને ચતુઃશાળ ઘરોની રીત</u>

' રાજવલ્લભ ' વાસ્તુશાસ્ત્રમાં અધ્યાય–૭ માં જુદા જુદા રાજગૃહોનું વિવેચન કર્યુ છે. – મંડને –

*अथैकशालांद्विगुणाब्धिशालं प्रस्तारतोलक्षणमेवतेषाम् ॥*

*यथोदितं वास्तुमते तथैव ब्रवीमि राज्ञामथ मानवानाम् ॥* (૧૨૮)

કહીને જુદા જુદા વાસ્તુવિશારદોની સ્વીકારોક્તિ કરી છે. અને તેના પરથી કહી શકાય કે પૂર્વવર્તી વાસ્તુવિશારદોએ પણ આના વિશે વર્ણન કર્યુ છે.

મંડને એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ અને ચતુઃશાળ ગ્રહોની ક્રમ પૂર્વક ભેદ બતાવવાની વિધિ બતાવી છે. (૧૨૯) જેમાં ૧ થી ૪ પંકિતમાં લઘુ (૧) ગુરુ (૫) કરીને ૧૬ પ્રકારના ગૃહો બતાવ્યા છે, જેમકે, ધ્રુવ, ધાન્ય, જય, નંદ, ખર, કાંત, મનોરમ, સુવકતૃ, દુર્મુખ, ક્રૂર, વિપક્ષ, ધનદ, ક્ષય, આક્રંદ, વૈપુળ અન વિજય. આ સોળ ઘરોના જેવા નામ છે તેવાજ તેના ફળો છે. (૧૩૦) આ ઘરોની રચના આ પ્રમાણે થાય.

આ ઉપરાંત મંડને આગળ એકશાળ ગૃહમાં જુદી–જુદી રીતે બનાવાય તો ૧૦૪ પ્રકારનાં ગૃહરુપોનો નામવાર ઉલ્લેખ કર્યો છે. જે આ પ્રમાણે છે.

- ✤ રમ્યાદિ ૮ પ્રકારો : રમ્ય, શ્રીધર, મુદિત, વર્ધમાન, કરાળ, સુનાભ, ધ્વાંક્ષ, સમૃદ્ધ. (૧૩૧) ( આ ગૃહો આગળ બતાવેલા ધાન્યઆદિમાં એક એક અલિંદ વધારવાથી બને છે)

✤ **સુંદરાદિ ૧૬ પ્રકારો :** ધ્રુવાદિ જે ૧૬ ઘરો છે તેમાં એક–એક ષટદારું નાખવામાં આવે તો સુંદરાદિ સોળ પ્રકારો થાય. જેમકે – (ક્રમશઃ)
સુંદર, વરદ, ભદ્ર, પ્રમુખ, વિમુખ, શિવ, સર્વલાભ, રવિશાળ, વિલક્ષ, અશુભ, ધ્વજ, ઉદ્યત, ભીષણ, સૌમ્ય, અજીત, કુળનંદન. (૧૩૨)

✤ **હંસાદિ ૧૬ પ્રકારો :** ધ્રુવ આદિ જે ગૃહ કહ્યા તેમાં અલિંદ કરી અથવા બે અલિંદોની શાળામાં બે પટ (પાટળા) નાખવામાં આવે તો ધ્રુવ આદિમાંથી હંસાદિ ૧૬ ઘરો આ પ્રમાણે થાય.
હંસ, સુલક્ષણ, સૌમ્ય, હય, ભાવુક, ઉત્તમ, રુચિર, સતત, ક્ષેમ, ક્ષેપક, ઉધૃત, વૃષ, ઉચ્છ્રિત, ત્યય, આનંદ, સુનંદ પ્રકારના ઘરો થાય. (૧૩૩)

✤ **અલંકૃતાદિ ૧૬ પ્રકારો :** ધ્રુવાદિક ઘરમાં અપવર્ક (ઓરડી/કોટડી) આવે તો ધ્રુવાદિના નામ બદલાયને ક્રમશઃ અલંકૃતાદિ ૧૬ પ્રકારો થાય છે.
અલંકૃત, અલંકાર, રમણ, પૂર્ણ, ઈશ્વર, પુણ્ય, સુગર્ભ, કળશ, દુર્ગત, રિક્ત, ઈપ્સિત, ભદ્રક, વંચિત, દીન, વિભવ, કામદ. (૧૩૪)

✤ **પ્રભાવાદિ ૧૬ પ્રકારો :** ઉપર વર્ણવેલા ધ્રુવ આદિ અપવર્ક વિશે ષટ્દારુ નું નિરુપણ કરવામાં આવે તો પ્રભાવાદિ ૧૬ ઘરોનાં પ્રકારો થાય જે –
પ્રભાવ, ભાવિત, રૂકમ, તિલક, ક્રીડન, સાખ્ય, યશોદા, કુમુદ, કાળ, ભાસુર, ભૂષણ, વસુધર, ધાન્યનાશ, કુપિત, વિત્તવૃદ્ધિદ, કુલસમૃધ્ધ. (૧૩૫)

✤ **ચૂડામણિ આદિ ૧૬ પ્રકારો :** અપવર્ક સાથ ષટ્દારુ સહિત જે પ્રભાવાદિ ઘરો કહ્યાં છે તે ઘરોના મુખ આગળ એક–એક અલિંદા વધારવામાં આવે તો તે ચૂડામણિ આદિ ઘરો થાય. ચૂડામણિ, પ્રભદ્ર, ક્ષેમ, શેખર, ઉચ્છ્રિત, વિશાળ, ભુતાદિ, હૃષ્ટ, વિરોધ, કાળપાસ, નિરામય, સુશાળ, રૌદ્ર, મેઘ, મનોભવ, શુભદ્ર. (૧૩૬)

→ **દ્વિશાળ ઘરો અનુ શુભાશુભ તત્ત્વો**

**દ્વિશાળ ઘર કરવાની રીતમાં મંડન કહે છે કે – દ્વિશાળ ઘર કરવાની ભૂમિના ત્રણ પદ કરવા. ત્રણ આડા અનુ ત્રણ ઉભા મળી નવ પદ કરી, મધ્યભાગ મુકી બાકીના બે–બે પદમાં બે શાળ કરવી. અને બાકીની ભૂમિ ખુલ્લી રાખવી. આમ ચાર દિશાઓમાં ચાર શાળ થાય. જે આ પ્રમાણે છે. [૧૩૭]**

**(૧) કરિણી (ઉત્તર મુખ)**

**(૨) મહિષી (પૂર્વ મુખ)**

**(૩) ગાવી (દક્ષિણ મુખ)**

**(૪) છાગી (પશ્ચિમ મુખ)**

**ભવનોમાં શાળાના સંયોગથી થતા શુભાશુભ ફળને વર્ણવ્યું છે.[૧૩૮] જે આ રીતે સ્પષ્ટ કરી શકાય.**

| **ક્રમ** | **સંયોગ** | **નામ** | **શુભ–અશુભ** |
|---|---|---|---|
| ૧ | કરિણી અને મહિષી | સિદ્ધાર્થ | શુભ |
| ૨ | ગાવી અને મહિષી | યમસૂર્ય | મૃત્યુકારક |
| ૩ | છાગી અને ગાવી | દંડ | ધનનાશ |
| ૪ | કરિણી અને છાગી | કાચ | ધનનાશ (અશુભ) |
| ૫ | ગાવી અને કરિણી | ચુલ્હિ | અશુભ |

**મંડને પ્રથમ દ્વિશાળાના પ્રકારો બતાવ્યા છે. જે ચાર પ્રકાર મુખ્ય છે.[૧૩૯]**

**હસ્તિની / કરિણી શાળા હોય તે – સંતત**

**મહિષી શાળા હોય તે – શાન્તિદ**

**ગાવી શાળા હોય તે – વર્ધમાન**

**છાગી શાળા હોય તે – કુર્કુટ**

**આજ રીતે એકશાળ ગૃહના પ્રકારોની જેમ જ એક અલિંદ, બે અલિંદ, ષટ્દારું, પટ, સ્તંભ, વગેરે વધારવાથી સંતત વગેરે ના ૧૬ અને એક રૂપ હોવા છતા કરિણી**

વગેરે ભેદથી ૬૪ ગૃહોના નામ મંડને વર્ણવ્યા છે.(૧૪૦) તેમાં દરેક ચોથુ ગૃહ અશુભ હોય છે.(૧૪૧) આ જ દ્વિશાળ ગૃહોના પ્રકારોનું વર્ણન અને નામાભિધાન ' વાસ્તુસાર પ્રકરણ' માં જોવા મળે છે.(૧૪૨)

આ રીતે દ્વિશાળા ગૃહના ૬૪ પ્રકારો બતાવીને પણ મંડન – *द्विशाल गेहानि च षोडशैव वास्तूदधेः सारतरंपुनश्च ॥* (૧૪૩) કહીને વાસ્તુશાસ્ત્રને અગાધ સમુદ્રના રૂપમાં વર્ણન કરી પોતે વાસ્તુના અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. અને તેમાં પ્રસાદો વિશેની ખૂબ જ સામગ્રી પ્રાપ્ત થાય છે. તેવું સિદ્ધ કરે છે. અને ફરી દ્વિશાળ ગૃહોના ૧૬ (સોળ) પ્રકારો કહે છે. (૧૪૪) તે આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧) સૂર્ય | ૯) હયજ | |
| ૨) વાસવ | ૧૦) મહાતં | |
| ૩) પ્રાસાદ | ૧૧) ત્રૈલોકયાડંબર | (મહાદેવ અને ગણપતિ માટે હોય છે) |
| ૪) વિમલ | ૧૨) વરદ | (વિશ્વકર્માએ આપેલ નામ) |
| ૫) વીર્યવંત | ૧૩) માલીન | |
| ૬) ભાસુર | ૧૪) વિલાસ | |
| ૭) દુંદુભ | ૧૫) કમલ | |
| ૮) સુતેજ | ૧૬) સુંદર | |

મંડને *फलदाएवं गृहाषोडश* કહીને શુભ બતાવ્યા છે.

## ► ત્રિશાળ ગૃહના લક્ષણો અને પ્રકારો :

આ ત્રિશાળ ગૃહમાં આંગનમાં ત્રણ બાજુ શાળાઓનું નિર્માણ કરવામાં આવે છે. એક બાજુ નહી. આથી આવા ગૃહને ત્રિશાળગૃહ કહેવામાં આવે છે.(૧૪૫)

આ ઉપરાંત ત્રિશાળ ગૃહોનું લક્ષણ, પ્રકારો અને શુભાશુભ તત્ત્વ બૃહત્સંહિતા, અગ્નિપુરાણ, વાસ્તુવિદ્યા, મત્સ્યપુરાણ વગેરેમાં પણ છે.

મંડને ત્રિશાળ ગૃહનું સામાન્ય વર્ણન કરતા કહ્યું છે કે – જે ત્રિશાળ ગૃહની આગળ એકષણ (અલિંદ) હોય અને તે હસ્તિની શાળાનું મુખ ઉત્તરાભિમુખ હોય તોતો (૧) ત્રિદશ. પરંતુ તે ત્રિદશ પૂર્વાભિમુખ હોય તો (૨) ત્રિદશાવાસ. તે જ ત્રિદશ દક્ષિણાભિમુખ હોય તો તે (૩) સુરુપ અને તેજ ત્રિદશ પશ્ચિમાભિમુખ હોય તો તે (૪) કુમુદ નામનું કહેવાય. [૧૪૬]

આ જ રીતે દિશા ને ક્રમશઃ લઈને જો ત્રિશાળ ગૃહોની મુખ આગળ બે અલિંદો હોય તો અને ઉત્તર મુખ હોય તો – (૧) છત્ર, પૂર્વમુખ હોય તો (૨) પુત્રહર, દક્ષિણમુખ હોય તો (૩) કામ, અને પશ્ચિમ મુખવાળું હોય તો (૪) હ્રસ્વભદ્ર કહેવાય છે.

► જો આજ છત્ર વગેરે ગૃહોની મધ્યે ષટ્દારુ હોય તો (દિશાના ક્રમથી) (૧) સ્વધન, (૨) કુબેર, (૩) પક્ષ, (૪) કામદ કહેવાય.

ત્રિશાળ ગૃહ આગળ બે અલિંદો આગળ એક ભદ્ર અને મધ્યે પાદડો હોય તે (દિશાના ક્રમથી ઉત્તર) (૧) જલદ (૨) ભેષ જ (૩) ગજ (૪) કૂપ

આ રીતે કુલ ૧૬ પ્રકારો બતાવ્યા છે. [૧૪૭] અને આ ઉપરાંત

► જો ત્રિશાળ ઘર આગળ એક અલિંદ, એક મંડપ, એક ભદ્ર હોય તો (ઉત્તર વગેરે દિશાનાના ક્રમથી) –

(૧) વિજય (૨) જય (૩) નિનાદ (૪) કિર્તિજ અને જો ઉપર ભદ્ર કરવાનું કહ્યું છે તથા ભદ્રના સ્થાને અલિંદ હોય તો, (૫) સકળ (૬) નિર્લોભ (૭) વાસદ (૮) કૌશળ

► જે ત્રિશાળ ગૃહ આગળ ત્રણ અલિંદ હોય તે (ઉત્તર વગેરે ક્રમથી) (૧) ઈશ્વર (૨) વરદ (૩) ભીમ (૪) કુશળ. તેમજ ડાબી અલિંદ હોય તો –

(૫) વેદબુદ્ધિ (૬) સ્વજન (૭) કૌશદ (૮) નીલ

► ત્રિશાળ ગૃહ આગળ ત્રણ અલિંદો હોય જમણી અને ડાબી તરફ અલિંદ હોય (ઉત્તર વગેરે ક્રમથી) તો તે –

(૧) વરદ (૨) સરદ (૩) દડક (૪) કાકપક્ષ અને આમા એક મંડપ વધારીએ તો (ઉત્તર વગેરે ક્રમથી) તો તે –

(૫) હયનાદ (૬) ગજનાદ (૭) બાહુલ (૮) કીર્તિજ

► જે ત્રિશાળ ગૃહ આગળ ચાર અલિંદો હોય તેની આગળ એક મંડપ હોય તે (ઉત્તર વગેરે દિશાના ક્રમથી)

(૧) સિંહ (૨) વૃષ (૩) ગજ (૪) કોશ  સિંહ ગૃહની ડાબી બાજુ અલિંદ હોય તો (ઉત્તર વગેરે ક્રમથી)

(૫) સુભદ્ર (૬) માણિભદ્ર (૭) રત્નજ (૮) કાંચન

► જે ત્રિશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય, તેમ એક જમણી તરફ અને એક પછી તે હોય તો તે ઘર (ઉત્તર વગેરે દિશાના મુખથી) (૧) ભૈરવ (૨) ભારત (૩) નરજ (૪) કુબેર.

ઉપર કહેલા ભૈરવ ઘરમાં જમણી તરફ અલિંદ ન હોય અને ડાબી તરફ એક અલિંદ હોય તો તે ઘર (ઉત્તર વગેરે દિશાના મુખથી) (૧) હસ્તિયાન (૬) વિયાન/વિમાન (૭) હયજ (૮) કૃપજ

► જે ત્રિશાળ ઘરના મુખ આગળ પાંચ હ્સ્વ હોય તો (ઉત્તર વગેરે દિશાના ક્રમથી) (૧) સાગર (૨) ક્ષીરદ (૩) રત્નદાયક (૪) કોલાહલ  આ ત્રિશાળ ઘરની મધ્યે બે ષટ્દારુ, આગળ સપ્ત અલિંદ, અલિંદ આગળ એક ભદ્ર હોય, જમણી બાજુ પણ એક અલિંદ હોય તો (ઉત્તર વગેરે દિશામાં મુખના ક્રમથી) તે ઘર (૫) ગંધર્વ (૬) ક્ષિતિભૂષણ (૭) સર્વજ્ઞ (૮) દર્પક

► જે ઘર શાળાના અલિંદ વિના જ  હોય તે (દિશા આદિ ક્રમથી) (૧) ધાન્ય (૨) સુક્ષેત્ર (૩) ચુલ્હી (૪) પક્ષઘ્ન

મંડને આ ત્રિશાળ ગૃહના લક્ષણ, પ્રકારો, અને સાથે શુભાશુભ વર્ણનો કર્યા છે તે મત્સ્યપુરાણને મળતા આવે એવા છે.(૧૪૮)

મંડને અહીં ત્રિદશાદિ એક અલિંદવાળા ત્રિશાળ ઘરના ૧૬ પ્રકારો જે કહ્યા તેમાં જો ષટ્દારુ હોય તો તે <u>સોમ</u> અને ષટ્દારુ ન હોય તો તે <u>શંકર</u> નામે ઘર થાય છે. તેનું વર્ણન હું સંક્ષિપ્તમાં આ પ્રમાણે કરું છું.

| ક્રમ | નામ | દિશા | લક્ષણ |
|---|---|---|---|
| ૧ | સોમ | | ષટ્દારુ યુક્ત |
| ૨ | શંકર | | ષટ્દારુ વિહીન |
| ૩ | વિશ્વ | | મુખ આગળ બે અલિંદો |
| ૪ | રુદ્ર | | મુખ આગળ બે અલિંદો અને જમણી તરફ એક |
| ૫ | સાગર | | ત્રણ અલિંદો આગળ હોય |
| ૬ | નૃપશોભિત | | મુખ આગળ ૪, જમણીબાજુ ૧, ડાબીબાજુ ૧, પછી તે ૧ અલિંદ |
| ૭ | સૌખ્યદ | ઉત્તરમુખ | આગળ ૫, બાકીના ત્રણેયભાગે ૧–૧ અલિંદ |
| ૮ | રાજાગ્ર | પૂર્વમુખ | સૌખ્યદના સમાન લક્ષણો |
| ૯ | અસંયુત | દક્ષિણ મુખ | સૌખ્યદના સમાન લક્ષણો |
| ૧૦ | સર્વશાંત | પશ્ચિમ મુખ | સૌખ્યદના સમાન લક્ષણો |
| ૧૧ | કુભનંદન | | આગળ ૫, બંને બાજુ ૧–૧, અને પછી તે ૨ અલિંદો હોય. |
| ૧૨ | કલ્યાણ | | કુલનંદનગૃહની જમણી તરફ ૧ અલિંદ વધારે ૨ કરવાથી |
| ૧૩ | સૌભાગ્યવર્ધન | | આગળ ૫, ડાબી–જમણી અને પછી તે ૩–૩ અલિંદો હોય અને ઘર મધ્યે ષટ્દારુ હોય. |
| ૧૪ | આનંદ | | આગળ ૬, જમણે–૧, ડાબે–૨, પછી તે બે અલિંદો હોય. |
| ૧૫ | જનશોભન | | આગળ ૬, જમણે–૩, ડાબે–૧, પછી તે ૩ અલિંદો હોય. |
| ૧૬ | ગોવર્ધન | | આગળ ૬, જમણે–ડાબે ૨–૨,પછી તે ૩ અલિંદો |
| ૧૭ | ત્રૈલોક સુંદર | | આગળ ૭, જમણી–ડાબી ૩–૩ અલિંદો |
| ૧૮ | શ્રીતિલક | | આગળ ૬ અલિંદ અને ૧ ભદ્ર |
| ૧૯ | વિષ્ણુપ્રિય | | આગળ ૭ અલિંદ અને ૧ ભદ્ર |

આ રીતે મંડને ત્રિશાળ ગ્રહોના બીજા સોમ આદિ પ્રકારો વર્ણવીને રાજાઓ માટે સૌભાગ્યવર્ધન ઘર રાજાઓએ નિરંતર કરવું જોઈએ(૧૪૯) તેવો નિર્દેશ કર્યો છે.

આ ઉપરાંત મંડને ત્રિશાળ ગૃહના ત્રિદશ ગૃહના પ્રકારો આપ્યા તે આ પ્રમાણે છે.

→ ત્રિશાળ ઘરની મધ્ય ષટ્દારુ હોય તો તે – શ્રીત્રિદશ

→ ત્રિદશ ઘરની આગળ એક હ્રસ્વ હોય તો તે – શ્રીનિવાસ

→ ત્રિદશ ઘરના મુખ આગળ ૨ અલિંદો હોય તો તે – શ્રી વત્સ

→ ત્રિદશ ઘરના મુખ આગળ ૩ અલિંદો હોય તો તે – શ્રીઘર

→ ત્રિદશ ઘરના મુખ આગળ ૪ અલિંદો હોય તો તે – શ્રીભૂષણ

→ ત્રિદશ ઘરના મુખ આગળ ૫ અલિંદો હોય તો તે – શ્રી જય

→ ત્રિદશ ઘરના મુખ આગળ ૬ અલિંદો હોય તો તે – શ્રી તિલક

→ શ્રી તિલક ઘર મધ્યે ૨ ષટ્દારુ હોય તો તે – શ્રીવિલાસ

→ શ્રી વિલાસ ઘરના મુખ આગળ ૭ અલિંદો હોય તો તે – શ્રીતેજોધ્ય

આમ મંડને –

*सोमादित्रिदशादिभूपतिगृहाः पञ्चाधिकाविशंतिः ।* (૧૫૦) કહીને સોમ વગેરે ૧૬ અને શ્રીત્રિદશાદિ ૯ એમ કુલ ૨૫ ઘર રાજાઓ માટે કહ્યા છે.

## ► ચતુઃશાળ ગૃહોના લક્ષણો અને પ્રકારો :

મંડને 'રાજવલ્લભ' ના અધ્યાય–૭ માં ત્રિશાળ ગૃહોના લક્ષણો– પ્રકારો વર્ણવ્યા પછી ચતુઃશાળ ગૃહોના ભેદ આ પ્રમાણે આપ્યા છે.

ઉપર કહેલા શ્રીત્રિદશાદિ ૯ ત્રિશાળ ગૃહોને ચતુઃશાળ કહીને તેમાં અલિંદ, મંડપ, ભદ્ર, ષટ્દારુ વગેરેનું નિર્માણ કરીને આ પ્રમાણે પ્રકારો બતાવ્યા છે.

| | | |
|---|---|---|
| ૧ | ચંદ્ર | મુખ આગળ ૨ અને જમણી બાજુ ૧ અલિંદ (ષટ્દારુયુક્ત) |
| ૨ | મલય | ચંદ્ર ઘરની ડાબી બાજુ ૧ અલિંદ વધારવી, ૧ ષટ્દારુયુક્ત |
| ૩ | શોભન | મુખઆગળ ૩ અલિંદ ૧ ષટ્દારુ |
| ૪ | સુકર્ણ | મુખઆગળ ૩, પછી તે ૧, જમણી બાજુ ૧ અલિંદ અને ૧ ષટ્દારુ |
| ૫ | નાગેંદ્ર | મુખઆગળ ૩, પછી તે ૧, જમણી બાજુ ૧, ડાબીબાજુ ૧ અલિંદ છે અને એક ષટ્દારુ. |
| ૬ | ચક્ર | આગળ ૪ અલિંદો, ૧ ષટ્દારુ |
| ૭ | જયાવહ | ચક્રઘરની ડાબી–જમણી બાજુ ૧–૧ અલિંદ ૧ ષટ્દારુ |
| ૮ | મકરધ્વજ | જયાવહ ગૃહના મુખ આગળ ૧ ભદ્ર, ૧ ષટ્દારુ |
| ૯ | કામદ | મકરધ્વજ ગૃહની પછી તે ૧ અલિંદ, ૧ ષટ્દારુ |

અહીં મંડને ચતુઃશાળ ગૃહોમાં ' ચક્ર ' નામના ગૃહને સર્વ ઘરોમાં શ્રેષ્ઠ બતાવ્યુ છે. (૧૫૧) અને મુનિના મત પ્રમાણે ૮ શાળાઓ બતાવી છે. તેમા મધ્યે ઘર માટે છ વર્ણવી છે. (૧૫૨)

### ૪.૨.૫ રાજભવનની સંબંધ સામગ્રીઓ અને અન્ય ઘરોના વર્ણનો

સૂત્રધાર મંડને 'રાજવલ્લભ' ના અધ્યાય–૮ માં પલંગ, સિંહાસન , છત્ર, ગવાક્ષ, સભા, વેદિકા, દીપસ્ભંત વગેરે રાજપરિવારને ઉપયોગી સામગ્રીનું વાસ્તુશાસ્ત્રીય રીતે વિષદ વર્ણન કર્યુ છે. કેમકે – આ બધી સામગ્રી શિલ્પીના વિશેષ જ્ઞાનથી સુખદ બને છે.

#### ૪.૨.૫.૧ શય્યા લક્ષણ

'રાજવલ્લભ' માં મંડને સર્વ પ્રથમ ત્રણ શ્લોકમાં શય્યાની ચર્ચા કરી છે. અને આ પ્રમાણે શય્યાનું માપ, લાકડાનું નામ અને શુભાશુભ તત્ત્વનું વર્ણન કર્યુ છે. (૧૫૩)

| <u>ક્રમ</u> | <u>પલંગ</u> | <u>અંગુલ</u> |
|---|---|---|
| ૧ | રાજા માટે | ૧૦૦ અંગુલ લાંબી |
| ૨ | રાજપુત્ર માટે | ૯૦ અંગુલ લાંબી |
| ૩ | મંત્રી માટે | ૮૪અંગુલ લાંબી |
| ૪ | સેનાપતિ માટે | ૭૨ અંગુલ લાંબી |
| ૫ | રાજગુરુ માટે | ૬૯ અંગુલ લાંબી |
| ૬ | બ્રાહ્મણ માટે | ૬૭ અંગુલ લાંબી |
| ૭ | ક્ષત્રિય માટે | ૬૭ અંગુલ લાંબી |
| ૮ | વૈશ્ય માટે | ૬૭ અંગુલ લાંબી |
| ૯ | શૂદ્ર માટે | ૬૭ અંગુલ લાંબી |

આ પલંગની પહોળાઈ લંબાઈના અડધા ભાગથી ૧૬ અંગુલ વધારે અને ઉંચાઈ લંબાઈના ૩/૪ ભાગથી ૨/૩ અંગુલ વધારીને કરવી. ત્યાર પછી પલંગ માટે વાપરવામાં આવતું લાકડું અને શુભાશુભ ફળ આ પ્રમાણે છે.

| <u>ક્રમ</u> | <u>વૃક્ષના લાકડાનું નામ</u> | <u>ફળ</u> |
|---|---|---|
| ૧ | શ્રીપર્ણીના વૃક્ષનું લાકડું | ધનની પ્રાપ્તિ |
| ૨ | અસનના વૃક્ષનું લાકડું | રોગનો નાશ |
| ૩ | તિંદુકીના વૃક્ષનું લાકડું | ધનની પ્રાપ્તિ |
| ૪ | શીશમના વૃક્ષનું લાકડું | વૃદ્ધિ થાય |
| ૫ | સાગ ના વૃક્ષનું લાકડું | સુખ પ્રાપ્તિ |
| ૬ | પદ્મકના વૃક્ષનું લાકડું | આયુષ્ય વર્ધક |
| ૭ | ચંદનના વૃક્ષનું લાકડું | શત્રુનો ક્ષય |
| ૮ | શિરીષના વૃક્ષનું લાકડું | સુખ પ્રાપ્તિ |

આજ રીતે જુદા–જુદા વાહનો, મ્યાનો, પાટ, પાટલા વગેરે પણ એકજ જાતિના લાકડામાંથી અને શિલ્પીના હાથે કરાવવાં જોઈએ.

### ૪.૨.૫.૨ <u>સિંહાસન લક્ષણ</u>

મંડને 'રાજવલ્લભ' માં જુદા–જુદા માપના નિર્દેશ કરીને દેવીપુરાણ, માનસાર, મયમતં વગેરે ગ્રંથોમાંથી સંપાદન કરીને સિંહાસનના પ્રકારો આ પ્રમાણે આપ્યા છે.

| ક્રમ | સિંહાસનનો પ્રકાર | માપ |
|---|---|---|
| ૧ | ઉત્તમ સિંહાસન | ૬૦ અંગુલ |
| ૨ | મધ્યમ સિંહાસન | ૫૦ અંગુલ |
| ૩ | કનિષ્ઠ સિંહાસન | ૪૦ અંગુલ |

આ સિંહાસનોમાં લંબાઈ કરતા પહોળાઈ $\frac{૧}{૧૦}$ / $\frac{૧}{૮}$ ભાગ ઓછી કરવી અને લંબાઈના $\frac{૧}{૨}$ ભાગની ઊંચાઈ કરવી. [૧૫૪] આ સિંહાસનની પહોળાઈના ૭ ભાગ કરી, ૩ ભાગમાં ભદ્ર કરવું, ૨ ભાગમાં કોણ કરવા અથવા પહોળાઈના ૫ ભાગ કરવા તેમાંથી બે ભાગનું ભદ્ર, દોઢ–દોઢ ભાગનું કોણ, અથવા સિંહાસનની ઊંચાઈના ૮૬ ભાગ કરી ૮ ભાગનું પીઢ, ૫ ભાગની કર્ણી, ૭ ભાગની ગ્રાસપટી, ૧૧ ભાગની ગજથર, ૯ ભાગમાં અશ્વથર, ૭ માં નરથર, ૧૪ ભાગમાં વેદી બનાવવા જોઈએ. [૧૫૫]

આજ રીતે ' રાજપ્રિય ' સિંહાસન અને ' યશવર્ધક ' સિંહાસનોનું વર્ણન કર્યુ છે.

સિહાનમાં ૬ ભાગનું છાદ્ય, ૧૫ ભાગનું કક્ષાસન, કક્ષાસનમાં ૪ સ્તંભ કરવા/ તોરણ કરવા/ ઊંચા પ્રકારનાં રત્નો જડવા તે ' રાજપ્રિય ' સિંહાસન છે. તો જે સિંહાસનના કક્ષાસનમાં ગજથર, સિંહ પર અથવા નરથર હોય તે યશ વર્ધક સિંહાસન છે. [૧૫૬]

મંડને સિંહાસનના ભેદો આ પ્રમાણે વર્ણવ્યા છે. [૧૫૭]

| ક્રમ | પ્રકાર | અલંકરણો |
|---|---|---|
| ૧ | ઉત્તજં | પીઠ ઉપર કુંભ, કળશ, કપોતાલી,છાદ્ય |
| ૨ | સુયશ | પઠ, ગજથર, સિંહથર, વેદિકા, છાદ્ય |
| ૩ | દીપચિત્ર | ગજથર,માત્રિકાથર,વેદિકા, આસન, છાદ્ય |

૪.૨.૫.૩ છત્ર લક્ષણ :

મંડને છત્રલક્ષણ પણ આ પ્રમાણે બતાવ્યા છે.

| ક્રમ | પ્રકાર | માપ |
|---|---|---|
| ૧ | જયેષ્ઠમાન છત્ર | ૮૪અંગુલ |
| ૨ | મધ્યમમાન છત્ર | ૭૨ અંગુલ |
| ૩ | કનિષ્ઠમાન છત્ર | ૬૦ અંગુલ |

આ છત્ર રાજાના સિંહાસન ઉપર રાજાના શિરે કરવું તેમજ આ ત્રણ પ્રકારના છત્રો રાજા માટે કરવા અને દેવતાઓ માટે ૫૦ અંગુલનું છત્ર કરવું.

૪.૨.૫.૪ ગવાક્ષ લક્ષણ

મંડને ગવાક્ષ પ્રકારનું વર્ણન વાસ્તુસાર અને વાસ્તુમંડન બંનેમાં પણ કર્યુ છે. જયારે 'રાજવલ્લભ' માં આ પ્રમાણે ગવાક્ષના લક્ષણો અને નામ આપ્યા છે.

| ક્રમ | સંજ્ઞા / નામ | લક્ષણ |
|---|---|---|
| ૧ | ત્રિપતાક | લુંબિવિહીન |
| ૨ | ઉભય | બે લુંબિ |
| ૩ | સ્વસ્તિક / નંદાવર્ત્તક | ચાર લુંબિ |
| ૪/૫ | પ્રિયવકત્ર/ સુમુખ | છ લુંબિ, પાંચ મુખ |
| ૬ | સુવકત્ર | એક છાદ્ય |
| ૭ | પ્રિયંગ | બે છાદ્ય |

| | | |
|---|---|---|
| ૮ | પદ્મનાભ | ત્રણ છાદ્ય |
| ૯ | દીપચિત્ર | ચાર છાદ્ય |
| ૧૦ | વૈચિત્ર | પાંચ છાદ્ય |
| ૧૧ | સિંહ | વધારે લંબાઈ |
| ૧૨ | હંસ | વધારે પહોળાઈ |
| ૧૩ | મતિદ | લંબાઈ–પહોળાઈ સરખા |
| ૧૪ | બુધ્ધર્ણવ | ભદ્ર સહિત |
| ૧૫ | ગરુડ | ચારેય તરફ દ્વાર |

આમ મંડને ૧૫ પ્રકારનાં ગવાક્ષ કરવાનું કહ્યું છે. (૧૫૮)

## ૪.૨.૫.૫ રાજસભાષ્ટક વેદિકા અને દીપસ્થંભ

મંડને રાજસભાના આઠ પ્રકારો આ પ્રમાણે વર્ણવ્યા છે. (૧૫૯)

| ક્રમ | નામ | લક્ષણ |
|---|---|---|
| ૧ | નંદા | જમીનના ચાર વિભાગ કરી, તેના ૪–૪ પદો કરી તેના વચ્ચેના ચાર પદમાં એક અલિંદ કરવી. |
| ૨ | ભદ્રા | નંદા સભા પ્રમાણે જ આગળ એક ભદ્ર બનાવવો. |
| ૩ | જયદા | નંદા સભાની ચારેય બાજુ ભદ્ર બનાવવા. |
| ૪ | પૂર્ણા | નંદા સભાની ચારેય બાજુ અલિંદ બનાવવા. |
| ૫ | દિવ્યા | નવ ભાગોની સભા |
| ૬ | યક્ષી | દિવ્યાને ચારે બાજુ એક–એક ભદ્ર |
| ૭ | રત્નોદ્‌ભવા | દિવ્યાની ચારે બાજુ ઉપદના ચાર ભદ્રો |
| ૮ | ઉત્પલા | રત્નોદ્રભવાના ચાર ભદ્રો આગળ એક–એક ભદ્ર |

આ ઉપરાંત મંડને સભા આદિ માટે અલંકરણનો પણ નિર્દેશ કર્યો છે.

સભા માટે ⇨ તોરણ, સ્તંભો, મદળો, નર્જુ, છાદ્ય.

છાદ્ય માટે ⇨ લુંબી, હસ્તી, ઘોડા, સિંહો, નૃત્ય કરતી હોય તેવી પૂતળિઓ.

રંગભૂમિ ⇨ રત્નો, સ્ફટિક વડે જડિત, આગળ ક્રિડા મંડપ, જમણી તરફ ભદ્રમાં સુશોભિત વેદિકા કરવી.

— **વેદિકા લક્ષણ અને દીપ સ્થંભ :**

મંડને વેદિકાનું નામ, આકાર અને ઉપયોગ આ પ્રમાણે વર્ણવ્યા છે. (૧૬૦)

| ક્રમ | આકાર | ઉપયોગ | નામ | ફળ |
|---|---|---|---|---|
| ૧ | ચાર ખુણાવાળી | લગ્નમાં | સ્વસ્તિક | કલ્યાણકારક |
| ૨ | બાર ખુણાવાળી | રાજસભામાં | ભદ્રિકા | — |
| ૩ | વીસ ખુણાવાળી | દેવમંદિરમાં | શ્રીધરિકા | — |
| ૪ | આઠ ખુણાવાળી | ચંડી પૂજન/હોમયોગ | પદ્મિની | શુભ ફળ આપનાર |

આ ઉપરાંત મંડને વર્ણઅનુસાર વેદિઓનું માપ આપ્યું છે.

| ક્રમ | વર્ણ | માપ |
|---|---|---|
| ૧ | બ્રાહ્મણ | ૭ હાથ |
| ૨ | ક્ષત્રિય / રાજઘર | ૬ હાથ |
| ૩ | વૈશ્ય | ૫ હાથ |
| ૪ | શૂદ્ર | ૪ હાથ |

આમ દરેક વેદીની લંબાઈથી ત્રીજા ભાગની ઊંચાઈ કરવી / અથવા અર્ધી ઊંચાઈ કરવી અથવા લંબાઈ જેટલી જ ઊંચાઈ કરવી. વેદી ઉપર રાજસિંહાસન કરવું અને તે અલંકરણોથી શોભાયમાન કરવું.

મંડને દીપસ્તંભના ૯ પ્રકારો વર્ણવ્યા છે.

| **ક્રમ** | **માપ / ઊંચાઈ** |
|---|---|
| ૧ | ૩ હાથ ઊંચો |
| ૨ | પોણા ત્રણ હાથ |
| ૩ | અઢી હાથ |
| ૪ | સવા બે હાથ |
| ૫ | બે હાથ |
| ૬ | પોણા બે હાથ |
| ૭ | દોઢ હાથ |
| ૮ | સવા હાથ |
| ૯ | એક હાથ |

આ દીપસ્થંભને પીઠ અને કુંભાના થર લગાવવા, માથે સુવર્ણ કળશ વગેરેથી શોભાયમાન કરવો. દીવી ધાતુ, કાષ્ઠ કે માટીની કરવી.તેમા સીસું અને કથીર એ બે ધાતુ નિષિદ્ધ છે.

### ૪.૨.૫.૬ અન્ય ઘરોના વર્ણનો

' રાજવલ્લભ ' વાસ્તુશાસ્ત્રના નવમાં અધ્યાયમાં રાજાદિગૃહલક્ષણ આપ્યા છે. મંડને 'રાજવલ્લભ' માં–

*गृहा वास्तु शास्त्रोदधौराजयोग्या अनंता हि संत्यत्र तेभ्यः कियंतः ।* (૧૬૧)

કહીને વાસ્તુશાસ્ત્ર રૂપી સમુદ્રનો સાર આપ્યો છે.

મંડને સર્વપ્રથમ ત્રિશાળ ગૃહના લક્ષણો આપ્યા છે.(૧૬૨)

| | | |
|---|---|---|
| ૧ | પ્રથમ પ્રકાર | જેમા ૩ ભાગમાં ૨ અલિંદ, મુખ આગળ વીથિ અને મધ્યે ષટ્દારુ |
| ૨ | બીજો પ્રકાર | જેમ ચારેય દિશાએ ત્રણ–ત્રણ અલિંદો,૧ મુખ્યદ્વાર, ગવાક્ષ અને ભદ્ર યુક્ત હોય. |
| ૩ | શ્રીધર | જેમા માઢ યુક્તભદ્ર હોય |
| ૪ | રાજયવર્ધન્ય | જેમ ૫/૭ ભૂમિ, જાળિયા અને બારીઓ હોય ઢાંકયા વિનાનો મંડપ, ચતુર્મુખ હોય |

ત્યાર પછી મંડને પ્રતાપવર્દ્ધનાદિ ઘરોની રચના – લક્ષણ બતાવ્યા છે. (૧૬૩)

| | | |
|---|---|---|
| ૧ | પ્રતાપવર્ધન | ભૂમિને સાડાત્રણ ભાગે વહેંચીને બનાવેલા ઘરની સાથે ચારે બાજુ ૧ ભદ્ર, તે ચાર સ્તંભો, ૩૨ સ્તંભો |
| ૨ | લક્ષ્મી વિલાસ | ૪ ભદ્ર, ભદ્રમાં ૧૦–૧૦ સ્તંભ અથવા મધ્યમાં ૧૬ સ્તંભ, |
| ૩ | લક્ષ્મીનર્મ શ્રી નિવાસ | ૪ દ્વાર પર ૪ ભદ્ર, પ્રતિભદ્ર અડધા અથવા ૧ પદમાં સ્તંભ, દરેક ભદ્રમાં ૨–૨ ભદ્ર, તેમાં ૧૮ સ્તંભ વચ્ચે ૧૬ સ્તંભ. |
| ૪ | કમલોદ્ભવ | ઘરની ભૂમિના ૮ ભાગ કરી, અડધા ભાગમાં ભીંતો, બાકીના સાડાસાત ભાગમાં ઘર કરવું, ૧૦૦ સ્તંભો, ચાર દ્વાર આગળ ભદ્ર, ૩૪ સ્તંભો, ચારે ભદ્રના મળીને૧૩૬ સ્તંભો, કુલ ૨૩૬ સ્તંભો થાય . |

આ ઉપરાંત મંડને કહ્યું છે કે ગૃહની સુંદરતા માટે ચૂનો, ઈંટો, કાંકરી વગેરે કાળજીથી વાપરવા અને ઘરમાં હોલો, ગીધ, વાનર, કાગડો વગેરે સિવાયના સુંદર ચિત્રો દોરવા. (૧૬૪)

મંડને રાજાઓના પ્રાસાદો માટે બીજા છ ભેદો કહ્યા છે. (૧૬૫)

જે આ પ્રમાણે છે.

(૧) શુદ્ધ

(૨) માડ

(૩) મૌડ

(૪) શેખર

(૫) તુંગાર

(૬) સિંહકર્ણ

ગૃહના આચ્છાદન માટે મંડને કાળ પ્રમાણે છ પ્રકાર કહ્યા છે. [૧૬૬]

(૧) તૃણનું છાદ્ય

(૨) પાંદડાનું છાદ્ય

(૩) પાટિયાનું છાદ્ય

(૪) વાંસના ખપેડાનું છાદ્ય

(૫) માટીનું છાદ્ય

(૬) પત્થરની શિલાનું છાદ્ય

આ ઉપરાંત મંડને રાજાના પ્રાસાદથી ડાબી અથવા જમણી તરફ રાજાને ક્રીડા માટે વાડી અથવા બાગ નો નિર્દેશ કર્યો છે. તે બાગો નીચે મુજબ ત્રણ પ્રકારની છે.

| ક્રમ | નામ | માપ |
|---|---|---|
| ૧ | પ્રથમ પ્રકાર | ૩૦૦ દંડનો |
| ૨ | મધ્ય પ્રકાર | ૨૦૦ દંડનો |
| ૩ | કનિષ્ઠ પ્રકાર | ૧૦૦ દંડનો |

આવા બાગમાં મંડપ, જળયંત્ર વગેરે કરવા. તે એવી રીતે કે ક્ષેત્રના સાત–સાત કોઠાઓ કરવા, તેમા ફરી ચારેય દિશાઓએ ત્રણ–ત્રણ કોઠાઓનાં ભદ્રો કરવા. બાકી રહેલા કોઠાઓની ચારેય બાજુ પાણીનો હોજ કરવો.

તેમજ બાગમાં વાવવાના વૃક્ષોની યાદી પણ મંડને આપી છે. (૧૬૭) અને રાજાઓ માટે સદૈવ હિતેષી અને સાથી એવા અશ્વની અશ્વશાળોનો નિર્દેશ મંડને રાજગૃહની ડાબી બાજુએ કરવાનો નિર્દેશ કર્યો છે. તેમજ તેના માપ અને પ્રકારો પણ આ પ્રમાણે વર્ણવ્યા છે.

| <u>ક્રમ</u> | <u>નામ</u> | <u>માપ</u> | | |
|---|---|---|---|---|
| | | લંબાઈ | પહોળાઈ | ઊંચાઈ |
| ૧ | જયેષ્ઠ | ૬૪ | ૧૫ | ૫ાા |
| ૨ | મધ્યમ | ૫૦ | ૧૩ | ૫ |
| ૩ | અધમ | ૪૦ | ૧૧ | ૪ |

' રાજવલ્લભ' ના અધ્યાય –૫ માં પણ હયશાળાનું વર્ણન કર્યું છે. (૧૬૮)

મત્સ્યપુરાણ અનુસાર મંડને પણ અશ્વને પૂર્વ–પશ્ચિમ મુખથી બાંધવાથી માલિકના તેજનો ક્ષય થાય છે. અને ઉત્તર–દક્ષિણ મુખથી બાંધવાથી યશ અને ધાન્યની પ્રાપ્તિ થાય છે. ઘોડાની ગમાણ બનાવવાનું અને તેના પણ કળશ કરવાનો નિર્દેશ કર્યો છે. તેની બાંધવાની જગ્યાએ ૭ હાથ ઊંચુ તોરણ કરવું.

અહીં મંડને અશ્વની ઊંચાઈના સાત પ્રકારોનો પણ નિર્દેશ કર્યો છે. (૧૬૯) મંડને આગળ રાજાના પ્રાસાદોના ૬ ભેદો બતાવ્યા છે. તેમાં આગળ સિંહ દ્વાર કરવા અને સિંહ દ્વારથી ડાબી અથવા જમણી તરફ હસ્તીશાળા કરવી અને તેના ઉપર કળશ અને ઘંટાઓની શોભા કરવી. તેમજ હાથીના માપ પ્રમાણે હાથી પ્રકારો પણ આપ્યા છે. (૧૭૦)

ત્યાર પછી મંડને રાજા, રાજપુત્ર, પટરાણી, મંત્રી, સાંમત, સેનાપતિ, બ્રાહ્મણ વગેરેના ગૃહોના માપ પ્રસ્તુત કર્યા છે. જે આ પ્રમાણે છે.

(૧) રાજાનું ઘર –

| ક્રમ | પ્રકાર | માપ |
| --- | --- | --- |
| ૧ | પહેલા પ્રકાર | પહોળાઈ – ૧૦૮<br>લંબાઈ – ૧૩૫ |
| ૨ | બીજો પ્રકાર | પહોળાઈ – ૧૦૦<br>લંબાઈ – ૧૨૫ |
| ૩ | ત્રીજો પ્રકાર | પહોળાઈ – ૯૨<br>લંબાઈ – ૧૧૫ |
| ૪ | ચોથો પ્રકાર | પહોળાઈ – ૮૪<br>લંબાઈ – ૧૦૫ |
| ૫ | પાંચમો પ્રકાર | પહોળાઈ – ૭૬<br>લંબાઈ – ૯૫ |

(૨) રાજકુમાર અને પટરાણીના ઘર

મંડને રાજકુમાર અને પટરાણીના ઘરો પાંચ પ્રકારના કહ્યાં છે. [૧૭૧]

| ક્રમ | પ્રકાર | માપ |
| --- | --- | --- |
| ૧ | પહેલો પ્રકાર | પહોળાઈ – ૮૦<br>લંબાઈ – ૧૦ ૬ા–૪ અંગુલ |
| ૨ | બીજો પ્રકાર | પહોળાઈ – ૭૪<br>લંબાઈ – ૯૮ ા–૪ |
| ૩ | ત્રીજો પ્રકાર | પહોળાઈ – ૬૮<br>લંબાઈ – ૯૦ ા – ૪ |
| ૪ | ચોથો પ્રકાર | પહોળાઈ – ૬૨<br>પહોળાઈ – ૮૨ ા – ૪ |
| ૫ | પાંચમો પ્રકાર | પહોળાઈ – ૫૬<br>લંબાઈ – ૭૪ ા – ૪ |

(૩) સેનાપતિ , મંત્રી, સામંત અને બ્રાહ્મણનું ઘર

સેનાપતિ વગેરેના ઘરના મંડને પાંચ પ્રકારો આ પ્રમાણે આપ્યા છે. (૧૭૨)

| ક્રમ | માપ | સેનાપતિ | મંત્રી, પ્રધાન | સામંત | દાશ્યા,કંચુકી શિલ્પી |
|---|---|---|---|---|---|
| ૧–પહેલો પ્રકાર | પહોળાઈ<br>લંબાઈ | ૬૪<br>૭૪ ।।–૪ | ૬૦<br>૬૭ ।। | ૪૦<br>૪૬–૧૬ | ૨૮<br>૩૨–૧૬ |
| ૨–બીજો પ્રકાર | પહોળાઈ<br>લંબાઈ | ૫૮<br>૬૭ ।।–૪ | ૫૬<br>૬૩ | ૩૬<br>૪૨ | ૨૬<br>૩૦–૮ |
| ૩–ત્રીજો પ્રકાર | પહોળાઈ<br>લંબાઈ | ૫૨<br>૬૦ ।।–૪ | ૫૨<br>૫૮ ।। | ૩૨<br>૩૭–૮ | ૨૪<br>૨૮ |
| ૪–ચોથો પ્રકાર | પહોળાઈ<br>લંબાઈ | ૪૬<br>૫૩ ।।–૪ | ૪૮<br>૫૪ | ૨૮<br>૩૨–૧૬ | ૨૨<br>૨૫–૧૬ |
| ૫–પાંચમો પ્રકાર | પહોળાઈ<br>લંબાઈ | ૪૦<br>૪૬ ।।–૪ | ૪૪<br>૪૯ ।। | ૨૪<br>૨૮ | ૨૦<br>૨૩–૮ |

આ ઉપરાંત મંડને બ્રાહ્મણઆદિ વર્ણોના ઘર માટેના માપ પણ બતાવ્યા છે.

| ક્રમ | માપ | બ્રાહ્મણ | ક્ષત્રિય | વૈશ્ય | શુદ્ર |
|---|---|---|---|---|---|
| ૧ | પહોળાઈ<br>લંબાઈ | ૩૨<br>૩૫–૪ ।।–૨<br>પાંત્રીસ હાથ સાડા ચાર અંગુલ અને બે જવ | ૨૮<br>૩૧ ।। | ૨૪<br>૨૮ | ૨૦<br>૨૫ |

અહીંયા મંડને કહ્યું છે કે પ્રમાણ કરતા જે ઘર વધારે લાંબુ હોય અથવા વધારે પહોળું હોય તો તે ઘરનો સત્વરે નાશ થાય છે. તેમજ જે ઘરનો દ્વાર ઉપરનો અથવા મોવાળનો ભાગ નમેલો હોય એવું ઘર પૌત્રાદિકનો નાશ કરે છે.

તેમજ ઘરનો વ્યાસ + ૭૦ હાથ કરી જે આવે તેને ૧૪ ભાગતાં જે લબ્ધાંક આવે તેટલા હાથની શાળા કરવી અને તે શાળા જેટલા ગજની આવી હોય તેમા ૩૫ ઉમેરી જે અંક આવે તેને ૧૪ ભાગતાં જે લબ્ધાંક આવે તે માનનો અતિંદ જાણવો.

જે ઘરને એક દ્વાર હોય તેને પૂર્વદિશાએ પણ બ્રહ્મા, મહાદેવ અને જૈનના પ્રાસાદને ચારેય દિશાએ દ્વાર કરવા. જેને બે દ્વાર હોય તે પૂર્વ – પશ્ચિમ એ બે દિશાએ કરવા. જે ઘરને ત્રણ દ્વાર કરવા હોય તેનું મુખ્ય દ્વાર દક્ષિણ દિશાએ કરવું નહીં.

### ૪.૨.૬ <u>'રાજવલ્લભ' માં શકુન વર્ણનો</u>

'રાજવલ્લભ' ગ્રંથના વિષયવસ્તુની અંદર 'રાજવલ્લભ' ના અંતિમ અધ્યાયમાં વૃદ્ધજનોએ બતાવેલા શકુન વર્ણનો વર્ણિત છે. વાસ્તુશાસ્ત્રમાં શકુન વર્ણનો હોય છે. પરંતુ મંડને અન્ય વિવિધ કાર્યોમાં પણ શકુનની ઉપયોગીતા બતાવી છે. મંડને 'રાજવલ્લભ' ઉપરાંત દેવતામૂર્તિપ્રકરણમાં પણ પ્રતિમા સ્થાપનામાં શુભશકુનને મહત્ત્વ આપ્યુ છે. [(૧૭૩)] આ ઉપરાંત વાસ્તુશાસ્ત્રના અન્ય ગ્રંથોમાં પણ શકુન વર્ણનો છે. અને મંડને આ પરંપરાથી 'રાજવલ્લભ'માં શકુન વર્ણન અધ્યાય–૧૪ માં વિસ્તારથી આપ્યું છે.

મંડને અધ્યાય–૧૦ માં પણ 'અદ્ભૂતમ્' ના વર્ણનની અંદર પાંચ શ્લોકમાં ગૃહ વગેરેમાં દ્દષ્ટિગોચર થતી આકસ્મિક ઘટનાઓના સારા–નરસા (શુભાશુભ) પર વિચાર કર્યો છે. અને આપણે ત્યાં અથર્વવેદના સમયથી જ આ પ્રકારે શકુન–અપશુકનનો વિચાર ચાલ્યો આવે છે. અથર્વવેદમાં કહ્યું છે કે – દિન–રાત, પ્રાતઃ –સાયંકાલ વગેરે બધા જ સમય શકુન થાય, અપશુકન ન થાય. [(૧૭૪)]

મંડને કહ્યું છે કે, તિથિ, વાર, નક્ષત્ર શુભ હોય તો પણ શકુન વિરોધ હોય તો કાર્ય કરવું નહીં. તેમજ સર્વ પ્રથમ ઉદયકાલીન, દિશાઓની સંજ્ઞાઓનું વિવરણ આપ્યું છે. મંડને દિશાઓની સંજ્ઞા આ પ્રમાણે બતાવી છે.

*प्राक्दग्धाशिवदिक् सुरेश्वरदिशि ज्वालाग्निदिग्धूमिता --- ।* [(૧૭૫)]

અર્થાત્ – રાત્રિના છેલ્લા અર્ધ પ્રહારોથી ચાર ઘડી દિવસ ચડતા સુધી સૂર્ય પૂર્વમાં રહે છે. તે વખતે ઈશાન કોણ દગ્ધ સમજવી. ત્યારે પૂર્વમાં જવાળા, અગ્નિકોણ ધુમવાળી,

ઉત્તર ભસ્મવાળી, અને બાકીની ચાર દિશાઓ શાંત જાણવી. અર્થાત્ પાછલી ચાર ઘડી રાતથી ચાર ઘડી દિવસ સુધી પ્રત્યેક દિશા અને પ્રત્યેક કોણમાં અનુક્રમે એક – એક પ્રહોર સુધી સૂર્ય રહે છે.

મંડને શાંત અને દિપ્ત દિશાઓમાં પક્ષીઓની ક્રિયાઓ જેવી કે – ચેષ્ટા, બેસવાનું સ્થાન, સ્વર, ગતિ, દિશા, અંગચેષ્ટા અને વખત(કાલ) એ સાત પ્રકારે જેવું સૂચવે તેવું ફળ મળે તેમ બતાવ્યું છે.

આ ક્રિયાઓમાં નીચેના વિષયો ઉલ્ટી રીતે સમજવા.

૧) સ્ત્રી સંબંધી કાર્યમાં

૨) વ્યાધિ વિષયક કાર્યમાં

૩) શત્રુના આક્રમણ વખતે

૪) કિલ્લામાં પ્રવેશ કરવો હોય

અર્થાત મંડનનું કહેવું છે , કે જે પ્રયાણ વખતના શકુન છે, તે ઉકત વિષયોમાં વિપરીત રીતે ફળદાયક બની શકે.[૧૭૬]

આ ઉપરાંત મંડને પ્રયાણ સમયે પોતાની જમણી બાજુએ નિમ્ન વસ્તુઓ આવે તો શુભ ફળ આપનાર બને છે. તેમ કહી આ પ્રમાણે યાદી આપી છે.

છત્ર, કમળ, હસ્તી, બકરું, ઘોડો, ગાય, વીણા, આયુધ, ચામર, ભેરીનો નાદ, શંખનો નાદ, મૃદંગ, મદિરા, ગાયન, વેદનો ઉચ્ચાર, મત્સ્ય, છાણ, માટી, માંસ, દીપક, પાણીનો ભરેલો ઘડો, તાંબુ, રૂપું, સોનું, વસ્ત્ર, રાજા, મધ, ઘી, દૂર્વા–ધરો, દહીં, ઝારી, કાજળ, વાહન , બ્રાહ્મણ, દૂધ, શાક, તાજા ફૂલ, ફળ, વૈશ્યા, દર્પણ, અંકુશ, ઔષધ, સમિધ, રાંધેલુ અન્ન અને અખિયાણું તેમજ, પાછળ ' જા ' શબ્દ અને આગળ ' આવ ' શબ્દ.

ત્યાર પછી મત્સ્યપુરાણ વગેરે ના મત અનુસાર [૧૭૭] મંડને પ્રયાણ કાલે (યાત્રાસમયે) થતા અશુભ શકુનોનો ઉલ્લેખ કર્યો છે જે ત્યાજવા યોગ્ય છે.

જેમકે – તેલ, અંગાર, વાળ, પત્થર, રાખ, નાગ, કપાસ, લોઢું, મૃગચર્મ, છાશ, ચોર, કાળું અન્ન, મીઠું, કાષ્ટ, હાડકા, વિષ્ટા, ચરબી, ખોળ, ફોતરાં, દોરડી, સાંકળ,

ગોળ, કાદવ, ખાલી ઘડો, નાક કપાયેલ, નગ્ન, મુંડિત, નમન કરતો મનુષ્ય, સન્યાસી, વામન, આંધળો, દરિદ્રિ, ગંજો, મળત્યાગ કરતા વ્યક્તિ, ગધેડા સવાર, ઉંટ સવાર, પાડા સવાર અને રુદન કરતી વ્યકિત સન્મુખ મળે તો પ્રયાણ કરવું નહીં.

તેમજ પ્રયાણ વખતે દ્વારના કમાડ અથડાય, બિલાડાનું યુદ્ધ, ઘરમાં કલેશ હોય, લાલવસ્ત્ર, વસ્ત્ર વિખરીત પણું અને કોઈ કહે જઈશ નહીં, કયાં જાય છે, ઉભો રહે, તો પ્રયાણ વખતે તે અપશુકન પ્રાણના નાશનું સૂચનકર્તા છે.

ત્યારપછી મંડને ડાબી–જમણી બાજુના '<u>સ્વર શકુન</u>' બતાવ્યા છે. જે આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧) | ડાબે સ્વર શુભ ફળ | દેવચકલી, ચીબરી, શિયાળ, કોયલ, છછુંદરી, શુરવડી, પલ્લી અને પુરુષ જાતિના જનાવરોનો સ્વર. |
| ૨) | જમણે સ્વર શુભ ફળ | બાજ, ભાસપક્ષી, વાંદરો, મોર,કાળોમૃગ, શ્રીકંઠ, ચીપક અને સ્ત્રીજાતિના જનાવરોનો સ્વર. |

– અન્ય શકુનો અને તેના શુભાશુભ ફળ

| | |
|---|---|
| શુભ અને સિદ્ધિદાયક | ચાષ, ખંજન, મોર, નોળિયો બોલે તે શુભ છે. તેમજ બાજ, શૂવર, સર્પ, સસલુ, ઘો, તે સામસામે બોલે તે અને રીંછ, વાનરના દર્શન સિદ્ધિદાયક છે. |
| અશુભ શકુન | રીંછ, વાનર એ એક અથવા બંને સામસામે બોલે તો અને સસલુ, ઘો, બિલાડું, સર્પ એ રસ્તે આડા ઉતરે તો. |

ત્યાર બાદ મંડને દેવચકલીનામના પક્ષીની જુદી–જુદી ક્રિયાઓનું વર્ણન અને શકુન બતાવ્યા છે. અને દેવચકલીની નિમ્ન ક્રિયાઓ પ્રયાણ સમયે શુભકારક બતાવી છે.

– ઘરના તોરણ ઉપર બોલે

– પર્વત ઉપર બોલે

– પ્રાસાદ ઉપર બોલે

– ધજા ઉપર બોલે

– છાયાવાળી જમીન ઉપર બોલે

– દૂધ વાળા વૃક્ષ ઉપર બોલે

– વડ ગુંદા ઉપર બોલે

– શાંત થાય

– ડાબી બાજુ સ્વર

– તારગતિ કરતી હોય

– ચારો ચરતી હોય

– મૈથુન ક્રિયા

– નાચવાની ક્રિયા

– જમણી બાજુ ચેષ્ટા

– સારા જળમાં સ્નાન

– શીતળ સ્થાનમાં બેસવું

– પોતાના સ્થાનથી ઉડીને ઝાડ પર જવાની તૈયારી

– ખુશ થયેલી

– બંને પાંખો પછાડતી હોય કે ઉંચી–નીચી કરતી હોય

એજ રીતે દેવચકલીની નિમ્ન ક્રિયાઓ પ્રયાણ કાલમાં અશુભ છે.

– ડાબી પાંખ ઊંચી કરે

– ડાબી તરફ ચેષ્ટા કરે

– વમન કરે

– ઉડી જાય

– ત્રાસ પામે

– વિયોગ પામેલી હોય

– શરીરે ધ્રૂજતી હોય

– પાછળ મુખ કરી બગાસુ ખાતી હોય

– કાદવ–રાખમાં આળોટતી હોય

– દોરડી, હાડકુ કે વાળ મુખમાં હોય

– મુખ વક્ર રાખ્યું હોય

– ઉત્સર્ગ ક્રિયા કરતી હોય

– રોમાંચિત થતી હોય

આજ રીતે ' શકુનપ્રદીપ' માં દેવચકલીની ક્રિયાઓથી થતા શકુન વર્ણન છે. (૧૭૮) ત્યાર પછી મંડને દેવચકલીની ગતિ પ્રમાણે નામ આપ્યા છે. (૧૭૯)

| ક્રમ | ગતિ | નામ | ફળ |
|---|---|---|---|
| ૧ | ડાબેથી ઉડી જમણે જાય | તારા | – |
| ૨ | જમણેથી ઉડી ડાબે જાય | વામિકા | – |
| ૩ | સીધી ઉંચે ઉડે | ઋજ્વી | સિદ્ધિ આપનાર |
| ૪ | વાંકી ઉડે | વક્રા | અનિષ્ટ ફળ આપનાર |
| ૫ | માથા ઉપર ઉડે | ઉર્દ્ધગા | યુદ્ધ કરાવનાર |
| ૬ | સીધી સપાટીમાં ઉડે | કાપારી | ભય આપનાર |
| ૭ | ચક્રાકાર ઉડે | ગુલિકા | ક્ષય કરનાર |
| ૮ | ઉડીને દૂર જાય | દૂરગા | ઘણે સમયે ફળ પ્રદા |
| ૯ | અટકતી–અટકતી ઉડે | અંધા | કર્ણમુખ |
| ૧૦ | પીઠ પાછળ ઉડે | પૃષ્ઠગા | ઈચ્છીત ફળ |
| ૧૧ | બપૈયાની જેમ ઉડે | દુર્દરી | તુચ્છ ફળ |

આ ઉપરાંત પ્રયાણ સમયે દેવચકલીનો અવાજ/સ્વર દિશા પ્રમાણે આ ફળ આપે છે.

| ક્રમ | દિશા | શુભાશુભ ફળ |
|---|---|---|
| ૧ | ડાબી બાજુ | શુભ |
| ૨ | જમણી બાજુ | અનર્થની પ્રાપ્તિ કરાવે |
| ૩ | પીઠ પાછળ | ફળમાં વિલંબ થાય |
| ૪ | આગળ | પ્રયાણ કરવું નહીં |

આ ઉપરાંત એ પણ જાણવા યોગ્ય છે કે જો દેવચકલી ડાબી તરફ બોલી જમણી તરફ ઉતરે તો શુભ, કોઈ પ્રશ્ન પૂછે તે વખતે શાંત હોય તો શુભ, તેમ પ્રવેશ વખતે આગળ તથા જમણી બાજુ બોલી ડાબી તરફ ઉતરે તો તે શુભ છે. (૧૮૦)

પ્રયાણ સમયનાં શકુન બતાવતા મંડને ' તારા ' નામની શ્યામા ડાળેથી જમણે ઉતરે તો ભયનાશક છે, બે તારા ઉતરે તો લાભ કરે, ત્રણ વધારે લાભ કરે, પરંતુ જમણેથી ડાબે ઉતરે તો ભય કરાવે. બે ઉતરે તો મૃત્યુ, ને ત્રણ ઉતરે તો ધન અને જીવનો નાશ કરાવે છે. તેમજ દુર્ગા ડાબેથી સ્વર સાથે જમણી બાજુ જાય – પાછી ડાબી બાજુ આવીને બોલે તો શુભ પણ તેથી ઉલ્ટીક્રિયા યાત્રા નિષ્ફળ કરે છે. ડાબે કરેલો સ્વર અલ્પ ફળ આપે છે. પ્રયાણ વખતે જમણી અને પ્રવેશ વખતે ડાબી દેવચકલી સારુ ફળ આપે છે. તેમજ તેની ચેષ્ટા, સ્થિતિ, સ્વર, અન્નપાનક્રિયા, ગતિ વગેરે ક્રિયા શુભ ફળ આપનારી છે. (૧૮૧)

મંડને બે શ્યામા પક્ષીઓને ડાબી અને જમણી તરફ બોલતી વખતે ' તોરણ ' નામ આપ્યુ છે. અને તે શુભ ફળદાય છે. તેના સ્વરને પાંચ મહાભૂતની સાથે વિચાર કર્યો છે. જે આ પ્રમાણે છે.

૧) પૃથ્વીતત્ત્વ સ્વર — શ્યામાઓ 'વિલિ' અને 'શુલિ' શબ્દ કરે તો.

૨) જળતત્ત્વ સ્વર — શ્યામાઓ 'ક્રુવિ' અને 'ચિકુ' શબ્દ કરે તો.

૩) વાયુતત્ત્વ સ્વર — શ્યામાઓ 'ચીવિ' અને 'લિકુ' શબ્દ કરે તો.

૪) અગ્નિ તત્ત્વ સ્વર — શ્યામાઓ બે વખત 'કિચુ' બોલે તો.

તેમજ મંડને કહ્યું છે કે– 'કીચુ' – 'ચીકુ' અને 'ચિરરી' શબ્દ હોય તો અગ્નિતત્ત્વ જાણવું. આ રીતે અગ્નિ અને વાયુતત્ત્વ બંને મિશ્રિત સ્વરમાં બોલે તો અશુભ છે અને અન્ય સ્વર શુભ ફળ આપનારા છે. શ્યામા આગળથી નમ્ર અને પાછળ ઊંચી હોય તો ફળ વિલંબથી મળે અને તેથી ઉલ્ટુ હોય તો થોડા સમયમાં પુષ્કળ ફળ આપે છે. (૧૮૨)

મંડને દક્ષિણ તટના દેશોમાં પ્રયાણ વખતે (રેવા) ડાબી અને પીઠ પાછળ પિંગળા બોલે તો સિદ્ધિદા છે. પણ રેવા નદીના ઉત્તર દેશમાં પ્રયાણ વખતે પિંગળા જમણી અને સામે બોલે તો શ્રેષ્ઠ છે. પરંતુ સ્ત્રીઓ માટે અને રાજા માટે ઉક્ત કરતા વિપરીત હોય તે શ્રેષ્ઠ. (૧૮૩)

આ ઉપરાંત મંડને શ્વાન ચેષ્ટાઓ દિશાઓના સંદર્ભમાં વર્ણવી છે. (૧૮૪)

| <u>સમય</u> | <u>શુભ ક્રિયા</u> | <u>અશુભ ક્રિયા</u> |
|---|---|---|
| પ્રયાણ સમય | ડાબી બાજુ | જમણી બાજુ ગતિ |
| પ્રવેશ સમય | જમણી બાજુ | ડાબી બાજુ ગતિ |
| શાંત સમયમાં | જમણી બાજુ ચેષ્ટા, મુત્રાદિ ક્રિયા | ડાબી બાજુ બગાસુ ખાય,કાન હલાવે, વમન કરે,ઉધરસ ખાય, સુઈજાય, અંગમરડે, વિષ્ટાદિ કરે તો અશુભ |

તેમજ મંડને કુતરીનાં સંદર્ભમાં કહ્યું છે કે મૂત્રોત્સર્જન કરતી કુતરી દેખાય તો અશુભ છે. કુતરીનું રુદન ભય અને રોગ ઉત્પન્ન કરે. વર્ષાઋતુમાં રુદન વૃષ્ટિદાયક છે. અને બિલવાસી અને નખવાળા જનાવરો પ્રયાણ વખતે ડાબી બાજુ અને પ્રવેશ વખતે જમણી બાજુ ઉતરે તે શુભ છે.

આ રીતે જ મંડને પ્રવેશ અને પ્રયાણ વખતે હરણના સંદર્ભમાં પણ વર્ણન કર્યુ છે. (૧૮૫) જેમકે –

*ગૌરૈણા વિષમાઃ પ્રદક્ષિણગતાઃ પુંસાંપ્રયાણે શુભાઃ –––ાા*

પ્રયાણ વખતે રાતાં અને વિષમ સંખ્યાવાળા હરણો સારા પણ ડાબી બાજુ અશુભ. સમ હોય તો અશુભ પરંતુ રાતા સાથે કાળા હરણો હોય અને સમય હોય તો સારા.

આ ડાબી બાજુ સારા, તેમજ વિષમ સંખ્યામાં કાળા મૃગો ડાબી બાજુ અશુભ તેમજ મૃત્યુની શંકા ઉભી કરે. તે શરીર ખંજવાડે, કંપાવે, મળમૂત્ર ત્યાગે, તો પ્રમાણમાં અશુભ છે. પરંતુ આ બધુ જ પ્રવેશ વખતે શુભ છે.

આ જ રીતે પ્રયાણ વખતે ઘુવડ, સસલુ, ખર, શિયાળ, ગાય, ઘોડો, સારસ, પોપટ અને કાગડો ડાબી બાજુ બોલે તે શુભ, તથા કપિંજળ અને ગણપતિ તે જમણી બાજુ બોલે તે સારા, પ્રવેશમાં ડાબી બાજુ સારા, ઘુવડ આદિ પ્રયાણ સમયે ડાબે અને પ્રવેશ વખતે જમણે બોલે તે શુભ છે.

તેમજ હરણ, પક્ષીઓ, અને નખવાળા જનાવરોમાં નહળ તે બધા સંખ્યામાં વિષમ હોય ને પ્રદક્ષિણા કરી જાય તો શુભ છે.

મંડને પ્રયાણ સમયે કીડિઓનું દર્શન દિશા પ્રમાણે ફળદાયક બતાવ્યું છે.(૧૮૬)

| <u>ક્રમ</u> | <u>દિશા</u> | <u>શુભાશુભ ફળ</u> |
|---|---|---|
| ૧ | પૂર્વ | કાર્ય નિષ્ફળ |
| ૨ | અગ્નિકોણ | કાર્ય સિદ્ધિ |
| ૩ | દક્ષિણ | સિદ્ધિદાયક |
| ૪ | નૈઋત્ય | વૃષ્ટિ |
| ૫ | પશ્ચિમ | સુખ પ્રાપ્તિ |
| ૬ | વાયવ્ય કોણ | સ્ત્રીહરણ |
| ૭ | ઉત્તર | ધન પ્રાપ્તિ |
| ૮ | ઈશાન | શુભ |

મંડને લોકવ્યવહારમાં પ્રચલિત મડદું અને છીંક વિચાર રજૂ કર્યો છે.

જેમકે – પ્રયાણ કાલમાં મડદું રુદન સાથે દેખાય તો અર્થસિદ્ધિ આપે, પરંતુ પ્રવેશકાળમાં મૃત્યુ અથવા રોગ ઉત્પન્ન કરે.

તેમજ છીંકનું દિશાઅનુસાર ફળ આ પ્રમાણે બતાવ્યું છે.(૧૮૭)

| ક્રમ | દિશા | શુભાશુભ ફળ |
|---|---|---|
| ૧ | પૂર્વ | મરણકારક |
| ૨ | અગ્નિ | શોકકારક |
| ૩ | દક્ષિણ | હાનિકારક |
| ૪ | નૈઋત્ય | ઈચ્છિત ફળ |
| ૫ | પશ્ચિમ | મિષ્ટાન્ન મળે |
| ૬ | વાયુ | ધનપ્રાપ્તિ |
| ૭ | ઉત્તર | કલેશ થાય |
| ૮ | ઈશાન | ધનપ્રાપ્તિ |

વ્યકિતને પોતાને છીંક થાય તો ભયકારક છે.

તેમજ લોકવ્યહારયાં પ્રચલિત અંગ ફરકવાની ઉક્તિ મંડને આ પ્રમાણે આપી છે.

જેમકે – પુરુષોનું જમણું અંગ અને સ્ત્રીઓનું ડાબું અંગ સ્ફુરણ શુભ છે. મંડને અહીં મત્સ્યપુરાણના મતને સ્વીકાર્યો છે,(૧૮૮) અને બે શ્લોકમાં વિપરીત અંગ સ્ફૂરણ ના શકુનો વર્ણવ્યો છે.(૧૮૯)

મંડને ઉપશ્રૃતિ શકુન બતાવતા કહ્યું છે કે – સાંજ અને સવારે જનસમુદાયમાં કોઈ બોલે તો કાર્ય સાથે તેનો અર્થ મેળવી કાર્ય કરવું. આ વાત બધી બાબતમાં વિચારવી.(૧૯૦)

ત્યારપછી મંડને શિયાળનાં અવાજ / ચેષ્ટા પર વિચાર કર્યો છે અને શિયાળ જે દિશામાં બોલે તેનું દિશા અનુસાર શુભ–અશુભ ફળ આ પ્રમાણે બતાવ્યું છે.(૧૯૧)

| ક્રમ | દિશા | ફળ |
|---|---|---|
| ૧ | દગ્ધાદિશા | ભય ઉત્પન્ન કરે |
| ૨ | દીપ્તા દિશા | વ્યયકારક |
| ૩ | ધૂમવાળી દિશા | બંધન કર્તા |
| ૪ | શાંત | પ્રિયવાર્તાનું શ્રવણ |
| ૫ | શાંત | ઈચ્છીત ફળ લાભ |
| ૬ | શાંત | સારોલાભ |
| ૭ | શાંત | ઈચ્છિત ભોજન |
| ૮ | શાંત | સજ્જનનો સમાગમ |

તેમજ વિચારણીય છે કે પ્રયાણ સમયે ડાબી બાજુ અને પ્રવેશ સમયે જમણી બાજુ શિયાળનો શબ્દ સિદ્ધિ આપે છે.

શિયાળ ની સાથે જ મંડને પલ્લીપતન (ગરોળીનું પડવું) ઉપર શકુન વર્ણન કર્યુ છે.[૧૯૨] તેનું ફળ આ પ્રમાણે છે.

| ક્રમ | શરીરનું અંગ | શુભાશુભ ફળ |
|---|---|---|
| ૧ | મસ્તક | રાજયપ્રાપ્તિ |
| ૨ | કાન | આભૂષણ |
| ૩ | કપાળ | સમૃદ્ધિ |
| ૪ | નેત્ર | મિત્રમિલન |
| ૫ | નાક | સુગંધ |
| ૬ | મુખ | મિષ્ટાન્ન |
| ૭ | કંઠે | પ્રિય વ્યક્તિની મુલાકાત |
| ૮ | ખંભા | વિજય |
| ૯ | ભૂજ | લાભ |

| | | |
|---|---|---|
| ૧૦ | હાથ | ધનપ્રાપ્તિ |
| ૧૧ | સ્તન | સૌભાગ્ય |
| ૧૨ | હૃદય | પુત્રપ્રાપ્તિ |
| ૧૩ | પેટ / પાંસળી | સુખપ્રાપ્તિ |
| ૧૪ | પીઠ | લાભ |
| ૧૫ | કટિ | વસ્ત્રલાભ |
| ૧૬ | નાભિ | કીર્તિ |
| ૧૭ | પાર્શ્વ | ભાઈની વૃદ્ધિ |
| ૧૮ | ગુપ્તાંગ | મૃત્યુ |
| ૧૯ | ગુદા | રોગ |
| ૨૦ | સાથળ | વાહનલાભ |
| ૨૧ | સાથળ નીચે | ધન પ્રાપ્તિ |
| ૨૨ | પગ | પ્રવાસ |

અહીંયા મંડને સ્પષ્ટ કર્યુ છે કે સરડો – કાંચડો , સાંઢા કે પલ્લી ડાબા અંગ ઉપર ચડવાથી ઉક્ત ફળ મળે છે. જમણા અંગ ઉપર નહીં.

આ પ્રસંગમાં મંડને પ્રદક્ષિણા ક્રમથી પૂર્વ વગેરે દિશાઓને ૧૬ નામ છે, તે સૂર્ય સાથે દીપ્ત અને સૂર્યાસ્ત પછી પ્રશસ્ત હોય છે. મંડનના મંતે તેના નામ આ પ્રમાણે છે.[(૧૯૩)]

| ક્રમ | દિશા | સંજ્ઞા |
|---|---|---|
| ૧ | પૂર્વ | મૂલા, મુલક |
| ૨ | અગ્નિકોણ | જ્વલની, પંચત્વ |
| ૩ | દક્ષિણ | દહની, ખરક |
| ૪ | નૈઋત્યકોણ | તોરણ, ભ્રમણક |
| ૫ | પશ્ચિમ | વામા, ધ્રુવ |
| ૬ | વાયવ્યકોણ | લુમ્બક, ઉમાગૃહ |
| ૭ | ઉત્તર | પ્રમાણ, પૂર્ણાઘટી |
| ૮ | ઈશાનકોણ | પંચક, માહેશ્વર |

આ ઉપરાંત મંડને અન્ય શકુનોમાં અંજનપક્ષી શકુનોનું વર્ણન કર્યુ છે. મંડને સફેદ અને કાળુ ખંજન પક્ષી બેસવાના સ્થાનને આધારે આ પ્રમાણે ફળ બતાવ્યું છે.

| ક્રમ | બેસવાનું સ્થાન | ફળ |
|---|---|---|
| ૧ | ગાય, છત્ર, પદ્મ, હાથી, સર્પ | રાજય આપનાર |
| ૨ | શાંત સ્થાન | સુખ આપનાર |
| ૩ | ઘરના છાપરાપર | ધનનાશક |

અંતમાં દુર્ગાની ગતિ, પિંગળાનો શબ્દ, શ્વાનની ચેષ્ટા, કાગડાનું સ્થાનક, અને શિયાળની દિશા એટલાના શકુન માટે મુનિશ્વરોએ વિશેષરૂપે લખ્યુ છે.(૧૯૪) એમ કહીને શકુન વર્ણન સમાપ્ત કરી, મેવાડના રાજા કુંભકર્ણનો નામોલ્લેખ કરી, તેને પ્રિય આ ગ્રંથનું નામ ' રાજવલ્લભ' બતાવી ગ્રંથ સમાપ્ત કર્યો છે.

## ૪.૩ '*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્*' ના વર્ણ્ય વિષયો

### ◈ પૂર્વાર્ધ

દેવોના શિલ્પી અને વાસ્તુશાસ્ત્રના જ્ઞાતા એવા વિશ્વકર્મા રચિત આ ગ્રંથના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં, વર્તમાન જગતમાં વિકસી રહેલા વિજ્ઞાનથી પણ આગળ લઈ જઈ શકે તેવા વિશદ્ વિષયોનું નિરુપણ આ પ્રમાણે છે.

### ૪.૩.૧ પૃષ્ઠભૂમિ

'*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્*' ના પૂર્વાર્ધનો પ્રથમ અધ્યાય એ ગ્રંથની પૃષ્ઠભૂમિરૂપ છે. તેમાં ભવનનિર્માણની પહેલા ભૂમિપરીક્ષણ, હસ્તગ્રહણ, શલ્યશોધન અને અન્ય વિષયોના વર્ણન આ પ્રમાણે છે. સૌ પ્રથમ ગણેશ, સરસ્વતી, વિશ્વકર્માની સ્તુતિ અને સંપાદકનો પરિચય છે. ત્યાર પછી ...

### ૪.૩.૧.૧ ભૂ–પરીક્ષા

વિશ્વકર્માએ ભવનાદિના નિર્માણ પહેલા ભૂમિ પરીક્ષણ ને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. તેમા ભૂમિનિર્ણય આપતા તેમણે બ્રાહ્મણાદિ વર્ણો પ્રમાણે ભૂમિના ચાર ભેદનો નિર્દેશ કરી પોતાને અનુકુળ ભૂમિ ઉપર નિવાસ કરવાનું શુભ કહ્યું છે. વિશ્વકર્માએ બતાવેલ ભૂમિના ભેદ આ પ્રમાણે છે.[૧૯૫]

| વર્ણ | બ્રાહ્મણ | ક્ષત્રિય | વૈશ્ય | શૂદ્ર |
|---|---|---|---|---|
| સ્વાદ / રસ | મધુર / સારો | તુરો | ખાટી | કડવી |
| ગંધ | ધૃત ગંધા | રક્ત ગંધા | તલતેલ જેવી | મત્સ્યગંધા |
| રંગ | સફેદ રંગ | લાલ રંગ | પીળો રંગ | કાળો રંગ |

આ ઉપરાંત વાસ્તુશાસ્ત્રમાં પ્લવદિશા પરીક્ષાનું ખૂબ જ મહત્ત્વ છે. બૃહદ્વાસ્તુમાલા [૧૯૬] , રાજવલ્લભ [૧૯૭] આદિ ગ્રંથોની જેમ વિશ્વકર્મા એ પણ આ પ્રમાણે પ્લવ દિશા, ફળ આદિનું વર્ણન કર્યુ છે.[૧૯૮]

| ક્રમ | પ્લવની દિશા | ફળ |
|---|---|---|
| ૧ | પૂર્વ પ્લવ | ગુણ,આયુષ્ય, બળ, સંપતિ, સન્માન, આનંદ વગેરેની દાતા અને પ્રાસાદ માટે શ્રેષ્ઠ. |
| ૨ | અગ્નિ પ્લવ | અગ્નિભય, શત્રુભય, સંતપા, કલેશ. |
| ૩ | દક્ષિણ પ્લવ | ગૃહનાશ, ધનહાનિ, રોગ |
| ૪ | નૈઋત્ય પ્લવ | કલેશ, રોગ, મૃત્યુ, ધનહાનિ |
| ૫ | પશ્ચિમ પ્લવ | ધન–ધાન્ય વિનાશ, દુઃખ વૃદ્ધિ |
| ૬ | વાયવ્ય પ્લવ | શત્રૂત્પત્તિ, કડવાશ, કુળનાશ, ગૃહસ્વામિ નાશ, દુઃખ–ભય દાયક. |
| ૭ | ઉત્તર પ્લવ | પૂજય, નિત્ય લાભદાયી, વૃદ્ધિદાયક, સુખ, વૈભવ, ધન–સંપત્તિ, આપનાર |
| ૮ | ઈશાન પ્લવ | પતિ–પત્નીને સુખ સૌભાગ્ય, ધન–ઐશ્વર્ય સહિત ધર્મ આપનાર |

તેમજ વિશ્વકર્માએ ચાર પ્રકારની પૃષ્ઠ ભૂમિ બતાવી ભૂમિના અન્ય લક્ષણો વર્ણવ્યા છે.(૧૯૯) જે આ રીતે સ્પષ્ટ કરી શકાય.

| ક્રમ | પ્લવ દિશા | ભૂમિ સંજ્ઞા | શુભાશુભ ફળ |
|---|---|---|---|
| ૧ | દક્ષિણ, પશ્ચિમ, નૈઋત્ય, વાયવ્યમાં ઉંચી | ગજપૃષ્ઠ | લક્ષ્મી પ્રાપ્તિ અને આયુષ્ય વૃદ્ધિ |
| ૨ | વચ્ચે ઉંચી ચારેય બાજુ નીચી | કૂર્મ પૃષ્ઠ | ઉત્સાહ, સુખ, ધન, ધાન્ય પ્રાપ્તિ |
| ૩ | પૂર્વ, અગ્નિ, ઈશાન કોણમાં ઉંચી અને અને પશ્ચિમમાં નીચી | દૈત્યપૃષ્ઠ | લક્ષ્મી વિરહ, ધન, પુત્ર, પશુ આદિ નાશ |
| ૪ | પૂર્વ–પશ્ચિમ લાંબી, ઉત્તર–દક્ષિણ ઊંચી | નાગપૃષ્ઠ | ઉદ્વેગ, મૃત્યુ,ભય, સ્ત્રી, પુત્રાદિની હાનિ, શત્રુ વૃદ્ધિ |

વિશ્વકર્માના મતે ગૃહાદિના નિર્માણ માટે પ્રશસ્તા અને નિષિદ્ધ ભૂમિના લક્ષણો.(૨૦૦)

| <u>ભૂમિ</u> | <u>પ્રશસ્તા ભૂમિ</u> | <u>નિષિદ્ધ ભૂમિ</u> |
|---|---|---|
| લક્ષણ | ઔષધીઓ આદિથી લીલી, સમથળ, મધુર, સુંગંધિ, ચીકણી | ફાટેલી, શલ્યયુકત, રાફડાવાળી, ઊંચી–નીચી |
| ફળ | ગૃહ, મંદિર બનાવનારને ધન, જન આદિની પ્રાપ્તિ | આયુષ્ય, ધન નાશ, મૃત્યુ,કલેશ અને શત્રુવૃદ્ધિ |

તેમજ વિશ્વકર્માએ બતાવેલ જીવિત–મૃત ભૂ–પરીક્ષા, તેમજ જીવિત–મૃતભૂમિના લક્ષણો.

| <u>જીવિત ભૂમિ</u> | <u>મૃતભૂમિ</u> |
|---|---|
| ► વૃક્ષાદિથી હરિયાલી, ખેતીની ઉત્પત્તિમાં ઉત્તમોત્તમ | જીવિત ભૂમિથી વિરુદ્ધ |

<u>પરીક્ષા–૧</u> તેમજ ભૂમિના નામાક્ષર સંખ્યા × ચાર, તેને તિથિ અને વાર સંખ્યા સાથે જોડવા.

(ભૂમિના નામાઅક્ષર સંખ્યા × ૪ + તિથિ અને વાર સંખ્યા ÷૩)

તેને ત્રણે ભાગતા → ૧ શેષ વધે તો જીવિત

→ ૨ શેષ વધે તો સમ

→ ૩ શેષ વધે તો મૃત

મૃત ભૂમિ પર ગૃહ બનાવવું અશુભ છે.

<u>પરીક્ષા–૨</u> ભૂમિની લંબાઈ × પહોળાઈ + ગામના નામાક્ષર × ૪ + ગૃહસ્વામીના નામાક્ષર ÷ ૩ કરતા→ ૧ શેષ વધે તો જીવિત

→ ૨ શેષ વધે તો સમ

→ ૩ શેષ વધે તો મૃત

<u>પરીક્ષા–૩</u> ગૃહ કરવાની ભૂમિમાં એક હાથનો ખાડો ખોદવો અને તે માટી પાછી તેમા પૂરતાં → ઘટે તો હીન ફળ જાણવું

→ વધે તો લાભકારક

→ બરોબર થાય તો સાધારણ જાણવી

તેમજ તે ખાડામાં પૃથ્વીની સપાટી બરાબર પાણી ભરી ૧૦૦ ડગલા દૂર થઈ જઈ

પાછા આવી જોતા → ચોથાભાગનું પાણી ઘટયુ હોય તો – મધ્યમ

→ અર્ધા ભાગનું પાણી ઘટયુ હોય તો – અધમ

→ ભર્યુ તેટલુ જ પાણી હોય તો – ઉત્તમ

વિશ્વકર્માની[૨૦૧] જેમ મંડન સૂત્રધાર [૨૦૨] પણ કહું આ રીતે ભૂમિ પરીક્ષા વર્ણવી છે અને પ્લવભૂમિ અને ચતુર્વર્ણ માટેની યોગ્યતા આ રીતે સ્પષ્ટ કરી છે.

| ભૂમિનો પ્લવ | ફળ |
|---|---|
| ૧– પૂર્વ, ઉત્તર, ઈશાન | સુખ પ્રાપ્તિ |
| ૨– અગ્નિકોણે | અગ્નિ ભય |
| ૩– દક્ષિણ | મૃત્યુ |
| ૪– નૈઋત્ય | ચોરભય |
| ૫– વાયવ્યે | અન્ન નાશ |
| ૬– પશ્ચિમે | શોક |

| પ્લવ દિશા | વર્ણ |
|---|---|
| ઉત્તર | બ્રાહ્મણ માટે શ્રેષ્ઠ |
| પૂર્વ | ક્ષત્રિય માટે શ્રેષ્ઠ |
| દક્ષિણ | વૈશ્ય માટે શ્રેષ્ઠ |
| પશ્ચિમ | શૂદ્ર માટે શ્રેષ્ઠ |

આ રીતે વિશ્વકર્માએ ભૂ–પરીક્ષા અને તે સંબંધી વિચારણીય બાબતોને સ્પષ્ટ કરી છે.

૪.૩.૧.૨ <u>ગૃહ, દેવમંદિર અને પ્રાસાદોનું મહાત્મ્ય</u>

વિશ્વકર્માએ – *गेहे पूर्वमुशन्ति तेन विबुधाः श्री विश्वकर्मादयः ।*[૨૦૩] ને ગૃહનું મહત્ત્વ આ પ્રમાણે વર્ણવે છે.

સ્ત્રી–પુત્રાદિક ભોગ, સુખ, ધર્મ–અર્થ–કામ, પ્રાણીમાત્રનું વિશ્રામ સ્થાન, ઠંડી, ગરમી અને વર્ષામાં રક્ષણ તેમજ વાવ, કૂવા અને દેવમંદિરનું અખિલ પુણ્ય એ બધું ઘરવડે જ મળે છે. માટે જ ભૂમિ પરીક્ષા પછી –

*सम्मार्जने नाञ्जनेन शेकनोल्लेखनेन च ।*

*गवांचसन्निवासेन भूमिः शुद्ध्यति पञ्चभिः ॥* [૨૦૪]

આમ, પાંચ પાંચ પ્રકારે ભૂમિ શુદ્ધિ કરવી. કેમકે ગૃહસ્થાશ્રમની દરેક ક્રિયાઓ પોતાના ગૃહસિવાય સિદ્ધિ થતી નથી. અને પારકાના ઘરમાં કરેલી શ્રૌત સ્માર્ત સંબંધી દરેક ક્રિયાઓ નિષ્ફળ જાય છે. અને તેનું ફળ તે ઘરના માલિકને મળે છે.

તેમજ <u>દેવમંદિર</u> કે પ્રાસાદોની રચના નગરોની શોભા, દેવોના નિવાસ, લોકોની ધર્મ વૃદ્ધિ અને દેવાંગનાઓની ક્રીડા માટે હોય છે. અને પ્રાસાદ પ્રાણીમાત્રાનું આશ્રય સ્થાન, વીરપુરુષોની કીર્તિ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિના કારણભૂત તેમજ સર્વ કામનાને આપનાર છે. અને ગીત, નૃત્ય, વાદ્યોંથી હંમેશા ગુંજાયમાન, દર્શનીય, મનોહર, અનેક પ્રકારની ધ્વજા, પતાકા અને તોરણોથી અલંકૃત <u>પ્રાસાદો</u> નગર, રાજા અને પ્રજા વગેરેને સર્વકાળે સુખ–શાંતિ આપનાર અને સર્વકામના સફળ કરનાર છે.[૨૦૫]

૪.૩.૧.૩ <u>શલ્યશોધન</u>

વિશ્વકર્માદિ વાસ્તુવિશારદોએ ભૂમિશુદ્ધિ પર પ્રકાશ પાડયો છે. જેમકે – ધારાધિપ ભોજે –

*अनूषदा बहुतृणा शस्ता स्निग्धोत्तरप्लवा प्रागीशानप्लवा सर्वप्लवा वा दर्पणा शुभेऽह्न्युपोषितः स्नातः शुचिः शुक्लस्त्रगम्बरः* (૨૦૬) કહીને ભૂમિની શુદ્ધતા નો નિર્દેશ કર્યો છે.

તો મંડને *निम्ना भूः स्फुटितोषरा बिलवती शल्यैर्युतां नो शुभाः ।* (૨૦૭)

કહીને વિશેષ રૂપે ભૂમિમાંથી શલ્ય કાઢવાનો નિદેશ કર્યો છે. તેવી જ રીતે વિશ્વકર્માએ શલ્યદોષ નો નિર્દેશ કરી શલ્ય શોધનથી ભૂમિ શુદ્ધિનો વિધિ વર્ણવ્યો છે. અહીં શલ્યના જુદા–જુદા રૂપ અને ગૃહસ્વામિના ફળનો આ પ્રમાણે નિર્દેશ કર્યો છે.

જેમકે –

| <u>ક્રમ</u> | <u>શલ્યરૂપ</u> | <u>ફળ</u> |
|---|---|---|
| ૧ | કાષ્ઠરૂપ | ધનહાનિ |
| ૨ | હાડકારૂપ | પશુપીડા, રોગ, ભયજનક |
| ૩ | લોહરૂપ | શસ્ત્રભય |
| ૪ | માનવખોપરી/બાલશલ્ય | મૃત્યું |
| ૫ | કોલસારૂપ | ચોરભય |
| ૬ | ભસ્મરૂપ | અગ્નિભય |
| ૭ | સુવર્ણ | શુભ (૨૦૮) |

વિશ્વકર્મા શલ્યથી થતા શુભાશુભ ફળને બતાવી, શલ્યશોધન વિધિ બતાવી છે.

## <u>શલ્ય શોધન કોષ્ટક</u>

| ૪ હસ્તે નરશલ્ય | ઉત્તર કટીપુર વિપ્રશલ્ય | | | ૧ ½ ગોશલ્ય |
|---|---|---|---|---|
| | ત થ દ ધ ન | શ ષ સ હ | પ ફ બ ભ મ | |
| ૧ ½ પશ્ચિમ હસ્તેબાલશલ્ય | એ ઐ ઓ ઔ | ય ર લ વ | અ ઈ ઉ ઋ લૃ | ૧ ½ પૂર્વ હસ્તે નરશલ્ય |
| | ટ ઠ ડ ઢ ણ | ચ છ જ ઝ ઞ | ક ખ ગ ઘ ઙ | |
| ૧ ½ શ્વાન શલ્ય | દક્ષિણ કટીપુર વિપ્રશલ્ય | | | ૧ ½ ગંધર્વશલ્ય |

*ॐ ह्रीं कुष्मांडि कौमारि मम हृदये कथय कथय ह्रीं स्वाहा ।*

આ મંત્ર ૨૧ વખત બોલી પ્રશ્ન પૂછવો તેમા ગૃહસ્વામી, દેવતા, વૃક્ષ/ફલ એ ત્રણના અલગ બે નામ લેવા એ નામને આદિ અક્ષર જયાં આવે તે ભાગમાં શલ્ય છે તેમ જાણવું તેમજ,

*ॐ धरणी विदारणा भूत्वे स्वाहा ।*

એ મંત્ર ત્રણ વખત બોલી, પૃથ્વી પર અક્ષત વૃષ્ટિ કરવી એ રીતે પૃથ્વીનું પૂજન કરવું. તેમજ શલ્ય કાઢવા માટે ઢીંચણ સુધી અથવા પુરુષ પ્રમાણે ખાડો કરવો કેમકે – અર્ધપુરુષથી નીચે રહેલ શલ્ય દોષ કરતા નથી. પ્રાસાદમાં જળ આવે ત્યાં સુધી ભૂમિ ખોદવી કેમકે જળ સુધીનું શલ્ય પ્રાસાદમાં દોષ રૂપ છે.

### ૪.૩.૧.૪ <u>દિક્સાધન</u>

વિશ્વકર્મા એ દિક્સાધના પર પ્રકાશ પાડતા દીપાર્ણવમાં કહ્યું છે કે –

*सिंहे चैव तथा कुंभे वृश्चिके वृषभेदकौ ।*
*नैव दोषो भवेत्तत्र कुर्याच्चतुर्दिशं मुखम् ॥* (૨૦૯)

તેજ વિશ્વકર્માએ દિક્સાધનાનો વિધિ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં આ પ્રમાણે વર્ણવ્યો છે.

સૌ પ્રથમ વિશ્વકર્માએ સુત્રપાત નિર્ણય કરી દિગ્મૂઢ નિષેધ કરવાનો નિર્દેશ કર્યો છે અને દિગ્મૂઢથી થતા અશુભ ફળનો ઉલ્લેખ કર્યો છે. (૨૧૦)

વિશ્વકર્માએ દિક્સાધના પર ભારપૂર્વક કહ્યું છે કે, પ્રાસાદ, ગૃહ, અલિંદ, દ્વાર, કુંડ વગેરેમાં દિક્ શુદ્ધિ ન કરવાથી ફલનો નાશ થાય છે. માટે સિદ્ધાંત ગ્રંથોમાં કહ્યાં મુજબ પૂર્વાપર દિશા સાધ્ય કરી, તે ભૂમિ ઉપર ગૃહ કરવું.

' વિશ્વકર્મા પ્રકાશ ' માં (૨૧૧) દિક્સાધનાનો વિધિ આપ્યો તે પ્રમાણે જ અહીં ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' (૨૧૨)માં આપ્યો છે જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

<u>વિધિ – ૧</u> સમતલ ભૂમિ ઉપર ગોળાકાર બનાવી તેની વચ્ચે દર અંગુલ માપનો શંકુ રાખો. ત્યાર પછી શંકુની છાયા ઉપર ધ્યાન દેવાનું છાયા દિવસના પૂર્વાર્ધ ગોળાકારના જે ભાગ પર પડે તે – પશ્ચિમ દિશા અને દિવસના ઉત્તરાર્ધમાં જયાં શંકુની છાયા આવે તે પૂર્વ દિશા. આ બંને દિશાને જોડી એક રેખા દોરી આ પૂર્વ–પશ્ચિમ રેખા થશે. આને ગોળાકારનો વ્યાસ માની એવી રીતે ભાગ કરવા કે યામ્યોતર રેખા દોરી શકાય અને તે ઉત્તર–દક્ષિણ દિશા થાય. આમ, ચારેય દિશાઓનું જ્ઞાન કરી શકાય.

<u>વિધિ – ૨</u> વિશ્વકર્માએ નક્ષત્ર દ્વારા દિક્ સાધનાનો વિધિ આ પ્રમાણે બતાવ્યો છે.

ઉજ્જયિનીથી દક્ષિણ વાસીઓએ ચિત્ર અને સ્વાતિ નક્ષત્રના અંતરથી દિશા સાધ્ય કરવી અને ઉત્તર વાસીઓએ કૃત્તિકા નક્ષત્રથી પૂર્વદિશા સાધ્ય કરવી. કૃત્તિકા, શ્રવણ, પુષ્ય અને ચિત્રા, સ્વાતિના અન્તર એ પૂર્વ દિશાનું રૂપ છે. વેધની જેમ પુષ્ય અને શ્રવણના વેધથી પૂર્વ દિશા જાણવી.

<u>વિધિ – ૩</u> વિશ્વકર્માએ રાત્રિએ દિશા જાણવા માટે કહ્યું છે કે – આકાશમાં સપ્તર્ષિ ના બે તારા અને ધ્રુવ તારાની વચ્ચે એક ગજ અંતર પર બે તારા હોય છે. તે ધ્રુવ તારાના પરિભ્રમણના માર્ગ હોય છે. તેને માર્કટિકા કહેવાય છે. આ માર્કટિકા અને ધ્રુવ તારો એ ત્રણેય એક લાઈનમાં આવે ત્યારે એક અલંબો લટકાવી સામે દીપ શીખા રાખવાથી જો દીપશીખા, અલંબો અને ધ્રુવ એ ત્રણેય એક લાઈનમાં આવે તો ત્યાં ઉત્તર દિશા જાણવી. આમ, ઉત્તર – દક્ષિણ દિશા જાણી શકાય.

<u>વિધિ – ૪</u> તેમજ મિથુન અને મકર સંક્રાતિનો સૂર્ય શુદ્ધ પૂર્વ દિશામાં ઉગે છે. વર્ષમાં બે દિવસ ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બર ના દિવસે પૃથ્વીના અક્ષાંસવૃતના $\frac{૧}{૨}$ ભાગ સૂર્યનો પ્રકાશ પડે છે. અને $\frac{૧}{૨}$ ભાગ પર અપ્રકાશ હોય છે. તે સૂર્ય શુદ્ધ પૂર્વદિશાનાં મધ્ય બિંદુ પર હોય છે. આથી દિશા જાણી શકાય છે.

તેમજ આધુનિક સમયમાં લોહચુંબક, દિશા સાધક યંત્ર વગેરેથી દિશા જાણી શુદ્ધ દિશામાં પ્રાસાદ આદિ નિર્માણ કાર્યો કરવા. કેમકે – ગૃહમુખ અને દ્વાર નિર્ણયમાં દિશાની જાણકારી નું ખૂબ જ મહત્ત્વ અન્ય ગ્રંથોમાં પણ જોઈ શકાય છે.

૪.૩.૧.૫ <u>હસ્તગ્રહણ</u>

' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના દ્વિતીય અધ્યાયમાં વિશ્વકર્માએ સુલક્ષણ શિલ્પીનું મહત્ત્વ બતાવી રાજયની ઉન્નતિમાં તેનું મહત્ત્વ બતાવ્યું છે. (૨૧૩) અને ત્યાર પછી હસ્ત લક્ષણ, હસ્પ પ્રમાણ, હસ્તના દેવતા, હસ્ત પૂજન અને ત્યાર પછી હસ્તગ્રહણ નો વિધિ વર્ણવ્યો છે.

હસ્ત સમગ્ર વાસ્તુકર્મના આધારરૂપ છે. તેનાંથી જ વાસ્તુપદ, ભૂમિની પરિધિ, ઉદય, વિસ્તાર, લંબાઈ વગેરે જાણી શકાય. તે હસ્તના ત્રણ પ્રકાર છે.

| <u>ક્રમ</u> | <u>હસ્ત પ્રકાર</u> | <u>માપ</u> | <u>ઉપયોગ</u> |
|---|---|---|---|
| ૧ | જયેષ્ઠ હસ્ત | ૮ યવ | નગર,ગામ,પુર, ખેટ, કુટ અને યોજન |
| ૨ | મધ્યમ હસ્ત | ૭ યવ | પ્રાસાદ, પ્રતિમા, લિંગ, જગતી, પીઢ, મંડપ, રાજપ્રાસાદ |
| ૩ | કનિષ્ઠ | ૬ યવ | શપ્યા, કૂવો, વાવ, પાત્ર, છત્ર, સિંહાસન, શસ્ત્ર, વાહન |

આ હસ્તનું પ્રમાણ આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

## હસ્ત પ્રમાણ(૨૧૪)

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | રેણુ | = | ૧ | પરમાણું |
| ૮ | પરમાણું | = | ૧ | રજ |
| ૮ | રજ | = | ૧ | કેશાગ્ર |
| ૮ | કેશાગ્ર | = | ૧ | લીક્ષા |
| ૮ | લીક્ષા | = | ૧ | યુકા |
| ૮ | યૂકા | = | ૧ | યવ |
| ૮ | યવ | = | ૧ | અંગુલ |
| ૩ | અંગુલ | = | ૧ | પર્વ |
| ૮ | પર્વ | = | ૧ | હસ્ત |

આમ ૨૪ અંગુલનું હસ્ત પ્રમાણ  થાય. દરેક અંગુલે પર્વ રેખા અને ત્રણ અંગુલે ફૂલ કરવા. અને એક ફૂલમાં ત્રણ દેવતાની પ્રતિષ્ઠા આ પ્રમાણે કરવી.

### હસ્તના ફૂલ દેવતા(૨૧૫)

*आदौ विष्णुरग्रे रुद्रो ब्रह्मा मध्ये च संस्थितः ।*

### ફૂલના દેવતા




### પર્વ સ્થિત દેવતા (૨૧૬)



આ હસ્ત કાષ્ટ, લોહ અને ધાતુમાંથી બનાવાય છે. તેની શ્રેષ્ઠતા આ પ્રમાણે છે.

| <u>ક્રમ</u> | <u>હસ્ત પ્રકાર</u> | <u>નિર્માણ વસ્તુ</u> |
|---|---|---|
| ૧ | શ્રેષ્ઠ હસ્ત | સોનુ, રૂપુ, તામ્ર |
| ૨ | મધ્યમ હસ્ત | લોહ |
| ૩ | કનિષ્ઠ | અર્જુન, ખેર અને વાંસ |

ઉક્ત હસ્તના ફૂલ દેવતા અને પર્વના દેવતાને સુગંધી ધૂપ, પુષ્પ વગેરેથી પૂજન–અર્ચન કરી, સ્ત્રોત–મંત્રાદિ બોલવા આથી બ્રહ્મા–વિષ્ણુ–મહેશ આદિ દેવો અગ્નિભય, પ્રજાપીડા, મૃત્યુ, વ્યાધિ, નિધનં, નર્કપાત વગેરે દોષોથી મુક્ત કરે.

ત્યાર પછી વિશ્વકર્માએ હસ્તગ્રહણ વિધિ અને હસ્તગ્રહણથી દબાતા દેવતાથી થતા દોષનું વર્ણન આ પ્રમાણે કર્યુ છે.

*उच्चाटनं रोगभयं च दुःखं वह्नेर्भयं पीठनकं प्रजायाः ।*

*मृत्युर्विनाशोपि धनक्षयः स्यान्मोहः क्रमाद्दैवतपीडनेन ॥* (૨૧૭)

પ્રસ્તુત શ્લોકને નીચે પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

હસ્તના ફુલના દેવતા શિલ્પીના હાથમાં દબાયતો ઉચ્ચાટ કરે આ પ્રમાણે.

| <u>ક્રમ</u> | <u>દેવતા</u> | <u>ઉચ્ચાટનથી થતા દોષ</u> |
|---|---|---|
| ૧ | પહેલા દેવતા | રોગ કરે |
| ૨ | બીજા દેવતા | દુ:ખ કરે |
| ૩ | ત્રીજા દેવતા | અગ્નિભય કરે |
| ૪ | ચોથા દેવતા | બાળકોને દુ:ખી કરે |
| ૫ | પાંચમાં દેવતા | મૃત્યુ કરે |
| ૬ | છઠ્ઠા દેવતા | કુટુંબનો નાશ કરે |
| ૭ | સાતમાં દેવતા | ધન ક્ષય કરે |
| ૮ | આઠમાં દેવતા | મોહ કરે |
| ૯ | નવમા ંદેવતા | ચિત્ત ભ્રમ કરે |

આથી ગૃહ, પ્રાસાદ કરનાર સૂત્રધારે બે ફૂલોના મધ્ય ભાગે યત્ન પૂર્વક હસ્ત પકડવો, ગજ ઉપાડતા પડી જાય તો કામમાં વિઘ્ન અને દુ:ખ આવે.

તેમજ બે ફૂલ દેવતાની વચ્ચે હસ્ત પકડવાથી થતા ફળનો વિશ્વકર્માએ નિર્દેશ કર્યો છે. (૨૧૮) જે આ પ્રમાણે આલેખિત છે.

| <u>ક્રમ</u> | <u>બે ફૂલ દેવતા</u> | <u>ફળ</u> |
|---|---|---|
| ૧ | બ્રહ્મા અને અગ્નિ | પુત્રલાભ |
| ૨ | બ્રહ્માઅને કાળ | ગૃહકર્તા અને શિલ્પીનો નાશ |
| ૩ | વિશ્વદેવઅને અગ્નિ | નગર વૃદ્ધિ |
| ૪ | કાળ અને વરુણ | શુભ કાર્યપ્રદ |
| ૫ | વિશ્વકર્મા અને વાયુ | શુભ અને સર્વકાર્યપ્રદ |
| ૬ | વરુણ અને કુબેર | મધ્યમફળ પ્રાપ્તિ |
| ૭ | રુદ્ર અને વાયું | અનાવૃષ્ટિ ભય અને દેશભંગ |
| ૮ | વિષ્ણુ અને કુબેર | ભોગો અને કાર્યસિદ્ધિ |

આ ઉપરાંત વિશ્વકર્માએ વાસ્તુકર્મમાં પાળવા યોગ્ય અને સહાયક એવા આઠ સૂત્રોનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે.

| | | | |
|---|---|---|---|
| ૧ – | દ્દષ્ટિ | ૫ – | અવલંબક |
| ૨ – | ગજ (હસ્ત) | ૬ – | કાષ્ય કાટખૂણો |
| ૩ – | મુંજની દોરી | ૭ – | સૃષ્ટિ |
| ૪ – | સુતરની દોરી | ૮ – | વિલેખ્ય |

### ૪.૩.૧.૬ અંગુલાદિથી પૃથ્વી પ્રમાણ

વિશ્વકર્માએ – *सहस्त्र योजने चैव परिमिता भूमिश्च सर्वो बुधैः ।* કહીને અંગુલ વગેરેથી વિદ્વાનો ૧૦૦૦ યોજન કહેલી પૃથ્વીનું માપને નિર્દેશ છે. (૨૧૯)

જે નીચે મુજબ સ્પષ્ટ કરીએ તો –

| | | | |
|---|---|---|---|
| ૧ અંગુલ | = | ૧ | માત્રા (અંગુલ) |
| ૨ અંગુલ | = | ૧ | કલા |
| ૩ અંગુલ | = | ૧ | પર્વ |
| ૪ અંગુલ | = | ૧ | મુષ્ટિ |
| ૧૨ અંગુલ | = | ૧ | તાલ / વિસ્તિ |
| ૨ તાલ | = | ૧ | કર (ગજ) |
| ૧ $\frac{1}{3}$ કર | = | ૧ | કિષ્કુ |
| ૪ ગજ (હસ્ત) | = | ૧ | ચાપ / ધનુષ્ય |
| ૨૦૦૦ ધનુષ્ય | = | ૧ | કોષ |
| ૨ કોષ | = | ૧ | ગવ્યૂતિ |
| ૨ ગવ્યૂતિ | = | ૧ | યોજન |
| ૧૦૦૦ યોજન | = | ૧ | પૃથ્વી |

### ૪.૩.૨ <u>વાસ્તુપદાધિકાર</u>

' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' ના અધ્યાય–૩ અને ૪ માં વાસ્તુપદ, વાસ્તુપુરુષ, મુહૂર્ત વગેરે પ્રમાણે વાસ્તુદેવ પૂજન વિધિ વર્ણિત છે.

### ૪.૩.૨.૧ <u>વાસ્તુપુરુષોત્પત્તિ અને પૂજા કર્મ</u>

વાસ્તુપુરુષોત્પત્તિની કથા મત્સ્યપુરાણ[૨૨૦], અગ્નિપુરાણ[૨૨૧] બૃહત્સંહિતા[૨૨૨] , વિષ્ણુધર્મોતરપુરાણ [૨૨૩], અપરાજિતપૃચ્છા [૨૨૪] વગેરેમાં પણ ઉપલબ્ધ છે. તેમા ' મત્સ્યપુરાણ ' સાથે સામ્ય ધરાવતું વાસ્તુપુરુષોત્પત્તિનું કથાનક વિશ્વકર્માએ આ પ્રમાણે કહ્યું છે.[૨૨૫]

અંધકાસુર દૈત્ય સાથે યુદ્ધ કરતાં મહાદેવને પરિશ્રમ થવાથી પરસેવો થયો તેનું બિંદુ ભૂમિ ઉપર પડયું, તે બિંદુ માંથી આકાશ અને ભૂમિને ભય કરે એવો એક પુરુષ ઉત્પન્ન થયો, તે પુરુષને સર્વ દેવતાઓ મળી એકદમ પકડી નીચે મુખે નાખી તેના ઉપર તે દેવોએ વાસ કર્યો તે ઉપરથી તે પુરુષનું નામ વાસ્તુપુરુષ કલ્પ્યુ માટે –

*देवानां वचनाश्च वास्तुपुरुषस्तेनैव पूज्यो बुधैः ॥*

આ વાસ્તુપુરુષોત્પત્તિનો સમયનો નિર્દેશ વિશ્વકર્માએ કર્યો છે. [૨૨૬]

*भाद्रपदस्य मासस्य तृतीया कृष्णपक्षका ।*
*वारः शनैश्वरः प्रोक्तो नक्षत्रं कृत्तिका भवेत् ॥*
*योगस्तत्र त्यत्तीपातः करणं विष्टिसंभवः ।*
*भद्रांचैव भवेत्तत्र कुलिकज्जा तदा भवेत् ॥*

આમ, ભદ્રા તથા કુલિક એ સર્વયોગમાં ઉત્પન્ન થયેલા વિકાળ પુરુષને બધા દેવતાઓએ પકડીને ઉર્ધ મુખે ભૂમિ પર સુવાડી દીધો, તેની બે જાંઘ, ઘુંટણ અને પગ નૈઋત્યમાં અને મસ્તક ઈશાનમાં રહ્યું આ પુરુષના શરીર ઉપર ૪૫ દેવતાઓ એ વાસ કર્યો તેમાંથી ૮–૮ દેવતાઓ ચારેય દિશાએ રહેલા છે. આમ, દેવતાઓએ તેના પર વાસ કર્યો માટે આ વિક્રાળ પુરુષ ' વાસ્તુપુરુષ ' કહેવાયો.

વાસ્તુપુરુષની સ્થિતિનો નિર્દેશ કરતા વિશ્વકર્મા કહે છે – વાસ્તુપુરુષ ઉંધો સૂતો છે, તે એમ કે બે પગ નૈઋત્યમાં, પગતલ એક બીજા સાથે જોડાયેલા, મસ્તક ઈશાનમાં, હાથ–પગની સંધિઓ અગ્નિ અને વાયવ્ય કોણમાં.

વિશ્વકર્માએ બતાવેલ વાસ્તુપુરુષની સ્થિતિ 'રાજવલ્લભ' પ્રમાણે છે. આ વાસ્તુપુરુષની પૂજાકર્મના પ્રસંગમાં વિશ્વકર્મા –

*वास्तोः पूजनकं सुखाय कथितं पूजां विनाहानये ।* (૨૨૭) કહીને વાસ્તુપુરુષની પૂજા વિધિનો ભાર પૂર્વક નિર્દેશ કર્યો છે.

વિશ્વકર્માએ વાસ્તુકાર્યોમાં નીચેના કાર્યોનો સમાવેશ કર્યો છે.

| ક્રમ | નિર્માણ કાર્ય |
|---|---|
| ૧ | પ્રાસાદ નિર્માણ |
| ૨ | ગૃહ નિર્માણ |
| ૩ | તળાવ નિર્માણ |
| ૪ | કૂવો, વાવ ખોદતા |
| ૫ | વૃક્ષો રોપતા |
| ૬ | જીર્ણોદ્ધાર કરતા |
| ૭ | નગર વસાવતા |
| ૮ | યજ્ઞાદિ કર્મ વખતે(૨૨૮) |

તેમજ વિશ્વકર્માએ સપ્તપુણ્યાહ વાસ્તુ પૂજન અને ચતુર્દશ વાસ્તુ પૂજનનો નિર્દેશ આ પ્રમાણે કર્યો છે.

| <u>सप्त पूण्याह वास्तु पूजन</u> | <u>चतुर्दश वास्तुपूजन</u> |
|---|---|
| ૧) કૂર્મશિલા સ્થાપન | ૧) ભૂમ્યારંભે (ખોદતી વખતે) |
| ૨) દ્વાર સ્થાપન | ૨) કૂર્મશિલા સ્થાપતા |
| ૩) પદ્મશિલા સ્થાપન | ૩) ખડસલ ચોડતા |
| ૪) ધ્વજપુરુષ સ્થાપન | ૪) સૂત્રારંભે |
| ૫) ઘંટા સ્થાન | ૫) દ્વારશાખં સ્થાપતા |
| ૬) ધ્વજ રોપણ | ૬) ખુરશિલા ચોડતા |
| ૭) દેવ પ્રતિષ્ઠા [૨૨૯] | ૭) કુંભી સ્થાપના |
| | ૮) લાખટ મૂક્તા |
| | ૯) પદ્મશિલા સ્થાપતા |
| | ૧૦) શુકનાશ વખતે |
| | ૧૧) ધ્વજ પુરુષ સ્થાપતા |
| | ૧૨) આમલસારો મૂકતા |
| | ૧૩) કલશ ચડાવતાં |
| | ૧૪) ધ્વજયુક્ત પ્રતિષ્ઠા વખતે[૨૩૦] |

વાસ્તુપુરુષના પૂજા કર્મ અંતર્ગત વિશ્વકર્માએ ક્ષેત્રની આકૃતિ અનુસાર જુદા–જુદા પ્રકારનાં વાસ્તુની પૂજાનો નિર્દેશ કર્યો છે. [૨૩૧] તેમાં ક્ષેત્રના આધારે વાસ્તુના પ્રકાર, કયારે અને કેટલા પદનો વાસ્તુ પૂજવો જોઈએ તે આ પ્રમાણે પ્રસ્તુત કર્યુ છે.

| <u>વાસ્તુક્ષેત્ર / પ્રકાર</u> | <u>પદ</u> | <u>કયારે વાસ્તુ પૂજન</u> |
|---|---|---|
| ૧) સ્વસ્તિક વાસ્તુ | ૧ | લક્ષ્મીસ્થાન,રાજગૃહ,ગૃહાદિ,દેવ,અગ્રેચતુષ્ટિકા , વિદ્યારંભે |
| ૨) પુષ્પક વાસ્તુ | ૫ | દીક્ષા, વિવિધયાત્રા, કન્યાલગ્ને |
| ૩) નન્દ વાસ્તુ | ૯ | વન(વૃક્ષારોપણ)યાત્રાદિ કર્મ |
| ૪) ષોડશાખ્યવાસ્તુ | ૧૬ | લતિના તથા રૂચકાદિના મંડપે, ગૃહાદિમાં |
| ૫) કુલ તિલક વાસ્તુ | ૨૫ | ષટ કર્મ, ઈન્દ્રાદિકર્મ, માતૃકા, દીક્ષા |
| ૬) સુભદ્ર વાસ્તુ | ૩૬ | શુભ કર્માદિતે, પરદેશગમને |
| ૭) મરીચિગણ વાસ્તુ | ૪૯ | બધા જીર્ણોદ્ધાર કર્મમા |
| ૮) ભદ્રક વાસ્તુ | ૬૪ | ગામ, ખેટ, પુર, કૂવા, કર્વટ, રાજગૃહ |
| ૯) કામદ વાસ્તુ | ૮૧ | સમસ્ત ગૃહ, તૃણપદ આચ્છાદિ, ગૃહાદિ |
| ૧૦) ભદ્રાખ્ય વાસ્તું | ૧૦૦ | વિવિધ પ્રાસાદો, વિવિધ મંડપો, જગતી લિંગ પીઠ, અને રાજયગૃહમાં |
| ૧૧) સર્વતોભદ્રવાસ્તુ | ૧૦૦૦ | મેરવાદિ પ્રાસાદમાં, લિંગના ષટ્કર્મમા, મહાનગર, દેશ ,રાષ્ટ્રે |

*षट् क्षेत्राणि प्रवक्ष्यामि वास्तुपद निवासिनाम् ।*

*संस्थानोन्मानसूत्रं च वास्तुवेद समुद्भवम् ॥* (२३२)

કહીને વિશ્વકર્મા છ પ્રકારના વાસ્તુસૂત્રનો નિર્દેશ કરે છે –

| સુત્રના પ્રકાર / ક્ષેત્રના પદો | કયારે વાસ્તુ પૂજવો |
|---|---|
| ૧) ચોરસ પદવાસ્તુ | પ્રાસાદો,ગૃહાદિ,પુર, ગામ, ચોરસ ક્ષેત્ર |
| ૨) લંબ ચોરસ પદવાસ્તુ | લંબચોરસ પ્રાસાદ અને પુષ્પકાદિ કુલ પ્રાસાદમાં, લંબચોરસ ક્ષેત્રમાં |
| ૩) ગોળ પદવાસ્તુ | વાવ, કૂવા, વૃતક્ષેત્રમાં તથા પ્રતિમામાં અને કૈલાસચ્છંદાંદિ ઉદ્‌ભવમાં |
| ૪) લંબગોળ પદવાસ્તુ | લંબગોળ ક્ષેત્રમાં |
| ૫) અષ્ટાંશ પદ વાસ્તુ | અષ્ટાંશ ક્ષેત્રમાં |
| ૬) અર્ધચંદ્ર પદ વાસ્તુ | તળાવાદિ સમસ્ત કાર્યમાં |

૪.૩.૨.૨ વાસ્તુપદ–દેવતાવિન્યાસ અને વાસ્તુદેવાદિની પૂજા સામગ્રી અથવા નૈવેદ્ય–

વિશ્વકર્માએ અહીં વાસ્તુક્ષેત્રના અકાદશ પ્રકારનો નિર્દેશ કર્યો છે તેમાં આ પ્રમાણે દેવતાવિન્યાસનો પણ નિર્દેશ કર્યો છે. (૨૩૩) જે આ રીતે સ્પષ્ટ છે.

| ક્રમ | વાસ્તુપદ | દેવતાવિન્યાસ |
|---|---|---|
| ૧ | સ્વસ્તિક | તેમા ૧૩ દેવ મધ્યે અને ૩૨ બહાર છે. ખુણે અને વચ્ચે ૩–૩, મધ્ય ૯ અંશમાં બ્રહ્મા, ૩–૩ અંશમાં અર્યમાદિ, ૩ અંશમાં ખુણાના દેવતા, ચારેય બાજુ ૩૨ દેવતા સ્થાપવા. |
| ૨ | પુષ્પક | તેમા ચારેય બાજુ ચાર પદ અને મધ્યે એક ભાગ બ્રહ્મપદ બાજુના પદમાં અર્યમાદિ અને ૮ કર્ણના દેવતા મૂળપદ ૧૬ અંશે અને બાકીના બહાર સ્થાપવા. |
| ૩ | નંદ | બ્રહ્મપદ, બ્રહ્માના ત્રણ અંશે અર્યમાં, તેના ત્રણ અંશે કર્ણના દેવ અને બત્રીશ ત્યાર પછી તેના ઉપર. |

| | | |
|---|---|---|
| ૪ | ષોડશાખ્ય | ૧ ભાગમાં બ્રહ્માં અને ૧–૧ માં અર્યમાદિ દેવો, કર્ણના અર્ધભાગમાં કર્ણના દેવતા અને બહાર સર્વ દેવો અને કોણના અર્ધમાં કોણના દેવતા. |
| ૫ | કુલતિલક | ૧–૧ પદમાં બ્રહ્મા, અર્યમાદિ, અર્ધપદમાં ૧૬ દેવતા કર્ણના અને ચતુર્થાંશ પદમાં સમસ્ત દેવ સ્થાપવા. |
| ૬ | શુભદ્ર | ૪ પદમાં બ્રહ્મા, ૨ પદમાં અર્યમાદિ, $\frac{૧}{૨}$ પદમાં કર્ણના, ૩ અંશે બાકીના દેવતા સ્થાપવા. |
| ૭ | મરીચિગણ | ૪ પદમાં બ્રહ્મા, ૩–૩ પદમાં અર્યમાદિ, ૫ કોણે ૧$\frac{૧}{૨}$–૧$\frac{૧}{૨}$ માં દેવતા, બાકીના ૧૬ પદમાં ચોવીશ દેવતા સ્થાપવા |
| ૮ | ભદ્રક | ૪–૪ પદમાં બ્રહ્મા, અર્યમાદિ, ૨–૨ પદમાં કર્ણદેવતા , ૧–૧ પદમાં ચારેય બાજુ ૨૪ દેવતા, બહાર $\frac{૧}{૨}$–$\frac{૧}{૨}$ પદમાં આઠ દેવતા સ્થાપવા. |
| ૯ | કામદ | ૯ પદમાં બ્રહ્મા, મધ્યે ૬ પદમાં અર્યમાદિ, ૨ પદમાં મધ્યષદ દેવતા અને ૧–૧ પદમાં ૩૨ દેવતા સ્થાપવા. |
| ૧૦ | ભદ્રાખ્ય | ૧૬ પદમાં બ્રહ્મા, ૮ પદમાં અર્યમાદિ, બ્રહ્માના બે ભાગમાં (૩૨ પદ) કર્ણના ૮ દેવો, બહારના પદમાં અર્ધ ભાગમાં ૮ દેવો અને બાકીના ૨૪ દેવો૧–૧ પદોમાં સ્થાપવા. |
| ૧૧ | સર્વતોભદ્ર | મધ્ય–૧૦૦ પદમાં બ્રહ્મા, તેની ચારે બાજુ ૧૦ પદની વીથી, ૮૦ પદમાં અર્યમાદિ, ૨૧ પદમાં ખુણાના ૮ દેવતા, ૯–૯ પદમાં બહારના ખુણાના ૪ દેવતા, બાકીના દેવો ૮–૮ પદના, અને બહારની વીથીના ૧૧૨ અંશો થાય. |

વાસ્તુપદ દેવતા વિન્યાસનાં અંતે વિશ્વકર્માએ –

*दुर्ग प्रतिष्ठा विषये निवेशे तथा महार्चासुच काटिहोमे ।*

*मेरौ च राष्ट्रेषुपि सिद्धलिंङ्गे वास्तुः सहस्त्रेणपदैः प्रपुज्यः ॥*

કહીને સહસ્ત્રપદ વાસ્તુ પૂજનનો મહિમા વર્ણવ્યો છે.

વિશ્વકર્માએ વાસ્તુમંડળના દેવતાનો વિન્યાસનો ક્રમ દિશાદિથી આ પ્રમાણે આપ્યો છે.

| ક્રમ | દેવતા | વાસ્તુપુરુષ દિશા |
|---|---|---|
| ૧ | (૧) ઈશ, (૨) પર્જન્યો (૩) જય (૪)ઈન્દ્ર (૫) સૂર્ય (૬) સત્ય (૭) ભૃશો (૮) આકાશ | પૂર્વદિશાના પદમાં |
| ૨ | (૧) અગ્નિ (૨) પુષ (૩) વિતથ (૪) ગૃહક્ષતો (૫) યમ (૬) ગંધર્વો (૭) ભૃંગ (૮) મૃગ | દક્ષિણ દિશાના પદમાં |
| ૩ | (૧) પિતરો (૨) દૌવારિક (૩) સુગ્રીવ (૪) પુષ્પદંત (૫) વરુણ (૬) અસુર (૭) શોક (૮)પાપક્ષ્મા | પશ્ચિમદિશાના પદમાં |
| ૪ | (૧) રોગ (૨) નાગ (૩) મુખ (૪) ભલ્લાટ (૫) સોમ (૬) શૈલ (૭) અદીતિ (૮) દીતિ | ઉત્તર દિશાના પદમાં |
| ૫ | આપ અને આપવત્સ | ઈશાન કોણે |
| ૬ | સાવિત્ર અને સવિતા | અગ્નિ કોણે |
| ૭ | ઈન્દ્ર અને જયંત | નૈઋત્ય કોણે |
| ૮ | રુદ્ર અને રુદ્રદાસ | વાયવ્ય કોણે |
| ૯ | મરીચિ,વિવસ્વાન, મિત્ર, પૃથ્વીધર | પૂવાદિ ક્રમથી ચારેય દિશાએ |
| ૧૦ | ચરકી દેવતા | ઈશાનકોણ – બહારની બાજુ |
| ૧૧ | પિલિપિચ્છા | પૂર્વદિશા – બહારની બાજુ |
| ૧૨ | વિદારિકા | અગ્નિકોણ – બહારની બાજુ |
| ૧૩ | જૃંભા | દક્ષિણ દિશા–બહારની બાજુ |
| ૧૪ | પૂતના | નૈઋત્ય કોણ – બહારની બાજુ |
| ૧૫ | સ્કંદ | પશ્ચિમ દિશા – બહારની બાજુ |
| ૧૬ | પાપ રાક્ષસી | વાયવ્ય કોણ– બહારની બાજુ |
| ૧૭ | અર્યમાં | ઉત્તરદિશા – બહારની બાજુ |

તેમજ વાસ્તુપુરુષના પૂજાકર્મથી થતા ગુણ–દોષનો વિશ્વકર્માએ આ પ્રકારે નિર્દિષ્ટ કર્યા છે.

જે લોકો અનન્ય ભક્તિ વડે વાસ્તુ દેવને પૂજે છે તેને આ લોકમાં કોઈપણ પ્રકારનું દુઃખ થતું નથી. અને ૧૦૦ વર્ષનું શાંતિપૂર્વક જીવે છે. તેમજ મૃત્યુ પછી પણ ૧ કલ્પ સ્વર્ગમાં નિવાસ કરે છે.

જો લોકો વાસ્તુપૂજન કર્યા વિના ગૃહમાં પ્રવેશ કરે તો ગૃહસ્વામીનું મૃત્યુ થાય. માટે વાસ્તુ પુજન કર્યા પછી જ ગૃહ , દેવાલય આદિનો પ્રારંભ તેમજ પ્રતિષ્ઠા આદિ કાર્યો કરવા.

આથી વિશ્વકર્મા વાસ્તુપૂજા કર્મને વિશેષતઃ પ્રકાશિત કરતા ૧ થી ૧૦૦૦ પદ સુધીનો અને ૧ થી ૫૦ ગજ સુધીનો વાસ્તુ પૂજવો. તેમજ ભૂમિની આકૃતિ પ્રમાણે બત્રીશ મંડલો કરી વાસ્તુ પૂજવો.

વાસ્તુદેવોનો બલી અથવા નૈવેદ્ય સામગ્રી ને વિશ્વકર્માએ આ પ્રમાણે રાખવાનું જણાવ્યું છે. [(૨૩૪)]

| ક્રમ | દેવતા | બલી / નૈવેદ્ય |
|---|---|---|
| ૧ | ઈશ | ઘી ને ખીચડી |
| ૨ | પર્જન્ય | ભાત ઘી |
| ૩ | જય | લીલારંગનું વસ્ત્ર, લોટનો કાચબો |
| ૪ | ઈન્દ્ર | લોટનું વજ્ર અને પંચરત્ન |
| ૫ | સૂર્ય | કારવા વસ્ત્રનો ચંદરવો |
| ૬ | સત્ય | ઘઉં અને ઘી |
| ૭ | ભૃંશ | માછલા |
| ૮ | આકાશ | તલ સાંકળી |
| ૯ | અગ્નિ | ચોખાનો ચરુ |
| ૧૦ | પુષા | ડાંગરની ધાણી |
| ૧૧ | અધર્મ / વિતથ | ચણાના બાકળા અને ભાત |

| | | |
|---|---|---|
| ૧૨ | ગૃહક્ષત | મધ અને અન્ન |
| ૧૩ | યમ | માસ અને ભાત |
| ૧૪ | ગંધર્વ | ભાત અને સેવંત્રાના ફૂલ |
| ૧૫ | ભૃંગરાજ | બકરાની જીભ |
| ૧૬ | મૃગ | લીલા જવ |
| ૧૭ | પિતૃ | લાડવા |
| ૧૮ | નંદી / દૌવારિકા | અડદના લોટના વડા |
| ૧૯ | સુગ્રીવ | માલપૂડા |
| ૨૦ | પુષ્પદંત | દૂધ અને ધોળા ફુલ |
| ૨૧ | વરુણ | કમળ કાકડી |
| ૨૨ | અસુર | મદ્ય |
| ૨૩ | શેષ | તલ અને તલનું તેલ |
| ૨૪ | પાપ | રાંધેલુ માસ |
| ૨૫ | રોગ | મદિરા અને ઔષધિ |
| ૨૬ | સર્પ | ગાયનું દૂધ |
| ૨૭ | મુખ | ચંદન અને ભાત |
| ૨૮ | ભલ્લાટ | સૂવર્ણ |
| ૨૯ | કુબેર | માંડા બકરીનુ દૂધ |
| ૩૦ | પર્વત | સાથવો |
| ૩૧ | અદિતિ | લાપસી |
| ૩૨ | દિતિ | પુરી |
| ૩૩ | આપ | દૂધ |
| ૩૪ | આપવત્સ | દંહી |
| ૩૫ | અર્યમા | રતાંદલી / રકતચંદન, દૂધ, સાકર |

| | | |
|---|---|---|
| ૩૬ | સાવિત્રૃ | લાડુ |
| ૩૭ | સવિતા | પુડા, ગોળ, ઘી |
| ૩૮ | વિવસ્વાન | ઘી, દૂધ, અને લાડવા |
| ૩૯ | ઈન્દ્ર | પુષ્પની માળા |
| ૪૦ | ઈન્દ્રભ્ય | ચંપાનું ફૂલ |
| ૪૧ | મૈત્ર | ઘી અને દૂધ |
| ૪૨ | રુદ્ર | ગુગળનો ધૂપ અને કપુરાદિ સુગંધી પદાર્થો અને દ્રવ્યો |
| ૪૩ | રુદ્રદાસ | રાંધેલુ અન્ન |
| ૪૪ | પૃથ્વીધર | રત્નની માળા |
| ૪૫ | બ્રહ્મા | દૂધવાળી ગાય અને અમૃતનો ઘડો |
| ૪૬ | ચરકી | મદિરા, માંસવાળું હાડકું |
| ૪૭ | વિદારિકા | હળદર વડે પીળો કરેલો ભાત |
| ૪૮ | પુતના | રૂધિર અને ભાત |
| ૪૯ | પાપા | મદિરા અને માછલાં |
| ૫૦ | પિલિપિચ્છા | રાંધેલુ માંસ |
| ૫૧ | જૂંભા | તાજુ માંસ |
| ૫૨ | સ્કંદા | મદિરા સાથે માંસ |
| ૫૩ | અર્યમાં | વળગેલા માંસવાળું હાડકું |

– આ પ્રમાણે બલી આપી સર્વ દેવોને સુવર્ણ મુકવું.

૪.૩.૨.૩ <u>વાસ્તુ પૂજન વિધિ–મુહૂર્ત પ્રમાણે</u>

*स्वस्तिस्तु याऽविनाशाख्या पुण्यं कल्याण वृद्धिदा ।*

*विनायक प्रिया नित्यं तां च स्वस्ति ब्रुवन्तु नः ।।* (૨૩૫)

આ રીતે વિશ્વકર્માએ વાસ્તુવિધિનો પ્રારંભ કર્યો ને ત્યાર પછી શાંતિપાઠ સાંભળવાનો ઉપદેશ આપ્યો.

શાન્તિપાઠ પછી શાન્તિવાસ્તુનો સંકલ્પ લેવો. *शिखाबन्धनम्, दिर्गक्षणम्, भैरवनमस्कार, कलशार्चनम्, वरूणावाहनम्, पवित्रीकरणम्, दीपपूजनम्, गणपतिपूजन्, आरार्तिकम्, मन्त्रपुष्पाञ्जलि, प्रदक्षिणा* આ રીતે ગણપતિ પૂજન કરવું.

ત્યાર બાદ વાસ્તુપૂજન કરવું. તે એવી રીતે ચારેય દિશાએ આઠ–આઠ દેવતાનું સ્થાય કરવું, અને *ૐ कलशाधिष्ठातृदेवेभ्यो नमः ।।* એ મંત્ર બોલી ગંધાક્ષત, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેધ, પુષ્પાંજલીથી કળશ–વરુણનું પૂજન કરવું, પ્રાર્થના કરવી.

ત્યારપછી મધ્ય કલશ ઉપર વાસ્તુદેવની મૂર્તિ–સુવર્ણ અથવા રૌપ્યમયી સ્થાપવી, અને ઈશાન કોણ શિરપર સ્થિત દેવો અને નૈઋત્ય કોણ પાદ પર સ્થિર સમસ્ત દેવોનું ષોડષ પ્રકારે પૂજન કરવું. ત્યાર બાદ બલિ અર્પણમંત્ર બોલી પછી દેવતા વિસર્જન કરી વાસ્તુશાંતિ પૂર્ણ કરવી.

ત્યાર બાદ સમરાંગણસુત્રધારમાંથી સંખ્યા પ્રમાણ અને કાળસંખ્યા વિચાર વિશ્વકર્માએ ઉદ્ધૃત કર્યો છે. તેમજ ગૃહારંભ માસ, નિષિદ્ધ માસ, ગૃહારંભરાશિફળ, ત્યાગમાસાધ્ય, ગૃહારંભ માસ તિથિયોગ, તિથિ નિર્ણય, તિથિજ્ઞાન, નંદાદિ સંજ્ઞા, વારજ્ઞાન , નક્ષત્ર જ્ઞાન, રાશિજ્ઞાન, આદિ વિષયો વાસ્તુશાસ્ત્રના અન્યગ્રંથો જેવા કે ' *वास्तु राजव©भ* ' , ' *रत्नमालायाम्* ', ' *वास्तुरत्नाकर* ' , ' *वास्तुप्रदीप* ' , ' *अपराजितपृच्छा* ',' *विष्णुधर्मोत्तरपुराणम्* ' આદિ ગ્રંથોમાંથી અહીં ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં ઉદ્ધૃત કર્યા છે.

તેમજ કરણનામો, કરણ સ્વામી, કરણોમાં કાર્ય વગેરે વિચાર પ્રસ્તુત કર્યા છે. (૨૩૬)

વિષ્કુંભ આદિ યોગ વિચાર, પુષ્યનક્ષત્ર પ્રભાવ, ભદ્રાજ્ઞાન વગેરેનો નિર્દેશ વિશ્વકર્માએ જયોતિષશાસ્ત્ર પ્રમાણે કર્યો છે.

વિશ્વકર્માએ રાશિ ચંદ્ર પર આ પ્રમાણે નિર્દેશ કર્યો છે. જે નીચે મુજબ છે.

## રાશિચંદ્ર




## નક્ષત્ર ચંદ્ર

કૃત્તિકાથી શરૂ કરી પૂર્વાદિ ચારેય દિશાએ અનુક્રમે સાત–સાત નક્ષત્રો યુક્તિએ કરીને સ્થાપવા . ક્ષેત્રનું ગણિત કરતા ક્ષેત્રનું નક્ષત્ર જે દિશામાં આવે તે દિશામાં ચંદ્ર જણાવો.[૨૩૭]

વિશ્વકર્મા સિદ્ધિયોગ અને મૃત્યુયોગનો નિર્દેશ આ પ્રમાણે કરે છે. [૨૩૮]

### નંદાદી તિથિ વાર યોગ

| વાર | સંજ્ઞા | તિથિ | યોગ |
|---|---|---|---|
| શુક્ર | નંદા | ૧, ૬, ૧૧ | સિદ્ધિયોગ |
| બુધ | ભદ્રા | ૨, ૭, ૧૨ | સિદ્ધિયોગ |
| મંગળ | જયા | ૩, ૮, ૧૩ | સિદ્ધિયોગ |
| શનિ | રિક્તા | ૪, ૯, ૧૪ | સિદ્ધિયોગ |
| ગુરુ | પૂર્ણા | ૫, ૧૦, ૧૫ | સિદ્ધિયોગ |

**મૃત્યુ યોગ**

| **વાર** | **સંજ્ઞા** | **તિથિ** | **યોગ** |
|---|---|---|---|
| રવિ, મંગળ | નંદા | ૧, ૬, ૧૧ | મૃત્યુયોગ |
| શુક્ર, સોમ | ભદ્રા | ૨, ૭, ૧૨ | મૃત્યુગોગ |
| બુધ | જયા | ૩, ૮, ૧૩ | મૃત્યુયોગ |
| ગુરુ | રિક્તા | ૪, ૯, ૧૪ | મૃત્યુયોગ |
| શનિ | પૂર્ણા | ૫, ૧૦, ૧૫ | મૃત્યુયોગ |

આ ઉપરાંત વિશ્વકર્માએ ચંદ્ર વર્ણજ્ઞાન, ચંદ્રનું શુભાશુભ ફળ, દિશાફળ, દોષો કરનાર ચંદ્ર, ગ્રહ બળ અને ચંદ્રબળ આદિ વિષયોનો નિર્દેશ કર્યો છે. તેમજ સર્વદોષોને હરનાર રવિયોગ વિશે આ પ્રમાણે કહ્યું છે.

સૂર્યના નક્ષત્રથી, ચંદ્રમાના નક્ષત્ર સુધી, ગણતાં ૧૦ મું, છઠ્ઠું , ૪ થું , ૨૦ મું, ૧૩ મું, ૯ મું એ નક્ષત્ર હોય ત્યારે રવિવાર હોય તો શુભદાય છે. અને તે અનેક દોષોના સમુહોનો નાશ કરે છે. તેમજ સિંહસ્થ ગુરુ તજવો.

તેમજ ગૃહારંભમાં નક્ષત્ર, તિથિ, વાર, આદિના અશુભ પણાનો નિર્દેશ કરી ત્યાજય પ્રકરણ નિરુપ્યુ છે. (૨૩૯) અને સિદ્ધિયોગ તેમજ નિષિધયોગનું નિરુપણ આ પ્રમાણે કર્યુ છે.

**સિદ્ધિ યોગ (૨૪૦)**

| **વાર** | **તિથિ** | **નક્ષત્ર** | **ફળ** |
|---|---|---|---|
| રવિવાર | ૮ | હસ્ત,અશ્વિની,ત્રણઉત્તરા,મૂળ,પુષ્ય,ધનિષ્ઠા | સિદ્ધિયોગ |
| સોમ | ૯, ૧૦ | પુષ્ય,શ્રવણ, રોહિણી,મૃગશીષ , અનુરાધા | સિદ્ધિયોગ |
| મંગળ | ૬,૩,૮,૧૩ | મૂળ,અશ્વિની,મૃગશીર્ષ,અશ્લેષા,ઉત્તરા,ભાદ્રપદ | સિદ્ધિયોગ |
| બુધ | ૨, ૭, ૧૨ | મૃગશીર્ષ,અનુરાધા,પુષ્ય, રોહિણી, કૃત્તિકા | સિદ્ધિયોગ |
| ગુરુ | ૧૦,૫, ૧૫ | વિશાખા,રેવતી,અશ્વિની,અનુરાધા,પુષ્ય,પુનર્વસુ | સિદ્ધિયોગ |
| શુક્ર | ૧, ૬, ૧૧ | રેવતી,પૂર્વાષાઢા,અશ્વિની,શ્રવણ,ચિત્રા,પુનર્વસુ | સિદ્ધિયોગ |
| શનિ | ૪,૯, ૧૪ | રોહિણી,શ્રવણ,મૃગશીર્ષ, પૂર્વફાલ્ગુની | સિદ્ધિયોગ |

**નિષેધ યોગ** [(૨૪૧)]

| **વાર** | **તિથિ** | **નક્ષત્ર** | **ફળ** |
|---|---|---|---|
| રવિવાર | ૧૨,૧૪,૭ | વિશાખા,ભરણી,અનુરાધા,મઘા,જયેષ્ઠા | ત્યાજ્ય |
| સોમ | ૧૧,૧૩,૬ | ચિત્રા,ઉતરાષાઢા,પૂર્વાષાઢા,સ્વાતી,વિશાખા | ત્યાજ્ય |
| મંગળ | ૨,૧૦ | આર્દ્રા,ધનિષ્ઠા,પૂર્વાભાદ્રપદ,શતભિષા, ઉત્તરાષાઢા | ત્યાજ્ય |
| બુધ | ૩,૯,૧ | ઘનિષ્ઠા,ભરણી,અશ્વિની,મૂળ, રેવતી | ત્યાજ્ય |
| ગુરુ | ૮, ૪, ૬ | આર્દ્રા,ઉત્તરાફાલ્ગુની,રોહિણી,શતભિષા, કૃત્તિકા, મૃગશીર્ષ | ત્યાજ્ય |
| શુક્ર | ૨, ૭ | રોહિણી, જયેષ્ઠા,પુષ્ય, અશ્લેષા, મઘા | ત્યાજ્ય |
| શનિ | ૭,૬ | મિત્રા,ઉત્તરાષાઢા,રેવતી,હસ્ત, ઉત્તરાફાલ્ગુની, પૂર્વાષાઢા | ત્યાજ્ય |

તેમજ, ચરયોગ, અમૃતસિદ્ધિયોગ, સંવર્તકયોગ, ક્રકચયોગ, યમઘંટયોગ,યમઘંટ દોષ ભંગ યોગ, મૃત્યુયોગ, દગ્ધયોગ, હુતાશન યોગ, વિષયોગ, મુશળવજ્રયોગ, જ્વાળામુખીયોગ, ઉત્પાદાદિયોગ, આનન્દાદિયોગ આદિ વિષયો મુહૂર્ત અને જયોતિષના આધારે નિરુપિત કરેલ છે.

આ રીતે ' શિલ્પસ્મૃવાસ્તુવિદ્યાયામ્ ' ના પૂર્વાર્ધના અધ્યાય–૪ માં ગણેશ પુજન, વાસ્તુના ૪૫ દેવો તથા બહારદિશાના આઠ દેવોનું વિધિ સહિત પૂજન, બલિ આદિથી વાસ્તુશાંતિ પ્રયોગ, ગૃહારંભ મુહૂર્ત, ખનન મુહૂર્તો, દિશા નિર્ણય આદિ વિષયો નિરુપિત છે.

## ૪.૩.૩ શિલાન્યાસ

વિશ્વકર્મારચિત ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના પૂર્વાધ ના અધ્યાય ૫, ૬, ૭ માં સમાહાર થાય છે. જેમા કીલરોપણ, શિલાન્યાસ, આયતત્ત્વાધિકારના વર્ણનો અને અન્ય વિષયો સમાવિષ્ટ છે. જેનો. ઉલ્લેખ આ પ્રમાણે કરી શકાય.

### ૪.૩.૩.૧ <u>કીલરોપણ વિધિ</u>

વિશ્વકર્મા કીલ રોપણ વિધિ અંતર્ગત સૌપ્રથમાં ભૂપૂજન, ખનનાદિ વિધિનો નિર્દેશ કરે છે. તેમાં પહેલા વત્સમુખાનુંસાર ગૃહારંભનો નિર્ણય વિચાર આપ્યો છે. અને સાથે દ્વારનિર્માણ વિચાર પણ પ્રસ્તુત કર્યો છે. (૨૪૨) જે વત્સમુખ ચક્ર આ પ્રમાણે સ્પષ્ટ છે.




અહીં કહેલી સૂર્ય સ્થિતિ અનુસાર ગૃહમુખ કે દ્વારનિર્ણય પ્રશસ્ત છે. પરંતુ વિપરીત દિશામાં હાનિકારક છે. અને સૂર્ય, સિંહ, વૃષ, વૃશ્ચિક અને કુંભ રાશિઓમાં સ્થિર હોય તો બધી દિશામાં ગૃહદ્વાર નિર્માણ શુભ હોય છે.

ત્યાર બાદ ભૂમિખાત વિશે વિચાર કરતા નાગચક્રમાં નાગમુખ દ્વારા આ પ્રમાણે પ્રસ્તુત છે.

કન્યા, તુલા અને વૃશ્ચિક એ ત્રણ રાશિના સૂર્યમાં શેષનાગના શરીરનો ભાગ ત્રણ દિશામાં આ પ્રમાણે રહે છે.

| | | |
|---|---|---|
| પૂર્વ | નૈઋત્ય | અગ્નિકોણ |
| મુખ | પૂછડું | પીઠ |

માટે આ ત્રણમાં ગૃહાદિનું ખાત કરવું નહીં પરંતુ ખાલી કૃક્ષિ વાયવ્યકોણમાં ખાત કરવાથી સુખ થાય. અર્થાત્ ....

| | | | |
|---|---|---|---|
| કન્યા,તુલા, વૃશ્ચિક | ખાલી કુક્ષિ | વાયવ્યકોણમાં | ખાત |
| ધન,મકર,કુંભ | ખાલીકુક્ષિ | ઈશાનકોણમાં | ખાત |
| મીન,મેષ,વૃષભ | ખાલીકુક્ષિ | અગ્નિકોણમાં | ખાત |
| મિથુન,કર્ક,સિંહ | ખાલીકુક્ષિ | નૈઋત્યકોણમાં | ખાત |

આ ઉપરાંત વિશ્વકર્મા એ કહ્યું છે કે – મનને રૂચે તે સ્થળે, નગર, ગામ, પુરની મધ્યે, નાના ગામો અને કર્વટે, તળાવ તથા કૂવાના આશ્રયે પ્રસિદ્ધ રાજયમાર્ગે તથા શુભ દિને તથા શુભ નક્ષત્રે, સારા લગ્ને સુમુહૂર્તે પહેલા ભૂમિપરીક્ષા કરવી, શુભ શુકન જોવા અને ત્યાર બાદ શાસ્ત્રનો જાણકાર, વાસ્તુ અને વેદના લક્ષણ જાણવાવાળો સૂત્ર અને હસ્તનું પ્રમાણ જાણનાર, સર્વે શાસ્ત્રમાં કુશળ સૂત્રધાર દ્વારા તે જ ક્ષેત્રમાં પ્રતિષ્ઠા કરી, વિધિ–વિધાન પૂર્વક પૂજન કરવું. ત્યારબાદ સૂત્રારંભ કરવો.

સૂત્રારંભ નક્ષત્ર વિચારનો નિર્દેશ પણ વિશ્વકર્માએ કર્યો છે.[૨૪૩]

**<u>સૂત્રારંભ</u>**

| | |
|---|---|
| <u>નક્ષત્ર</u> | ઉત્તર ફાલ્ગુની, ઉત્તરાષાઢ, ઉત્તરાભાદ્રપદ, હસ્ત, ચિત્રા, સ્વાતી, રોહિણી, મૃગશીર્ષ, અનુરાધા, રેવતી, ધનિષ્ઠ, શતભિષા, આર્દ્રા,પુનર્વશુ, પુષ્ય, શ્રવણં, અને મૂલ |
| <u>વાર</u> | સૂર્ય, ચંદ્ર, બૃહસ્પતિ, બુધ, અને શુક્ર |
| <u>રેખા</u> | બ્રાહ્મણાદિવર્ણ અનુક્રમે માથે, છાતીએ, બંને જંઘાએ, બે પગે, હાથ લગાડી, હાથમાં સોનાની શલાકા લઈને ચારે બાજુએ સૂત્રની બાંધેલ લાઈન મુજબ અગ્નિકોણથી સવ્યમાર્ગે લાઈન કરે. ગૃહ–પ્રાસાદની રચના મુજબ સૂત્ર બાંધવું. |

તેમજ *दिशं प्रसाध्य शास्त्रतो दिशाविमूढके भृतिः ।*

એમ વાસ્તુમુકતાવલીનો મત ઉદ્ધૃત કરીને દિક્સાધના પછી ખનન મુહૂર્ત કરવું, અધોમુખ નક્ષત્રમાં શુભવાર અને ચંદ્ર જોઈ ખનન કરવું. અને ખનન કરતા સૂત્ર

તુટે તો પીડા થાય, રોપેલ ખીલો તુટે તો રોગ થાય અને ખીલો જમીનમાં પેસી જાય તો ગૃહશૂન્ય બને.

ખનન કરતા નીકળતી વસ્તુ અને તેના ફળનો વિચાર આ પ્રમાણે છે. (૨૪૪)

| <u>વાસ્તુ</u> | <u>ફળ</u> |
|---|---|
| કાષ્ઠ | અગ્નિભય |
| ઈંટ | ધનપ્રાપ્તિ |
| રાખ / કોલસો | ધન નાશ |
| પથ્થર | કલ્યાણ |
| હાડકાં | કુળનાશ |
| સાપ – વીંછી | જનાવરનો ભય |
| પથ્થર | સુવર્ણની વૃદ્ધિ |
| ઈંટ | વિવિધ – સંપતિ |
| ધન | સુખ |
| ત્રાંબાદિધાતુ | વૃદ્ધિ |
| પિપીલિકા | સોળ પક્ષ સુધી સોનાવાળા રહે |
| દેડકો | નિવાસમાં દુઃખ |
| ભૂસી, હાડકાં,ચિથરા, ભસ્મ, ઈંડા, સર્પ | મરણ |
| કોડી | દુઃખ / કલક |
| કપાસ | અત્યંત દુઃખ |
| કોલસો | રોગ – અધિક ભય |
| વાંસ | લડાઈ / ઝઘડા |
| લોક | ગૃહપતિનું મૃત્યુ |

તેમજ ગૃહારંભે ખનનાદિ મુહૂર્તોમાં નાગચક્ર દ્વારા, દિક્સાધના અને રાહુમુખ જાણવા આવશ્યક છે. જેમકે –

*देवालयेगेहविधौ जलाशये राहोर्मुखं शंभु दिशो विलोमतः ।*
*मीनार्कसिंहार्कमृगार्कतस्त्रिभेखाते मुखात् पृष्ठविदिक् शुभाभवेत् ।।* (૨૪૫)

જે કોણમાં રાહુ મુખ હોય તેની પાછળની કુક્ષિ ખાલી હોય માટે પાછળની વિદિશા કોણમાં ખાત કરવું શુભાવહ છે. અને વાસ્તુવિદ્યાના વિશારદ અને વાસ્તુ સ્થાનનાં જાણકારે ખનન કરવું. તેમા વિશ્વકર્માએ – *शुभं पुत्रो धनं धान्यं ज्ञात्वा कुक्षि यदा खनेत् ।* (૨૪૬) કહીને કુક્ષિ સ્થાનના ખનનને શુભ બતાવ્યું છે. અને જલાંત સુધી ખાત કરી મધ્યે કૂર્મ શિલા સ્થાપવી. અર્થાત્ શિલાન્યાસ કરવો.

૪.૨.૩.૨ <u>શિલાન્યાસ</u>

વિશ્વકર્મા એ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના અધ્યાય–૬ માં ' *क्षीरार्णव* ', ' *अपराजितपृच्छा* ' , ' *अग्निपुराण* ' , ' *प्रासादमंडन* ', ' *बालबोधज्योतिष* ', ' *वास्तुरत्नाकर* ' , ' *वास्तुप्रतिष्ठाकल्प* ' આદિ વાસ્તુગ્રંથોના મતના ઉલ્લેખ સાથે શિલાન્યાસ વિધિ, શિલાના પ્રકારો આદિ બાબતોનો વિસ્તાર કર્યો છે. જે આ પ્રમાણે છે.

<u>વિવિધ ગ્રંથોમાં આપેલ શિલાનામાનિ / પ્રકારા :</u>

| ક્ષીરાર્ણવ | અપરાજિત | અગ્નિપુરાણ | શિલ્પસ્મૃતિ. (૨૪૭) |
|---|---|---|---|
| ૧. નંદા | નંદા | નંદા | નંદા |
| ૨. ભદ્રા | ભદ્રા | ભદ્રા | ભદ્રા |
| ૩. જયા | જયા | જયા | જયા |
| ૪. રિક્તા | પૂર્ણા | પૂર્ણા | પૂર્ણા |
| ૫. અજિતા | વિજયા | અજિતા | વિજયા |
| ૬. અપરાજિતા | મંગલા | અપરાજિતા | મંગલા |
| ૭. શુકલા | અજિતા | વિજયા | અજિતા |
| ૮. સૌભાગિની | અપરાજિતા | મંગલા | અપરાજિતા |
| ૯. ધરણી | ધરણી | ધરણી | ધરણી |

પરંતુ પ્રાચીન હસ્તલિખીત ગ્રંથોમાં અષ્ટ શિલાઓનું વર્ણન છે.

શિલાના પ્રકારો પછી વિવિધ ગ્રંથોના મત મુજબ કૂર્મ શિલા પ્રમાણ કર્યુ છે. જે આ પ્રમાણે પ્રસ્તુત  કરી શકાય.

## કૂર્મશિલા પ્રમાણ

| પ્રાસાદ હસ્ત | કૂર્મશિલા | અંગુલ |
|---|---|---|
| ૧ | કૂર્મશિલા | ૪ અંગુલ |
| ૨ | કૂર્મશિલા | ૬ અંગુલ |
| ૩ | કૂર્મશિલા | ૮ અંગુલ |
| ૪ | કૂર્મશિલા | ૧૦ અંગુલ |
| ૫ | કૂર્મશિલા | ૧૨ અંગુલ |
| ૬ | કૂર્મશિલા | ૧૪ અંગુલ |
| ૭ | કૂર્મશિલા | ૧૬ અંગુલ |
| ૮ | કૂર્મશિલા | ૧૮ અંગુલ |
| ૯ | કૂર્મશિલા | ૨૦ અંગુલ |
| ૧૦ | કૂર્મશિલા | ૨૨ અંગુલ |

ત્યાર બાદ હસ્ત ૧૧ થી ૨૦ સુધી ૧–૧ અંગુલની વૃદ્ધિ કરવી. અને ૨૧ થી ૫૦ હસ્ત સુધી અર્ધા અંગુલની વૃદ્ધિ કરવી. તેમજ પાષાણ ના પ્રાસાદને પાષાણની અને ઈંટના પ્રાસાદને ઈંટની શિલા કરવી.

આ નંદાદિ શિલાઓ પૂર્વ, પશ્ચિમ આદિ દિશાઓમાં પાયા નીચે મૂકવી. તેના ઉપર કલશ સુધી સમગ્ર પ્રાસાદની રચના થશે. માટે યુક્તિ અને વિધિ એ શિલાન્યાસ કરવો એ શુભાવહ છે.

તે એવી રીતે કે નવનિધિ કુંભ યોજના પૂર્વક સ્થાપવા (૨૪૮) અને ત્યારબાદ શિલાન્યાસ કરવો.

## પ્રાસાદ કૂર્મ પ્રમાણ

| પ્રાસાદ હસ્ત | કૂર્મધાતુ | કૂર્મ અંગુલ |
|---|---|---|
| ૧ | સુવર્ણ / રૌપ્ય | અર્ધા અંગુલ |
| ૨ થી ૧૫ | સુવર્ણ / રૌપ્ય | અર્ધા–અર્ધા અંગુલની વૃદ્ધિ |
| ૧૬ થી ૩૧ | સુવર્ણ / રૌપ્ય | પા– પા અંગુલની વૃદ્ધિ |
| ૩૨ થી ૫૦<br>(વૃદ્ધિ પ્રત્યેક હસ્તે કરવી) | સુવર્ણ / રૌપ્ય | તેનાથી અર્ધા એટલે ૧–૧ દોરાની વૃદ્ધિ કરવી. |

ઉકત કૂર્મ પ્રમાણથી ચોથા ભાગે વધારવાથી જયેષ્ઠ અને ચોથા ભાગે ઘટાડવાથી કનિષ્ઠ માન કૂર્મ જાણવો. સુવર્ણ તથા રૌપ્યના કૂર્મને પંચામૃત સ્નાન કરાવી સ્થાપન કરવો.

આ રીતે ખનન કરેલ ભૂમિમાં નવમી ધરણી નામે કૂર્મ શિલા સ્થાપવી. સોના/રૂપાના દઢ રૂપવાળો કૂર્મ સ્થાપવો. કૂર્મ શિલાના પાંચમાં અંશે વચલા કોઠામાં ઉત્તમ કૂર્મ સ્વરૂપ કરવું. તથા સર્વ પ્રકારના અલંકારોથી શણગારી દિવ્ય પૂજાની સામગ્રીથી સારી રીતે પૂજા કરી અને વસ્ત્રો તેમજ વૈડુર્ય, ઈન્દ્રનીલ, પુષ્પરાગ, અને ગોમેદ વગેરે રત્નો તથા પ્રવાલોથી આછાદિત કરવો.(૨૪૯)

## અષ્ટ શિલા પ્રમાણ

| પ્રાસાદ હસ્ત | શિલા પ્રમાણ (અંગુલ) |
|---|---|
| ૧ | ૭ |
| ૨ થી ૫ | બે–બે અંગુલની વૃદ્ધિ કરવી |
| ૬ થી ૧૦ | એક–એક અંગુલની વૃદ્ધિ કરવી |
| ૧૧ થી ૨૦ | પોણો–પોણો અંગુલની વૃદ્ધિ કરવી |
| ૨૪ થી ૫૦ | અર્ધા અંગુલની વૃદ્ધિ કરવી |

આ શિલા માન પ્રમાણે સમચોરસ કરવી અને તેના ચોથા ભાગે જાડી કરવી તેમજ વિશ્વકર્માએ અહીં શિલા સ્વરૂપોનો પણ નિદર્શ કર્યો છે. (૨૫૦)

જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| ક્રમ | દિશા | શિલા સ્વરૂપ |
|---|---|---|
| ૧ | અગ્નિકોણની શિલાઓ | શક્તિ , લાલ વસ્ત્ર |
| ૨ | દક્ષિણની શિલાઓ | દંડ , કાળુ વસ્ત્ર |
| ૩ | નૈઋત્યની શિલાઓ | ખડ્ગ , આસમાની વસ્ત્ર |
| ૪ | પશ્ચિમની શિલાઓ | પાશ , સફેદ વસ્ત્ર (પાંડુરંગ) |
| ૫ | વાયવ્યકોણની શિલાઓ | અંકુશ , સફેદ વસ્ત્ર (ધોળુ) |
| ૬ | ઉત્તરની શિલાઓ | ગદા , લીલુ વસ્ત્ર |
| ૭ | ઈશાન કોણની શિલાઓ | ત્રિશૂલ , સફેદ વસ્ત્ર |
| ૮ | પૂર્વની શિલાઓ | વજ્ર , પીળું વસ્ત્ર |

વિશ્વકર્મા સ્થાપિત શિલાને સંપૂટ રૂપે ચણવાનો નિર્દેશ કરી શિલાન્યાસનો નક્ષત્ર વિચાર પૂર્વોક્ત ગ્રંથોના આધારે વર્ણવે છે. (૨૫૧)

જે આ પ્રમાણે સ્પષ્ટ છે.

| <u>ગ્રંથ →</u> | પ્રાસાદ મંડન | બાલબોધ જયોતિષ | વાસ્તુ રત્નાકર | વાસ્તુ પ્રતિષ્ઠાકલ્પ | અપરાજિત પૃચ્છા |
|---|---|---|---|---|---|
| <u>નક્ષત્ર →</u> | રોહિણી | શ્રવણ | ત્રણ ઉત્તરા | અશ્વિની | ત્રણ ઉત્તરા |
| | શ્રવણ | મૃગશીર્ષ | રોહિણી | રોહિણી | રોહિણી |
| | હસ્ત | રેવતી | પુષ્ય | મૂલ | આર્દ્રા |
| | પુષ્ય | હસ્ત | અનુરાધા | ત્રણ ઉત્તરા | પુનર્વસુ |
| | મૃગશીર્ષ | રોહિણી | હસ્ત | સ્વાતી | પુષ્ય |
| | રેવતી | પુષ્ય | ચિત્રા | હસ્ત | અનુરાધા |
| | ઉત્તરાફાલ્ગુન | અશ્વિની | ઘનિષ્ઠા | અનુરાધા | શ્રવણ |
| | ઉત્તરાષાઢા | ત્રણ–ઉત્તરા | શતભિષા | | મૃગશીર્ષ |
| | ઉત્તરાભાદ્રપદ | | રેવતી | | સ્વાતી |
| | | | | | હસ્ત |
| | | | | | મૂલ |

ઉક્ત ગ્રંથોના મતે ઉક્ત નક્ષત્રો ગૃહ, પ્રાસાદાદિમાં શિલા આદિ પ્રતિષ્ઠામાં પ્રશંસનિય છે.

વિશ્વકર્માએ – *आरंभे वृषभ चक्र स्तंभे ज्ञेयं तु कूर्मचक्रम् ।*

*प्रवेशे कलशं चक्र वास्तु चक्र बुधै स्मृतम् ।।*

કહીને વિદ્વાનોના મતને પ્રદર્શિત કરતા ત્રણ પ્રકારના ચક્રોનો નિર્દેશ કર્યો છે. જેમકે –

| | | |
|---|---|---|
| ગૃહારંભે | – | વૃષભ ચક્ર |
| સ્થંભ બેસાડવામાં | – | કૂર્મ ચક્ર |
| પ્રવેશમાં | – | કલશ ચક્ર |

આ ત્રણ ચક્રોના આધારે નક્ષત્રનો વિચાર અને શુભાશુભ ફળનો નિર્દેશ કર્યો છે.

ત્યારબાદ – ગૃહ શિલા સ્થાપન વિધિનો વિચાર નિર્દેશ આ મુજબ છે.

શિલા સ્થાપન કરતા સિદ્ધિ–બુદ્ધિ સહિત  ગણપતિ પૂજન, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, પૂજન, ક્ષેત્રપાલ, ભૈરવ, ચંડી માતૃકા, દિક્પાલ, ગૃહ અને વાસ્તુદેવનું પૂજન કરવું.

*ૐ हिरण्यगर्भाः पाविन्यः शुचयो दुरितच्छिदः ।*

*पुनन्तु शान्ताः श्रीमत्य आपो युष्मान् मधुच्युतः ॥* (૨૫૨)

આ મંત્ર બોલી નંદાઆદિ નવેય શિલાઓને અભિષેક કરવો, શિલાસાથે ઉપશિલા અને કલશને  અભિષેક કરવો અને કેસર, ચંદન, અક્ષત, કુમકુમ, પુષ્પ અર્પણ કરવા, પછી દિક્ંપાલોના વર્ણાનુસાર વસ્ત્રો ઓઢાડવા. ત્યારબાદ શિલાન્યાસની ભૂમિમાં રત્નાદિના ન્યાસનો નિર્દેશ કર્યો છે. અને નવશિલા પ્રતિષ્ઠા  નો વિધિ મંત્રાદિ સહિત વર્ણવીને(૨૫૩)

*ૐ कूर्म इहाङङ्गच्छ , इह तिष्ठ ૐ कूर्माय नमः ।*  એ મંત્ર વડે કૂર્મ ને મધ્ય શિલા ઉપર પ્રતિષ્ઠિત કરવો અને કેસરાદિથી પૂજા કરવી.

જો  કે ત્યાર બાદ શિલાપ્રતિષ્ઠ ચલાયમાન દોષ (૨૫૪), નાલ વિચાર (૨૫૫), કૂર્મ સ્થાપના અને શિલાસ્થાપન માટેના મંતમંતારા (૨૫૬)  અને કૂર્મપ્રતિષ્ઠા અને અષ્ટશિલા પ્રતિષ્ઠાના ફળ નો નિર્દેશ કર્યો છે.

૪.૨.૩.૩  <u>આયતત્ત્વાધિકાર</u>

' *आयतत्त्वाधिकार* ' નામના ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના પૂર્વાર્ધના સપ્તમ્ અધ્યાયમાં ગૃહાદિના નિર્માણ માટે – વાસ્તુશાસ્ત્રની સાથે સૂર્ય આદિ ગૃહો, નક્ષત્રો, રાશિ આદિ જયોતિષ ગણો પણ માનવજીવનને સ્પર્શતી બાબત છે તેના સ્પષ્ટીકરણ માટે જ આયતત્ત્વાધિકારમાં ક્ષેત્રફળ, આય, નક્ષત્ર, વ્યય, તારા આદિ ૨૧ અંગોની ગણતરી અને ફળસિદ્ધિ નો નિર્દેશ કર્યો છે.

**(૧) ક્ષેત્રફળ :**

૧)  ચોરસ ક્ષેત્રફળ –  લંબાઈ(હસ્તમાં) × પહોળાઈ = ચોરસ ક્ષેત્રફળ

૨)  ગોળનું ક્ષેત્રફળ –  પરિઘનો અર્ધભાગ × વ્યાસનો અર્ધભાગ = ગોળનું ક્ષેત્રફળ
વ્યાસ × ૩ કરી વ્યાસનો ૭ મો ભાગ ઉમેરવો = પરિઘ

૩) અષ્ટાંશનુ ક્ષેત્રફળ– લંબાઈ × પહોળાઈ કરી જે આવે તેમાંથી છઠ્ઠો ભાગ બાદ કરી, ફરી છઠ્ઠા ભાગનો ૪૮ મો ભાગ બાદ કરી જે આવે તે અષ્ટાંશનું ક્ષેત્રફળ.

૪) ષષ્ટાંશ ક્ષેત્રફળ લંબાઈ × પહોળાઈ = જે આવે તેમાજ છઠ્ઠો ભાગ બાદ કરતા ષષ્ટાંશ ક્ષેત્રફળ આવે.

૫) ષોડાંશનું ક્ષેત્રફળ– લંબાઈ × પહોળાઈ – છઠ્ઠોભાગ અને છઠ્ઠાભાગનો ૧૪ મો ભાગ = ષોડાંશનું ક્ષેત્રફળ.

૬) ત્રિકોણનું ક્ષેત્રફળ ૧ ભાગની લંબાઈ × બીજા ભાગની લંબાઈનો અર્ધો ભાગ = ત્રિકોણ ક્ષેત્રફળ.

૭) અર્ધચંદ્ર ક્ષેત્રફળ લંબાઈ × પહોળાઈ = જે આવે તેનો ચોથો ભાગ તેમાંથી બાદ કરો = અર્ધચંદ્ર ક્ષેત્રફળ.

## (૨) આયાધિકાર :

ક્ષેત્રફળની લંબાઈ × પહોળાઈ ÷ ૮ કરતા શેષ વધે તે આય. આ ધ્વજાદિ આયો આ પ્રમાણે છે.

*ધ્વજો ધૂમ્રસ્તથા સિંહઃ શ્વાનો વૃષખરોગજઃ ।*

*ધ્વાંઙ્ક્ષ ચૈવ સમદ્રષ્ટાઃ પ્રાચ્યા દિશુ પ્રદક્ષિણાઃ ।।* (૨૫૭)

ઉકત ૮ પ્રકારના આયો પ્રાસાદાદિ માટે, સત્યુગાદિ માટે અને બ્રાહ્મણાદિ વર્ણો માટે શુભાવહ કહ્યાં છે. (૨૫૮) જે નીચે મુજબ સ્પષ્ટ છે.

દેવપ્રાસાદો → ધ્વજ, સિંહ, વૃષ, ગજ, આયો ઉત્તમ છે.

રાજપ્રાસાદો → સિંહ, આય કલ્યાણપ્રદ છે.

સત્યયુગ → ધ્વજ આય કલ્યાણપ્રદ છે.

ત્રેતાયુગ → સિંહ આય કલ્યાણપ્રદ છે.

દ્વાપરયુગ → વૃષ આય કલ્યાણપ્રદ છે.

કલિયુગ → ગજ આય કલ્યાણપ્રદ છે.

બ્રાહ્મણ → ધ્વજા આય શ્રેષ્ઠ છે.

ક્ષત્રિય → સિંહ આય શ્રેષ્ઠ છે.

વૈશ્ય → વૃષ આય શ્રેષ્ઠ છે.

શૂદ્ર → ગજ આય શ્રેષ્ઠ છે.

અધમલોકો → ખર, ધ્વાંક્ષ,ધૂમ્ર તથા શ્વાન આયો સુખકારી છે. તેમજ ધ્વજાય અર્થલાભ આપનાર અને ધૂમ્રાય સંતોષકારક છે.

વિશ્વકર્મા – *स्वस्वस्थाने स्थिताः सर्वे सर्वदा शुभ कारकाः ।*

– કહીને આયોના દિશા અને શુભસ્થાનોનો નિર્દેશ કરે છે. (૨૫૯)

જે આ પ્રમાણે પ્રસ્તુત કરી શકાય.

| ક્રમ | આય | દિશા | શુભ સ્થાનો |
|---|---|---|---|
| ૧ | ધ્વજ | પૂર્વ | બ્રાહ્મણના ઘરે, પ્રાસાદ, પ્રતિમા, લિંગ,જગતી, પીઠ,મંડપ, વેદી, કુંડ, શુચિ, ધ્વજા, છત્ર, ચામર, વાવ, કૂવા, તળાવ, કુંડ આદિ જળાશયે અને ધ્વજ, ધ્વજ દંડ રાખવાનું સ્થાન, દેવપીઠિકા, વસ્ત્ર, અલંકાર આદિ આભૂષણો, કેયૂર, મુકુટ આદિ. |
| ૨ | ધૂમ્ર | અગ્નિ | અગ્નિકર્મ ઉપર જીવનારાને ત્યાં, યજ્ઞશાખા, રસોઈ ઘર, હોમકુંડ, હોમ કરવાનાં ઘરમાં. |
| ૩ | સિંહ | દક્ષિણ | સમસ્ત આયુધો રાખવાના સ્થાને, રાજમહેલમાં, રાજયસિંહાસનમાં, સિંહદ્વારે અને ક્ષત્રિયના ઘરમાં. |
| ૪ | શ્વાન | નૈઋત્ય | મ્લેચ્છ જાતિના ઘરે, શ્વાનઉપર આજીવિકા કરનારને ત્યાં, ચાંડાલના ઘરે, સંડાસ વગેરે સ્થળે. |
| ૫ | વૃષ | પશ્ચિમ | વેપારીને ત્યાં, દુકાન તથા ઘરે, ભોજનપાત્ર તથા મંડપે, અશ્વશાળ, ગૌશાળા અને ગોવાળના ઘરે. |
| ૬ | ખર | વાયવ્ય | વણકરને ત્યાં, જંત્રાદિસ્વર નીકળે તેવા વાંજિત્રોને, કલાલ, ધોબી અને ગધેડા પર આજીવિકા કરનારને ત્યાં. |
| ૭ | ગજ | ઉત્તર | હસ્તીશાળા, પાલખી, સુખપાલ, રથ, પલંગ, તંબુ, વહાણ, કોચ, રાણીવાસ, પેંડાર આદિના ઘરે, શૂદ્રના ઘરે અને કીડી ગૃહમાં. |
| ૮ | ધ્વાંક્ષ | ઈશાન | સન્યાસીઓના મઠે, યંત્રશાલાએ, જીનશાલા એ અને શિલ્પીના ઘરે. |

સર્વ આયો પોતપોતાના સ્થાને કલ્યાણકારી છે. એક–બીજાને પરસ્પર સ્નેહ–મૈત્રી જોઈ આપવાથી સર્વ પ્રકારે હિતકારક અને કામનાઓને સફળ કરનાર છે.

આ આઠેય આયોનું ગળું સિંહ જેવું છે. ઘણા પ્રબળ, તેજસ્વી અને મહાન ગુણવાન છે. તે આઠેય દિશાઓમાં ક્ષેત્રપાલ તરીકે રહે છે. વાસ્તુકર્મોમાં આઠેય આયોનું પૂજન કરવાથી તે પોતાના સ્થાને રહી નિર્વિઘ્ને કાર્ય પૂર્તિ અને મનોરથો સફળ કરે છે. (૨૬૦)

## (૩) નક્ષત્રાધિકાર :

– ગૃહની લંબાઈ × પહોળાઈ = ક્ષેત્રફળ

– ક્ષેત્રફળ × ૮ = જે આવે તેને ÷ ૨૭, જે શેષ વધે તે ગૃહનું નક્ષત્ર.

બીજી રીતે –

લંબાઈ × પહોળાઈ = જે આવે તેને ÷ ૨૭, જે શેષ વધે તે ફળ. જે ફળ આવ્યું તે નક્ષત્રની મૂળ રાશિ ગણવી.

(નક્ષત્ર અને મૂલરાશિ અંક પાછળ આપેલ કોષ્ટક દ્વારા સ્પષ્ટ છે )

મૂળ રાશિ ÷ ૮ × ૨૭ = શેષ આવે તે ગૃહાદિનું નક્ષત્ર જાણવું.

## (૪) નક્ષત્ર ગણધિકાર :

*देवेनृ राक्षसानां च नक्षत्राणां त्रिधा गणः ।* (૨૬૧)

દેવ, મનુષ્ય અને રાક્ષસ એ નક્ષત્રના ત્રણ પ્રકારના ગણ છે. તે બધાને મરણ, અનુરાગ, મૈત્રી, વૈર પરસ્પર જોવા.

### નક્ષત્ર ગણવિચાર

| | |
|---|---|
| દેવગણ | મૃગશીષ , અશ્વિની, રેવતી, હસ્ત, સ્વાતી, પુનર્વસુ, પુષ્ય, અનુરાધા,શ્રવણ. |
| મનુષ્યગણ | ભરણી, પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદ, ઉ.ષાઢા, ઉ.ફાલ્ગુની, ઉ.ભાદ્રપદ, આર્દ્રા, રોહિણી. |

રાક્ષસગણ     કૃત્તિકા, મૂળ, અશ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, ધનિષ્ઠા, શતભિષા, જયેષ્ઠા.

## (૫) ચંદ્રાધિકાર / નક્ષત્ર ચંદ્રદિશા :

ક્ષેત્રફળનું જે નક્ષત્ર આવે તે જે દિશાએ હોય તે ચંદ્ર દિશા જાણવી.

*कृत्तिकादि सप्त सप्त पूर्वाद्यश्च, प्रदक्षिणाः ।* (૨૬૨) કહીને વિશ્વકર્માએ ચંદ્રાદિકાર દિશા આ પ્રમાણે વર્ણવી. છે.

૧) પૂર્વ –    ૧ કૃત્તિકા,૨ રોહિણી, ૩ મૃગશિર્ષ, ૪ આર્દ્રા,૫ પુનર્વસુ, ૬ પુષ્ય, આશ્લેષા

૨) દક્ષિણ –    ૧ મઘા, ૨ પૂ.ફા., ૩ ઉ.ફા., ૪ હસ્ત, ૫ ચિત્રા, ૬ સ્વાતી, વિશાખા

૩) પશ્ચિમ –    ૧ અનુરાધા, ૨ જયેષ્ઠા, ૩ મૂળ, ૪ પૂ.ષા., ૫ ઉ.ષા., ૬ શ્રવણ, ૭ ઘનિષ્ઠા

૪) ઉત્તર –    ૧ શતભિષા, ૨ પૂ.ભાદ્રપદ, ૪ રેવતી, ૫ અશ્વિની, ૬ ભરણી

જેમકે ક્ષેત્રફળનું નક્ષત્ર અનુરાધા આવેલ છે તો અહીં અનુરાધા દિશાચંદ્ર પશ્ચિમ છે.

## (૬) નક્ષત્ર વૈરાધિકાર :

વિશ્વકર્માએ નક્ષત્ર વૈરને આ પ્રમાણે સ્પષ્ટ કર્યુ છે.

નક્ષત્રોનુ પરસ્પર વૈર

| | | |
|---|---|---|
| ઉત્તરા ફાલ્ગુની | – | અશ્વિની |
| સ્વાતી | – | ભરણી |
| રોહિણી | – | ઉત્તરાષાઢા |
| શ્રવણ | – | પુનર્વસુ |
| ચિત્રા | – | હસ્ત |
| પુષ્ય | – | આશ્લેષા |
| જયેષ્ઠા | – | વિશાખા |

આ નક્ષત્રોને પરસ્પર વૈર છે. માટે પ્રાસાદ, ગૃહ, આસન, શય્યા વગેરેમાં નક્ષત્ર વૈર તજવું છે. જેમકે – જો અનુરાધા નક્ષત્ર છે તો તેને કોઈ સાથે વૈર નથી.

## (૭) વ્યયાધિકાર :

નક્ષત્રનો અંક ÷ ૮ = જે શેષ વધે તે વ્યય જાણવો. દા.ત. અનુધારા નક્ષત્રનો અંક ૧૭ છે. તે ૮ ભાગતા = ૧ શેષ આવે તો ૧ શાન્ત વ્યય છે.

૮ આયો સાથે ૮ વ્યય યોજના પૂર્વક આપવા આયો સાથે વ્યય ત્રણ પ્રકારે આવી શકે.

૧) આય અને વ્યય સરખા આવે તો પિશાચ

૨) આય થી વ્યયનો અંક અધિક આવે તો રાક્ષસ

૩) આય થી વ્યયનો અંક ઓછો આવે તો યક્ષ તે ધન–ધાન્ય આપનાર છે.

વ્યયના શાંન્તાદિ ૮ પ્રકારો આ પ્રમાણે છે. [૨૬૩]

(૧) શાન્ત, (૨) પૌર, (૩) પ્રદ્યોત, (૪) શ્રિયાનંદ, (૫) મનોહર, (૬) શ્રીવત્સ, (૭) વિભવ, (૮) ચિંતાત્મક.

### વ્યયાધિકારના શુભ ફળો [૨૬૪]

| અંક | આય | વ્યય | ફળ |
|---|---|---|---|
| ૧ | ધ્વજાય | શાંત | શ્રેષ્ઠ કલ્યાણકારી દેવપ્રાસાદમાં આપવાથી ભોગ બલી, પૂજા, ફુલ,શાંત, ગીત અને નૃત્યનો આનંદ આપે. |
| ૨ | ધૂમ્રાય | શાંત | સોનુ, રત્ન અને અગ્નિકર્મપર જીવનારને ધાતુદ્રવ્ય પ્રાપ્તિ |
| ૩ | સિંહાય | પૌર | પરાક્રમી થાય, દૂશ્મનોનો નાશ કરે. |
| ૪ | શ્વાનાય | પ્રદ્યોત | સુખપ્રાપ્તિ, ગૃહલાભ, કામાદિ ભોગ મળે. |
| ૫ | વૃષાય | શ્રિયાનંદ | સુખ, શાંતિ, લક્ષ્મી, કુશળતા, ગુરુ તથા દેવની અર્ચનાથી લાભ મળે. |
| ૬ | ખરાય | મનોહર | મનોરથસિદ્ધિ, ભોગપ્રાપ્તિ, તીર્થયાત્રા થાય |
| ૭ | ગજાય | શ્રીવત્સ | સ્ત્રી આદિના ભોગ, શૃંગાર, બલ અને પૃષ્ટિની વૃદ્ધિ થાય. |
| ૮ | ધ્વાંક્ષાય | વિભવ | શિલ્પિને હિતકર્તા સૂત્ર તથા શાસ્ત્રોમાં નિપુણ થાય. ભોગાદિનો નાશ ન થાય. |

## (૮) તારાધિકાર :

ગૃહસ્વામીના નક્ષત્રથી ગૃહના નક્ષત્ર સુધી ગણતા જે અંક આવે તેને ૯ ભાગતા જે શેષ રહે તે તારા જાણવી.

જેમકે ગૃહસ્વામીનું નક્ષત્ર ઉ.ષાઢા છે. અને ગૃહનું નક્ષત્ર અનુરાધા છે. તો ઉ.ષાઢાથી અનુધારા ૨૫ મું નક્ષત્ર છે. માટે ૨૫ ÷ ૮ = ૧ શેષ

તો તારા – ૧ શાંતા.

તારાધિકાર દ્વારા તારા પ્રકારો અને ફળ આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.(૨૬૫)

| ક્રમ | તારા પ્રકાર | ફળ |
|---|---|---|
| ૧ | શાંતા | હંમેશા શાંતિ આપનાર |
| ૨ | મનોહરા | મનને ઉલ્લાસ આપનાર |
| ૩ | ક્રૂરા | ચોર , અગ્નિ આદિ ભય કરનાર |
| ૪ | વિજયા | જય અને કલ્યાણકારી |
| ૫ | કુલોદ્ભવા | કલહ કરનાર |
| ૬ | પદ્મિની | સુખ આપવાવાળી, મહાનતીર્થફળદાઈ |
| ૭ | રાક્ષસી | ભયંકર રાત્રિમાં ભય ઉત્પન્ન કરનાર |
| ૮ | વીરા | સૌમ્ય ભોગ આપનાર |
| ૯ | આનંદા | આનંદકારી |

જયારે ચંદ્ર ક્ષીણ હોય ત્યારે તારા બળદાયક જાણવી. ક્રુરા, કુલોદ્ભવા, અને રાક્ષસી તે ત્રણ તારા શુભકાર્યમાં ત્યજવી. બાકીની ૬ તાર શુભ ફળ આપવા વાળી છે.

## (૯) નક્ષત્ર નાડી અધિકાર :

ગૃહ અને ગૃહસ્વામીની એક નાડી પરસ્પર મૈત્રીકારક પ્રશંસનીય છે. નક્ષત્ર નાડીના ત્રણ પ્રકાર છે. જે નીચે પ્રમાણે છે.

१) આદિ – અશ્વિની, આદ્રા , પુનર્વસુ, ઉ.ફાલ્ગુન, હસ્ત, જયેષ્ઠા, મૂલ, શતતારા , પૂર્વાભાદ્રપદ

२) મધ્ય – ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, પૂ.ફાલ્ગુન, ચિત્રા, અનુરાધા, પૂ.ષાઢા, ધનિષ્ઠા, ઉ.ભાદ્રપદ

૩) અન્ત્ય – કૃત્તિકા, રોહિણી, આશ્લેષા, મઘા, સ્વાતિ, વિશાખા, ઉ.ષાઢા, શ્રવણ, રેવતી

## (૧૦) રાશ્યાધિકાર :

નક્ષત્રનાં અંકને × ૬૦ ÷ ૧૩૫ શેષ વધે તો ભાગફળ + ૧ = જે આવે તે અંક રાશિ અંક જાણવો.

અશ્વિનાદિ નક્ષત્રની ક્રમે મેષાદિ રાશિ જાણવી. પ્રથમ ત્રણની મેષ, બીજા ત્રણની સિંહ,ત્રીજા ત્રણની ધન બાકી બે – બે નક્ષત્રની એક રાશિ જાણવી.

## (૧૧) રાશિવૈરાધિકાર

| રાશિ ક્રમ | ફળ |
|---|---|
| ૬.૮ | મૃત્યુ |
| ૭ | ઉત્તમ પ્રીતિ |
| ૫.૯ | અનિષ્ટ |
| ૧૦.૪ | પુષ્ટિ |
| ૩.૧૧ | મૈત્રીકારક |
| ૨.૧૨ | શત્રુતા ઉત્પન્ન કરે (૨૬૬) |

### રાશિવર્ણાધિકાર (૨૬૭)

| | | | | |
|---|---|---|---|---|
| બ્રાહ્મણ ⇨ | વૃશ્ચિક | કર્ક | મીન | ૧૨ રાશિનું ગૃહ કરી શકે. |
| ક્ષત્રિય ⇨ | ધન | મેષ | સિંહ | ઉક્ત ત્રણ છોડીને નવનું |
| વૈશ્ય ⇨ | વૃષભ | કન્યા | મકર | ઉક્ત ૬ છોડીને ૬ નું |
| શુદ્ર ⇨ | મિથુન | તુલા | કુંભ | ઉક્ત ૯ છોડીને ૩ નું |

તેમજ ઉત્તમ વર્ણની સ્ત્રી અને ગૃહ પ્રયત્ન પૂર્વક ત્યજવું.

**રાશિ – સ્વામી ભાવ**

| રાશિ | સ્વામી |
|---|---|
| મેષ, વૃશ્ચિક | મંગળ |
| વૃષભ, તુલા | શુક્ર |
| કન્યા, મિથુન | બુધ |
| કર્ક | ચંદ્ર |
| સિંહ | સૂર્ય |
| ધન, મીન | ગુરુ |
| મકર, કુંભ | શનિ |

પોતાના સ્થાને સ્થિર સુખદ છે પરંતુ શત્રુના સ્થાનમાં પીડા અને વિગ્રહથી નાશ કરે છે.

**રાશિસ્વામી ને શત્રુ–મિત્ર (૨૬૮)**

| ગ્રહ રાશિ સ્વામી | મિત્ર | શત્રુગ્રહ | સમ |
|---|---|---|---|
| સૂર્ય | મંગળ,ગુરુ,ચંદ્ર | શુક્ર,શનિ | બુધ |
| ચંદ્ર | બુધ, સુર્ય | – | મંગળ,ગુરુ,શુક્ર,શનિ |
| મંગળ | ચંદ્ર,ગુરુ, સૂર્ય | બુધ | શુક્ર, શનિ |
| બુધ | શુક્ર, સૂર્ય | ચંદ્ર | ગુરુ,શનિ, મંગળ |
| ગુરુ | સૂર્ય,ચંદ્ર,મંગળ | બુધ, શુક્ર | શનિ |
| શુક્ર | બુધ, શનિ | સૂર્ય, ચંદ્ર | મંગળ, ગુરુ |
| શનિ | શુક્ર, બુધ | સૂર્ય, ચંદ્ર, મંગળ | ગુરુ |

આ રીતે રાશિસ્વામીને મિત્ર, શત્રુ અને સમભાવે જોવો.

## (૧૨)ક્ષેત્રનામાક્ષરધિકાર :

ક્ષેત્રફળ × ૪ ÷ ૧૬ = શેષ વધે તે ધ્રુવાદિ ઘર જાણવું. ધ્રુવાદિ નામના ૧૬ પ્રકારો આ પ્રમાણે છે. (૨૬૯)

<u>ધ્રુવાદિના પ્રકારો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ધ્રુવ | ૯ | દુર્મુખ |
| ૨ | ધાન્ય | ૧૦ | કુર |
| ૩ | જય | ૧૧ | સુપક્ષ |
| ૪ | નંદ | ૧૨ | ધનદ |
| ૫ | ખર | ૧૩ | ક્ષય |
| ૬ | કાન્ત | ૧૪ | આક્રંદ |
| ૭ | મનોહર | ૧૫ | વિપુલ |
| ૮ | સુમુખ | ૧૬ | વિજય |

ધ્રુવાદિ ૧૬ પ્રકારો, અંલિદભેદે છે. તેના પોતાના નામ પ્રમાણે શ્રેષ્ઠ–નેષ્ટ ફળ (ધારણ કરે છે) જાણવા.

## (૧૩)અંશકાધિકાર :

નક્ષત્રની મૂળરાશિનો અંક + વ્યયનો અંક + નામાક્ષર અંક ÷ ૩ કરી જે શેષ વધે તે અંશક જાણવો.

## અંશપ્રકાર અને શુભ સ્થળ (૨૭૦)

| પ્રકાર | શુભસ્થળ |
| --- | --- |
| ૧) ઈન્દ્રાંશક–ઉત્તમ | પ્રાસાદ,પ્રતિભા,લિંગ, જગતી, પીઠ, મંડપ, વેદિકુંડ, ઈન્દ્રધ્વજ પતાકા, સ્વર્ગ સમાન સુખના સ્થાને, નૃત્યશાળા, ગીતશાળા, મહોત્સવ, અને શુભકામોમો. |
| ૨. યમાશંક કનિષ્ઠ | ભૈરવ, ક્ષેત્રપાલ, બાણાદિશસ્ત્રાગારે, ગ હમાતૃકાના મંદિરે, દરેક દુકાને, મદ્યમાસાદિ વેચવાના સ્થાને, આયુધો રાખવાના સ્થાને |
| ૩. રાજાશંક–મધ્યમ | સિંહાસને, શય્યા, અશ્વશાળા, ગજશાળા, રથાદિ વાહનો, રાજયની એક પ્રકારની સામગ્રીના સ્થાને, નગર વિષે. |

## (૧૪)લગ્નાધિકાર :

આય + નક્ષત્ર + વ્યય + તારા + અંશક =____ ÷ ૧૨ કરતા જે શેષ વધે તે મેષાદિ ÷ ૧૨ લગ્ન જાણવા.

## (૧૫)તિથિ અધિકાર :

આય + નક્ષત્ર + વ્યય + તારા + અંશક =___ ÷ ૩૦ કરતા જે શેષ વધે તે તિથિ જાણવી.

નંદાદિ તિથિ પોતાના નામ પ્રમાણે ફળ આપનાર છે. બ્રાહ્મણોને નંદા, ક્ષત્રિયોને ભદ્રા, વૈશ્યોને જયાં, શૂદ્રોને રિક્તા તિથિ આપવી સારી. પૂર્ણા તિથિ સર્વપ્રકારના શુભ સ્થાનોમાં સુખ આપનાર છે.

## (૧૬)વારાધિકાર :

ક્ષેત્રફળ × ૧૧ ÷ ૭, જે શેષ વધે તે અનુક્રમ રવિ આદિ વારો જાણવા.

તેમા રવિ, મંગળ તજવા.

## (૧૭)કરણાધિકાર :

ક્ષેત્રફળ × ૯ ÷ ૧૧ = જે શેષ વધે તે બવાદિ કરણો જાણવા. બવાદિ ૧૧ કરણો નીચે મુજબ છે. (૨૭૧)

| | | | |
|---|---|---|---|
| ૧ | બવ | ૯ | ચતુષ્પદ |
| ૨ | બાલવ | ૧૦ | નાગ |
| ૩ | કૌલવ | ૧૧ | કિસ્તુઘ્ન |
| ૪ | તૈતિલ | | |
| ૫ | ગર | | |
| ૬ | વણિજ | | |
| ૭ | વિષ્ટિ | | |
| ૮ | શકુનિ | | |

તેમાં પ્રથમ છ શ્રેષ્ઠ જાણવા તે શુભ કામમાં લેવા.

## (૧૮)યોગાધિકાર :

ક્ષેત્રફળની મૂળ રાશિ × ૧૩ ÷ ૨૭ = જે શેષ વધે તે વિષ્કુંભાદિ યોગ જાણવો.

વિષ્કુંભાદિ ૨૭ યોગો છે. તેમાં દરેક નામ પ્રમાણે શુભાશુભ ફળ આપનાર છે.(૨૭૨)

## (૧૯)વર્ગાધિકાર :

ક્ષેત્રની લંબાઈ × પહોળાઈ + ગ હાદિની ઊંચાઈ ÷ ૮ = જે શેષ રહે તે અધિપતિ વર્ગ જાણવો. બેકી સંખ્યાવાળો શુભ અને એકી સંખ્યાવાળો અશુભ જાણવો.

| <u>વર્ગ પ્રકાર – ૮</u> | <u>અધિપતિ</u> |
|---|---|
| અ–ઈ–ઊ–એ | ગરુડ |
| ક–ખ–ગ–ઘ–ઙ | માર્જાર |
| ચ–છ–ઝ–ઞ | સિંહ |
| ટ–ઠ–ડ–ઢ–ણ | શ્વાન |
| ત–થ–દ–ધ–ન | સર્પ |
| પ–ફ–બ–ભ–મ | મુષક |
| ય–ર–લ–વ | મૃગ |
| શ–ષ–સ–હ | મેષ |

પોતાના વર્ગથી પાંચમો શત્રુ, ચોથો મિત્ર, ત્રીજો વર્ગ ઉદાશીન આ પ્રમાણે ત્રણ ભેદ છે. (૨૭૩)

## (૨૦)તત્ત્વાધિકાર :

ક્ષેત્રફળ × ૮ ÷ ૬૦ = જે આવે તેના ૧૦ ગણા કરી ૫ વડે ભાગવા અને જે શેષ વધે તે પૃથ્વીઆદિ તત્ત્વ જાણવા. અને તેજ તત્ત્વથી ગૃહાદિનો વિનાશ જાણવો.

| <u>પંચતત્ત્વ</u> | <u>વિનાશ</u> |
|---|---|
| ૧) પૃથ્વી | ભૂકંપથી |
| ૨) જલ | વર્ષાથી |
| ૩) અગ્નિ | આગથી |
| ૪) વાયુ | પવનથી |
| ૫) આકાશ | વીજળીથી |

## (૨૧)આયુષ્યાધિકાર :

ક્ષેત્રફળ × ૮ ÷ ૬૦ = જે શેષ વધે તેટલા વર્ષનું આયુષ્ય માટી અને કાંકરીના બનાવેલ ગૃહનું જાણવું.

માટી અને કાંકરીના આયુષ્ય અંકને ૧૦ ગુણા કરવાથી ઈંટ અને ચૂનાના ગૃહ–પ્રાસાદનું આયુષ્ય જાણવું. તેને ૩૦ ગુણા કરવાથી ચૂના અને પત્થરથી બનેલા ગૃહ નું જાણવું. તેના ૯૦ ગુણા કરવાથી શીશાથી ચોડેલ પાષાણ ગૃહનું આયુષ્ય જાણવું. અને તેને ૩૭૦ ગણુ કરવાથી ધાતુથી નિર્મિત ગૃહો – પ્રાસાદો આદિનું આયુષ્ય જાણવું.[૨૭૪] આ એકવીશ તત્ત્વનો નિર્દેશ કર્યા પછી વિશ્વકર્મા –

*ત્રિભિઃ શ્રેષ્ઠસ્તુ શ્રેષ્ઠં સ્યાત્ પઞ્ચમિશ્ચોત્તમોત્તમમ્ ।*

*સપ્તભિઃ સર્વકલ્યાણં નવભિર્જયસંપદા ॥* [૨૭૫]

અર્થાત્ – આ ૨૧ અંગોમાંથી ત્રણ મળે તો પણ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ, પાંચ મળે તો ઉત્તમમાં ઉત્તમ, સાત સર્વ કલ્યાણકારી અને નવ જય અને સંપતિ આપનાર છે.

ત્યારપછી વિશ્વકર્મા પૂર્વાર્ધના અંતે પુરુષાધિકારમાં પુરુષના શરીરના આય વિશે નિર્દેશ કરે છે. [૨૭૬]

ક્ષેત્રની લંબાઈના ૧૧ ભાગ,

ક્ષેત્રની પહોળાઈના ૦૫ ભાગ કરી આ કોષ્ટકમાં આ પ્રમાણે અક્ષરો લખવા.

<u>કોષ્ટક</u>

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ૨૭ | ૨ | ૧૨ | ૧૫ | ૮ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ |
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | એ | ઐ | ઓ | ઔ | અં |
| ક | ખ | ગ | ઘ | ઙ | ચ | છ | જ | ઝ | ઞ | ટ |
| ઠ | ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન | પ | ફ |
| બ | ભ | મ | ય | ર | લ | વ | શ | ષ | સ | હ |

ગૃહસ્વામીના નામનો પહેલો અક્ષર પહેલી જે પંક્તિમાં આવે તેને નામના અક્ષરોની સંખ્યા સાથે ગુણા કરી ÷ ૮ કરી જે શેષ વધે તે આય જાણવો. ઘરધણીનો આય અને ગૃહાય ભક્ષક હોય તો ત્યજવો.

**પરસ્પર ભક્ષક આયો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ધ્વજ | ૫ | વૃષ |
| ૨ | ધૂમ્ર | ૬ | ખર |
| ૩ | સિંહ | ૭ | ગજ |
| ૪ | શ્વાન | ૮ | ધ્વાંક્ષ |

આ રીતે ગૃહસ્વામી અને ગૃહાદિના આયો પરસ્પર ભક્ષક હોય તો અશુભ છે માટે તજવા.

## ⇨ ઉત્તરાર્ધ

### ૪.૩.૧ પ્રાસાદ નિર્માણની પૂર્વભૂમિકા :

વિશ્વકર્માએ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના ઉત્તરાર્ધમાં મંગલાચરણમાં ગણેશ સરસ્વતી અને વિશ્વકર્માને નમસ્કાર કરી પ્રાસાદ આદિ જે પ્રસિદ્ધ અર્થ સર્વ સિદ્ધિથી સમૃદ્ધ છે. તેનો નિર્દેશ કર્યો છે.

### ૪.૩.૧.૧ પ્રાસાદોત્પત્તિ

*પ્રાસાદાકારપૂજામિ – ર્દેવદૈત્યાદિભિઃ ક્રમાત્ ।*

*ચતુર્દશ સમુત્પન્નાઃ પ્રાસાદાનાં ચ જાતયઃ ॥* (૨૭૭)

અર્થાત્ દેવ અને દૈત્યાદિએ મળી પ્રાસાદની આકૃતિ કરી, મહાદેવની પૂજા કરી, જેથી ચૌદ પ્રકારના પ્રાસાદની જાતિ ઉત્પન્ન થઈ.

દેવાદિથી ઉત્પન્ન થયેલી પ્રાસાદની જાતિ આ પ્રમાણે છે. (૨૭૮)

| <u>ક્રમ</u> | <u>પૂજન</u> | <u>જાતિ</u> |
|---|---|---|
| ૧ | દેવતાઓ | નાગર |
| ૨ | દાનવો | દ્રાવિડ |
| ૩ | ગંધર્વો | લતિના |
| ૪ | યક્ષો | વિમાન |
| ૫ | વિદ્યાધરો | મિશ્ર |
| ૬ | વસુદેવો | વરાટક |
| ૭ | નાગદેવો | સાન્ધાર |
| ૮ | નરેન્દ્રો | ભૂમિજ |
| ૯ | સૂર્યદેવો | વિમાનનાગર |
| ૧૦ | ચંદ્રદેવો | વિમાન પુષ્પક |
| ૧૧ | પાર્વતી દેવી | વલ્લભી |
| ૧૨ | હરસિદ્ધિ આદિ દેવીઓ | સિંહાવલોકન |
| ૧૩ | વ્યંતરસ્થિત દેવો | ફાંસનાદિ |
| ૧૪ | ઈન્દ્રલોકના દેવો | રથાકાર |

**આ રીતે ૧૪ જાતિના પ્રાસાદો ઉત્પન્ન થયા તેમાં ૮ જાતિના પ્રાસાદ ઉત્તમ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧ | નાગર | ૫ | સાન્ધાર |
| ૨ | દ્રવિડ | ૬ | વિમાનનાગર |
| ૩ | ભૂમિજ | ૭ | વિમાન પુષ્પક |
| ૪ | લતિના | ૮ | મિશ્ર |

આ બધા શૃંગો અને તિલકો વડે સુશોભિત છે. આ બધા સર્વદેવો માટે બનાવવા શ્રેષ્ઠ છે. તેમાં ૫૨ મહાદેવ માટે બનાવા વધારે શ્રેષ્ઠકર છે.

*લક્ષ્યલક્ષણતોઽભ્યાસાદ્ ગુરુમાર્ગાનુસારતઃ ।*

*પ્રાસાદભવનાદીનાં સર્વેજ્ઞાનમવાપ્યતે ॥* (૨૭૯)

પ્રાસાદ અને ભવનાદિ બનાવવા માટે સર્વે પ્રકારનું શિલ્પજ્ઞાન તેના લક્ષ્ય–લક્ષણના અભ્યાસ વડે અથવા ગુરુશિક્ષા વડે પ્રાપ્ત કરવું જોઈએ.

આથી શુભાદિને શુભ નક્ષત્રે, સારા લગ્નસુમુહૂર્તે, ભૂ–પરીક્ષા કરીને, શુભ શકુન જોઈને અને શાસ્ત્રો જાણનાર, વાસ્તુવેદોના લક્ષણ જાણનાર, સૂત્ર અને હસ્તુ પ્રમાણ જાણનાર સૂત્રધાર દ્વારા ગૃહાદિનું નિર્માણ કાર્ય કરવું.(૨૮૦) અને પ્રાસાદારંભે દેવપૂજન કરવું સૌ પ્રથમ ગણપતિનું સિદ્ધિ, બુદ્ધિ સહિત પૂજન કરવું, પછી બ્રહ્મા – વિષ્ણુ–મહેશ, જટાધારી ક્ષેત્રપાલ પૂજન, યોગીની, બટુક, સરસ્વતી, દિક્પાલો, પ્રતિદિક્પાલો, આચાર્ય, વિપ્ર અને સૂત્રધારે અષ્ટસૂત્ર અને હસ્તનું પૂજન વિધિ વિધાન પૂર્વક કરવું. (૨૮૧) ત્યારબાદ <u>સૂત્રધારના લક્ષણ</u> વર્ણવતા વિશ્વકર્મા આ પ્રમાણે કહે છે – (૨૮૨)

→ શાસ્ત્રજ્ઞ, કુશળ, વાસ્તુવિદ્યાનોજ્ઞાતા, નિત્ય ષટકર્મ કરનાર, સૂત્ર પ્રમાણ જાણનાર

→ નગર, ગામ, ખેટ, કુટ, કર્વટ, કૂપાદિના વાસ્તુવેદ સૂત્ર જાણનાર

→ રાજપ્રાસાદના સૂત્રોને જાણનાર

→ પ્રાસાદ,પ્રતિમાલિંગ, જગતી, પીઠ, મંડપ,વેદિકુંડ,શુચિ આદિ જ્ઞાનસૂત્ર જાણનાર

→ પ્રાસાદના વિવિધ આકારો, વૈરાજયાદિ કુલજાતિના ભેદ જાણનાર, વિભકિત, ઉંચાઈ,તલછંદના સૂત્રજ્ઞાન જાણનાર, પ્રાસાદના વિવિધ આકાર, ઉત્તમશિખર, ઘંટા, કલશ, ધ્વજાદિ, દ્વારશાખ વિધિ, દ્વારપાળ વિધિ, દ્વારદૃષ્ટિ, પદસ્થાન, વાહનાદિના દૃષ્ટિસ્થાન, અંતરજ્ઞાન, દ્વારલક્ષણ, લિંગનામનોન્માન પ્રમાણ, જ્ઞાનસૂત્ર, ન્યુક્ષિપ્તાના લક્ષણ, મંદાર સભા પદ્માદિ જ્ઞાનસૂત્ર, વિતાનાદિના સંવરણા ઘંટા કૂટની પંકિત, સિંહકલશ જ્ઞાનસૂત્ર વગેરેનો જાણનાર સૂત્રધાર જાણવો.

આ ઉપરાંત વિશ્વકર્માએ કર્મપ્રવર્તક વર્ણવતા કહ્યું છે કે,

(૧) આચાર્ય – બ્રહ્મા

(૨) શિલ્પી – વિષ્ણુ

(૩) યજમાન – ઈન્દ્ર

આ ત્રણેય સયુંકત કર્મકાર્યના સાધક છે.

તેમજ *स्थपति सूत्रग्राही तक्षक संज्ञश्च वर्धकि क्रमशः ।* (૨૮૩)

કહીને શિલ્પના પ્રકારો કહે છે –

(૧) સ્થપતિ – સ્થાપત્ય કર્મનો સંપૂર્ણ અનુભવી

(૨) સૂત્રગ્રાહિ – સ્થપતિ પુત્ર / શિષ્ય

(૩) તક્ષક – સૂક્ષ્મપાષાણોને ઘડનાર

(૪) વર્ધકિ – પત્થરને જોડનાર, કામની વૃદ્ધિ કરનાર

*एक हस्ते तु कल्याणं द्वि हस्ते मृत्युरेव च ।* (૨૮૪)

કહીને ગૃહકાર્ય, દેવકાર્ય એક જ શિલ્પીના હાથે કરાવાયાનો નિર્દેશ વિશ્વકર્મા એ કર્યો છે. અને દેવમંદિરઅને પ્રાસાદોનું માહાત્મ્ય વર્ણવ્યું છે. જે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના પૂર્વાર્ધમાં વર્ણિત છે.

૪.૩.૧.૨ <u>ભૂ–પરીક્ષા</u>

*माधुर्य मृतिका भूमिर्देव विप्रहित प्रदा ।*
*तथोदुबर वृक्षाढ्या श्वेतवर्णाच भूरपि ॥* (૨૮૫)

અહીં વિશ્વકર્મા શુદ્ધ ભૂમિનું વર્ણન કરતા કહે છે કે – મધુર સ્વાદવાળી ભૂમિ, દેવકાર્ય તથા બ્રાહ્મણ માટે શુભાવહ છે, અને ઉદંબર ના વૃક્ષવાળી સફેદભૂમિ શુદ્ધ છે. તેમજ મીઠી ગંધવાળી પુષ્પગંધા, સરસવગંધા, ભૂમિ સ્થિર વર્ણની અને સર્વ વાસ્તુકર્મ માટે પ્રશસ્તા અને કીર્તિદાયક છે.

આ ઉપરાંત – પૂર્વઆદિ પ્લવભૂમિ, ગજપૃષ્ઠાદિ ભૂ લક્ષણો, પ્રસ્તાભૂમિ, નિષિદ્ધા ભૂમિ, જીવિત – મૃતભૂમિ લક્ષણો વગેરે બાબતો ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના પૂર્વાર્ધના પ્રથમ અધ્યાયમાં વિગતવાર આપેલ છે. તેનું વર્ણન મે આગળ આ જ પ્રકરણના વિભાગ – ૪, ૨, ૧ માં કરેલ છે.

૪.૨.૧.૩ <u>હસ્તપ્રમાણ, મુહૂર્તાદિ વિષયો અને શિલાન્યાસ</u>

હસ્ત સંપૂર્ણ વાસ્તુકર્મ અને કલાના હેતુ તથા સમગ્ર વાસ્તુ કર્મોના આધાર રૂપ છે. તેનાથી જ માન–ઉન્માન અને વિભાગદિ નિર્ણય થઈ શકે છે. માટે વિશ્વકર્માએ હસ્તના મહત્ત્વને પ્રસ્થાપિત કરવા માટે –

હસ્ત લક્ષણ , હસ્ત પ્રમાણ, હસ્તના દેવતા , હસ્તપૂજન, હસ્તનિર્માણ, હસ્તગ્રહણ, વિધિ આદિ વિષયોનું તેમજ આઠ પ્રકારનાં સૂત્રો દરેક બાબતા નિર્દેશો વિગતવાર ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ 'ના પૂર્વાર્ધના ' અધ્યાય–૨ માં કરેલ છે તે મે આજ પ્રકરણના ૪,૨,૧,૫ વિભાગમાં સ્પષ્ટ કર્યા છે.

આયાદિ ૨૧ અંગો અને તેની ગણત્રી આદિ વિષયો પણ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના પૂર્વાર્ધના ' આયતત્ત્વાધિકાર ' પ્રકરણમાં આપેલ છે.

(મે પ્રકરણ ૪.૨.૩.૩ માં તેના વર્ણનો આપ્યા છે.)

ત્યારબાદ કીલરોપણ , ખનન, શિલાન્યાસ આદિ વિષયો નો નિર્દેશ પર અહીં ઉત્તરાર્ધમાં પ્રાપ્ય છે. જે આ પ્રમાણે છે.

સૂત્રારંભ નક્ષત્ર, ખનન મુહૂર્ત, સૂત્રારંભેવાર, સૂત્રારંભરેખા ખાત ખનન ફળ, ભૂમિ શુદ્ધિ, ખનન દિક્, ગૃહ–પ્રાસાદારંભે રાશિફળ, ગૃહ–પ્રાસાદ આરંભે વત્સદિશા, વત્સ ચક્ર આદિ વિષયોનું[૨૮૬] નિરુપણ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના પૂર્વાર્ધના અધ્યાય પાંચમા વિગતે આપેલ છે.

( જેના વર્ણનો મેં પ્રકરણ ૪.૨.૩.૧ માં કરેલા છે.)

– ગૃહ–પ્રાસાદારંભે માસ ફળનો નિર્દેશ વિચાર પણ વિશ્વકર્માએ આપ્યો છે.[૨૮૭]

જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| ક્રમ | માસ | શુભાશુભ ફળ |
|---|---|---|
| ૧ | ચૈત્ર | શોક |
| ૨ | વૈશાખ | ધનલાભ |
| ૩ | જયેષ્ઠ | મૃત્યુ |
| ૪ | અષાઢ | પશુનાશ |
| ૫ | શ્રાવણ | સર્વપ્રકારે વૃદ્ધિ |
| ૬ | ભાદ્રપદ | શૂન્ય |
| ૭ | આસો | ક્લેશ |
| ૮ | કાર્તિક | નોકરોનો નાશ |
| ૯ | માર્ગશીર્ષ | ધાન્યપ્રાપ્તિ |
| ૧૦ | પૌષ | કામ સંપદા |
| ૧૧ | માઘ | અગ્નિભય |
| ૧૨ | ફાગણ | લક્ષ્મીપ્રાપ્તિ |

તેમજ શલ્યશોધનથી ભૂમિ શુદ્ધિનો નિર્દેશ કરી, અપરાજિતપૃચ્છા, અગ્નિપુરાણ, પ્રાસાદતિલક વગેરે ગ્રંથોના આધારે ભૂમિખનન નો વિધિ બતાવી ગૃહ–પ્રાસાદ નિર્માણનો આરંભ કરવાનો (શિલાન્યાસ કરવાનો) વિધિ વર્ણવ્યો છે

વિશ્વકર્માએ શિલાન્યાસવિધિમાં શિલાનાનામો[૨૮૮] , કૂર્મશિલા પ્રમાણ[૨૮૯] , કૂર્મશિલા પ્રમાણમાં અન્યમતો[૨૯૦] , પ્રાસાદમાન કૂર્મ[૨૯૧] , શિલામાન કૂર્મ, અષ્ટશિલા પ્રમાણ[૨૯૨] , શિલાસ્વરૂપ[૨૯૩] , નવનિધિ કુંભો અને કૂર્મશિલા સ્વરૂપો આ પ્રમાણે આપ્યા છે.

કૂર્મશિલાના મધ્ય ભાગમાં → કૂર્મ

અગ્નિકોણે → જલતરંગ

| | | |
|---|---|---|
| દક્ષિણ | → | મચ્છ |
| નૈઋત્ય | → | દેડકો |
| પશ્ચિમે | → | મકર |
| વાયવ્યે | → | ગ્રાસ |
| ઉત્તર | → | શંખ |
| ઈશાન | → | સર્પ |
| પૂર્વ | → | કળશ |

ત્યારબાદ – સોનાના અથવા રૂપાના બનાવેલ કૂર્મને અથવા વૃષને દ્વાર સામે સ્થાપવો.[૨૯૪] અને પછી કૂર્મ પ્રતિષ્ઠાનું મહાફળ આ રીતે આપ્યું છે.

*कृतकूर्मप्रतिष्ठायां खाते पूर्णसुसंस्थिते ।*

*भूर्लोके लभते राज्यं सर्वजन्मसु शाश्वतम् ।।* [૨૯૫]

વિશ્વકર્માએ અષ્ટશિલા પ્રતિષ્ઠાફળ[૨૯૬] ,શિલાન્યાસ પછીના શુભકર્મો[૨૯૭] અને નાલ વિચાર પ્રસ્તુત કર્યો છે.

ભાવિ જે દિશામાં આવતા હોય તે તરફ મુખ રાખી સુવર્ણ અથવા રૂપાનો કૂર્મ સ્થાપવો અને તેના ઉપર નાલ સ્થાપવી. અને ખાડો શુદ્ધ રેતી વગેરે પૂરી દૃઢ કરવો.

આ રીતે નાલ સ્થાપન વિધિ પછી શિલાન્યાસ માટે રવિ અને મંગળ ત્યજી બાકીના વાર શુભ જાણવા અને ત્યારપછી શુભ નક્ષત્ર વિચાર અન્ય ગ્રંથોના મતે પ્રસ્તુત કર્યો છે.[૨૯૮] ત્યારબાદ વાસ્તુચક્ર જોવાનો નિર્દેશ કર્યો છે. તેમજ રત્નૌષાધિન્યાસ અને અષ્ટશિલાન્યાસના મંત્રો–પ્રાર્થના આદિ વિષયોનું વર્ણન 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના ઉત્તરાર્ધ–અધ્યાય–૨ માં છે.

(નોંધ – ' શિલ્પસ્મૃવાસ્તુવિદ્યાયામ્ ' ના પૂર્વાર્ધના અધ્યાય છ માં ઉક્ત બધા જ વિષયો વિગતવાર પ્રાપ્ય છે. અને તેના વર્ણનોમાં પ્રસ્તુત પ્રકરણમાં આગળ કરેલ છે)

## ૪.૩.૧.૪ **પ્રાસાદ માટેની આવશ્યક અને લાભકર સામગ્રીઓ અને મંડોવર આદિના વર્ણનો**

વિશ્વકર્માએ પ્રાસાદ માટેની સામગ્રીનું વર્ણન કરતા – કાષ્ઠ, ઈંટ, પાષાણ, ધાતુ અને રત્ન આ દ્રવ્યો એક–બીજાથી ઉત્તમોત્તમ બતાવ્યા છે. પરંતુ લોહકર્મનો નિષેધ કરવા કહ્યું છે. [(૨૯૯)]

પ્રાસાદ સામગ્રીને આ પ્રમાણે પ્રસ્તુત કરી છે.

| ક્રમ | દ્રવ્ય | પ્રકાર |
|---|---|---|
| ૧ | ધાતુ આદિ | ઉત્તમોત્તમ |
| ૨ | પાષાણ | શ્રેષ્ઠ |
| | ઈંટ | મધ્ય |
| | કાષ્ઠ | કનિષ્ઠ |
| ૩ | લોહ | હીન / અધમોધમ |

આ ઉપરાંત પાષાણ, ઈંટ, ચૂનો, કાષ્ઠ, માટી અને ૮ પ્રકારની ધાતુઓ શિલ્પ વાસ્તુ માટે  ખૂબ ઉપયોગી જાણવી.

શિલ્પી, શિલ્પશાસ્ત્ર અને શિલ્પજ્ઞાતા

શિલ્પશાસ્ત્રની વ્યાખ્યા અન્ય મહર્ષિઓના મતે વિશ્વકર્માએ આ પ્રમાણે આપી છે –

*प्रासाद प्रतिमा राजगृह वाप्यादि सत्कृतिः ।*

*कथिता यत्रतच्छिल्प शास्त्रमुक्तं महर्षिभिः ।।* [(૩૦૦)]

તો શિલ્પશાસ્ત્રના જ્ઞાત / આચાર્યો – ભૃગુ – અત્રિ – વશિષ્ઠ વગેરેને ગણાવ્યા છે. [(૩૦૧)]

વિશ્વકર્માએ શિલ્પીને દેવ તરીકે કલ્પી તેના અંગમાં દેવતાનું સ્થાન કલ્પીત કર્યુ છે.

શિલ્પીના હૃદયમાં – બ્રહ્મા

બંને હાથમાં – વિષ્ણુ અને શંકર

બે આંખોમાં – સૂર્ય અને ચંદ્ર

આમ, શિલ્પીના સર્વાંગે દેવતાઓ વસે છે.

ત્યાર પછી વિશ્વકર્માએ પ્રાસાદ સ્વરૂપની ચર્ચા કરતા સૌ પ્રથમ પ્રાસાદ રચનાને દેવ શરીર રૂપે કલ્પના કરી છે.[૩૦૨] જે આ રીતે સ્પષ્ટ કરી શકાય.

| <u>પ્રાસાદ અંગ</u> | <u>પુરુષાંગ</u> |
|---|---|
| પાયાની શિલા | પગ |
| ગર્ભગૃહ | પેટ |
| પાયા પરની જગતી | જાંઘ |
| સ્થંભ | ઢીંચણ |
| ઘંટા | જીભ |
| દીપક | પ્રાણ |
| પ્રવાણ | ગુદા |
| દેવનું બ્રહ્મસ્થાન | નાભિ |
| પીઠિકા | હૃદય |
| પ્રતિમા | પુરુષ |
| પગનો સંચાર | અંહાર |
| દીપનો પ્રકાશ | ચક્ષુ |
| ઉપરનો ભાગ | પ્રકૃતિ |
| પ્રતિમા | આત્મારૂપે |
| દ્વારનો કુંભીના તલથી નીચેનો ભાગ | લિંગ |
| શિખરનો શુકનાશ | નાસિકા |
| ગવાક્ષ–ઝરુખો | કાન |
| શિખરનો સ્કંધ | ખંભો |

| | |
|---|---|
| આમલસારાનું ગળું | કંઠ |
| આમલસારાનો કલશ | મસ્તક |
| ચૂનાનું પ્લાસ્ટર | ચામડી |
| પૃથ્વી | મેદ |
| ચૂનાનો લેપ | માસ |
| શિલાઓ | હાડકા |
| ખીલા–કુકરા | સ્નાયુ |
| શૃંગ | ચક્ષુ |
| ધ્વજા | કેશ |

આ રીતે પ્રાસાદના સર્વ અંગોનું પુરુષ રૂપે ધ્યાન ધરવું.

વિશ્વકર્મા પ્રાસાદ જાતિચ્છંદનો નિર્દેશ કરતા નાગરાદિ ચૌદ જાતિઓ(૩૦૩) ગણાવે છે. તે ચૌદ જાતિના વિખ્યાત પ્રાસાદો માટીના – કાષ્ઠના, ઈંટના, પાષાણના, ધાતુરત્નાદિ વાસ્તુ દ્રવ્યાદિના પોતપોતાની શક્તિ અનુસાર કરવાથી ચારેય વર્ગના ફળની પ્રાપ્તિ થાય છે. અને દેવાલયે લક્ષ્મી ક્રીડા કરે છે.

પ્રાસાદ તૃણ માંથી બનાવવાથી કોટી વર્ષ, માટી દશ કોટી વર્ષ અને ઈંટ અને પાષાણના તેનાથી દશ ગણુ પુણ્ય આપે છે.

(૧) પદ્મશિલા (૫) કલશ

(૨) દ્વાર (૬) ધ્વજ

(૩) શિલા (૭) પ્રતિષ્ઠા

(૪) ધ્વજપુરુષ

આ રીતે સાતગણુ પુણ્ય મળે છે.

વિશ્વકર્માએ જુદી–જુદી ધાતુઆદિથી થતા પ્રાસાદો કોના માટે ઉત્તમ છે તેનો નિર્દેશ આ પ્રમાણે કર્યો છે.

| ક્રમ | પ્રાસાદ | લોક |
|---|---|---|
| ૧ | સુવર્ણ અને રૌપ્ય | દેવલોકોને પ્રિય છે |
| ૨ | પિતળ અને ત્રાંબા | નાગ અને રાક્ષસો |
| ૩ | પાષાણ અને સ્ફટિક | પાતાળ લોકમાં |
| ૪ | ઈંટ, કાષ્ઠ અને પાષાણ | મૃત્યુલોકમાં |

આમ પ્રાસાદ રચના અને વાસ્તુનો ઉદ્દેશ્ય માણસ માત્રને સુખ, શાંતિ અને કલ્યાણ અર્થે છે. જેમકે –

*नगराणां भूषणार्थं देवानामालयाय च ।*
*लोकानां धर्महेतोश्च क्रीडार्थं सुरयोषिताम् ।*
*आलयः सर्वभूतानां विजयाय जितात्मनाम् ।*
*धर्मार्थकाममोक्षाणां प्राप्तिहेतुश्च कामदः ।।* (૩૦૪)

નાગરાદિ ચૌદ પ્રાસાદોમાંથી શુદ્ધ છંદ અષ્ટ પ્રાસાદોનો નિર્દેશ કર્યો છે. જે આ પ્રમાણે છે.

(૧) નાગર (૫) લતિના
(૨) દ્રાવિડ (૬) સાન્ધાર
(૩) વરાટક (૭) વિમાન
(૪) મિશ્ર (૮) ભૂમિજ

આ આઠ પ્રકારના પ્રાસાદો દેશ, જાતિકુલ, સ્થાન અને વર્ણ ભેદે સ્થાપવા પ્રશસ્ત છે.

| क्रम | દેશ | પ્રાસાદ |
|---|---|---|
| ૧ | ગંગા તીરે | આઠેય પ્રકાર |
| ૨ | અહીં રાજયમાં | સાન્ધાર અને નાગર |
| ૩ | ગૌડ, બંગ, કામરૂપ દેશ | સાન્ધાર અને લતિના |
| ૪ | તુર, કોડ, હાલ, ગંગાસાગર | વિમાન |
| ૫ | ચૌલદેશ,મહાનીલ,શ્રીનીલપર્વતે,મલય,કલિંગ , કર્ણાટક,કાવ્યકુબ્જ,વૈરાજય,વિરાટ,કોકણ, દક્ષિણ પ્રદેશો. | આઠેય પ્રકારના |
| ૬ | ઉજજયિની, માળવા,કાંચી, કલિંજરદેશ, અન્તર્વેદપ્રદેશ, મથુરા,હિમાલયના આશ્રયભૂત પ્રદેશો, દંડકારણ્ય, સમુદ્રના કિનારા પ્રદેશોમાં | લતિન, નાગર, સાન્ધાર અને ભૂમિજ |
| ૭ | સિંઘ,ખુરષાણે, તેજોગક્ષણકા, પશ્ચિમપ્રદેશ, પાર્શ્વમંડલમાં, સૌરાષ્ટ્ર, ગુર્જરપ્રદેશ, કાશ્મીર, અને બ્રહ્માવર્ત | લતિન, નાગર, સાન્ધાર અને ભૂમિજ |

આ ઉપરાંત વિમાન, નાગરાદિ પ્રાસાદો સર્વ દેશોમાં પ્રવર્તે છે. પરંતુ ભરતક્ષેત્રમાં આ પ્રાસાદો દેશાનુસાર કરવાનો વિશ્વકર્માનો સ્પષ્ટ ઉપદેશ છે.

| જ્ઞાતિ | પ્રાસાદ |
|---|---|
| વિપ્રજ્ઞાતિ | નાગરાદિ |
| ક્ષત્રિય | દ્રાવિડાદિ |
| વૈશ્ય | વ્યંતરાદિ |
| શૂદ્ર | વેશરાદિ |

| વર્ણ | પ્રાસાદ |
|---|---|
| શ્વેત | નાગરાદિ |
| રક્ત | દ્રાવિડાદિ |
| પીત | વ્યંતરાદિ |
| લીલો | વેશરાદિ |

તેમજ – *राजसं तामसं चैव सात्त्विकं च तृतीयकम् ।*

*धर्मस्य त्रिविधं ज्ञानं संसारे संप्रवर्तते ॥* (૩૦૫)

કહીને સત્વ, રાજસ્, તમસ્ પ્રકારનાં પ્રાસાદોનો નિર્દેશ કર્યો છે. જે આ પ્રમાણે છે.

| ગુણ | પ્રાસાદ | પુણ્ય | દેશ | જાતિ |
|---|---|---|---|---|
| સાત્વિક | નાગર | અનંતગણુ | સાત્વિકદેશ | બ્રાહ્મણ |
| રાજસ્ | દ્રાવિડ | સો ગણુ | રાજસિક દેશ | ક્ષત્રિય |
| તમસ્ | વેસર | દશ ગણુ | તામસ દેશ | વૈશ્ય |

ઉપર કહેલા સમસ્ત પ્રાસાદો દેશાનુક્રમે – જે પ્રકારે કહેલા છે તેમ તલ છંદથી શિખર સુધી કરવા કેમકે, છંદ રહિત કરેલા પ્રાસાદોનું ફળ કે મોક્ષ પ્રાપ્ત થતા નથી. તેમજ સમગ્ર પ્રાસાદોનો ૧૦ પ્રકારે ભેદ થાય છે તે બીજા શાસ્ત્રો, વિદ્વાનો દ્વારા જાણવું.

ત્યાર બાદ વિશ્વકર્મા એ કહેલા પ્રાસાદ માનમાં ન્યુનાધિક કરવાથી થતા દોષોનું વર્ણન કરેલ છે.(૩૦૬) જે આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| દ્વાર હીન કરવાથી | ⇨ | આયુષ્યહાનિ |
| નાલીહીન કરવાથી | ⇨ | ધન ક્ષય |
| પદસ્થાન ત્યવ સ્થંભ મુકવાથી | ⇨ | મહારોગ |
| સ્થંભ જાડાઈ હીન | ⇨ | સ્ત્રીનાશ |
| પીઠ હીન | ⇨ | ગજ–અશ્વ નાશ |
| રથ – ઉપરથ હીન | ⇨ | પ્રજા પીડા |
| વાસ્તુરેખા હીન | ⇨ | નિષ્ફળતા |
| જંઘાહીન | ⇨ | ભાઈનો નાશ |
| શિખર માન હીન | ⇨ | પુત્ર–પૌત્રાદિ નાશ |

આમ માનથી વધારે પણ કરવું નહીં પરંતુ શાસ્ત્રોકતવિધિ માને સર્વકાર્ય શુભ છે.

તેમજ દેવાલય સર્વને માટે કલ્યાણકારક છે.(૩૦૭) તેમ નિર્દેશ કરીને, વિશ્વકર્મા જગતી લક્ષણ આ પ્રમાણે વર્ણવે છે.

*મનોજ્ઞા સર્વતઃ પ્લવા ।* (૩૦૮)

અર્થાત્ – મનોજ્ઞા ચારેય દિશાએ ઢાળવાળી કરવી. તેમજ ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ, અને અષ્ટાંશ પરંતુ પ્રાસાદના રૂપ પ્રમાણે કરવી. તેમજ –

| <u>પ્રાસાદ</u> | <u>જગતી</u> |
| --- | --- |
| જયેષ્ઠમાન પ્રાસાદ | કનિષ્ઠ માનની જગતી |
| મધ્યમાન પ્રાસાદ | મધ્ય માનની જગતી |
| કનિષ્ઠ માન પ્રાસાદ | જયેષ્ઠ માનની જગતી કરવી. |

જગતી આગળ પ્રતોલી કમાડ સંયુકત દૃઢ અર્ગલા કરવાનો નિર્દેશ કર્યો છે. અને જગતી માન આ પ્રમાણે આપ્યું છે.

| પ્રાસાદ માન (હસ્ત) | જગતી માન (હસ્ત) |
| --- | --- |
| ૧ હસ્તે | ઊંચાઈ ૧ હસ્ત |
| ૨ હસ્તે | ઊંચાઈ ૧ $\frac{૧}{૨}$ હસ્ત |
| ૩ હસ્તે | ઊંચાઈ ૨ હસ્ત |
| ૪ હસ્તે | ઊંચાઈ ૨ $\frac{૧}{૨}$ હસ્ત |
| ૫ થી ૧૨ હસ્ત | અર્ધ ભાગે ઊંચાઈ કરવી |
| ૧૨ થી ૨૪ હસ્ત | ત્રી ભાગે ઊંચી કરવી |
| ૨૪ થી ૫૦ હસ્ત | ચોથે ભાગે ઊંચી કરવી |

જગતી આ માન પ્રમાણે કરવી શુભકારક છે.

વિશ્વકર્મા જગતી સ્વરૂપનું વર્ણન આ પ્રમાણે આપે છે.[(૩૦૯)]

જગતીની ઊંચાઈના ૨૮ વિભાગ કરવા તે આ પ્રમાણે સ્પષ્ટ છે.

| | | |
|---|---|---|
| જાડયકુંભ | – | ૩ ભાગમાં |
| કર્ણિકા | – | ૨ ભાગમાં |
| શીર્ષપત્રિકા | – | ૩ ભાગમાં |
| ક્ષુરક | – | ૨ ભાગમાં |
| કુંભક | – | ૭ ભાગમાં |
| કલશ | – | ૩ ભાગમાં |
| અંતઃપત્ર | – | ૧ ભાગમાં |
| કપોતાલી | – | ૩ ભાગમાં |
| પુષ્પક | – | ૪ ભાગમાં |
| | કુલ | ૨૮ વિભાગ |

જગતીપીઠ પર રહેલ પ્રાસાદ સિંહાસન પરનો રાજા મણિયુકત શોભે તેમ શોભે છે. સિંહાસને જે મુખ્ય મૂર્તિ આવે તેના વામ દક્ષિણ ભાગે પ્રતિહારો કરવા દેવના અગ્રભાગે વાહન કરવું ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ પદના અંતે ચતુષ્ટિકા કરવી.

આ ઉપરાંત વિશ્વકર્માએ <u>જગતીના ૬૪ નામોનો</u> ઉલ્લેખ કર્યો છે.(૩૧૦) તે આ પ્રમાણે છે.

| ક્રમ | જગતી નામો | સ્થળ | ફળ |
| --- | --- | --- | --- |
| ૧ | સુભદ્રા,સર્વતોભદ્ર,લલિતા,લીલોદરી, ત્રિકૂટા,ચિત્રકૂટા,શ્રીમાલા, ગગનોદરી | સિંદુર,રેણુ,ગજાનને | સર્વકામનું ફળ આપનાર |
| ૨ | ઈન્દ્રસંપદા,ત્રિભુવનાખ્યા,શ્રીવિજયા, રુદ્રમેખલા,સૂવિશાલા, વિરાજિતા, શ્રીગારી, ગંગાતરંગિણી | પુર મધ્યે | શાંતિ દાયક ઈન્દ્રએ કામધ્વાંસપ્રિયા પાર્વતીને આ જગતી કહેલ છે |
| ૩ | હંસધ્વજા,રત્નગર્ભા,ચક્રમાલા,ભમરાવલ ી મકરધ્વજા, મહાલક્ષ્મી,બ્રહ્માણી, ચતુરાનના | લોકનાથ,બ્રહ્મા, વિષ્ણુ,શિવ અને પુરમધ્યે | સર્વ પ્રકારની શાંતિદાયક |
| ૪ | નારાયણી,ત્રિદશેન્દ્રિ,કૌમારી, હંસમાલા, પત્રાવલી,પ્રભેદનયના, કનકા, ત્રિદશોદ્ભવા | જગન્નાથ, વિષ્ણુ ભગવાનને કરવી | સર્વકામ ફલપ્રદા |
| ૫ | સૂર્યાખ્યા,ચન્દ્રમંડલા,ચન્દ્રમાસા,મેઘોદરી, માહેન્દ્રી,વિજયાનંદા,પ્રતાપતેજા, વિજયાપ્રભા | આદિત્ય માટે પ્રખ્યાત દિવાકર સૂર્યદેવ માટે | સુખાવહ |
| ૬ | વસુંધરી,હરિપ્રિયા,રાજેશ્વરી,પાર્થિવી, સરસ્વતી,કુસુમાખ્યા,ચૂડામણી,મહાકૂટા | ગૌરી,ચામુંડા, હરિસિદ્ધિ આદિ દેવીઓને કરવી | ઈચ્છિતફળ/ ભક્તિ પ્રદા |
| ૭ | શ્રીકર્ણા,નાયિકા,રત્નચુડા,ગોમાવતિ, અર્ધનારીશ્વરી,ભૈરવી,પ્રધાના,સર્વકૂટા | પુરમધ્યે | સર્વકામ પ્રદ, નિત્યફલદા સુખકારક છે |
| ૮ | વીરભદ્રા,સુપતાકા,સુભદ્રા,પૂર્ણભદ્રિકા, ભદ્રાંગી,જયા,વિજયા, અપરાજિતા | સર્વદેવો માટે | શાશ્વત સુખ આપનાર |

તેમજ જગતનો વધારે વિસ્તાર કરતા વિશ્વકર્મા શ્રીકર્ણી વગેરે આઠ પ્રકારની જગતીનો પણ નિર્દેશ કરે છે.[૩૧૧] જેમકે –

| ક્રમ | જગતી | માનાદિ વિશેષતા | ફળ |
|---|---|---|---|
| ૧ | શ્રીકર્ણી | શુકનાશાદિના ૨૪ ભાગ અને ૪ ભાગનું આદિ દેવનું બલાકણ | લક્ષ્મી,શાંતિ,સુખ આપનાર |
| ૨ | નાયિકા | મંડપના ગર્ભસૂત્રે ડાબી–જમણી બાજુ ૮ પદ કરવા | સર્વફલદા |
| ૩ | રત્નચૂડા | ૮ પદ ત્યજી, બલાકણ કરવા | શાંતિ આપનાર |
| ૪ | ગોમાવતી | પૂર્વ–પશ્ચિમ ૨૪ ભાગની શાલા કરવી | સર્વ કામદાયિક |
| ૫ | અર્ધનારીશ્વરી | ઉત્તર–દક્ષિણ બલાકણ ઉપર પટ્ટશાલ કરવાથી | શાંતિકારક |
| ૬ | ભૈરવી | પશ્ચિમે રથશાલા, દક્ષિણે બેઠક, ઉત્તરે રથ જવાનો રસ્તો | શાંતિ આપનાર |
| ૭ | પ્રધાના | ઉત્તર–દક્ષિણ દ્વાર પાસે અષ્ટાપદ કરવાથી | સિધ્ધકિન્નર સેવે છે |
| ૮ | સર્વકૂટા | અષ્ટાપદના સ્થાને ત્રિશાલા કરવાથી | – |

આ રીતે પ્રાસાદ પ્રમાણે જગતી કરવી, જુદા છંદની કરવી નહીં. ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને અષ્ટાંશ એ પાંચ છંદની જગતી પ્રખ્યાત છે. વીરભદ્રા–ચોરસ, સુપતાકા–લંબચોરસ, પૂર્ણભદ્રા–ગોળ, ભદ્રાંગિકા લંબગોળ, જયા–અષ્ટાંશ, વિજયા–સ્વસ્તિક, અજિતા–ષોડશાસ્ત્રા, અપરાજિતા–બત્રીશાસ્ત્રા કરવી, તેમજ ૬૪ પ્રકારની જગતી શિવને સરખી કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મળે તેમજ ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય.

વિશ્વકર્માએ જગતીની જેમ <u>પ્રાસાદમાં ભ્રમણીના મહત્ત્વનો</u> અને માનનો નિર્દેશ કર્યો છે.

| પ્રાસાદ | ભ્રમણી સંખ્યા | ભ્રમણી માન |
|---|---|---|
| ૧) જયેષ્ઠ માન | ૩ | બે ગણી |
| ૨) મધ્ય માન | ૨ | ચાર ગણી |
| ૩) કનિષ્ઠ | ૧ | પાંચ ગણી |

ત્રિપુરુષને અને દ્વારિકાપ્રાસાદની રચનામાં યુક્તિએ ૬ અને ૭ ગણી કરવી. તેમજ આગળ મંડપના ક્રમે – કર્ણથી, સમ, સવાઈ, દોઢી અને બમણી કરવી.

૧) ૪ કોણવાળી
૨) ૧૨ કોણવાળી
૩) ૨૦ કોણવાળી
૪) ૨૮ કોણવાળી
૫) ૩૬ કોણવાળી આ પાંચ પ્રકારની ભ્રમણી કીર્તિદાયક છે. મૂલપ્રાસાદની ભ્રમણી ત્રણ ગણી કરવી, કર્ણોએ દેવકુલોના આયતાન દેવો કરવા.

## ભ્રમણી ભેદો

| ક્રમ | ભ્રમણીનું નામ | લક્ષણ |
|---|---|---|
| ૧ | કર્ણજા | કર્ણયુકત કર્ણજા |
| ૨ | ભ્રમજા | ભ્રમયુકત ભ્રમજા |
| ૩ | ભદ્રજા | ભદ્રયુકત ભદ્રજા |
| ૪ | ગર્ભજા | ગર્ભમાને ગર્ભજા |
| ૫ | મધ્યજા | મધ્ય અંગે પરિભ્રમયુકત મધ્યજા |
| ૬ | પાર્શ્વજા | ચારેય બાજુ ભ્રમણયુક્ત પાર્શ્વજા |

આ ઉપરાંત વિશ્વકર્માએ **આયતન** નો દેવાનુક્રમ નિર્ણય પણ આપ્યા છે.[૩૧૨] જેમકે – ગણપતિઆયતન, શિવાયતન, ચતુર્મખશિવાયતન, બ્રહ્માયતન, વિષ્ણુઆયતન, સૂર્યાયતન, ગૌર્યાયતન, જિનેન્દ્રાયતન. જે આકૃતિ દ્વારા આ પ્રમાણે સ્પષ્ટ છે.

## શ્રી ગણપત્યાયતન

| | | | | |
|---|---|---|---|---|
| વા. | સૌમ્યક | ઉત્તર | શ્રૃતિદાયક | ઈ. |
| ગોકણ | બાલચંદ્ર | ગજકણ | ગૌરી | અવિઘ્ન |
| પશ્ચિમ | કુબેર | ગણેશ | બુદ્ધિ | પૂર્વે |
| ગજકણ | ધૂમ્રવણ | સિદ્ધિ | સરસ્વતિ | વિઘ્નરાજ |
| નૈ. | બલવાન | દક્ષિણ | સુવક | ઈ. |

## <u>એક દ્વાર શિવાયતન</u>

| વા. | સિત | ઉત્તર | અસિત | ઈ. |
|---|---|---|---|---|
| પ્રાંદુર | જનાર્દન | શાંતિગૃહ | – | નંદી |
| પશ્ચિમ | જલસાયિનમ | પાર્વત,શીવ ગણેશ | – | પૂર્વ |
| દૂર્મુખ | ભાસ્કર | માતૃકા | – | મહાકાલ |
| નૈ. | ભૃંગી | દક્ષિણ | હરંબ | અ. |

## <u>બ્રહ્માયતન</u>

| વા. | વિભવ | ઉત્તર | ભવ | ઈ. |
|---|---|---|---|---|
| યજ્ઞભદ્ર | ઉમા,શંકર | નવગ્રહો | શ્રીદેવી | ધર્મ |
| પશ્ચિમ | જલશાયીન | બ્રહ્મા | ધરણીધર | પૂર્વ |
| વિજય | ઈન્દ્રો | માતૃકા | ગણેશ | સત્ય |
| નૈ. | પ્રિયોદ્ભવ | દક્ષિણ | યજ્ઞ | અ. |

વિશ્વકર્માએ <u>બલાકણ લક્ષણ</u> આપતા કહ્યું છે કે – જગતી એક પાદ વધારવી અને પ્રાસાદથી એક પદ છોડવું. આથી બલાકણના ત્રિવિધ લક્ષણ આ પ્રમાણે થશે.

૧) પ્રાસાદની પહોળાઈ પ્રમાણે

૨) ગર્ભગૃહ પ્રમાણે

૩) આગળની ચોકી પ્રમાણે

તેમજ કનિષ્ઠે – ઉત્તમમાન

ઉત્તમે – કનિષ્ઠમાન

મધ્યે – મધ્યમાન

આ પ્રમાણે બલાકણ શોભાયમાન થશે.

<u>બલાકણ નામાનિ</u>

| ક્રમ | બલાકણ નામો | સ્થાન |
|---|---|---|
| ૧ | વામન | જગતીની અંદર કરવું |
| ૨ | વિમાન | જગતીની અંદર કરવું |
| ૩ | હર્મ્યશાલા | ગૃહ, રાજપ્રાસાદ અને નગરે કરવું |
| ૪ | પુષ્પકર | જળાશયે ભૂષણરૂપ કરવું |
| ૫ | ઉત્તંગ | ચક્રવર્તીના રાજપ્રાસાદે કરવું |

તેમજ બલાકણ સપ્તભૂમિ અને નવ ભૂમિ સુધી કરવું. તેનાથી ઊંચુ નહીં, પ્રાસાદના મુખમંડપ આગળ જગતીના સ્થાન, માન પ્રમાણે લક્ષણ યુકત બલાકણ કરવું. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, અને ૮ પદના અંતરે બલાકણ કરવુ અને પ્રાસાદ અને મંડપના દ્વાર પ્રમાણે બલાકણનું દ્વાર કરવું. મૂળપીઠ અને પ્રાસાદ પ્રમાણે તેમજ –

*શિવ સૂર્યો બ્રહ્મવિષ્ણુ ચણ્ડિકા જિન એવ ચ ।*

*एतेषां च सुराणां च कुर्यादग्रे बलानकम् ।।* (૩૧૩)

વિશ્વકર્માએ બલાકણ પછી પ્રાસાદમાં ત્રિપુરુષ (બ્રહ્મા–વિષ્ણુ–મહેશ) પ્રતિષ્ઠામાં ન્યુનાધિક માનનો નિર્દેશ કર્યો છે.(૩૧૪) તેમજ તેનાથી પ્રાપ્ત ફળ શ્રુતિ અને ત્રિ–પુરુષ સહ ઉપદેવી પ્રમાણનો પણ ઉલ્લેખ કર્યો છે.(૩૧૫)

વિશ્વકર્મા પ્રાસાદ લક્ષણ આપતા કહે છે કે – સંસ્થાન માનસૂત્ર વાસ્તુન્યાસ પૂર્વ પ્રમાણે, આગળ, પાછળ, ડાબી, જમણી બાજુ નાભિવેધ ન આવે તેમ અન્ય પ્રાસાદ કરવો.

શિવલિંગ સામે કોઈ પ્રાસાદ કરી દેવ ન સ્થાપવા પરંતુ શિવ સામે શિવ, બ્રહ્મા સામે બ્રહ્મા, વિષ્ણુ અગ્રે વિષ્ણુ, જિન સામે જિન અને સૂર્ય સામે સૂર્ય સ્થાપવા, ચંડી આગળ માતૃકાયક્ષ અને ક્ષેત્રાધિ ભૈરવ એ શાસ્ત્રાભિમુખ હિતકારક છે. અને શિવની આગળ અન્યદેવોની દૃષ્ટિવેધ મહાન ભય ઉપજાવે છે. આથી બ્રહ્માદિ દેવો શિવાશ્રયે સ્થાપવા પણ દૃષ્ટિવેધ ત્યજવો.

વાસ્તુકર્મ નિષેધનો નિર્દેશ કર્યો છે. અર્હંતની પાછળ, શિવ સૂર્યની આગળ તેમજ વિષ્ણુની પડખે તેમજ રાજયમાર્ગ કે પ્રાકાર કિલ્લામાં અને શિવમૂર્તિથી ૧૦૦ હસ્ત, બાણથી ૨૦૦ હસ્ત અને સ્યંભૂલિંગથી ૩૦૦ હસ્ત સુધી પુર મધ્ય ગૃહાદિમાં વાસ્તુકર્મ કરવું નહીં.

તેમજ ચંડિકા ને એક, સૂર્યને સાત, ગણપતિને ત્રણ, વિષ્ણુને ચાર અને શિવને અર્ધી પ્રદક્ષિણાનો નિર્દેશ કર્યો છે. કેમકે શિવ સ્નાનોદક જોવાથી અને ઉલ્લંઘન કરવાથી પૂર્વે કરેલા પુણ્યનો નાશ થાય છે. અને શિવસ્નાનોદકના ગૂઢ માર્ગે નિકાલ માટે ચંડનાથ લક્ષણ અને સ્થાપનાંનો વિધિ નિર્દેશ્યો છે.

વિશ્વકર્મા પ્રણાલ નિર્ણયનો વિચાર કરી શિવ પ્રણાલ અને જિનપ્રણાલનો દિશા–માન સહિત નિર્દેશ કરે છે.(૩૧૬) અને દેવતા વગેરેના મુખ દિશાનો વિચાર પ્રસ્તુત કર્યો છે. જે આ પ્રમાણે છે.

| <u>ક્રમ</u> | <u>દેવ</u> | <u>દિશામુખ</u> |
|---|---|---|
| ૧ | સૂર્યાદિ (પૂર્વદિશાના) | પૂર્વે – સ્થાપવા |
| ૨ | બ્રહ્મા (ચારેય દિક્મુખ) | પૂર્વે – સ્થાપવા |
| ૩ | શંભુ, બાણ, લિંગ, મૂર્તિ | સર્વદિક્મુખ સ્થાપવા |
| ૪ | યક્ષ, કુબેર | દક્ષિણે સ્થાપવા |
| ૫ | બ્રહ્મા,વિષ્ણુ,શિવ,સૂર્ય,ઈન્દ્ર,કાર્તિકસ્વામી, અગ્નિ | પૂર્વ – પશ્ચિમ સ્થાપવા |
| ૬ | ગણેશ,નાગેશ,ક્ષેત્રપાલ,ભૈરવ,કુબેર,ગંધર્વ, ગ્રહ, માતૃકાગણ, નકુલીશ, ચંડી | દક્ષિણે સ્થાપવા |
| ૭ | મહાનબલ, બુદ્ધિમાન, હનુમંતને | નૈઋત્યે સ્થાપવા |

<u>જિનપ્રાસાદ વિધાન</u> આપતા વિશ્વકર્માએ ૭૨, ૫૨ અથવા ૨૪ જિનાલય સહિત જિનમંદિરનો નિર્દેશ કર્યો છે. (૩૧૭)

મૂળ પ્રાસાદની ડાબી–જમણી બાજુ ૧૭–૧૭, આગળ ૦૮, પૃષ્ઠે ૦૯ અને મૂળ પ્રાસાદ સહિત ૫૨ જિનાલય જાણવા મૂળ પ્રાસાદની ડાબી–જમણી ૨૫–૨૫ (વેદકુલિકા)

પૃષ્ઠે ૧૧ અને આગળ ૧૦, મૂળ પ્રાસાદ સહિત ૭૨ જિનાલય થાય. આ દેવકુલિકામાં સ્થંભ અને કર્ણવેધ ત્યજવો, તેમજ પ્રાસાદ અને મંડપ ગર્ભે કરવાથી અનંત સુખ પ્રાપ્ત થાય છે.

પ્રાસાદમાં રથશાલાદિનો નિર્દેશ આ પ્રમાણે છે. (૩૧૮)

| ક્રમ | પ્રાસાદમાં દિશા | શાળાઓ |
|---|---|---|
| ૧ | પશ્ચિમે | રથશાલા |
| ૨ | દક્ષિણે | મઠ |
| ૩ | ઉત્તરે | સૂદશાળા (રસોયાની શાળા) |
| ૪ | વાયવ્યકોણ | કોષ્ઠાગાર (કોઠાર) |
| ૫ | અગ્નિકોણ | મહાનસ (પાકશાળા) |
| ૬ | ઈશાન કોણ | પુષ્પગૃહ |
| ૭ | નૈઋત્યકોણ | પાત્રશાલા (વાસણ શાળા) |
| ૮ | અગ્રે – | શસ્ત્રાગાર |
| ૯ | પશ્ચિમે | જલાશય |
| ૧૦ | ઉપર | વિદ્યા વાંચન મંડપ |

તેમજ પ્રાસાદની ઉત્તરે, દક્ષિણે, પૂર્વે અથવા પશ્ચિમે યતિઓના નિવાસ માટે બે કે ત્રણ ભૂમિવાળો, બે શાલાઓ, મધ્યેષટ્દારું , આગળ સુશોભિત પટ્ટશાળા, તેના અગ્રભાગે મતવારણ યુક્ત મઠ કરવો.

૧૦ હસ્તથી ઉપરાંતના પ્રાસાદ ભ્રમયુક્ત કરવાનો અને પ્રાસાદની પહોળાઈના ૮, ૯ અથવા ૧૦ માં ભાગે ભ્રમભીત્તિ કરવાનો નિર્દેશ કર્યો છે. (૩૧૯)

જે પ્રાસાદ ભ્રમયુક્ત કરવાનો કહ્યો છે તે ભ્રમયુક્ત કરવો તે નિર્દોષ અને ફળ સિદ્ધિ આપે છે. ભ્રમભીત્તિ પ્રમાણ આપતા વિશ્વકર્મા કહે છે કે –

ભ્રમવાળા પ્રાસાદની બે દિવાલની વચ્ચેમાં પ્રાસાદની પહોળાઈના૧૦ માં ભાગે ભ્રમણી કરવી, ભ્રમણીના મધ્યભાગેથી પસાર થતી રેખાઓ ક્રમે સીધી ઉપર લઈ જવી. પ્રાસાદના પ્રમાણથી ભ્રમભીત્તિ પાંચમાં ભાગે જાડી કરવી, ભ્રમણીનો મંડોવર દશ હસ્તથી ઉંચો નહી. ૨૦ થી ૫૦ ગજ સુધીના પ્રાસાદને ભદ્રની ઉંચાઈના પ્રમાણે ભ્રમણીની ઉંચાઈ કરવી.

તેમજ ભ્રમયુક્ત પ્રાસાદના મંડપ ભ્રમયુક્ત  કરવા અને મંડપનો ભ્રમ થાંભલા વડે કરવો.

ભ્રમયુક્ત પ્રાસાદ અને મંડપ કરવાથી સુખ પ્રાપ્તિ થાય છે. તેમજ ભ્રમયુક્ત પ્રાસાદો વિશાળ હોય તેમ શુભકારક છે. તેની ભ્રમણી પણ વિશાળ કરવી. તેમજ નિરંધર પ્રાસાદ ભ્રમ વગરનાં કરવા અને વેધ વાસ્તુ ત્યાગવું અને " શાસ્ત્ર પ્રમાણ વગર પ્રાસાદ, મંડપ તથા તલના નિર્માણનું વિપરીત ફળ પ્રાપ્ત થાય છે. " (૩૨૦) તેમજ વિશ્વકર્માએ પ્રાસાદ અથવા ગૃહમાં <u>દીપસ્થાન</u> અને <u>કોલિવિધાન</u> નો પણ નિર્દેશ કર્યો છે.

વિશ્વકર્માએ પ્રાસાદમાં ધારિણી <u>ખરશિલા</u> માન (૩૨૧) અને ભિટ્ટની નીચે કૂર્મશિલાની જાડાઈથી અર્ધમાનની ખરશિલાની જાડાઈનો નિર્દેશ કર્યો છે. ત્યાર પછી <u>ભિટ્ટ નિર્માણ માન</u> (૩૨૨) વર્ણવી તે સંદર્ભે ' *अपराजितपृच्छा* '   અને   ' *क्षीरार्णव* ' ના મતો પ્રદર્શિત કરી, ભિટ્ટ ઉપર પીઠ કરવાનો નિર્દેશ કર્યો છે.

ત્યાર પછી <u>પીઠ ઉદયમાનનું</u> વર્ણન કરતા પીઠ ઉદયમાન–૧, પીઠ ઉદયમાન–૨, અને પીઠ ઉદયમાન–૩ નો નિર્દેશ કર્યો છે. અને જે માનથી પીઠ બનાવ્યું હોય તેના ઉદયના ૫૩ ભાગ કરવા જે આ પ્રમાણે છે.

<u>પીઠના થરમાન   ૫૩ વિભાગ</u>

| થર | ભાગ |
| --- | --- |
| જાંડલો | ૦૯ |
| કર્ણિકા | ૦૭ |
| કપોતાલી ગ્રાસપટ્ટી | ૦૭ |
| ગજથર | ૧૨ |
| અશ્વથર | ૧૦ |
| નરથર | ૦૮ |
| કુલ... | ૫૩ ભાગ |

અશ્વથર ના બદલે દેવ પ્રાસાદમાં દેવના વાહનોને પણ થર કરી શકાય. [૩૨૩]

આ ઉપરાંત વિશ્વકર્માએ પોતાના ગ્રંથ ક્ષીરાર્ણવ નામના પોતાના ગ્રંથમાંથી પીઠમાન અને પીઠના નામોનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે.

તે પીઠનું એક, બે, ત્રણ ભિટ્ટ યુક્ત પ્રમાણ કહીને તેઓ દ્રાવિડાદિ અને વૈશરાદિ પ્રાસાદોને મંડોવરની ઊંચાઈના ૨૦ ભાગ કરી ૬ ભાગનો પીઠદોયનો નિર્દેશ કરે છે. તેમજ –

અનુક્રમે હસ્તમાન પ્રમાણે (૧) સુભદ્ર (૨) સર્વતોભદ્ર (૩) પદ્મક (૪) વસુંધર (૫) સિંહ (૬) વ્યોમ (૭) ગરુડ (૮) હંસ (૯) વૃષભ  આ નવ પીઠના નામો વર્ણવી પીઠથર નિર્ગમ અર્થાત્ પીઠથર વચ્ચે અંતરાલ માટે કર્ણિકાનો નિર્દેશ કરે છે.

તેમજ વિશ્વકર્મા પ્રસ્તુત વિષય સંદર્ભે સમસ્ત પ્રાસાદ ઉદયમાનનો નિર્દેશ કરે છે. તેમાં પ્રાસાદ ઉદયમાન–૧ [૩૨૪] , પ્રાસાદ ઉદયમાન –૨ [૩૨૫] , પ્રાસાદ ઉદયમાન –૩ [૩૨૬] અને પ્રાસાદ ઉદયમાન –૪ [૩૨૭]  આ ઉદયમાન પ્રમાણે દ્રાવિડાદિ પ્રાસાદનો ઉદય કરવો. તેમજ ઉદયમાનમાં બે–ત્રણ અંગુલ હિનાધિક થી દોષ થતો નથી.

ત્યાર પછી વિશ્વકર્મા <u>મંડોવર માનનો નિર્દેશ કરે છે</u>. પ્રાસાદની મૂલ નાસિકથી – કર્ણરેખાથી તેનું પ્રમાણ જાણવું, અને રથ, ઉપરથ, નંદી, ભદ્ર, ઉપભદ્ર તેમજ પીઠાદિના નિર્ગમો પ્રમાણથી બહાર સમજવો.

સમઉદય વિસ્તારવાળા પ્રાસાદને આ પ્રમાણે મંડોવર કરવો.

| પ્રાસાદ | મંડોવર |
|---|---|
| ૧ થી ૫ હસ્ત | ફક્ત મંડોવર |
| તેનાથી મોટુ માન | છજાના સ્થાને ૨ જંઘા |
| ૫૦ હસ્ત | ૧૦ જંઘા કરવી તેમજ ઉપર–નીચેની |

ભૂમિકાના અંતરમાં ૬ પ્રકારનાં ખેટ છાદ્ય, ભરણી થર , મંચિકા થર કરવો.

આ માન ૫૦ ગજ પહોળા તથા મહા મેરુ આદિ પ્રાસાદોનું છે. અને ત્યાર પછી ૧૪૪ મંડોવર અંગોનું વર્ણન આ પ્રમાણે પ્રસ્તુત છે.

૧૪૪ વિભાગ મંડોવર

| અંગ | મંડોવર ભાગ |
|---|---|
| ખરો | ૦૫ |
| કુંભો | ૨૦ |
| કલશ | ૦૮ |
| અંતરાલ | ૨ ાા |
| કપોતાલિકા | ૦૮ |
| મંચિકા | ૦૯ |
| જંઘા | ૩૫ |
| ઉદ્‌ગમ | ૧૫ |
| ભરણી | ૦૮ |
| શિરોપટ્ટી | ૧૦ |
| કપોતાલિકા | ૦૮ |
| અંતરાલ | ૨ ાા |
| છજુ / છાદ્ય | ૧૩ |
| નીકાળો | ૧૦ |

વિશ્વકર્માએ ૧૪૪ વિભાગોનું વિભક્તિ સ્તર પ્રમાણ સાથે વર્ણન કર્યુ છે.

ખરો (૩૨૮) , કુંભો (૩૨૯) , કળશ–અંતરાલ, (૩૩૦) કપોતાલિકા (૩૩૧) , મંચિકા (૩૩૨) , જંઘા (૩૩૩) , ઉદ્ગમ (૩૩૪) , ભરણી (૩૩૫) , શિરાપટ્ટી (૩૩૬) , કપોતાલિકા, અને અંતરાલ (૩૩૭) , છાદ્ય (૩૩૮) આદિ વિષયોનું વિષદ વર્ણન કરી <u>મેરુ મંડોવર માન</u> આપ્યું છે. (૩૩૯)

મેરુમંડોવર માન આપ્યા પછી <u>૧૦૮ વિભાગ મંડોવર</u>, <u>૨૭ વિભાગ મંડોવરમાન</u>, <u>૧૬૯ વિભાગ મંડોવર માન</u> તેમજ ચતુર્મુખ પ્રાસાદના <u>૫૭ વિભાગ મંડોવર</u> માનનો નિર્દેશ કર્યો છે. ૧૪૪ ભાગ મંડોવરનું ચિત્ર પ્રકરણ–૬ માં સામેલ છે.

ત્યારપછી વિશ્વકર્મા ગર્ભગૃહ પ્રમાણ વર્ણવે છે.

કુંભિ – કુંભો

સ્તંભો – ઉદ્ગમ બરાબર

ભરણી – ભરણી બરાબર

શીર્ષક – કપોતાલિકા બરાબર

કૂટ છાદ્ય – પટ્ટ સાથે

વિતાન – અર્ધ ભાગે તેમજ

ઉદુમ્બર – કુંભા બરાબર , ઉદુમ્બર–૦ ાા , ૩, ૪ ભાગે જાણવો.

ઉદુમ્બરથી – અર્ધી, ત્રણ અથવા ચાર ભાગે નીચી ગર્ભગૃહની ભૂમિ રાખવી. ગર્ભ મધ્યે ક્રમે સર્વદેવો સ્થિત કરવા. ગર્ભગૃહની મધ્યેથી પાછળની ભીતિ સુધી ૨૮ સંખ્યાથી ભાગ કરવા દરેક મંડલના પદે એક–એક દેવનો નિવાસ જાણવો. તે આ પ્રમાણે નિર્દિષ્ટ છે.

<u>૨૮ પદ માં દેવસ્થાન</u>

| | |
|---|---|
| ૨૮ | ૦ |
| ૨૭ | ભૂતો |
| ૨૬ | પિશાચ |
| ૨૫ | રાક્ષસ |

| | |
|---|---|
| ૨૪ | દૈત્ય |
| ૨૩ | દૈત્ય |
| ૨૨ | ઘોર |
| ૨૧ | ભૃગુ |
| ૨૦ | યક્ષરાજ |
| ૧૯ | ક્ષેત્રપાલ |
| ૧૮ | ભૈરવ |
| ૧૭ | ગણો |
| ૧૬ | માતૃકાઓ |
| ૧૫ | નવગ હો |
| ૧૪ | વિઘ્નેશ |
| ૧૩ | દુર્ગા |
| ૧૨ | સૂર્ય |
| ૧૧ | અગ્નિ |
| ૧૦ | વિશ્વદેવ |
| ૯ | જનાર્દન |
| ૮ | વાસુદેવ |
| ૭ | પિતામહ |
| ૬ | કાર્તિક સ્વામી |
| ૫ | રૂદ્રમૂર્તિ |
| ૪ | સાવિત્રી |
| ૩ | નકુલીશ |
| ૨ | હેમગર્ભ |
| ૧ | શિવ ૦ લિંગ |

આ ઉપરાંત દેવતા પદ સ્થાન વિશે – આચાર–દિનકર, સમરાંગણ સૂત્રધાર, અગ્નિપુરાણ વગેરે ગ્રંથોના મતો પણ અત્રે ઉદ્ધૃત કર્યા છે. અને અંતે પ્રાસાદ ભીત્તિ નિર્ણય નો નિર્દેશ કર્યો છે. તેમજ ગર્ભગૃહ ફળ અને યમચુલીદોષ સાથે પ્રાસાદ નિરુપણ પૂર્ણ કરે છે.

## ૪.૩.૨ <u>દ્વાર, મંડપ અને પ્રાસાદ મીમાંસા</u>

વિશ્વકર્માએ પ્રાસાદોત્પત્તિ અને પ્રાસાદ માટે આવશ્યક અને લાભકર સામગ્રીઓનું વર્ણન કર્યા પછી, મંડોવર આદિ પ્રાસાદ અંગોને વિશદ રીતે નિર્દેશીને હવે પ્રાસાદના મુખ્ય અંગ એવા દ્વાર ઉપર પ્રકાશ ફેંકયો છે. તો આગળ મંડપ નિર્દેશ અને પ્રાસાદ દોષો તેમજ તત્સબંધી પરિહારોના વિધાનો વર્ણિત છે. તેનું અહીંયા નિરુપણ કરીએ તો –

### ૪.૩.૨.૧ <u>દ્વાર મીમાંસા</u>

આગળના વિધાન મુજબ પ્રાસાદ એકથી વધારે દ્વાર યુક્ત કરી શકાય છે. તેમા <u>દ્વાર દિશા નિર્ણય</u> કરતા વિશ્વકર્મા કહે છે.

*एक द्वारं भवेत् पूर्वं द्वितीयश्चैव पश्चिमे ।*
*तृतीयं मध्यद्वारश्चदक्षिणायां विवर्जयेत् ॥* [(૩૪૦)]

આમ દક્ષિણદિક્ દ્વારનો નિષેધ કર્યો છે, પરંતુ શિવ, બ્રહ્મા અને જિનેશ્વરને ચારે દિશાઓમાં ચાર દ્વાર કરવા તેમજ હોમશાળા તેમજ કોઈક પ્રસંગે રાજપ્રાસાદ અને મહેલને ચાર દ્વાર યૂકત કરવા ત્યાર પછી વિશ્વકર્માએ <u>દ્વારમાન</u> નો નિર્દેશ કર્યો છે. તેમા નાગર પ્રાસાદ દ્વાર માન માટે, અપરાજિતપૃચ્છ, શિલ્પ રત્નાકર, ક્ષીરાર્ણવ વગેરે ગ્રંથોમાંથી મત ઉદ્ધૃત કર્યા છે.[(૩૪૧)] તો ભૂમિજ આદિ પ્રાસાદ દ્વાર માન આ પ્રમાણે આપ્યું છે.

## <u>ભૂમિજ પ્રાસાદ દ્વારમાન</u>

| પ્રાસાદ(હસ્ત) | દ્વાર(અંગુલ) |
|---|---|
| ૧ | ૧૨ |
| ૨ થી ૫ | ૧૨–૧૨ અંગુલ વૃદ્ધિ |
| ૬ થી ૭ | ૫–૫ અંગુલ વૃદ્ધિ |
| ૮ થી ૯ | ૪–૪ અંગુલ વૃદ્ધિ |
| ૧૦ થી ૫૦ | ૨–૨ અંગુલ વૃદ્ધિ |

દ્વારની ઊંચાઈ નો $\frac{૧}{૨}$ ભાગે પહોળાઈ કરવી, ઊંચાઈનો ૧૬ ભાગ પહોળાઈમાં વૃદ્ધિ  કરે તો શુભકારક છે.

## <u>દ્રાવિડ પ્રાસાદ દ્વારમાન</u>

| પ્રાસાદ(હસ્ત) | દ્વાર(અંગુલ) |
|---|---|
| ૧ | ૧૦ |
| ૨ થી ૬ | ૧૦–૧૦ અંગુલ વૃદ્ધિ કરવી |
| ૭ થી ૧૦ | ૫–૫ અંગુલ વૃદ્ધિ કરવી |
| ૧૧ થી ૫૦ | ૨–૨ અંગુલ વૃદ્ધિ કરવી |

તેમજ ઉદયથી નો $\frac{૧}{૨}$ વિસ્તાર તેમા ૧૬ અંશે વૃદ્ધિ શુભદ્વાર છે.

## <u>અન્યજાતિના પ્રાસાદોના દ્વારમાન</u>

| <u>ક્રમ</u> | <u>પ્રાસાદ</u> | <u>દ્વારમાન</u> |
|---|---|---|
| ૧ | વિમાન, વૈરાટ | ભૂમિજ દ્વારમાન કરવું |
| ૨ | મિશ્રક, લતિનાદિ | નાગરાદિ પ્રમાણે દ્વારમાન કરવું |
| ૩ | ૧૦ હસ્તાદિ સાંધારાદિ,વિમાન, નાગર,વિમાન,પુષ્પક,સિંહાવલોકન | નાગર પ્રાસાદ દ્વારમાન કરવું |
| ૪ | વલ્લભી પ્રાસાદ | ભૂમિજ પ્રાસાદ દ્વારમાન કરવું |
| ૫ | ફાંસાલાદિ તથા સુવર્ણાદિ ધાતુ અને મણિ,માણેકાદિરત્ન પ્રાસાદોને તથા દારુજાદિ તેમજ રથારુહાદિને | દ્રાવિડ પ્રાસાદ દ્વારમાન કરવું |

આ ઉપરાંત – *ज्येष्ठ मध्यं कनिष्ठं च प्रत्येकं त्रिविध तथा ।* (૩૪૨) કહીને <u>દ્વારશાખ નિર્ણયનો</u> નિર્દેશ કર્યો છે. જે આ પ્રમાણે છે.

| <u>ક્રમ</u> | <u>શાખા</u> | <u>સંજ્ઞા</u> | <u>પ્રકાર</u> |
|---|---|---|---|
| ૧ | નવશાખ | પદ્મની | ઉત્તમ |
| ૨ | સપ્તશાખ | હસ્તિની | ઉત્તમ |
| ૩ | પંચશાખ | નન્દિની | ઉત્તમ |
| ૧ | અષ્ટશાખ | મુકુલી | મધ્યમા |
| ૨ | છ શાખ | માલિની | મધ્યમા |
| ૩ | ચાર શાખ | ગાંધારી | મધ્યમા |
| ૪ | ત્રણ શાખ | શુભંગા | મધ્યમા |
| ૧ | બે શાખ | સુપ્રભા | કનિષ્ઠા |
| ૨ | એક શાખ | કીર્તિ | કનિષ્ઠા |

તેમજ <u>દ્વારશાખે આયાદિનિર્ણય</u> પણ આપ્યો છે. જેમકે –

| <u>શાખ</u> | <u>આય</u> |
|---|---|
| દ્વિશાખે | ધૂમ્રાય |
| ત્રિશાખે | સિંહાય |
| ચતુઃ શાખે | શ્વાનાય |
| પંચશાખે | વૃષાય |
| ષટ્શાખે | ખરાય |
| સપ્તશાખે | ગજાય |
| અષ્ટશાખે | ધ્વાંક્ષાય |
| નવશાખે | ધ્વજાય |

દ્વારશાખ નિર્ણય આપતા કયાં કેટલી શાખાવાળું દ્વાર કરવું તે પણ આ પ્રમાણે કહ્યું છે.

| <u>ક્રમ</u> | <u>પ્રાસાદ</u> | <u>શાખ</u> |
|---|---|---|
| ૧ | મહેશના દેવાલયે | નવ શાખ |
| ૨ | બીજા સમસ્ત દેવોને | સપ્ત શાખ |
| ૩ | સમ્રાટો ના પ્રાસદમાં | પંચ શાખ |
| ૪ | માંડલિક રાજાઓના | ત્રિ શાખ |
| ૫ | બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્રના ગૃહો | એક શાખ |

બે ,ચાર , છ , અને આઠ શાખ ધૂમ્ર , શ્વાન , ખર અને ધ્વાંક્ષ ઉપર આજીવિકા કરનારના ગૃહોમાં કરવી.

આ રીતે જાતિને અનુરૂપ પ્રાસાદો અને પ્રાસાદીને અનુરૂપ સમસૂત્રે દ્વારો અને તલ છંદ–અનુસાર દ્વારશાખના વિભાગ કરવા, ત્યાર પછી <u>શાખમાન નિર્ણય</u> આપતા વિશ્વકર્મા કહે છે.

૧ અંગુલ, ૧ $\frac{૧}{૨}$ અંગુલ, $\frac{૧}{૨}$ અંગુલમાં આયાદિ મેળવવા, દ્વારની ઊંચાઈ ના માને શાખાઓની પહોળાઈ કરવી. જેમકે – છઠ્ઠાભાગે – ત્રિશાખ, પાંચમાં ભાગે પંચશાખ, ચોથા ભાગે સપ્તશાખ, ત્રીજા ભાગે નવશાખ કરવી. આ માન શુભ જાણવું.

દ્વારશાખ વિભક્તિ નિર્ણય આપતા સૌ પ્રથમ વિશ્વકર્મા ત્રિશાખ ભક્ષણ આપે છે. જેમકે –

દ્વારશાખના ચાર ભાગ કરી ત્રિશાખ કરવી, મધ્યમાં પુરુષસંજ્ઞક સ્થંભ બે ભાગનો કરવો. સ્ત્રીસંજ્ઞક શાખ બંને બાજુ કરવી, રૂપ સ્થભનો નિકાળો એક ભાગનો કરવો, દ્વારપાળ વાળો ઠેકીને ભાગ પ્રવેશથી ચોંથા અંશે બહાર રાખવો. શાખા અને રુપસ્તંભ મધ્યે બંને બાજુ શોભા માટે કર્ણિકા કરવી.

શાખાની ઊંચાઈના ચોથા ભાગે દ્વારપાલો કરવા ડાબી શાખે જમુના અને જમણી શાખે ગંગાદેવી કરવા બંને શાખોમાં ગંગા–યમુનાનું જોડુ ડાબી–જમણીએ કરવું. ગંધર્વશાખા ૧ ભાગ નિકાળે કરવી. તે જ સત્રમાં ખલ્વશાખા, સિંહશાખા એક–એક ભાગે કરવી, ડાબી શાખામાં નંદી નામના ગણની મૂર્તિ કરવી અને દક્ષિણમાં મહાકાલની મૂર્તિ કરવી, અંતની શાખામાં નિધિ કુંભો યુક્ત સુશોભિત યક્ષ કરવા.

વિશ્વકર્માએ આ જ રીતે પંચશાખ લક્ષણ,[૩૪૩] સપ્તશાખ લક્ષણ, [૩૪૪] નવશાખ લક્ષણ [૩૪૫] આપીને પછી શંખુદ્વાર, ઉદુમ્બર, ગર્ભગૃહ અને મંડપ તલમાન આદિ વિષયોનું નિરુપણ કર્યુ છે.

ખુરકના ઉપર અર્ધચંદ્ર કરવો, તેના ઉપર ઉદુમ્બર, ઉદુમ્બરના અર્ધ ત્રિભાગે અથવા ચતુઃભાગે ગર્ભગૃહભૂમિ કરવી. સર્વ મંડપની ભૂમિપીઠ બરાબર કરવી, રંગમંડપની ભૂમિ પીઠના અંતે કરવી, ઉદુમ્બર કુંભાની બરાબર ઊંચો કરવો અથવા અર્ધભાગે અથવા ત્રિભાગે અને ચોથે ભાગે હિન કરવો.

ત્યાર પછી ઉદુમ્બર માન અને ઉત્તરંગમાન[૩૪૬] નો નિર્દેશ કર્યો છે.

પ્રાસાદની રેખાના એક સૂત્રમાં કુંભાની બરાબર ઉદુમ્બર રાખવો. ઉદુમ્બર, શિલ્પીની પૂજા કરી પંચરત્ન મૂકી સ્થાપના કરવી. દ્વારની પહોળાઈના ત્રીજા ભાગે મંદારિકા કરવો, તે અર્ધા ચંદ્રાકારે ગોળ અને કમળપત્ર સંયુક્ત કરવો.

તેની નીચે જાડંબો અને મંદારિકાની બન્ને બાજુ કોણિકા તથા ગ્રાસના મુખ કરવા ઉદુમ્બરની બંને બાજુ જે જાતની શાખાઓ હોય તે પ્રમાણે તલરૂપ કરવા અને ઉદુમ્બરની ઊંચાઈ કુંભા બરાબર કરવી. તેનાથી અર્ધી, ત્રીજાભાગે, ચોથાભાગે નીચો કરવો. આ ચારમાન ઉત્તમોત્તમ છે. તેનાથી અધિક ન્યૂનદોષ કરતા છે. સાન્ધાર અને નિરન્ધાર પ્રાસાદને કુંભીથી ઉદુમ્બર માપવો..

ઉદુમ્બર અને ઉત્તરંગ માનનો નિર્દેશ કર્યા પછી <u>દેવતા દિક્મુખાધિકાર</u> નો વિષય વર્ણવ્યો છે અને વિશ્વકર્મા કહે છે કે –

*યન્મુખં યસ્ય દેવસ્ય તદ્ દિગ્મુખં ચ શસ્ય તે ।*

*નોત્તરાભિમુખા દેવા દેવા દક્ષિણ દિગ્મુખા ।।* (૩૪૭)

ત્યાર પછી વિશ્વકર્મા દેવતા – દિક્મુખ આ પ્રમાણે વર્ણવે છે.

| <u>ક્રમ</u> | <u>દેવતા</u> | <u>દિક્મુખ</u> |
|---|---|---|
| ૧ | સૂર્ય | પૂર્વદિશા |
| ૨ | શિવ,જિન,બ્રહ્મા,બાણલિંગ,રાજલિંગ, મુખલિંગ | ચારદ્વાર, ચર્તુઃમુખ |
| ૩ | દ્વિજરાજ, રૈવત | પશ્ચિમ |
| ૪ | બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય,ઈન્દ્ર, કાર્તિક સ્વામી, અગ્નિદેવ | પૂર્વ અને પશ્ચિમ |
| ૫ | ગણેશ, નાગેશ, ક્ષેત્રપાલ, ભૈરવ, ગંધર્વ, ગ્રહ, માતૃગણ, નકુલીશ, ચંડીશ | દક્ષિણ |
| ૬ | હનુમાનજી | નૈઋત્ય |
| ૭ | અગિયાર રુદ્રો | નૈઋત્ય |
| ૮ | ભૈરવ, ક્ષેત્રપાલ, વૈતાલ, અઘોર, પિતૃદેવ, ચંડી, યમ, નાગદેવ તેમજ કુબેર, દૈત્ય, રાક્ષસ, ભૂતપ્રેત, પિશાચ, ક્ષુદ્ર જાતિના દેવ–દેવીઓને | દક્ષિણ |

અંતે *અન્યત્ર કુરુતે યસ્તુ પૂજા હાનિર્ન સંશય ।।* કહીને વિરુદ્ધ દિશાભિમુખથી થતા દોષનું વર્ણન કર્યુ છે. અને ગૃહ ઉપર અર્ધ ભૂરંગિકાને પ્રશસ્ત અને શુભફલદા કહી છે અને પછી પ્રતિહારનું વર્ણન કર્યુ છે.

વિશ્વકર્માએ દેવપ્રાસાદોના વિષદ્ વિવરણ સાથે, દ્વાર નિર્દેશ અને દ્વારની મીમાંસા સાથે દ્વારના મુખ્ય અંગ સમા પ્રતિહારનો જુદા–જુદા દેવ–દેવીઓના સંદર્ભમા વિશદ્ રીતે નિર્દેશ કર્યો છે.

વિશ્વકર્માએ દેવતા, દિશા, પ્રતિહાર સંજ્ઞા અને તેના અલંકારાદિનું વર્ણન કર્યુ છે. જેમકે –

<u>શિવપ્રતિહાર</u>

| <u>દેવતા</u> | <u>દિશા</u> | <u>સંજ્ઞા</u> | <u>અલંકાર</u> |
|---|---|---|---|
| ૧) શિવ | પૂર્વ – વામ<br>જમણી | નંદી<br>મહાકાલ | બીજોરુ, સર્પ, ડમરુ, મુકુટ<br>ખટવાંગ, કપાલ, ડમરુ |
| " | દક્ષિણ – વામ<br>જમણી | હેરમ્બ<br>ભૃંગી | તર્જની, ત્રિશૂલ, ડમરુ<br>ગદા, ડમરુ, ખટવાંગ, તર્જની |
| " | પશ્ચિમ – વામ<br>જમણી | દુર્મખ<br>પાંડુર | ત્રિશુલ, ડમરુ, ખટવાંગ<br>ખડવાંગ, કપાલ, ડમરુ |
| " | ઉત્તર – વામ<br>જમણી | સિત<br>અસિત | માતુલિંગ, કમલ, ખટવાંગ આદિ<br>પદમદંડ, ખડવાંગ, કમલાદિ |

આજરીતે આગળ દેવપ્રાસાદ દિક્ પ્રતિમુખમાં બતાવ્યા પ્રમાણે જે દેવનો પ્રાસાદ જેટલા દ્વાર યુકત હોય ત્યા પ્રતિહારનો નિર્દેશ કર્યો છે. જેમકે – વિષ્ણુ પ્રતિહારો, બ્રહ્મપ્રતિહારો, ભાસ્કરના આઠ પ્રતિહારો, ગણેશ પ્રતિહારો, ચંડિકા પ્રતિહારો અને જિનેન્દ્રના પ્રતિહારોનો અનુક્રમે નિર્દેશ કર્યો છે અને પૂર્વાદિ ક્રમથી મુખદિશા સહિત દ્વાર પાલિકા કરવાનો નિર્દેશ કર્યો છે.

ત્યાર પછી દ્વાર દૃષ્ટિ નિર્ણય આપ્યો છે[૩૪૮]. જે આ પ્રમાણે છે.

દ્વારની ઊંચાઈના માનના ૮ ભાગ કરી, તે ૮ ભાગના ફરીથી ૧–૧ ભાગના ૮–૮ ભાગ કરવા આથી ઉદુમ્બરથી શરૂ કરી શાખા સુધી ૬૪ ભાગ થશે. તેમા (વિષમ) એકી સ્થાનોમાં દેવોની દ્દષ્ટિ યોજવી અને બેકી ભાગો વિલોમ અર્થાત દ્દષ્ટિહિન જાણવા.

આમ વિષય સ્થાનમાં દ્દષ્ટિ શુભ છે અને વિલોમ સ્થાનમાં રહેલ દ્દષ્ટિ અશુભની ઉત્પત્તિ કરે છે. તેમજ ઉદુમ્બરથી ઉત્તરંગ સુધી જે પ્રમાણે દેવોના સ્થાન અપરાજિત પૃચ્છામાં વર્ણવ્યા છે. તે અહીં 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ઉદ્ધૃત કર્યા છે. અને વિશ્વકર્મા એ કહ્યું છે કે –

*આદિઃ સૃષ્ટિશ્ચ તત્ત્વં ચ અધિષ્ઠં ચાયુર્લક્ષ્યકમ્ ।*

*વિજ્ઞા પ્રજ્ઞા શાન્તિઃ શિવોક્તાનિ તત્ત્વાનિ વૈ નવ ।।* (૩૪૯)

આદિ, સૃષ્ટિ, તત્ત્વ, અધિષ્ઠ, આયુ, લક્ષ, વિજ્ઞ, પ્રાજ્ઞ અને શાંતિ આ નવ તત્ત્વમાં શિવનું સ્થાન જાણવું.

તેમજ <u>દેવતા દ્દષ્ટિસ્થાન</u> નો નિર્દેશ દીપાર્ણવ, ક્ષીરાર્ણવ, પ્રાસાદમંડન આદિ ગ્રંથો પ્રમાણે કર્યો છે. અને <u>વત્સક્રનો</u> નિર્દેશ કરી <u>વત્સદિશા</u> અને <u>દ્વારચક્રને</u> પ્રસ્તુત કરીને દ્વાર સ્થાન વિધિ અને યોગ આ પ્રમાણે આપે છે.

જેમાં વાસ્તુમુક્તાવલિ અને વાસ્તુરત્નાકરના મતો ઉદ્ધૃત કર્યા છે. જેમકે –

<u>**દ્વારયોગ**</u>

| | વાસ્તુમુક્તાવલી | વાસ્તુરત્નાકર |
|---|---|---|
| નક્ષત્ર | રેવતી,અનુરાધા,પુષ્ય,જયેષ્ઠા, હસ્ત, અશ્વિની, ચિત્રા,સ્વાતિ, પુનર્વસુ | સ્વાતિ,પુનર્વસુ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, રોહિણી, ત્રણ ઉત્તરા |
| વાર | ગુરુ, સોમ, શુક્ર, રવિ, બુધ | બુધ, શુક્ર |
| તિથિ | નંદા , જયા, પૂર્ણા | ૧–૨–૩–૫–૭–૧૦–૧૧–૧૩–૧૫ |
| ફળ | શુભ | શુભ |

## <u>દ્વારવિધિ</u>

યજમાને સપત્ની સ્નાન કરી , નૂતન વસ્ત્રો પહેરી, પૂર્વ સન્મુખ થઈ, દીપ પ્રગટાવી, પવિત્રી ધારણ કરી, આચમન કરી, દાર્ભ લઈ, પાણીથી માર્જર કરવું ત્યાર બાદ– *अपवित्रो पवित्रोवा सर्वास्थांगतोपिवा* – એ મંત્રથી માર્જન કરવું અને વિષ્ણુ ધ્યાન તેમજ શાંતિ પાઠ સાથે દ્વારસ્થાપન કરવું.

ત્યાર પછી વિશ્વકર્મા <u>પ્રતિમા પ્રમાણનો</u> નિર્દેશ કરે છે. (૩૫૦)

જેમકે – (૧) પ્રાસાદ રેખામાન

(૨) ગર્ભમાન

(૩) દ્વારમાન

(૪) હસ્તાંગુલમાન

તેમા પ્રાસાદ રેખા માને ઉત્પન્ન થયેલા પ્રતિમાના ત્રણ પ્રકારના માન છે. ઉત્તમ, મધ્ય, કનિષ્ઠ, તેમજ ગર્ભમાને પણ ત્રણ પ્રકાર છે.

વિશેષતઃ દ્વારમાને મૂર્તિ કરવી શુભ ગણાવી છે. અને જિન પ્રતિમાંમાન પણ આપ્યું છે. અને <u>શિવલિંગ</u> વિધાન કર્યુ છે.

જળાધારીમાં લિંગ ઉભુ કરવું, પહોળા પ્રમાણે પીઠિકા અને પીઠિકા પ્રમાણે પ્રનાલ કરવી. તેના $\frac{૧}{૨}$ ભાગે પ્રનાલનું મુખ અને મુખના $\frac{૧}{૩}$ ભાગે પાણીતારનો વિસ્તાર અને પ્રનાલના $\frac{૧}{૩}$ ભાગે મેખલા, મેખલાના ૧/૩ ભાગે પાણીજવાની પ્રનાલ તથા પીઠિકા ઊંચી વિષ્ણુભાગ સુધી કરવી –

*उच्छ्र्येऽष्टा दशान्भागान् कृत्वा शास्त्र विचक्षणः ।* (૩૫૧)

અર્થાત્ – જલધારીની ઊંચાઈના ૧૮ ભાગ કરી તેના સ્વરૂપ વિભાગ કરવા.

અને *उमातु पीठिका ज्ञेया लिङ्गं, शंकर उच्यते ।।*

કહીને લિંગના પ્રમાણમાં પીઠિકાનો વિસ્તાર કરવાનો નિર્દેશ કર્યો છે. અને પીઠિકા સ્વરૂપ લક્ષણ આપ્યુ છે.

## પીઠિકા

| ક્રમ | સંજ્ઞા | સ્વરૂપ | ફળ |
|---|---|---|---|
| ૧ | સ્થંડિલા | ચોરસ ૧ મેખાલા યુક્ત | ધન્ય–ધાન્ય પ્રાપ્તિ |
| ૨ | વાપી | ૨ મેખલા યક્ત | ગાય,ભેંસની પ્રાપ્તિ |
| ૩ | યક્ષી | ૩ મેખલા યુક્ત | સર્વ સંપત્તિની પ્રાપ્તિ |
| ૪ | વેદી | ૪ મેખલા યુક્ત | લિંગ કાર્ય માટે ત્યાગ |
| ૫ | મંડલા | ગોળ મેખલા યુક્ત | કીર્તિદાયક |
| ૬ | પૂર્ણચંદ્રા | સરખો આકાર મધ્યે ૨ મેખલા શિવને વિશેષ પ્રિય | શાંતિદાયક |
| ૭ | વજ્રિ | ષટ્કોણ ત્રણ મેખલા યુક્ત | શત્રુનાશક |
| ૮ | પદ્મા | ૧૬ કોણ યુક્ત | સૌભાગ્ય દેવાવાળી |
| ૯ | અર્ધચંદ્રા | અર્ધચંદ્રાકાર | પુત્ર દેવાવાળી |
| ૧૦ | ત્રિકોણા | ઉપર નાની અને શક્તિ જેવા આકારની | શત્રુનાશક |

પીઠિકા વર્ણન પછી – ૧ લિંગની પરિઘ, ૨ – જલાધારીની પહોળાઈ, ૩– જલાધારીની ઊંચાઈ, ૪– લિંગની પ્રનાલ, ૫– લિંગના મસ્તક અને જલાધારી સુધીનું માપ એ પાંચ સૂત્રો આપી સૂત્રો મુજબ લિંગાદિના નિર્માણનો અને શુભાશુભનો નિર્દેશ કર્યો છે.

### ૪.૩.૨.૨ મંડપ વિધાન :

વિશ્વકર્મા ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના ઉત્તરાર્ધમાં અધ્યાય પાંચમાં પ્રાસાદોને કરવાના મંડપોના લક્ષણો કહે છે અને

*प्रासादस्य प्रमाणेन मण्डपं कारयेद् बुधैः ।* [૩૫૨] કહીને મંડપના સાત પ્રમાણ સૂત્ર આપ્યા છે.

(૧) પ્રાસાદ પ્રમાણે (૨) સવાયો (૩) દોઢો (૪) પોણા બે ગણો

(૫) બમણો (૬) સવા બે ગણો (૭) અઢી ગણો

તેમજ *ચતુષ્કં વાऽपि चाष्टांश शुकस्तम्भानुसारतः ।*

*वितानं वै संवरणा चोर्ध्वमानेन मण्डपे ।* (૩૫૩)

અર્થાત્ – શુભસ્તંભના માને મંડપની અષ્ટાંશ મુજબ રચના કરવી. મંડપની ઉપર વિતાન અને સંવરણા કરવી અને મંડની બન્ને બાજુ અલિંદ કરવાથી બમણા અને તેથી મોટા મંડપની કલ્પના થાય. મંડપ ભીતિ અને મંડપ માન મુજબ મંડપ ને ૧ અથવા ૩ દ્વાર કરવા. પ્રાસાદના દ્વાર મુજબ મંડપના દ્વારનો વિસ્તાર કરવો. ગર્ભગૃહનાં મૂળમંડપના સૂત્રે મંડપના સ્તંભો કરવા.

પ્રાસાદની મૂળ રેખાના એક સૂત્રમાં જોડી સલિલ તેમજ ચોકી કરવી. તેનાથી નીકળતો મંડપ, પ્રાસાદ ઉપર શિખર અને ગૂઢ અથવા વિલોકાસ્ય મંડપ ૧ અથવા ૩ દ્વારવાળો કરવો. આ પ્રમાણે – *प्रासादाग्रे प्रकर्तव्याः सर्वदेवस्य मण्डपाः ।* (૩૫૪)

જિન દેવાલયોમાં – દેવાલય – ગૂઢ મંડપો – ચોકીઓ – રંગમંડપો – બલાકણો કરવા તેમજ – *सर्वषां तु बलाकणम्* કહીને સર્વ દેવોને બલાકણ કરવાનો નિર્દેશ કર્યો છે. અને મંડપના પદવિભાગનો નિર્દેશ કર્યો છે.(૩૫૫) તેમજ મંડપને *सोपाना तोरणादिभिः ।* થી સુશોભિત કરવા કહ્યું છે.

– મંડપ પ્રકારો – સ્વરૂપ

શુભદ્રાદિ દ્વાદશ પ્રકારો વિશ્વકર્મા આ પ્રમાણે આપે છે. (૩૫૬)

| ક્રમ | સંજ્ઞા | સ્વરૂપ |
|---|---|---|
| ૧ | સુભદ્ર | દ્વાર આગળ ખુલ્લી ચોકી |
| ૨ | કિરીટી | સુભદ્રની બંને બાજુ ચોકી |
| ૩ | દંદુભિ | આગળ એક ચોકી કરવાથી |
| ૪ | પ્રાન્ત | બાજુમાં બે ચોકી કરવાથી |
| ૫ | મનોહર | આગળ એક ચોકી કરવાથી |
| ૬ | શાંત | બાજુમાં બે ચોકી કરવાથી |
| ૭ | નંદાખ્યા | આગળ એક ચોકી કરવાથી |

| | | |
|---|---|---|
| ૮ | સુદર્શન | બન્ને બાજુ ગર્ભે ચોકી કરવાથી |
| ૯ | રમ્યક | આગળ બે પડખે ચોકી કરવાથી |
| ૧૦ | સુનાભ | આગળ ચોકી વધારવાથી |
| ૧૧ | સિંહ | બંને બાજુ અલિંદાયક વધારતા |
| ૧૨ | સૂર્યાત્મક | આગળ ખૂણે ચોકી કરવાથી |

## વર્ધમાનાદિ આઠ ગૂઢ મંડપો

| ક્રમ | સંજ્ઞા | સ્વરૂપ |
|---|---|---|
| ૧ | વર્ધમાન | ચોરસ |
| ૨ | સ્વસ્તિક | ભદ્રયુક્ત |
| ૩ | ગરુડ | પ્રતિરથ યુક્ત |
| ૪ | સુરનંદન | ભદ્ર સાથે પ્રતિભદ્રયુક્ત |
| ૫ | સર્વતો ભદ્ર | કર્ણ પાસે નંદી વાળો |
| ૬ | કૈલાસ | ભદ્ર પાસે ખુણીવાળો |
| ૭ | ઈન્દ્રનીલ | પ્રતિરથ પાસે નંદીવાળો |
| ૮ | રત્નસંભવ | ત્રણ ખુણી યુક્ત |

આ મંડપોને પ્રાસાદ જેવુ પીઠ અને મંડોવર કરવા, મેખલા તેમજ એક અથવા ત્રણ દ્વાર અને ત્રિચોકી કરવી.

આ ઉપરાંત વિશ્વકર્માએ દેવવાસ્તુના વિવરણમાં પુષ્પકાદિ ૨૭ મંડપો પણ નિર્દ્દિષ્ટ કર્યા છે. જે આ પ્રમાણે છે.

## <u>પુષ્પકાદિ ૨૭ મંડપો</u>

| | | |
|---|---|---|
| (૧) પુષ્પક | (૧૦) વિજય | (૧૯) વિમાન |
| (૨) પુષ્પભદ્ર | (૧૧) વાસ્તુકીર્ણ | (૨૦) ભદ્રક |
| (૩) સુપ્રભ | (૧૨) શ્રીધર | (૨૧) સુગ્રીવ |
| (૪) મૃગનંદન | (૧૩) યજ્ઞભદ્રક | (૨૨) હર્ષણ |
| (૫) કૌશલ્ય | (૧૪) વિશાલાક્ષ | (૨૩) કર્ણિકાર |
| (૬) બુદ્ધિસંકીર્ણ | (૧૫) સુશ્રેષ્ઠ | (૨૪) પદાધિક |
| (૭) ગજભદ્ર | (૧૬) શત્રુમર્દન | (૨૫) સિંહ |
| (૮) જયાવહ | (૧૭) ભુજય | (૨૬) સિંહભદ્ર |
| (૯) શ્રીવત્સ | (૧૮) નન્દન | (૨૭) સમસૂત્ર |

વિશ્વકર્મા મેરુ આદિ ૨૫ પ્રકારોના મંડપો વિશે કહે છે કે – મેરું આદિ મંડપો પ્રાસાદ આગળ અને બલાકણ ઉપર કરવા તે રાજપ્રાસાદ આગળ, પ્રતોલ્યા આગળ, વાવના મુખ અગ્રે, દેવમંદિરે, જગતી આગળ કે જગતીના દ્વાર આગળ વગેરે સ્થળો એ મેરુ આદિ મંડપોની રચના કરવી, મેરુ વગેરે ૨૫ પ્રકારના મંડપો આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (૧) મેરુ | (૧૦) પદ્મરાગ | (૧૯) મહાકાન્ત |
| (૨) મન્દાર | (૧૧) મહાપદ્મ | (૨૦) પુરુષાન્ત |
| (૩) કૈલાસ | (૧૨) કીતિપતાક | (૨૧) પ્રતાપ |
| (૪) હિમવાન | (૧૩) પૂર્ણાખ્ય | (૨૨) વર્દ્ધન |
| (૫) ગંધમાદન | (૧૪) શતશૃંગ | (૨૩) લક્ષ્મીવિલાસ |
| (૬) હેમકૂટ | (૧૫) સુરપ્રિય | (૨૪) વિજ્ઞેય |
| (૭) રત્નકૂટ | (૧૬) શાંતિદેહ | (૨૫) ત્રૈલોકયવિજય |
| (૮) શ્વેતશૃંગ | (૧૭) પુણ્યાત્મા | |
| (૯) ઈન્દ્રનીલ | (૧૮) ભૂર્ભુવસ્વ | |

લતિનાદિ પ્રાસાદના અગ્રભાગે કરતા પ્રાગ્રીવાદિ ૧૬ પ્રકારના મંડપો

| | |
|---|---|
| (૧) પ્રાગ્રીવ | (૯) સવરાખ્ય |
| (૨) ચતુષ્ક | (૧૦) પૃથ્વીઘર |
| (૩) સન્મુખ | (૧૧) પુણ્યભદ્ર |
| (૪) સ્ત્રીજગ | (૧૨) જયન્તક |
| (૫) શ્રીઘર | (૧૩) શંકુપર્ણ |
| (૬) પુષ્પક | (૧૪) ગોવિંદ |
| (૭) શ્રીપદ | (૧૫) મહાભોગી |
| (૮) શ્રીયાનંદ | (૧૬) દિવૌકસ |

શિવનાદાદિ ષટ્ મહામંડપો :

| | |
|---|---|
| (૧) શિવનાદ | (૪) રવિનાદ |
| (૨) હરિનાદ | (૫) સિંહનાદ |
| (૩) બ્રહ્મનાદ | (૬) મેઘનાદ |

પ્રસ્તુત મંડપોના સ્વરૂપ લક્ષણો પણ નિર્દિષ્ટ છે. અને મંડપના સ્તંભ, સ્તંભ લક્ષણ, સ્વરૂપ, અલંકૃત, પ્રકારો આદિનો નિર્દેશ કર્યો છે.

સ્થંભના પાંચ પ્રકારો :

| | |
|---|---|
| (૧) રુચક | (૪) અષ્ટાંશ |
| (૨) ભદ્રક | (૫) સ્વસ્તિક |
| (૩) વર્ધમાન | |

આ સ્તંભો અષ્ટકોણ, ગોળાકાર, ભદ્રયુક્ત, મૂર્તિઓ, પલ્લવો, વેલો વગેરેથી અલંકૃત અને કોતરકામ યુક્ત કરવા. તેમજ

વિતરણ પ્રાસાદો મંડપવિધાન ચતુર્મુખ પ્રાસાદે મંડપ વિધાન, વિતરાગ પ્રાસાદે ચતુર્દિક્ષુ પ્રાસાદવિધાન   આદિનો વિસ્તારથી નિર્દેશ કર્યો છે.

– *सम्प्रवक्ष्यामि बलाकण सुलक्षणम् ।* (૩૫૭) કહીને બલાકણ લક્ષણ કહ્યું છે.

તેમજ – *द्वारोर्ध्वे च त्रिभागेन द्वारं जालगवाक्षके ।*

*दैर्घ्ये हीनं प्रकर्तव्यं समसूत्रश्च मूर्धनि ॥* (૩૫૮)

પ્રસ્તુત શ્લોકમાં દ્વાર , જાળી અને ગોખના ઉપરના વાઢ સમસૂત્રે   કરવાનો નિર્દેશ

કર્યો છે.

ફરીથી વિશ્વકર્મા વિશેષ મંડપોના ૨૫ પ્રકારો બતાવ્યા છે તે આ પ્રમાણે છે.

– (૧) મન્દર (૨) મલય (૩) વિશાલ (૪)   શ્રીધર (૫) વિજય

આ પાંચ મંડપો સુરાલયે કરવા.

– (૧) મહેન્દ્ર (૨) વિજય (૩) હેમકૂટ (૪) સુનન્દન (૫) વિમલ

આ પાંચ મંડપો યજ્ઞાર્થે કરવા.

– (૧) સમર્થો (૨) ભૂધરો (૩) દક્ષો (૪) દેવાક્ષ (૫) ક્ષિતિભૂષણ

આ પાંચ સભામંડપ બધા કાર્યોમાં ફલદા છે.

– (૧) વૈષ્ણવો (૨) નન્દન (૩) ચક્ર (૪) નન્દ (૫) પદ્મ

આ પાંચ રાજાના ભૂષણાર્થે છે.

– (૧) પુષ્પક (૨) સૂર્યગર્ભ (૩) ચંદ્રભાગ (૪) ચંદ્રક (૫) સુપર્ણ

આ પાંચ રાજા ભોજનાલયાર્થે છે.

તેમજ નંદનાથાદિ ૮ પ્રકારનાં પ્રાસાદ માટેના મંડપો નો નિર્દેશ કર્યો છે. જેમકે –

(૧) નંદનાથ   (૨) ભદ્રજય   (૩) જય   (૪) વિજય

(૫) મંગલ   (૬) પૂર્ણ   (૭) મહેન્દ્ર   (૮) મકરધ્વજ

અને *ऊर्ध्वे संवरणाकाराः कर्तव्याः सर्वकामदाः ।* (૩૫૯) કહીને સંવરણ કરવાનો નિર્દેશ કર્યો છે. તેમજ મંડપ ઉપર વિતાન વિધાન ત્રણ પ્રકરણમાં વિસ્તાર પૂર્વક ઉત્તરાર્ધના અધ્યાય – ૫ માં વર્ણવેલ છે અને દેવના વાહનોના સ્થાન, વાહનઉદય

પ્રમાણ, સ્તમ્ભ પ્રતિષ્ઠા, કૂર્મચક્ર , વૃષભચક્ર, પાટચક્ર, સ્તંભચક્ર, તોરણ વિધાન આદિ બાબતો પણ ઉલ્લેખીત છે.

વિશ્વકર્માએ *મણ્ડપોર્ધ્વસંવરણા* વિધાન આ પ્રમાણે કર્યુ છે.

## સંવરણાધિકાર

| ક્રમ | સંવરણાના નામ | વિભકિત ભાગ | ઘટિકા સંખ્યા | કૂટ સંખ્યા | સિંહ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | પુષ્પિકા | – | ૫ | ૧૬ | ૮ |
| ૨ | નન્દિની | ૧૨ | – | ૪૮ | ૧૨ |
| ૩ | દશાક્ષા | ૧૬ | ૧૩ | – | ૧૬ |
| ૪ | દેવસુંદરી | ૨૦ | ૧૭ | – | ૨૦ |
| ૫ | કુલતિલક | ૨૪ | ૨૧ | – | ૨૪ |
| ૬ | રમ્યા | ૨૮ | ૨૫ | – | ૨૮ |
| ૭ | ઉદ્ભિન્ના | ૩૨ | ૨૯ | – | ૩૨ |
| ૮ | નારાયણી | ૩૬ | ૩૩ | – | ૩૬ |
| ૯ | નલિકા | ૪૦ | ૩૭ | – | ૪૦ |
| ૧૦ | ચમ્પકા | ૪૪ | ૪૧ | – | ૪૪ |
| ૧૧ | પદ્મા | ૪૮ | ૪૫ | – | ૪૮ |
| ૧૨ | સમુદ્ભવા | ૫૨ | ૪૯ | – | ૫૨ |
| ૧૩ | ત્રિદશા | ૫૬ | ૫૩ | – | ૫૬ |
| ૧૪ | દેવગાન્ધારી | ૬૦ | ૫૭ | – | ૬૦ |
| ૧૫ | રત્નગર્ભા | ૬૪ | ૬૧ | – | ૬૪ |
| ૧૬ | ચૂડામણિ | ૬૮ | ૬૫ | – | ૬૮ |
| ૧૭ | હેમરત્ના | ૭૨ | ૬૯ | – | ૭૨ |
| ૧૮ | ચિત્રકૂટા | ૭૬ | ૭૩ | – | ૭૬ |
| ૧૯ | હિમા | ૮૦ | ૭૭ | – | ૮૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | ગંધમાદની | ૮૪ | ૮૧ | – | ૮૪ |
| ૨૧ | મંદરો | ૮૮ | ૮૫ | – | ૮૮ |
| ૨૨ | મેદિની | ૯૨ | ૮૯ | – | ૯૨ |
| ૨૩ | કૈલાસા | ૯૬ | ૯૩ | – | ૧૦૬ |
| ૨૪ | રત્ન સમ્ભવા | ૧૦૦ | ૧૦૭ | – | ૧૦૦ |
| ૨૫ | મેરુકૂટા | ૧૦૪ | ૧૦૧ | – | ૧૦૪ |

તેમજ મંડપ વિધાનને આગળ વધારતા વિશ્વકર્મા પ્રતોલ્યા લક્ષણ, પ્રતોલ્યા પ્રકારો, નામ, પ્રમાણ આદિ બાબતોને વર્ણવે છે. અહીં ઉલ્લેખનીય છે કે મંડપ વિધાનમાં વિશ્વકર્માએ ઉક્ત દરેક પ્રકારને સ્વરૂપ લક્ષણ અને અંગાદિ સહિત વિસ્તારથી વર્ણવ્યા છે.

### ૪.૩.૨.૩ <u>પ્રાસાદ દોષો અને તત્સંબંધી પરિહારો :</u>

*श्री कृष्णस्य प्रियंकर्तुं द्वारामति विनिर्मिता ।* (૩૬૦) એવા વિશ્વકર્માએ અહીં વાસ્તુશાસ્ત્રની મુક્ત મને પ્રશંસા કરી છે. અને અંતે કહ્યું છે કે –

*न वास्तु वर्जितलोके वस्तव्यं मूर्तिमिच्छता ।*

*चक्षुर्भूत्तो हि वास्तुज्ञस्तत्र धर्मः सनातनः ॥* (૩૬૧)

તો વાસતુશાસ્ત્રના ઉદ્ધાર કર્તા સ્વયં વિશ્વકર્મા જ છે. અને ત્યાર પછી ઈન્દ્રાદિ વાસ્તુશાસ્ત્રના પ્રવર્તકો(૩૬૨) અને શૌનકાદિ વાસ્તુશાસ્ત્રના જ્ઞાતાઓનો નિર્દેશ કર્યો છે.(૩૬૩) અને સૌ પ્રથમ  સૂત્રધાર પૂજનનું વિધાન કરી,(૩૬૪) સોમપુરા જાતિના શિલ્પાચાર્ય પાસે જ વાસ્તુકર્મ કરાવવાનો નિર્દેશ કર્યો છે.

સૂત્રધાર અને શિલ્પી વાસ્તુપીઠ અને દેવપૂજાની સામગ્રીના અધિકારી ગણાવ્યા છે. અને (૧) સ્થપતિ, (૨) સૂત્રગ્રાહી, (૩) તક્ષક, (૪) વર્ધકિ . આ ચાર શિલ્પકારોનો નિર્દેશ કર્યો છે. તેમજ તેના (શિલ્પકારોના) ૧૪ દોષો આ પ્રમાણે આપ્યા છે.

| | |
|---|---|
| (૧) ઓછા અંગવાળો | (૮) પાતળો |
| (૨) અધિક અંગવાળો | (૯) સ્વરહીન |
| (૩) પ્રમાણથી ઊંચો | (૧૦) તોતડો |
| (૪) ઠીંગણો | (૧૧) કાળો |
| (૫) કોઢવાળો | (૧૨) ચોર વૃતિવાળો |
| (૬) આંધળો | (૧૩) અપંગ |
| (૭) વાંકા મુખવાળો | (૧૪) બેડોળ |

આ ૧૪ દોષોથી શકિત સૂત્રધાર શુભ છે. તેમજ દેવકાર્ય અથવા ગૃહકાર્ય એક શિલ્પીના હસ્તે કરાવવા કહ્યું છે. તો પ્રાસાદાદિ નિર્માણમાં લાકડાથી ઈંટ, ઈંટથી પાષાણ, પાષાણથી સોનુ આદિ ધાતુઓ, રત્નો મજબૂત કહ્યા છે. પરંતુ લોહકર્મને તજવાનો નિર્દેશ કર્યો છે. અને અધિક લેપવાળું , ઓછા લેપવાળું, સાંધા ઉપર સાંધાવાળુ, ઉપર જાડું, નીચે પાતળું, શલ્યવાળું અને ઓછા પાયાવાળું વાસ્તુ જલ્દી નાશ પામે છે.

આ ઉપરાંત વાસ્તુદોષનું વર્ણન કરતા કહ્યું છે કે – ગૃહાદિના પડી ગયેલા વાસ્તુદ્રવ્ય બીજા ગૃહાદિમાં લગાડવાથી દોષ થાય છે. તેમજ પૂર્વોત્તરદિક્ અથવા પશ્ચિમ દક્ષિણ દિક્ પ્રાસાદ વાંકો હોય તો દિક્મૂઢ દોષ થતો નથી, સિદ્ધાયતન, તીર્થ સ્થાને, નંદીસંગમે પ્રાસાદમાંા દિક્મૂઢ દોષ થતો નથી.

તેમજ પ્રાસાદમાં શિલ્પીકૃત મહાદોષોનો નિર્દેશ કર્યો છે. (૩૬૫)

જેમકે – (૧) પ્રાસાદ દિક્મૂઢ (૨) નષ્ટછંદ (૩) આયાદિ  દોષ (૪) ઉપરનો ભાગ જાડો અને નીચેનો ભાગ પાતળો. આ ચાર મહાદોષો છે. અને દોષોથી પ્રાપ્ત ફળનો પણ નિર્દેશ કર્યો છે. જેમકે –

| <u>દોષ</u> | <u>ફળ</u> |
|---|---|
| માનથી નાનુ દ્વાર | નેત્ર હાનિ |
| નાલીહીન | ધનનો ક્ષય |
| સ્તંભ પદે સ્થાપતા | મહારોગ |
| સ્તંભનું ઉદયમાન હીન | કર્તાનો નાશ |
| પ્રાસાદ પીઠમાન હીન | વાહનોની હાનિ |
| પ્રાસાદના અંગો હીન | પ્રજાની પીડા |
| કોણનું માન હીન | પૂજા ફળ નાશ |
| પ્રાસાદ જંઘા હીન | બંધુ સહિત કર્તા, કરનારાદિ નાશ |
| શિખર પ્રમાણમાં હીન | પુત્ર–પૌત્રાદિનો ક્ષય |
| શિખર માનમાં અધિક | કુળ હાનિ |
| શિખર માનમાં ઓછું | રોગ ઉત્પત્તિ |
| જગતીમાં શાલા,શાલામાં મંડપ, મંડપમાં પ્રાસાદ ગ્રસ્ત | દોષ રૂપ |

તેમજ પ્રાસાદના ઉદય અને વિસ્તારના માન પ્રમાણે ડાબી જમણી બાજુ જગતી શાસ્ત્રમાં કહેલ માન પ્રમાણે કરવી અને છંદભેદ, જાતિભેદ, શાખા માન હીન, તલછંદથી શિખર હીન કરવું નહિં. લતિનાદિ પ્રાસાદને ચંદ્રવિલોકન બારી અને શુકનાશ આગળ વિધિપૂર્વક, પ્રમાણ–લક્ષણ યુક્ત મંડપ કરવાનું વિધાન કર્યુ છે.

વિશ્વકર્મા પ્રાસાદ માન પ્રમાણે કરવાનો નિર્દેશ કરે છે અને તેનાથી – *आयुः पूर्णश्च सौभाग्यं लभते पुत्रपौत्रकम् ।* (૩૬૬) આદિ સુખ અને પ્રાસાદ, મઠ, મંદિરાદિમાં છંદભેદ કરવાથી થતા દોષને વર્ણવતા કહે છે કે –

*स्त्रीमृत्यु शोकसन्तापपुत्रपतिधनक्षयः ।* (૩૬૭) આમ, પ્રાસાદ માન પ્રમાણ હીન – અધિક ન કરવાનો નિર્દેશ કર્યો છે. અને પ્રાસાદાદિમાં પદહીન ન કરવાનો, દ્વાર વચ્ચે સ્તંભ ન કરવાનો, સ્તંભ–કુંભીનું માન ન લોપવાનો, ઉદુમ્બરમાં સમસૂત્રતાનો, વાવમંડપ

અને ગૃહોમાં ત્રણ સ્તંભ ન મુકવાનો, પ્રાસાદમાં – પદલોપ–દિશાલોપ – ગર્ભલોપ ન કરવાનો, પ્રસાદમાં ઈંટ – પાષાણના થરોનો ભંગ ન કરવાનો, પ્રાસાદિમાં સોયના મુખ જેટલુ પણ છિદ્ર ન રાખવાનો, મંડપની ભીંતી પ્રાસાદના માન પ્રમાણે કરવાનો, અને મંડપને ૧ અથવા ૩ દ્વાર કરવાનો નિર્દેશ કરે છે અને શાસ્ત્રના વિધાન પ્રમાણ વગર પ્રાસાદ, મંડપ, તલના વિભાગો, મઠ, મંદિરાદિ નું સમગ્ર ફળ નાશ પામે છે.

તેમજ – *उत्सङ्गं पूर्णबाहुश्च हीनबाहुस्तथा परः ।*

*प्रतिकार्य इति प्रोक्तं प्रवेशानां चतुष्टयम् ॥* (૩૬૮)

કહીને ચાર પ્રવેશદ્વારોનો નિર્દેશ કર્યો છે. અને સૂર્પકગૃહ , દ્વિકોણગૃહ, ત્રિકોણગૃહ, ગૌમુખગૃહ , સમૂલગૃહ , પ્રતિકારગૃહ, અંતકગૃહ, કોણવેધગૃહ આદિનો દોષ બતાવી નિષેધ કર્યો છે. તેમજ શલ્યદોષ નો શલ્યશુદ્ધિનો નિર્દેશ કર્યો છે.

આય, નક્ષત્ર, ગણ, ચંદ્ર આદિ ચાર અંગો ગણિતના મેળવવા, જીર્ણોદ્ધારમાં તેની જરૂર નથી, જિન તીર્થકરના પ્રાસાદ પૃષ્ઠે, શિવ–સૂર્યની અગ્રે, બહ્મા–વિષ્ણુના વામદક્ષિણ અને ચંડીદેવીના ચારેય બાજુ ગૃહ કરવું નહીં. તેમજ ગર્ભવેધ, નાભિવેધ અને દૃષ્ટિવેધથી થતા દોષનું વર્ણન અને ઉપહારોનું વર્ણન છે અને ન્યુનાધિક માનદોષનું વર્ણન આ પ્રમાણે સ્પષ્ટ છે.

| માન | દોષ |
|---|---|
| → દ્વાર માનથી હીન | આયુષ્ય માટે |
| → કૌલી હીન કરવાથી | લક્ષ્મીનાશ |
| → અપદે સ્તંભ સ્થાપવાથી | મહારોગ |
| → સ્તંભ જાડાઈ–ઊંચાઈ હીન કરવાથી | સ્ત્રી નાશ |
| → પ્રાસાદ પીઠ હીન | વાહનોની સમૃદ્ધિનો નાશ |
| → પ્રાસાદ રથ ઉપર થતા ઉપાંગો હીન કરવાથી | પ્રજાપીડા |
| → જંઘા ઓછી કરવાથી | બંધુ સહિત કર્તા નાશ |
| → શિખર હીન કરવાથી | પુત્ર–પૌત્રાદિનો નાશ |

આ ઉપરાંત પ્રાસાદ, મઠ, મંદિરાદિને ભિન્નદોષના વર્ણનો,[૩૬૯] મહામર્મદોષ, પ્રતિમાદોષ, [૩૭૦] પ્રતિમા ઉત્થાપન વિધિ, જીર્ણોદ્ધાર વિધાન આદિ બાબતોમાં થતા દોષ અને તત્સંબધી પરિહારોના નિર્દેશો કર્યા છે.

તો શિખરલક્ષણાધિકાર નામના સાતમા અધ્યાયમાં નિરન્ધાર, નાગર, મિશ્રક, વિમાનનાગર આદિ પ્રાસાદોને ભીતિ વિસ્તારના માનાદિ સાથે ૧, ૨ અથવા ૩ શૃંગો ચડાવવા. આ શૃંગોમાં છંદ ભેદ, જાતિભેદ કરવાથી –

*तत्प्रासाद फलंनास्ति, मोक्षकारो न विद्यते ।* [૩૭૧]

આમ ભારતીય સંસ્કૃતિના દાર્શનિક સિદ્ધાંત પ્રમાણે ચતુર્થ પુરુષાર્થ સાથે – વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતો સંલગ્ન છે. એમ સ્પષ્ટ થાય છે.

આથી જ ભારતીય દેવપ્રાસાદો શંકુઆકારે, જાણે કે ચારેય પુરુષાર્થ સિદ્ધ કરી જીવ પરમાત્મામાં લીન બની જાય તેમ ઉરુશૃંગ શિખર આદિની રચના કરવામાં આવે છે. તેમાં શુકનાશ, શુકનાશની રચના, કોલિની લંબાઈનું સૂત્ર, શુકનાસિકા, સિંહના સ્થાન આદિના પ્રમાણ માન સહિતનું વિધાન પ્રસ્તુત ગ્રંથમાં આપ્યું છે.

જેમકે – કોલીના ભેદો –

| | | | |
|---|---|---|---|
| ૧) | (૧) અંચિતા | (૨) કુંચિતા | (૩) શસ્યા |
| ૨) | (૧) મધ્યસ્થા | (૨) ભ્રમા | (૩) સંભ્રમા |
| ૩) | (૧) ૧/૪ ભાગ ૧ મધ્યમાં | (૨) ૧/૩ બે ભ્રમા | (૩) ૧/૨ સંભ્રમાં |

પ્રાસાદને શૃંગો, ઉરુશૃંગો આદિ ભૂષણો અને રથ, પ્રતિરથાદિ અંગો સ્પષ્ટ કરવા અને વાસ્તુશાસ્ત્રનાજ્ઞાતાઓ એ કહ્યા મુજબ મંડોવર અને શિખર માન પ્રમાણે જાણવું. તેમજ વાસ્તુશાસ્ત્રમાં શિખર માટે શિખરની રેખા મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ રેખાઓ બે પ્રકારની છે. (૧) નાગરી રેખાઓ અને (૨) ચંદ્રકલા રેખાઓ.

જેમા સવ્યાદિ ૨૫ રેખાઓ નાગરી રેખાઓ છે. જે ઉદયભેદે થનારી હોવાથી ઉદયરેખા પણ કહેવાય છે. [૩૭૨] આ ૨૫ કલાઓને ૫ ખંડથી માંડીને ૧–૧ ખંડને વધારતા ૨૯ ખંડો, આ પ્રત્યેક ખંડે ૧–૧ કલાનો અંક વધારવો. ૫ ખંડે ૧૫ કલા થશે.

આમ, ૨૫ રેખા, ૨૯ ખંડો અને ખંડોની બધી કલાઓ ૪૩૫ થશે. અને ચંદ્રકલાદિ ૨૫ કલાઓના ઉપયોગથી ઈચ્છાનુસાર શિખર બનાવી શકાય છે. તો –

રાશિની, શાંતિની આદિ ૧૬ મૂળ ચંદ્રકલાની રેખાઓ છે. તેની ૧–૧ ના સ્વછંદે ૧૬–૧૬ રેખાઓ કહી છે. અને કલારેખાઓથી ભેદાતા સ્કંધો અને શમ, શાંતાદિ સ્કંધોના નામોનો ઉલ્લેખ કર્યો છે.(૩૭૩) આ ઉપરાંત રેખા વિસ્તાર ખંડાદિનો, ત્રીખંડા–ચતુષ્ખંડા આદિ રેખાઓના ભેદોપભેદો ના ૨૫૬ નામો સહિત નિર્દેશ અને ઉપયોગ કરવાની રીતી વર્ણવી છે. તેમજ શિખરના ભદ્ર, ફાલના, પંચનાસિકા, સપ્તનાસિકા, નવનાસિકા, શિખર ઉદય પ્રમાણ, વાંલજર પ્રમાણ, શુકનાશ સ્વરૂપ અને ઉદયમાન, આમલસાર લક્ષણ વિધાન, કળશ પ્રમાણ અને લક્ષણ વિધાન, વરાટાદિ પ્રાસાદના કળશમાન, કળશ અંગવિભકિત પ્રાસાદપુરુષવિધાન, ધ્વજદંડ સ્થાપન વિધાન, દંડમાન લક્ષણ, પ્રાસાદ દેવતાન્યાસ વગેરે વિષયો 'શિખરલક્ષાધિકાર' નામના અધ્યાયમાં વિસ્તારથી વર્ણવ્યા છે. પરંતુ ગ્રંથવિસ્તાર ભયથી હું અહીં તેનું વિવેચન કરતી નથી.

આ રીતે પ્રાસાદદોષો અને તત્સંબંધી પરિહારોનું વિધાન પૂર્ણ કરું છું.

### ૪.૩.૩ પ્રાસાદ લક્ષણો અને તેના પ્રકારો

' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના ઉત્તરાર્ધના અધ્યાય ૮ અને ૯ માં સાન્ધારાદિ પ્રાસાદો અને ઋષભાદિ પ્રાસાદોના પ્રકારો અને લક્ષણો પ્રસ્તુત કર્યા છે.

સાન્ધારાદિ પ્રાસાદોના કેસરી આદિ ૨૫ પ્રકારો અને તેનું લક્ષણ આપતા વિશ્વકર્મા કહે છે કે – પહેલો કેસરી પ્રાસાદ ૫ શૃંગો વાળો છે. પછી પ્રત્યેક પ્રાસાદને ૪–૪ શૃંગ વધારતા જવું. આમ છેલ્લા ૨૫ માં મેરુ પ્રાસાદ ઉપર ૧૦૧ શૃંગ આવશે. આ કેસરી આદિ ૨૫ પ્રકારનાં સાન્ધાર પ્રાસાદો આ પ્રમાણે છે. (૩૭૪)

## કેસરી આદિ ૨૫ પ્રાસાદો

| ક્રમ | પ્રાસાદ | શૃંગ સંખ્યા | ક્રમ | પ્રાસાદ | શૃંગ સંખ્યા | ક્રમ | પ્રાસાદ | શૃંગ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કેસરી | ૦૫ | ૧૦ | હેમકૂટ | ૪૧ | ૧૯ | વજ્રક | ૭૭ |
| ૨ | સર્વતોભદ્ર | ૦૯ | ૧૧ | કૈલાસ | ૪૫ | ૨૦ | મુકુટોજ્વલ | ૮૧ |
| ૩ | નન્દન | ૧૩ | ૧૨ | પૃથ્વીજય | ૪૯ | ૨૧ | ઐરાવત | ૮૫ |
| ૪ | નન્દશાલિ | ૧૭ | ૧૩ | ઈન્દ્રનીલ | ૫૩ | ૨૨ | રાજહંસ | ૮૯ |
| ૫ | નન્દીશ | ૨૧ | ૧૪ | મહાનીલ | ૫૭ | ૨૩ | ગરુડ | ૯૩ |
| ૬ | મન્દર | ૨૫ | ૧૫ | ભૂધર | ૬૧ | ૨૪ | વૃષભ | ૯૭ |
| ૭ | શ્રીવત્સ | ૨૯ | ૧૬ | રત્નકૂટ | ૬૫ | ૨૫ | મેરુ | ૧૦૧ |
| ૮ | અમૃતોદ્ભવ | ૩૩ | ૧૭ | વૈડૂર્ય | ૬૯ | | | |
| ૯ | હિમવાન્ | ૩૭ | ૧૮ | પદ્મરાગ | ૭૩ | | | |

આ ૨૫ સાન્ધાર જાતિના દેવ પ્રાસાદો છે. આ પ્રાસાદો ૧૦ હસ્તથી ઓછા નહી અને ભ્રમયુક્ત બનાવી શકાય છે. ૧૦ હસ્તથી હીન હોય તેને ભ્રમ બનાવવો નહીં. વાસ્તુવિશારદોએ આ સાન્ધાર જાતિના પ્રાસાદોને ભ્રમ રહિત કરવાથી શુદ્ધ નાગર જાતિના નિરંધાર પ્રાસાદો પણ કરી શકાય એમ કહ્યું છે. અને કેસરી વગેરે ૨૫ પ્રકારોના શૃંગ સંખ્યા સહિત લક્ષણો વિસ્તાર પૂર્વક આપ્યા છે. જેમકે ––

*પ્રાસાદાસ્તુ ત્વયા પ્રોક્તા વૈરાજ્યકુલસંભવાઃ ।*

*વિલક્તિતલમેતેષાં ત્વયા પ્રોક્તં સુવિસ્તરમ્ ॥* (૩૭૫)

આમ, વૈરાજય કુલના પ્રાસાદોનું વર્ણન પ્રાપ્ત છે.

ત્યાર પછી વિશ્વકર્માએ પુત્ર જયના પ્રશ્નના જવાબમાં શ્રી જિનેન્દ્ર મહાપ્રભુઓના પ્રાસાદોના સ્વરૂપો, લક્ષણો અને વિધિ વર્ણવ્યા છે. જેમકે –

ધર્મ–અર્થ–કામ તથા મોક્ષ એ ચારે પુરુષાર્થોને આપનાર અને વિશેષ કરીને જિનેન્દ્ર પ્રભુઓને પ્રિય એવા ઋષભાદિ પ્રાસાદો–નાગરાદિ, અંતકાદિ, દ્રાવિડાદિ, લતિનાદિ અને મહીધરાદિ વગેરે જાતિના પ્રાસાદોમાંથી ઋષભાદિ પ્રાસાદ ઉત્પન્ન થયા છે. આ ઋષભાદિ ૭૨ પ્રકારના પ્રાસાદોનાં નામ, લક્ષણો સહિત આપ્યા છે.(૩૭૬) જે ૭૨ પ્રાસાદો જિન દેવોને પ્રિય છે.

<u>૭૨ વૃષભાદિ પ્રાસાદ નામ – લક્ષણ</u>

| ક્રમ | પ્રાસાદ નામ | તલ ભાગ | શૃંગ સંખ્યા | તિલક | કૂટ |
|---|---|---|---|---|---|
| ૧ | ઋષભપ્રાસાદ | ૩૨ | ૧૧૧૭ | ૪ | |
| ૨ | કૈલાસ પ્રાસાદ | ૩૨ | ૧૧૧૭ | ૧૨ | |
| ૩ | સુરેન્દ્ર પ્રાસાદ | ૩૨ | ૧૧૧૭ | ૧૨ | ૮ |
| ૪ | અજિત પ્રાસાદ | ૧૨ | ૩૦૧ | ૦ | ૦ |
| ૫ | ગજેન્દ્ર પ્રાસાદ | ૧૨ | ૩૦૫ | ૦ | ૦ |
| ૬ | વિશાલ પ્રાસાદ | ૧૨ | ૩૦૫ | ૮ | |
| ૭ | સ્યંભવ પ્રાસાદ | ૧૮ | ૧૧૩ | ૦ | |
| ૮ | ક્ષીરાક્ષ પ્રાસાદ | ૧૮ | ૧૧૩ | ૪ | |
| ૯ | સંતોષ પ્રાસાદ | ૧૮ | ૧૨૯ | ૪ | |
| ૧૦ | અભિનંદન પ્રાસાદ | ૧૮ | ૧૭૭ | ૧૨ | |
| ૧૧ | અવિઘ્ન પ્રાસાદ | ૧૮ | ૧૭૭ | ૨૦ | |
| ૧૨ | પ્રમોદ પ્રાસાદ | ૧૮ | ૧૮૧ | ૨૦ | |
| ૧૩ | સુરવલ્લભ પ્રાસાદ | ૧૮ | ૧૮૫ | ૨૦ | |
| ૧૪ | સુમતિ પ્રાસાદ | ૧૪ | ૫૭ | ૦ | ૮ |
| ૧૫ | સુબુદ્ધિ પ્રાસાદ | ૧૪ | ૭૭ | ૦ | ૮ |
| ૧૬ | સુપ્રિય પ્રાસાદ | ૧૪ | ૭૭ | ૮ | ૮ |
| ૧૭ | પદ્મવલ્લભ પ્રાસાદ | ૨૦ | ૨૦૯ | ૦ | ૧૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮ | પદ્મરાગ પ્રાસાદ | ૨૦ | ૨૦૯ | ૪ | ૧૬ |
| ૧૯ | પુષ્ટિવર્ધન પ્રાસાદ | ૧૦ | ૨૦૯ | ૨૦ | ૧૬ |
| ૨૦ | સુપાર્શ્વ પ્રાસાદ | ૧૦ | ૫૭ | ૦ | ૦ |
| ૨૧ | સુનંદન પ્રાસાદ | ૧૦ | ૬૯ | ૦ | ૦ |
| ૨૨ | શ્રી વલ્લભ પ્રાસાદ | ૧૦ | ૬૯ | ૧૬ | ૦ |
| ૨૩ | ચંદ્રપ્રભ પ્રાસાદ | ૧૦ | ૭૩ | ૧૬ | ૦ |
| ૨૪ | ચંદ્રશેખર પ્રાસાદ | ૧૦ | ૧૦૫ | ૧૬ | ૦ |
| ૨૫ | વિમાન પ્રાસાદ | ૧૦ | ૧૦૫ | ૨૦ | ૦ |
| ૨૬ | સુવિધિ પ્રાસાદ | ૧૦ | ૧૫૭ | ૧૨ | ૦ |
| ૨૭ | સુશ્રિય પ્રાસાદ | ૧૦ | ૧૫૭ | ૨૦ | ૦ |
| ૨૮ | વસુપુષ્પક પ્રાસાદ | ૧૦ | ૧૬૧ | ૨૦ | ૦ |
| ૨૯ | શીતલ પ્રાસાદ | ૩૨ | ૨૨૯ | ૮ | ૦ |
| ૩૦ | શ્રિયેન્દુ પ્રાસાદ | ૩૨ | ૨૨૯ | ૧૬ | ૦ |
| ૩૧ | દનુરાજ પ્રાસાદ | ૩૨ | ૨૨૯ | ૩૨ | |
| ૩૨ | શ્રિયાંશ પ્રાસાદ | ૨૪ | ૩૩ | ૧૨ | |
| ૩૩ | શ્રીવત્સ પ્રાસાદ | ૨૪ | ૩૩ | ૨૦ | |
| ૩૪ | પુત્રદ પ્રાસાદ | ૨૪ | ૩૩ | ૨૪ | |
| ૩૫ | શીતલ પ્રાસાદ | ૨૪ | ૩૩ | ૨૪ | |
| ૩૬ | કીર્તિદાયક પ્રાસાદ | ૨૪ | ૩૭ | ૨૦ | |
| ૩૭ | મનોહર પ્રાસાદ | ૨૪ | ૪૫ | ૧૨ | |
| ૩૮ | સ્વકુલ પ્રાસાદ | ૧૮ | ૧૭ | ૧૨ | |
| ૩૯ | કુલનંદ પ્રાસાદ | ૧૮ | ૨૧ | ૧૨ | |
| ૪૦ | વાસુપૂજ્ય પ્રાસાદ | ૨૨ | ૨૫૭ | ૧૬ | |
| ૪૧ | રત્નસંભવ પ્રાસાદ | ૨૨ | ૨૫૭ | ૨૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૨ | વિમલ પ્રાસાદ | ૨૪ | ૭૭ | ૦ | |
| ૪૩ | મુક્તિસંઘટ્ટ પ્રાસાદ | ૨૪ | ૮૫ | ૮ | |
| ૪૪ | અનંત પ્રાસાદ | ૨૦ | ૩૫૭ | ૦ | |
| ૪૫ | સુરેદ્ર પ્રાસાદ | ૨૦ | ૩૫૭ | ૮ | |
| ૪૬ | વૃક્ષરાજ પ્રાસાદ | ૨૦ | ૩૫૭ | ૧૬ | |
| ૪૭ | ધર્મદ પ્રાસાદ | ૨૮ | ૨૨૫ | ૧૨ | |
| ૪૮ | ધર્મવક્ષ પ્રાસાદ | ૨૮ | ૨૩૩ | ૮ | |
| ૪૯ | શાંત પ્રાસાદ | ૧૨ | ૧૮૯ | ૦ | ૮ |
| ૫૦ | કામદાયક પ્રાસાદ | ૧૨ | ૧૯૩ | ૮ | |
| ૫૧ | કુંથુનાથ પ્રાસાદ | ૮ | ૬૯ | ૨૦ | |
| ૫૨ | શક્તિ પ્રાસાદ | ૮ | ૬૯ | ૨૮ | |
| ૫૩ | હર્ષણ પ્રાસાદ | ૮ | ૭૩ | ૨૮ | |
| ૫૪ | કમલકંદ પ્રાસાદ | ૮ | ૨૧ | ૦ | |
| ૫૫ | કેવલી પ્રાસાદ | ૮ | ૨૧ | ૪ | |
| ૫૬ | અર્હન્ત પ્રાસાદ | ૮ | ૨૫ | ૪ | |
| ૫૭ | મહેન્દ્ર પ્રાસાદ | ૧૨ | ૧૮૧ | ૮ | |
| ૫૮ | પાપનાશન પ્રાસાદ | ૧૨ | ૧૮૧ | ૮ | |
| ૫૯ | માનસંપુષ્ટિ પ્રાસાદ | ૧૪ | ૮૫ | ૮ | |
| ૬૦ | ગૌરવ પ્રાસાદ | ૧૪ | ૧૦૧ | ૮ | |
| ૬૧ | સુમતિકીર્તિ પ્રાસાદ | ૨૬ | ૪૭૩ | ૧૬ | |
| ૬૨ | જિનેન્દ્રાયતન પ્રાસાદ | ૨૬ | ૪૮૧ | ૮ | |
| ૬૩ | રાજેન્દ્ર પ્રાસાદ | ૨૬ | ૪૮૫ | ૮ | |
| ૬૪ | નેમીન્દ્ર પ્રાસાદ | ૨૨ | ૧૯૩ | ૪૦ | |
| ૬૫ | યતિભૂષણ પ્રાસાદ | ૨૨ | ૨૦૧ | ૩૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૬ | સપુષ્પ પ્રાસાદ | ૨૨ | ૨૧૩ | ૩૨ | |
| ૬૭ | પાર્શ્વવલ્લભ પ્રાસાદ | ૨૬ | ૧૧૩ | ૮ | |
| ૬૮ | પદ્માવૃત પ્રાસાદ | ૨૬ | ૧૧૩ | ૧૨ | |
| ૬૯ | ચરુપ પ્રાસાદ | ૨૬ | ૧૧૩ | ૨૦ | |
| ૭૦ | વીરવિક્રમ પ્રાસાદ | ૨૪ | ૨૨૧ | ૦ | |
| ૭૧ | મષ્ટાદય પ્રાસાદ | ૨૪ | ૨૨૧ | ૪ | |
| ૭૨ | તુષ્ટિપુષ્ટિ પ્રાસાદ | ૨૪ | ૨૨૫ | ૪ | |

## ૪.૩.૪ જિન પ્રાસાદ વિવેચન :

વિશ્વકર્મા જિનપ્રાસાદોના નિરુપણ પૂર્વે સમવસરણનું સ્વરૂપ વર્ણવે છે. તે કૈલાસ પર્વત જેવું અને દેવ તેમજ દૈત્યો આદિએ બનાવેલું છે. જયારે તીર્થંકર પ્રભુને કેવલ જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે દેવો સમવસરણની રચના કરે છે.

### ૪.૩.૪.૧ સમવસરણ સ્વરૂપ :

સમવસરણ ચોરસ અને ગોળ બે પ્રકારે થાય છે. નીચે ભૂમિતલ પર પીઠ કરવું તેના પર ત્રણ ગઢો કરવા. પ્રત્યેક ગઢની ફરતે ચારે દિશામાં ચાર દ્વાર વાવડી સહિત કરવા. [(૩૭૭)] તે આ પ્રમાણે કરવા.

| ક્રમ | ગઢ | કાંગરા | મૂકવાની સામગ્રી |
|---|---|---|---|
| ૧ | ચાંદીનો | સુવર્ણનો | દેવાના વાહનો, પાલખી,હાથી, ઘોડા |
| ૨ | સુવર્ણનો | રત્નના | પરસ્પર વિરોધી જીવો સ્નેહયુક્ત |
| ૩ | રત્નનો | મણિના | દેવો–મનુષ્યો, સાધુ–સાધ્વી |

ગઢ મધ્યે અશોકવૃક્ષ ૧ યોજન વિસ્તારનું, તેની નીચે સિંહાસનો ચારે બાજુ છે, ત્રણ છત્રો પ્રભુપર, ચારે બાજુના સિંહાસન પર અર્હંત પ્રભુ બિરાજે છે. તેની બંને બાજુ યક્ષ–યક્ષિણી ચામર ઢોળી રહ્યા છે. ચારેય ગઢના દ્વાર આગળ ૮–૮ જલપૂર્ણ વાવડી

છે, દ્વાર રત્નજડિત અને અષ્ટમંગલ અંકિત છે. ત્રણ ગઢના ચારેય દ્વારે પ્રતિહારો છે. અને તેના હાથમાં આયુધો છે. (૩૭૮)

આ ઉપરાંત વિશ્વકર્મા અષ્ટાપદ પર્વત પરનો ' સિંહનિષદ્યા ' પ્રાસાદના સ્વરૂપ નારદ સમક્ષ વર્ણવે છે. અને મેરુના આકારનાં અને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, જિન અને સૂર્યને માટે ભ્રમયુક્ત અથવા ભ્રમ વિનાનો મેરુપ્રાસાદ કરવાનો નિર્દેશ કર્યો છે અને મેરુપ્રાસાદના લક્ષણ સ્વરૂપને વર્ણવી પછી મેરુગિરિ સ્વરૂપ આ પ્રમાણે વર્ણવે છે.

### ૪.૩.૪.૨ મેરુગિરિ સ્વરૂપ

વિશ્વકર્મા મેરુગિરિનું સ્વરૂપ કહેતા કહે છે કે – મેરુગિરિ ગોળ આકારે, નીચે ભદ્રશાલી ભૂમિપર સ્થિત, વર્ણ–સુવર્ણ જેવો, ઉપર ચૂલિકાનો નીલવર્ણ અને પ્રથમ કંદરૂપે નંદનવન, પછી ઉપર ચઢતા સોમનસવન, પછી પંડકવન, પછી ચુલિકા અને તેની ટોચપર શાશ્વત જિનચૈત્ય આવેલું છે. પંડકવનમાં પૂર્વે–પશ્ચિમે શ્વેત અને રકતવર્ણી બે–બે શિલાઓ છે, તે સિદ્ધ શિલા પર પ્રભુનો જન્મ થાય ત્યારે ત્યારે ઈન્દ્રો ત્યાં જન્માભિષેકનો ઉત્સવ કરે છે.

**મેરુગિરિનું માન પ્રમાણ**

| | | |
|---|---|---|
| નંદનવન | – | ત્રણ ભાગનું ઊંચું |
| સોમનસવન | – | વીસ ભાગની ઉંચાઈમાં |
| પંડકવન | – | સોળ ભાગનું ઊંચુ |

તેમજ પ્રતિમાના પ્રમાણથી ચૂલિકાનું પ્રમાણ રાખવું. ઉપરનો વ્યાસ ૩૦ ભાગ વિસ્તારમાં અને નીચેનો ૩૫ ભાગમાં રાખવો.

– સોમનસ વનનાં ફરતા ચાર દિશામાં જિનભવનો કરવા, વિદિશાઓમાં ચાર ઈન્દ્રોના પ્રાસાદો વાવડી સહિત કરવા.

– નંદનવનની ચારેય દિશામાં જિનમંદિરો અને વિદિશામાં ઈન્દ્રના ચાર પ્રાસાદો કરવા.

– તેમજ મેરુગિરિ ફરતા પર્વતોના આકારના ટેકરા, ગુફાઓ, ઝરણા, વૃક્ષો કરવા. તેની નીચે પશુ–પક્ષી આદિ અને ઉપર ભવ્ય જીવો, નંદનવનની નીચે મહાનદી સ્વરૂપ ખાઈ કરવી અને મંદિરની જમીનને શાલ સ્વરૂપ જાણવી.

આ ઉપરાંત નંદીશ્વર દ્વીપરચનાનું વર્ણન કરી, ચારેય બાજુ તેર–તેર પર્વતોની વચ્ચે રહેલા મેરુપર્વતનો નિર્દેશ કર્યો છે.

### ૪.૩.૪.૩ <u>જિન પ્રાસાદો સ્વરૂપ અને અન્ય</u>

*ज्येष्ठं मध्यं कनिष्ठं च त्रिविधं मानमुत्तमम् ।* (૩૭૯)

કહીને વિશ્વકર્માએ જિન પ્રાસાદો જયેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણે પ્રકારનાં કહ્યા છે અને તે માન ઉત્તમ જાણવું. જિન પ્રાસાદનું સ્વરૂપ આ પ્રમાણે છે.

જિન પ્રભુના પ્રાસાદ આગળ → ચતુષ્કિકા કોલી → શુક્ર મંડપ → ગૂઢ મંડપ → ચતુષ્કિકા ચોકીઓ → નૃત્યમંડપ કરવા.

મૂળ પ્રાસાદના માનથી ફરતી ૧૦૮ દેવકુલિકાઓ મૂળ પ્રાસાદ સાથે કરવી, તેમજ ૮૪ , ૭૨ , ૫૨ અને ૨૪ દેવકુલિકાનો નિર્દેશ કરી. ૫ પ્રકારે જિનાયતનો કરવાનું કહ્યું છે. અને પાંચેય પ્રકારનાં જિનાલયોનાં સ્વરૂપ વિશે વર્ણનોપણ પ્રસ્તુત ગ્રંથમાં પ્રાપ્ય છે.

તેમજ જિનપ્રાસાદોમાં પ્રતિષ્ઠિત જિન પ્રતિમા લક્ષણ પણ આપ્યું છે.

જિન સ્વરૂપ

*द्वि भूजश्चैक वक्त्रश्च बद्धपद्मासन स्थितम् ।*

*लीयमानं परब्रह्म जिनमूर्ति जगदगुरूम् ।।* (૩૮૦)

આ રીતે નિરાકાર અને વિશ્વરૂપ , જગતપ્રભુ , કેવળજ્ઞાન મૂર્તિ , વિતરાગ એવા જિનેશ્વર પ્રભુનુ સ્વરૂપ જાણવું.

જિન સ્વરૂપ વર્ણન કરી વિશ્વકર્મા તીર્થંકર નામથી ઓળખા ૨૪ જિનેશ્વર નામનો તેમના સ્વરૂપ, ચિન્હો, જન્મ આદિ સહિત નિર્દેશ કરે છે. જે આ પ્રમાણે છે. (૩૮૧)

## ૨૪ તીર્થંકરોના નામાદિ

| ક્રમ | સંજ્ઞા | વર્ણ | ધ્વજ | જન્મ નક્ષત્ર | જન્મ રાશિ | યક્ષ | યક્ષિણી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | સુવર્ણકાંતિ | વૃષ | ઉત્તરષાઢા | ધન | ગોમુખ | ચક્રેશ્વરી |
| ૨ | અજિતનાથ | સુવર્ણકાંતિ | હાથી | રોહિણી | વૃષ | મહાયક્ષ | અજિતબાલા |
| ૩ | સંભવનાથ | સુવર્ણકાંતિ | અશ્વ | મૃગશીર્ષ | મિથુન | ત્રિમુખ | દુરિતારિ |
| ૪ | અભિનંદન | સુવર્ણકાંતિ | વાંદરો | શ્રવણ | મકર | યક્ષનાયક | કાતિકા |
| ૫ | સુમતિનાથ | સુવર્ણકાંતિ | કૌચંપક્ષી | મઘા | સિંહ | તુંબરુ | મહાકાલી |
| ૬ | પદ્મપ્રભુ | રક્ત | પદ્મ | ચિત્રા | કન્યા | કુસુમ | શ્યામા |
| ૭ | સુપાર્શ્વનાથ | સુવર્ણકાંતિ | સ્વસ્તિક | વિશાખા | તુલા | માતંગ | શાંતા |
| ૮ | ચંદ્રપ્રભુ | ચંદ્રસમાન | ચંદ્રમા | અનુરાધા | વૃશ્ચિક | વિજય | ભ્રકુટિ |
| ૯ | સુવિધિનાથ | સુવર્ણકાંતિ | મગર | મૂલ | ધન | અજિ | સુતારિકા |
| ૧૦ | શીતલનાથ | સુવર્ણકાંતિ | શ્રીવત્સ | પૂર્વાષાઢા | ધન | બ્રહ્મ | અશોકા |
| ૧૧ | શ્રેયાંસનાથ | સુવર્ણકાંતિ | ગેંડો | શ્રવણ | મકર | મનુજ | માનવી |
| ૧૨ | વાસુપૂજય | પદ્મ | પાડો | શતભિષા | કુંભ | કુમાન | ચંડા |
| ૧૩ | વિમલનાથ | સુવર્ણકાંતિ | સુવર | ઉ.ભાદ્રપદ | મીન | પણ્મુખ | વિદિતા |
| ૧૪ | અનંતનાથ | સુવર્ણકાંતિ | બાજ | રેવતી | મીન | પાતાલ | અંકુશી |
| ૧૫ | ધર્મનાથ | સુવર્ણકાંતિ | વજ્ર | પુષ્ય | કર્ક | કિન્નર | કંદર્પા |
| ૧૬ | શાંતિનાથ | સુવર્ણકાંતિ | મૃગ | ભરણી | મેષ | ગરુડ | નિર્વાણી |
| ૧૭ | કુંથુનાથ | સુવર્ણકાંતિ | બકરો | કૃતિકા | વૃષ | ગંધર્વ | બાલાઅચ્યુતા |
| ૧૮ | અરનાથ | સુવર્ણકાંતિ | નંદ્યાવર્ત | રેવતી | મીન | યક્ષેન્દ્ર | ધારિણી |
| ૧૯ | મલ્લિનાથ | નીલવર્ણ | કુંભ | અશ્વિની | મેષ | કુબેર | ધરણપ્રિયા |
| ૨૦ | મુનિસુવૃત | સુવર્ણકાંતિ | કૂર્મ | શ્રવણ | મકર | વરુણ | નરદત્તા |
| ૨૧ | નમિનાથ | સુવર્ણકાંતિ | નીલકમલ | અશ્વિની | મેષ | ભ્રકુટિ | ગંધર્વા– ગાંધારી |
| ૨૨ | નેમિનાથ | નીલવર્ણ | શંખ | ચિત્રા | કન્યા | ગોમેધ | અંબિકા |
| ૨૩ | પાર્શ્વનાથ | નીલવર્ણ | સર્પ | વિશાખા | તુલા | પાર્શ્વ | પદ્માવતી |
| ૨૪ | મહાવીર સ્વામી | સુવર્ણકાંતિ | સિંહ | ઉ.ફાલ્ગુન | કન્યા | માતંગ | સિદ્ધાપિકા |

પ્રસ્તુત ૨૪ તીર્થંકરોના યક્ષ–યક્ષિણીઓના સ્વરૂપ લક્ષણના વિવરણો પણ કર્યા છે.[(૩૮૨)] તેમજ જિનદેવના ૮ પ્રતિહારોના નામ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) ઈન્દ્ર | (૫) ધરણેન્દ્ર |
| (૨) ઈન્દ્રજય | (૬) પદ્મક |
| (૩) માહેન્દ્ર | (૭) સુનાભ |
| (૪) વિજય | (૮) સુરદુન્દુભિ |

આ આઠ પ્રતિહારોના આયુધો, દિશા આદિના નિર્દેશો કર્યા છે. જે પ્રતિહારો – *वीतरागे प्रकीर्तिताः नगरादिपुरग्रामे सर्वे विघ्नप्रणाशनाः ।।* [(૩૮૩)] છે. તો જિન પ્રભુના ૮ પ્રાતિહાર્ય આ પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) અશોક વૃક્ષ | (૫) સિંહાસન |
| (૨) પુષ્પવૃષ્ટિ | (૬) ભામંડલ |
| (૩) દિવ્યધ્વનિ | (૭) દેવદુન્દુભિ |
| (૪) ચામર | (૮) છત્ર |

આ ૮ પ્રતિહાર્ય પરિકરમાં સમન્વીત છે. અને પરિકરમાં દર્શાવેલ છે. આ ઉપરાંત જિનપ્રભુ સિંહાસન પ્રમાણ, ચામરધરા લક્ષણાદિ વિષયોનાં નિરુપણો છે અને પ્રતિમાં સંસ્કાર, પ્રતિમા દોષ, પ્રતિમા પ્રમાણ, પ્રતિમા પદસ્થાપન, પ્રતિમા દૃષ્ટિ નિર્ણય, આસનસ્થ પ્રતિમાઅંગ લક્ષણ, હીનાંગે દોષ લક્ષણ અને પરિકર વિશે શિવ–પાર્વતી સંવાદ આદિ વિષયો પણ વર્ણિત છે.

### ૪.૩.૪.૪ <u>વિદ્યા આદિ દેવીઓનું વર્ણન :</u>

વિશ્વકર્મા ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના ઉત્તરાર્ધમાં ' જિનકલ્પદ્રુમ્ ' નામના અધ્યાયમાં વિદ્યા આદિ ૧૬ દેવીઓના સ્વરૂપ–લક્ષણો વર્ણવે છે. જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

# વિદ્યાદેવી સ્વરૂપ – લક્ષણ

| ક્રમ | વિદ્યાદેવીના નામ | વાહન/આસન | વર્ણ | હથિયાર / આયુધો | ભુજા |
|---|---|---|---|---|---|
| ૧ | રોહિણી | ગાયનું વાહન | ગૌર | અક્ષમાલા, બાણ, ધનુષ, તલવાર | ચતુર્ભુજ |
| ૨ | પ્રજ્ઞપ્તિ | મયુરાસન | શ્વેત | વર,શક્તિ અને શકિત, માતુલિંગ | ચતુભુ જ |
| ૩ | વજ્રશૃંખલા | પદ્માસન | શંખસામન | વર,શૃંખલા અને શૃંખલા, મદ્મ | ચતુર્ભુજ |
| ૪ | વજ્રાકુંશા | હાથીનું આસન | સુવર્ણકાંતિ | વર, વજ્ર, અંકુશ અને માતુલિંગ | ચતુર્ભુજ |
| ૫ | ચક્રેશ્વરી | ગરુડનું વાહન | વીજળીસમાન | ચક્રયુકત ૪ હસ્ત | ચતુર્ભુજ |
| ૬ | નરદત્તા | ભેંસનું વાહન | સુવર્ણકાંતિ | વર,ખડગ,ઢાલ, અને માતુલિંગ | ચતુર્ભુજ |
| ૭ | કાલી | પદ્માસન | શ્યામ | અક્ષમાલા,ગદા, વજ્ર અને અભય | ચતુર્ભુજ |
| ૮ | મહાકાલી | પદ્માસન | શ્યામ | અક્ષમાલા,ગદા, વજ્ર અને અભય | ચતુર્ભુજ |
| ૯ | ગૌરી | ઘોનુ વાહન | સુવર્ણકાંતિ | વર, મૂસલ, અક્ષમાલા અને કમલ | ચતુર્ભુજ |
| ૧૦ | ગાંધારી | કમલાસન | નીલ | વર,મૂસલ,વજ્ર અને અભય | ચતુર્ભુજ |
| ૧૧ | મહાજવલા | બિલાડાનું વાહન | શ્વેત | અગ્નિની જવાળા | ચતુર્ભુજ |
| ૧૨ | માનવી | કમલાસન | શ્યામ | વર, પાશ, શાખા અને અક્ષમાલા | ચતુર્ભુજ |
| ૧૩ | વૈરોપ્યા | અજગરાસન | શ્યામ | ખડગ,સર્પ,ઢાલ અને સર્પ | ચતુર્ભુજ |
| ૧૪ | અચ્છુપ્તા | અશ્વનું વાહન | વીજળીસમાન | ખડ્ગ, બાણ ધનુષ, ઢાલ | ચતુર્ભુજ |
| ૧૫ | માનસી | હંસાસના | શ્વેત | વર,વજ્ર,અક્ષમાલા અને કંકણયુક્ત | ચતુર્ભુજ |
| ૧૬ | મહામાનસી | સિંહાસના | શ્વેત | વર,તલવાર,ઢાલ અને કુંડિકાયુક્ત | ચતુર્ભુજ |

જે પ્રમાણે જિનદેવીઓ અર્થાત્ વિદ્યા આદિ દેવીઓના સ્વરૂપ વર્ણન પછી વિશ્વકર્મા તેના આયુધોના ઉર્ધ્વ પ્રમાણ વિશે કહે છે કે આયુધો દેવીના કેશાન્તથી અધિક ઉંચા ન કરવા.

### ૪.૩.૪.૫ જિન પ્રાસાદ લક્ષણો અને પ્રકારો

વિશ્વકર્મા જિન પ્રાસાદોનું વર્ણન કરતા મેરુ પ્રાસાદ, ભદ્ર પ્રાસાદ, અનંતક પ્રાસાદ, દ્રાવિડ પ્રાસાદ, મહીધર પ્રાસાદ અને લતિન પ્રાસાદને ઉત્તમ ગણાવે છે અને તલનિર્માણ વર્ણવતા કહે છે કે –

– પ્રાસાદની ભીંતિ, બહારથી તેને લંબાઈ × પહોળાઈ ÷ ૧૬ = શેષ, શેષ બમણા કરી તેટલા વિભાગનું તલ. આ વિધિથી પ્રાસાદ તલ, વિભક્તિ અને નામકરણ જાણવું. જે વિશ્વકર્મા વર્ણવે છે.(૩૮૪) તે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

**જિન પ્રાસાદ લક્ષણો**

| ક્રમ | પ્રાસાદનું નામ | તલમાન | શૃંગ | તિલક |
|---|---|---|---|---|
| ૧ | કમલભૂષણ પ્રાસાદ | ૩૨ | ૧૧૧૭ | ૦ |
| ૨ | કામદાયક પ્રાસાદ | ૧૨ | ૨૩૭ | ૦ |
| ૩ | રત્નકોટિ પ્રાસાદ | ૯ | ૨૦૧ | ૦ |
| ૪ | અમૃતોદ્ભવ પ્રાસાદ | ૯ | ૨૦૧ | ૧૨ |
| ૫ | ક્ષિતિભૂષણ પ્રાસાદ | ૧૬ | ૫૩૩ | ૦ |
| ૬ | સુમતિજિન પ્રાસાદ | ૧૪ | ૨૦૧ | ૦ |
| ૭ | પદ્મપ્રભ પ્રાસાદ | ૨૦ | ૧૫૩ | ૦ |
| ૮ | પદ્મરાગ પ્રાસાદ | ૨૦ | ૧૫૩ | ૪ |
| ૯ | પુષ્ટિવર્દ્ધન પ્રાસાદ | ૨૦ | ૧૫૩ | ૧૨ |
| ૧૦ | સુપાર્શ્વ પ્રાસાદ | ૧૦ | ૫૭ | ૦ |
| ૧૧ | શ્રી વલ્લભ પ્રાસાદ | ૧૦ | ૬૯ | ૦ |
| ૧૨ | શીતલ પ્રાસાદ | ૩૨ | ૨૫૩ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | ચંદ્ર પ્રાસાદ | ૩૨ | ૨૫૩ | ૦ |
| ૧૪ | હિતુરાજ પ્રાસાદ | ૩૨ | ૨૫૩ | ૦ |
| ૧૫ | પુષ્પદન્ત પ્રાસાદ | ૨૪ | ૪૯ | ૦ |
| ૧૬ | શીતલ પ્રાસાદ | ૨૪ | ૩૩ | ૦ |
| ૧૭ | કીર્તિદાયક પ્રાસાદ | ૨૪ | ૩૭ | ૦ |
| ૧૮ | મનોહર પ્રાસાદ | ૨૪ | ૮૯ | ૦ |
| ૧૯ | શ્રેયાંસ પ્રાસાદ | ૧૬ | ૧૩ | ૧૨ |
| ૨૦ | સુકુલ પ્રાસાદ | ૧૬ | ૧૭ | ૧૨ |
| ૨૧ | કુલનંદન પ્રાસાદ | ૧૬ | ૨૧ | ૧૨ |
| ૨૨ | વાસુપૂજ્ય પ્રાસાદ | ૨૨ | ૨૫૭ | ૧૬ |
| ૨૩ | રત્નસંજય પ્રાસાદ | ૨૨ | ૨૫૭ | ૨૦ |
| ૨૪ | ધર્મદ પ્રાસાદ | ૨૨ | ૨૬૧ | ૨૦ |
| ૨૫ | વિમલ પ્રાસાદ | ૨૪ | ૭૭ | ૧૬ |
| ૨૬ | મુક્તિદ પ્રાસાદ | ૨૪ | ૮૫ | ૮ |
| ૨૭ | અનંત પ્રાસાદ | ૨૦ | ૪૫૩ | ૦ |
| ૨૮ | સુરેન્દ્ર પ્રાસાદ | ૨૦ | ૪૫૩ | ૮ |
| ૨૯ | ધર્મજિન પ્રાસાદ | ૨૮ | ૨૨૫ | ૧૨ |
| ૩૦ | ધર્મવૃક્ષ પ્રાસાદ | ૨૮ | ૨૩૩ | ૧૨ |
| ૩૧ | શ્રીલિંગ પ્રાસાદ | ૧૨ | ૧૮૯ | ૮ |
| ૩૨ | કામદાયક પ્રાસાદ | ૧૨ | ૧૯૩ | ૮ |
| ૩૩ | કુમુદ પ્રાસાદ | ૮ | ૬૯ | ૨૦ |
| ૩૪ | શક્તિદ પ્રાસાદ | ૮ | ૬૯ | ૨૮ |
| ૩૫ | હર્ષણ પ્રાસાદ | ૮ | ૭૩ | ૨૮ |
| ૩૬ | ભૂષણ પ્રાસાદ | ૮ | ૭૩ | ૩૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭ | કમલકંદ પ્રાસાદ | ૮ | ૨૧ | ૦ |
| ૩૮ | શૈલ પ્રાસાદ | ૮ | ૨૧ | ૪ |
| ૩૯ | અરિનાશન પ્રાસાદ | ૮ | ૨૫ | ૪ |
| ૪૦ | મહેન્દ્ર પ્રાસાદ | ૧૨ | ૧૮૧ | ૦ |
| ૪૧ | માનવેન્દ્ર પ્રાસાદ | ૧૨ | ૧૮૧ | ૮ |
| ૪૨ | પાપનાશન પ્રાસાદ | ૧૨ | ૧૮૧ | ૧૨ |
| ૪૩ | માનસંતુષ્ટિ પ્રાસાદ | ૧૪ | ૮૫ | ૦ |
| ૪૪ | મનોલ્યાચંદ્ર પ્રાસાદ | ૧૪ | ૮૫ | ૮ |
| ૪૫ | શ્રીભવ પ્રાસાદ | ૧૪ | ૧૦૧ | ૮ |
| ૪૬ | નમિશૃંગ પ્રાસાદ | ૧૬ | ૧૭૩ | ૧૨ |
| ૪૭ | સુમતિકીર્તિ પ્રાસાદ | ૨૬ | ૪૭૩ | ૦ |
| ૪૮ | સુરેન્દ્ર પ્રાસાદ | ૨૬ | ૪૮૧ | ૦ |
| ૪૯ | રાજેન્દ્ર પ્રાસાદ | ૨૬ | ૪૮૫ | ૦ |
| ૫૦ | નેમેન્દ્રેશ્વર પ્રાસાદ | ૨૨ | ૧૯૩ | ૪૦ |
| ૫૧ | યતિભૂષણ પ્રાસાદ | ૨૨ | ૨૦૯ | ૨૪ |
| ૫૨ | સુપુષ્પ પ્રાસાદ | ૧૨ | ૨૪૧ | ૨૪ |
| ૫૩ | પાર્શ્વ પ્રાસાદ | ૨૬ | ૧૧૩ | ૦ |
| ૫૪ | પદ્માવતિ પ્રાસાદ | ૨૬ | ૧૧૩ | ૪ |
| ૫૫ | રૂપવલ્લભ પ્રાસાદ | ૨૬ | ૧૧૩ | ૧૨ |
| ૫૬ | વીરવિક્રમ પ્રાસાદ | ૨૪ | ૨૨૧ | ૦ |
| ૫૭ | અષ્ટાપદ પ્રાસાદ | ૨૪ | ૨૨૧ | ૪ |
| ૫૮ | તુષ્ટિપુષ્ટિ પ્રાસાદ | ૨૪ | ૨૨૫ | ૪ |

### ૪.૩.૪.૬ <u>નાગર પ્રાસાદ સ્વરૂપ લક્ષણ</u>

**વિશ્વકર્મા નાગર પ્રાસાદોનું વર્ણન કરતા બ્રહ્મા, વિષ્ણુ, જિન, સૂર્ય અને શિવના પ્રિય પ્રાસાદોને યથા ક્રમે ઉલ્લેખ્યા છે.**

**(૧) બ્રહ્માને પ્રિય પ્રાસાદો :**

| ક્રમ | નામ | તલમાન | શૃંગ | તિલક |
|---|---|---|---|---|
| ૧ | પૂર્ણભદ્ર | ૨૦ | ૨ | ૧ |
| ૨ | સુભદ્ર | ૨૦ | ૩ | ૧ |
| ૩ | શ્રી શૈલ | ૨૦ | ૩ | ૧ |
| ૪ | કુમુદોદ્ભવ | ૨૦ | ૩ | ૧ |
| ૫ | સર્વતોભદ્ર | ૨૦ | ૧ | ૦ |

**(૨) વિષ્ણુને પ્રિય પ્રાસાદો :**

| ક્રમ | નામ | તલમાન | શૃંગ | તિલક |
|---|---|---|---|---|
| ૧ | કીર્તિપતાકા | ૨૨ | ૪ | ૦ |
| ૨ | ઋષિકૂટ | ૨૨ | ૧૬ | ૦ |
| ૩ | શ્રીવત્સ | ૨૨ | ૧૭ | ૧ |
| ૪ | વિજય | ૨૨ | ૧૭ | ૦ |
| ૫ | ગરુડ | ૨૨ | ૧૯ | ૦ |

**(૩) જિન પ્રિય પ્રાસાદો :**

| ક્રમ | નામ | તલમાન | શૃંગ | તિલક |
|---|---|---|---|---|
| ૧ | પદ્મરાગ | ૨૨ | ૯ | ૦ |
| ૨ | વિશાલાક્ષ | ૨૨ | ૧૦ | ૦ |
| ૩ | વિભવ | ૨૨ | ૧૧ | ૦ |
| ૪ | રત્નસંભવ | ૨૨ | ૧૨ | ૦ |
| ૫ | લક્ષ્મીકોટર | ૨૨ | ૧૧ | ૦ |

(૪) સૂર્યપ્રિય પ્રાસાદો :

| ક્રમ | નામ | તલમાન | શૃંગ | તિલક |
|---|---|---|---|---|
| ૧ | હંસ | ૨૮ | ૧૨ | ૦ |
| ૨ | ઐરાવત | ૨૮ | ૧૩ | ૦ |
| ૩ | ત્રિમુખ | ૨૮ | ૧૬ | ૦ |
| ૪ | પદ્મક | ૨૮ | ૧૭ | ૦ |
| ૫ | સ્વસ્તિક | ૨૨ | ૧૭ | ૦ |

(૫) શિવપ્રિય પ્રાસાદો :

| ક્રમ | નામ | તલમાન | શૃંગ | તિલક |
|---|---|---|---|---|
| ૧ | વૃષભ | ૩૨ | ૬૭ | ૦ |
| ૨ | ગિરિકૂટ | ૩૨ | ૮૪ | ૦ |
| ૩ | કૈલાસ | ૩૨ | ૮૫ | ૦ |
| ૪ | અમર | ૩૨ | ૮૬ | ૦ |
| ૫ | મહેન્દ્ર | ૩૨ | ૮૭ | ૦ |

આ પ્રમાણે બ્રહ્માદિ પંચદેવોના અનુક્રમે ૨૫ પ્રાસાદો વર્ણવ્યા છે. જે – *इदृशं कुरुते यस्तु धर्म कर्मार्थेदायकः ।* (૩૮૫)

## ૪.૩.૫ દેવતા મૂર્તિસ્વરૂપ લક્ષણ

વાસ્તુશાસ્ત્રના સ્થપતિ એવા વિશ્વકર્માએ ' દેવતામૂર્તિ સ્વરૂપ લક્ષણ ' નામનો ૧૩ મો અધ્યાય ઉત્તરાર્ધમાં આપ્યો છે. જેમાં અન્ય વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોના મતને ઉદ્ધૃત કરી ગણેશાદિ દેવો અને સરસ્વતી આદી દેવીઓના નામ, સ્વરૂપ, લક્ષણોનો ખૂબ જ વિસ્તારથી નિર્દેશ કર્યો છે. જેને હું અહીં સંક્ષેપમાં ઉલ્લેખુ છું.

## <u>ગણેશ</u>

| ક્રમ | નામ | વાહન | વર્ણ | મુખ | આયુધ | ભુજા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગણેશ | ઉંદર | — | હસ્તિમુખ | ફરસી,કમલ,લાડુ | ૪ |
| ૨ | હેરંબ | — | — | ૫ | વરદ,અંકુશ,દંત,ફરશુ, કપાલ,બાણ,માલા,ગદા | ૮ |
| ૩ | વક્રતુંડ | — | — | — | વરદ,પાશ,અંકુશ,અભય, | ૪ |
| ૪ | બાલગણપતિ | ઉંદર | રક્ત | — | કેળા,મોદક | ૨ |
| ૫ | તરુણગણપતિ | — | રક્ત | — | વરદ, પાશ, અંકુશ, દંત | ૪ |
| ૬ | ભક્તગણપતિ | — | શ્વેત | ચંદ્રયુક્ત | નાળીયેર,અંકુશ,ફરસી,લાડું | ૪ |
| ૭ | વીરગણપતિ | — | રક્ત | — | ઢાલ આદિ અને ગદા આદિ | ૧૬ |
| ૮ | શક્તિ | — | સિંદુર | — | અભય,પાશ,સુણી, અભય | ૪ |
| ૯ | દ્વિજ | — | શ્વેત | — | પુસ્તક,અક્ષમાલા,દંડ,કમંડલ | ૪ |
| ૧૦ | સિદ્ધ | — | પિંગ | — | ફળ,પુષ્પ,શેરડી, લાડુ | ૪ |
| ૧૧ | ઉચ્છિષ્ઠ | — | નીલ | — | નીલકમળ,દાડમી,વીણા,ગુંજામાલ | ૪ |
| ૧૨ | વિઘ્ન | — | સુવર્ણ | — | શંખ,શેરડી,કુસુમ,કુહાડો,પાશ, ચક્ર,દંત, સૂણિ, મંજરી, શર | ૧૦ |
| ૧૩ | ક્ષિપ્ર | — | રક્ત | — | દંત,કલ્પલતા, પાશ, રત્ન, કુંભ, અકુંશ | ૬ |
| ૧૪ | હેરંબ | — | ગૌર | — | અભય, પાશ,દંત, અક્ષમાલા, સુણિ, ફરશી,મુદ્ગર, મોદક | ૮ |
| ૧૫ | લક્ષ્મી | — | ગૌર | — | બીજોરું, માણેકકુંભ, અંકુશ, પાશ, કલ્પલતા, ખડગ | ૬ |
| ૧૬ | મહાગણપતિ | — | ગૌર | — | બીજોરું,ગદા,અક્ષસૂત્ર,ધનુષ્ય,ચક્ર, કલશ,કમલ,પાશ,કમલ,રત્નકલશ | ૧૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૭ | વિજયગણપતિ | — | રક્ત | — | પાશ,અંકુશ, કુહાડી, દંત | ૪ |
| ૧૮ | ઉર્ધ્વ ગણપતિ | — | કનક | | ફરશી,કમલ,અક્ષસૂત્ર, બાણ, ધનુષ, દંત | ૬ |
| ૧૯ | એકાક્ષર ગણપતિ | — | રક્ત | — | અભય,પાશ,અંકુશ, વરદ | ૪ |
| ૨૦ | વરગણપતિ | — | — | — | પાશ, અંકુશ, મધુપાત્ર, મસ્તક | ૪ |
| ૨૧ | અક્ષરગણપતિ | — | સુવર્ણ | ગજમુખ | વરદ,પાશ, અંકુશ, મોદક | ૪ |
| ૨૨ | ક્ષિપ્રગણપતિ | — | — | — | વરદ,પાશ,અંકુશ,કલ્પલતા, વરદ, બીજોરૂ | ૬ |
| ૨૩ | હરિદ્રાગણપતિ | | હરિદ | | પાશ,અંકુશ, મોદક, દંત | ૪ |
| ૨૪ | એકદંત ગણપતિ | | શ્યામ | | ફરશી,અક્ષસૂત્ર, દંત, લાડુ | ૪ |
| ૨૫ | સૃષ્ટિગણપતિ | | રક્ત | | પાશ, અંકુશ, દંત, ફળ | ૪ |
| ૨૬ | ઉદંડગણપતિ | | રક્ત | | કુહાડો,કમલ,બીજોરું, ગદા, દંત, બાણ,મણીકુંભ,કમલ, પાશ, ધનુષ્ય, સૂણિ, કમલ | ૧૨ |
| ૨૭ | છણ મોચક | | શ્વેત | | પાશ, અંકુશ, દંત, કમળ | ૪ |
| ૨૮ | ઢુડિ ગણપતિ | | રક્ત | | અક્ષમાલા, કુહાડો, દંત, કમલ | ૪ |
| ૨૯ | દ્વિમુખગણપતિ | | હરિ | ૨ | દંત, પાશ,અંકુશ, રત્નપાત્ર | ૪ |
| ૩૦ | ત્રિમુખગણપતિ | | રક્ત | ૩ | અસિ, અંકુશ, વરદ, પાશ, અમૃતકુંભ, અભય | ૬ |
| ૩૧ | સિંહગણપતિ | | શ્વેત | | વિણા, કલ્પલતા, વરદ, મુદ્ગર, રત્નકલશ, અભય | ૬ |
| ૩૨ | યોગ ગણપતિ | યોગારુઢ | રક્ત | | પાશ, યોગદંડ | ૨ |
| | | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૩ | દુર્ગાગણપતિ | | કનક | | અંકુશ,શર,અક્ષમાલા, દંત, પાશ, ધનુષ્ય, લતા, કમળ | ૮ |
| ૩૪ | સંકષ્ટહર ગણપતિ | | રક્ત | | અંકુશ, વરદ,પાશ, જલપાત્ર | ૪ |
| ૩૫ | વિનાયક ગણપતિ | | રક્ત | | સ્વદંત, પરશું, કમળ, લાડું | ૪ |

આજ રીતે વિશ્વકર્મા ૧૭ સુબ્રહ્મણ્ય (કાર્તિક સ્વામી)ના નામોનો, સ્વરૂપાદિ સહિત નિર્દેશ કરે છે. તેના ૧૭ નામો આ પ્રમાણે છે.

(૧) જ્ઞાન શકિત સુબ્રહ્મણ્ય
(૨) સ્કંધ સુબ્રહ્મણ્ય
(૩) અગ્નિજાત
(૪) સૌરભેય
(૫) ગાંગેય
(૬) શરવણોદ્‌ભવ
(૭) કાર્તિકેય
(૮) કુમાર
(૯) ષણ્મુખ
(૧૦) તારકાદિ
(૧૧) સેનાની
(૧૨) ગૃહ
(૧૩) બ્રહ્મચારી
(૧૪) દેશિક
(૧૫) કૌચ
(૧૬) શિખિવાહ
(૧૭) વેલાયુધ

આ ઉપરાંત અગ્નિપુરાણના મતે કાર્તિક સ્વામીનું સ્વરૂપ ૧૨ ભુજા, ૬ મુખ, મયુરવાહન અને શક્તિ, ત્રિશૂલ, પાશ, ખડગ, બાણ, તર્જની, મોરપીંછ, ધનુષ્ય, ખેટ, પતાકા, અભય અને કુકડો એ આયુધોમુક્ત બતાવ્યું છે. તો –

નૂતન ઉદય પામતા સૂર્યની જેવી કાન્તિવાળા તથા કમળના ઉદર સમાન સુકુમાર, સર્વ આભૂષણ યુક્ત, મયુર વાહન અને ખેટ તથા નગરમાં ૧૨ ભુજા, કર્વટમા ૪ ભુજા, નાના ગામમાં ૨ ભુજા અને

૧૨ ભુજામાં શક્તિ, પાશ, ખડ્ગ, બાણ, ત્રિશુલ, વરદ, ધનુષ્ય, પતાકા, મુષ્ટિ, તર્જની, ઢાલ, કુકડો આદિ આયુધો યુક્ત સ્વરૂપનો નિર્દેશ છે.

<u>આઠ ભૈરવ</u>

| ક્રમ | નામ | સ્વરૂપ |
|---|---|---|
| ૧ | ભૈરવ | લાંબુ ઉદર, પિંગલ લોચન, વિકરાણ દાંત, ફૂલેલી નાસિકા, મસ્તકની માલા, રૌદ્રરૂપ, સર્પના આભૂષણો, ગજ ચર્મ ધારણ, બાહુ–બાહુ યુક્ત, સર્વજાતના આયુધોથી વિભૂષિત, તિક્ષણનખ, દેવી પાર્વતીની સન્મુખ રહેનાર, શ્વેત તથા રક્તવર્ણ અને માતૃગણ મુખ્ય મહાકાલ જાણવો. તે અનેક રૂપ ધરે છે. |
| ૨ | મહાભૈરવ | |
| ૩ | ચન્ડ ભૈરવ | |
| ૪ | રુદ્ર ભૈરવ | |
| ૫ | કપાલ ભૈરવ | |
| ૬ | આનંદ ભૈરવ | |
| ૭ | કંકાલ ભૈરવ | |
| ૮ | બટુક ભૈરવ | |

આ ઉપરાંત તત્ત્વનિધિમાં ભૈરવના સ્વછંદ આદિ ૬૪ નામોનો ઉલ્લેખ છે. [(૩૮૬)] તે અહીં વિશ્વકર્માએ ઉદ્ધૃત કર્યા છે.

<u>ઘંટાકર્ણ દેવ</u> નું સ્વરૂપ આ પ્રમાણે સ્પષ્ટ કર્યુ છે.

– ૨ ભુજા, જટામુકુટ, કાનમાં ઘંટા, બંને ભુજામાં ચડાવેલ ધનુષ્ય, જમણા પગે વજ્ર અને ડાબા પગ પાસે ગદા યુકત છે.

તો અગ્નિપુરાણના મતે પાપ અને રોગનાશક ૧૮ ભુજા યુક્ત ઘંટાકર્ણના સ્વરૂપનો નિર્દેશ છે. [(૩૮૭)] અને લોકપાલ આદિના સ્વરૂપો પણ વર્ણવે છે.

આ ઉપરાંત મેનકા, લીલાવતી આદિ ૩૨ <u>દેવાંગનાઓના</u> નામોનો ઉલ્લેખ પણ અહીં દેવતામૂર્તિ સ્વરૂપ લક્ષણાધિકાર નામના અધ્યાયમાં કર્યો છે અને <u>મહાકાલીનું</u> સ્વરૂપ દેવી ભાગવત અને માર્કંડેય પુરાણ ના મતે ઉલ્લેખ છે.

## મહાકાલી

| દેવી ભાગવત | માર્કંડેય પુરાણ | તત્ત્વનિધિ |
|---|---|---|
| ભુજા – ૧૦ | ૧૦ | ૧૦ |
| પગ – ૧૦ | ૧૦ | ૧૦ |
| મસ્તક – ૧૦ | ૧૦ | – |
| નેત્ર – ૦૩ | ૦૩ | – |
| વર્ણ – શ્યામ | નીલમણી જેવી કાંતિ | નીલવર્ણ |
| આયુધો – ખડ્ગ,બાણ, ગદા, શૂલ, ચક્ર, શંખ, ભુશુણ્ડિ, પરિઘ,ધનુષ્ય, લોહી ટપકતું મસ્તક | ખડ્ગ, ચક્ર, ગદા, બાણ અને ધનુષ્ય. પરિઘ, ત્રિશુલ, ભુશુણ્ડિ, મસ્તક અને શંખ | ખડ્ગ, ચક્ર, ગદા, બાણ અને ઢાલ. શૂલ, ભુશુણ્ડિ, મસ્તક, શંખ અને ધનુષ્ય |

## મહાલક્ષ્મી

| બ્રહ્મ વૈ. પુરાણ | માર્કંડેય પુરાણ | શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ | |
|---|---|---|---|
| ભુજા–૧૮ | ૧૮ | ૪ | ૪ |
| વર્ણ – મુખ ગૌર,ભુજા શ્યામ, સ્તનશ્વેત | – | – | – |
| આસન – કમલાસના | – | – | – |
| આયુધ – અક્ષમાલા, પરશુ, ગદા, બાણ,વજ્ર,પદ્મ,ધનુષ્ય, કુણ્ડિકા, દંડ અને સસિ, ખડ્ગ, ઢાલ, શંખઘણ્ટા, સુરાપાત્ર, ત્રિશૂલ, પાશ, સુદર્શન | અક્ષમાલા,કમલ, બાણ,ખડગ,વજ્ર, ગદા,ચક્ર,ત્રિશૂલ, પરશુ અને શંખ, ઘંટા,પાશ,શક્તિ, દંડ,ઢાલ,ધનુષ્ય, સુરાપાત્ર,કમંડલ | પાનપાત્ર, ગદા, ખેટ, શ્રીફળ | વરદ,કમલઅને કમલ, શ્રીફળ |

## સરસ્વતી

વિશ્વકર્મા મહાવિદ્યા સરસ્વતીનું સ્વરૂપ આ પ્રમાણે આપે છે.

૮ ભુજા, મુકુટ ધારિણી, તેજામંડળ યુક્ત, કુંડલ યુક્ત અને દક્ષિણ હસ્તમાં – અક્ષમાલા, પદ્મ, વીણા, પુસ્તક અને વામ હસ્તમાં – વરદ , અક્ષમાલા, પદ્મ, પુસ્તક.

## જ્ઞાનપ્રકાશદીપાર્ણવમાં સરસ્વતીના ૧૨ નામો

| ક્રમ | નામ | દક્ષિણહસ્ત | વામ | ભુજા | મુખ | વાહન |
|---|---|---|---|---|---|---|
| ૧ | સરસ્વતી | માળા, કમળ | વીણા, પુસ્તક | ૪ | ૧ | હંસ/ મયુર |
| ૨ | સરસ્વતી | પુસ્તક, માળા | વીણા, પદ્મ | ૪ | ૧ | " |
| ૩ | કમલારૂક્ષમણ ી | વરદ, માળા | કમળ, પુસ્તક | ૪ | ૧ | " |
| ૪ | જયા | વરદ, કમળ | પુસ્તક, માળા | ૪ | ૧ | " |
| ૫ | વિજયા | વરદ, માળા | પુસ્તક, કમળ | ૪ | ૧ | " |
| ૬ | સારંગી | વરદ, પુસ્તક | માળા, કમળ | ૪ | ૧ | " |
| ૭ | તુંબુરી | કમળ, માળા | વીણા, પુસ્તક | ૪ | ૧ | " |
| ૮ | નારદી | વરદ, પુસ્તક | વીણા, કમળ | ૪ | ૧ | " |
| ૯ | સર્વમંગલા | માળા, કમળ | વીણા , પુસ્તક | ૪ | ૧ | " |
| ૧૦ | વિદ્યાધરી | કમળ, માળા | વીણા, પુસ્તક | ૪ | ૧ | " |
| ૧૧ | સર્વવિદ્યા | માળા, કમળ | પુસ્તક, અભય | ૪ | ૧ | " |
| ૧૨ | નારદીદેવી | અભય, કમળ | પુસ્તક, માળા | ૪ | ૧ | " |

## દેવતા મૂર્તિ પ્રકરણમાં સરસ્વતીના ૧૨ નામો. (૩૮૮)

| ક્રમ | નામ | ભુજા | વામહસ્ત | દક્ષિણહસ્ત |
|---|---|---|---|---|
| ૧ | મહાવિદ્યા | ૪ ભુજા | વીણા, પુસ્તક | માલા, કલમ |
| ૨ | મહાવાણી | ૪ ભુજા | વીણા, કલમ | માલા, પુસ્તક |
| ૩ | ભારતી | ૪ ભુજા | કમલ, પુસ્તક | વરદ, માલા |
| ૪ | સરસ્વતી | ૪ ભુજા | માલા, પુસ્તક | વરદ, કમલ |
| ૫ | આર્યા | ૪ ભુજા | પુસ્તક, કમલ | વરદ ,માલા |
| ૬ | બ્રાહ્મમી | ૪ ભુજા | માલા, પદ્મ | વરદ, પુસ્તક |
| ૭ | કામધેનુ | ૪ ભુજા | વીણા, પુસ્તક | વરદ, પદ્મ |
| ૮ | વેદગર્ભા | ૪ ભુજા | વીણા, કમલ | વરદ, પુસ્તક |
| ૯ | ઈશ્વરી | ૪ ભુજા | કમલ, પુસ્તક | માલા, અભય |
| ૧૦ | મહાલક્ષ્મી | ૪ ભુજા | પુસ્તક, અભય | માલા, કમલ |
| ૧૧ | મહાકાલી | ૪ ભુજા | પુસ્તક, અભય | માલા, કમલ |
| ૧૨ | મહાસરસ્વતી | ૪ ભુજા | વીણા, પદ્મ | માલા, પુસ્તક |

આ ઉપરાંત અગ્નિપુરાણના મતે ૨૦ ભુજા યુક્ત ચામુંડેશ્વરી, મહિષઘાતની ૨૮ ભુજાયુક્ત અને સિંહવાહની ચામુંડા (૩૮૯) , ૨૦ ભુજા યુક્ત ચંડી (૩૯૦) , ૧૦ ભુજા યુક્ત ચંડી, ૧૮ ભુજાવાળી દુર્ગા (૩૯૧) , ચંદ્ર મુકુટ અને ૮ ભુજાવાળી દુર્ગા ના વિશ્વકર્માએ વિધાનો કર્યા છે.

૮ ભુજાવાળી, ત્રિનેત્ર અને અંકુશાદિ આયુધોથી વિભુષિત ભુવનેશ્વરી અને નવ દુર્ગાના નામનો આ પ્રમાણે નિર્દેશ છે.

(૧) શૈલપુત્રી
(૨) બ્રહ્મચારિણી
(૩) ચંદ્રઘંટા
(૪) કુષ્માંડા
(૫) સ્કંધમાતા
(૬) કાત્યાયની
(૭) કાલરાત્રી
(૮) મહાગૌરી
(૯) સિદ્ધદાત્રી

## <u>સાતમાત્રિકા</u>

(૧) ગૌરી (૫) લક્ષ્મી

(૨) બ્રાહ્મી (૬) વારાહી

(૩) શાંકરી (૭) ઐન્દ્રી

(૪) કૌમારી

તેમા નવ દૂર્ગા અને સપ્તમાત્રિકાના સ્વરૂપોના પણ વર્ણનો કર્યા જે હું પ્રકરણ ગુરુતાના ભયથી અહીં વર્ણવતી નથી.

## <u>ચામુંડા</u>

| <u>રુદ્ર ચામુડા</u> | <u>મહિષાસુર મર્દિની</u> | <u>રક્ત ચામુંડા</u> |
|---|---|---|
| ૮ ભુજા, ગજમર્મ અને દ. ધનુષ્ય,ઢાલ, પતાકા, અભય વા.મસ્તક, કાતર શુલ, પાશ ધારણ કરતી અને રુદ્ર મૂર્તિ નૃત્ય કરતી. | ૧૨ ભુજા, ત્રિભંગી, મહિષાસુરને હણતી, રક્ત રંગીત અને ત્રિશુલ આદિ આયુધોથી વિભૂષિત (ત્રિશૂલ) ખડ્ગ, ચક્ર, બાણ, પદ્મ, શક્તિ,ઢાલ, ધનુષ્ય, પાશ, અંકુશ, ઘંટા, દૈત્યકેશ) નીચે મસ્તવિહિન પાડો. | ૧૦ ભુજા, વિકરાણ દાઢો, શુષ્કદેહ, ઊંડી આંખો, ભયંકર સ્વરૂપ, મુડદા પર બેઠેલ, ભયંકર રક્ત અને મુશલ, ચક્ર, બાણ અંકુશ, ખડ્ગ,ઢાલ,પારા,ધનુષ્ય, દંડ, કુહાડીથી વિભૂષિત. |

૨૪ પાર્વતીના ગૌરી સ્વરૂપોનું નિરુપણ જ્ઞાનપ્રકાશ દીપાર્ણવના મતે આપ્યું છે.(૩૯૨)

## <u>૧૨ ગૌરી</u>

દેવતામૂર્તિ પ્રકરણના મતે ઉમા, પાર્વતી, ગૌરી, લલિતા, શ્રિયા, કૃષ્ણા, હિમવંતી, રંભા, સાવિત્રી, ત્રિખંડા, તોતલા, ત્રિપુરા. આ ૧૨ ગૌરી નામ અને તેના સ્વરૂપોનો નિર્દેશ છે.(૩૯૩)

તો જયાદિ ૪ દેવીઓ (૧) જયાદેવી (૨) વિજયાદેવી (૩) અજિતાદેવી (૪) અપરાજિત દેવી નું ૪ ભુજા, અભય, પાશ. અંકુશ, મુદ્ગલથી વિભૂષિત છે. અને (૧) જયા (૨) વિજયા (૩) જયન્તી અને અપરાજિતા એ ચાર દેવીઓ ચતુર્મુખ અને બે ભુજા યુકત પણ છે.(૩૯૪)

<u>જગદંબા</u>

ચતુર્ભુજ, સૂર્યની કાંતિ, લાલ સાડી, મુંડ માળા, સ્તનો પર લાલ ચંદનનો લેપ, ત્રિનેત્ર, મુકુટમાં અર્ધચંદ્ર, કમલાસના અને જયમાળા , પુસ્તક, અભય, કમળથી વિભુષિત.

<u>પદ્માવતી</u>

(૧) નાગરાજ પર બેઠેલ, નાગફળાની માળા, ચતુર્ભુજ

(૨) કુડક મુખ, સર્પવાહન, સર્પનું છત્ર અને ચોવીશ ભુજા યુક્ત

તેમજ માતંગી, ભવાનીદેવી, અર્ધેશ્વરી, કામેશ્વરી શિવાદેવી, નંદજાદેવી ના રૂપ વર્ણનો માર્કંડેય પુરાણમાં વર્ણિત છે. અને રક્તદંતિકા, શાકંભરી , ભીમાદેવી, ભ્રામરીદેવી, પ્રાણ, શક્તિ, બ્રહ્મશાંતિ, તોતલા, ત્વરિતા, નિત્યા, ત્રિપુરા, કામસાધિની, ત્રિપુરાભૈરવી, શાંતિદેવી આદિ દેવીઓના સ્વરૂપો વિશ્વકર્માએ આપ્યા છે.

તો અપરાજિત પૃચ્છામાં વર્ણિત ચામુંડા, પંચલીલાદેવીના ઉલ્લેખો પણ કર્યા છે. અને –

| | |
|---|---|
| → કાત્યાયની | ૧૦ ભુજા,સિંહ વાહન, મહિષપર બેસનાર, શલ,ખડ્ગ,વજ્ર, ચક્ર, બાણ અને ધનુષ્ય,ઢાલ મસ્તક, ઘંટા, અંકુશ. |
| → હરસિદ્ધિ | ૪ ભુજા, કમંડલ, તલવાર, ડમરુ, જલપાત્ર |
| → ત્રિમાત્રિકા | (૧) ગૌરી – ઘો વાહન |
| | (૨) લીલીયા – હંસ વાહન |
| | (૩) દુર્ગા – સિંહારુઢ |
| → યોગેશ્વરી | ૪ ભુજા, ખડ્ગ, પાત્ર, મુશળ, હળધારિણી |
| → ક્ષેમંકરી | ૪ ભુજા, ક્ષેમ–આરોગ્ય આપનાર, વર, ત્રિશૂલ, પદ્મ, જલપાત્ર |

→ ભૂમિ શુકલવર્ણ, દિવ્યાભરણ, ૪ ભુજા, ચંદ્ર જેવું મુખ, શ્વેત વસ્ત્ર, રત્ન પાત્ર,શય્યાપાત્ર, ઔષધીયપાત્ર, કમલ

→ આકાશ ૨ ભુજા, નીલવર્ણ, ચંદ્ર, સૂર્ય ધારણ કરેલ

→ ગંગા ૨ ભુજા, શ્વેતવર્ણ, મકરવાહન, કુંભ, કમળ

→ જમના ૨ ભુજા, શ્યામવર્ણ, કૂર્મવાહન, કુંભ, વરદ

→ ગોદાવરી ૨ ભુજા, ગુલાબીવર્ણ, મચ્છવાહન, કુંભ, કમળ

→ કૃષ્ણા ૨ ભુજા, શ્યામવર્ણ, શંખવાહન, કુંભ, વરદ

→ નર્મદા ૨ ભુજા, કનકવર્ણ, મકરવાહન, કુંભ, કમળ

→ તાપી ૨ ભુજા, રક્તવર્ણ, મચ્છવાહન, કુંભ, વરદ

→ વેણી ૨ ભુજા, રક્તવર્ણ, કૂર્મવાહન, કુંભ, કમળ

→ સરસ્વતી ૨ ભુજા, મૌતિકવર્ણ, કમલાસન, કુંભ, કમળ

→ રાજરાજેશ્વરી ૪ ભુજા, સિંદૂરવર્ણ, પ્રેતવાહન, પાશ,અંકુશ,ધનુષ,બાણ

## નવદુર્ગા

| ક્રમ | નામ | ભુજા | વાહન | આયુધ |
|---|---|---|---|---|
| ૧ | મહાલક્ષ્મી | ૪ | હસ્તી | વર, ત્રિશૂલ, ઢાલ , જલપાત્ર |
| ૨ | નન્દા | ૪ | સિંહ | ખડ્ગ, અક્ષસૂત્ર, ઢાલ, જલપાત્ર |
| ૩ | ક્ષેમકારી | ૪ | સિંહ | વર, ત્રિશૂલ, કમળ, જલપાત્ર |
| ૪ | શિવદૂતિ | ૪ | સિંહ | કમંડલ, ચક્ર, ઢાલ, જલપાત્ર |
| ૫ | મહાચન્ડા | ૪ | સિંહ | ખડ્ગ, ત્રિશૂલ,ઘંટા, ઢાલ |
| ૬ | ભ્રમરી | ૪ | સિંહ | ખડ્ગ, ડમરુ, ઢાલ, જલપાત્ર |
| ૭ | સર્વમંગલા | ૪ | સિંહ | અક્ષસૂત્ર, વજ્ર, ઘંટા, જલપાત્ર |
| ૮ | રૈવતી | ૪ | સિંહ | દંડ, ત્રિશૂલ, ખટવાંગ, જલપાત્ર |
| ૯ | હરસિદ્ધિ | ૪ | સિંહ | કમંડલ, ખડ્ગ, ડમરુ, જલપાત્ર |

નવદુર્ગાના સ્વરૂપના સ્વરૂપના વિધાનો પછી અષ્ટદિશામાં રહેલ ૮–૮ યોગીની ના નામ અને સ્વરૂપોનો તત્ત્વનિધિના મતે નિર્દેશ છે. [૩૯૫]

આ ઉપરાંત ૧૬ માતૃકા, દેવસેના માતૃકા, ૬૪ કલા સ્વરૂપ, શીતલા, તુલસી, અન્નપૂર્ણા, ગાયત્રી, બ્રહ્મા, સાવિત્રી, બ્રહ્માયતન, ચતુર્વેદ સ્વરૂપ, નૃત્યશાસ્ત્ર, વિશ્વકર્મા, ઋષિ, ૧૨ સૂર્યમૂર્તિના સ્વરૂપો, પંચદેવ પ્રતિષ્ઠા, ગ્રહ સ્વરૂપ, અષ્ટદિક્ પાલ સ્વરૂપ–લક્ષણ, વિષ્ણુમૂર્તિ સ્વરૂપ–લક્ષણ, મત્સ્ય, કૂર્મ, વારાહ સ્વરૂપ, શાલિગ્રામ, ચક્ર વગેરે આયુધો, વૈકુંઠ આદિ લોક, શિવમૂર્તિ – શિવલિંગ શિવ–પાર્વતી યુગ્મ સ્વરૂપ અને ૮ આયોના સ્વરૂપો આદિના નિર્દેશો અહીં પ્રસ્તુત ગ્રંથમાં વિસ્તારથી કરેલ છે.

આમ કહી શકાય છે વિશ્વકર્માએ વાસ્તુના ત્રણ પ્રવાહોમાંથી દેવવાસ્તુને વધારે મહત્વ આપ્યું છે. અને દેવતા સ્વરૂપ લક્ષણોમાં અન્ય વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોના મતને ગ્રહણ કરી સમગ્ર દેવ–દેવીઓ, નંદીઓ, ગ્રહો, આયોધુ, વેદ, ઋષિ આદિના સ્વરૂપો આપ્યા છે. જેનો વિસ્તાર હું અહીં ગ્રંથ વિસ્તૃતિના ભયથી કરતી નથી.

### ૪.૩.૬ <u>પ્રતિષ્ઠા વિધાન</u>

વિશ્વકર્મા દેવવાસ્તુશાસ્ત્ર સાથે જનવાસ્તુને પણ તત્ત્વતઃ વર્ણવે છે. જેના વિધાનો ગ્રંથના પૂર્વભાગમાં કરેલ છે અને ગ્રંથના અંતિમ ભાગમાં પુનઃ તે વિચારને દોહરાવતા પ્રતિષ્ઠા વિધાન કરે છે. જેમકે –

(અ) ગૃહ પ્રવેશ વિચાર :

પ્રતિષ્ઠાવિધાન કરતા વિશ્વકર્મા, ' મુહુર્તમાંર્તણ્ડ ' ના મતને ઉધ્ધૃત કરતા ગૃહારંભના (વૈશાખ, શ્રાવણ, માર્ગશીર્ષ, પૌષ, ફાલ્ગુન) ના માસ, વાર, નક્ષત્ર અને ઉત્તરાયણના સૂર્યને શુભ ગણાવે છે. તો પ્રવેશ માટે વારનો નિર્દેશ કરતા –

*गुरू शुक्रबुधारव्येषुवारेषुचसुखार्थदम् ।*

*प्रवेशे तुं शनौ स्थैर्य किंचि चौरभयं भवेत् ।।* [૩૯૬]

કહીને – ગુરુ, શુક્ર, બુધ અને શનિવારમાં પ્રવેશને શુભ ગણાવ્યો છે અને શનિમાં જરાક ચોરભયનો નિર્દેશ કર્યો છે. તેમજ ચૈત્રમાસ ૧, ૪, ૯, ૧૪, ૩૦ તિથિઓ, રવિ અને મંગળવાર અને ખરાબ ચંદ્રમાનો ત્યાગ કરવો.

## પ્રવેશ માસ ફળ (૩૯૭)

| માસ | ફળ |
|---|---|
| માઘ | ધનલાભ |
| ફાલ્ગુન | પુત્ર–ધનલાભ |
| ચૈત્ર | ધનહાનિ |
| વૈશાખ | ધન–ધાન્ય લાભ |
| જયેષ્ઠ | પશુ, પુત્ર લાભ |
| અષાઢ | હાનિ – શત્રુભય |
| શ્રાવણ | હાનિ – શત્રુભય |
| ભાદ્રપદ | હાનિ – શત્રુભય |
| અશ્વિન | હાનિ – શત્રુભય |
| પૌષ | હાનિ – શત્રુભય |

તેમજ શુકલ પક્ષમાં વૃદ્ધિ અને કૃષ્ણપક્ષની ૧૦ મી સુધી પ્રવેશ લાભપ્રદ છે. તેમજ ગ્રહ અને રાશિ વિચારનો નિર્દેશ આ પ્રમાણે છે.

સૂર્ય – મીનાદિ ૩–૩ રાશિની ૩–૩ સંક્રાંતિએ પૂર્વાદિ દિશામાં અનુક્રમે જાણવો.

વત્સ – કન્યાદિ ૩–૩ રાશિની ૩–૩ સંક્રાંતિએ પૂર્વાદિ દિશામાં અનુક્રમે જાણવો.

રાહુ – ધનાદિ૩–૩ રાશિની ૩–૩ સંક્રાંતિએ પૂર્વાદિ દિશામાં અનુક્રમે જાણવો.

ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, અને શનિ આ છ ગ્રહો – સિંહાદિ ૩–૩ રાશિની ૩–૩ ની સંક્રાંતિએ પૂર્વાદિ દિશામાં જાણવા.

( આ ગ્રહો સન્મુખ પ્રવેશ તજવો)

## <u>વત્સચક્ર</u>

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | **<u>ઉત્તર</u>** | | | |
| | | **મિથુન** | **કર્ક** | **સિંહ** | |
| | **વૃષભ** | | | | **કન્યા** |
| **<u>પશ્ચિમ</u>** | **મીન** | | વત્સચક્ર ગૃહ ભૂમિ | | **તુલા** | 
| | **મેષ** | | | | **વૃશ્ચિક** |
| | | **કુંભ** | **મકર** | **ધન** | |
| | | **<u>દક્ષિણ</u>** | | | |

Right side (East): **<u>પૂર્વ</u>**

## <u>રાહુચક્ર</u>

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | **<u>ઉત્તર</u>** | | | |
| | | **કન્યા** | **તુલા** | **વૃશ્ચિક** | |
| | **સિંહ** | | | | **ધન** |
| **<u>પશ્ચિમ</u>** | **કર્ક** | | રાહુચક્ર ગૃહ ભૂમિ | | **મકર** |
| | **મિથુન** | | | | **કુંભ** |
| | | **વૃષભ** | **મેષ** | **મીન** | |
| | | **<u>દક્ષિણ</u>** | | | |

Right side (East): **<u>પૂર્વ</u>**

તેમજ વિશ્વકર્માએ નક્ષત્ર વિચારને પ્રસ્તુત કરતા અહીં કળશચક્રનો નિર્દેશ કર્યો છે.[૩૯૮] તો *त्याज्यं होलाष्टकं बुधैः ॥* [૩૯૯] કહીને હોલાષ્ટકમાં શુભ કાર્ય ન કરવાનો નિર્દેશ કર્યો છે.

વાવ, કૂવા, તળાવ, યજ્ઞ, યાત્રા, ચૌલ, દેવપ્રતિષ્ઠા, યજ્ઞોપવિત, વિદ્યારંભ, ગૃહકર્મ, કર્ણવેધન, મહાદાન, ગુરુસેવા, તીર્થસ્નાન, વિવાહ, દેવમંદિર, મંત્રોપદેશ અને દેવના દર્શન એ સર્વ કાર્યો <u>ગુરુ અને શુક્રના અસ્તમાં</u> અને <u>સિંહ અને મકરરાશિના ગુરુમાં ત્યાગવા</u> [૪૦૦] કહ્યું છે અને શુક્રનો ઉદય – અસ્ત , દિશા અને દોષપરિહાર વિચાર ઉદધૃત કર્યો છે.

## <u>ચંદ્ર વિચાર</u>

| | | <u>ઉત્તર</u> | | |
|---|---|---|---|---|
| | મીન | વૃશ્ચિક | કર્ક | |
| | મિથુન | | મેષ | |
| <u>પશ્ચિમ</u> | તુલા | चन्द्र वास<br>ગૃહ ભૂમિ | સિંહ | <u>પૂર્વ</u> |
| | કુંભ | | ધન | |
| | મકર | કન્યા | વૃષભ | |
| | | <u>દક્ષિણ</u> | | |

– સન્મુખચંદ્રમાં પ્રવેશ – ધનલાભ (સન્મુખ ચંદ્રમાં કરણ, નક્ષત્ર,
– જમણા ચંદ્રમાં પ્રવેશ – સુખ–સંપતિ વાર,સંક્રાંતિ, કુતિથિ, મંગળાદિ
– ડાબા ચંદ્રમા પ્રવેશ – ધનક્ષય દોષોને હરે છે )
– પૃષ્ઠે ચંદ્રમાં પ્રવેશ – મૃત્યુ

તેમજ પોતાની રાશિથી ૪, ૮, ૧૨ એ ચંદ્ર વર્જિત કરવો. તેમજ

| દિક્શૂલ | વિદિક્શૂલ |
|---|---|
| શનિ, સોમ → પૂર્વ | મંગળ → વાયવ્ય |
| ગુરુ → દક્ષિણ | બુધ, શનિ → ઈશાન |
| રવિ, શુક્ર → પશ્ચિમ | શુક્ર, રવિ → નૈઋત્ય |
| મંગળ, બુધ → ઉત્તર | ગુરુ, સોમ → અગ્નિ |

| નક્ષત્રશૂલ | કાલવાસ |
|---|---|
| જેષ્ઠા નક્ષત્ર → પૂર્વ | રવિ → ઉત્તર |
| પૂર્વાભાદ્રપદ → દક્ષિણ | સોમ → વાયવ્ય |
| ઉત્તરાફાલ્ગુન → ઉત્તર | મંગળ → પશ્ચિમ |
| રોહિણી → પશ્ચિમે | બુધ → નૈઋત્ય |
| | ગુરુ → દક્ષિણે |
| | શુક્ર → અગ્નિ |
| | શનિ → પૂર્વ |

આ દિક્શૂલ, વિદિક્ શૂલ, નક્ષત્રશૂલ અને કાલવાસ આદિ પ્રવેશમાં વર્જિત ગણવા.

આ ઉપરાંત યોગિનિવાસ અને ફળ, કાલરાહુ, નક્ષત્ર નિષેધમાં – ઉગ્રસંજ્ઞક, તીક્ષ્ણસંજ્ઞક અને મિશ્ર સંજ્ઞકે તેમજ કૃત્તિકાનો ઉલ્લેખ કર્યો છે. માટે આટલા નક્ષત્રો પ્રવેશમાં નિષિધ ગણવા. (૪૦૧)

તેમજ –

*अष्टमात्यश्च माद्दिताल्लामात्पञ्च स्थिते रवौ ।*

*पूर्वादि दिङ्मुखं गेहं विशेद्वामो भवेद्यतः ॥*(૪૦૨) કહીને વામ રવિ વિચાર પ્રસ્તુત કર્યો છે અને વામ રવિમાં ગૃહાદિમાં પ્રવેશ ઉત્તમ ગણાવ્યો છે.

(બ) દેવ પ્રતિષ્ઠા :

દેવ પ્રતિષ્ઠા માટેના વિચારને આ રીતે સ્પષ્ટ કરી શકાય.

| | |
|---|---|
| **માસ** : | માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જયેષ્ઠ |
| **પક્ષ** : | શુકલ ઉત્તરાયના સૂર્યમાં |
| **વાર** : | સોમ, બુધ, ગુરુ, શુક્ર |
| **નક્ષત્ર** : | અશ્વિની,મૃગશીર્ષ,રોહિણી,પુષ્ય,હસ્ત,સ્વાતિ,અનુરાધા જયેષ્ઠા, મૂલ, પૂ.ષાઢા, ઉ.ષાઢા, શ્રવણ, પૂર્વાભાદ્રપદ, ઉ.ભાદ્રપદ,રેવતી. |

ઉકત, માસ, પક્ષ, વાર અને નક્ષત્રમાં દેવપ્રતિષ્ઠા કરવી શુભ છે. (૪૦૩)

તેમજ શિવાદિ દેવોની પ્રતિષ્ઠા વિચાર પણ આ પ્રમાણે છે. (૪૦૪)

| | | |
|---|---|---|
| (૧) | શિવ | ઉત્તરાયણનો સૂર્ય, માઘ, ફાલ્ગુન, વૈશાખ, જયેષ્ઠ,અષાઢ, શ્રાવણ, ભાદ્રપદ શુભ છે. |
| (૨) | વિષ્ણુ | ફાગણ, ચૈત્ર, વૈશાખ,માસ અને શુકલપક્ષ તેમજ રોહિણી,આર્દ્રા, પુષ્ય, ઉ.ફા.,ઉષા, અભિજીત, શ્રવણ, ઘનિષ્ઠા અને ઉ.ભા. માં શુભ છે. |
| (૩) | દેવીઓ | મેષરાશિનો ગુરુ કે શુક્ર, મેષના સૂર્યમાં ૯ મી તિથિ અને માઘ તથા આસો માસમાં શુભ છે. |
| (૪) | બ્રહ્મા,ઈન્દ્ર | રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, ચિત્રા, સ્વાતી, અનુરાધા જયેષ્ઠા, અભિજીત, શ્રવણ શુભ છે. |
| (૫) | સૂર્ય | હસ્ત નક્ષત્ર શુભ છે. |

| | | |
|---|---|---|
| (૬) | કુબેર, કાર્તિક સ્વામી | અનુરાધા શુભ છે. |
| (૭) | દુર્ગા,ભૈરવાદિ ભંયકર દેવો | મૂલ નક્ષત્રમાં શુભ છે. |
| (૮) | જૈન દેવની | શ્રવણ નક્ષત્રમાં શુભ છે. |
| (૯) | ધર્મરાજ, ગણેશ, શેષનારાયણ, શંકરનાગણ,રાક્ષસ,યજ્ઞનારાયણ , ભૂત,દૈત્ય અને સરસ્વતીની પ્રતિષ્ઠામાં | રેવતી નક્ષત્ર શુભ છે. |
| ૧૦ | વ્યાસ,વાલ્મીકિ,અગસ્ત્ય અને સૂર્યાદિ ગ્રહોની પ્રતિષ્ઠામાં | પુષ્ય |
| ૧૧ | સપ્તર્ષિઓની પ્રતિષ્ઠા | તે જે નક્ષત્ર ઉપર હોય તેમા શુભ છે. |
| ૧૨ | બધા દેવોની પ્રતિષ્ઠા | રોહિણી, ત્રણ ઉત્તરા |
| ૧૩ | ઈન્દ્રાદિ દિક્પાલોની પ્રતિષ્ઠા | ધનિષ્ઠા નક્ષત્રોમાં શુભ છે. |

તેમજ ગ્રહોમાં આહુતિ વિચારને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

**<u>આહુતિ ચક્ર</u>**

| ગ્રહો ⇨ | સૂર્ય | બુધ | શુક્ર | શનિ | ચંદ્ર | ભૌમ | ગુરુ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭ નક્ષત્ર ⇨ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| ફલ ⇨ | અશુભ | શુભ | શુભ | અશુભ | શુભ | અશુભ | શુભ | અશુભ | અશુભ |

આ ઉપરાંત અગ્નિવાસજ્ઞાન, [૪૦૫] પ્રતિષ્ઠા મંડપ વિચાર [૪૦૬] નો પણ નિર્દેશ કર્યો છે. તેમજ

પ્રતિષ્ઠા મંડપમાં બનાવાતા યજ્ઞકુંડ માનને પ્રસ્તુત કર્યુ છે. જેમકે –

૩ મેખલા અને યોનિયુક્ત એવો ૧ હસ્તના માનનો સમચોરસ યજ્ઞ કુંડ બનાવવો. (૪૦૭) તેમજ આહુતિની સંખ્યા પ્રમાણે યજ્ઞકુંડ માન આ પ્રમાણે આપ્યું છે.

| આહુતિ | કુંડ માન |
|---|---|
| ૧૦ હજાર | ૧ હસ્ત |
| ૫૦ હજાર | ૨ હસ્ત |
| ૧ લાખ | ૩ હસ્ત |
| ૧૦ લાખ | ૪ હસ્ત |
| ૩૦ લાખ | ૫ હસ્ત |
| ૫૦ લાખ | ૬ હસ્ત |
| ૮૦ લાખ | ૭ હસ્ત |
| ૧ કરોડ | ૮ હસ્ત |

તેમજ ગ્રહ પૂજા આદિના વિધાન માટે ૧ હસ્તનો, ત્રણ મેખલા અનુક્રમે ૪, ૩, ૨ અંગુલની કરવી.

' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં દિશાનુસાર કુણ્ડ આકૃતિઓ પણ આપી છે. (૪૦૮)

અને વેદી ઉપરના મંડલનો નિર્દેશ આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| પ્રતિષ્ઠા | મંડલ |
|---|---|
| (૧) બ્રહ્મા,વિષ્ણુ, સૂર્ય | સર્વતોભદ્ર |
| (૨) બધા દેવો | ભદ્ર/નવનાભિ/ત્રણનાભિ યુક્ત લિંગોદ્‌ભવ |
| (૩) શિવ | લિંગોદ્‌ભવ / લતાલિંગોદ્‌ભવ |
| (૪) દેવી | ભદ્ર અને ગૌરીતિલક |
| (૫) તળાવ | અર્ધચંદ્ર |
| (૬) વાવડી, કુવા | ટંકાભ અને સ્વસ્તિક |
| (૭) પીઠિકા, જલવટ | યોનિના આકારનું |
| (૮) મોટા દુર્ગ | ગજદંત |

આ સર્વમાં સર્વતોભદ્ર નામનું મંડલ પ્રસિદ્ધ છે. અને તેના સ્વરૂપોનો નિર્દેશ પણ અન્ય શાસ્ત્રોમાં છે. [૪૦૯]

આ ઉપરાંત પ્રતિષ્ઠા વિધાનમાં વિશ્વકર્માએ દેવસ્નાન વિધિ, દેવ શયનમાં મસ્તકાદિના દિશા નિર્દેશો, [૪૧૦] દેવોની બાજુમાં રત્નો, દિક્પાલો, દેવો, ગ્રહો, માતૃદેવીઓ, રત્ન, ધાતુ, ઔષધિ, ધાન્યાદિનો ન્યાસ નિર્દેશ કર્યો છે.

પછી આચાર્ય અને શિલ્પી સન્માનનો નિર્દેશ કરી, પ્રાસાદ દેવન્યાસ વિધાન કર્યુ છે. [૪૧૧] અને પ્રતિષ્ઠિત દેવના પ્રથમ દર્શન બ્રાહ્મણ કુમારી કરે પછી બીજા લોકો કરે તેવો નિર્દેશ કર્યો છે. દેવપ્રતિષ્ઠાના કાર્ય પછી સૂત્રધારની પૂજા કરવી અને આચાર્યનું પૂજન કરી બ્રાહ્મણ, ગરીબ , અંધ અને દુર્બલને દાન આપવું.

કેમકે – *સર્વેષાં ધનમાધારઃ પ્રાણીનાં જીવનં પરમ્ ।*

*વિત્તે દત્તે પ્રતુષ્યન્તિ મનુષ્યાઃ પિતરઃ સુરાઃ ।।* [૪૧૨]

અંતે જિનદેવ પ્રતિષ્ઠા વિધાન સાથે,[૪૧૩] પ્રાસાદ સ્થાપનાનો આ પ્રમાણે નિર્દેશ કરી ગ્રંથનું સમાપન કર્યુ છે.

*પ્રાસાદો વીતરાગસ્ય પુરમધ્યે સુખાવહ ।*

*નૃણાં કલ્યાણકારીસ્યાચ્ચતુર્દિક્ષુ પ્રકલ્પયેત્ ।।* [૪૧૪]

અર્થાત્ – વિતરાગ દેવના પ્રાસાદો નગરમાં હોય તો સુખકારક છે. અને મનુષ્યોને કલ્યાણકારી છે. આથી પ્રાસાદો ચારે દિશાએ સ્થાપવા.

આ રીતે, વિશ્વકર્માએ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના ઉત્તરાર્ધમાં પ્રાસાદનું વિહંગાવલોકન કરી તેના અંગાદિ સહિત વિસ્તારથી વર્ણવ્યા છે.

## ૪.૪ નિષ્કર્ષ

પ્રસ્તુત બન્ને ગ્રંથો ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વિષયવસ્તુના નિર્દેશો કરતા કહી શકાય કે –

મંડનસૂત્રધાર રચિત ' રાજવલ્લભ ' ગ્રંથમાં વાસ્તુનું વિવેચન કરીએ તો ' <u>જનવાસ્તુ</u> ' નિર્દિષ્ટ છે. જેમકે , ગૃહ , રાજપ્રાસાદો, વાવ, કૂવા, તળાવ આદિ નિર્માણ અને આયાદિ માટે આપેલા સિદ્ધાંતો તેમજ શુકનશાસ્ત્રના નિર્દેશો સાથે જનહિતાર્થે લખાયેલ ગ્રંથ છે. તેવું મારું માનવું છે.

તો વિશ્વકર્મા રચિત ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં ' દેવવાસ્તુ ' નિર્દિષ્ટ છે. તેમ કહી શકાય. પરંતુ જો કે જનવાસ્તુ માટે કેટલા નિર્દેશો, સિદ્ધાંતો, રીતિઓ આદિના ઉલ્લેખો પ્રાપ્ત છે અને એટલા માટે જ બન્ને વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોની તુલના શકય બને તેમ છે. બંનેના વર્ણ્ય વિષયોના અવલોકન પછી સ્પષ્ટ થાય છે કે, બંને ગ્રંથોમાં જનવાસ્તુના સિદ્ધાંતમાં સામ્ય – વૈષમ્ય છે. પરંતુ ગૃહાદિ, નગર, વાવ, કૂવા, તળાવ અને રાજપ્રાસાદો દેવ પ્રાસાદો આદિમાં સંપૂર્ણપણે બંને ગ્રંથો જુદા પડે છે.

## પાદ–ટીપ

| <u>ક્રમ</u> | <u>નામ</u> | <u>શ્લોક ક્રમ</u> |
|---|---|---|
| ૧ | *समराङ्गणसूत्रधार* | અ. ૪૪ |
| ૨ | *दीपार्णव* | ભૂમિકા પૃ.નં. ૨૫ |
| ૩ | *दीपार्णव* | ભૂમિકા પૃ.નં. ૨૫ |
| ૪ | *राजव©भ* | અ. ૧, ૧ |
| ૫ | *राजव©भ* | અ. ૧, ૧૫ |
| ૬ | *मत्स्यपुराणम्* | ૨૫૩, ૧૧ – ૧૨ |
| ૭ | *राजव©भ* | ૧, ૧૩ |
| ૮ | *राजव©भ* | ૧,૧૪ સમાન *समराङ्गण.* ૮,૪૮–૪૯ |
| ૯ | *राजव©भ* | ૧,૧૬ સમાન *समराङ्गण.* ૮,૬૭ થી ૬૯<br>*मत्स्यपुराणम्* ૨૫૩,૧૬–૧૭ |
| ૧૦ | *राजव©भ* | ૧, ૧૭ |
| ૧૧ | *राजव©भ* | ૧, ૧૮ |
| ૧૨ | *राजव©भ* | ૧, ૫ |
| ૧૩ | *राजव©भ* | ૧,૬ |
| ૧૪ | *राजव©भ* | ૧,૭ |
| ૧૫ | *राजव©भ* | ૧,૮ |
| ૧૬ | *राजव©भ* | ૧,૯ અને *दीपार्णव* ૧, ૧૮ |
| ૧૭ | *राजव©भ* | ૧, ૧૦ – ૧૧ |
| ૧૮ | *राजव©भ* | ૧, ૧૨ |
| ૧૯ | *राजव©भ* | ૧, ૨૧ |

| | | |
|---|---|---|
| ૨૦ | राजव©भ | ૧, ૧૨ |
| ૨૧ | राजव©भ | ૧, ૨૩ |
| ૨૨ | राजव©भ | ૧,   ૨૪ |
| ૨૩ | राजव©भ | ૧, ૨૭ |
| ૨૪ | राजव©भ | ૨, ૩ |
| ૨૫ | राजव©भ | ૨, ૪ |
| ૨૬ | अग्निपुराणम् | ૨૫૨, ૫ થી ૮ |
| ૨૭ | बृहत्संहिता | ૫૩, ૨–૩ |
| ૨૮ | વિષ્ણુધર્મોત્તરપુરાણ | અધ્યાય – ૯૫ |
| ૨૯ | अपराजित पृच्छा | સૂત્ર – ૫૩ |
| ૩૦ | राजव©भ | ૨, ૧ |
| ૩૧ | राजव©भ | ૨,૨ |
| ૩૨ | પ્રાસાદમંડન | ૮, ૧૦૩ થી ૧૧૩ |
| ૩૩ | राजव©भ | ૨,૫ – ૬ |
| ૩૪ | राजव©भ | ૨, ૨૮ થી ૩૬ |
| ૩૫ | राजव©भ | ૨, ૩૭ |
| ૩૬ | राजव©भ | ૨, ૨૭ |
| ૩૭ | राजव©भ | ૧, ૩૩ |
| ૩૮ | राजव©भ | ૧, ૩૪ |
| ૩૯ | राजव©भ | ૧, ૩૫ |
| ૪૦ | राजव©भ | ૧, ૩૬ |
| ૪૧ | राजव©भ | ૧, ૩૭ |
| ૪૨ | राजव©भ | ૧, ૩૯ |
| ૪૩ | राजव©भ | ૧, ૪૦ |

| | | |
|---|---|---|
| ૪૪ | राजव©भ | ૪, ૪ થી ૬ |
| ૪૫ | राजव©भ | ૪, ૭ |
| ૪૬ | राजव©भ | ૪, ૮ |
| ૪૭ | राजव©भ | ૪, ૯ |
| ૪૮ | राजव©भ | ૪,૯ |
| ૪૯ | राजव©भ | ૪, ૧૦ |
| ૫૦ | राजव©भ | ૪, ૧૦ |
| ૫૧ | राजव©भ | ૪, ૧૧ |
| ૫૨ | अपराजितपृच्छा | ૭૨, ૧૨ |
| ૫૩ | राजव©भ | ૪, ૧૪ |
| ૫૪ | અર્થશાસ્ત્ર | ૨, ૩ (૭, ૮) |
| ૫૫ | राजव©भ | ૪, ૧૭ |
| ૫૬ | અર્થશાસ્ત્ર | ૨, ૪–૧૭ |
| ૫૭ | मयमतम् | ૧૦, ૨૩ |
| ૫૮ | માનસર | ૧, ૨૬ |
| ૫૯ | दीपार्णव | ૭, ૧ થી ૧૭ |
| ૬૦ | राजव©भ | ૪, ૧૨ |
| ૬૧ | राजव©भ | ૪, ૧૩ |
| ૬૨ | દેવતામૂર્તિપ્રકરણ | ૩, ૨૪ થી ૨૭ |
| ૬૩ | राजव©भ | ૪, ૧૮–૧૯ |
| ૬૪ | राजव©भ | ૪, ૨૦ |
| ૬૫ | मत्स्यपुराणम् | ૨૧૭, ૯ |
| ૬૬ | राजव©भ | ૪, ૨૧ |
| ૬૭ | राजव©भ | ૪, ૨૨ |

| | | |
|---|---|---|
| ६८ | राजव©भ | ४, १९ |
| ६९ | राजव©भ | ४,३५ |
| ७० | राजव©भ | ४, २६ |
| ७१ | राजव©भ | ४, ३० |
| ७२ | राजव©भ | ४, ३१–३२ |
| ७३ | राजव©भ | ४, ३३ |
| ७४ | राजव©भ | ३,१ |
| ७५ | राजव©भ | ३,१ |
| ७६ | राजव©भ | ३, २–३ |
| ७७ | राजव©भ | ३, ४ थी ६ |
| ७८ | राजव©भ | ३, ६ |
| ७९ | राजव©भ | ३,१ |
| ८० | राजव©भ | ३, ७ |
| ८१ | राजव©भ | ३, ८ |
| ८२ | राजव©भ | ३, ९ |
| ८३ | राजव©भ | ३, १० |
| ८४ | दीपार्णव | १, ६१ |
| ८५ | राजव©भ | ३,१२ |
| ८६ | राजव©भ | ३, १६ |
| ८७ | राजव©भ | ३, ११ |
| ८८ | राजव©भ | ३, १४ |
| ८९ | राजव©भ | ३, १५ |
| ९० | राजव©भ | ३, १७–१८ |
| ९१ | राजव©भ | ११, ४ थी १० |

| | | |
|---|---|---|
| ૯૨ | राजव©भ | ૩, ૨૨ |
| ૯૩ | પાણિનીય શિક્ષા | ૪૧, ૪૨ |
| ૯૪ | राजव©भ | ૧૦, ૧ |
| ૯૫ | राजव©भ | ૧૦, ૨ |
| ૯૬ | राजव©भ | ૧૦, ૩ |
| ૯૭ | राजव©भ | ૧૦, ૪ |
| ૯૮ | राजव©भ | ૧૦, ૫ |
| ૯૯ | राजव©भ | ૧૦, ૬ અને લીલાવતી વૃત – ૪૫ |
| ૧૦૦ | राजव©भ | ૧૦, ૭ |
| ૧૦૧ | राजव©भ | ૧૦, ૮ |
| ૧૦૨ | राजव©भ | ૧૦, ૧૦ |
| ૧૦૩ | राजव©भ | ૧૦, ૧૧ |
| ૧૦૪ | राजव©भ | ૧૩, ૧ થી ૩ |
| ૧૦૫ | राजव©भ | ૧૩, ૪ થી ૧૩ |
| ૧૦૬ | राजव©भ | ૧૩, ૧૫ |
| ૧૦૭ | राजव©भ | ૧૩, ૨૩ થી ૨૫ |
| ૧૦૮ | राजव©भ | ૧૩, ૨૭–૨૮ |
| ૧૦૯ | राजव©भ | ૧૩, ૩૦ |
| ૧૧૦ | राजव©भ | ૧૩, ૩૧ |
| ૧૧૧ | राजव©भ | ૧૧, ૧૫ |
| ૧૧૨ | राजव©भ | ૧૧, ૧૬ |
| ૧૧૩ | राजव©भ | ૧૧, ૧૭ |
| ૧૧૪ | राजव©भ | ૧૧, ૨૯ |
| ૧૧૫ | राजव©भ | ૫, ૧૦ |

| | | |
|---|---|---|
| ૧૧૬ | *राजव©भ* | ૫, ૨ |
| ૧૧૭ | *राजव©भ* | ૫, ૨ થી ૭ |
| ૧૧૮ | *राजव©भ* | ૫, ૯ |
| ૧૧૯ | *राजव©भ* | ૫, ૧૧ |
| ૧૨૦ | *राजव©भ* | ૫, ૧૩ |
| ૧૨૧ | *राजव©भ* | ૫, ૧૪ થી ૧૬ |
| ૧૨૨ | *राजव©भ* | ૫, ૧૨ |
| ૧૨૩ | *राजव©भ* | ૫, ૪૦ |
| ૧૨૪ | *राजव©भ* | ૫, ૪૧–૪૨ |
| ૧૨૫ | *राजव©भ* | ૫, ૪૩ |
| ૧૨૬ | *राजव©भ* | ૫, ૪૪ |
| ૧૨૭ | *राजव©भ* | ૫, ૪૭ |
| ૧૨૮ | *राजव©भ* | ૬, ૧ |
| ૧૨૯ | *राजव©भ* | ૬, ૨ |
| ૧૩૦ | *राजव©भ* | ૬, ૪–૫ સમાન *समराङ्गण.* ૨૩,૧૨ થી ૧૯ |
| ૧૩૧ | *राजव©भ* | ૬, ૬ |
| ૧૩૨ | *राजव©भ* | ૬,૬–૭ સમાન *समराङ्गण.* ૨૩ ,૨૦ થી ૨૩ |
| ૧૩૩ | *राजव©भ* | ૬,૮ સમાન *समराङ्गण.* ૨૩,૧૨ |
| ૧૩૪ | *राजव©भ* | ૬,૯–૧૦ સમાન *समराङ्गण.* ૨૩,૨૭ થી૩૦ |
| ૧૩૫ | *राजव©भ* | ૬,૧૧–૧૨ સમાન *समराङ्गण.* ૨૩,૩૧ થી ૩૩ |
| ૧૩૬ | *राजव©भ* | ૬,૧૩થી૧૫ સમાન *समराङ्गण.* ૨૩,૩૪ થી ૩૭ |
| ૧૩૭ | *राजव©भ* | ૬,૧૭–૧૮ |
| ૧૩૮ | *राजव©भ* | ૬, ૧૯ |

| | | |
|---|---|---|
| ૧૩૯ | राजव©भ | ૬, ૨૦ |
| ૧૪૦ | राजव©भ | ૬, ૨૦ થી ૩૪ |
| ૧૪૧ | राजव©भ | ૬, ૨૬ |
| ૧૪૨ | વાસ્તુસાર પ્રકરણ | ૧, ૭૫ થી ૮૧ |
| ૧૪૩ | राजव©भ | ૭, ૧ |
| ૧૪૪ | राजव©भ | ૭, ૨ થી ૧૦ |
| ૧૪૫ | समराङ्गणसूत्रधार | ૨૧, ૩ થી ૫ |
| ૧૪૬ | राजव©भ | ૭, ૧૧ |
| ૧૪૭ | राजव©भ | ૭, ૧૨ થી ૧૩ |
| ૧૪૮ | मत्स्यपुराणम् | ૨૫૪, ૫ થી ૨ |
| ૧૪૯ | राजव©भ | ૭, ૨૧ થી ૨૪ |
| ૧૫૦ | राजव©भ | ૭, ૨૬ |
| ૧૫૧ | राजव©भ | ૭, ૨૯ |
| ૧૫૨ | राजव©भ | ૭, ૩૦ |
| ૧૫૩ | राजव©भ | ૮, ૧ થી ૩ |
| ૧૫૪ | राजव©भ | ૮, ૪ |
| ૧૫૫ | राजव©भ | ૮,૫ |
| ૧૫૬ | राजव©भ | ૮,૬ |
| ૧૫૭ | राजव©भ | ૮,૭–૮ |
| ૧૫૮ | राजव©भ | ૮,૯ થી ૧૧ |
| ૧૫૯ | राजव©भ | ૮,૧૩–૧૪ |
| ૧૬૦ | राजव©भ | ૮,૧૬–૧૭ |
| ૧૬૧ | राजव©भ | ૯,૧ |
| ૧૬૨ | राजव©भ | ૯,૨–૩ |

| | | |
|---|---|---|
| १६३ | राजव©भ | ૯,૬ થી ૧૦ |
| १६४ | राजव©भ | ૯,૧૪ |
| १६५ | राजव©भ | ૯,૧૫–૧૬ |
| १६६ | राजव©भ | ૯,૧૭ |
| १६७ | राजव©भ | ૯,૨૦ થી ૨૨ |
| १६८ | राजव©भ | ૫,૨૧ |
| १६९ | राजव©भ | ૯,૨૭ |
| १७० | राजव©भ | ૯,૨૯ |
| १७१ | राजव©भ | ૯,૩૧ |
| १७२ | राजव©भ | ૯,૩૨ થી ૩૬ |
| १७३ | દેવતામૂર્તિ પ્રકરણ | ૧,૧૦ |
| १७४ | અથર્વવેદ | ૧૯,૮,૩ |
| १७५ | राजव©भ | ૧૪,૨ |
| १७६ | राजव©भ | ૧૪,૩ |
| १७७ | मत्स्यपुराणम् | અધ્યાય – ૨૪૩ |
| १७८ | शकुनप्रदीप | ૨,૨૨ થી ૧૦૨ |
| १७९ | राजव©भ | ૧૪,૧૩–૧૪ |
| १८० | राजव©भ | ૧૪,૧૫ |
| १८१ | राजव©भ | ૧૪,૧૮–૧૯ |
| १८२ | राजव©भ | ૧૪,૨૧ |
| १८३ | राजव©भ | ૧૪,૨૨–૨૩ |
| १८४ | राजव©भ | ૧૪,૨૪–૨૫ |
| १८५ | राजव©भ | ૧૪,૨૬ |
| १८६ | राजव©भ | ૧૪,૨૯ |

| | | |
|---|---|---|
| ૧૮૭ | *राजव©भ* | ૧૪,૩૧ |
| ૧૮૮ | *राजव©भ* | ૧૪,૩૨ અને *मत्स्यपुराण* ૨૪૧, ૧૨ |
| ૧૮૯ | *राजव©भ* | ૧૪,૩૩ |
| ૧૯૦ | *राजव©भ* | ૧૪,૩૪ અને *वास्तुसारमंडन* ૧૫૨ |
| ૧૯૧ | *राजव©भ* | ૧૪,૩૫ |
| ૧૯૨ | *राजव©भ* | ૧૪,૩૮ |
| ૧૯૩ | *राजव©भ* | ૧૪,૩૯ |
| ૧૯૪ | *राजव©भ* | ૧૪,૪૨ |
| ૧૯૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૧૪ |
| ૧૯૬ | *बृहत् वास्तुमाला* | પૃ.નં. ૧૦ |
| ૧૯૭ | *राजव©भ* | ૧,૧૭ |
| ૧૯૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૧૫ થી ૨૪ |
| ૧૯૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૨૫ થી ૩૨ |
| ૨૦૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૩૩–૩૪ |
| ૨૦૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૪૪–૪૫ |
| ૨૦૨ | *राजव©भ* | ૧,૧૬ |
| ૨૦૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૧૦ સામ્ય *राजव©भ* ૧,૫ |
| ૨૦૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૪૬ |
| ૨૦૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૧૨ |
| ૨૦૬ | *समराङ्गणसूत्रधार* | ૮,૬૫–૬૬ |
| ૨૦૭ | *राजव©भ* | ૧,૧૮ |
| ૨૦૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૪૯ થી ૫૧ |
| ૨૦૯ | *दीपार्णव* | ૧,૧૮ |

| | | |
|---|---|---|
| ૨૧૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૫૫ થી ૫૭ |
| ૨૧૧ | *विश्वकर्माप्रकाश* | ૨,૧૪ |
| ૨૧૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૧,૬૦ થી૬૩ |
| ૨૧૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૨,૬૮ થી ૭૧ |
| ૨૧૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૨,૭૫ થી ૮૨ |
| ૨૧૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૨,૮૪–૮૫ |
| ૨૧૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૨,૮૬ થી ૮૮ |
| ૨૧૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૨,૯૬ |
| ૨૧૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૨,૯૮ થી ૧૦૨ |
| ૨૧૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૨,૧૦૩ થી ૧૦૬ |
| ૨૨૦ | *मत्स्यपुराणम्* | ૨૫૨, ૫ થી ૧૮ |
| ૨૨૧ | *अग्निपुराणम्* | ૪૦,૧ |
| ૨૨૨ | *बृहत्संहिता* | ૫૩,૨–૩ |
| ૨૨૩ | વિષ્ણુધર્મોતરપુરાણ | અંક–૩, અધ્યાય–૯૫ |
| ૨૨૪ | અપરાજિતપૃચ્છા | સૂત્ર – ૫૩ |
| ૨૨૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૦૯ થી ૧૧૦ |
| ૨૨૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૧૧–૧૧૨ |
| ૨૨૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૧૯ |
| ૨૨૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૧૮ |
| ૨૨૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૨૦ |
| ૨૩૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૨૧–૧૨૨ |
| ૨૩૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૨૩ થી ૧૩૫ |
| ૨૩૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૩૬ |
| ૨૩૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૪૨ થી૧૬૨ |

| | | |
|---|---|---|
| २३४ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૩,૧૭૯ થી૧૯૧ |
| २३५ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૪,૧૯૨ |
| २३६ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૪,૮૪ થી ૯૨ |
| २३७ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૪,૧૦૮ |
| २३८ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૪,૧૦૯ –૧૧૦ |
| २३९ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૪,૧૨૯ થી ૧૩૮ |
| २४० | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૪,૧૩૯ થી ૧૪૫ |
| २४१ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૪,૧૪૬ થી ૧૫૨ |
| २४२ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૫,૧–૨ સામ્ય *राजव©भ* ૧,૯<br>*दीपार्णव* ૧,૧૮ |
| २४३ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૫,૨૭–૨૮ |
| २४४ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૫,૩૪ થી ૪૦ |
| २४५ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૫,૪૨ |
| २४६ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૫,૪૬ |
| २४७ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૮૪ |
| २४८ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૮૭ થી ૮૯ |
| २४९ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૯૫ |
| २५० | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૯૯ થી ૧૦૧ |
| २५१ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૧૦૩ થી ૧૦૮ |
| २५२ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૧૨૩ |
| २५३ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૧૪૪ થી ૧૫૧ |
| २५४ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૧૫૫ થી ૧૫૯ |
| २५५ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૧૬૦ થી ૧૬૮ |
| २५६ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૧૬૯–૧૭૩ |
| २५७ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૭,૧૬ |

| | | |
|---|---|---|
| ૨૫૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૧૭ થી ૨૦ |
| ૨૫૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૨૩ થી ૩૩ અને ૩૬,૩૭ |
| ૨૬૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૩૮–૩૯ |
| ૨૬૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૪૪ |
| ૨૬૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૫૦ |
| ૨૬૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૬૦ |
| ૨૬૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૬૧ થી ૬૯ |
| ૨૬૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૭૫ થી ૭૮ |
| ૨૬૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૮૭ |
| ૨૬૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૮૮ થી ૯૧ |
| ૨૬૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૯૫ થી ૯૮ |
| ૨૬૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૯૯ થી ૧૦૧ |
| ૨૭૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૧૦૩ થી ૧૦૮ |
| ૨૭૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૧૧૪ |
| ૨૭૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૧૧૬ થી ૧૧૮ |
| ૨૭૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૧૨૦ થી ૧૨૨ |
| ૨૭૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૧૨૫ થી ૧૨૭ |
| ૨૭૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૧૨૯ |
| ૨૭૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(પૂર્વાર્ધ) | ૭,૧૩૫ થી ૧૪૫ |
| ૨૭૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧,૮ |
| ૨૭૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧,૯ થી ૧૪ |
| ૨૭૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧,૧૮ |
| ૨૮૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧૬ ૧,૧૯–૨૯<br>સામ્ય(પૂર્વાર્ધ) ૫,૬– |
| ૨૮૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧,૩૦ થી ૩૯<br>સામ્ય(પૂર્વાર્ધ)૫,૧૭ થી ૨૬ |

| | | |
|---|---|---|
| ૨૮૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧,૪૦ થી ૫૧ |
| ૨૮૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧,૫૪ |
| ૨૮૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧,૫૫ |
| ૨૮૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૧,૫૯ |
| ૨૮૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨, ૭–૨૯ સામ્ય(પૂર્વાર્ધ)અ.૫ |
| ૨૮૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૨૪ |
| ૨૮૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૩૯ થી ૪૨ |
| ૨૮૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૪૩ થી ૪૬ |
| ૨૯૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૪૭ થી ૪૯ |
| ૨૯૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૫૧ થી ૫૫ |
| ૨૯૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૬૨ થી ૬૪ |
| ૨૯૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૬૯ થી ૭૩ |
| ૨૯૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૭૮ |
| ૨૯૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૮૧ |
| ૨૯૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૮૨ |
| ૨૯૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૮૫ થી ૮૬ |
| ૨૯૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૨,૯૮ થી ૧૦૩ |
| ૨૯૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૧ |
| ૩૦૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૪ |
| ૩૦૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૫–૬ સામ્ય अग्निपुराणम् |
| ૩૦૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૮ થી ૧૫ |
| ૩૦૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૧૬–૧૭ અને ૧,૯–૧૪ |
| ૩૦૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૫–૨૬ |
| ૩૦૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૪૨ |

| | | |
|---|---|---|
| ૩૦૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૫૧ થી ૫૬ |
| ૩૦૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૫૭–૫૮ |
| ૩૦૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૫૯ |
| ૩૦૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૭૯ થી ૮૨ |
| ૩૧૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૮૭ થી ૧૦૨ |
| ૩૧૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૧૧૧ થી ૧૧૮ |
| ૩૧૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૧૨૪ થી ૧૪૬ |
| ૩૧૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૧૫૮ |
| ૩૧૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૧૫૮ થી ૧૬૯ |
| ૩૧૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૧૭૦–૧૭૧ |
| ૩૧૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૧૮૭ થી ૧૯૧ |
| ૩૧૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૦૫ |
| ૩૧૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૦૯ થી ૨૧૧ |
| ૩૧૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૧૮ |
| ૩૨૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૨૫–૨૨૬ |
| ૩૨૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૩૫ થી ૨૩૭ |
| ૩૨૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૪૧ થી ૨૪૩ |
| ૩૨૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૫૪ થી ૨૫૬ |
| ૩૨૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૭૩ થી ૨૮૨ |
| ૩૨૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૮૫–૨૮૬ |
| ૩૨૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૮૭–૨૮૮ |
| ૩૨૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૨૮૯–૨૯૦ |
| ૩૨૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૩૦૧ થી ૩૦૫ |
| ૩૨૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्(ઉત્તરાર્ધ) | ૩,૩૦૬ થી ૩૧૦ |

| | | |
|---|---|---|
| ૩૩૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૧૧–૩૧૨ |
| ૩૩૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૧૩ થી ૩૧૬ |
| ૩૩૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૧૭ થી ૩૨૦ |
| ૩૩૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૨૧ થી ૩૨૬ |
| ૩૩૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૨૭ થી ૩૩૦ |
| ૩૩૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૩૧ થી ૩૩૭ |
| ૩૩૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૩૮ થી ૩૪૦ |
| ૩૩૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૪૧ |
| ૩૩૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૪૨ થી૩૫૦ |
| ૩૩૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૩,૩૫૪ થી ૩૫૭ |
| ૩૪૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૧ |
| ૩૪૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૩ થી ૧૨ |
| ૩૪૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૨૩ |
| ૩૪૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૪૪ થી ૪૯ |
| ૩૪૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૫૦ થી ૫૪ |
| ૩૪૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૫૫ થી ૬૦ |
| ૩૪૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૭૮ થી ૮૨ |
| ૩૪૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૮૩ |
| ૩૪૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૧૫૫ થી ૧૫૮ |
| ૩૪૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૧૬૩ |
| ૩૫૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૨૧૨–૨૧૩ |
| ૩૫૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૪,૨૩૨ |
| ૩૫૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૫,૧ |
| ૩૫૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૫,૭ |

| | | |
|---|---|---|
| ૩૫૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૫,૧૩ |
| ૩૫૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૫,૧૬–૧૭ |
| ૩૫૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૫,૧૯–૨૦ |
| ૩૫૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૫,૧૪૨ |
| ૩૫૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૫,૧૬૬ |
| ૩૫૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૫,૧૮૧ |
| ૩૬૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૨ |
| ૩૬૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૮ |
| ૩૬૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૧૨ થી ૧૪ |
| ૩૬૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૧૫ થી ૧૭ |
| ૩૬૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૨૦ થી ૨૮ |
| ૩૬૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૪૯ |
| ૩૬૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૬૬ |
| ૩૬૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૬૭ |
| ૩૬૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૮૦ |
| ૩૬૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૧૧૫ થી ૧૧૯ |
| ૩૭૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૬,૧૩૩ થી ૧૬૩ |
| ૩૭૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૭,૮ |
| ૩૭૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૭,૨૬ થી ૩૦ |
| ૩૭૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૭,૩૮ થી ૪૪ |
| ૩૭૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૮,૩ થી ૬ |
| ૩૭૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૯,૪ |
| ૩૭૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૯,૧૨ થી ૧૬૩ |
| ૩૭૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૦,૪૨–૪૩ |

| | | |
|---|---|---|
| ૩૭૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૦,૪૪ થી ૫૨ સામ્ય *दीपार्णव–समवसरणलक्षणाधिकार* |
| ૩૭૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૦,૧૦૩ |
| ૩૮૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૦,૧૨૧ |
| ૩૮૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૦,૧૨૨ થી ૧૩૮ |
| ૩૮૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૦,૧૪૫ થી ૨૦૧ |
| ૩૮૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૦,૨૨૨ |
| ૩૮૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૧,૮–૧૩૦ |
| ૩૮૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૨,૪૬ |
| ૩૮૬ | તત્ત્વનિધિ | |
| ૩૮૭ | *अग्निपुराणम्* | |
| ૩૮૮ | દેવતામૂર્તિપ્રકરણ | |
| ૩૮૯ | *अग्निपुराणम्* | અધ્યાય–૫૦ |
| ૩૯૦ | *अग्निपुराणम्* | અધ્યાય–૫૦,૧૫ |
| ૩૯૧ | *अग्निपुराणम्* | અધ્યાય–૫૦,૭,૧૨ |
| ૩૯૨ | *दीपार्णव* | |
| ૩૯૩ | દેવતામૂતિપ્રકરણ | |
| ૩૯૪ | વિષ્ણુધર્મોત્તરપુરાણ | |
| ૩૯૫ | તત્ત્વનિધિ | |
| ૩૯૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૨ |
| ૩૯૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૫ સામ્ય–વાસ્તુરત્નાકર |
| ૩૯૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪, ૭ થી ૧૧ |
| ૩૯૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૧૩ |
| ૪૦૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૧૪ થી ૧૬ |
| ૪૦૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૩૭ |

| | | |
|---|---|---|
| ४०२ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૩૮ |
| ४०३ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૩૯ થી ૪૩ |
| ४०४ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૪૪ થી ૫૫ |
| ४०५ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૫૭ થી ૫૮ |
| ४०६ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૫૯ થી ૬૧ |
| ४०७ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૬૨ |
| ४०८ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૬૬ |
| ४०९ | *अपराजितपृच्छा* | સૂત્ર – ૧૪૮ |
| ४१० | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૭૭ |
| ४११ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૮૮–૮૯ |
| ४१२ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૧૦૬ |
| ४१३ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૧૦૭–૧૧૦ |
| ४१४ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(ઉત્તરાર્ધ) | ૧૪,૧૧૧ |

# પ્રકરણ : ૫

# ' *राजव©भ* ' અને

# ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* '

# ના વર્ણ્ય વિષયોમાં સામ્ય

# પ્રકરણ – ૫

# ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોમાં સામ્ય

## ૫.૧ ભૂમિકા

અગાધ શિલ્પશાસ્ત્રનાં મુખ્ય આચાર્ય અને સ્થપતિ વિશ્વકર્માએ શિલ્પસ્થાપત્ય (વાસ્તુવિદ્યા) ના અનેક ગ્રંથો રચ્યા એમ કહેવાય છે. જેવાકે – ક્ષીરાર્ણવ, વૃક્ષાર્ણવ, દીપાર્ણવ, અપરાજિતપૃચ્છા, જ્ઞાનપ્રભકોષ, વિશ્વકર્માપ્રકાશ, વાસ્તુશાસ્ત્રકારીકા, જયગ્રંથ, 'શિલ્પસ્મૃતિવિદ્યાયામ્' વગેરે પ્રસ્તુત બધા જ ગ્રંથોના ઉદ્ધરણો ટાંકીને જાણે કે બધાના વિચારનો સમન્વય કરીને દેવવાસ્તુ ઉપરાંત જનવાસ્તુ, પ્રતિમા, પ્રમાણ આદિ વિષયોનું નિરુપણ કરતો ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' નામનો ગ્રંથ શિલ્પશાસ્ત્રના શ્રેષ્ઠ ગ્રંથ તરીકે વર્તમાન સમયમાં સ્વીકૃતિ પામ્યો છે.

જયારે પંદરમી સદીના પ્રસિદ્ધ નિષ્ણાંત શિલ્પશાસ્ત્રી અને મહારાણા કુંભાજીના રાજયાશ્રિત એવા સૂત્રધાર મંડને રચેલા પણ કેટલાક ગ્રંથો મળે છે. જેવા કે – દેવતા–મૂર્તિપ્રકરણ, પ્રાસાદ મંડન, રાજવલ્લભ, રૂપમંડન, વાસ્તુમંડન, વાસ્તુશાસ્ત્ર, વાસ્તુસાર, આયતત્ત્વ વગેરે જેનાં તત્ત્વતઃ જનવાસ્તુના નિર્દેશો પ્રાપ્ત થાય છે. તેવા '*राजव©भ*' નામે ગ્રંથ વાસ્તુશાસ્ત્રમાં ખૂબ જ પ્રસિદ્ધ છે.

હવે પ્રસ્તુત બંને ગ્રંથો ' રાજવલ્લભ ' અને ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' બંને ગ્રંથો " વાસ્તુશાસ્ત્રરૂપી એક જ વૃક્ષની બે અલગ–અલગ ડાળીઓ છે. "

તો એકજ વૃક્ષમાં ફલિત થતા આ બંને ગ્રંથોમાં એક જનોપયોગી વાસ્તુના નિર્દેશો કરે છે. જયારે બીજો દેવવાસ્તુના નિર્દેશો સાથે જનઉપયોગી પણ થાય છે. આ દૃષ્ટિએ બંને ગ્રંથો ભલે એક જ પ્રવાહના છે. પરંતુ બંને વિષયોમાં વિષયતા છે. પરંતુ તુલનાત્મક દૃષ્ટિએ બંને ગ્રંથોને મૂલવતા બંને ગ્રંથો વચ્ચે કેટલીક સામ્ય જોઈ શકાય છે. કેમકે બંને

ગ્રંથોનો મૂળ ઉદ્દેશ્ય મનુષ્યને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપી પુરુષાર્થોમાં સુખી અને સમૃદ્ધ બનાવવાનો જ છે.

આથી જ બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોમાં ખૂબજ સામ્ય છે. જેમકે – ગૃહમાહત્મ્ય, ભૂમિ પરીક્ષા, વાસ્તુપુરુષ ઉત્પત્તિ, વાસ્તુપૂજનવિધિ, ગૃહાદિ નિર્માણવિધિ, ગૃહારંભ વિધિ, દિશાનિર્દેશો, ભૂમિશુદ્ધિ, શિલાન્યાસ, કીલરોપણ, ખનન, આયાધિકાર, રાશિ, ગ્રહ, નક્ષત્ર વિચાર, હસ્તાદિ પ્રમાણ વિધાન વગેરે વિષયોમાં કેટલીક સૈદ્ધાંતિક સામ્ય જોઈ શકાય છે. જે આ પ્રમાણે નિરુપણ કરી શકાય.

જેમકે – તેમના વિષયોમાં (૧) વિધિ (૨) લક્ષણ (૩) પ્રકારો (૪) સ્વરૂપ (૫) પ્રમાણ (૬) સંખ્યા (૭) છબિઓ (૮) આકૃતિઓ (૯) ચિત્રો (૧૦) અધ્યાયો (૧૧) સિદ્ધાંતો વગેરેની બાબતમાં સામ્યના હું નિર્દેશો કરુ છું.

### ૫.૨ મંગલાચરણ

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ભારતીય સંસ્કૃતિના સંસ્કારને ઉજાગર કરે તે અને ગ્રંથ નિર્વિઘ્ને પૂર્ણ થાય તે ઉદ્દેશ્યથી મંગલ સ્તુતિ દ્વારા મંગલાચરણ કર્યુ છે.
જેમકે બંને કર્તાએ સૌ પ્રથમ વિઘ્નકર્તા ગણપતિની સ્તુતિ શબ્દભેદથી કરી છે.

*देवं नमामि गिरिजासुतमेकदन्तं सिन्दूरचर्चिततनुं सुविशालशुण्डम् ।*

*नागेन्द्रमण्डिततनुं युतसिद्धिबुद्धिम् सेव्यं सुरोरगनरैः सकलार्थसिद्ध्यै ।।* (૧)

મંડને સકલસિદ્ધાર્થ ગણપતિની સ્તુતિ કરી છે. તો વિશ્વકર્માએ પણ – *सर्व विघ्नच्छिदे तस्मै गणाधिपतये नमः ।* (૨) કહીને ગણપતિની સ્તુતિ કરી છે.

ત્યાર પછી બંને કર્તાએ શબ્દભેદે વિદ્યાની દેવી સરસ્વતીની સ્તુતિ કરી છે. અને બંને ગ્રંથ કર્તાઓએ સામ્યશબ્દોથી વિશ્વકર્માની સ્તુતિ કરી છે. જેમકે –

*कम्बासूत्राम्बुपात्रं वहति करतले पुस्तकं ज्ञानसूत्रम् ।*
*हंसारूढस्त्रिनेत्रः सुरमुकुटशिरः सर्वतो वृद्धकायः ।*
*त्रैलोक्यं येन सृष्टं सकलसुरगृहं राजहर्म्यादिहर्म्यं ।*
*देवोऽसौ सूत्रधारो जगदखिलहितः पातु वो विश्वकर्मा ।।* (૩)

ત્યાર પછી વાસ્તુવિષય જુદા–જુદા ગ્રંથોની જેમ બંને ગ્રંથોમાં વાસ્તુ માટે આવશ્યક વસ્તુ, તથ્ય, માન, માન્યતા, વિધિ અને વિચારોનું સંપાદન કર્યુ છે.

બંને ગ્રંથોમાં આ બાબત પર પ્રથમ વિચાર કર્યો છે. જે વિષયમાં સામ્ય છે તેમ બૌદ્ધવ્ય છે.

## ૫.૩ ગૃહનિર્માણ પ્રયોજન

બધા જ પ્રાણી માત્ર ગૃહ નિર્માણને આવશ્યક માને છે કેમકે – જે ગૃહથી સ્ત્રી, પુત્રાદિભોગો, ધર્મ – અર્થ – કામની પ્રાપ્તિ, ઠંડી, ગરમી, વર્ષા, વગેરેથી બચાવ થાય છે. તે ગૃહના મહાત્મ્ય વિશે સૂત્રધાર મંડન અને વિશ્વકર્મા બંને કહે છે – બધા પુણ્યકર્મ ગૃહમાં જ સિદ્ધ થાય છે માટે દેવતાઓ પણ તેની કામના કરે છે –

*गेहं पूर्वमुशन्ति तेन विबुधाः श्रीविश्वकर्मादयः ।* (૪) આ માન્યતા વેદોમાં પણ છે જેમકે –

*एमां कुमारस्तरुण आ वत्सोजगता सह ।*

*एमां परिस्त्रुतः कुंभ आदन्धः कलशैःरगुः ।।* (૫)

અર્થાત્ – ગૃહથી જ જનસમુહની સાથે તરુણકુમાર અને ગૌ–અશ્વાદિનો વત્સ, પરિશ્રુતમધુકુંભ, દધિપૂર્ણ કળશની પ્રાપ્તિ થાય છે.

## ૫.૪ ગૃહારંભ વિચાર

મંડન સૂત્રધાર અને સ્થપતિ વિશ્વકર્માએ ગૃહારંભ માસ, નક્ષત્ર, પક્ષ, ચંદ્રબલ, શુભદિન વગેરેની પસંદગીની આવશ્યકતા બતાવી છે. બંને ગ્રંથકર્તાઓએ આ બાબતમાં પૂર્વવર્તી ગ્રંથો અને આચાર્યોના મતને ઉદ્ધૃત કર્યા છે.

સૂત્રધાર મંડને ગૃહારંભમાસ ફલ વિચાર મત્સ્યપુરાણ(૬) અને સમરાંગણસૂત્રધારનું સંક્ષિપ્ત રૂપ જ છે. વિશ્વકર્મા એ મુહૂર્તમાર્તણ્ડ અને વાસ્તુરત્નાકરના મતો ઉદ્ધ ત કરીને ગૃહારંભમાં સફલ વિચાર આ પ્રમાણે આપ્યો છે.

## ગૃહારંભ માસ ફળ વિચાર

| *राजव©भ* અને *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (७) | | | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (८) |
|---|---|---|---|
| **ક્રમ** | **માસ** | **ફળ** | **ફળ** |
| ૧ | ચૈત્ર | શોક | ધનહાનિ |
| ૨ | વૈશાખ | અર્થલાભ | ધન–ધાન્યાદિ લાભ |
| ૩ | જયેષ્ઠ | મૃત્યુ | પશુ–પુત્ર લાભ |
| ૪ | અષાઢ | પશુનાશ | હાનિ–શત્રુભય |
| ૫ | શ્રાવણ | પશુવૃદ્ધિ | હાનિ–શત્રુભય |
| ૬ | ભાદ્રપદ | – | હાનિ–શત્રુભય |
| ૭ | અશ્વિન(આસો) | કલહ | હાનિ–શત્રુભય |
| ૮ | કાર્તિક | સેવકનાશ | – |
| ૯ | માર્ગશીર્ષ | ધાન્ય | – |
| ૧૦ | પૌષ | ધાન્ય | હાનિ–શત્રુભય |
| ૧૧ | માઘ | અગ્નિભય | ધનલાભ |
| ૧૨ | ફાલ્ગુન | ધનપ્રાપ્તિ | પુત્ર–ધનલાભ |

તો વિશ્વકર્માએ ઉપરોક્ત ફળ નિર્દેશ વાસ્તુરત્નાકરના આધારે કરી ને શ્રાવણ, વૈશાખ, પૌષ, ફાલ્ગુન અને માર્ગશીર્ષને ગૃહપ્રવેશમાં શુભ ગણાવ્યા છે.(૯) જે રાજવલ્લભના પ્રસ્તુત મત સાથે સામ્યતા ધરાવે છે. જેમાં પણ વૈશાખ, શ્રાવણ, પૌષ, ફાલ્ગુન અને માર્ગશીર્ષ ગૃહારંભ માટે શુભ ગણાવ્યો છે.

આ ઉપરાંત વત્સમુખ પ્રમાણે ગૃહારંભનિર્ણયવિચાર અને સાથે જ દ્વારનિર્માણ વિચારના નિર્દેશો મંડનસૂત્રધાર અને વિશ્વકર્મા બંને શબ્દશઃ સામ્યતાથી કરે છે.

બંને ગ્રંથોમાં વત્સચક્ર[૧૦]




આમ બંને ગ્રંથોના મતે વત્સમુખની દિશામાં દ્વાર હાનિ કરે છે, વત્સની પાછળ દ્વારથી આયુષ્ય ક્ષય થાય છે. માટે બંને બાજુ દ્વાર મુકવું. પરંતુ સિંહ, વૃષ, વૃશ્ચિક, કુંભ રાશિના સૂર્યમાં ચારેય બાજુ દ્વાર મૂકી શકાય. આવો જ મત દીપાર્ણવનો પણ છે. [૧૧] અને મંડને દિશાચયનમાટે રાશિ વિચારને પ્રમુખતા આપી છે. 'રાજવલ્લભ'નો એ મત શિ. પૂર્વાર્ધ અ.૫.માં. છે.

## ૫.૫ દિક્સાધન વિધિ

બંને ગ્રંથમાં દિક્સાધના ઉપર ભાર પૂર્વક નિર્દેશો પ્રાપ્ત થાય છે.

(અ) નક્ષત્ર દિક્સાધનાના વિષયમાં ચિત્રા, સ્વાતિ નક્ષત્રથી પૂર્વ દિશા દક્ષિણ દિશાવાસીઓએ અને ઉત્તરવાસીઓએ કૃત્તિકા નક્ષત્રથી પૂર્વાદિ દિશાઓ સાધ્ય કરવી.[૧૨] અને બંને ગ્રંથોએ દિક્સુદ્ધિ પર ભાર મૂકી દિગ્મૂઢં નિષેધનો નિર્દેશ કર્યો છે. આ ઉપરાંત બંને ગ્રંથોમાં રાત્રિદિક્ સાધના અને દિવસ દિક્સાધના બંને વિધિનો સમાન રીતે બતાવ્યો છે.

(બ) રાત્રિદિક્સાધના વિધિ પ્રસ્તુત બંને ગ્રંથોમાં આ પ્રમાણે બતાવી છે.

*तारे मार्कटिके ध्रुवस्य समतां नीतेऽवलम्बे नते*

*दीपाग्रेण तदैक्यतश्च कथिता सूत्रेण सौम्या दिशा ।* (૧૩)

અર્થાત્ –

ધ્રુવ

માર્કટિકા

અવલંબ

દીપક

ઉત્તર દક્ષિણ રેખા

(ક) દિવસ દિક્ સાધના વિધિ વિશ્વકર્મા અને મંડન બંનેએ બતાવી છે.

જેમકે, સમતલ જમીન ઉપર ૩૨ અંગુલનો વૃત બતાવી વચ્ચેના બિંદુ ઉપર ૧૨ અંગુલનો શંકુ રાખી, દિવસના પૂર્વાર્ધમાં શંકુની છાયા જયા પડે ત્યાં, પશ્ચિમ દિશા દિવસનાં ઉત્તરાર્ધમાં શંકુની છાયા જયાં પડે તે પૂર્વદિશા. આ રીતે ચારેય દિશાનું જ્ઞાન થાય. (૧૪)

## ૫.૬ ભૂમિનિર્ણય

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ગૃહાદિ જે ભૂમિ પર નિર્માણ કરવાનું છે તે ભૂમિ અંગે, ભૂમિ પરીક્ષા અંગે, બ્રાહ્મણાદિ માટે પ્રશસ્તા ભૂમિ વગેરે માટે સામ્ય વાળા નિર્દેશો પ્રાપ્ત થાય છે. જે આ પ્રમાણે છે.

### ૫.૬.૧ <u>(અ) બ્રાહ્મણાદિ માટે પ્રશસ્તાભૂમિ</u>

મંડન સૂત્રધાર અને વિશ્વકર્માએ બ્રાહ્મણાદિ માટે ભૂમિના ચાર ભેદ બતાવ્યા છે. તે મત્સ્યપુરાણમાં(૧૫) પણ ઉલ્લેખિત છે. અને અહીં પોત–પોતાની જાતિને અનુકુળ ભૂમિ ઉપર નિવાસ પ્રશસ્ત કહ્યો છે. ભૂમિ ભેદો આ પ્રમાણે સ્પષ્ટ છે. જે બંને ગ્રંથોમાં નિર્દિષ્ટ છે. (૧૬)

| વર્ણ | બ્રાહ્મણ | ક્ષત્રિય | વૈશ્ય | શૂદ્ર |
|---|---|---|---|---|
| રસ | મધુર | તુરા | ખાટી | કડવી |
| ગંધ | ઘૃતગંધી | રક્તગંધા | તલનાતેલની | મત્સ્યગંધા |
| રંગ | શ્વેતવર્ણ | રક્તવર્ણ | પીતવર્ણ | કૃષ્ણવર્ણ |

### ૫.૬.૨ (બ) ભૂમિ પરીક્ષા

વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં વાસ્તુપયોગી વસ્તુઓમાં વર્ણનોમાં સૌપ્રથમ ભૂમિ–પરીક્ષાના નિર્દેશો મળે છે. તેમ અહીં બંને ગ્રંથોમાં ભૂ–પરીક્ષાનો વિધિ બતાવ્યો છે.

જેમકે –

*खातं भूमिपरीक्षणे करमितं तत्पुरयेत्तन्मृदा ।*
*हीने हीनफलं समे समफलं लाभो रजोवर्धने ॥*
*तत् कृत्वा जलपूर्णमाशतपदं गत्वा परीक्ष्यपुनः ।*
*पादोनेऽर्धविहीनकेऽथ निभृतं मध्याऽद्यमेष्टाम्बुभिः ॥* (૧૭)

અહીં બંને ગ્રંથોમાં બે પ્રકારે ભૂમિપરીક્ષાનો વિધિ બતાવ્યો છે.

(૧) ગૃહ કરવાની જમીનમાં એક હાથ ખાડો ખોદવો અને તે ખાડો ખોદતા નીકળેલી માટી તે ખાડામાં પૂરતાં ઘટે તો હીન ફળ બરાબર થાય તો સાધારણ ફળ અને વધે તો લાભકારક જાણવું.

(૨) તે ખાયમાં પૃથ્વીની સપાટી બરાબર પાણી ભરી તેનાથી ૧૦૦ ડગલા દૂર જઈને પાછા આવી ભરેલું પાણી જોવું. જો ચોથા ભાગનું પાણી ઘટયુ હોય તો મધ્યમ ફળ, અર્ધા ભાગનું પાણી ઘટયુ હોય તો અધમ ફળ, તેટલુ જ રહ્યું હોય તો ઉત્તમ ફળ જાણવું.

### ૫.૬.૩ (ક) પ્લવ ભૂમિ

બંને ગ્રંથોમાં ગૃહનિર્માણની ભૂમિમાં પ્લવ (ઢાળ) ની પરીક્ષા કરવા અને ઉત્તરાદિ દિશામાં પ્લવ ફળના નિર્દશોમાં અને બ્રાહ્મણાદિ માટે શ્રેષ્ઠ પ્લવના ઉલ્લેખો કર્યા છે. જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

## પ્લવ ભૂમિ

| પ્લવ દિશા | ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ 'માં ફળ [૧૮] | 'રાજવલ્લભ'માંફળ[૧૯] |
|---|---|---|
| પૂર્વ પ્લવ | સંપૂર્ણ ગુણયુક્ત, આયુ, બળ, સંપત્તિ, આનંદકારી | સુખ પ્રાપ્તિ |
| અગ્નિ પ્લવ | અગ્નિભય | અગ્નિભય |
| દક્ષિણ પ્લવ | ગૃહનાશ, ધનહાનિ, રોગદાયી | મૃત્યુ |
| નૈઋત્ય પ્લવ | કલેશ, રોગ, મૃત્યુ, ધનહાનિ | ચોરભય |
| પશ્ચિમ પ્લવ | ધનાદિનાશ, શોક | દુઃખપ્રાપ્તિ |
| વાયવ્ય પ્લવ | કુળનાશ, દુઃખ, ભયાદિ | અન્નનાશ |
| ઉત્તર પ્લવ | લાભદાયી, વૃદ્ધિદાયક, ભોગાદિઆપનાર | સુખ પ્રાપ્તિ |
| ઈશાન પ્લવ | ઉત્સાહ, ધન, ધાન્યાદિ લાભ | સુખ પ્રાપ્તિ |

ફલિતાર્થ રૂપે કહી શકાય કે બંને ગ્રંથોના મતે પૂર્વ, ઉત્તર અને ઈશાન પ્લવમાં ગૃહનિર્માણ સુખકારી છે. આ ઉપરાંત વર્ણાનુસાર દિશા પ્લવ આ પ્રમાણે સ્પષ્ટ છે.

### વર્ણાનુસાર દિશાપ્લવ

*विप्रादेरनु वर्णतश्च सुखदं सृष्टेः क्रमात्सौम्यतः ।।* [૨૦]

અથાત્ –

| ક્રમ | દિશા | વર્ણ | ફળ |
|---|---|---|---|
| ૧. | ઉત્તર | બ્રાહ્મણ | સુખદ |
| ૨. | પૂર્વ | ક્ષત્રિય | સુખદ |
| ૩. | દક્ષિણ | વૈશ્ય | સુખદ |
| ૪. | પશ્ચિમ | શૂદ્ર | સુખદ |

અને બંને ગ્રંથોમાં ફાટેલી, શલ્યયુકત ભૂમિને ગૃહાદિ માટે વર્જિત બતાવી છે.[૨૧]

## ૫.૭ શલ્યશોધન વિધિ

ગૃહનિર્માણની ભૂમિને શલ્યાદિથી શુદ્ધ કરવાના નિર્દેશો વાસ્તુકર્તાઓએ કર્યા છે. આ ભૂમિગત શલ્યશોધન વિધિ બંને વાસ્તુ કર્તાઓએ આ પ્રમાણે આપી છે.

ગૃહપતિ ને કોઈપણ દેવતા, વૃક્ષ, અથવા પુષ્પ ના નામ લ્યે. ગૃહપતિ જે શબ્દ બોલે તેના પ્રથમાક્ષરની દિશામાં શલ્ય જાણવું. (૨૨)

આના માટે ભૂમિના ૯ ભાગ કલ્પી, ૪ દિશા, ૪ કોણ અને મધ્યે આદ્યઅક્ષર શલ્ય માટે લખવા. જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| <u>ઈશાન</u> | <u>પૂર્વ</u> | <u>અગ્નિ</u> |
|---|---|---|
| પ, ફ, બ ભ, મ | અ, ઈ, ઉ, ઋ, લૃ | ક, ખ ગ, ઘ, ङ |
| ઉત્તર<br>શ, ષ, સ, હ | મધ્યમ<br>ય, ર, લ, વ | દક્ષિણ<br>ચ, છ, જ, ઝ, ञ |
| વાયવ્ય<br>ત, થ, દ, ધ, ન, | પશ્ચિમ<br>એ, ઐ, ઓ, ઔ | નૈઋત્ય<br>ટ, ઠ, ડ, ઢ, ણ |

પ્રસ્તુત બંને ગ્રંથોમાં શલ્ય શોધન વિધિમાં સામ્ય છે. પરંતુ શલ્ય દોષમાં વૈષમ્ય છે. પરંતુ બંને ગ્રંથોમાં કેશ, કોયલાં, લાકડું, લોહ, હાડકુ વગેરે કાઢવાનો નિર્દેશ છે અને તેનો નિકાલ – શોધ પ્રસ્તુત વિધિ દ્વારા કરવાનું સૂચન કર્યુ છે.

## ૫.૮ નાગચક્ર નિર્ણય વિચાર

ગૃહનિર્માણમાં ખનન / ખાત પહેલા સાતત્ય બાબતોને બંને વાસ્તુકર્તાઓએ ' નાગમુખ ' ના વિચારથી નિર્દેશ્યો છે. જેમાં સૂર્યની દિશા અનુસાર સ્થિતિ અને તે પ્રમાણે ભૂમિની પ્રભાવકતાનો સિદ્ધાંત છે.

તેમાં કન્યાદિ ત્રણ રાશિઓની પૂર્વાદિ અનુસાર વિભાજીત કરી નાગમુખ સ્પષ્ટ કર્યુ છે. અર્થાત્ દોષ અથવા હાનિકારક ફળનો નિર્દેશ કર્યો છે. કેમકે – નાગમુખ પર ગૃહાદિના દ્વાર ન બનાવવા જોઈએ. પરંતુ પેટ પર ખનન કરી શકાય. (૨૩)

બંને ગ્રંથોમાં નાગમુખ વિચારમાં નિર્દેશો અને ચિત્રોમાં સામ્યતા દૃષ્ટિગત થાય છે. અને તે નાગ ચક્ર અનુસાર ગૃહ માટે ખનન કરવાથી થતા દોષને બંને ગ્રંથ કર્તાએ આ પ્રમાણે સ્પષ્ટ કર્યા છે. (૨૪)

| <u>ક્રમ</u> | <u>નાગ અંગો</u> | <u>ફળ</u> |
|---|---|---|
| ૧. | મસ્તક પર ખનન | માતા–પિતાનું મૃત્યું |
| ૨. | પૂંછ પર ખનન | રોગ–વ્યાધિ, વિનાશ |
| ૩. | પીઠ પર ખનન | હાનિ – ભય |
| ૪. | કુક્ષિ પર ખનન | પુત્રાદિનું શુભથાય |
| ૫. | મર્મ પર ખનન | ધનનાશ |
| ૬. | ચારેય દિશામાં ખનન | સ્ત્રી અને સ્વગોત્ર વિનાશ |

આથી બંને ગ્રંથોના મતે સ્પષ્ટ થાય છે કે નાગમુખ જો પૂર્વમાં હોય તો વાયવ્યકોણમાં ખનન કરે તે શુભકારક છે.

## ૫.૯ શિલાન્યાસ વિધિમાં ખનન નિર્ણય

પ્રસ્તુત બંને ગ્રંથોમાં શિલાન્યાનવિધાન પ્રાપ્ત છે. જેમકે, ખનન કરીને પછી શિલાન્યાસ કરવો. શિલાન્યાસ માટે રાજવલ્લભ ભૂમિ ખનન આ રીતે કહે છે.

*भित्तेभूलं स्थापनीयं जलान्ते पाषाणे वा हेमरत्नैः सगर्भम् ।* (૨૫)

અર્થાત્ – જમીનનો શિલાન્યાસ માટે પાણી અથવા પથ્થર આવે ત્યાં સુધી ખોદવી. તો શિલ્પસ્મૃતિમાં પણ શબ્દભેદે આ જ વિધાન આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

*पाषाणन्त जलान्त वा वालुकान्त द्रढभूमि ।* (૨૬)

અર્થાત્ – ભૂમિને પાષાણ, જળ, રેતી અથવા દ્રઢભૂમિ સુધી ખોદીને શિલાન્યાસ કરવો અને શિલાન્યાસ વખતે વાસ્તુપૂજન અનિવાર્ય ગણાવ્યું છે.

## ૫.૧૦ હસ્તાદિ પ્રમાણ

વાસ્તુવિશારદો જેવા કે – ભોજ(૨૭) , ભુવનદેવ(૨૮) , માનઋષિ(૨૯) વગેરે એ હસ્ત પ્રમાણની પ્રકલ્પા કરી છે. કેમકે વાસ્તુમાં ભૂમિની લંબાઈ, પહોળાઈના માપ દંડનો પ્રયોગ અનિવાર્ય છે. તેજ પ્રમાણે મંડન સૂત્રધાર અને વિશ્વકર્મા પ્રસ્તુત ગ્રંથોમાં હસ્તમાનના નિર્દેશો કર્યા છે. જે આજ સુધી સ્થાપત્ય કાર્ય માટે અનિવાર્ય છે અને આ બંને વાસ્તુ કર્તાઓએ યવ, અંગુલ, પર્વ અને ગજ (હસ્ત) નિર્માણના નિર્દેશો કર્યા છે.

બંને ગ્રંથોમાં ૮ પર્વના ગજ નિર્માણના આદેશો છે. જે આ પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| ૮ | રેણુ | = | ૧ પરમાણું |
| ૮ | પરમાણુ | = | ૧ રજ |
| ૮ | રજ | = | ૧ કેશાગ્ર |
| ૮ | કેશાગ્ર | = | ૧ લીક્ષા |
| ૮ | લીક્ષા | = | ૧ પૂકા |
| ૮ | પૂકા | = | ૧ યવ |
| ૮ | યવ | = | ૧ અંગુલ |
| ૩ | અંગુલ | = | ૧ પર્વ |
| ૮ | પર્વ | = | ૧ હસ્ત |

૧–૧ પર્વ વચ્ચે ૩–૩ અંગુલનું અંતર છે. આ ૮ પર્વ પર ૮ પુષ્પો બનાવવાં, દરેક અંગુલે પર્વ રેખા કરવી. (૩૦)

અર્થાત્ – ૩ અંગુલ = ૧ પર્વ અને ૮ પર્વ = ૧ હસ્ત (ગજ)

બંને ગ્રંથ કર્તાઓએ અન્ય વાસ્તુકર્તાઓ પ્રમાણે(૩૧) હસ્તના ત્રણ પ્રકાર બતાવ્યા છે.(૩૨) જેના માપ, ઉપયોગ આદિના નિર્દેશો પણ કર્યા છે. જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

## <u>હસ્તના પ્રકારો</u>

| <u>ક્રમ</u> | <u>પ્રકારો</u> | <u>માન</u> | <u>ઉપયોગ</u> |
|---|---|---|---|
| ૧. | જયેષ્ઠ | ૮ યવ | ગામ,નગર,પુર,ખેટ,અને યોજન |
| ૨. | મધ્યમ | ૭ યવ | મંદિર, મૂર્તિ, પ્રાસાદ, ગૃહ |
| ૩. | કનિષ્ઠ | ૬ યવ | વાહન, શય્યા, છત્ર, આસન, વાવ,કૂવા, આદિ |

**બંને ગ્રંથ કર્તાઓએ હસ્તમાં ફૂલ સ્થિત દેવતાના નિર્દેશો શબ્દભેદે સમાન છે. જેમકે –**

*रूद्रश्च पवनस्त्वष्टाऽनलो ब्रह्मा तथा यमः ।*

*वरूणो धनदो विष्णुर्मूलतश्चान्ततः स्थिताः ।।* (૩૩)

**અને**

*रुद्रो वायुर्विश्वकर्मा हुताशो ब्रह्मा कालस्तोयपः सोम विष्णू ।* (૩૪)

**અર્થાત્ –** **<u>ફૂલના દેવતા</u>**




**તો બંને ગ્રંથોમાં પર્વસ્થિત દેવતાઓના નિર્દેશોમાં પણ સામ્ય છે.** (૨૫) **જેમકે –**

**પર્વ સ્થિત દેવતા**



બંને ગ્રંથોમાં હસ્ત, કાષ્ટ, વાંસ અથવા ધાતુમાંથી બનાવવાનો નિર્દેશ છે. અને બંને ગ્રંથોમાં સમાન હસ્તગ્રહણવિધિ[૩૬] તેમજ હસ્તના દેવતા દબાવાથી થતા દોષોના[૩૭] સમાન નિર્દેશો છે. જેમકે –

હસ્તને બે પુષ્પોની મધ્યે પકડીને ગૃહાદિ કાર્યની શરૂઆત કરવી. હસ્ત હાથમાંથી પડી જાય તો કાર્યમાં વિઘ્ન આવે. અને હસ્ત ધારણ કરતી વખતે કોઈ દેવતા દબાઈ તો તેના ફલાફલના પણ નિર્દેશો છે. જેમાં પણ સામ્યતા દૃષ્ટિગત થાય છે. ભોજે ૧૩ સ્થાનોના દેવતાના દબાવાનો ઉલ્લેખ કર્યો છે.[૩૮] આથી કહી શકાય કે બંને ગ્રંથ કર્તાએ વાસ્તુશાસ્ત્રની સાથે શકુન વિચાર પણ કર્યો છે. અને બંને ગ્રંથોમાં –

*તાભ્યાં યોજનમેવ ભૂમિરખિલા કોટીશતૈર્યોજનૈઃ ।*[૩૯] કહીને મંડનસૂત્રધારે

અને

*સહસ્ત્ર યોજને ચૈવ પરિમિતા ભૂમિશ્ચ સર્વા બુધૈઃ ।* [૪૦] કહીને વિશ્વકર્માએ અંગુલાદિથી પૃથ્વી પ્રમાણના નિર્દેશો શબ્દભેદે સમાન રીતે કર્યા છે. જેનું વર્ણન બંને ગ્રંથોના વર્ણ્ય વિષયમાં કર્યુ છે.

આ ઉપરાંત બંને વાસ્તુકર્તાઓએ વાસ્તુકર્મમાં પાળવા યોગ્ય અને સહાયક એવા ૮ સૂત્રોનો ઉલ્લેખ સમાન રીતે કર્યા છે.[૪૧] જેના નિર્દેશો પણ બંનેના વર્ણ્ય વિષયોમાં કર્યા છે.

બંને ગ્રંથોમાં હસ્તાદિ પ્રમાણોમાં સામ્યતા દૃષ્ટિગત થાય છે.

## ૫.૧૧ વાસ્તુપુરુષ – પદાધિકાર

### ૫.૧૧.૧ વાસ્તુપુરુષોત્પત્તિ –

પ્રસ્તુત બંને ગ્રંથના કર્તાઓએ વાસ્તુપુરુષોત્પત્તિના વર્ણનો –

*સંગ્રામેધંકરુદ્રયોશ્ચ પતિતઃ સ્વેદો મહેશાત્ક્ષિતૌ ---।।* [૪૨]

કહીને અંધક દૈત્યની પુરાણોકતકથાના ઉલ્લેખો કર્યા છે. તેનું વર્ણન મે આગળ કર્યુ છે.

### ૫.૧૧.૨ <u>વાસ્તુપૂજન કયાં ?</u>

બંને ગ્રંથોમાં – *प्रासादे भवने तडागखनने कूपे च वापी वने ।*

*जीर्णोद्धारे पुरेषु  यागभवने प्रारम्भनिर्वर्तने ।।* (૪૩)

કહીને – પ્રાસાદ, ગૃહ, તળાવ, કૂવા, વાવ, વૃક્ષારોપતા, જીર્ણોદ્ધાર, નગર, યજ્ઞાદિ કાર્યોના નિર્માણમાં વાસ્તુપૂજન અનિવાર્ય ગણાવ્યું છે.

તો બંને ગ્રંથોમાં વાસ્તુનો ક્ષેત્રાત્મક નિર્ણય આપ્યો છે. જેમકે ૧ પદથી ૧૦૦૦ પદ સુધીના વાસ્તુને પૂજી શકાય છે. પરંતુ આ ક્ષેત્રાત્મક નિર્ણયમાં અંશતઃ સામ્ય જોઈ શકાય છે.

### ૫.૧૧.૩ <u>વાસ્તુપુરુષમાં દેવતા વિન્યાસ</u>

વાસ્તુપૂજનની આવશ્યકતા બતાવીને બંને ગ્રંથોમાં પૂર્વાદિ દિશાથી દેવતા સ્થાપના અને પૂજાના સમાન નિર્દેશો પ્રાપ્ત થાય છે. (૪૪) જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| ક્રમ | દેવતા | વાસ્તુપુરુષ દિશા |
|---|---|---|
| ૧ | પર્જન્ય, જય, ઈન્દ્ર, સૂર્ય, આકાશ | ઈશાન/પૂર્વ વચ્ચે |
| ૨ | અગ્નિ | અગ્નિકોણ |
| ૩ | પૂષા, વિતથ, ગૃહક્ષત, યમ, ગંધર્વ, ભૃંગ, મૃગ | અગ્નિ/દક્ષિણ વચ્ચે |
| ૪ | પિતૃદેવ | નૈઋત્ય |
| ૫ | દૌવારિક, સુગ્રીવ, પુષ્પદંત, વરુણ, અસુર, શોક, યમ | નૈઋત્ય/પશ્ચિમ વચ્ચે |
| ૬ | રોગ | વાયવ્ય |
| ૭ | નાગ, મુખ્ય, ભલ્લાટ, કુબેર, શૈલ, અદિતિ, દિતિ | વાયવ્ય/ઉત્તરવચ્ચે |
| ૮ | ઈશ | ઈશાન |
| ૯ | આપ અને આપવત્સ | ઈશાન/અંદર |
| ૧૦ | સાવિત્ર અને સવિતા | અગ્નિ/અંદર |
| ૧૧ | ઈન્દ્ર અને જય | નૈઋત્ય /અંદર |

| | | |
|---|---|---|
| ૧૨ | રુદ્ર અને રુદ્રદાસ | વાયવ્ય /અંદર |
| ૧૩ | ચરકી | ઈશાન /બહાર |
| ૧૪ | વિદારિકા | અગ્નિ /બહાર |
| ૧૫ | પૂતના | નૈઋત્ય /બહાર |
| ૧૬ | પાપ | વાયવ્ય /બહાર |

**આ બંને ગ્રંથોક્ત વાસ્તુપુરુષ સ્થિતિ અને દેવતા સ્થાન આ ચિત્રથી સ્પષ્ટ થાય છે.**

**વાસ્તુપુરુષ**

### ૫.૧૧.૪ <u>વાસ્તુપદ વિધાન</u>

**બંને ગ્રંથોમાં અંશતઃ જોવા મળતું વાસ્તુ પદ વિધાનનું સામ્ય આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.**

**જેમકે – બંને ગ્રંથોમાં ૧ થી ૧૦૦૦ પદના વાસ્તુના પૂજનના નિર્દેશો અને કયાં કેટલા પદનો વાસ્તુ પૂજવો તેના વિધાનો અને તેમાં દેવતા વિન્યાસ.**

| ક્રમ | પદ | દેવતા વિન્યાસ |
|---|---|---|
| ૧ | ૪૯ | ૪ પદમાં બ્રહ્મા, ૩–૩ પદમાં અર્યમાં આદિ, ૧/૨– ૧/૨ પદમાં ખુણાના દેવતા, બાકીના ૮ દેવ, ૯ પદમાં, અન્ય ૨૪, ૨૦ પદમાં |
| ૨ | ૬૪ | ૪ પદમાં બ્રહ્મા,૪–૪ ચારેય અર્યમાદિ,૨–૨ પદમાં ખૂણાનાં દેવતા, ૧/૨પદમાં બહારના ૮ દેવતા, બાકીના ૨૪ દેવતા ૧–૧ પદ માં |
| ૩ | ૮૧ | ૯ પદ બ્રહ્માના, ૬–૬ પદ અર્યમાદિ, ૨–૨ પદ બહારના ૮ દેવો, ૧–૧ પદમાં અન્ય દેવતા |
| ૪ | ૧૦૦ | ૧૬ પદમાં બ્રહ્મા ૮–૮ પદમાં અર્યમાદિ, ૨–૨ પદમાં બહારના ૮ દેવો, બહારના ખુણાનાં ૮ દેવો ૧ ૧/૨ – ૧ ૧/૨ પદમાં, બાકીના દેવો ૧ –૧ પદમાં |
| ૫ | ૧૦૦૦ | ૧૦૦ પદમાં બ્રહ્મા, ૮૦ પદમાં અર્યમાદિ, ૨૧ પદમાં ખુણાના દેવતા, ૯ પદમાં બહારના ખુણાના દેવતા, બાકીના દેવો ૮–૮ પદમાં, બહારની વીથી ૧૧૨ વર્ગની. |

પદ વાસ્તુ વિધાનમાં બંને ગ્રંથોમાં પ્રસ્તુત સામ્યની સાથે વૈષમ્ય પણ દૃષ્ટિગત થાય છે. તેના વિધાનો હું આગળ કરીશ. પરંતુ બંનેએ ૧૦૦૦ પદના શ્રેષ્ઠ કહી તેનો મહિમા વર્ણવ્યો છે.

૫.૧૧.૫ <u>વાસ્તુદેવના નૈવેદ્ય અને વાસ્તુપૂજન માહાત્મ્ય</u>

સ્થાપિત વાસ્તુદેવમાં સ્થાપિત ઈશાદિદેવતાઓના નૈવેદ્યના વિધાનો પ્રસ્તુત બંને ગ્રંથોમાં સમાન રીતે નિર્દિષ્ટ છે. (૪૫) (જેના નિર્દેશોમાં આગળ બંનેના વિષયવસ્તુમાં કરેલ છે)

બંને ગ્રંથોમાં બલિ વિધાન પર ભાર મૂકી વાસ્તુપૂજન ન કરવાથી થતા દોષોનો નિર્દેશ કર્યો છે. જેમકે – સૂત્રધાર મંડન કહે છે કે –

*वास्तुपूजाविहीनश्च सूत्रधारैर्विना तथा ।*

*सप्तजन्म भवत्कुष्ठी स कर्ता नरकं व्रजेत् ।।* (૪૬)

અર્થાત્ – જે ગૃહપતિ વાસ્તુપૂજન અને સૂત્રધારનું અભિનંદન કર્યા વિના જ નવા ગૃહાદિમાં પ્રવેશ કરે છે. તે સાત જન્મ સુધી કૃષ્ઠ રોગથી પીડાય છે. અને નરકગામી બને છે.

તો વિશ્વકર્માએ તેમના પ્રસ્તુત ગ્રંથમાં વાસ્તુ ન કરવાથી થતા દોષનું વર્ણન કરતા કહ્યું છે કે વાસ્તુપૂજાદિ વિના ગૃહાદિમાં પ્રવેશ કરે તો ગૃહસ્વામીનું મૃત્યુ થાય. (૪૭) તેવું વિધાન કર્યુ છે.

આથી કહી શકાય કે બંને ગ્રંથોમાં વાસ્તુપૂજનની અનિવાર્યતાને ભાર પૂર્વક રજુ કરી છે. તો બંને ગ્રંથોમાં વાસ્તુપૂજન મહાત્મ્ય પણ વર્ણવ્યું છે જેમકે –

*यः पूजयेद्वास्तुमनेन भकत्या न तस्य दुःखं भवतीह किञ्चित् ।*

*जीवत्यसौ वर्षशतं सुखेन, स्वर्गे नरस्तिष्ठति कल्पमेकम् ।।* (૪૮)

અર્થાત્ – વાસ્તુપૂજનથી વ્યકિત સો વર્ષનું જીવન સુખેથી ભોગવે છે અને મૃત્યુ પછી પણ સ્વર્ગમાં નિવાસ કરે છે.

આથી કહી શકાય કે બંને ગ્રંથકર્તાએ વાસ્તુપૂજન અને વાસ્તુપૂજાવિધિ પાલનની આવશ્યકતા પર ભાર મૂકયો છે.

## ૫.૧૨ આયતત્ત્વાધિકાર

પ્રસ્તુત બંને ગ્રંથોમાં આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશ, ચંદ્રમાં, રાશિગૃહ, દ્રવ્ય, તિથિ, યોગ ઉપર વિચાર કર્યો છે. જે જયોતિષ શાસ્ત્રનો વિષય છે. જયારે વાસ્તુપર જયોતિષનો પ્રભાવ પડયો ત્યારે ગૃહસ્વામીની રાશિ, નક્ષત્ર, ભવનમાન વગેરે પર વિચાર થવા લાગ્યો. અહીં વર્ણિત આયાદિતત્ત્વો લગ્ન સાધનમાં ઉપાદેય મનાય છે. કોઈપણ ભવન વિધાનો માટે આયાદિ વિચાર પરમાવશ્યક છે. (૪૯)

તો બંને ગ્રંથોમાં આયાદિ તત્ત્વોના વિધાનોમાં સામ્ય દેખાય છે. લાગે છે કે, મંડને વિશ્વકર્માના વિધાનોને પોતાની સામે રાખ્યા છે. અને બંનેમાં આયાદિ તત્ત્વોને વાસ્તુકર્મમાં જ્ઞાન પૂર્વક જોવાના નિર્દેશો છે. (૫૦) જેના વણ નો મે આગળ કયા છે.

### ૫.૧૨.૧ <u>ક્ષેત્રફળ</u> : લંબાઈ × પહોળાઈ = ક્ષેત્રફળ

પરંતુ ક્ષેત્રફળ માટે કોના માટે કયોં હસ્ત યોગ્ય છે. તેના નિર્દેશો બંને સરખી રીતે જ કર્યા છે. (૫૧) જે આ પ્રમાણે નિર્દિષ્ટ છે.

→ દેવમંદિર, રાજમહેલનું માપ – શાસ્ત્રોકત હસ્તથી કરવું

→ સામાન્ય લોકોનાં ઘરનું માપ – શિલ્પીના હાથે કરવું

→ ઘાસ પર્ણથી છાયવાળા ઘરનુ માપ – ગૃહસ્વામીના હસ્તથી કરવું

→ નગર અને પુરનું માપ – દંડથી કરવું

અતઃ ભવન નિર્માણની ભૂમિનું ક્ષેત્રફળ દંડ, હસ્ત, અંગુલ અથવા યવથી જાણીને તે પ્રમાણે આયનું માપ કાઢવું. જેમકે –

*आयोदण्डकराङ्गुलादिमपितो हस्ताङ्गुलेरंशतः । क्षेत्रस्याप्यनुमानतोऽपि नगरे दंडेन मानं पुरे ॥* (૫૨)

આમ બંને ગ્રંથોએ આય મેળવવાના વિધાનોમાં સામ્ય દ્દષ્ટિગત થાય છે.

### ૫.૧૨.૨ <u>આયવિચાર</u>

બંને ગ્રંથોમાં આયાદિ મેળવવાના વિધાનો પછી કયાં ગૃહમાં કેવી રીતે આય મેળવવો તેના વિધાનો અને ધ્વજાદિ <u>આયોના પ્રકારો</u> આ પ્રમાણે નિદિ ષ્ટ છે.(૫૩) જેમકે (૧) ધ્વજ, (૨) ધૂમ, (૩) સિંહ, (૪) શ્વાન, (૫) વૃષ, (૬) ખર, (૭) ગજ, (૮) ધ્વાંક્ષ. તેમા – *क्रमात् ध्वांक्षस्त्वष्टम आयकेषु विषमाः श्रेष्ठाः सुराणां गृहे ।* (૫૪)
કહીને રાજવલ્લભમાં અને – *ध्वजः सिंहो वृषगजौ शस्यन्ते सुर वेश्मनि ।* (૫૫) કહીને 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'માં – ધ્વજ, સિંહ, વૃષભ અને ગજ આય દેવમંદિર માટે શ્રેષ્ઠ ગણાવી છે તો,

<u>આયાદિ આયન</u> અર્થાત્ આયની જાણકારી મેળવવા માટે બંને ગ્રંથોમાં –

*धामस्य दीर्घतोव्यास गुणए चाष्ट भाजिते ।*
*ध्वजादिनं शेषमायं लभ्यते नात्र संशयः ॥* (૫૬) અને
*व्यासे दैर्घ्यगुणेऽष्टभिर्विभजिते शेषो ध्वजाद्यायको -- ।* (૫૭) કહીને

ક્ષેત્રફળ ÷ ૮ કરીને શેષ વધે તે ધ્વજાદિ ૮ આય જાણવાનો વિધિ સામ્યભાવે વર્ણવ્યો છે. તો આયાદિ સ્થાન, દિશાના વિધાનો પણ સામ્ય છે(૫૮) જેને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| <u>ક્રમ</u> | <u>આય</u> | <u>દિશા</u> | <u>સ્થાનો</u> |
|---|---|---|---|
| ૧ | ધ્વજ | પૂર્વ | બ્રાહ્મણના ઘરે, દેવપ્રાસાદ, છત્ર, વેદી, તળાવ, ધ્વજા, વસ્ત્ર, આભુષણ, યજ્ઞશાળા,માં ધ્વજાય શુભ છે. |
| ૨ | ધૂમ્ર | અગ્નિ | અગ્નિ કર્મ પર જીવનાર, યજ્ઞકુંડમાં ધૂમ્રાય શુભ છે. |
| ૩ | સિંહ | દક્ષિણ | સિંહદ્વાર, રાજમહેલ, શસ્ત્રાસ્ત્રભંડાર, સિંહાસનના નિર્માણમાં સિંહાય શુભ છે. |
| ૪ | શ્વાન | નૈઋત્ય | ચાંડલના નિવાસમાં શ્વાનાય શુભ છે |
| ૫ | વૃષ | પશ્ચિમ | વૈશ્યના નિવાસમાં, ઘુડશાળમાં વૃષાય શ્રેષ્ઠ છે. |
| ૬ | ખર | વાયવ્ય | વાણિજય–કર્મ કરનારને ત્યાં અર્થ, ભોજનપાત્ર તથા વાદ્ય–વાદન કરવાવાળાને ત્યાં ખરાય શુભ છે. |
| ૭ | ગજ | ઉત્તર | વાદ્યવૃંદ, ગાયકોના ગૃહ, શૂદ્રના ગૃહ, યાન–વાદન, સ્ત્રીકક્ષ, શયનગૃહ, હસ્તીશાલા આદિમાં ગજાય. |
| ૮ | ધ્વાંક્ષ | ઈશાન | શિલ્પકાર,તપસ્વીઓના સ્થાનમાં ધ્વાંક્ષાય |

**આ ઉપરાંત આય અનુસાર દ્વાર વિચારનો નિર્ણય બંને ગ્રંથોમાં છે. આથી સ્પષ્ટ છે કે – બંને ગ્રંથોમાં આયાદિ વિચારોમાં સંપૂર્ણતઃ સામ્ય છે.**

**૫.૧૨.૩ <u>નક્ષત્ર અને નક્ષત્ર ગણાધિકાર</u>**

**ઉક્ત બંને ગ્રંથોમાં નક્ષત્ર મેળવવાની વિધિ આ પ્રમાણે છે –**

**ક્ષેત્રફળ × ૮ ÷ ૨૭ = જે શેષ રહે તે નક્ષત્ર [૫૯]**

**નક્ષત્રગણ ને બંને ગ્રંથોએ વિભાજીત કર્યા છે. [૬૦] જે આ પ્રમાણે વિભાજીત છે.**

**દેવ :– મૃગશીર્ષ, અશ્વિની, રેવતી, હસ્ત, સ્વાતી, પુનર્વસુ, પુષ્ય, અનુરાધા, શ્રવણ**

**મનુષ :– ભરણી, પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, આદ્રા , રોહિણી**

**રાક્ષસ :– કૃત્તિકા, મૂળ, અશ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, ધનિષ્ઠા, શતભિષા, જયેષ્ઠા.**

**ગણવિચારની રીતિ વિશ્વકર્માના દીપાર્ણવાદિ [૬૧]ગ્રંથોમાં પણ ઉલ્લેખિત છે. તેમજ ગણ ફળનો વિચાર પણ બંને ગ્રંથોમાં સમાન છે જેના નિર્દેશો આ પ્રમાણે છે. [૬૨]**

| <u>ગૃહ નક્ષત્ર</u> | <u>સ્વામી નક્ષત્ર</u> | <u>ફળ</u> |
|---|---|---|
| રાક્ષણ | મનુષ્ય ગણ | ક્લેશ |
| મનુષ્ય | રાક્ષસ | ક્લેશ |
| રાક્ષસ | દેવ | ક્લેશ |

**પરંતુ ગૃહ અને સ્વામી બંનેના નક્ષત્ર એક જ ગણના હોય તો, શુભકારક છે.**

## ૫.૧૨.૪ ચંદ્રાધિકાર

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ચંદ્રાધિકાર અર્થાત્ ચંદ્રસ્થિતિ જ્ઞાન–વિધિ બતાવ્યો છે. [૬૩]આ ઉપરાંત દીપાર્ણવ [૬૪] અને ક્ષીરાર્ણવમાં [૬૫] પણ ચંદ્રસ્થિતિ જ્ઞાન–વિધિ બતાવ્યો છે. જેમકે – કૃત્તિકાદિ સાત નક્ષત્રો પૂર્વ દિશામાં

મઘાદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશામાં

અનુરાધાદિ સાત નક્ષત્રો પશ્ચિમ દિશામાં

ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો ઉત્તર દિશામાં

આ ક્રમથી ગૃહનું નક્ષત્ર જે દિશાએ હોય તે દિશામાં ચંદ્રમાં જાણવો. કોઈ ગૃહ નિર્માણની આગળ–પાછળ ચંદ્રમાંનું ફળ આ પ્રમાણે બતાવ્યું છે. [૬૬]

૧) ગૃહની સામે ચંદ્ર – આયુષ્ય નાશ
૨) ગૃહની પાછળ ચંદ્ર – હાનિપ્રદ / ભય ઉત્પન્ન
૩) જમણી બાજુ ચંદ્ર – શુભકારક
૪) ડાબી બાજુ ચંદ્ર – શુભકારક

તો બંને ગ્રંથોમાં દેવ મંદિર કે રાજમહેલમાં સન્મુખ ચંદ્રમાને પ્રશસ્ત કહ્યો છે. કહી શકાય તેમ છે કે મંડને વિશ્વકર્માના ગ્રંથોના મતાનુસાર ચંદ્રજ્ઞાન વિધિ બતાવ્યો છે.

## ૫.૧૨.૫ નક્ષત્ર વૈરાધિકાર / નક્ષત્ર મૈત્રીવૈર

વિશ્વકર્મા અને મંડને – *પ્રાસાદે ભવનાસને ચ શયને નક્ષત્ર વૈરં ત્યજેત્ ।* [૬૭] કહ્યું છે અને નક્ષત્ર દ્વંદ્વ આ પ્રમાણે બતાવ્યા છે.

ઉત્તરાફાલ્ગુની – અશ્વિની

સ્વાતી – ભરણી

રોહિણી – ઉત્તરષાઢા

શ્રવણ – પુનર્વસુ

ચિત્રા – હસ્ત

પુષ્ય – આશ્લેષા

જયેષ્ઠા – વિશાખા માં પરસ્પર શત્રુભાવ હોય છે. બંને ગ્રંથોમાં નક્ષત્રવૈરના નિર્દેશમાં શબ્દશઃ સામ્ય જોઈ શકાય છે.

૫.૧૨.૬ <u>વ્યયાધિકાર</u>

વ્યય જાણવાની રીતિ પણ બંને ગ્રંથોમાં [૬૮] સરખી જ બતાવી છે. જેમકે નક્ષત્રનો અંક ÷ ૮ = પ્રાપ્તફલમાં વ્યય જાણવો. બંને ગ્રંથોમાં વ્યય વિષયક ગણનામાં પણ સામ્ય છે. પરંતુ મંડને વ્યયોના નામ બતાવ્યા નથી.

વ્યય વિષયક ગણના કરતા બન્ને ગ્રંથોમાં કહ્યું છે કે –

*तुल्यायश्च पिशाचकौ ध्वजमृते संवर्धितो राक्षसः ।* [૬૯] અર્થાત્ –

ક્ષેત્રફળ પ્રમાણે આયની સંખ્યા વધારે અને વ્યય ઓછો તો – યક્ષ

ક્ષેત્રફળ પ્રમાણે આયની સંખ્યા અને વ્યય સરખા આવે તો – પિશાચ

ક્ષેત્રફળ પ્રમાણે આયની સંખ્યા ઓછી અને વ્યય વધારે તો – રાક્ષસ

– '*शिल्स्मृतिवास्तुविद्यायाम्*' માં[૭૦] ઓછા વ્યયને યક્ષ સંજ્ઞા આપી છે. 'રાજવલ્લભ' માં આપી નથી.

૫.૧૨.૭ <u>તારાધિકાર</u>

તારાઓને જાણવાની વિધિ વિશ્વકર્મા અને મંડને સમાન રીતે આપી છે. લાગે છે કે, મંડને દીપાર્ણવાદિ[૭૧] ગ્રંથોમાંથી આ વિધિને ગ્રહણ કરી હોય. તો બંને ગ્રંથોમાં ઉક્ત વિધિ આ પ્રમાણે બતાવી છે.

" ગૃહસ્વામીના નક્ષત્રની ગૃહના નક્ષત્ર સુધી ગણતા જે અંક આવે તેને ૯ વડે ભાગતા જે શેષ રહે તે તારા સમજવી ".

મંડને તારાઓનું નામ આપ્યું નથી પરંતુ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ની જેમ વાસ્તુકાર્યમાં ત્રીજી, પાંચમી અને સાતમીને શુભ ગણાતી નથી.

### ૫.૧૨.૮ <u>નક્ષત્ર નાડી અધિકાર</u>

બંને ગ્રંથોમાં નક્ષત્ર નાડી વેધના નિર્દેશો છે પરંતુ તેમા અશ્વિનાદિ ૨૭ નક્ષત્રોના વેધના વિધિમાં અશંતઃ સામ્ય જોઈ શકાય છે. જેમકે – અશ્વિનીથી શરૂ કરી ત્રણ નક્ષત્ર ક્રમ અને ઉત્કમ કરવાથી નવ–નવ નક્ષત્રોની એકેક નાડી આવે ગૃહ અને ગૃહસ્વામીના નક્ષત્ર એક નાડીમાં આવે તો શુભ જાણવા.

### ૫.૧૨.૯ <u>રાશિ વિચાર</u>

વાસ્તુશાસ્ત્રના સંદર્ભમાં રાશિની પરસ્પર શુદ્ધિ કરી ગૃહ નિર્માણ કરવું શુભકારક છે. માટે પ્રસ્તુત બંને ગ્રંથોને ગૃહની રાશિ જાણવા માટે –

*अश्विन्यादि त्रयं मेषे सिंहे प्रोक्तं मघात्रयम् ।*
*मूलादि त्रितयंचापे शेषमेषु द्वयं द्वयम् ॥* (૭૨)

અર્થાત્ – અશ્વિની, ભરણી, કૃત્તિકા એ ત્રણ નક્ષત્રની મેષ રાશિ
મઘા, પૂ. ફાલ્ગુન, ઉ.ફાલ્ગુન એ ત્રણ નક્ષત્રની સિંહ રાશિ
મૂલ, પૂ. ષાઢા, ઉ. ષાઢા એ ત્રણ નક્ષત્રની ધન રાશિ
બાકીના બબ્બે નક્ષત્રની રાશિ જાણવી.

લાગે છે કે મંડને વિશ્વકર્માનો આ મત ગ્રહણ કર્યો છે. પરંતુ સ્પષ્ટ કર્યો નથી. મંડને ગૃહવેધ ત્યાગનો નિર્દેશ કર્યો નથી. જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં તે સ્પષ્ટ છે.

### ૫.૧૨.૧૦ <u>રાશિ વૈર અને રાશિ સ્વામી</u>

રાશિના ઈષ્ટ – અનિષ્ટ ભાવના સંદર્ભે મંડને 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'(૭૩) ના મતાનુસાર જ કહ્યું છે તો બંનેના મતે – ગૃહસ્વામીની રાશિ થી ગૃહ રાશિ – સાતમી આવે તો ઉત્તમ પ્રીતિકરનાર, ૧૦ અને ૪ પુષ્ટિકારક, ૩ અને ૧૧ મૈત્રીકારક, ૨ અને ૧૨ શત્રુતા અને દારિદ્ર આપનાર, ૭ અને ૮ મૃત્યુ, ૫ અને ૯ કલેશ કરાવે.

આ મતને આ પ્રમાણે સારણીથી સ્પષ્ટ કરી શકાય.

| રાશિ અંક | ૭ | ૬,૮ | ૫,૯ | ૧૦,૪ | ૩,૧૧ | ૨,૧૨ |
|---|---|---|---|---|---|---|
| ફળ | પ્રીતિ | મૃત્યુ | ક્લેશ/અનિષ્ટ | પુષ્ટિ | મૈત્રીકારક | શત્રુતા |

આ સંદર્ભે જાણવું જોઈએ કે ષડષ્ટક રાશિની પરસ્પર શુદ્ધિ કરીને ગૃહ નિર્માણ કરવું શ્રેયષ્કર છે. – *राशयः षड्विधा एवमन्योन्यं पतिवैश्मनो ।* (૭૪)

→ રાશિ સ્વામી

રાશિ ના સ્વામી તથા પરસ્પર વૈર–મૈત્રીભાવના સંદર્ભને 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' (૭૫) આદિ ગ્રંથોમાં જોઈ શકાય છે. કહી શકાય તેમ છે કે મંડને 'રાજવલ્લભ'માં રાશિસ્વામી વિચાર તેમાથી જ ઉદ્ધૃત કર્યો હશે. તો પ્રસ્તુત બંને ગ્રંથોના રાશિ સ્વામી વિચાર આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| રાશિ | સ્વામી |
|---|---|
| મેષ, વૃશ્ચિક | મંગળ |
| વૃષ, તુલા | શુક્ર |
| મિથુન, કન્યા | બુધ |
| કર્ક | ચંદ્ર |
| સિંહ | સૂર્ય |
| મીન, ધન | ગુરુ |
| મકર, કુંભ | શનિ |

આમાથી સૂર્ય, મંગળ, ચંદ્ર અને ગુરુ એ ચારેય મિત્ર છે જયારે બુધ, શુક્ર, શનિ અને રાહુ ઉપર્યુકત ચારેયના શત્રુ મનાય છે.

આથી રાશિ – સ્વામીના શત્રુ–મિત્ર ભાવ પર વિચાર કરીને ગૃહનિર્માણનું કાર્ય કરવું જોઈએ.

## ૫.૧૨.૧૧ રાશિ – વર્ણ વિચાર

પ્રસ્તુત બંને ગ્રંથોમાં વર્ણાદિ ક્રમ પ્રમાણે રાશિચંદ્ર આપ્યું છે. (૭૬) જેને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| ગૃહ સ્વામીની રાશિ | રાશિવર્ણ |
|---|---|
| ૧) વૃશ્ચિક, કર્ક, મીન | બ્રાહ્મણ |
| ૨) ધન, મેષ, સિંહ | ક્ષત્રિય |
| ૩) વૃષ, કન્યા, મકર | વૈશ્ય |
| ૪) મિથુન, તુલા, કુંભ | શૂદ્ર |

આ પ્રમાણે રાશિવર્ણ જાણીને –

*वर्णेनोत्तमकामिनी च भवनं वर्ज्यं बुधैर्यत्नतः ।* અર્થાત્ –

વર્ણોત્તમ કામિની અને વર્ણોત્તમ ગૃહનો પરિત્યાગ કરવો. 'રાજવલ્લભ'માં બ્રાહ્મણાદિ માટે ક્રમશઃ મન, ધન, કન્યા અને મિથુન રાશિના ગૃહ શ્રેયષ્કર કહ્યા છે. જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ગૃહપતિએ પોતાના વર્ણથી નિમ્નવર્ણની રાશિના ગૃહનિર્માણને શ્રેયષ્કર બતાવ્યું છે.

અતઃ રાશિ વર્ણ વિચારમાં બંને ગ્રંથોમાં સામ્ય દ્દષ્ટિગત થાય છે.

## ૫.૧૨.૧૨ અંશાધિકાર

ગૃહનો અંશ જાણવા માટેનો વિધિ *'शिल्स्मृतिवास्तुविद्यायाम्'* અને *'राजव©भ'*માં સમાન રીતે આપ્યા છે. જેમકે –

મૂળ રાશિ અંક + વ્યય અંક + ગૃહ નામાક્ષર અંક ÷ ૩ = શેષઅંક અશંક જાણવો.(૭૭) અને શેષફળ ૧ – તો ઈન્દ્રાંશ, ૨ – તો યમાંશ, ૩ – તો રાજાંશ જાણવાનો નિર્દેષ કર્યો છે. (૭૮)

આ વિધિ પ્રમાણે તેની પ્રવૃતિ ત્રણેય અંશો પ્રમાણે અલગ–અલગ કરવી જોઈએ. તે બતાવતા સમાનતા જોઈ શકાય છે. પરંતુ કહી શકાય કે – 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના પાંચ શ્લોકોનું (૭૯) 'રાજવલ્લભ'માં સંક્ષેપીકરણ છે.

જેમકે –૧) દેવાલય અને વેદિકામાં – ઈન્દ્રાંશ શ્રેષ્ઠ છે.

૨) વ્યાપારિકપ્રતિષ્ઠાન, નાગદેવ, ભૈરવગૃહ – યમાંશ શ્રેષ્ઠ છે.

૩) ગજશાળા, અશ્વશાળા, યાન, નગર, રાજમહેલ તથા માણસોના ગૃહમાં – રાજાંશ શ્રેષ્ઠ છે.

આમ, ભવનાદિના નિર્માણમાં અંશાનયન નો વિધિ અને અંશના પ્રકારો તેમજ પ્રવૃતિ માટે સમાન મતને બંને ગ્રંથોએ ઉદ્ધૃત કર્યા છે.

## ૫.૧૨.૧૩ તિથિ – વાર – લગ્ન – અધિકાર

પ્રસ્તુત બંને ગ્રંથોમાં તિથિ – વાર – લગ્ન જાણવાનો વિધિ બતાવ્યો છે. જેમકે –

૧) આય + નક્ષત્ર + વ્યય + તારા + અંશ ÷ ૧૫ = તિથિ (૮૦)

૨) આય + નક્ષત્ર + વ્યય + તારા + અંશ ÷ ૧૨ = લગ્ન (૮૧)

૩) આય + નક્ષત્ર + વ્યય + તારા + અંશ ÷ ૭ = વાર (૮૨)

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'માં – વાર જાણવાનો વિધિ બતાવતા કહ્યું છે કે ક્ષેત્રફળ × ૧૧ ÷ ૭ = શેષ રહે તે રવિ આદિ વાર જાણવા. આ ઉપરાંત 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં નંદાદિ તિથિઓ, મેષાદિ લગ્ન અને તેના ફળાદિના નિર્દેશો કર્યા છે. આમ તિથિ – વાર – લગ્નની જ્ઞાત વિધિમાં સામ્ય જોઈ શકાય છે.

## ૫.૧૨.૧૪ વર્ગાધિકાર

તિથિ–વાર–લગ્નનું જ્ઞાન થયા પછી વર્ગ અથવા અધિપતિ વર્ગ વૈર તરફ બંને ગ્રંથકર્તાઓએ પોતાનો મત આપ્યો છે અને વર્ગાષ્ટક પ્રસ્તુત કર્યુ છે. અને તે પહેલા અધિપતિ વર્ગ જાણવાનો વિધિ બતાવ્યો છે. જેમકે –

*दैर्घ्यं पृथुत्वेन च ताडनीयं तयोर्यदैक्यं पुनरुच्छ्रयेण ।*

*शेषोऽधिनाथो वसुभाजितेऽस्मिन् समः प्रशस्तो विषमस्तु नैव ॥* (૮૩)

અર્થાત્ –

ગૃહની લંબાઈ × પહોળાઈ + ગૃહની ઊંચાઈ ÷ ૮ ✓= શેષ રહે તે અધિપતિ

આ અધિપતિમાં બેકી સંખ્યાવાળા શુભ અને એકી સંખ્યાવાળા અશુભ જાણવા.

ત્યારબાદ બંને ગ્રંથોએ વર્ગાષ્ટક પ્રસ્તુત કર્યુ છે જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.(૮૪)

| ક્રમ | વર્ગ | અધિપતિ |
|---|---|---|
| ૧ | અ, ઈ, ઉ, એ | ગરુડ |
| ૨ | ક, ખ, ગ, ઘ, ઙ | માર્જાર |
| ૩ | ચ, છ, જ, ઝ, ઞ | સિંહ |
| ૪ | ટ, ઠ, ડ, ઢ, ણ | શ્વાન |
| ૫ | ત, થ, દ, ધ, ન | સર્પ |
| ૬ | પ, ફ, બ, ભ, મ | મુષક |
| ૭ | ય, ર, લ, વ | મૃગ |
| ૮ | શ, ષ, સ, હ | મેષ |

આ રીતે વર્ગાધિપતિ જ્ઞાત કરીને –

*वर्गा यः पञ्चमः स रिपुरेव बुधैः विवर्ज्यः ।* (૮૫) કહીને બંને ગ્રંથોએ પોતાના વર્ગ થી પાંચમાં વર્ગ શત્રુ જાણવો અને તે વર્જિત છે તેમ કહ્યું છે. જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ચોથા વર્ગને મિત્ર અને ત્રીજા વર્ગને ઉદાશીન ગણાવ્યો છે.

આજ વાત ક્ષીરાર્ણવમાં (૮૬) રાશિ યોનિ સંદર્ભ કરી છે.

## ૫.૧૨.૧૫ <u>તત્ત્વાધિકાર અને આયુષ્યાધિકાર</u>

પ્રસ્તુત બંને ગ્રંથોમાં પૃથ્વી આદિ પાંચ તત્ત્વો અને ગૃહાદિના આયુષ્ય જાણવાનો વિધિ આપ્યો છે.

(૧) તત્ત્વજ્ઞાન વિધિ

ક્ષેત્રફળ × ૮ ÷ ૬૦ × ૧૦ ÷ ૫ = જે શેષ વધે તે પૃથ્વી આદિ તત્ત્વ જાણવું. (૧) પૃથ્વી, (૨) જળ, (૩) તેજ / અગ્નિ (૪) વાયુ (૫) આકાશ એ પાંચ તત્ત્વો છે. અને જે તત્ત્વ ગૃહમાં આવ્યુ હોય તેજ તત્ત્વથી ગૃહનો વિનાશ જાણવો [૮૭] જેમકે –

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| તત્ત્વ | પૃથ્વી | જલ | અગ્નિ | વાયુ | આકાશ |
| વિનાશ | ભૂકંપથી | વર્ષાથી | આગથી | પવનથી | વિજળીથી |

(૨) આયુષ્યજ્ઞાન વિધિ

બંને ગ્રંથોમાં ગૃહવિનાશક તત્ત્વ એ ગૃહ તત્ત્વને જ બતાવ્યું છે પરંતુ આયુષ્ય જ્ઞાન વિધિમાં બંનેમાં વૈષમ્ય દૃષ્ટિગત થાય છે. તેના નિર્દેશો હું આગળ કરીશ.

આમ, કહી શકાય કે બંને ગ્રંથોમાં તત્ત્વજ્ઞાન વિધિ અને આયુ પૂર્ણ થતા તેજ પૃથ્વી આદિ તત્ત્વથી ગૃહ નાશના વિધાનોમાં સમાનતા સ્પષ્ટ છે.

## ૫.૧૨.૧૬ <u>નક્ષત્રયોનિવિચાર અને યોનિવૈર</u>

પ્રસ્તુત બંને ગ્રંથોમાં [૮૮] નક્ષત્રયોનિ અને યોનિવૈર ના વિધાનો પ્રાપ્ત છે. જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| ક્રમ | નક્ષત્ર | યોનિ |
|---|---|---|
| ૧ | અશ્વિની અને શતભિષા | અશ્વ |
| ૨ | ભરણી અને રેવતી | ગજ |
| ૩ | કૃત્તિકા અને પુષ્ય | મેષ |
| ૪ | રોહિણી અને મૃગશીર્ષ | સર્પ |
| ૫ | મૂળ અને આર્દ્રા | શ્વાન |
| ૬ | આશ્લેષા અને પુનર્વસુ | માર્જાર |
| ૭ | પૂ. ફાલ્ગુન અને મઘા | મુષક |
| ૮ | ઉ.ભાદ્રપદ અને ઉ.ફાલ્ગુન | ગાય |
| ૯ | સ્વાતી અને હસ્ત | મહિષ |
| ૧૦ | ચિત્રા અને વિશાખા | વ્યાઘ્ર |
| ૧૧ | જયેષ્ઠા અને અનુરાધા | મૃગ |
| ૧૨ | પૂ. ષાઢા અને શ્રવણ | વાનર |
| ૧૩ | ઉ. ષાઢા અને અભિજિત | નકુલ |
| ૧૪ | પૂ. ભાદ્રપદ અને ધનિષ્ઠા | સિંહ |

આ યોનિ પ્રમાણે જે લોક વ્યવહારમાં વેર છે તે જાણવું.

જેમકે – ગાય અને વ્યાઘ્ર, ગજ – સિંહ, અશ્વ – મહિષ, મેષ – વાનર, નકુલ–સર્પ, મૃગ–શ્વાન, માર્જાર–મુષક વિગેરેમાં યોનિવૈર ત્યાગવું.

બન્ને ગ્રંથોમાં પ્રસ્તુત વિચારોમાં સામ્ય દૃષ્ટિગત થાય છે.

## ૫.૧૨.૧૭ અલ્પદોષ વિચાર

બંને ગ્રંથોમાં આયાદિ તત્ત્વોના જ્ઞાતવિધિ અને દોષ ત્યાગના નિર્દેશો આપ્યા છે. પરંતુ અંતે બંને ગ્રંથોએ અલ્પદોષને હાનિકર્તા ન ગણાવતા ગૃહનિર્માણ ને અભિષ્ટ કહ્યું છે. જેમકે –

*अल्पदोषं गुणश्रेष्ठं दोषायतं न तद् गृहम् ।* [૮૯] કહીને અલ્પદોષ હોય અને વધારે ગુણ હોય તો દોષકારક ગણાવ્યા નથી. મંડને 'રાજવલ્લભ'માં તેનો નિચોડ આપતા કહ્યું છે કે, તેજ અગ્નિને જલનું શૂદ્રકણ શાંત કરી શકતુ નથી તેમ ગૃહ પ્રાસાદ નિર્માણમાં અલ્પદોષ અધિક ગુણોમાં કોઈ હાનિ કરી શકશે નહીં.

આમ ફળ સ્વરૂપ કહી શકાય કે વાસ્તુશાસ્ત્રમાં આયાદિ ૨૧ અંગો જે જયોતિશાસ્ત્રનો વિષય છે. તેના નિરુપણોમાં મંડને વિશ્વકર્માના 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ' આદિ ગ્રંથોના મત ને જ ઉદ્ધૃત કર્યા હોય તેમ અનુમાન કરી શકાય તેટલી સામ્યતા દૃષ્ટિગત થાય છે. તો બંનેએ પોતાના મત જ પ્રસ્તુત કર્યા છે તેમ કહી શકાય તેટલી જ વિષસમતા પણ છે.

આયાદિ અંગોનું ગૃહાદિના માન–પ્રબંધની સાથે તેની દિશા–સામુખ્યની સાથે ગાઢ સબંધ છે. માટે જ વાસ્તુકર્તાઓએ આ અંગોની સાધનાથી ગૃહસ્વામીના અન્ન–ધન અને યશાદિમાં અભિવૃદ્ધિ થાય છે[૯૦] તેમ કહ્યું છે. અને 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં લગભગ બધા અંગોના વિધાનો આગળ અધ્યાય – ૪ માં છે.

## ૫.૧૩ દેવાલય નિર્માણ

બધાજ વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં નગરરચના સાથે જ દેવાલય નિર્માણનો નિર્દેશ કર્યો છે. જેમકે – અર્થશાસ્ત્ર[૯૧], મયમતં[૯૨], માનસાર[૯૩] , દીપાર્ણવ[૯૪] તેના જ અનુક્રમે અહીં વિશ્વકર્મા અને મંડને પુરમાં દેવતાયનનો નિર્દેશ કર્યો છે. અને કહ્યું છે કે, દેવતાઓના મુખ પૂર્વ–પશ્ચિમ અને પુરની સામે શુભ છે અને ઉત્તર–દક્ષિણ હોય તો અશુભ છે.

'રાજવલ્લભ' માં મંડને કરેલો નિર્દેશ વસ્તુતઃ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના ' દિક્મુખાધિકાર ' નામના ચોથા અધ્યાયના પ્રકરણમાંથી અનુવર્તીત છે ત્યાં આ પ્રમાણે નિર્દેશો છે.(૯૫)

| | | |
|---|---|---|
| ૧ | પૂર્ણમુખદેવ | બ્રહ્મા,વિષ્ણુ, બાણલિંગ, રાજલિંગ, મુખલિંગ, સૂર્ય, ઈન્દ્ર, કાર્તિકેય, જિન |
| ૨ | પૂર્વ પશ્ચિમદેવ | બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય, ઈન્દ્ર, સ્કંદ, અગ્નિ, વરુણ ,જિન |
| ૩ | પશ્ચિમ મુખદેવ | દ્વિરાજ,રૈવત,બ્રહ્મા,વિષ્ણુ, શિવ, સૂર્ય, ઈન્દ્ર, સ્કંદ,અગ્નિ |
| ૪ | અગ્નિકોણ | અગ્નિકોણ દિક્પાલ |
| ૫ | દક્ષિણ મુખદેવ | નાગેશ, ક્ષેત્રપાલ, ગણેશ, ભૈરવ, કુભેર, ગંધર્વ, ગ્રહમાદિકાગણ, નકુલીશ, ચંડીશ,(આ દેવોને વિદિશામાં બેસાડવાના નહીં) વૈતાલ, અઘોર, પિતૃદેવ, નાગદેવ, યમ, યક્ષ, ચંડી, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ અને અન્ય શૂદ્રજાતિના દેવ–દેવીઓ. |
| ૬ | નૈઋત્યમુખદેવ | હનુમાન અને રુદ્રસ્વરૂપવાળા ૧૧ રુદ્રો |
| ૭ | વાયવ્ય મુખદેવ | વાયુદેવ દિક્પાલ |
| ૮ | ઉત્તરમુખ | બ્રહ્મા, ગણેશ, વિષ્ણુ, કુબેર, શિવલિંગ, જિન |
| ૯ | ઈશાનકોણ મુખદેવ | ઈશ – દિક્પાલ |
| ૧૦ | ચતુર્મુખદેવ | શિવલિંગ,શિવ,જિન, બ્રહ્મા,હોમશાળા,યજ્ઞડમંપ,યજ્ઞવેદી |

આના જ આધારે મંડને 'રાજવલ્લભ' માં કહ્યું છે કે – બ્રહ્મા, સૂર્ય, વિષ્ણુ અને શિવના નગરની સામે પૃષ્ઠ ભાગ હોય તો નષ્ટકારક છે. બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્ર, સૂર્ય અને ગ્રહોના મુખ પૂર્વ–પશ્ચિમમાં પ્રશસ્ત છે. તેમ છતાં પણ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, જિન ની અનેકમુખી પ્રતિમાઓને ચારે દિશાઓમાં રાખી શકાય છે. અને ચામુંડા, ગ્રહો, કુબેર, કાર્તિકેય, ભૈરવના દક્ષિણ મુખ શ્રેષ્ઠ છે. જયારે હનુમાનનું મુખ નૈઋત્યકોણમાં રાખવું શ્રેષ્ઠ છે. (૯૬)

આથી કહી શકાય કે બંને ગ્રંથોમાં દેવાલય નિર્માણમાં દેવતા દિક્‌મુખ નિર્દેશોમાં સામ્યતા છે.

## ૫.૧૪ સ્તંભ વિચાર

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ગૃહ, પ્રાસાદાદિના સ્તંભના માના–પ્રમાણ વિચાર પ્રાપ્ત છે. એજ રીતે દ્વારવિચાર પણ. પરંતુ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં દેવપ્રાસાદ, રાજપ્રાસાદોના સ્તંભમાનાદિ બતાવ્યો છે. જયારે 'રાજવલ્લભ' માં ગૃહસ્તંભના ઉલ્લેખો છે. તેમાં બંનેમા ગૃહ, શાળ, પ્રાસાદાદિમાં એક સ્તંભને હાનિકર્તા બતાવ્યો છે.[૯૭]

## ૫.૧૫ ગૃહાદિ અવરોધ ફળ

→ ગૃહાદિમાં છિદ્ર ન હોવું જોઈએ તેનું વિધાન કરતા –

*शुचिमुखं भवेच्छिद्रं पृष्ठे यदा करोति च ।*
*प्रासादे न भवेत्पूजा गृहे क्रीडन्ति राक्षसाः ।।* [૯૮]

અર્થાત્ પ્રાસાદ અથવા ઘરની પછીતમાં સોયના મુખ જેટલું છિદ્ર રહે તો તેવા પ્રાસાદમાં આવસ અશુભ છે. તેમા દેવતાઓની પૂજા થતી નથી અને ગૃહમાં રાક્ષસો નિવાસ કરે છે.

→ ગૃહાદિમાં દીપ સ્થાન વિશે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં કહ્યું છે કે –

*दीपालयं प्रकर्तव्यं गृहस्य दक्षिणाङ्कके ।*
*वामाङ्के तु न कर्तव्यं स्वामियशः सुखावहम् ।।* [૯૯]

દીપાલય ગૃહનાં જમણા અંગે રાખવું જોઈએ. ડાબા અંગે નહીં. કારણકે, તે ગૃહસ્વામીના યશ અને સુખને હર્તા છે. તો આ જ વાત મંડને 'રાજવલ્લભ'માં –

*दीपालयो दक्षिणदिग्विभागे सदा --- ।* [૧૦૦] કહીને કરી છે.

## ૫.૧૬ મુહૂર્ત લક્ષણ

પ્રસ્તુત બંને ગ્રંથોના કર્તાએ સંહિતા વિષયોક્ત પંચાઙ્ગ વિષયક પક્ષની અંદર તિથિ, વાર, સિદ્ધિ, દોષ, નક્ષત્ર, ચંદ્રમાં, યોગાદિના શુભાશુભ તત્ત્વની સાથે વિભિન્ન મુહૂર્તોનો પણ સંગ્રહ કર્યો છે.

સંહિતાનો વિષય જયોતિષનો બીજો સ્કંધ છે વરાહ મિહિરને સંહિતાના વિષય ક્ષેત્રને બહુજ વિસ્તૃત માન્યું છે. (૧૦૧) જયોતિષના વિષયમાં અને પ્રસ્તુત ગ્રંથોના મતાનુકુલ સામગ્રી કાશ્યપ, નારદ, ગર્ગ, વશિષ્ઠાદિ સંહિતાઓમાં મળે છે. અને ઉક્ત ગ્રંથોના મતાનુસાર બંને કર્તાઓએ નંદાદિ તિથિઓની સંજ્ઞા અને તે પ્રમાણે સિદ્ધિયોગાદિ પણ પ્રસ્તુત કર્યુ છે. (૧૦૨) જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| ક્રમ | સંજ્ઞા | તિથિ | વાર | યોગ |
|---|---|---|---|---|
| ૧ | નંદા | ૧–૬–૧૧ | શુક્ર | સિદ્ધિયોગ |
| ૨ | ભદ્રા | ૨–૭–૧૨ | બુધ | સિદ્ધિયોગ |
| ૩ | જયા | ૩–૮–૧૩ | મંગળ | સિદ્ધિયોગ |
| ૪ | રિક્તા | ૪–૯–૧૪ | શનિ | સિદ્ધિયોગ |
| ૫ | પૂર્ણા | ૫–૧૦–૧૫ | ગુરુ | સિદ્ધિયોગ |

આ ઉપરાંત વારાનુસાર શુભાશુભ નક્ષત્ર અને તિથિ મતને વિશ્વકર્મા અને મંડને આ પ્રકારે દર્શાવ્યું છે. (૧૦૩)

| શુભાશુભવાર | નક્ષત્ર | તિથિ |
|---|---|---|
| રવિવાર શુભ | હસ્ત,અશ્વિની, ત્રણઉત્તરા, મૂળ,પુષ્ય,ધનિષ્ઠા | ૮ |
| રવિવાર અશુભ | વિશાખા, ભરણી, અનુરાધા,જયેષ્ઠા, મઘા | ૧૨–૧૪ |
| સોમવાર શુભ | પુષ્ય, શ્રવણ, રોહિણી, મૃગશીર્ષ, અનુરાધા | ૯–૧૦ |
| સોમવાર અશુભ | ચિત્રા, ઉ.ષાઢા, પૂ.ષાઢા, સ્વાતી, વિશાખા | ૧૧–૧૩–૬ |
| મંગળવાર શુભ | મુળ, અશ્વિની, મૃગશીર્ષ, અશ્લેષા, ઉ.ભાદ્રપદ | ૧૩–૬–૩–૮ |
| મંગળવાર અશુભ | આર્દ્રા, ધનિષ્ઠા, પૂ.ભાદ્રપદ, શતભિષા, ઉ.ષાઢા | ૧૦–૨ |
| બુધવાર શુભ | મૃગશીર્ષ, અનુરાધા, પુષ્ય, કૃત્તિકા, રોહિણી | ૨–૭–૧૧ |
| બુધવાર અશુભ | ધનિષ્ઠા, ભરણી, અશ્વિની, મૂળ, રેવતી | ૩–૯–૧ |
| ગુરુવાર શુભ | વિશાખા,રેવતી,અશ્વિની, અનુરાધા,પુષ્ય,પુનર્વસુ | ૧૦–૫–૧૫ |
| ગુરુવાર અશુભ | આર્દ્રા,ઉ.ફા.,રોહિણી, શતભિષા,કૃત્તિકા,મૃગશીર્ષ | ૮–૪–૬ |
| શુક્રવાર શુભ | રેવતી,પૂર્વાષાઢા,અશ્વિની, શ્રવણ, ચિત્રા,પુનર્વસુ | ૧–૬–૧૧ |
| શુક્રવાર અશુભ | રોહિણી, જયેષ્ઠા, પુષ્ય, આશ્લેષા, મઘા | ૨–૭ |
| શનિવાર શુભ | રોહિણી, શ્રવણ, મૃગશીર્ષ, પૂર્વા ફાલ્ગુની | ૪–૯–૧૪ |
| શનિવાર અશુભ | ચિત્રા, ઉ.ષાઢા, રેવતી, હસ્ત, ઉ.ફાલ્ગુની,પૂ.ષાઢા | ૭–૬ |

અતઃ બંને ગ્રંથોમાં વાર અનુસાર શુભાશુભ નક્ષત્ર અને તિથિઓમાં સામ્ય જોઈ શકાય છે. પરંતુ તિથિ મતમાં અંશતઃ વિચારભેદ છે.

આ ઉપરાંત બંને ગ્રંથોમાં ધન, મીન રાશિમાં સૂર્ય, સિંહસ્થ ગુરુ, ગડાંતયોગ, વ્યતિપાત, દગ્ધા તિથિ અને નક્ષત્ર, ગુરુ–શુક્ર અસ્ત, વિષ્ટિ, પાપયોગ આ ગ્રહોમાં સામેલ થતુ હોય ત્યારે કોઈપણ શુભ કાર્ય ન કરવાના નિર્દેશો છે.

→ ભદ્રાવિચાર :

બંને ગ્રંથોએ શુકલપક્ષ અને કૃષ્ણપક્ષની ભદ્રાતિથિને આ પ્રમાણે આપી છે.

| <u>પક્ષ</u> | <u>રાત્રિ</u> | <u>દિન</u> |
|---|---|---|
| કૃષ્ણપક્ષ | ૧૦,૩ | ૭,૧૪ |
| શુકલપક્ષ | ૪,૧૧ | ૮,૧૫ |

બંને ગ્રંથોમાં ભદ્રાતિથિનું પ્રમાણ ૩૦ ઘડીનું બતાવ્યું છે.

આ તિથિ શરૂ થતા પહેલા ૩૦ ઘડી સુધી ભદ્રા કાલ જાણવો. અને

*<u>न कुर्यान्मङ्गलं विष्ट्यां जीविताथीं कदाचन ।</u>* (૧૦૪)

અર્થાત્ – શુભકાર્યમાં ભદ્રાકાલ વર્જિત કરવો.

આ ઉપરાંત 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ભદ્રા નામો, વાસ, ફળ, અંગજ્ઞાન આદિ વિષયોનાં નિરુપણો છે.

→ ગૃહારંભ મુર્હૂત :

બંને ગ્રંથોમાં ગૃહારંભ મુહૂર્ત પર ખૂબ જ પ્રકાશ પાડયો છે. જેમકે, ગૃહારંભ વખતે ફરીથી વાસ્તુઆદિ કર્મ કરવું શુભકારક છે. અને નક્ષત્ર, તિથિ, વાર, ગ્રહાદિના નિર્દેશો કરતા કહ્યું છે કે –

નક્ષત્રોમાં મૃગશીર્ષ, અનુરાધા, ચિત્રા, પુષ્ય, ધનિષ્ઠા, ત્રણેય ઉત્તરા, શતભિષા, સ્વાતિ, અશ્વિની, રેવતી, રોહિણી, આર્દ્રા એ નક્ષત્રોમાં ગૃહપ્રવેશ શ્રેષ્ઠ છે. પરંતુ રિક્તા, તિથિ, રવિવાર, મંગળવાર, શનિવારે ગૃહપ્રવેશ ન કરવો જોઈએ. (૧૦૫)

આ ઉપરાંત ગૃહ નિર્માણ અને ગૃહ પ્રવેશ કરતી વખતે કુલદેવતા, ગણપતિ, ક્ષેત્રના સ્વામી, વાસ્તુદેવ, દિક્પાલ વગેરેની પૂજા કરવાની અને આચાર્ય, બ્રાહ્મણ અને શિલ્પીઓને સન્માન પૂર્વક ભેટ આપીને અને સ્થપતિઓને વસ્ત્રાલંકાર દ્વારા સંતુષ્ટ કરીને ગૃહપ્રવેશ કરવાના નિર્દેશો બંને ગ્રંથોમાં છે.

તેમજ બંને ગ્રંથમા <u>ગ્રહ આધારિત</u> ગૃહારંભ વિચાર પ્રાપ્ત થાય છે. જેમકે – ઉંચ ગ્રહમાં ગૃહારંભ કરવાની ગૃહ લક્ષ્મીથી પરિપૂર્ણ બને છે અને નીચ અંશના ગ્રહના સમયમાં ગૃહારંભ કરવાથી તેમાં નિર્ધનતા રહે છે. તેમજ

એક પણ ગ્રહ ઉત્તમ ફળ આપવાવાળા શત્રુના નવાંશમાં સ્થિર અને સાતમા / દસમા ભાવમાં હોય તો એ સમયે ગૃહારંભ કરે તો ગૃહ એક વર્ષમાં બીજાના હાથમાં જાય છે. તેમજ

મીન રાશિનો શુક્ર – લગ્નમાં હોય તો – ગૃહ ધન યુક્ત રહે.

કર્ક રાશિનો ગુરુ – ચોથા સ્થાને હોય તો – ગૃહ ધન યુક્ત રહે.

તુલા રાશિનો શનિ – અગિયારમાં સ્થાને હોય તો – ગૃહ ધન યુક્ત રહે.

આમ, બંને ગ્રંથોમાં ગૃહારંભ વિચારમાં સમાનતા છે તેમ કહી શકાય.

→ લગ્નમુહૂર્ત :

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ગોધૂલિ લગ્ન વિચારનો નિર્દેશ કર્યો છે. (૧૦૬) જેમકે – સૂર્યોદય કાળથી સાતમું ગોધૂલિ લગ્ન છે. આ લગ્ન સર્વદોષોનો નાશ કરનારા છે. જયારે આઠમાં, છઠ્ઠા સ્થાનમાં ચંદ્ર ન હોય, અને કુલિક યોગ ન હોય એવા સમયે ગોધૂલિ લગ્ન સૂર્ય અસ્તના સમયે શનિવાર અથવા ગુરુવારે કરવા જોઈએ.

'રાજવલ્લભ' માં લગ્ન મુહૂર્તો વિશે વિશેષ નિર્દેશો પ્રાપ્ત છે.

## ૫.૧૭ ગૃહાદિના ચાર પ્રવેશ દ્વાર

ગૃહાદિના પ્રવેશદ્વારની સંજ્ઞાઓ વિશ્વકર્મા (૧૦૭) , મંડન (૧૦૮) અને ભોજ (૧૦૯) વગેરેએ સમાન રીતે આપી છે. જે આ પ્રમાણે છે.

| ક્રમ | દિશા | દ્વાર સંજ્ઞા |
|---|---|---|
| ૧ | ઉત્તરાભિમુખ | ઉત્સંગ |
| ૨ | પૂર્વાભિમુખ | પૂર્ણબાહુ |
| ૩ | દક્ષિણાભિમુખ | હીનબાહુ |
| ૪ | પશ્ચિમાભિમુખ | પ્રતિકાર્ય |

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ચતુઃ પ્રવેશ દ્વાર વિધાન સમાન રીતે પ્રાપ્ત છે.

## ૫.૧૮ યોગિની વિચાર

પ્રસ્તુત બંને ગ્રંથોમાં યોગિની વિચાર અને યોગિની તિથિ, દિશા ના નિર્દેશો સાથે યોગિની (દિશાશૂલ) પ્રયાણ કાલે ત્યજવાનું નિર્દેશો કર્યા છે. જેમકે –

| તિથિ | યોગિની દિશા |
|---|---|
| ૧–૯ | પૂર્વ |
| ૨–૧૦ | ઉત્તર |
| ૩–૧૧ | અગ્નિ |
| ૪–૧૨ | નૈઋત્ય |
| ૫–૧૩ | દક્ષિણ |
| ૬–૧૪ | પશ્ચિમ |
| ૭–૧૫ | વાયવ્ય |
| ૮–૩૦ | ઈશાન [૧૧૦] |

આ યોગિની પ્રવાસી સમયે સન્મુખ હોય તો અનિષ્ટપ્રદાન કરનાર છે. માટે યોગિની પાછળ હોવી જોઈએ.

## ૫.૧૯ ચંદ્ર વિચાર

વિશ્વકર્મા અને મંડને ભૃગુના મત પ્રમાણે ચંદ્રવાસ અને સન્મુખાદિ ચંદ્રફળનો નિર્દેશ કર્યો છે. [૧૧૧] જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| ચંદ્રદિશા | | ફળ | |
|---|---|---|---|
| રાશિ | ચંદ્ર દિશા | ચંદ્રસ્થિતિ | ફળ |
| મેષ, સિંહ, ધન | પૂર્વ | સન્મુખ ચંદ્રમાં પ્રવેશ | ધનલાભ |
| વૃષભ, કન્યા, મકર | દક્ષિણ | જમણા ચંદ્રમાં પ્રવેશ | સુખસંપતિ |
| મિથુન, તૃલા, કુંભ | પશ્ચિમ | ડાબા ચંદ્રમાં પ્રવેશ | ધનક્ષય |
| કર્ક, વૃશ્ચિક, મીન | ઉત્તર | પૃષ્ઠે ચંદ્રમાં | મૃત્યુ |

આમ પ્રસ્તુત બંને ગ્રંથોમાં ચંદ્ર સ્થિતિ, ચંદ્રવાસ અને સન્મુખાદિ ચંદ્રફળના સામન નિર્દેશો પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત પોતાની કુંડળીમાં પોતાની રાશિથી ૧,૪,૬,૮ અને ૧૨ માં સાથે ચંદ્ર હોય તો વ્યય કારક છે તેને વર્જિત કરવો. (૧૧૨) એ રીતે ચંદ્રફળનો પણ બંને ગ્રંથોમાં સમાન મત પ્રસ્તુત છે.

પ્રવેશકાળે પ્રસ્તુત ચંદ્રવિચાર પ્રમાણે પ્રવેશ લાભકર છે.

## ૫.૨૦ દેવપ્રતિષ્ઠા

પ્રસ્તુત બંને ગ્રંથોમાં વિભિન્ન પ્રાસાદાદિ, ગૃહાદિના નિર્માણ ઉપરાંત દેવ પ્રતિષ્ઠાના સંદર્ભમાં વિશ્વકર્મા અને મંડને મુહૂર્ત આપ્યા છે. (૧૧૩) જે આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| અયન | – | ઉત્તરાયણ |
| પક્ષ | – | શુકલ પક્ષ |
| માસ | – | ચૈત્ર, વૈશાખ, જયેષ્ઠ, માઘ, ફાલ્ગુન |
| નક્ષત્ર | – | પૂર્વાભાદ્રપદ,ઉતરભાદ્રપદ,ઉતરાફાલ્ગુની,ઉત્તરાષાઢા, મૃગશીર્ષ, રોહિણી, જયેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, પૂનર્વસુ, શ્રવણ, હસ્ત,સ્વાતી, અશ્વિની, ધનિષ્ઠા, રેવતી, પુષ્ય. |

બંને ગ્રંથોમાં અયન, પક્ષ, માસ, નક્ષત્ર આદિના નિર્દેશોમાં વિચારભેદથી સામ્ય દૃષ્ટિગત છે. અને 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'માં દેવપ્રતિષ્ઠા વિધિમાં આ ઉપરાંત શિવાદિ વિભિન્ન દેવોના મુહૂર્તનો નિર્દેશ કર્યો છે.

## ૫.૨૧ ગૃહ પર વૃક્ષછાયા અને ગૃહ સમીપ શુભ વૃક્ષ

ગૃહોપયાગી શુભાશુભ વૃક્ષના સંદર્ભમાં વાસ્તુશાસ્ત્રમાં વિષ્ણુધમો ત્તરપુરાણ, સમરાંગણ સુત્રધાર (૧૧૫) આદિ ગ્રંથોમાં પ્રમુત વિચાર કર્યો છે. તેજ આધાર પર વિશ્વકર્મા અને મંડને પણ પોતાના પ્રસ્તુત ગ્રંથોમાં ઉલ્લેખ કર્યો છે. (૧૧૬) જે આ પ્રમાણે છે.

*यामयोर्वेशमनी छायां वृक्ष प्रासादजांत्यजेत् ।*

*सौम्यादितः शुभा प्लक्षवटौदुम्बर पिपलाः ।।*

અર્થાત્ – દિવસના બીજા અને ત્રીજા પ્રહરની વૃક્ષની છાયા ગૃહ પર ત્યજવી કારણકે, તે હિતકારી નથી. પરંતુ પહેલા અને ચોથા પ્રહરની છાયા દોષકારક નથી તો આ પ્રમાણે વૃક્ષ શુભ છે.

ગૃહની ઉત્તર → પીપળો

ગૃહની પૂર્વે → વડ

ગૃહની દક્ષિણે → ઉદમ્બર

ગૃહની પશ્ચિમે → પીપર

પ્રસ્તુત શ્રેષ્ઠ વૃક્ષરોપણ વિચાર બંને ગ્રંથોમાં સમાન રીતે પ્રસ્તુત થયા છે.

પ્રસ્તુત આકૃતિ બંને ગ્રંથોમાં સૂત્રારંભે વત્સદિશા જાણવામાં, દ્વારનિર્માણ, ખનનાદિ કાર્યોમાં વત્સદિશા જ્ઞાન માટે ખૂબ જ ઉપયોગી છે અને બંને ગ્રંથોમાં તે પ્રસ્તુત છે.

## ૫.૨૨ ચિત્રોમાં સામ્ય

પ્રસ્તુત બંને ગ્રંથોનાં વર્ણ્ય વિષયોની તુલના કરતા અને તેમાં નિરુપિત વાસ્તુવિદ્યાની વિવેચના કરતા કહી શકાય કે વાસ્તુ, સ્થાપત્ય અને શિલ્પના સિદ્ધાંતો એટલે વાસ્તુશાસ્ત્ર.

પ્રસ્તુત ગ્રંથો વાસ્તુશાસ્ત્રના ઉત્તમ ગ્રંથો છે. તેમા વાસ્તુનાં સિદ્ધાંતોમાં ખૂબ જ સામ્ય છે. પરંતુ સ્થાપત્યના વિધાનો અને શિલ્પના વિધાનામાં વૈષમ્ય છે. આથી વાસ્તુ સિદ્ધાંતોનાં સામ્ય સાથે જ તત્સંબંધી ચિત્રો પણ બંને ગ્રંથોમાં સમાન રીતે રજુ થયા છે. બંને ગ્રંથોમાં સમાન ચિત્રો આ પ્રમાણે છે.

# વાસ્તુપુરુષ


પૂર્વ સ્કંધ
ચરકી
ઈશાન
વિદારિકા
અગ્નિ
ઉત્તર
પિલિપિચ્છા
દક્ષિણ
અર્યમા
વાયવ્ય
પાપા
નૈઋત્ય
પૂતના
પશ્ચિમ જૃંભક

# નાગચક્ર



# અષ્ટસૂત્ર



## આયસ્વરુપ



उत्तर
ईशान
पश्चिम
पूर्व
दक्षिण
खर आय
गज आय
ध्वांक्ष आय
वृषभ आय
घर करवानी पृथ्वी
ध्वज आय
श्वान आय
सिंह आय
धूम आय

## ૫.૨૩ નિષ્કર્ષ

વાસ્તુપરંપરામાં વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોને ' બહુજન હિતાય ' ના ઉદ્દેશ્યથી પ્રસ્તુત બંને ગ્રંથકર્તાઓએ જનવાસુના સિદ્ધાંતોને સમાન રીતે પ્રસ્તુત કર્યા છે. ' શિલ્પસ્મૃતિ–વાસ્તુવિદ્યાયામ્ ' ગ્રંથ મુખ્યતઃ દેવવાસ્તુના નિરુપણો કરે છે. પરંતુ તેમ છતા 'રાજવલ્લભ ' માં નિરુપિત જનવાસ્તુના સિદ્ધાંતો સાથે પણ પોતાની સમતાને ટકાવી રાખી છે. બંને ગ્રંથોના વિષયોના નિરુપણો કર્યા બાદ આ પ્રમાણે સામ્ય દ્દષ્ટિગત થાય છે.

જેમકે – ગૃહનિર્માણની આવશ્યકતા એના માટે ઉચિત સમય, દિક્સાધન, વત્સચક્ર, ભૂમિનિર્ણય, પ્રશસ્તા અને નિષિદ્ધ ભૂમિ, પ્લવ ભૂમિ, ભૂમિ પરીક્ષા, વર્ણાનુસાર પ્રશસ્તા ભૂમિ, શલ્યશોધન, ખાતફળ અને નાગચક્રવિચાર, હસ્તાદિ પ્રમાણવિધાન, વાસ્તુપુરુષ, વાસ્તુપુરુષ પૂજન વિધાન,વાસ્તુપુરુષમાં દેવવિન્યાસ, વાસ્તુપદ વિધાન, વાસ્તુદેવને નૈવેદ્યવિધાન, આયાદિ તત્ત્વાધિકાર, દેવાલય નિર્માણ વિચાર, સ્તંભ વિચાર,ગૃહાદિમાં અવરોધ ફળ, મુહૂર્તલક્ષણ, ભદ્રાવિચાર,ગૃહદ્વાર વિધાન, યોગિની વિચાર, ચંદ્રવિચાર, ગૃહસમીપ વૃક્ષવિધાન અને તત્ સંબંધી આકૃતિઓ અને ચિત્રો બંને ગ્રંથોમાં સમાન રીતે પ્રસ્તુત છે.

આથી સ્પષ્ટ કરી શકાય કે – દેવોના શિલ્પી અને વાસ્તુશાસ્ત્રના સ્થપતિ કે જેને દેવોની નગરીઓ સયંમી, વિરુચી અને દ્વારકાની રચના કરી છે તે વિશ્વકર્મા અને મહારાણા કુંભાના સમયમાં થઈ ગયેલા અને ચિતોડગઢના કીર્તિસ્થંભની રચના કરનાર સૂત્રધાર મંડન આ બંને ગ્રંથ કર્તાઓ વચ્ચે સમયની દ્દષ્ટિએ ખૂબ જ અંતર હોવા છતાં બંનેના ગ્રંથોમાં વાસ્તુના મુખ્ય સિદ્ધાંતોમાં સમાનતા છે. અર્થાત્ બંને ગ્રંથોમાં વાસ્તુ ઉપરાંત જ્યોતિષ, મુહૂર્ત, ગણિત, અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને દર્શન શાસ્ત્રોના વિચારો પણ નિરુપિત છે.

# પાદ–ટીપ

| ક્રમ | નામ | શ્લોક ક્રમ |
|---|---|---|
| ૧ | राजव©भ | ૧,૨ |
| ૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम्‌ (પૂર્વાર્ધ) | ૧,૧ |
| ૩ | राजव©भ ,<br>शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૪ સામ્ય<br>૧,૭ |
| ૪ | राजव©भ ,<br>शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૫ સામ્ય<br>૧,૧૦ |
| ૫ | અથર્વવેદ | ૩,૧૨,૭ |
| ૬ | मत्स्यपुराणम्<br>समराङ्गणसूत्रधार | ૨૫૩, ૧થી ૯ સામ્ય<br>૨૬,૨–૪ |
| ૭ | राजव©भ<br>शिल्पस्मृतिवास्तुविद्यायाम्‌ (ઉત્તરાર્ધ) | ૧,૭ સામ્ય<br>૨,૨૮ |
| ૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (ઉત્તરાર્ધ) | ૧૪,૫ |
| ૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (ઉત્તરાર્ધ) | ૧૪,૩ |
| ૧૦ | राजव©भ<br>शिल्पस्मृतिवास्तुविद्यायाम् (ઉત્તરાર્ધ) | ૧,૯<br>૨,૨૮–૨૯ અને૧૪,૬ |
| ૧૧ | दीपार्णव | ૧,૧૮ |
| ૧૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ)<br>राजव©भ | ૧,૬૪–૬૫ સામ્ય<br>૧,૧૦ |
| ૧૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ)<br>राजव©भ | ૧,૬૬ સામ્ય<br>૧,૧૧ |
| ૧૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ)<br>राजव©भ | ૧,૬૦ થી ૬૩ અને ૬૭ સામ્ય<br>૧,૧૧ |
| ૧૫ | मत्स्यपुराणम् | ૨૫૩, ૧૧–૧૨ |
| ૧૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ)<br>राजव©भ | ૧,૧૪ સામ્ય<br>૧,૧૩ |

| | | |
|---|---|---|
| ૧૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૧,૪૪–૪૫ સામ્ય<br>૧,૧૬ |
| ૧૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૧,૧૫ થી ૨૬ અને ૪૨–૪૩<br>૧,૬૧ થી ૬૪ |
| ૧૯ | *राजव©भ*<br>*बृहद्वास्तुमाला* | ૧,૧૭ સામ્ય<br>પૃ. નં. ૧૦ |
| ૨૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૧,૪૩ સામ્ય<br>૧,૧૭ |
| ૨૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૧,૩૫–૩૬ અને<br>૧,૭૨–૭૩ સામ્ય |
| ૨૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | પૃ. નં. ૧૩ સામ્ય<br>૧,૧૯ |
| ૨૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૫,૪ સામ્ય<br>૧,૨૨ |
| ૨૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૫,૪૩ થી ૪૬ સામ્ય<br>૧,૨૪ |
| ૨૫ | *राजव©भ* | ૧,૨૬ |
| ૨૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૫,૭૩ સામ્ય(ઉત્તરાર્ધ)૨,૩૪<br>૧,૨૬ |
| ૨૭ | *समराङ्गणसूत्रधार* | અધ્યાય–૯ સામ્ય દીપાર્ણવ |
| ૨૮ | *अपराजितपृच्छा* | અધ્યાય–૪૧ |
| ૨૯ | માનસાર | અધ્યાય – ૨ |
| ૩૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૨,૮૨–૮૩<br>૧,૩૩ |
| ૩૧ | *समराङ्गणसूत्रधार*<br>*अपराजितपृच्छा* | ૯,૨ સામ્ય<br>૪૧,૮ |

| | | |
|---|---|---|
| ૩૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૨,૮૦–૮૧ અને ૯૧ થી ૯૩ સામ્ય ૧,૪ |
| ૩૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध) | ૨,૮૫ |
| ૩૪ | राजव©भ | ૧,૩૫ |
| ૩૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૨,૮૬ થી ૮૮ સામ્ય<br>૧,૩૬ |
| ૩૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૨,૯૭ સામ્ય<br>૧,૩૮ |
| ૩૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૨,૯૬ સામ્ય<br>૧,૩૭ |
| ૩૮ | समराङ्गणसूत्रधार | ૯,૧૬ થી ૨૭ |
| ૩૯ | राजव©भ | ૧,૩૯ |
| ૪૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध) | ૨,૧૦૬ |
| ૪૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૨,૧૦૭ સામ્ય<br>૧,૪૦ |
| ૪૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૩,૧૦૯ – ૧૧૦ સામ્ય<br>૨,૧ |
| ૪૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૩,૧૧૮–૧૧૯ સામ્ય<br>૨,૨ |
| ૪૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૩,૧૬૩ થી ૧૭૨<br>૨, ૭ થી ૧૨ |
| ૪૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૩,૧૭૯ થી ૧૯૧ સામ્ય<br>૨, ૨૮ થી ૩૬ |
| ૪૬ | राजव©भवास्तुशास्त्रम् | ૨,૩૭ |
| ૪૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध) | ૩,૧૭૪ |
| ૪૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૩,૧૭૩ સામ્ય<br>૨,૩૭ |

| | | |
|---|---|---|
| ૪૯ | સમરાંગણીય ભવનનિવેશ | પૃ. નં. ૩૬ |
| ૫૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૭,૭ સામ્ય<br>૩,૧ |
| ૫૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૭,૮–૯ સામ્ય<br>૩,૨ |
| ૫૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૭,૯ સામ્ય<br>૩,૨ |
| ૫૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૧૬ |
| ૫૪ | *राजव©भ* | ૩,૧ |
| ૫૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૧૭ |
| ૫૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૧૫ |
| ૫૭ | *राजव©भ* | ૩,૮ |
| ૫૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>સામ્ય – *राजव©भ* | ૭,૨૩ થી ૩૩ અને ૩૬–૩૭<br>૩,૪ થી ૬ |
| ૫૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૭,૪૦–૪૧ સામ્ય<br>૩,૮ |
| ૬૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૭,૪૪ થી ૪૯ સામ્ય<br>૩,૧૪ |
| ૬૧ | *दीपार्णव* | ૧,૬૨–૬૩ |
| ૬૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૭,૪૫ સામ્ય<br>૩,૧૪ |
| ૬૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૭,૫૦<br>૩,૧૧ |
| ૬૪ | *दीपार्णव* | ૧,૫૭ |
| ૬૫ | *क्षीरार्णव* | ૧,૧૮ |

| | | |
|---|---|---|
| ૬૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)*<br>*राजव©भ*<br>*दीपार्णव* | ૭,૫૧–૫૨ સામ્ય<br>૩,૧૧<br>૧,૫૮ |
| ૬૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ*<br>દીપાર્ણવ | ૭,૫૪–૫૫ સામ્ય<br>૩,૧૫<br>૧,૪૭ |
| ૬૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ*<br>*क्षीरार्णव*<br>*दीपार्णव* | ૭,૫૬ અને<br>૩,૮ સામ્ય<br>૧,૭–૮ અને<br>૧,૩૮ |
| ૬૯ | *राजव©भ* | ૩,૮ |
| ૭૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*दीपार्णव* | ૭,૫૮ સામ્ય<br>૧,૬૮ |
| ૭૧ | *दीपार्णव*<br>*क्षीरार्णव*<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૧,૮૩<br>૧,૧૨<br>૭,૭૪ સામ્ય<br>૩,૧૦ |
| ૭૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૭,૮૫ સામ્ય<br>૩,૧૨ |
| ૭૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ*<br>*दीपार्णव* | ૭,૮૬–૮૭ સામ્ય<br>૩,૧૨<br>૧,૬૦–૬૧ |
| ૭૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*दीपार्णव* | ૭,૮૭ સામ્ય<br>૧,૬૧ |
| ૭૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*दीपार्णव*<br>*राजव©भ* | ૭,૯૨ થી ૯૮ અને<br>૧,૬૨–૬૩ સામ્ય<br>૩,૧૩ |

| | | |
|---|---|---|
| ७६ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૭,૮૮–૮૯ સામ્ય<br>૩,૧૬ |
| ७७ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૭,૯૦ સામ્ય<br>૩,૧૬ |
| ७८ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ<br>ज्ञानप्रकाश दीपार्णव<br>क्षीरार्णव | ૭,૧૦૨ સામ્ય<br>૩,૯<br>૧,૭૫<br>૧,૧૦ |
| ७९ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>दीपार्णव | ૭,૧૦૪ થી ૧૦૮ સામ્ય<br>૧,૭૭–૮૨ |
| ८० | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૭,૧૧૦ સામ્ય<br>૩,૧૯ |
| ८१ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૭,૧૦૯ સામ્ય<br>૩,૧૯ |
| ८२ | राजव©भ | ૩,૧૯ |
| ८३ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૭,૧૧૯ સામ્ય<br>૩,૨૦ |
| ८४ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भ | ૭,૧૨૦ થી ૧૨૧ સામ્ય<br>૩,૨૧ |
| ८५ | राजव©भ<br>शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध) | ૩,૨૧ સામ્ય<br>૭,૧૨૨ |
| ८६ | क्षीरार्णव | ૧,૪૨ થી ૪૬ |
| ८७ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भवास्तुशास्त्रम् | ૭,૧૨૩–૧૨૪ સામ્ય<br>૩,૨૫–૨૬ |
| ८८ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (पूर्वार्ध)<br>राजव©भवास्तुशास्त्रम् | ૪,૬૦ થી ૬૩ સામ્ય<br>૩,૧૭ થી ૧૯ |

| | | |
|---|---|---|
| ૮૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ*<br>*क्षीरार्णव* | ૭,૧૩૨ સામ્ય<br>૩,૨૩ સામ્ય<br>૧,૫૩ |
| ૯૦ | *राजव©भ*<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૩,૧ સામ્ય<br>૭,૭ |
| ૯૧ | અર્થશાસ્ત્ર | ૨,૪,૧૭ |
| ૯૨ | *मयमतम्* | ૧૦,૨૩ |
| ૯૩ | માનસાર | ૧,૨૬ |
| ૯૪ | *दीपार्णव* | ૭, ૧ થી ૧૭ |
| ૯૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૪, ૮૩ થી ૯૯ |
| ૯૬ | *राजव©भ* | ૪,૧૨ – ૧૩ |
| ૯૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ)<br>*राजव©भ* | ૬, ૬૯ સામ્ય<br>૫,૩૩ |
| ૯૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ)<br>*राजव©भ* | ૬,૭૪ સામ્ય<br>૫,૩૧ |
| ૯૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૩,૨૨૭ |
| ૧૦૦ | *राजव©भ* | ૫,૨૧ |
| ૧૦૧ | *बृहत्संहिता* | ૨, ૨–૨૪ |
| ૧૦૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૪,૨૮ અને ૪,૧૦૯ સામ્ય<br>૧૧, ૧–૨ |
| ૧૦૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૪,૧૩૯ થી ૧૪૨ સામ્ય<br>૧૧, ૪ થી ૧૦ |
| ૧૦૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪, ૧૦૬ |
| ૧૦૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | અધ્યાય – ૪ સામ્ય<br>૧૧, ૨૩ |
| ૧૦૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | અધ્યાય–૪ પૃ.નં. ૧૩૦ સામ્ય<br>૧૧,૩૧ |

| | | |
|---|---|---|
| ૧૦૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉતરાર્ધ) | ૬,૮૦–૮૧ |
| ૧૦૮ | *राजव©भ* | ૧,૩૨ |
| ૧૦૯ | *समराङ्गणसूत्रधार* | ૪૮,૨૫ |
| ૧૧૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | અધ્યાય–૧૪ સામ્ય<br>૧૩, ૨૪ સામ્ય |
| ૧૧૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ*<br>જયોતિષ નિબંધ | ૧૪, ૨૦ થી ૨૨ સામ્ય<br>૧૩,૨૫ સામ્ય<br>પૃ. નં. ૧૭૮, શ્લોક–૨૨ |
| ૧૧૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ)<br>*राजव©भ* | ૧૪,૨૨ સામ્ય<br>૧૩,૩૦ |
| ૧૧૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૧૪,૩૯–૪૦ સામ્ય<br>૧૩,૨૭ |
| ૧૧૪ | વિષ્ણુધર્મોત્તરપુરાણ | ૩,૫ |
| ૧૧૫ | *समराङ्गणसूत्रधार* | ૧૬,૬ |
| ૧૧૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ)<br>*राजव©भ* | ૬,૮૩ સામ્ય<br>૧,૨૮ અને ૩૦ |

# પ્રકરણ : ૬

# ' *राजव©भ* ' અને

# ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* '

# ના વર્ણ્ય વિષયોમાં વૈષમ્ય

# પ્રકરણ – ૬

# ' राजव©भ ' અને ' शिल्पस्मृतिवास्तुविद्यायाम् '

# નાં વર્ણ્ય વિષયોમાં વૈષમ્ય

## ૬.૧ ભૂમિકા

પ્રસ્તુત શોધનિબંધની ધરોહરરૂપ આ પ્રકરણ ગણી શકાય. કેમકે વાસ્તુશાસ્ત્રીય ચિંતનમાં અનેક ગ્રંથો પ્રાપ્ત છે. તેમાંથી પ્રસ્તુત બંને ગ્રંથોની વિવેચના અને સિદ્ધાંતિક તુલના કરવામાં આવી છે. શિલ્પશાસ્ત્રનાં ગહનજ્ઞાની સૂત્રધાર મંડન રચિત 'રાજવલ્લભ' અને આદ્ય સ્થપતિ વિશ્વકમા રચિત અને નંદલાલ સોમપુરા દ્વારા સંપાદિત 'શિલ્પસ્મ તિવાસ્તુવિદ્યાયામ્' માં આગળ બતાવ્યા પ્રમાણે વણ્ય વિષયોમાં સમતા જોવા મળે છે. તેમ છતા એક જ શાખા / પરંપરામાં પ્રવર્તતા આ બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોની જો તુલના કરવામાં આવે તો <u>સમતાવાળા વર્ણ્યવિષયોમાં પણ વૈષમ્ય જોવા મળે છે</u>. જેના પર અહીં ન્યાયી મૂલવણી કરવામાં આવી છે.

જો કે ' વાસ્તુ ' અને ' નિર્માણ ' આ બે વિષય બંને ગ્રંથોના વિષયવસ્તુમાં મુખ્ય વિષયો છે. અને આ બંને વિષયો સાથે સંકળાયેલ જુદા–જુદા અન્ય વિષયો જેવા કે વાસ્તુ, વાસ્તુપુરુષોત્પત્તિ, પ્રાસાદરચના, ગૃહરચના, આય–લક્ષણ, આય–સ્વરૂપ, નગરનિર્માણ, ગૃહાદિ પ્રવેશવિધિ, નક્ષત્ર, રાશિ, નાડીચક્ર, વત્સચક્ર, હસ્તાદિના વિવિધ માપો, શિલાના પ્રકારો, ભૂમિ, શિલ્પ, મંડપ, વૃક્ષાદિ વિષયોના વિધિ–વિધાન બતાવ્યા છે. પરંતુ એક જ વિષયમાં ઊંડા ઉતરેલા આ બંને ગ્રંથોના વણ્ય વિષયોમાં વિષમતા જોવા મળે છે.

તેમા નિમ્નલિખિત સિદ્ધાંતોમાં પણ વૈષમ્ય દ્દષ્ટિગત થાય છે. જેમકે –

| | | |
|---|---|---|
| (૧) વિધિ | (૫) પ્રમાણ | (૯) ચિત્રો |
| (૨) લક્ષણ | (૬) રીત | (૧૦) આકૃતિ |
| (૩) પ્રકારો | (૭) સંખ્યા | (૧૧) સિદ્ધાંતો |
| (૪) સ્વરૂપ | (૮) છબીઓ | (૧૨) અધ્યાયો |

વગેરેમાં સમતા સાથે જ વૈષમ્ય દ્દષ્ટિગત થાય છે.

પ્રસ્તુત બંને ગ્રંથોના કર્તાઓમાં શિલ્પાચાર્ય વિશ્વકર્માએ દેવોના શિલ્પી અને આદ્યસ્થપતિ કહેવાય છે. જયારે શિલ્પજ્ઞ મંડનસૂત્રધાર એ –

*श्रीमेदपाटे नृपकुम्भकर्णस्तदंध्रिराजीवपरागसेवी ।* (૧)

અર્થાત્ – મેવાડના મહારાણ કુંભકર્ણના ચરણરૂપી કમળોનાં પરાગ માં નિત્ય સેવારત રહેવાળા છે.

મંડન સૂત્રધાર સોમપુરા કહેવાયા અને પછી સમય જતા વિશ્વકર્માએ પોતાની સ્થાપત્ય વાસ્તુકલાની શિક્ષા આપી અને મંડન સૂત્રધારે તેમા દક્ષતા પ્રાપ્ત કરી અને તે સાક્ષાત વિશ્વકર્માના અવતાર બન્યા. (૨)

અતઃ બંને ગ્રંથકારોના સમયમાં પણ વૈષમ્ય રહેલું છે. પરંતુ બંનેને એક જ અવતાર તરીકે પણ નવાજયા છે. તેજ રીતે તેના પ્રસ્તુત બંને ગ્રંથોમાં પણ એક જ પરંપરામાં પ્રવાહિત હોવા છતાં વૈષમ્ય પણ છે. જાણે તે બંને ગ્રંથો પછીથી અલગ–અલગ પ્રવાહમાં પ્રવાહિત થયા હોય તેમ કહી શકાય તેમ છે.

## ૬.૨ ગૃહદ્વાર વિચાર

### ૬.૨.૧ <u>સૌરમાસ વિચાર –</u>

<u>સૂત્રધાર મંડને</u> ગૃહનિવેશને વર્ણવતા કહ્યું છે કે – સિંહ, કર્ક, મકર અને કુંભ રાશિમાં સૂર્ય હોય ત્યારે પૂર્વ તથા પશ્ચિમ

| રાશિમાં સૂર્ય | દ્વાર દિશા |
|---|---|
| સિંહ, કર્ક, મકર, કુંભ | પૂર્વ, પશ્ચિમ |
| તુલા, મેષ, વૃશ્ચિક, વૃષ | દક્ષિણ, ઉત્તર |

તેમજ *कन्यामीनधनुर्गते मिथुनगे चास्मिन्न कार्यं गृहम् ।* (૩) કહીને ગૃહ નિવેશનો નિષેધ બતાવ્યો છે.

જયારે ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' માં વત્સમુખાનુસાર ગૃહારંભ નિર્ણય તથા દ્વાર નિર્માણનો વિધિ બતાવ્યો છે.

### ૬.૨.૨ <u>ગૃહેશરાશિવશાદ્દ્વાર વિચાર</u>

અહીં મંડને દિશા ચયન માટે ગૃહેશની રાશિ વિચારને પ્રમુખતા આપી છે. (૪) તેને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| <u>ગૃહેશ રાશિ</u> | <u>ગૃહદ્વાર દિશા</u> |
|---|---|
| વૃશ્ચિક, મીન, સિંહ | પૂર્વ |
| કન્યા, કર્ક, મકર | દક્ષિણ |
| ધન, તુલા, મિથુન | પશ્ચિમ |
| મેષ, વૃષ, કુંભ | ઉત્તર |

મંડને ગૃહપતિની રાશિ પ્રમાણે ગૃહમાં દ્વાર રાખવાનો નિર્ણય આપ્યો છે. પરંતુ વિશ્વકર્માએ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં ગૃહપતિની રાશિ પ્રમાણે ગૃહદ્વાર આપ્યો નથી.

અતઃ સ્પષ્ટ થાય છે કે ગૃહદ્વાર દિશા નિર્ણયમાં બંને ગ્રંથોમાં વૈષમ્ય દૃષ્ટિગત થાય છે.

## ૬.૩ ભૂમિ વિચાર

### ૬.૩.૧ <u>ભૂમિ નિર્ણય વિધાન</u>

પ્રસ્તુત બંને ગ્રંથોમાં વાસ્તુનું મુખ્ય અંગ ભૂમિનો નિર્ણય, પરીક્ષા, પ્લવ, આદિ વિષયો ઉપર સામ્ય વિચાર પ્રાપ્ત થાય છે. જેના વર્ણનો મે આગળ કર્યા પરંતુ પ્લવ વિચાર નિમ્નલિખિત વૈષમ્ય જોઈ શકાય છે.

જેમકે ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* 'માં ભૂમિના અન્ય લક્ષણો બતાવતા ભૂમિના ૪ પ્રકારના પૃષ્ઠ ભૂમિના લક્ષણો આપ્યા છે.(૫)

| ક્રમ | દિશા માં ભૂમિનું ઊંચાણ | સંજ્ઞા | ફળ |
|---|---|---|---|
| ૧ | દક્ષિણ, પશ્ચિમ, નૈઋત્ય, વાયવ્ય | ગજપૃષ્ઠ | ધનલાભ, આયુષ્ય વૃદ્ધિ |
| ૨ | વચ્ચે ઊંચી અને ચારેય બાજુ નીચી | કૂમપૃષ્ઠ | ઉત્સાહવૃદ્ધિ, સુખ |
| ૩ | પૂર્વ, અગ્નિ, ઈશાન માં ઊંચી અને પશ્ચિમમાં નીચી | દૈત્યપૃષ્ઠ | ધન,પુત્ર,પશુ ઈત્યાદિ નાશ |
| ૪ | પૂર્વ પશ્ચિમ લાંબી અને ઉત્તર–દક્ષિણ ઊંચી | નાગપૃષ્ઠ | ઉદ્વેગ, મૃત્યુ, ભય, સ્ત્રી–પુત્રાદિ નાશ,શત્રુવૃદ્ધિ |

### ૬.૩.૨ પ્રશસ્તા અને નિષિદ્ધાભૂમિ

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ભૂમિ પરીક્ષા પછી ભૂમિના લક્ષણોના આધારે પ્રશસ્તા અને નિષિદ્ધા ભૂમિનું વર્ણન કર્યુ છે. પરંતુ બંને બતાવેલા લક્ષણોમાં વૈષમ્ય દૃષ્ટિગત થાય છે.

જેમકે '*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્*' માં પ્રશસ્તા ભૂમિના લક્ષણો આપ્યા છે.

*શસ્તૌષધિદ્રુમલતા મધુરા સુગન્ધા ।*

*સ્નિગ્ધા સમા ન સુષિરાચ મહી નરાણામ્ ॥* (૬)

અર્થાત્ – જયાં ઉત્તમોત્તમ ઔષધીઓ વૃક્ષલતા ખૂબ લીલી ભરી રહે માટી સમત્વ, સરખી, મધુર અને સુગંધા ચીકણી એ ભૂમિ મનુષ્યોના માટે નિવાસ કરવા લાયક ઉત્તમ ભૂમિ છે.

જયારે ' રાજવલ્લભ ' માં પ્રશસ્તા ભૂમિના લક્ષણો આ પ્રમાણે આપ્યા છે.

*સ્વાદે ભવેદ્યા મધુરા સિતાભા ચતુર્ષુ વર્ણેષુ મહી પ્રશસ્તા ।*

*સ્નેહાન્વિતા બભ્રુભુજઙ્ગયોર્વા સુહ્યદ્વતી ચાખુબિડાલયોર્વા ॥* (૭)

તો નિષિદ્ધા ભૂમિના લક્ષણોમાં પણ વિશ્વકર્માએ '*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્*' માં કહ્યું છે કે, ' ફાટેલી, શલ્યયુક્ત, રાફડાવાળી, ઊંચીનીચી ભૂમિ ત્યાજવી.

જયારે ' રાજવલ્લભ ' માં નિષિદ્ધાભૂમિનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે –

*નિમ્ના ભૂઃ સ્ફુટિતોષરા બિલવતી શલ્યૈર્યુતા નો શુભા ।* (૮)

અર્થાત્ – ખડ અને તિરાડયુક્ત, ખારી, ઉંદર અને સર્પોના દરવારી અને ખોદવાથી હાડકા નિકળે, તેવી ભૂમિ પર ગૃહ બનાવવું વર્જિત છે.

### ૬.૩.૩ <u>જીવિત અને મૃતભૂમિ</u>

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં ભૂમિ નિર્ણય અંતર્ગત પ્રશસ્તા અને નિષિદ્ધ ભૂમિના લક્ષણો પછી જીવિત – મૃતભૂમિના લક્ષણો અને તે જાણવા માટેની વિધિનું નિરુપણ કર્યુ છે. જે ' *राजव©भ* ' માં નથી.

વિશ્વકર્માએ બતાવેલ જીવિત–મૃત ભૂમિના લક્ષણો આપતા કહ્યું છે કે – જે ભૂમિ ઉપર વૃક્ષાદિ વનસ્પતિથી લીલી રહે અને ખેતીની ઉત્પત્તિ ઉત્તમોત્તમ થાય તે ભૂમિ જીવિત સમજવી અને તેથી વિરુદ્ધ ભૂમિને મૃત જાણવી. (૯)

તો જીવિત અને મૃત ભૂમિનું જ્ઞાન કરવા માટે નિમ્નલિખિત વિધિઓ બતાવી છે જેમકે –

(૧) ભૂમિના નામક્ષર સંખ્યા × ૪ + તિથિ અને વારની સંખ્યા = ÷ ૩ કરવાથી

- ૧ શેષ રહે તો જીવિત
- ૨ શેષ રહે તો સમ
- ૩ શેષ રહે તો મૃત (૧૦)

(૨) ભૂમિની લંબાઈ × પહોળાઈ + ગામના અક્ષર સંખ્યા × ૪ + ગૃહેશના નામાક્ષર = ÷ ૩ કરતા

- ૧ શેષ રહે તો જીવિત
- ૨ શેષ રહે તો સમ
- ૩ શેષ રહે તો મૃતા (૧૧)

આ પ્રમાણે વિશ્વકર્માએ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં જીવિત મૃત ભૂમિના લક્ષણો અને તેના જ્ઞાન માટેના વિધિનો નિર્દેશ છે.

## ૬.૩.૪ <u>ભૂમિ પરીક્ષા પછીની વિધિ</u>

મંડનસૂત્રધારે ' રાજવલ્લભ ' માં ભૂમિ પરીક્ષા પછી નુ કર્તવ્ય કર્મ બતાવ્યું છે. જેમકે – *परीक्षितायां भुवि विघ्नराजं समर्च्चयेच्चण्डिकया समेतम् ।*

*क्षेत्राधिपं चाष्टदिशाधिनाथान् सपुष्पधूपैर्बलिभिः सुखाय ॥* (૧૨)

અર્થાત્ – ભૂમિપરીક્ષા પછી ગણપતિ , ચંડી, ક્ષેત્રપાલ અને આઠેય દિશાઓનું પૂજન, ધૂપ, બલિ વગેરેથી કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

પ્રસ્તુત વિધિ નિર્દેશ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં નથી.

આથી સ્પષ્ટ કરી શકાય કે વાસ્તુનાં સિદ્ધાંતોનું નિરુપણ કરતાં બંને ગ્રંથોએ <u>ભૂમિનિર્ણય</u> નો સિદ્ધાંત વર્ણવ્યો છે. પરંતુ તેનું સામ્ય જોયા પછી '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' માં ભૂમિના ગજપૃષ્ઠાદિ ચાર પ્રકારો, પ્રશસ્તા અને નિષિદ્ધા ભૂમિ તેમજ જીવિત–મૃત ભૂમિના લક્ષણો અને જ્ઞાત વિધિમાં વૈષમ્ય દ્દષ્ટિગત થાય છે. જેના નિર્દેશો ' રાજવલ્લભ ' માં નથી.

જયારે ભૂમિપરીક્ષા પછીનું કર્તવ્ય કર્મનો નિર્દેશ ' રાજવલ્લભ ' માં છે. જે ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં નથી.

## ૬.૪ કીલસ્થાપનવિધિ અને ખનન

મંડન સૂત્રધારે દિશાનુસાર સ્થાપવાના શંકુ અને તેના પર ચારેય બાજુ બાંધવાની દોરીની વર્ણાનુસાર વ્યવસ્થા બતાવી છે. (૧૩) જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| <u>ક્રમ</u> | <u>વર્ણ</u> | <u>શંકુનુ લાકડું</u> | <u>સૂત્ર/દોરી</u> | <u>દિશા</u> |
|---|---|---|---|---|
| ૧ | બ્રાહ્મણ | પીપળ | કુશ | અગ્નિકોણ |
| ૨ | ક્ષત્રિય | ખેર | મૂંજ | નૈઋત્યકોણ |
| ૩ | વૈશ્ય | સિરીષ | કાશ | વાયવ્યકોણ |
| ૪ | શૂદ્ર | કકુભ | સણમાંથી બનાવેલ | ઈશાનકોણ |

આથી સ્પષ્ટ કરી શકાય કે મંડને વર્ણાનુસાર શંકુ અને સૂત્રને નિર્ધારિત કર્યુ છે અને તે સમયની વર્ણવ્યવસ્થાની ગંભીરતાને પ્રગટ કરી છે.

જયારે વિશ્વકર્માએ આ પ્રમાણે કીલ સ્થાપન વિધિને વર્ણવી નથી. તેમા સૂત્રારંભે નક્ષત્ર વિધાન (૧૪) , ખનન મુહૂર્ત (૧૫) , સૂત્રારંભે વાર (૧૬) , સૂત્રારંભરેખા (૧૭) વગેરે વિચાર પ્રસ્તુત કર્યા છે.

તો ગૃહારંભે ખાતખનન ફળનો નિર્દેશ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં મળે છે તેને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

**<u>ગૃહારંભે ખાતખનન ફળ (૧૮)</u>**

| ક્રમ | ખનન કરતા નીકળેલી વસ્તુ | ફળ |
|---|---|---|
| ૧ | કાષ્ટ | અગ્નિભય |
| ૨ | ઈંટ | ધન પ્રાપ્તિ |
| ૩ | રાખ અને કોલસો | ધન નાશ અને રોગ |
| ૪ | પત્થર | કલ્યાણ અને સુવર્ણવૃદ્ધિ |
| ૫ | હાડકા | કુળનાશ |
| ૬ | સાપ, વીંછી આદિ | જનાવર ભય |
| ૭ | ધન | સુખપ્રાપ્તિ |
| ૮ | ત્રાંબા આદિ ધાતુ | અનેક પ્રકારે વૃદ્ધિ |
| ૯ | પિપીલિકા | સોળ પક્ષ સુધી સોનાવાળા રહે |
| ૧૦ | ભૂસી,હાડકા,ચિથરા,ભસ્મ,ઈંડા,સપ ર | મરણ |
| ૧૧ | કોડી | દુઃખ અને ઝઘડાની પ્રાપ્તિ |
| ૧૨ | કપાસ | અત્યંત દુઃખ |
| ૧૩ | વાંસ | લડાઈ |
| ૧૪ | લોહ | ગૃહપતિનું મૃત્યું |

આ રીતે પ્રસ્તુત બંને ગ્રંથોમાં કીલ સ્થાપન વિધિ અને ગૃહારંભે ખાત ખનન ફળના નિર્દેશો વૈષમ્ય દૃષ્ટિગત થાય છે. તેમજ ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં ખનન પૃથ્વીની સંજ્ઞા, ભૂમિ ખનનાર્થે પૂજન વિધિ આદિ વિષયો નિર્દિષ્ટ છે. જયારે ' રાજવલ્લભ ' તે નથી.

## ૬.૫ શલ્યવિચાર

પ્રસ્તુત બંને ગ્રંથોમાં શલ્ય વિચાર કર્યો છે. જેમાં શલ્ય શોધન વિધિમાં બંને ગ્રંથોમાં સમાન વિધિ વર્ણિત છે. પરંતુ તે વિધિ મૂજબ ખનન કરી, નીકળેલા શલ્યના ફળમાં બંને ગ્રંથોમાં વિષમતા જોઈ શકાય છે. જે આ પ્રમાણે છે.

**શલ્ય ફળ વિધાન**

**'*राजव©भ*'** (૧૯)

| શલ્ય | ફળ |
|---|---|
| ગાયનું હાડકુ | ભય |
| ઘોડાનું હાડકુ | રોગ |
| કુતરાનું હાડકુ | કલેશ અને નાશ |
| ગધેડા અને ઊંટનું હાડકુ | આય ભય |

**'*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*'** (૨૦)

| શલ્ય | ફળ |
|---|---|
| કાષ્ઠરૂપ શલ્ય | ધનહાનિ |
| હાડકારૂપ શલ્ય | પશુપીડા,રોગ,ભય |
| લોહરૂપ શલ્ય | શસ્ત્ર ભય |
| માણસની ખોપરી કે બાલશલ્ય | મૃત્યુ |
| કોલસારૂપ શલ્ય | ચોર ભય |
| ભસ્મરૂપ | અગ્નિ ભય |
| સુવર્ણ રૌપ્ય | શુભ |

આ ઉપરાંત '*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' માં –

*જાનુ માત્રાં ખનેદ્ભૂમિમથવા પુરુષોન્મિતામ્* । [૨૧] કહીને શલ્ય કાઢવા માટે ઢ ીંચણ સુધી અથવા પુરુષ પ્રમાણ ખોદવાના નિર્દેશો છે. તેમજ પ્રાસાદ ભૂમિ જલ સુધી ખોદવાની ઉક્તિ પણ છે.

આમ શલ્ય ફળ વિધાનમાં બંને ગ્રંથોમાં વિષમતા છે.

## ૬.૬ નાગચક્ર વિધાન

પ્રસ્તુત બંને ગ્રંથોમાં નાગચક્રના વિધાનો છે. નાગચક્રને આધારે ખાત કરવું શુભાવહ છે. પરંતુ બંને ગ્રંથો સામ્ય સાથે વૈષમ્ય પણ દ્દષ્ટિગત થાય છે.
જેમકે – 'રાજવલ્લભ' માં ચાંદ્રમાસાધારે નાગમુખ વિચાર કર્યો છે.[૨૨] જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| માસ | નાગમુખ દિશા |
|---|---|
| ભાદ્રપદ, અશ્વિન, કાર્તિક | પૂર્વદિશા |
| માગશીર્ષ, પૌષ, મહા | દક્ષિણ દિશા |
| ફાગણ, ચૈત્ર, વૈશાખ | પશ્ચિમ દિશા |
| જયેષ્ઠ, અષાડ, શ્રાવણ | ઉત્તર દિશા |

તેમજ 'રાજવલ્લભ' માં નાગચક્રમાં ખાત અને તેના ફળના પણ નિર્દેશો કર્યા છે. [૨૩] જેમકે –

| નાગના અંગોપર ખાત | ફળ |
|---|---|
| મસ્તક | ગૃહપતિના માતાપિતાનું મૃત્યું |
| પૂંછડા | રોગ થાય |
| પીઠ | હાનિ થાય અને ભય રહે |
| કુક્ષિ | પુત્ર અને ધાન્યની પ્રાપ્તિ |

જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ખાત માટે નાગચક્ર વિધાન રાશિના આધારે વર્ણવ્યું છે અને તેમા પણ દેવપ્રાસાદ, ગૃહ અને જલાશય વગેરેના ખાત માટે અલગ–અલગ દિશામાં નાગમુખના નિર્દેશો કર્યા છે.

આમ, બંને ગ્રંથોમાં નાગચક્ર વિધાન અને તેના સિદ્ધાંતોમાં વૈષમ્ય જોઈ શકાય છે.

## ૬.૭ શિલાન્યાસ વિધિ

શિલાન્યાસ વિધિના નિર્દેશોનાં બંને ગ્રંથોમાં વૈષમ્ય છે. જેમકે 'રાજવલ્લભ'માં –

*दक्षिणकोणे पूर्वविभागे पूजनपूर्वं शिला समर्प्या ।*

*स्थाप्या शेषशिला दक्षिणतः स्तम्भाः समर्प्या विधानेन ।।* (૨૪)

અર્થાત્ –દક્ષિણ અને પૂર્વના મધ્યભાગે એટલે અગ્નિ કોણમાં સમચોરસ શિલાનું પૂજન કરી પછી તે શિલાનું સ્થાપન કરવું તેજ રીતે શેષ રહેલ શિલાઓનું દિશાઓના અનુક્રમે સ્થાપન કરવું. એજ પ્રમાણે દિશાઓના સ્તંભો આપવા.

આ ઉપરાંત 'રાજવલ્લભ' માં પાયો નાખવાની વિધિ અને રીતના પણ નિર્દેશો કર્યા છે.

જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં શિલાન્યાસ વિધિમાં શિલાના પ્રકારો અને પ્રમાણનાં નિર્દેશો સાથે શિલાન્યાસ વિધિનો વિસ્તાર પૂર્વક નિર્દેશ કર્યો છે. જેમકે –

### ૬.૭.૧ <u>શિલાના પ્રકાર અને પ્રમાણ</u>

' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં શિલાના પ્રકાર અને પ્રમાણોના વિધાનમાં અન્ય શિલ્પગ્રંથો – જેવાકે– ક્ષીરાર્ણવ, અપરાજિતપ ચ્છા, અગ્નિપુરાણ વગેરેના વિધાનો ઉદ્ધૃત કર્યા છે અને પછી પોતાના મતે વિશ્વકર્માએ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં આ પ્રમાણે નવ પ્રકાર ગણાવ્યા છે.

*नन्दा भद्रा जया पूर्णा विजया पञ्चमी शिला ।*

*मङ्गला व्यजिताऽपराजिता च धरणी भवा ।।* (૨૫)

અર્થાત્ – નંદા, ભદ્રા, જયા, પૂર્ણા, વિજયા, મંગલા, અજિતા, અપરાજિતા અને ધરણી.

આ નવ પ્રકારની શિલા પૂર્વ–પશ્ચિમ, આદિ દિશાઓમાં પાયા નીચે મુકવી તેના ઉપર જંઘા શિખર વેદી અને કલશ અંત સુધી શિલા ઉપર અને પીઠ બંધન ઉપર સમસ્ત પ્રાસાદની રચના થશે તેમજ ભૂમિ ખોદીને નવ નિધિ કુંભો સંપુટ સહિત સ્થાવાના નિર્દેશો કર્યા છે.(૨૬)

તેમજ અષ્ટશિલા પ્રમાણના નિર્દેશો પણ કર્યા છે જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

<u>અષ્ટશિલા પ્રમાણ</u>(૨૭)

| <u>પ્રાસાદગજ</u> | <u>શિલા</u> | <u>પ્રમાણ</u> |
|---|---|---|
| ૧ | શિલા | ૭ અંગુલ |
| ૨ થી ૫ | શિલા | ૨ અંગુલની વૃદ્ધિ |
| ૬ થી ૧૦ | શિલા | ૧ અંગુલની વૃદ્ધિ |
| ૧૧ થી ૨૦ | શિલા | પોળો અંગુલની વૃદ્ધિ |
| ૨૪ થી ૫૦ | શિલા | અર્ધા અંગુલની વૃદ્ધિ |

શિલા માન પ્રમાણે સમચોરસ કરવી અને તેના ચોથા ભાગે જાડી કરવી. તેમજ – *शैलजे शैलजा कार्या ऐष्टिके चेष्टीकामयी ॥* (૨૮) નું વિધાન પણ કર્યુ છે.

કૂર્મશિલા જે નવમી ધરણી નામે રહેલી છે તેનું પ્રમાણ આ પ્રમાણે છે.

<u>કૂર્મશિલા પ્રમાણ</u> (૨૯)

| <u>પ્રાસાદ ગજ</u> | <u>કૂર્મ શિલા</u> | <u>આંગળ</u> |
|---|---|---|
| ૧ | કૂર્મ શિલા | ૦ ાા અંગુલ |
| ૨ થી ૧૫ | કૂર્મ શિલા | ૦ ાા – ૦ ાા અંગુલની વૃદ્ધિ |
| ૧૬ થી ૩૧ | કૂર્મ શિલા | પા – પા અંગુલની વૃદ્ધિ |
| ૩૨ થી ૫૦ | કૂર્મ શિલા | ૧ – ૧ દોરાની વૃદ્ધિ |

તેમજ આ પ્રમાણથી ચોથા ભાગે વધારે કરવાથી જયેષ્ઠ અને ચોથા ભાગે ઓછી કરવાથી કનિષ્ઠ માન કૂર્મ જાણવો. સુવર્ણ તથા રૌપ્યના કૂર્મને પંચામૃત સ્નાન કરાવી સ્થાપના કરવી. તેમજ કૂર્મશિલાના સ્થાપનનો વિધિ પણ વર્ણવ્યો છે.

આમ, ' *શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્* ' માં શિલાના પ્રકાર અને પ્રમાણના નિર્દેશો ક્ષીરાર્ણવ, અપરાજિત અને અગ્નિ પુરાણના નિર્દેશો ક્ષીરાર્ણવ, અપરાજિત અને અગ્નિ પુરાણના ઉદ્ધરણો સાથે છે.

જયારે ' રાજવલ્લભ ' માં શિલાના પ્રકારો અને પ્રમાણ આ પ્રમાણે વર્ણિત છે. [૩૦]

| <u>પહોળાઈ</u> | <u>લંબાઈ</u> | <u>પ્રકારો</u> |
|---|---|---|
| ૧૦ અંગુલ | ૧૬ અંગુલ | ઉત્તમ શિલા |
| ૯ અંગુલ | ૧૫ અંગુલ | મધ્યમ શિલા |
| ૭ અંગુલ | ૧૪ અંગુલ | કનિષ્ઠ શિલા |

તેમજ પહોળાઈના તૃતીયાંશ ઊંચાઈ હોવી જોઈએ.

આ રીતે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં અષ્ટશિલા અને કૂર્મશિલા સહિત નવ પ્રકાર અને તેના પ્રમાણો છે. જયારે 'રાજવલ્લભ' માં ત્રણ પ્રકારની શિલા અને તેના પ્રમાણો દર્શાવ્યા છે.

તો '*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્*' માં વિશ્વકર્માએ શિલાના સ્વરૂપનું પણ વિધાન કર્યુ છે. [૩૧] જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

<u>શિલાસ્વરુપની આકૃતિ [૩૨]</u>



આમ, બંને ગ્રંથોમાં શિલાના પ્રકાર પ્રમાણ, સ્વરૂપ આદિમાં વૈષમ્ય દ્દષ્ટિગત થાય છે.

## ૬.૭.૨ શિલાન્યાસ વિધાન

પ્રસ્તુત ગ્રંથોમાં શિલાન્યાસ વિધિના વિધાનો કર્યા છે. પરંતુ વિશ્વકર્મા શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ માં પૂર્વોકત શિલ્પ ગ્રંથોના આધારે વિસ્તાર પૂર્વક વર્ણવ્યા છે.

જેમકે વિશ્વકર્માએ – *શિલોર્ધ્વેષુ ન દાતવ્યા ઇષ્ટિકા વૈ કદાચન ।* (૩૩) કહીને શિલાને સંપુટરૂપે ચણવાનો નિર્દેશ કર્યો છે. તો શિલાન્યાસનો નક્ષત્ર વિચાર પ્રાસાદમંડન, બાલબોધ જયોતિષ, વાસ્તુરત્નાકર, વાસ્તુપ્રતિષ્ઠાકલ્પ, અપરાજિત પૃચ્છા આદિ ગ્રંથોના આધારે પ્રશંસનીય નક્ષત્રોનું વર્ણન કર્યુ છે. જેના વિધાનો મે આગળ પ્રકરણ–૪ માં કર્યા છે.

તેમજ વિશ્વકર્માએ મુહૂર્તમાર્તણ્ડના મતને પ્રદર્શિત કરતા –

*आरंभे वृषभं चक्र   स्तंभे ज्ञेयं तु कूर्मकम् ।*

*प्रवेशे कलशं चक्र वास्तु चक्रं बुधैःस्मृतम् ।।* (૩૪)

કહીને ત્રણ પ્રકારનાં ચક્રોનો આ પ્રમાણે નિર્દેશ કર્યો છે.

| | | |
|---|---|---|
| (૧) | ગૃહારંભ | વૃષભ ચક્ર |
| (૨) | સ્થંભ બેસાડવામાં | કૂર્મ ચક્ર |
| (૩) | પ્રવેશમાં | કલશ ચક્ર |

આ ત્રણ ચક્રોના આધારે નક્ષત્રનો વિચાર અને શુભાશુભ ફળનો નિર્દેશ કર્યો છે અને ત્યાર પછી ગૃહ શિલા સ્થાપન વિધિનો નિર્દેશ કર્યો છે. જે ટૂંકમાં આ પ્રમાણે છે.

શિલા સ્થાપન કરતાં સિદ્ધિ–બુદ્ધિ સહિત ગણપતી પૂજન બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ક્ષેત્રપાલ, ભૈરવ, ચંડી, માતૃકા, દિક્પાલ, ગૃહ અને વાસ્તુદેવનું પૂજન કરવું અને શિલાઓનો પ્રથમ અભિષેક કરવો.

ત્યાર પછી *ॐ हिरण्यगर्भाः पाविन्यः .............. ।।*

એ મંત્ર બોલીને નંદાદિ નવેય શિલાઓનોઅભિષેક કરવો. તેની સાથે ઉપશિલા અને કલશને અભિષેક કરવો. કેસરાદિ અર્પણ કરી દિક્પાલોના વર્ણઅનુસાર વસ્ત્ર ઓઢાડવા.

ત્યાર પછી શિલાન્યાસ ભૂમિમાં રત્નાદિ ન્યાસ કરવાનો નિર્દેશ કર્યો છે અને નવેય શિલાની સ્થાપના માં પ્રાર્થનાનો નિર્દેશ કરીને નવશિલા પ્રતિષ્ઠાનું વિધાન કર્યુ છે અને પછી શિલાન્યાસ પછીના શુભ કર્મોનું વિધાન અને અંતે શિલા પ્રતિષ્ઠા ચલાયમાન દોષનું વર્ણન કરી પંચશિલાન્યાસ નું વિધાન કર્યુ છે.

ત્યાર પછી નાલવિચાર, કૂર્મ સ્થાપના અને શિલા સ્થાપના માટેના અન્ય પૂર્વોક્ત મંતોના નિર્દેશો કરીને કૂર્મ પ્રતિષ્ઠા અને અષ્ટશિલા પ્રતિષ્ઠાના ફળનો નિર્દેશ આ પ્રમાણે કરે છે.

*शिला प्रतिष्ठामानासु दैवतैरत्र शुच्यते ।*
*स्वर्गे चाभीप्सितं स्थानं राज्यं च जन्मजन्मनि ॥* [૩૫]

શિલાન્યાસ વિધાનનું વર્ણન કરતા કહી શકાય કે વિશ્વકર્માએ શિલાન્યાસ નામનો એક આખો અધ્યાય આપ્યો છે. જે પૂર્વાર્ધનો છઠ્ઠો અધ્યાય છે.

જયારે 'રાજવલ્લભ'ના કર્તા મંડને 'રાજવલ્લભ' ગ્રંથમાં ત્રણથી ચાર જ શ્લોકમાં શિલાન્યાસ વિધાન આ પ્રમાણે કર્યુ છે.

દક્ષિણ અને પૂર્વની મધ્યમાં એટલે કે અગ્નિકોણમાં પૂજન કરી શિલા સ્થાપનાનો નિર્દેશ કર્યો છે.[૩૬] ત્યાર પછી પ્રદક્ષિણા ક્રમ અનુસાર શિલાએ રાખવાનું વિધાન કર્યુ છે.

જેમકે (૧) અગ્નિકોણ (૨) દક્ષિણ (૩) નૈઋત્યકોણ (૪) પશ્ચિમ (૫) વાયવ્ય કોણ (૬) ઉત્તર (૭) ઈશાનકોણ (૮) પૂર્વ દિશા અનુસાર શિલાઓ રાખવી. આજ ક્રમમાં સ્થંભોની પણ સ્થાપના કરવી. શિલાન્યાસ સ્થાપનનો ક્રમ આ આકૃતિથી સ્પષ્ટ કરી શકાય.

| | | |
|---|---|---|
| (૫) વાયવ્ય | (૬) ઉત્તર | (૭) ઈશાન |
| (૪) પશ્ચિમ | | (૮) પૂર્વ |
| (૩) નૈઋત્ય | (૨) દક્ષિણ | (૧) અગ્નિ |

તેમજ મંડને ભિત્તિ સ્થાપના અથવા શિલાન્યાસ માટે પાયો ત્યાં સુધી ખોદવો જયાં સુધી જળ અથવા પથ્થર ન આવે. પછી સોનુ અથવા પંચરત્ન સાથે શિલા સ્થાપવી અને ત્યાર પછી મંડને પાયાથી લઈને ભિત્તિ નિર્માણનો સમગ્ર વિધિ બતાવ્યો છે.

આમ, પ્રસ્તુત બંને ગ્રંથોમાં શિલાન્યાસ વિધાન હોવા છતાં બંનેમાં વૈષમ્ય દ્દષ્ટિગત થાય છે. જેમકે, વિશ્વકર્મા એ શિલાના પ્રકાર દશા વ્યા છે. તેના પ્રમાણ અને તેની સ્થાપન વિધિ ખૂબ જ વિસ્તારથી અન્ય ગ્રંથોના વિધાનો ટાંકીને વર્ણવી છે. જયારે મંડન સૂત્રધારે 'રાજવલ્લભ' માં માત્ર બે–ત્રણ શ્લોકમાં શિલાન્યાસ વિધાન સ્પષ્ટ કર્યુ છે.

## ૬.૮ ગૃહારંભ વિચાર

વાસ્તુશાસ્ત્ર એ ગૃહાદિ નિર્માણનો વિધિ બતાવે છે. મે પસંદ કરેલા બંને ગ્રંથો વાસ્તુના સિદ્ધાંતોને વર્ણવે છે. પરંતુ તે બંને ગ્રંથો જયોતિષાદિ ગ્રંથો સાથે પણ પોતાનો સંબંધ પ્રસ્થાપિત કરતા હોય તેમ જોઈ શકાય છે.

જેમકે માણસ માટે આશ્રય રૂપ અને શાંતિ પ્રદાતા ગૃહ છે. તો આ ગૃહનો આરંભ અને ગૃહપ્રવેશ કયારે કરવો તેમાં બંને ગ્રંથો પોતાના વિધાનો કરે છે. જેમા દ્દષ્ટિગત્ સામ્યનો નિર્દેશ કર્યા પછી વૈષમ્ય પણ જોઈ શકાય છે.

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં 'રાજવલ્લભ', રત્નમાલાયામ્, વાસ્તુ રત્નાકર, વાસ્તુપ્રદીપ, અપરાજિતપૃચ્છા આદિના મતને અનુસરીને માસ, વાર, તિથિ વગેરેમાં ગૃહારંભના શુભાશુભનો નિર્દેશ કર્યો છે.

જયારે 'રાજવલ્લભ' માં તેના નિર્દેશ ઉપરાંત ગૃહપ્રવેશનો નિષેધ કરતા કહ્યું છે કે–

*अकपाट मनाच्छिन्नसदनं बलिभोजनम् ।*

*गृहं न प्रविशेत् धीमान् विपदामाकरं तु तत्* (૩૭)

અર્થાત્ – ગૃહ પ્રવેશ, સંપૂર્ણ નિર્માણ કાર્ય પૂર્ણ થયા પછી જ કરવો. દ્વાર , છત કે વાસ્તુપૂજન વિના ગૃહપ્રવેશ ન કરવો જોઈએ. કેમકે આવુ ગૃહ અનેક આપત્તિઓનું કારણ સિદ્ધ થાય છે.

આ રીતે ગૃહપ્રવેશના વિધાનમાં 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' થી જુદી રીતે એટલે કે જયોતિષના આધારે તો ખરુ જ પરંતુ મનુષ્ય જીવન અને ગૃહ એ બાબતનો વિચાર કરીને અપૂર્ણ ગૃહમાં પ્રવેશ ન કરવાનું વિધાન કરે છે.

તેમજ 'રાજવલ્લભ' નાં અગિયારમાં અધ્યાયમાં ગૃહ પ્રવેશ વિધાન આ પ્રમાણે છે.

ગૃહપતિની ૩, ૬, ૧૦ અને ૧૧ માં સ્થાનમાંથી કોઈ સ્થાનની રાશિ અને ગૃહની રાશિ બંને એક હોય તો ગૃહ પ્રવેશ સુખપ્રાદાયક હોય છે. પરંતુ ગૃહસ્વામિની ૨, ૪, ૫, ૭, ૮, ૯ અને ૧૨ માં સ્થાનની રાશિ અને ગૃહની રાશિ એક હોય તો તે સમયે ગૃહ પ્રવેશનું  કાર્ય ગૃહપતિ માટે વિનાશ કારી હોય છે.

આ ઉપરાંત ત્રિકોણ તથા કેન્દ્રમાં સૌમ્ય ગૃહ હોય તો, કેન્દ્ર ૮ , ૧૨ સ્થાનો છોડી બીજા સ્થાને જો પાપ ગૃહ હોય તો અને ચંદ્રમાં અનુકૂળ હોય, લગ્ન સ્થિર હોય તો આવા યોગમાં ગૃહ પ્રવેશને મંડને પ્રશસ્ત કહ્યો છે અને બુધ તેમજ શુક્ર ડાબી બાજુ અથવા સન્મુખ હોય ત્યારે ગૃહ પ્રવેશ નહીં કરવાનો નિર્દેશ કર્યો છે.  ત્યાં સુધી કે નવવિવાહિતાને પણ ત્યારે સાસરે ન મોકલવી.

આમ ગૃહ પ્રવેશ વિચારમાં વૈષમ્ય સ્પષ્ટ છે.

## ૬.૯ વાસ્તુપુરુષ વિધાન

વાસ્તુશાસ્ત્રના પ્રસ્તુત બંને ગ્રંથોમાં પુરાણોક્ત વાસ્તુપુરુષોત્પત્તિ પ્રસંગ ઉદ્ધ ત કર્યો છે અને વાસ્તુપૂજાની આવશ્યકતા બતાવી છે. તેમ છતા વાસ્તુપુરુષમાં દેવતા વિન્યાસ, વાસ્તુ પદવિન્યાસ, વાસ્તુપૂજન વિધિ આદિ બાબતોમાં વૈષમ્ય જોઈ શકાય તેમ છે. જે નિમ્ન મુદ્દાઓમાં સ્પષ્ટ કરી શકાય.

### ૬.૯.૧ <u>વાસ્તુપદ વિધાન</u>

પ્રસ્તુત ગ્રંથોમાં વાસ્તુનો ક્ષેત્રાત્મક નિર્ણય આપ્યો છે. ' રાજવલ્લભ ' માં મંડને કયારે કેટલા પદના વાસ્તુની પૂજા કરવી જોઈએ તેની સ્પષ્ટતા કરી છે. જે આ સારણી દ્વારા પ્રસ્તુત છે.

| ક્રમ | વાસ્તુ પૂજન | પદ વાસ્તુ |
|---|---|---|
| ૧ | ગામ, રાજપ્રાસાદ, નગર આદિ નિર્માણ | ૬૪ પદવાસ્તુ |
| ૨ | બધા પ્રકારનાં ભવન નિર્માણમાં | ૮૧ પદવાસ્તુ |
| ૩ | જીર્ણોદ્ધાર માટે | ૪૯ પદવાસ્તુ |
| ૪ | દેવાલય અને મંડપ રચના માટે | ૧૦૦ પદવાસ્તુ |
| ૫ | રથશાળા, અશ્વશાળા, ગજશાળા, યાનશાળા અને જળયંત્રના નિર્માણ માટે | ૧૪૪ પદવાસ્તુ |
| ૬ | કૂપ, વાવ, તળાવ, વન, ઉદ્યાન આદિના નિર્માણમાં | ૧૯૬ પદવાસ્તુ |
| ૭ | દુર્ગ પ્રતિષ્ઠા, દુર્ગ પ્રવેશ આદિમાં | ૧૦૦૦ પદવાસ્તુ |

આ રીતે મંડને *क्षेत्राकृतिर्वास्तु रिहार्चनीयएकांशतो भाग सहस्त्र युक्तः ।* (૩૮) કહીને વાસ્તુનો ઉપરોકત ક્ષેત્રાત્મક નિર્ણય આપી દરેક ક્ષેત્રના વાસ્તુમાં દેવતા વિન્યાસ વિધાન પણ પ્રસ્તુત કર્યુ છે. જેમકે –

૪૯ પદનાં વાસ્તુમાં ૪ પદ બ્રહ્મા

૬૪ પદનાં વાસ્તુમાં ૪ પદ બ્રહ્મા

૮૧ પદનાં વાસ્તુમાં ૯ પદ બ્રહ્મા

૧૦૦ પદનાં વાસ્તુમાં ૧૬ પદ બ્રહ્મા

૧૪૪ પદનાં વાસ્તુમાં ૨૪ પદ બ્રહ્મા

૧૬૯ પદનાં વાસ્તુમાં ૨૫ પદ બ્રહ્મા

૧૯૬ પદનાં વાસ્તુમાં ૩૨ પદ બ્રહ્મા

૧૦૦૦ પદનાં વાસ્તુમાં ૧૦૦ પદ બ્રહ્મા અને આજ રીતે ચારે અર્યમાં, ખુણાના આઠેય દેવતા તથા અન્ય દેવતાઓના પદ વિધાનો કર્યા છે અને ૪૯ પદથી ૧૦૦૦ પદના વાસ્તુનું વિધાન કર્યુ છે.

જયારે વિશ્વકર્માએ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં વાસ્તુનો ક્ષેત્રાત્મક નિર્ણય આપતા વાસ્તુનાં ૧૧ પ્રકારો આ પ્રમાણે બતાવ્યા છે.

स्वस्तिकं पुष्पकं नन्दं षोडशाक्षं चतुर्थकम् ।
पञ्चमं कुलतिलकं सुभद्रं षष्ठमेव च ॥
सप्तमो मरीचिगणो भद्रकंस्यात्तथाष्टमम् ।
नवमं कामदं प्रोक्तं दशमं भद्रमुच्यते ॥
सर्वतोभद्र नामाख्यमतऊर्ध्वं न कारयेत् । (૩૯)

આ રીતે (૧) સ્વસ્તિક (૨) પુષ્પક (૩) નન્દ (૪) ષોડશાક્ષ (૫) કુલ તિલક (૬) સુભદ્ર (૭) મરીચિગણ (૮) ભદ્રક (૯) કામદ (૧૦) ભદ્રાખ્ય અને (૧૧) સર્વતોભદ્ર એમ ૧૧ પ્રકારો ગણાવ્યા છે.

પ્રસ્તુત ૧૧ પ્રકારનાં વાસ્તુનુ પદ, પૂજન વગેરેનું વિધાન પણ કર્યું છે. જે આ પ્રમાણે છે.

| ક્રમ | વાસ્તુ નામ | પદ | વાસ્તુપૂજન |
|---|---|---|---|
| ૧ | સ્વસ્તિક | ૧ | શ્રીધર, રાજગૃહ, ગૃહાદિ |
| ૨ | પુષ્પક | ૫ | દીક્ષા, વિવિધ યાત્રા, કન્યાલગ્ને |
| ૩ | નન્દ | ૯ | વૃક્ષારોપણ, યાત્રા આદિ |
| ૪ | ષોડશાક્ષ | ૧૬ | લતિના તથા રૂચકાદિ મંડપ પ્રાસાદ |
| ૫ | કુલ તિલક | ૨૫ | ષટ્કર્મ, ઈન્દ્રાદિ કર્મ, માતૃકા, દીક્ષા |
| ૬ | સુભદ્ર | ૩૬ | શુભ કર્માદિતે, પરદેશ ગમને |
| ૭ | મરીચિગણ | ૪૯ | જીર્ણોદ્ધાર કર્મમા |
| ૮ | ભદ્રક | ૬૪ | ગામ, ખેટ, નગર, કૂવા, રાજગૃહ |
| ૯ | કામદ | ૮૧ | સમસ્તગૃહાદિમાં |
| ૧૦ | ભદ્રાખ્ય | ૧૦૦ | વિવિધ પ્રાસાદ, મંડપ, જગતી, પીઠલિંગ અને રાજય ગૃહાદિમાં |
| ૧૧ | સર્વતોભદ્ર | ૧૦૦૦ | મેર્વાદિ પ્રાસાદ લિંગ,ષટકર્મ,મહારથા,દેશ,રાષ્ટ્રે |

તેમજ ૧ થી ૧૦૦૦ પદનાં વાસ્તુ પદમાં દેવતા વિન્યાસનું પણ નિરુપણ કર્યું છે.

**જેમકે – ૧ પદનાં વાસ્તુમાં નવમાંશે બ્રહ્મા, ૫ પદનાં વાસ્તુમાં ૧ ભાગમાં બ્રહ્મા, ૯ પદના વાસ્તુમાં ૧ ભાગમાં બ્રહ્મા, ૧૬ પદનાં વાસ્તુમાં ૧ ભાગમાં બ્રહ્મા, ૨૫ પદનાં વાસ્તુમાં ૧ પદના બ્રહ્મા, ૩૬ પદનાં વાસ્તુમાં ૪ પદમાં બ્રહ્મા, ૪૯ પદનાં વાસ્તુમાં ૪ પદનાં બ્રહ્મા ૬૪ પદનાં વાસ્તુમાં ૪ પદમાં બ્રહ્મા, ૮૧ પદનાં વાસ્તુનાં ૯ પદના બ્રહ્મા, ૧૦૦ પદનાં વાસ્તુમાં ૧૬ પદનાં બ્રહ્મા અને ૧૦૦૦ પદનાં વાસ્તુમાં ૧૦૦ પદનાં બ્રહ્મા સ્થાપવા અને અન્ય દેવતાઓના વિધાનો પણ કર્યા છે.**

**બંને ગ્રંથોમાં બતાવેલા વાસ્તુનાં પદ વિધાનોમાં સામ્યની સાથે પ્રકારો, વાસ્તુનાં નામ આદિ સંદર્ભે વૈષમ્ય જોઈ શકાય છે. જેમકે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં ક્ષેત્રાત્મક નિર્ણય આપતી વખતે ૧૧ પ્રકારો આપ્યા છે અને તે દરેક સ્વસ્તિકાદિ નામો આપ્યા છે. જયારે ' રાજવલ્લભ ' માં ૮ પ્રકારો છે અને તેને કોઈ નામ આપ્યું નથી.**

### **૬.૯.૨ <u>વાસ્તુપુરુષાંગે દેવતા વિન્યાસ</u>**

**વાસ્તુપુરુષ અને વાસ્તુદેવતાની પૂર્વાદિ દિશાઓમાં દેવતાનું સ્થાપન બંને ગ્રંથોમાં પ્રસ્તુત છે. પરંતુ વાસ્તુપુરુષનાં દરેક અંગમાં દેવતા સ્થાપનનું વિધાન 'રાજવલ્લભ' માં મંડને કર્યુ છે. (૪૦) જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.**

| ક્રમ | વાસ્તુપુરુષ અંગો | દેવતા નામ |
|---|---|---|
| ૧ | મસ્તક ઉપર | મહાદેવજી |
| ૨ | બંને કાન ઉપર | પર્જન્ય અને દિતિ |
| ૩ | ગળા ઉપર | આપ દેવનું |
| ૪ | બંને ખંભા ઉપર | જય અને અદિતિ |
| ૫ | બંને સ્તનો ઉપર | અર્યમાં અને પૃથ્વીધર |
| ૬ | હૃદય ઉપર | આપવત્સ |
| ૭ | જમણા બાહુ ઉપર | ઈન્દ્ર,સૂર્ય,સત્ય,ભૃશ, આકાશ |
| ૮ | ડાબા બાહુ ઉપર | નાગ, મુખ્ય, ભલ્લાટ,કુબેર, શૈલ |
| ૯ | જમણા હાથ ઉપર(કોણીથી પોંચા સુધી) | સાવિત્ર અને સવિતા |

| | | |
|---|---|---|
| ૧૦ | ડાબા હાથ ઉપર (કોણીથી પોંચા સુધી) | રુદ્ર અને રુદ્ર દાસ |
| ૧૧ | સાથળ ઉપર | મૃત્યુ અને મૈત્ર |
| ૧૨ | નાભિના પાછળના ભાગે | બ્રહ્માનું |
| ૧૩ | ઉપસ્થસ્થાને | ઈન્દ્ર અને જય |
| ૧૪ | બંને ગોઠણ ઉપને | અગ્નિ અને રોગ |
| ૧૫ | બંને પગની બે નળિયો ઉપર | પૂષાદિ સાત દેવો અને<br>નંદિગણાદિ સાત દેવો |
| ૧૬ | બંને પગની એડી ઉપર | પિતૃદેવો |

દેવતા વિન્યાસ આ ચિત્રથી સ્પષ્ટ કરી શકાય

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પિલિપિછા | | | | વિદારિકા | |
| ચરકી | | ઈશ,પર્જન્ય | જય,ઈન્દ્ર,સૂર્ય,સત્ય | ભૃશ,આકાશ | | ભૃંજા |
| | દિતિ<br>અદિતિ | | | | અગ્નિ<br>પૂષા | |
| | શૈલ<br>કુબેર<br>ભલ્લાટ<br>મુખ્ય | | | | વિતથ<br>ગૃહક્ષત<br>યમ<br>ગંધર્વ | |
| | નાગ<br>રોગ | | | | ભૃંગ<br>મૃગ | |
| અર્યમા | | પાપયક્ષ્મા,<br>શેષ | અસુર,વરુણ,પુષ્પદંત,સુગ્રીવ | નંદી,પિતૃ | | પૂતના |
| | પાપા | | | | સ્કંદ | |

'રાજવલ્લભ'માં નિર્દિષ્ટ આ વાસ્તુપુરુષના અંગ ઉપર દેવતા સ્થાપન વિધાન 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં નથી તેનાં વાસ્તુપુરુષના અંગની કલ્પના વિનાજ પદ વિભાગે વાસ્તુનું રૂપ બતાવ્યું છે.

## ૬.૯.૩ વાસ્તુપૂજન વિધાન

વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોને વર્ણવતા પ્રસ્તુત બંને ગ્રંથોમાં વાસ્તુપુરુષોત્પત્તિ, વાસ્તુપદવિધાન, દેવતાવિન્યાસ વિધાન, બલિ વિધાન આદિ વર્ણવીને વાસ્તુની એટલે કે વાસ્તુપૂજનની અનિવાર્યતાને સ્થાપિત કરી છે અને તેની સાથે જ કયારે–કયારે વાસ્તુ પૂજન કરવું જોઈએ તેનું વિધાન બંને ગ્રંથોમાં જુદી–જુદી રીતે આ પ્રમાણે કર્યુ છે. 'રાજવલ્લભ'માં ગ હાદિનું વાસ્તુ વણ વ્યું છે. જયારે 'શિલ્પસ્મ તિવાસ્તુવિદ્યાયામ્' માં દેવાલયનું ૧૪ વખત અને ૭ વખત વાસ્તુપૂજન કરવાનું કહ્યું છે.

'રાજવલ્લભ' (૪૧)

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' (૪૨)

| ગૃહ,નગરઅને પ્રાસાદનું પાંચ વખત વાસ્તુ | સાત કાર્યોમાં વાસ્તુપૂજન | ચૌદ વખત વાસ્તુ પૂજન |
|---|---|---|
| ૧) સૂત્રપાત વખતે | ૧) કૂર્મશિલા સ્થાપન | ૧) ભૂમ્યારંભે |
| ૨) ભૂમિ શોધન વખતે | ૨) દ્વાર સ્થાપન | ૨) કૂર્મશિલા સ્થાપે |
| ૩) દ્વાર સ્થાપન વખતે | ૩) પદ્મશિલા સ્થાપન | ૩) ખડસલ ચોડતા |
| ૪) સ્તંભ સ્થાપન વખતે | ૪) ધ્વજ પુરુષ સ્થાપન | ૪) સૂત્રારંભે |
| ૫) ગૃહાદિમાં પ્રવેશ વખતે | ૫) ઘંટા સ્થાપન | ૫) દ્વારશાખ સ્થાપતા |
| | ૬) ધ્વજા રોપણ | ૬) ખુરશિલા ચોડતા |
| | ૭) દેવપ્રતિષ્ઠા | ૭) કુંભી સ્થાપતા |
| | | ૮) ભારવટ મૂકતા |
| | | ૯) પદ્મશિલા સ્થાપતા |
| | | ૧૦) શુકનાશ વખતે |
| | | ૧૧) ધ્વજ પુરુષ સ્થાપતા |
| | | ૧૨) આમલસારો મૂકતા |
| | | ૧૩) કલશ ચડાવતા |
| | | ૧૪)ધ્વજયુકત પ્રતિષ્ઠાવખતે |

આમ બંને ગ્રંથોમાં વાસ્તુપૂજન કેટલી વખત કરવું તેના વિધાનોમાં વૈષમ્ય જોઈ શકાય છે.

આ ઉપરાંત '<u>શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્</u>' માં પૂર્વાર્ધના અધ્યાય–૪ માં વાસ્તુપૂજન વિધિનું વિસ્તાર પૂર્વક વિધાન કર્યુ છે. જેમકે – તિલક ધારણ મંત્ર, આચમન, શાંતિપાઠ, ગુરુવંદના, આસન, શુદ્ધિ, શિખા બન્ધન, દિગ્રક્ષપીમ્, ભૈરવ નમસ્કાર, કળશ અચ ન, વરુણાવાહનમ્, દીપપૂજન, ગણપતિપૂજન, આરતી, પ્રદક્ષિણા પછી, વાસ્તુ પૂજન ઈશાન આદિકોણથી દેવતાઓનુંપૂજન આદિ વિધાના કર્યા છે. તો '<u>રાજવલ્લભ' માં</u> ઘરની ઈશાન કોણે એક હાથનો ચતુરસ્ત્ર કુંડ કરી તેને ત્રણ મેખલાઓ કરવી અને તે કુંડમાં દરેક દેવને ૧૦૮ અથવા ૨૮ આહુતિઓ આપવી પછી મધ, ઘી, દૂધ, દહીં, સાકર, કાળાતલ, વરી અને જવ એ બધું નવા પદાર્થો હોમવાં તથા ખાખરો તથા લીલી ધરોના અંકુરો તથા દૂધવાળા વૃક્ષોમાં પીપળો અને ઉંબરો વગેરે સમિધો હોમવી અને દેવતાઓનું પૂજન કરવું.[૪૩]

આમ, બંને ગ્રંથોમાં વાસ્તુપૂજન વિધિમાં વૈષમ્ય બતાવ્યું છે.

## ૬.૧૦ આયાદિ વિધાનો

વાસ્તુશાસ્ત્ર પર જયારે જયોતિષ શાસ્ત્રનો પ્રભાવ પડયો ત્યારે વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશ, ચંદ્રમાં, રાશિ, દ્રવ્ય, તિથિ, યોગ આદિ પર વિચાર કર્યો. પરંતુ આની વ્યાખ્યા બંને વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં અંશતઃ વૈષમ્ય સાથે પ્રાપ્ત થાય છે. તેમ છતા કહી શકાય કે આ આયાદિ તત્ત્વો જયોતિષ શાસ્ત્રનો વિષય છે જે સિદ્ધ સાધનમાં ઉપાદેય મનાય છે. માટે જ કોઈપણ ભવન–વિધાનમાં આયાદિ વિચાર પરમાવશ્યક છે.

બંને ગ્રંથ કર્તાઓએ આ ષડઙ્ગ નું વર્ણન જુદી–જુદી રીતે કર્યુ છે. જેમકે મંડને ૧૦ અંગોનું વર્ણન કર્યુ છે તો વિશ્વકર્માએ ૨૧ અંગોનું વર્ણન કર્યુ છે. જેમકે –

| આયાદિ તત્ત્વો | |
|---|---|
| 'राजव©भ' | 'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' |
| ૧) આયવિચાર | ૧) ક્ષેત્રફળ |
| ૨) અંશ જ્ઞાન | ૨) આયફળ |
| ૩) તારા વિચાર | ૩) નક્ષત્રફળ |
| ૪) ચંદ્રાધિકા | ૪) નક્ષત્ર ગણ |
| ૫) રાશિવૈરાધિકાર | ૫) ચંદ્રાધિકાર |
| ૬) રાશિ સ્વામી | ૬) નક્ષત્ર વૈરાધિકાર |
| ૭) નક્ષત્રગણ | ૭) વ્યયાધિકાર |
| ૮) નક્ષત્રમૈત્રી | ૮) તારાધિકાર |
| ૯) નક્ષત્ર યોનિવિચાર | ૯) નક્ષત્ર નાડી અધિકાર |
| ૧૦) તિથિ–વાર–લગ્ન જ્ઞાન | ૧૦) રાશિ અધિકાર |
| ૧૧) ક્ષેત્રફળ | ૧૧) રાશિ વૈરાધિકાર |
| | ૧૨) ક્ષેત્રનામાક્ષરાધિકાર |
| | ૧૩) અંશકાધિકા |
| | ૧૪) લગ્નાધિકાર |
| | ૧૫) તિથિ અધિકાર |
| | ૧૬) વારધિકાર |
| | ૧૭) કરણાધિકાર |
| | ૧૮) યોગાધિકાર |
| | ૧૯) વગા ધિપત્યાધિકાર |
| | ૨૦) તત્ત્વાધિકાર |
| | ૨૧) આયુષ્યાધિકાર |

તો આ રીતે બંને ગ્રંથોમાં આયાધિ તત્ત્વોના નિરુપણમાં સંખ્યાની દ્દષ્ટિએ તો વૈષમ્ય છે જ પરંતુ તે તત્ત્વોના નિરુપણમાં પણ વૈષમ્ય છે. કહી શકાય કે તે તત્ત્વોના નિરુપણમાં વિચાર ભેદ અને મત ભેદ બંને દ્દષ્ટિએ વિલક્ષણતા છે.

૬.૧૦.૧ <u>આય જ્ઞાન વિધિ</u>

આય અને આયનું સ્થાન વગેરે બાબતમાં બંને ગ્રંથોમાં સામ્ય જોયા પછી આયને જાણવા માટેના વિધાનમાં બંને ગ્રંથોમાં વૈષમ્ય દ્દષ્ટિગત થાય છે.

| આય જ્ઞાન વિધિ | |
|---|---|
| 'રાજવલ્લભ' | 'શિલ્સ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' |
| હસ્ત અથવા અંગુલથી ભૂમિનું માપ અથવા ક્ષેત્રફળ જાણીને તે માપને અનુરુપ આયની કલ્પના કરવી. (૪૪) | ક્ષેત્રની લંબાઈ × પહોળાઈ ÷ ૮ કરતા જે શેષ વધે તે ધ્વજાદિ આયો જાણવા. (૪૫) |

આ ઉપરાંત <u>'રાજવલ્લભ' માં</u> ખાટલો અથવા પલંગની વચ્ચેના ભાગમાં બરાબર આયની કલ્પના કરવી. તેજ રીતે ઘરના બે કરા, એક મોવાળ અને પછીત એ ચારના ચોરસાને માપમાં ન લેતા તેના મધ્યે રહેલા ગાળાનું માપ લઈ આય જાણવો. પરંતુ દેવમંદિર અને મંડપની બહારની ભીંતો સહિત માપમાં ગણી આય જાણવો. તેવું વિધાન છે.

તો <u>'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'</u> માં યુગ અને વર્ણ પ્રમાણે આયોની શ્રેષ્ઠતા બતાવી છે. જેમકે –

| યુગ | આયની શ્રેષ્ઠતા | વર્ણ | આયની શ્રેષ્ઠતા |
|---|---|---|---|
| સત્યયુગ | ધ્વજાય | બ્રાહ્મણ | ધ્વજાય |
| ત્રેતાયુગ | સિંહાય | ક્ષત્રિય | સિંહાય |
| દ્વાપરયુગ | વૃષાય | વૈશ્ય | વૃષાય |
| કલિયુગ | ગજાય | શૂદ્ર | ગજાય |

આમ, 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ચારેય યુગોમાં અને ચારેય વર્ણોમાં ઉત્તરોત્તર ફળદાયી આયોને જાણવાનું વિધાન આપ્યું છે. જેના નિર્દેશો 'રાજવલ્લભ'માં નથી.

## ૬.૧૦.૨ <u>આયસ્વરુપ વિધાન</u>

આય, આયના ધ્વજાય વગેરે ૮ પ્રકારો, નામો, ફળ આદિ બાબતમાં સામ્ય હોવા છતાં બંને ગ્રંથો તેના સ્વરૂપોના નિર્દેશમાં જુદા પડે છે. જેમકે –

'રાજવલ્લભ' ⇨*ध्वांक्षः शिल्पितपस्विने हितकरस्तेषां मुखं नामवत्*

*ध्वांक्षः काकमुखो बिडालवदनो धूमो ध्वजो मानुषः ।*

*सर्वे पक्षिपदा हरेरिव गलो हस्तौ नरस्येव तु ....... ।।* (૪૬)

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ⇨

*सर्वे तु सिंहग्रीवाश्च प्रबलाश्च महोत्कटाः ।*

*महागुणेश्वराः प्रोक्ताः अष्टदिक् क्षेत्रपालकाः ।।* (૪૭)

અર્થાત્ –

| <u>'રાજવલ્લભ'</u> | <u>'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'</u> |
|---|---|
| આઠેય આયોનું મુખ તેના નામ અનુરૂપ હોય છે. જેમકે –<br>ધ્વાંક્ષઆયનું મુખ – કાગડા જેવું<br>ધૂમ્રાયનું મુખ – બિલાડાના મુખ જેવું<br>ધ્વજાયનું મુખ – મનુષ્યના મુખ જેવુ. પરંતુ બધા આયોના પગ તો પક્ષીઓના પગ જેવા છે, ગળા સિંહ ના ગળા જેવા અને આયોના હાથ મનુષ્યોના હાથ જેવા હોય છે. | બધા આયોનું ગળું સિંહ જેવુ છે. તે ખૂબ જ તેજસ્વી અને મોટા ગુણવાળા છે. |

આમ બંને ગ્રંથોમાં આયોના સ્વરૂપ વિધાનો છે. પરંતુ વૈષમ્ય યુક્ત છે તેમ કહી શકાય. પરંતુ બંને ગ્રંથોમાં આપેલા આયોના યુગલની જોડીમાં આપેલ ચિત્રોમાં સ્વરૂપનું સામ્ય જોઈ શકાય છે.

### ૬.૧૦.૩ રાશિ , નક્ષત્ર અને ભદ્રા જ્ઞાન

રાશિ →

રાશિને જ્ઞાત કરવા માટે બંને ગ્રંથોમાં નક્ષત્ર આધારીત સામ્ય વિધિનું વર્ણન છે અને તે ઉપરાંત 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં રાશિ જ્ઞાન વિધિ આ રીતે પણ બતાવી છે.

ક્ષેત્રનું નક્ષત્ર × ૬૦ ÷ ૧૩૫ જે શેષ આવે તે મેષાદિ ઘટીકા.

અશ્વિનાદિ નક્ષત્રની ક્રમે મેષાદિ રાશિ જાણવી તેવો પણ નિર્દેશ છે.

ત્યાર પછી રાશિના ઈષ્ટ–અનિષ્ટના સંદર્ભે મંડન અને વિશ્વકર્માએ ગૃહસ્વામીની રાશિથી ગૃહની રાશિ સુધીની ગણના કરી ફળ નિર્દેશ કર્યો છે અને અશ્વિનીથી ત્રણ નક્ષત્રની મેષ, મઘાથી ત્રણ નક્ષત્રની સિંહ, મૂલથી ત્રણ નક્ષત્રની ધન અને આ જ પ્રકારે અન્ય ૨–૨ નક્ષત્રની ૯ રાશિઓ હોય છે તેવો બંને ગ્રંથોમાં નિર્દેશ છે. મંડને વિશ્વકર્માનો આ મત ગ્રહણ કર્યો છે. પરંતુ સ્પષ્ટ નથી કર્યો. વિશ્વકર્માએ તે દીપાર્ણવમાં સ્પષ્ટ કર્યો છે.

જેમકે – *मेषादिश्च भवेद् राशिर्नक्षत्रमश्विनयादिकम् ।*

*वास्तुकर्मसु सर्वेषु गृहवेधं विशोधयेत् ॥* (૪૮)

આ ઉપરાંત વિશ્વકર્માએ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં અને મંડને 'રાજવલ્લભ' માં વર્ણ અનુસાર ગૃહ રાશિના વિધાનો થોડા વૈષમ્ય સાથે કર્યા છે. જે આ પ્રમાણે સ્પષ્ટ છે.

| વર્ણાદિક્રમમાં રાશિચંદ્ર આપતાં બંને ગ્રંથો | | | |
|---|---|---|---|
| 'રાજવલ્લભ' | | 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' | |
| ગૃહસ્વામીનીરાશિ | ગૃહ રાશિ | ગૃહસ્વામી વર્ણ | ગૃહ રાશિ |
| કર્ક,મીન,વૃશ્ચિક | મીન | બ્રાહ્મણ | બારેય રાશિનું |
| સિંહ,મેષ,ધન | ધન | ક્ષત્રિય | કર્ક,મીન,વૃશ્ચિક સિવાયની ૯ રાશિનું |
| કન્યા, મકર, વૃષભ | કન્યા | વૈશ્ય | કર્ક,મીન,વૃશ્ચિક, સિંહ, મેષ, અને ધન સિવાયની ૬ રાશિનું |
| મિથુન, કુંભ, તુલા | મિથુન | શૂદ્ર | મિથુન,કુંભ અને તુલા રાશિનું ગૃહ કરવું |

આમ બંને ગ્રંથોમાં ગૃહસ્વામિ અને ગૃહ રાશિનાં વિષમ વિધાનો સાથે પણ એક સામ્ય વિચાર પ્રસ્તુત કર્યો છે.

*वर्णोत्तमकामिनी च भवनं वर्ज्यं बुधैः यत्नतः ।*[૪૯]

નક્ષત્ર –

આમ વાસ્તુશાસ્ત્રના પ્રસ્તુત બંને ગ્રંથોમાં ગૃહાદિની નિર્માણ ભૂમિનું ક્ષેત્રફળ, રાશિ, આય વગેરેની જેમ નક્ષત્ર પણ જ્ઞાત કરવાના વિધાના બંને ગ્રંથોમાં આ પ્રમાણે છે.

⇨ 'રાજવલ્લભ'

વિધિ (૧) લંબાઈ × પહોળાઈ × ૮ ÷ ૨૭ = શેષ રહે તે ગૃહનું નક્ષત્ર

⇨ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'

વિધિ (૧) લંબાઈ × પહોળાઈ × ૮ ÷ = ૨૭ શેષ રહે તે ગૃહનું નક્ષત્ર

વિધિ (૨) ક્ષેત્રની લંબાઈ × પહોળાઈ ૨૭ = શેષ રહે તે ફળ, જે ફળ આપ્યું તે નક્ષત્રની મૂળ રાશિ જાણવી અને મૂળરાશિ × ૮÷ ૨૭ જે શેષ આવે તે ગૃહાદિનું નક્ષત્ર જાણવું.

આમ, બંને ગ્રંથોમાં ગૃહ નિર્માણની ભૂમિના નક્ષત્રને જાણવાના વિધાનોમાં વૈષમ્ય છે. પરંતુ નક્ષત્રગણાધિકાર, ચંદ્રાધિકાર, નક્ષત્ર વૈર–મૈત્રી આદિના વિધાનોમાં સામ્ય છે. જેના નિર્દેશો મે સામ્ય વિષયોમાં કર્યા છે.

ભદ્રાજ્ઞાન :

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ભદ્રાજ્ઞાન અર્થાત ભદ્રાજ્ઞાન અર્થાત ભદ્રાચક્ર જયોતિષસાર આદિ ગ્રંથો પ્રમાણે છે. (૫૦) પરંતુ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ' માં ભદ્રા વિશેની વિસ્તાર પૂર્વક માહિતી આપી છે. જે 'રાજવલ્લભ' માં નથી. જેમકે – ભદ્રાના નામો, ભદ્રાવાસ, ભદ્રાંગ જ્ઞાન, ભદ્રાંગ ફળ, ભદ્રાંગ નિવાસફળ, ભદ્રાનું કાર્ય આદિ વિષયોના નિરુપણો કર્યા છે.(૫૧) જેમકે –

ભદ્રા નામો – (૧) કરાલી (૨) નંદની (૩) રૌદ્રી (૪) દુર્મુખી
(૫) સુમુખી (૬) મિશ્રી (૭) વૈષ્ણવી (૮) હંસી

**ભદ્રા નિવાસ**

| ચંદ્રમાન સ્થિતિ | ભદ્રાવાસ | નિવાસફળ |
|---|---|---|
| મીન,મેષ,સિંહ,વૃશ્ચિક | સ્વર્ગલોક | શુભ |
| કન્યા,તુલા,ધન,મકર | પાતાલ લોકમાં | ધનલાભ |
| કર્ક, કુંભ, વૃષભ, મિથુન | મૃત્યુ લોકમાં | સર્વકાર્યોનો નાશ |

તેમજ – *दिवाभद्रा यदारात्रौ रात्रिर्भद्रा यदादिवा ।*
*तदाविष्टि कृतं दोषं न भवेत्सर्वसौख्यदः ।।* (૫૨)

ભદ્રાંગ જ્ઞાન અને ફળ

ભદ્રા સ્થિતિનું પ્રમાણ ૩૦ ઘડીનું છે તેમાં

| ઘડી સંખ્યા | અંગ | ફળ |
|---|---|---|
| ૫ | મુખમાં | કાર્યનાશ |
| ૧ | કંઠમાં | મૃત્યુ |
| ૧૧ | વક્ષસ્થળમાં | ધનહાનિ |
| ૪ | નાભિમાં | કલેશ |
| ૬ | કમરમાં | બુદ્ધિનાશ |
| ૩ | પૂંછમાં | વિજય |

## ભદ્રામાં કાર્ય

| ભદ્રામાં કાર્ય કરવું | ભદ્રામાં કાર્ય ન કરવું |
|---|---|
| યુદ્ધ, રાજદર્શન, ભય, વન, ઘાત, પાઠ, હઠ,વૈદ્યાગમન, જળપ્રતરણ, શસ્ત્રોચ્ચાટન, સિંહ, ઉંટ, ગધેડું, ભેંસ, મૃગ, મેષ, અશ્વ, ગૃહપતન, સ્ત્રીસેવન, ઋતુમર્દન, ગાડી સર્વ કાર્યોમાં ભદ્રાગ્રહણ કરવી. | રક્ષાબંધન, હોલિકા દહન તેમજ શુભ કાર્યો જીવવાની ઈચ્છાવાળા પુરુષોએ ભદ્રામાં કદાપિ ન કરવા. |

આ રીતે ભદ્રા જ્ઞાન વાસ્તુશાસ્ત્રીય બંને ગ્રંથોમાં છે. પરંતુ 'રાજવલ્લભ'માં તિથિઓમાં ભદ્રાનો નિર્દેશ છે. જયારે તે ભદ્રાવિશેની વિશેષ માહિતી વિશ્વકર્માએ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં પ્રાપ્ત થાય છે. જે બંનેનું વૈષમ્ય છે.

આથી કહી શકાય કે રાશિ, નક્ષત્ર અને ભદ્રાજ્ઞાનની બાબતમાં બંને ગ્રંથોમાં સામ્ય સાથે વિશેષ વૈષમ્ય રહેલું છે.

### ૬.૧૦.૪ કરણજ્ઞાન અને યોગજ્ઞાન

વાસ્તુકર્મમાં નક્ષત્ર, વાર, તિથિ વગેરેના શુભાશુભત્ત્વના બંને ગ્રંથ કર્તાઓએ નિર્દેશ કર્યો છે. તેમાં મંડને કરણ અને યોગનું વિધાન આ પ્રમાણે કર્યુ છે.

*विष्कुम्भव्यतिपातकौ च न शुभौ योगः परेशोभनाः*

*शस्तं नागबवाह्वतैतिलगरं युग्मां तिथिं वर्जयेत् ।* (૫૩)

અર્થાત્ – વિષ્કુંભ અને વ્યતિપાત યોગ ત્યાજય છે અને નાગ, બવ, તૈતિલ, ગર કરણો શુભ છે. આથી કહી શકાય કે મંડને શુભ કાર્યોમાં કરણ અને યોગનું શુભાશુભત્ત્વ નિર્દેશ્યુ છે. પરંતુ તે મતને વધારે સ્પષ્ટ કર્યો નથી.

જયારે વિશ્વકર્માએ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં કરણ અને યોગ જ્ઞાનવિધિ, તેના નામો, કાર્યો આદિનો નિર્દેશ કરીને મતને વધારે સ્પષ્ટ કર્યો છે. જેમકે – કરણ અને યોગ જાણવાના વિધાનો પણ છે. જે આ પ્રમાણે છે.

ક્ષેત્રફળ × ૯ ÷ ૧૧ જે શેષ વધે તે બવાદિ કરણો જાણવા અને

ક્ષેત્રની મૂળ રાશિ × ૧૩ ÷ ૨૭ જે શેષ વધે તે વિસ્કુંભાદિ યોગ જાણવા.

## <u>કરણચક્ર</u> (૫૪)

| શુકલપક્ષની તિથિ ૩૦ ઘડી | | | | કૃષ્ણપક્ષની તિથિ ૩૦ ઘડી | | | | કરણના નામ | કરણના સ્વામી | સ્થિરાદિ સંજ્ઞા | કરણોમાં કાર્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પૂર્વ ભાગ | | ઉત્તર ભાગ | | પૂર્વ ભાગ | | ઉત્તર ભાગ | | | | | |
| ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | કિસ્તુઘ્ન | વાયુ | સ્થિર | શૂભકાયો કરવા |
| ૫ | ૮ | ૧ | ૧૫ | ૪ | ૧૧ | ૭ | ૦ | બવ | ઈન્દ્ર | ચર | પોષ્ટિક કર્મ કરવા |
| ૨ | ૯ | ૫ | ૧૨ | ૧ | ૮ | ૪ | ૧૧ | બાલવ | બ્રહ્મા | ચર | બ્રાહ્મણના કર્મ કરવા |
| ૬ | ૧૩ | ૨ | ૯ | ૫ | ૧૨ | ૧ | ૮ | કૌલવ | મિત્ર | ચર | સ્ત્રી અને મિત્રના કાર્ય કરવા |
| ૩ | ૧૦ | ૬ | ૧૩ | ૨ | ૯ | ૫ | ૧૨ | તૈતિલ | સૂર્ય | ચર | સૌભાગ્યવતી સ્ત્રીને પ્રિય કાર્ય કરવા |
| ૭ | ૪ | ૩ | ૧૦ | ૬ | ૧૩ | ૨ | ૯ | ગર | ભૂમિ | ચર | ખેતરમાં બી વાવવુ, હળ જોડવું |
| ૪ | ૧૧ | ૭ | ૧૪ | ૩ | ૧૦ | ૬ | ૧૩ | વણિજ | લક્ષ્મી | ચર | વાણિજ કર્મ કરવું |
| ૮ | ૧૫ | ૧૪ | ૧૧ | ૭ | ૧૪ | ૩ | ૧૦ | વિષ્ટિ | યમ | ચર | અગ્નિ લગાડવી વગેરે દુષ્ટ કર્મ કરવા |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪ | શકુનિ | કલિ | સ્થિર | ઔષધ સેવન,મંત્ર સાધના, પોષ્ટિક કાર્ય કરવું |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦ | ૦ | ૦ | ચતુષ્પાદ | વૃષ | સ્થિર | રાજયકર્મ, ગૌબ્રાહ્મણ કર્મ, પિતૃકર્મ |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦ | નાગ | સર્પ | સ્થિર | સૌભાગ્ય કર્મ તથા દારુણ કર્મ |

આ રીતે ૧૧ કરણોના નામો, તેનું જ્ઞાન, તેના સ્વામી, તેની સંજ્ઞા અને શુભાશુભ કાર્યોના નિર્દેશ વિશ્વકર્માએ કર્યો છે. જયારે મંડને તેની કોઈ સ્પષ્ટ કરી નથી.

તેજ રીતે વિષ્કંભાદિ યોગનું બીજુ વિધાન કરતા વિશ્વકર્માએ કહ્યું છે કે –

પુષ્ય નક્ષત્રથી સૂર્ય નક્ષત્ર સુધી ગણી અને શ્રવણ નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર સુધી ગણી તે બન્ને સંખ્યાઓને યુક્ત રીતે ૨૭ ભાગતા જે શેષ રહે તે વિષ્કુંભાદિ યોગ જાણવા. (૫૫)

આ રીતે યોગ જ્ઞાનનું વિધાન કર્યા પછી વિષ્કંભાદિ ૨૭ યોગોના નામ નિમ્નલિખિત છે. તે પ્રમાણે આપ્યા છે અને તે દરેક તેના નામ પ્રમાણે ફળ આપે છે.

| | | |
|---|---|---|
| (૧) વિષ્કુંભ | (૧૦) ગંડ | (૧૯) પરિઘ |
| (૨) પ્રીતિ | (૧૧) વૃદ્ધિ | (૨૦) શિવ |
| (૩) આયુષ્યમાન | (૧૨) ધ્રુવ | (૨૧) સિદ્ધિ |
| (૪) સૌભાગ્ય | (૧૩) વ્યાઘાત | (૨૨) સાધ્ય |
| (૫) શોભન | (૧૪) હર્ષણ | (૨૩) શુભ |
| (૬) અતિગંડ | (૧૫) વજ્ર | (૨૪) શુક્લ |
| (૭) સુકર્મ | (૧૬) સિદ્ધ | (૨૫) બ્રહ્મા |
| (૮) ધ તિ | (૧૭) વ્યતિપાત | (૨૬) ઐંદ્ર |
| (૯) શૂલ | (૧૮) વરીયાન્ | (૨૭) વૈધૃતિ |

નામ ઉપરાંત તેના અશુભ યોગ નિર્દેશ પણ કર્યો છે.

*विरुद्ध संज्ञा इह ये च योगस्तेषामनिष्टः खलुपाद आद्यः ।*

*सर्वैर्धृतिस्तुव्यतिपातनामासर्वोऽप्यनिष्टः परिघस्य चार्धम् ॥*

*त्रिस्त्रस्तु योगे प्रथमे च वज्रे व्याघात संज्ञे नवपंचशूले ।*

*गण्डेऽतिगण्डे च षडेव नाड्यः शुभेषु कार्येषु विवर्जनीयाः ॥* (૫૬)

અર્થાત્ – વિરુદ્ધ યોગ હોય તેનો પ્રથમનો $\frac{૧}{૪}$ ભાગ તજવો

વ્યતિપાત અને વૈધૃત્તિ સંપૂર્ણ તજવો

પરીઘ અર્ધો તજવો

વિસ્કુંભ અને વજ્રની ૩ – ૩ ઘડી તજવી

વ્યાધાતની ૯ ઘડી તજવી

શૂલની ૫ ઘડી તજવી

ગંડ અને અતિગંડની ૬ – ૬ ઘડી તજવી

આ રીતે શુભ કાર્યોમાં ઉપરોક્ત યોગ કયારે વર્જિત છે તેનું વિધાન સ્પષ્ટ કર્યુ છે.

આથી કહી શકાય કે મંડને 'રાજવલ્લભ' માં શુભ કાર્યોમાં કરણ અને યોગના ફળનો નિર્દેશ કર્યો છે. પરંતુ તે વિધાનનો વિસ્તાર કર્યો નથી તે બાબત વિસ્તાર પૂર્વક 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વિશ્વકર્માએ કરી છે. તેજ તેની વિલક્ષણતા અને વૈષમ્ય છે.

### ૬.૧૦.૫ તિથિ – વાર – લગ્ન જ્ઞાન વિધાન

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ગૃહાદિના નિર્માણની ભૂમિની તિથિ – વાર અને લગ્ન જ્ઞાત કરવાની વિધિઓ આપી છે. તેમાં અંશતઃ વૈષમ્ય જોઈ શકાય છે. જેમકે –

| 'राजव©भ' | 'शिल्पस्मृतिवास्तुविद्यायाम्' |
|---|---|
| ૧) આય + નક્ષત્ર + તારા + વ્યય + અંશ÷ ૧૫ = તિથિ | આય + નક્ષત્ર + વ્યય + તારા + અંશ ÷ ૩૦ = નંદાદિ તિથિઓ |
| ૨) આય + નક્ષત્ર + તારા + વ્યય + અંશ ÷ ૭ = વાર | ક્ષેત્રનું ક્ષેત્રફળ ×૧૧ ÷ ૭ = રવિ આદિવારો |
| ૩) આય + નક્ષત્ર + તારા + વ્યય + અંશ ÷ ૧૨ = લગ્ન | આય + નક્ષત્ર + વ્યય + તારા + અંશ ÷ ૧૨ = મેષાદિલગ્ન |

આ ઉપરાંત બીજુ વિધાન પણ 'રાજવલ્લભ' માં આ પ્રમાણે છે. જેમકે –

૧) આય, નક્ષત્ર, વ્યય, તારા તથા અંશની સંખ્યાઓનો અંક + ક્ષેત્રફળ ÷ ૧૨ = લગ્ન

૨) લગ્નની સંખ્યા × ૮ ÷ ૧૫ = તિથિ

૩) તિથિની સંખ્યા × ૯ ÷ ૭ = વાર

આ રીતે બંને ગ્રંથોમાં નંદાદિ તિથિઓ, મેષાદિ લગ્ન અને રવિ આદિ વાર જ્ઞાતક કરવાની વિધિઓમાં વૈષમ્ય છે. તેમજ બંને ગ્રંથોએ તિથિફળ, વારફળ અને લગ્નફળના નિર્દેશો કર્યા છે. જેમાં તિથિઓની નંદાદિ સંજ્ઞા, ફળ, સ્વામી અને વારફળના વિધાનોમાં સામ્ય છે. જેના નિર્દેશો મે સામ્ય પ્રકરણમાં કર્યા છે. પરંતુ 'રાજવલ્લભ'ના કર્તા મંડન લગ્ન ફળના વિધાનો થોડા વૈષમ્ય સાથે આ પ્રમાણે કરે છે. જેમકે – *तुला वृषघटौ युग्मं धनुः कन्यके ।* [૫૭] કહીને તુલા, વૃષભ, કુંભ, મિથુન, ધન અને કન્યા લગ્નને પ્રશસ્ત કહ્યાં છે અને દ્વિસ્વભાવ લગ્ન અને સ્થિર લગ્નની સન્મુખ જો સૌમ્ય ગ્રહ હોય અને તેના

પર શુભ ગ્રહની દ્દષ્ટિ હોય, દશમાં સ્થાનમાં પુષ્ટ સૌમ્ય ગ્રહ હોય તો ગૃહારંભ કરવો. તેમજ રાશિ, ગ્રહ અને લગ્નના વિધાનો પણ મંડને કર્યા છે. પરંતુ લગ્ન ફળનું વિધાન વિશ્વકર્માએ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં આપ્યું નથી.

## ૬.૧૦.૬ ચંદ્ર અને ગ્રહ બળ વિધાન

પ્રસ્તુત વાસ્તુશાસ્ત્રોના બંને ગ્રંથોમાં વાસ્તુ સાથે જયોતિષ, શકુન આદિ વિષયોના નિરૂપણો કર્યા છે. તેમાં ચંદ્ર અને અન્ય ગ્રહની સ્થિતિ સ્થાન આદિના વિધાનો કર્યા છે.

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના પૂર્વાર્ધના અધ્યાય–૪ અને ઉત્તરાર્ધના અધ્યાય–૧૪ માં વિશ્વકર્માએ અને 'રાજવલ્લભ'માં અધ્યાય–૧૨ અને ૧૩ માં મંડને ચંદ્ર અને ગ્રહ બળ વિધાન આપ્યું છે. તેમાં રહેલી સમાનતા જોયા પછી હવે વૈષમ્ય ઉપર દ્દષ્ટિપાત કરીએ તો

ચંદ્રવાસ અને ચંદ્રદિશા ફળના સમાન વિધાનો છે. પરંતુ આ ઉપરાંત 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ચંદ્રવર્ણજ્ઞાન, ચંદ્રનું શુભાશુભફળ, ચંદ્રબળ અને ગ્રહબળનાં વિશેષ વિધાનો પ્રાપ્ત થાય છે જેમકે –

### ચંદ્ર વર્ણજ્ઞાન

| ચંદ્ર રાશિ | વર્ણ | ફળ |
|---|---|---|
| વૃશ્ચિક, મેષ અને સિંહ | રક્તવર્ણ | યુદ્ધકારી |
| વૃષભ, તુલા, કર્ક | શ્વેતવર્ણ | સિદ્ધિદાયક |
| ધન, મીન, મિથુન | પીતવર્ણ | લક્ષ્મીદાયક |
| મકર, કુંભ, કન્યા | શ્યામ વર્ણ | મૃત્યુકારક |

તેમજ કુંડળીમાં સ્થિત ચંદ્રના શુભાશુભ ફળના વિધાનો બંને ગ્રંથોમાં આ પ્રમાણે છે.

| 'રાજવલ્લભ' | | 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' | |
|---|---|---|---|
| કુંડળીમાં પ્રથમ સ્થાનમાં ચંદ્ર | મૃત્યુકારક | ચંદ્ર જન્મ રાશિમાં હોય તો | પૃષ્ટિ |
| કુંડળીમાં દ્વિતીય સ્થામાં ચંદ્ર | ધાન્યવૃદ્ધિ | બીજા સ્થાને | દુઃખપ્રાપ્તિ |
| કુંડળીમાં તૃતીય સ્થાનમાં ચંદ્ર | સુખ | ત્રીજા સ્થાને | ધનલાભ |
| કુંડળીમાં ચોથા સ્થાનમાં ચંદ્ર | કલેશ | ચોથા સ્થાને | રોગોત્પત્તિ |
| કુંડળીમાં પાંચમા સ્થાનમાં ચંદ્ર | સંતાન અને ગોત્ર ક્ષય | પાંચમા સ્થાને ̇ હોય તો | કાર્યનાશ |
| કુંડળીમાં છઠ્ઠા સ્થાનમાં ચંદ્ર | શત્રુભય | છઠ્ઠા સ્થાને હોય તો | દ્રવ્યપ્રાપ્તિ |
| કુંડળીમાં સાતમાં સ્થાનમાં ચંદ્ર | દુઃખ | સાતમો સ્થાને હોય તો | રાજસન્માન |
| કુંડળીમાં આઠમાં સ્થાનમાં ચંદ્ર | મૃત્યુ | આઠમાં સ્થાને હોય તો | મૃત્યુ |
| કુંડળીમાં નવમાં સ્થાનમાં ચંદ્ર | વિઘ્ન | નવમાં સ્થાને હોય તો | ભય |
| કુંડળીમાં દશમાં સ્થાનમાં ચંદ્ર | બળ | દશમાં સ્થાને હોય તો | કાર્યસંપત્તિ |
| કુંડળીમાં અગિયારમાં ચંદ્ર | ધન | અગિયારમાં સ્થાને હોય તો | દ્રવ્યલાભ |
| કુડળીમાં બારમાં સ્થાનમાં ચંદ્ર | વ્યયકારક | બારમાં સ્થાને હોય તો | ઉપાધિકારક |

આમ, કુંડળીમાં રહેલા ચંદ્રનું સ્થાન અને ફળમાં અંશતઃ વૈષમ્ય છે તેમજ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં –

*द्वितीयः पञ्चमश्चन्द्रो नवमश्च शुभप्रदः ।*

*शुक्लपक्षे विशेषोऽयं तुल्यमन्यत्तथोभयो ॥* (૫૮)

કહીને શુકલ પક્ષમાં ચંદ્રબળની વિશેષતા વર્ણવી છે અને ચંદ્રમાંના બળની પ્રશંસા કરતા કહ્યું છે કે –

*चंद्रमाः सर्वकार्येषु प्रशस्तो गृह्यते बुधैः ।* (૫૯)

અર્થાત્ સર્વકાર્યોમાં ચંદ્રમાનું બળ પ્રશસ્ય છે તેથી બુદ્ધિમાન પુરુષો તેનું બળ જોઈ કાર્યરંભ કરે છે.

આ ઉપરાંત 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ચારેય દિશામાં ફરતાં ચંદ્રની ઘડીનું આ પ્રમાણે વિધાન છે.

| ચંદ્ર દિશા | ઘડી |
|---|---|
| પૂર્વ | ૧૭ |
| દક્ષિણ | ૧૫ |
| પશ્ચિમ | ૨૧ |
| ઉત્તર | ૧૬ |
| પૂર્વ | ૧૭ |
| દક્ષિણ | ૧૪ |
| પશ્ચિમ | ૨૦ |
| ઉત્તર | ૧૫ |
| કુલ ઘડી | ૧૩૫ |

અને – *वार द्वयं भ्रमश्चेन्दोः स्ववास स्थानतः क्रमात् ।*

*एकराशिस्थितोऽपीह तद् दिशाजं फलं दिशेत् ॥* (૬૦)

અર્થાત્ – ચંદ્રમાં પોતાના સ્થાનેથી અનુક્રમે ચારેય દિશામાં બે વાર ફરે છે, તો પણ ચંદ્રમાં એક જ રાશિમાં સ્થિર રહે છે, પરંતુ ફળતો તેજ દિશાનું આવે છે કે જે દિશામાં તે રહે છે.

આ ઉપરાંત બંને ગ્રંથોમાં સિદ્ધિ અર્થે ગ્રહ બળનું વિધાન કર્યુ છે. જેમકે – 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વિશ્વકર્માએ કાયો સાથે ગ્રહબળનો નિર્દેશ કર્યો છે. (૬૧) જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| <u>કાર્ય</u> | <u>ગ્રહબળની શ્રેષ્ઠતા</u> |
|---|---|
| વિવાહ અને ઉત્સવમાં | ગુરુનું બળ |
| રાજદર્શનમાં | સૂર્યનું બળ |
| સંગ્રામમાં | મંગળનું બળ |
| વિદ્યાભ્યાસમાં | બુધનું બળ |
| યાત્રામાં | શુક્રનું બળ |
| દીક્ષા લેવામાં | શનિનું બળ |
| સર્વકાર્યોમાં | ચંદ્રનું બળ |

તેમજ સિંહસ્થ ગુરુ ત્યાજય ગણાવતા કહ્યું છે કે –

સિંહસ્થ ગુરુ હોય તો – વિવાહમાં – શોક
વ્રતમાં – મૃત્યુ
ચૌલમાં – દરિદ્રતા
યાત્રામાં – નિષ્ફળતા
દીક્ષામાં – મૂઢતા
પ્રતિષ્ઠામાં – વિઘ્ન

વગેરે વિઘ્નો આવે છે માટે સિંહ રાશિમાં ગુરુ હોય ત્યારે સર્વપ્રકારના શુભ કાર્ય કરવા નહીં. તેમજ –

*भुक्तं भोजश्च न त्याज्यं सर्वकर्मसु सिद्धिम् ।*
*यत्नात् त्याज्यं तुं सत्कार्ये नक्षत्रं राहुसंयुतम् ।।* (૬૨)

કહીને રાહુથી યુક્ત થયેલું નક્ષત્ર પ્રયત્ન પૂર્વક ત્યજવા કહ્યું છે અને 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' નાં ઉત્તરાર્ધના અંતમાં કાલરાહુની સિદ્ધિ બતાવતા કહ્યું છે કે –

રવિ અને ગુરુવારે – પૂર્વમાં
સોમ અને શુક્રવારે – દક્ષિણમાં
મંગળવારે – પશ્ચિમમાં
શનિવારે – ઉત્તરમાં કાલરાહુ જાણવો.

આ કાલરાહુ પ્રયાણ અને પ્રવેશમાં ડાબી બાજુ અથવા પાછળના ભાગે હોય તો સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. (૬૩) આ ઉપરાંત અધ્યાય–૪ માં ગૃહારંભે કુંડળી ફળનું વિધાન વિશ્વકર્મા પ્રકાશમાંથી ઉદ્ધૃત કર્યુ છે.

તો 'રાજવલ્લભ' ગ્રંથમાં સૂત્રધાર મંડને કુડળીમાં શુભગ્રહનો નિર્દેશ કર્યો છે. જેમકે –

પ્રતિષ્ઠાની કુંડળીમાં ત્રીજા, છઠ્ઠા, દશમાં અને અગિયારમાં સ્થાનમાં ક્રુર ગ્રહ હોય તો પણ શ્રેષ્ઠ છે. એજ રીતે ત્રિકોણ, ધનભવન અને કેન્દ્રમાં સૌમ્ય ગ્રહ હોય તો પણ શ્રેષ્ઠ છે. અગિયારમાં, ત્રીજા અને બીજા અથવા ધન સ્થાનમાં ચંદ્ર હોય, આઠમાં ગુરુ તથા બુધ હોય તો સુખદ છે. (૬૪)

તેમજ લગ્ન વિચાર, ગ્રહદ્દષ્ટિ, ગ્રહની શુભાશુભતા અને રોગાદિ વિચારમાં ગ્રહની શુભાશુભતાનો નિર્દેશ કર્યો છે. જેમકે શુભકાર્યમાં કોઈપણ ગ્રહ આઠમાં અને બારમાં સ્થાનમાં શુભ ગ્રહ હોય તો પણ શ્રેષ્ઠ નથી. (૬૫)

આ ઉપરાંત ગ્રહદ્દષ્ટિ વિધાન પણ આ પ્રમાણે કર્યુ છે.

જે સ્થાનમાં જે ગ્રહ હોય, તેનાથી દશમાં અને ત્રીજા સ્થાને ગ્રહની ૧ પાદ દ્દષ્ટિ હોય છે. નવમાં અને પાંચમાં સ્થાને ગ્રહની ૨ પાદ દ્દષ્ટિ હોય છે. ચોથા અને આઠમાં સ્થાન ગ્રહની ૩ પાદ દ્દષ્ટિ હોય છે. સાતમાં સ્થાને ગ્રહની પૂર્ણ દ્દષ્ટિ હોય છે. અને તેનું ફળ પણ તે પ્રમાણે જ હોય છે. (૬૬) આવી જ રીતે ગ્રહસ્વામી, ક્રૂર ગ્રહ કે સૌમ્ય ગ્રહની દ્દષ્ટિ પ્રમાણે પણ ફળ પ્રાપ્ત થાય છે.

આથી વિશેષ મંડને કહ્યું છે કે – પ્રશ્નકાલીન લગ્ન પછી ચાલી રહેલા લગ્નને બાંધીને તેની ઉપર – બહાર રાશિઓની કુંડળી બનાવીને જે રાશિનો જે ગ્રહ તેની રાશિઓના સ્થાનમાં સ્થાપિત કરી, જો મંગળ, ગુરુ, બુધ,શુક્ર અને શનિમાંથી કોઈ ગ્રહ દશમાં અને બારમાં સ્થાને હોય તો ગ્રહદોષ પીડા સમજો, આઠ સ્થાનમાં ચંદ્ર અને સૂર્યની ઉપસ્થિતિ પણ ગ્રહદોષ છે, બુધ સાતમા સ્થાને હોય તો પણ ગ્રહ દોષ છે. તેમજ બતાવેલા દોષ સૂય સંબંધી દોષ હોય તો તે ક્ષેત્રપાલ હોય, ચંદ્રથી ગગનદોષ, મંગળથી શાકિની

દોષ, બુધથી ભૂતદોષ, ગુરુથી દેવદોષ, શુક્રથી જળસ્થાન દોષ અને શનિથી રોગીને પિતૃદોષ રહે છે. (૬૭)

આ ઉપરાંત 'રાજવલ્લભ'માં કોટ ચક્ર અનુસાર જયા બહાર અથવા મધ્યમાં ક્રૂર ગ્રહ પડે છે. ત્યાં રોકવા છતા પણ સસૈન્ય આક્રાંતા દુર્ગની ધ્વંસ કરે છે. તેનું નિરૂપણ કોટચક્રવિચારમાં કર્યુ છે. (૬૮)

આમ, કહી શકાય કે બંને ગ્રંથોમાં ચંદ્ર અને ગ્રહબળ વિધાનો વૈષમ્ય સાથે નિરુપિત છે અને બંને ગ્રંથોમાં ગ્રહથી થતા શુભાશુભતાના નિર્દેશો કર્યા છે. પરંતુ 'રાજવલ્લભ'માં થયેલું ગ્રહબળ વિધાન તે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' કરતા વિલક્ષણ છે. કેમકે તેને ગ્રહની અસરોનું વિધાન વિવિધતા સભર કર્યુ છે.

### ૬.૧૦.૮ <u>ક્ષેત્રફળ જ્ઞાન વિધાન</u>

વાસ્તુશાસ્ત્રના વિધાનો સાથે ગણિતશાસ્ત્ર જોડાયેલું છે. કેમકે, ' વાસ્તુ ' એટલે નિર્માણ અને જે ભૂમિ પર પ્રાસાદાદિનું નિર્માણ કરવાનું છે તેમાં પરિધ, વ્યાસ, ઘનફળ, ક્ષેત્રફળ આદિ મેળવવાના છે.

વાસ્તુશાસ્ત્રમાં પ્રાસાદાદિને મેળવવાના ૨૧ અંગો ગણાવ્યા છે તેમા ક્ષેત્રફળ પ્રથમ વિધાન છે અને ક્ષેત્રફળ જ્ઞાત કરવાના વિધાનો બંને ગ્રંથોમાં હોવા છતા વૈષમ્ય એ છે કે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં પૂર્વાર્ધના અધ્યાય ૭ માં ક્ષેત્રફળ જ્ઞાત કરવાના માત્ર વિધાનો છે. જયારે 'રાજવલ્લભ' માં અધ્યાય–૧૦ આખો *ગણિતક્ષેત્રાદ્ભુતલક્ષણમ્* નામથી આપ્યો છે. આથી કહી શકાય કે સૂત્રધાર મંડન આ અધ્યાયથી જયોતિષશાસ્ત્ર તરફ ઉન્મુખ થયા છે. આ જયોતિષ એટલે જ્ઞાનના આદિ સ્રોત વેદનું એક અંગ. આથી કહી શકાય કે, જયોતિષ તે વેદાંગ છે અને તેના પ્રવર્તક બ્રહ્મા છે.(૬૯)

આ જયોતિષશાસ્ત્ર ચાર લાખ શ્લોકોનું છે. તેમા ત્રણ સ્કંધ છે. (૧) ગણિત (સિદ્ધાંત) (૨) જાતક (હોરા) અને (૩) સંહિતા (૭૦)

આ ગણિત એટલે કે સિદ્ધાંત શાસ્ત્ર એક અતિગંભીર, વૈજ્ઞાનિક અને વિસ્તૃત શાસ્ત્ર છે અને તેમાં પરિકર્મ, યોગ, અંતર, ગુણન, ભાજન, વર્ગ, વર્ગમૂળ, ઘન અને ઘનમૂળ, ક્ષેત્રફળ વગેરે સ્પષ્ટ કરવાની રીતિઓ વર્ણિત છે.

જોકે મંડને અને વિશ્વકર્માએ પ્રસ્તુત બંને ગ્રંથોમાં પ્રાસાદાદિ નિર્માણની ભૂમિનું ક્ષેત્ર જ્ઞાત કરવાની રીતિઓ આપી છે.

ચોરસભૂમિનું ક્ષેત્રફળ – લંબાઈ × પહોળાઈ = ચોરસનું ક્ષેત્રફળ, આજ રીતે વૃતનું ક્ષેત્રફળ, ત્રિકોણનું ક્ષેત્રફળ, અર્ધગોળનું ક્ષેત્રફળ, ષોડષાંગનું ક્ષેત્રફળ, અષ્ટાંશનું ક્ષેત્રફળ આદિ મેળવવાની રીતે બંને ગ્રંથોમાં સરખી જ છે. પરંતુ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં તેનો માત્ર ઉલ્લેખ છે. જયારે 'રાજવલ્લભ'માં બધી રીતિઓ શ્લોકબધ આપેલી છે. પરંતુ કહી શકાય તેમ છે કે – મંડને ગણિતના ' લીલાવતી ' નામના ગ્રંથનો અભ્યાસ કર્યો હશે. કેમકે – 'રાજવલ્લભ'ના અધ્યાય–૧૦ માં તેણે એ ગ્રંથની સૂકિતઓ પણ ઉદ્ધૃત કરી છે.

જેમકે – *धनीकृतं व्यासदलं विजैकविंशांशयुग् गोलफलं घनं स्यात् ।* (રા. ૧૦,૬)

'રાજવલ્લભ' નો ઉકત શ્લોકાર્ધ ' લીલાવતી ' વૃત વ્યવહારનો છે. (૭૧)

આથી કહી શકાય કે ક્ષેત્રફળ જ્ઞાત વિધાનમાં બંને ગ્રંથોમાં ક્ષેત્રફળ જ્ઞાત કરવાની રીતિઓ સરખી જ છે. પરંતુ તેની પ્રસ્તુતિમાં વૈષમ્ય છે. મંડને તેનો દેવનાગરી લિપિમાં વિસ્તાર કર્યો છે. જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં માત્ર ગુજરાતી લિપિમાં ઉલ્લેખ છે. તો તેણે – પાષાણના ગૃહાદિની બહારથી, ઈંટના ગૃહાદિને ઓસારના મધ્યેથી અને માટીના ગૃહાદિને અંદરના ભાગેથી ક્ષેત્રફળ આદિ ગણવું તેમજ પ્રાસાદ, મંડપ અને જગતીને ભિત્તિ સહિત અને ગૃહોને ભિત્તિ વગર ગણવાનું વિધાન કર્યું છે. પરંતુ 'રાજવલ્લભ'માં આવુ વિધાન નથી.

### ૬.૧૦.૮ ગૃહાયુષ્ય જ્ઞાન વિધાન

પ્રસ્તુત બંને ગ્રંથોમાં ' વાસ્તુ ' એટલે કે નિર્માણ પામેલા ગ્રહનું આયુષ્ય કેટલું છે તે જાણવા માટેની રીતિઓ બતાવી છે. તેમા બંને ગ્રંથોમાં ગણિતશાસ્ત્ર પ્રમાણે અને

ગ્રહસ્થાનના આધારે ગૃહાયુષ્ય કેટલું છે તે જાણવાનાં નિયમો થોડા વૈષમ્ય સાથે આ પ્રમાણે આપ્યા છે.

| ગણિત આધારિત ગૃહાયુષ્ય જ્ઞાન વિધિ | |
|---|---|
| *'राजव©भ'* | *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'* |
| ૧) ક્ષેત્રફળ × ૮ ÷ ૬૦ × ૧૦ = જેટલી સંખ્યા આવે તેટલા વર્ષ તે ગૃહનું આયુષ્ય જાણવું અને<br>૨) જે શેષ છે તેને ÷ ૫ કરવાથી જે શેષ વધે તે પૃથ્વી આદિ પાંચ તત્ત્વોથી તેનો વિનાશ જાણવો. (૭૨) | ૧) ક્ષેત્રફળ × ૮÷૬૦ = શેષ રહે તેટલા વર્ષનું માટી અને કાંકરીના ગૃહનું આયુષ્ય જાણવું<br>૨) ઉપર આવેલ શેષ × ૧૦ કરવાથી ઈંટ, માટી, ચૂનાની બનેલ ગૃહ અને પ્રાસાદનું આયુષ્ય જાણવું<br>૩) ઉપર આવેલ શેષ × ૯૦ કરવાથી શીશાથી ચોડેલ પાષાણના ગૃહનું આયુષ્ય જાણવું.<br>૪) તેજ ફળને ૩૭૦ ગણુ કરવાથી ધાતુથી બનાવેલ ગૃહ–પ્રાસાદનું આયુષ્ય જાણવું.(૭૩) |

ઉપરોક્ત ગૃહાયુષ્યજ્ઞાત વિધિમાં બંને ગ્રંથોમાં વિષમતા છે. પરંતુ ઉલ્લેખનીય બાબત એ છે કે 'રાજવલ્લભ'ના હિન્દી અનુવાદમાં એટલે કે શ્રીકૃષ્ણ જુગનું ના સંપાદિત 'રાજવલ્લભ'માં પ્રસ્તુત ગૃહાયુષ્યજ્ઞાન વિધિ છે. નારાયણ ભારતી દ્વારા થયેલા સંપાદનમાં તેનો ઉલ્લેખ નથી.

| ગ્રહાધારિત ગૃહાયુષ્ય જ્ઞાત વિધિ | | | | | |
|---|---|---|---|---|---|
| 'રાજવલ્લભ' | | | 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' | | |
| | | | ગૃહના ૮૦ વર્ષ અને ૨૦૦ વર્ષના આયુષ્યનું વિધાન અહીં પણ રાજવલ્લભ ગ્રંથ અનુસાર જ છે. પરંતુ ૧૦૦ વર્ષના આયુષ્યના વિધાનમાં વૈષમ્ય દૃષ્ટિગત થાય છે. જે આ પ્રમાણે છે. | | |
| ૧) જો ગૃહ નિમ્નાનુસાર હોય તો ગૃહ ૧૦૦ વર્ષ સુધી સ્થિર રહે[૭૪] | | | ૧) જો ગ્રહ નિમ્નાસુસાર હોય તો ગૃહ ૧૦૦ વર્ષ સુધી સ્થિર રહે. [૭૭] | | |
| ક્રમ | ગૃહનો સ્વામી | સ્થાન | ક્રમ | ગૃહનો સ્વામી | સ્થાન |
| ૧ | બૃહસ્પતિ | લગ્નસ્થાન | ૧ | બૃહસ્પતિ / શુક્ર | લગ્નમાં |
| ૨ | બુધ | સાતમા | ૨ | બુધ | સાતમા / દશમાં |
| ૩ | સૂર્ય | છઠ્ઠા | ૩ | સૂર્ય | અગિયારમાં/છઠ્ઠા |
| ૪ | શુક્ર | ચોથા | ૪ | શુક્ર | ચોથા સ્થાને |
| ૫ | શનિ | ત્રીજા | ૫ | શનિ | ત્રીજા સ્થાને |
| | | | ૬ | બૃહસ્પતિ | કેન્દ્રમાં |

(૨) જોગ ગૃહ નિમ્નાનુસાર હોય તો ગૃહ ૨૦૦ વર્ષ સુધી સ્થિર રહે.[૭૫]

| ક્રમ | ગૃહસ્વામી | સ્થાન |
|---|---|---|
| ૧ | શુક્ર | કેન્દ્રસ્થ |
| ૨ | સૂર્ય | ત્રીજા |
| ૩ | બૃહસ્પતિ | પાંચમાં |
| ૪ | મંગળ | છઠ્ઠા |

(૩) જો ગૃહ નિમ્નાનુસાર હોય તો ગૃહ માત્ર ૮૦ વર્ષ સુધી ટકે છે.(૭૬)

| <u>ક્રમ</u> | <u>ગૃહસ્વામી</u> | <u>સ્થાન</u> |
|---|---|---|
| ૧ | શનિ | અગિયારમાં |
| ૨ | મંગળ | અગિયારમાં |
| ૩ | ગુરુ | ચોથા સ્થાને |
| ૪ | ચંદ્ર | દશમાં સ્થાને |

આમ, બંને ગ્રંથોમાં ગૃહાયુષ્ય વિધાનોમાં વૈષમ્ય દ્દષ્ટિગત થાય છે.

## ૬.૧૦.૯ <u>વ્યયના નામો અને ફળ</u>

પ્રાસાદાદિ મેળવવાના એકવીશ અંગો વિશ્વકર્માએ ગણાવ્યા છે તેમા વ્યય એ એક અંગ છે. બંને ગ્રંથોમાં વ્યય મેળવવાની વિધિમાં સામ્ય છે. પરંતુ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વિશ્વકર્માએ વ્યયના ૮ નામો અને આયો સાથે વ્યયના ફળોનું વિધાન કર્યુ છે. જે મંડને 'રાજવલ્લભ'માં આપ્યુ નથી.

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વ્યયાધિકારમાં આય સાથે વ્યયના શુભ ફળોનું વિધાન છે.

## <u>વ્યયના નામ અને શુભ ફળો</u> (૭૮)

| <u>ક્રમ</u> | <u>વ્યયના નામો</u> | <u>આય</u> | <u>ફળ</u> |
|---|---|---|---|
| ૧ | શાંત | ધ્વજાય | શ્રેષ્ઠ કલ્યાણકારી |
| ૨ | શાંત | ધૂમ્રાય | સોનું, રત્ન અને અગ્નિ કર્મ પર જીવનાર ને ધાતુ દ્રવ્ય મળે |
| ૩ | પૌર | સિંહાય | સિંહના જેવા પરાક્રમી થાય અને શત્રું સૈન્યનો નાશ કરે |
| ૪ | પ્રદ્યોત | શ્વાનાય | નિત્ય ભોગાદિ સુખ મળે અને ગૃહલાભ |
| ૫ | શ્રિયાનંદ | વૃષાય | સુખ, શાંતિ, લક્ષ્મી, કુશળતા અને ગુરુ તથા દેવ અર્ચનનો અતિ લાભ |
| ૬ | મનોહર | ખરાય | મનોરથ સિદ્ધિ, ભોગપ્રાપ્તિ, તીર્થયાત્રા, |
| ૭ | શ્રીવત્સ | ગજાય | સ્ત્રી આદિના ભોગ,બળ અને પુષ્ટિ વૃદ્ધિ |
| ૮ | વિભવ | ધ્વાંક્ષાય | શિલ્પીને હિતકર્તા, સુત્ર અને શાસ્ત્રની નિપૂણતા, શ્રૃંગાર આદિભોગ નાશ ન થાય તેવા મળે |

આ ઉપરાંત –

બધા આયો સાથે ⇨ શાંત વ્યય શ્રેષ્ઠ છે.

સિંહાયથી છ આયો સાથે ⇨ પૌર વ્યય શુભ છે.

ધ્વજ,ધૂમ્ર,સિંહાય સિવાયના આયો સાથે⇨ પ્રદ્યોત વ્યય વિશેષ શ્રેષ્ઠ છે.

ખર,વૃષ,ગજ અને ધ્વાંક્ષાય સાથે ⇨ શ્રિયાનંદ વ્યય શુભ છે.

ખર,ગજ અને ધ્વાંક્ષાય સાથે ⇨ મનોહર વ્યય શુભ છે.

ગજાય અને ધ્વાંક્ષાય સાથે ⇨ શ્રીવત્સ વ્યય શુભ છે.

ધ્વાંક્ષાય સાથે ⇨ વિભવ વ્યય શુભ છે.

આઠેય આયો સાથે ⇨ ચિંતાત્મક વ્યય ત્યજવો

આમ, 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વ્યયના નામો અને શુભાશુભ ફળોના વિધાનો છે. તે 'રાજવલ્લભ'માં નથી.

**૬.૧૦.૧૦ <u>તારાના પ્રકારો</u>**

**પ્રાસાદ મેળવવાના ૨૧ અંગોમાંથી એક અંગ તારા છે. બંને ગ્રંથોમાં તેના ઉલ્લેખો અને તારા મેળવવાની ગણિત શાસ્ત્રની વિધિમાં સામ્ય છે. પરંતુ વિશ્વકર્માએ તારાના પ્રકારો અને તેના શુભાશુભ ફળોનાં નિર્દેશો કર્યા છે. [૭૯] જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.**

**<u>તારાધિકાર અને શુભ ફળો</u>**

| ક્રમ | તારા | ફળ |
|---|---|---|
| ૧ | શાંતા | હંમેશા શાંતિ આપનાર |
| ૨ | મનોહરા | મનને ઉલ્લાસ આપનાર |
| ૩ | ક્રુરા | ચોર ,અગ્નિ આદિ ભય કરનાર |
| ૪ | વિજયા | જય અને કલ્યાણકારી |
| ૫ | કલોદ્ભવા | કલહ કરનાર |
| ૬ | પદ્મિની | સુખ અને મહાતીર્થ ફળ આપનાર |
| ૭ | રાક્ષસી | ભયંકર રાત્રિમાં ભય જન્માવનાર |
| ૮ | વીરા | સૌમ્ય ભોગ આપનાર |
| ૯ | આનંદા | આનંદકારી |

**આ ઉપરાંત *ક્ષીણશ્ચંદ્રો યદાવારે ભવેત્તારાબલપ્રદા ।* [૮૦] કહી છે અને –**

***શાન્તા મનોહરા ચૈવ વિજયા પદ્મિની તથા ।***

***વીરા નન્દેતિ षट् તારા નિત્યં કલ્યાણકારિકાः ॥*** **[૮૧] કહીને શાંતા, મનોહરા, વિજયા, પદ્મિની, વીરા અને આનંદા એ છ તારા હંમેશા શુભફળદા કહી છે.**

**ઉપરોક્ત વિધાનો 'રાજવલ્લભ'માં નથી તે બંને ગ્રંથોનું વૈષમ્ય છે.**

**૬.૧૦.૧૧ <u>ગ્રહ અને રાશિ સ્વામિમાં શત્રુ–મિત્ર ભાવ</u>**

**રાશિ અને ગ્રહોનું સ્વામી તથા પરસ્પર વૈર, મૈત્રીભાવના સંદર્ભમાં *'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'* [૮૨] માં વિસ્તારથી વિધાનો આપ્યા છે. ' *રાજવ©ભ* ' કારે પણ એ વિચાર આપ્યો છે. પરંતુ તેમાં કોણ કોનો વેરી છે, તે સ્પષ્ટ ખુલાશો નથી.**

જયારે વિશ્વકર્માએ '*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્*' માં જે વિધાનો આપ્યા છે, તે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| રાશિ | ગૃહ | મિત્રભાવ | શત્રુભાવ | સમભાવ |
|---|---|---|---|---|
| સિંહ | સૂર્ય | ચંદ્ર,ગુરુ,મંગળ | શુક્ર, શનિ | બુધ |
| કર્ક | ચંદ્ર | સૂર્ય, બુધ | – | ગુરુ,શુક્ર,મંગળ,શનિ |
| મેષ, વૃશ્ચિક | મંગળ | સૂર્ય, ચંદ્ર, ગુરુ | બુધ | શુક્ર, શનિ |
| મિથુન,કન્યા | બુધ | સૂર્ય, શુક્ર | ચંદ્ર | મંગળ,ગુરુ, શનિ |
| ધન, મીન | ગુરુ | સૂર્ય,ચંદ્ર,મંગળ | બુધ, શુક્ર | શનિ |
| વૃષભ,તુલા | શુક્ર | બુધ, શનિ | સૂર્ય, મંગળ | ચંદ્ર, ગુરુ |
| મકર,કુંભ | શનિ | બુધ, શુક્ર | સૂર્ય,ચંદ્ર,મંગળ | ગુરુ |

અને કહ્યું છે કે –*आत्मक्षेत्रेन पीडयन्ति स्वस्था वै क्षेत्रपालकाः ।*

*रिपुगृहं पीडयन्ति भस्मी कुर्वन्ति विग्रहे ।।* (૮૩)

અર્થાત્ – ગ્રહ પોતાની રાશિ અને ગૃહમાં હોય તે પીડા કરતો નથી પરંતુ શત્રુના સ્થાનમાં પીડા કરે છે.

માટે શત્રુ–મિત્ર ભાવ ઉપર વિચાર કરીને ગૃહનું કાર્ય કરવું જોઈએ. મંડને આ વિચારને આ રીતે આપ્યો – *मित्राण्यर्ककुजेंदुदेवगुरवोऽन्ये वैरिणस्तेमिथः ।* (૮૪)

અર્થાત્ – રાશિના સ્વામીનું વિધાન કર્યુ છે. તેમા મંગળ, સૂર્ય, ચંદ્ર અને ગુરુ એ ચાર પરસ્પરના મિત્રો સમજવા, અને બુધ, શુક્ર, શનિ અને રાહુ એ ચારેય પ્રથમ ચારના શત્રુ જાણવા. પરંતુ મંડનનું આ વિધાન કોણ કોનો શત્રુ છે તે બાબતમાં સ્પષ્ટ નથી. જયારે વિશ્વકર્માએ સ્પષ્ટ વિધાન આપ્યું છે.

તો મંડને ગૃહ પ્રવેશના સંદર્ભમાં લગ્નાદિ વિશે કહ્યું છે કે મેષનો સૂર્ય, વૃષભનો ચંદ્ર, મકરનો મંગળ, કન્યાનો બુધ, કર્કનો ગુરુ, મીનનો શુક્ર અને તુલાનો શનિ ઉંચસ્થ હોય છે. તેનાથી સાતમી રાશિ નીચ હોય છે. મેષાદિ રાશિમાં મેષ, કર્ક, મકર તુલા નવાંશ છે તો પ્રવેશમાં ચલ લગ્ન અને ચરનો નવાંશ ત્યાજ્ય છે.

આમ, બંને ગ્રંથોમાં રાશિ–ગ્રહ અને રાશિ સ્વામી માં શત્રુ–મિત્ર ભાવના સરખા વિચારો વિષમ રીતે સ્પષ્ટ થયા છે.

### ૬.૧૦.૧૨ <u>ક્ષેત્રનામાક્ષર વિધાન</u>

*'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'* માં ક્ષેત્રનામાક્ષર મેળવવાની વિધિ અને તે પ્રમાણેના ધ્રુવાદિ નામ અને તેના શુભાશુભ ફળોનો નિર્દેશ છે. જે 'રાજવલ્લભ' માં નથી.

વિશ્વકર્માએ કહ્યં છે કે –

*चतुभि  र्गुणितं क्षेत्रं फलं षोडशभिर्भजेत् ।*

*शेषंध्रुवादिकं ज्ञेयं तत्नामानि यथाक्रमम् ॥* (૮૫)

અર્થાત્ ક્ષેત્રનું ક્ષેત્રફળ × ૪ ÷ ૧૬ = જે શેષ વધે તે ક્રમે ધ્રુવાદિ નામ જાણવા.

અલિંદના ભેદે રહેલા અને વિશ્વકર્માએ નિર્દેશ કર્યો છે તે ધ્રુવાદિ ક્ષેત્ર નામો આ પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) ધ્રુવ | (૯) દુર્મુખ |
| (૨) ધાન્ય | (૧૦) ક્રૂર |
| (૩) જય | (૧૧) સુપક્ષ |
| (૪) નંદ | (૧૨) ધનદ |
| (૫) ખર | (૧૩) ક્ષય |
| (૬) કાન્ત | (૧૪) આક્રંદ |
| (૭) મનોહર | (૧૫) વિપુલ |
| (૮) સુમુખ | (૧૬) વિજય |

તે તેના નામ પ્રમાણે શ્રેષ્ઠ નેષ્ટ જાણવા.

### ૬.૧૦.૧૩ <u>પુરુષાધિકાર અને માતૃકાલક્ષણ</u>

' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' માં વિશ્વકર્મા કહે છે કે –

*अथातः संप्रवक्ष्यामि आयानां च विशेषतः ।*

*यस्य यस्य भवेच्चायु – र्वपुषः पुरुषस्य च ॥* (૮૬)

અર્થાત્ વિશ્વકર્માજી પુરુષના શરીરના આય વિશેષ પ્રકારે કહે છે અને આગળ કહે છે કે મનુષ્યના દેહની સંજ્ઞાથી નક્ષત્ર, અંશક,તારા જેમા પાંચ શુભ છે. બીજા અંગો ઉપજાવી ગૃહોમાં જોવા અને ઉપજેલા આય ધ્વજાદિથી એકાંતરે દેવા તે ઉત્તમ જાણવા.

પુરુષના શરીરના આય મેળવવાની રીત –

ક્ષેત્રની લંબાઈના ૧૧ ભાગ અને પહોળાઈના પાંચ ભાગ કરવા. જેમાં પ્રથમ પંકિતના ખાનામાં ૧૪, ૨૭, ૨, ૧૨, ૧૫, ૮, ૪, ૩, ૫, ૬, ૯ એ અંકો લખવા. અંકોની નીચેની ચાર પંક્તિમાં અનુક્રમેમાત કા અક્ષરો લખવા. તેમાં ઋ, ૠ, લૃ, લ અઃ સ્વરોને, વિસર્ગને અને સંયુક્ત જોડીયા અક્ષરો ક્ષ, જ્ઞ એ વ્યંજનોને છોડી દેવા. અર્થાત્ માતૃકા અક્ષરોવાળું કોષ્ટક આ પ્રમાણે થશે.

<u>કોષ્ટક(૮૭)</u>

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ૨૭ | ૨ | ૧૨ | ૧૫ | ૮ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ |
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | એ | ઐ | ઓ | ઔ | અં |
| ક | ખ | ગ | ઘ | ઙ | ચ | છ | જ | ઝ | ઞ | ટ |
| ઠ | ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન | પ | ફ |
| બ | ભ | મ | ય | ર | લ | વ | શ | ષ | સ | હ |

પ્રસ્તુત કોષ્ટકના આધારે ગૃહસ્વામીના આય મેળવવા

જેમકે ગૃહસ્વામિના નામનો પહેલો અક્ષર હોય તે શોધી ને તે જે અંકની નીચે આવ્યો હોય તે અંક અને નામના જેટલા અક્ષર હોય તેટલા અક્ષરોથી તે અંકને ગુણીને જે આવે તેને ÷ ૮ કરીને જે શેષ રહે તે ગૃહસ્વામિનો ધ્વજાદિ આય જાણવો.

દા.ત. ગૃહસ્વામિનું નામ ભરત છે તો ' ભ ' અક્ષર કોષ્ટકમાં ૨૭ ની પંક્તિમાં છે અને નામના ૩ અક્ષરો છે. તો ૨૭ × ૩ = ૮૧÷ ૮ કરતા શેષ ૧ વધે તો ભરતનો ધ્વજાય આવ્યો ગણાય.

અને ગૃહસ્વામિ અને ગૃહના આયોનું ફળ આ પ્રમાણે છે.

*ध्वजादीनां चतुर्णा तु चत्वारो वृषभादयः ।*

*भक्षका भवने वर्ज्या गृहस्वाम्यायभक्षकः* (૮૮)

અર્થાત્ પરસ્પર ભક્ષક આયો આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧– ધ્વજાય | ૫– વૃષાય |
| ૨– ધૂમ્રાય | ૬– ખરાય |
| ૩– સિંહાય | ૭– ગજાય |
| ૪– શ્વાનાય | ૮– ધ્વાંક્ષાય |

આથી સ્પષ્ટ થાય   કે ગૃહસ્વામિના આય ધ્વાજાય આવ્યા અને ગૃહના આય વૃષાય હોય તો ભક્ષક છે, તે ગૃહસ્વામિનું ભક્ષણ કરે, પરંતુ તે સિવાય બીજો આય હોય તો દોષ નથી. માટે ભક્ષક આય ત્યજવો.

આ રીતે વિશ્વકર્માએ માતૃકા અક્ષરો દ્વારા ગૃહસ્વામિના આય મેળવવાની રીત અને તે આયના શુભાશુભ ફળોનો નિર્દેશ કર્યો છે.

જયારે 'રાજવલ્લભ' ના કર્તા મંડન સૂત્રધારે પુરુષાધિકાર એટલે કે ગૃહસ્વામિના આય મેળવવા માટે નહી પરંતુ શકુનશાસ્ત્ર અંતરગત માતૃક અક્ષરથી માતૃકાચક્ર બનાવવાનો નિર્દેશ કર્યો છે.[૮૯]

જેમા ગુજરાતી અનુવાદક નારાયણ ભારતીએ માતૃકા યંત્ર આપ્યું છે. તેમા ૪૯ કોઠાઓ કરી સંહાર માર્ગે અકારાદિ સ્વરો અને કકારાદિ અક્ષરો લખવા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | જ | છ | ચ | ઙ | ઘ | ગ |
| આ | ઝ | ભ | બ | ફ | પ | ખ |
| ઇ | ઞ | મ | સ | ષ | ન | ક |
| ઈ | ટ | ય | હ | શ | ધ | અઃ |
| ઉ | ઠ | ર | લ | વ | દ | અં |
| ઊ | ડ | ઢ | ણ | ત | થ | ઔ |
| ઋ | ૠ | લૃ | લ | એ | ઐ | ઓ |

પ્રસ્તુત માતૃકા અક્ષરોના શુભાશુભ ફળો આ પ્રમાણે આપ્યા છે.

- ► અ, મ, ર, એ, ૠ, લૃ, ઐ, ઈ, ઊ, — શુભ
- ► વિસર્ગસહિત એ, ઉ, ૠ, લૃ, ઈ,ઓ,આ,અં — અશુભ
- ► આ સર્વત્ર શુભ
- ► ક,ગ,શ,ધ,ન,ચ,છ,ઝ,દ,બ,ઠ,ફ,ઢ,ણ,ડ,થ,
  ભ,હ,ર,ધ,ય,ષ,સ,વ,ત તેમાંથી ૧૯ અક્ષરો શુભ
- ► ડ,ખ,ચ,જ,ઝ,ટ,પ,લ એ આઠ અક્ષરો અશુભ
- ► ઈ,ઉ,ઓ,ઔ,અં,ૠ,લૃ, અઃ અશુભ
- ► ખ, શ વિષ સમાન
- ► ઢ, ઘ, ડ, ભ નિષ્ફળ

પ્રસ્તુત માતૃકા યંત્ર ઉપર પ્રશ્ન પૂછી આંગણી જોયા વગર કોષ્ટક પર મૂકવી, જયાં આંગણી હોય તે અક્ષરનું જે ફળ હોય તે પ્રશ્નનું ફળ જાણવું.[૯૦]

ત્યાર પછી મંડને દશા પર વિચાર કરી અષ્ટોત્તરી દશાનું વિવરણ કર્યુ છે.

આથી સ્પષ્ટ છે કે બંને ગ્રંથોમાં માતૃકા યંત્રોનું વિધાન હોવા છતાં બંનેનું ઉદેશ્ય જુદુ–જુદુ છે. તેજ બંને ગ્રંથોનું વૈષમ્ય છે.

## ૬.૧૦.૧૪ મહાદશા જ્ઞાન વિધાન

મંડને 'રાજવલ્લભ'માં મહાદશા જાણવા માટે નક્ષત્રનાં આધારે આ પ્રમાણે જાણવાનો નિર્દેશ કર્યો છે.

જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| ગ્રહ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | શનિ | ગુરુ | રાહુ | શુક્ર |
|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૬ | ૧૫ | ૮ | ૧૭ | ૧૦ | ૧૯ | ૧૨ | ૨૧ |
| નક્ષત્ર | આર્દ્રા | મઘા | હસ્ત | અનુરાધા | પૂ.ષા. | ધનિષ્ઠા | ઉ.ભા. | કૃત્તિકા |
| | પુન. | પૂ.ફા. | ચિત્રા | જયેષ્ઠા | ઉ.ષા. | શતભિ | રેવતી | રોહિણી |
| | પુષ્ય | ઉ.ફા. | સ્વાતિ | મૂલ | અભિ. | પૂ.ભા. | અશ્વિની | મૃ.શિ. |
| | આશ્લે | | વિશાખા | | શ્રવણ | | ભરણી | |

અહીં આઠ ગ્રહોની દશા બતાવી છે પરંતુ કેતુની દશા બતાવી નથી. જાતક જે નક્ષત્રમાં જન્મે તે ગ્રહમાં હોય તેની તેટલા વર્ષની મહાદશા જાણવી.(૯૧)

તેમજ જે ગ્રહની મહાદશા ચાલતી હોય તેના વર્ષોને, જે ગ્રહની અંતર્દશા લાવવી હોય તે ગ્રહના વર્ષ સાથે ગુણતા અર્થાત્ – ગ્રહની મહાદશાના વર્ષ × અંતર્દશા ગ્રહના વર્ષ ÷ ૯, લબ્ધાંક આવે તેટલા <u>માસ</u>ની તે ગ્રહની અંતર્દશા જાણવી. ત્યાર પછી જે શેષ આવ્યા તેને × ૩૦ ÷ ૯ તે <u>દિવસ</u> પાછા જે શેષ વધે તેને × ૬૦ ÷ ૯ = <u>ઘડી</u> આવી રીતે દશા અને અંતર્દશા જાણવી.(૯૨)

આ રીતે મંડને જાતકની મહાદશા જાણવાની વિધિ જયોતિષ શાસ્ત્ર પ્રમાણે આપી છે. પરંતુ '*શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્*' માં વિશ્વકર્માએ મહાદશા જ્ઞાત વિધાન આપ્યુ નથી. પરંતુ નક્ષત્ર, ગ્રહ આદિ પર વિચાર કરીને પૂર્વાર્ધના અઘ્યાય–૪ માં, શુભકાર્યોમાં ત્યાજય યોગ, ત્યાજય પ્રકરણ, સિદ્ધિયોગ, નિષેધયોગ, ચરયોગ, અમ ત સિદ્ધિયોગ સંવર્ત્તકયોગ, ક્રકચ યોગ, યમઘંટ યોગ, મૃત્યુ યોગ,ઉત્પાદાદિ યોગ, આનંદાદિયોગ અને ૨૧ મહાદોષના વર્ણનો જયોતિષશાસ્ત્ર મુજબ કર્યા છે.

આથી સ્પષ્ટ છે કે બંને ગ્રંથ કર્તાએ જયોતિષશાસ્ત્રનો ઉલ્લેખ વાસ્તુ સાથે કર્યો છે.પરંતુ બંનેમાં ખૂબ જ વૈષમ્ય દ્દષ્ટિગત થાય છે.

૬.૧૦.૧૫ <u>વત્સચક્ર અને વૃષભચક્ર</u>

ગૃહારંભમાં વત્સ પ્રમાણે વિચાર પરંપરા પ્રાપ્ત થાય છે. તેમા મંડને તેને વત્સચક્ર નામ આપ્યું છે. જયારે વિશ્વકર્માએ તેને વૃષભચક્ર નામ આપ્યું છે.

વિધાન વિશ્વકર્મા પ્રમાણે જ છે. પરંતુ મંડને વત્સચક્ર નામ આપીને પરિવર્તન કર્યુ છે. બાકી તેના વિધાનો અન્ય ગ્રંથોમાં છે જ જેમકે –

*आरंभे वृषभं चक्रं स्तंभे ज्ञेयं तु कूर्मकम् ।*
*प्रवेशे कलशं चक्रं वास्तुचक्रं बुधैः स्मृतम्* (९३)

અર્થાત્ ગૃહારંભમાં વૃષભચક્ર, સ્તંભ બેસાડવામાં કૂર્મચક્ર અને પ્રવેશમાં કલશચક્ર એમ ત્રણ પ્રકારે વાસ્તુચક્ર જોવાનું વિધાન વિદ્વાનોએ કહેલ છે.

આજ વૃષભ ચક્રને મંડને વત્સચક્ર નામથી પરિવર્તન કરીને તેમા નક્ષત્રો લખવાનું પરિમાણ મંડને આપ્યું છે. તે શ્લોકો 'રાજવલ્લભ' ના ગુજરાતી અનુવાદિત નારાયણ ભારતીના ગ્રંથમાં નથી. પરંતુ હિન્દી અનુવાદિત ગ્રંથમાં શ્રી જુગનૂ ના સંપાદનમાં વત્સચક્રનિરુપણના ૪ શ્લોકો છે. જેનો મે ઉલ્લેખ કર્યો છે અને તે પ્રમાણે વત્સચક્ર સ્પષ્ટ કરીએ તો –

<u>વત્સચક્ર</u> (૯૪)

| <u>અંગ</u> | <u>નક્ષત્ર</u> | <u>ફળ</u> |
|---|---|---|
| મસ્તક | ૩ | સુખ નિવૃતિ |
| ડાબો આગળનો પગ | ૨ | વિવિધ ગુણ |
| ડાબો પાછળનો પગ | ૨ | વિવિધ ગુણ |
| પૃષ્ઠ ભાગ | ૩ | શુભ |
| જમણી કુક્ષી | ૪ | ધનાગમ |
| ડાબી કુક્ષી | ૪ | દુઃખ ભય |
| પૂંછ | ૩ | ભયંકર |
| જમણો આગળનો પગ | ૨ | વિનાશ |
| જમણો પાછળનો પગ | ૨ | શૂન્ય |
| મુખ | ૨ | ભય |

જયારે *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'* માં આજ વિધાન વૃષભચક્રના નામથી પ્રસિદ્ધ છે. જે આ પ્રમાણે સ્પષ્ટ છે.

જે નક્ષત્ર પર સૂર્ય હોય તે નક્ષત્રથી દિવસનાં નક્ષત્ર સુધી ગણીને મસ્તકથી આ પ્રમાણે નક્ષત્ર સ્થાપવા.

| અંગ | નક્ષત્ર | ફળ |
| --- | --- | --- |
| વૃષના મસ્તકમાં | ૩ | અગ્નિદાહ |
| આગળનાં બંને પગમાં | ૨–૨ | શૂન્ય કરનાર |
| પાછળના બંને પગમાં | ૨–૨ | સ્થિરતા કરનાર |
| પીઠમાં | ૩ | લક્ષ્મી આપનાર |
| જમણી કુક્ષિ | ૪ | લાભ આપનાર |
| પૂંછ | ૩ | સ્વામિનો નાશ |
| ડાબી કુક્ષિ | ૪ | દરિદ્રતા આપે |
| મુખ | ૩ | પીડા કરે |

આમ, બંને ગ્રંથોમાં વૃષભચક્રનું નિરુપણ છે. પરંતુ મંડને નામ પરિવર્તન કરીને વત્સચક્ર નામ આપ્યું છે. આથી બંને માં તે વૈષમ્ય છે અને તે નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી થતા શુભાશુભફળમાં પણ સામ્ય છે. પરંતુ આકૃતિ અને નામમાં વૈષમ્ય છે.

## ૬.૧૧ દેવ પ્રતિષ્ઠા વિધાન

વિભિન્ન દેવ પ્રતિષ્ઠા એટલે પ્રાસાદ – ગૃહાદિના નિર્માણ પ્રસંગ પછી પ્રતિમાં આદિના પ્રતિષ્ઠાના સંદર્ભમાં વિધિ–વિધાનો. જે પરંપરાથી કાલિદાસ (૯૬) વગેરે એ આપ્યા છે તેવા વિભિન્ન મુહૂર્તો અને દેવ પ્રતિષ્ઠાના સંદર્ભમાં મંડન અને વિશ્વકર્માએ પણ વિચાર કર્યો છે. જેમકે –

'રાજવલ્લભ'માં દેવપ્રતિષ્ઠા (૯૭)

મંડને નિમ્નલિખિત મુહૂર્તને શુભ કહ્યા છે.

અયન ⇨ ઉત્તરાયણ

પક્ષ ⇨ શુક્લ પક્ષ

ગ્રહમાસ ⇨ મીન સંક્રાંતિ અને ચૈત્રમાસ રહિત

લગ્ન ⇨ દ્વિસ્વભાવ લગ્ન, સ્થિર લગ્ન

તિથિ ⇨ ૨, ૧૦ અને ૧,૩,૫,૭,૧૧,૧૩,૧૫

નક્ષત્ર ⇨ પૂર્વભાદ્રપદ, ત્રણ ઉત્તરા, મૃગશીર્ષ, રોહિણી, જયેષ્ઠા, મૂળ,પૂર્વષાઢા,પુનર્વસુ, શ્રવણ, હસ્ત, સ્વાતિ, અશ્વિની, ધનિષ્ઠા, રેવતી, આર્દ્રા, પુષ્ય, અનુરાધા

મંડને ઉપરોકત મુહૂર્તમાં દેવપ્રતિષ્ઠાને શુભ અને સુખકારી ગણાવી છે.

જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વિશ્વકર્માએ થોડી સમાનતા સાથે દેવપ્રતિષ્ઠા વિધાન કર્યુ છે. તેમાં સમાનતા ઓછી અને વૈષમ્ય વધારે છે. તે આ પ્રમાણે છે.

*'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'* માં દેવપ્રતિષ્ઠા (૯૮)

અયન ► ઉત્તરાયણ

પક્ષ ► શુક્લ પક્ષ

માસ ► માઘ, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જયેષ્ઠ

વાર ► સોમ, બુધ, ગુરુ, શુક્ર

નક્ષત્ર ► અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, હસ્ત, સ્વાતી, અનુરાધા, જયેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ અને રેવતી

આ ઉપરાંત 'રાજવલ્લભ' થી વિભિન્ન અન્ય દેવોના પ્રતિષ્ઠા વિધાનો 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં છે. જે આ પ્રમાણે છે.

| ક્રમ | દેવતાના નામ | શુભ નક્ષત્ર આદિ |
|---|---|---|
| ૧ | શિવની પ્રતિષ્ઠા | ઉત્તરાયણમાં |
| ૨ | વિષ્ણુની પ્રતિષ્ઠા | ફાગણ,ચૈત્ર અને વૈશાખ માસમાં,રોહિણી, આર્દ્રા, પુષ્ય,ઉ.ફા.,ઉષા, અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા અને ઉ.ભા. નક્ષત્રમાં કરવી |
| ૩ | દેવીની પ્રતિષ્ઠા | મેષના ગુરુ અને શુક્રમાં, નવમી તિથિમાં અને માઘ અને આસો માસમાં |
| ૪ | બ્રહ્મા અને ઈન્દ્રની પ્રતિષ્ઠા | રોહિણી, મૃગશીર્ષ, પુષ્ય, ચિત્રા, સ્વાતી, અનુરાધા, જયેષ્ઠા, અભિજિત અને શ્રવણ |
| ૫ | સૂર્યની પ્રતિષ્ઠા | હસ્ત |
| ૬ | કાર્તિક સ્વામિની પ્રતિષ્ઠા | અનુરાધા |
| ૭ | દૂર્ગા,ભૈરવાદિની પ્રતિષ્ઠા | મૂળ |
| ૮ | જૈન દેવોની પ્રતિષ્ઠા | શ્રવણ |
| ૯ | ધર્મરાજ,ગણેશ,શેષનારાયણ શંકરના ગણ, રાક્ષસ | રેવતી |
| ૧૦ | યજ્ઞનારાયણ, ભૂત, દૈત્ય, સરસ્વતી | રેવતી |
| ૧૧ | વાલ્મીકિ વ્યાસ, અગત્સ્ય, સૂર્યાદિગ્રહો | પુષ્ય |
| ૧૨ | સપ્તર્ષિઓની | તે જે નક્ષત્ર પર હોય તેમાં |
| ૧૩ | ઈન્દ્રાદિ દિક્પાલોની | ધનિષ્ઠા |
| ૧૪ | બધા દેવોની | રોહિણી અને ત્રણ ઉત્તરા |

આ રીતે બંને ગ્રંથોમાં દેવપ્રતિષ્ઠા મુહૂર્તવિધાનમાં થોડુ સામ્ય અને વધારે વૈષમ્ય જોઈ શકાય છે. જેમકે 'રાજવલ્લભ' માં અલગ–અલગ દેવોના વિધાનો નથી.

## ૬.૧૨ વિવાહ મુહૂર્ત વિધાન

મંડને નિમ્નલિખિત નક્ષત્ર ને વિવાહ માટે શુભ માન્યા છે.

(૧) કન્યાના લગ્ન – મૃગશીર્ષ , મઘા, મૂળ, ત્રણ ઉત્તરા, હસ્ત, સ્વાતિ, અનુરાધા, રેવતી અને રોહિણી નક્ષત્રમાં શુભ છે.

મંડને નિમ્નલિખિત સમયને વિવાહ માટે યોગ્ય માન્યો નથી.(૯૯)

(૧) શુક્ર અને બૃહસ્પતિ અસ્ત હોય.

(૨) વિષ્ણુએ શયન કર્યુ હોય.

(૩) સૂર્ય ધનનો અથવા મીનનો હોય.

(૪) ભદ્રા હોય,યમઘંટ હોય,મૃત્યુ યોગ હોય,વેધ હોય ત્યારે ગોધૂલિક લગ્ન કરવા નહીં.

(૫) જન્મમાસ, જન્મ નક્ષત્ર અને જન્મતિથિ માં લગ્ન ન કરવાં.

(૬) પહેલા પુત્રના લગ્ન જયેષ્ઠ માસમાં ન કરવા.

આ રીતે મંડને 'રાજવલ્લભ'ના અધ્યાય–૧૩ માં પણ વિવાહ માટે –

*कार्यं सदा शान्तिकपौष्टिकं च कन्याविवाहर्क्षगणेसपुष्ये ।*

*श्रुतौ तथार्केऽश्विभशुक्रवारे बुधे च जीवे फलं प्रदिष्टम् ॥* (૧૦૦)

કહ્યું છે. અર્થાત્ –

વિવાહ માટે પુષ્ય, શ્રવણ, હસ્ત, અશ્વિની નક્ષત્રો અને શુક્ર, બુધ, ગુરુવાર જ શાંતિ અને પૌષ્ટિક કર્મ માટે શ્રેષ્ઠ ફળ આપે છે.

આમ, મંડને વિવાહ માટે શુભ મુહૂર્તો ઉપરાંત કેવી સ્ત્રી સાથે લગ્ન કરવા તેના શુભ લક્ષણો પણ બતાવ્યા છે.

*यस्याश्चारुमुखं नितम्बजघने स्थूले कुचौ श्रीफलौ ।*
*स्तुल्यौ क्षामकटिर्विशालनयने ताम्रोऽधरः सत्कचाः ॥* (૧૦૧)

અર્થાત્ – જેનું અંગ સુકોમળ હોય, સુંદર મુખ હોય, નિતંબ અને જઘન સ્થૂળ હોય, સ્તન શ્રીફળ જેવા હોય, કટિ દુર્બળ હોય, નેત્રો વિશાળ હોય, અધરલાલ હોય અને કેશ સુંદર હોય તેવી સ્ત્રી સાથે લગ્ન કરવા. તેવા નિર્દેશો પણ મંડને કર્યા છે.

જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વિશ્વકર્માએ વિવાહ મહૂર્ત કે સ્ત્રીલક્ષણોનો નિર્દેશ કર્યો નથી.

## ૬.૧૩ દુર્ગ, નગર, જળાશયાદિ લક્ષણ

પ્રસ્તુત બંને ગ્રંથો ' વાસ્તુ ' અને ' નિર્માણ ' એ બે વસ્તુને વર્ણવે છે. જેમાં ' વાસ્તુ ' વિધાનો બંને ગ્રંથોમાં સામ્ય – વૈષમ્યથી યુક્ત હતા. પરંતુ ' નિર્માણ ' માં બંને ગ્રંથોમાં સંપૂર્ણ વૈષમ્ય છે. જેમકે – મંડને દુર્ગ, નગર, જળાશયાદિ નિર્માણના લક્ષણો આપ્યા છે. કેમકે તે જનોપયોગી વાસ્તુ ગ્રંથ છે. જયારે વિશ્વકર્મા તેના પ્રસ્તુત ગ્રંથમાં દેવપ્રાસાદનું નિરુપણ કરે છે. આથી તેમા દુર્ગ, નગર, જળાશયાદિના લક્ષણો તેમા વર્ણવ્યા નથી. આમ, બંને ગ્રંથોમાં વૈષમ્ય છે.

મંડને 'રાજવલ્લભ'ના અધ્યાય–૪ માં વાસ્તુ અને નિર્માણના વિભિન્ન કર્મો બતાવ્યા છે. તેમા

(૧) દુર્ગ રચના

(૨) નગર રચના

(૩) વિવિધ પ્રકારના જળસ્ત્રોત નું નિરુપણ કર્યુ છે.

– તેમા મંડને સર્વ પ્રથમ પર્વતપર દુર્ગ બનાવવાનું મહત્ત્વ બતાવ્યુ છે કે કૂવા, તળાવ, વાવ, દેવમંદિરો, બાગો અને યજ્ઞાદિના નિર્માણ અને તીર્થસ્નાન એમજ કન્યાદાનાદિથી અધિક પૂણ્યો કિલ્લા રચનારને મળે છે.[(૧૦૨)]

તો કૈલાસ પર્વત પર મહાદેવજીએ બનાવેલ નગર અને પશ્ચિમ સમુદ્રમાં શ્રીકૃષ્ણએ રચેલ દ્વારકા નગરીનો ઉલ્લેખ કરી દુર્ગની આવશ્યતા ને સિદ્ધ કરી છે.

તે ઉપરાંત મંડને દુર્ગના પ્રકારો આ પ્રમાણે આપ્યા છે.

*भूदुर्गजलदुर्गमद्रिविषये दुर्गं भवेद् गह्वरे*

*तेषामुत्तममद्रिमूर्ध्नि रचितं तद्वैरिणां दुर्गमम् ।* [(૧૦૩)]

મંડને ઉકત શ્લોકમાં દુર્ગના ચાર પ્રકાર બતાવ્યા છે.

(૧) ભૂમિદુર્ગ (૨) જલદુર્ગ (૩) ગિરિદુર્ગ (૪) ગવ્હર દુર્ગ

તેમા ગિરિદુર્ગ જે ઉંચાપર્વતના શિખર પર બનાવાય છે તે સર્વશ્રેષ્ઠ છે.

તેમજ મંડને દુર્ગમાં જીવનોપયોગી સામગ્રી, યુદ્ધ સામગ્રી અને સુભટ યોદ્ધાને રાખવાનો નિર્દેશ કર્યો છે.

આ ઉપરાંત કનિષ્ઠ, મધ્યમ અને જયેષ્ઠ કોઠાઓનો વ્યાસ અનુક્રમે ૧૦, ૧૨ અને ૧૪ ગજનો હોવો જોઈએ. તેમજ વિદ્યાધરી નિર્માણ વિધાન અને દુર્ગની ઊંચાઈ અને પહોળાઈનું માપ પણ આપ્યું છે. [૧૦૪]જેમકે –

| કોઠા | ઊંચાઈ | પહોળાઈ |
|---|---|---|
| કનિષ્ઠ દુર્ગ | ૧૫ ગજ | ૦૮ ગજ |
| મધ્યમ દુર્ગ | ૧૭ ગજ | ૧૦ ગજ |
| જયેષ્ઠ દુર્ગ | ૧૯ ગજ | ૧૨ ગજ |

આમ, મંડને દુર્ગનિર્માણ, તેના પ્રકાર આદિના વિધાનો કર્યા છે.

ત્યાર પછી મંડને વિવિધ પ્રકારનાં નગરનું વિધાન કર્યુ છે.

મંડને નગરનાં ૨૦ ભેદોનું વર્ણન કરીને રાજાનું નગર, નગરના માર્ગો, નગરના મુખ અને દેવતાનું મુખ, માર્ગના પ્રકારો, નગરમાં રહેઠાણ વ્યવસ્થા, નગરના દ્વારો, નગરમાં મૂકવામાં આવતા યંત્રો વગેરે વિધાનો કરી નગર રચના સમજાવી છે. જેનું વિવરણ આ રીતે કરી શકાય.

**નગરના ભેદો [૧૦૫]**

| ક્રમ | નગરનો આકાર / વિશેષતા | નામ |
|---|---|---|
| ૧ | ચોરસ | માહેન્દ્ર |
| ૨ | લંબચોરસ | સર્વતોભદ્ર |
| ૩ | ગોળાકાર | સિંહ |
| ૪ | લંબગોળ | વારુણ |
| ૫ | ખુણા રહિત | નંદ |
| ૬ | સાથિયાના આકારે | નંદાવર્ત્તક |
| ૭ | યવ / જવ ના આકારે | જયંત |
| ૮ | પર્વતના શિખર પર | દિવ્ય |
| ૯ | કમળ જેવી આકૃતિ | પુષ્પપુર |

| | | |
|---|---|---|
| ૧૦ | પુરુષની આકૃતિ | પૌરુષ |
| ૧૧ | પર્વતની ગોદમાં | સ્નાહ |
| ૧૨ | પાઘડી પને | દંડનગર |
| ૧૩ | નદીથી પૂર્વ દિશામાં | શક્રપુર |
| ૧૪ | નદીથી પશ્ચિમ દિશામાં | કમળપુર |
| ૧૫ | નદીથી દક્ષિણ દિશામાં | ધાર્મિકપુર |
| ૧૬ | જેની બંને બાજુ નદી | મહાજય |
| ૧૭ | નદીથી ઉત્તર દિશામાં | સૌમ્ય |
| ૧૮ | એક કિલ્લો હોય | શ્રીનગર |
| ૧૯ | બે કિલ્લા હોય | રિપુઘ્ન |
| ૨૦ | આઠ કોણ હોય | સ્વસ્તિક |

આ ઉપરાંત મંડને વિશ્વકર્માએ કહેલા નગરનાં આકાર ગત સાત દોષો કહે છે.

*वह्नेर्भीतिकरं त्रिकोणनगरं षट्कोणकं क्लेशदं*

*वज्रे वज्रभयं च शाकटपुरे रोगस्त्रिशूले कलिः ।*

*प्रोक्तं तस्करभीतयो द्विशकटं कर्णाधिवोऽर्थक्षयो*

*दोषाः सप्त भयावहाः प्रकटिता ये विश्वकर्मोदिताः ।* (૧૦૬)

અર્થાત્ – <u>નગરનો આકાર</u> — <u>ફળ</u>

| | |
|---|---|
| ત્રિકોણ | અગ્નિભય |
| ષટ્કોણ | કલેશ |
| વજ્રાકાર | વીજળી ભય |
| ગાડાના આકારે | રોગ ભય |
| ત્રિશૂળ આકારે | યુદ્ધ ભય |
| બે ગાડાના આકારે | ચોર ભય |
| જે ગામમાં ખૂણા વધારે હોય | ધન ક્ષય |

તેમજ મંડને મુનિઓના મત પ્રમાણે નગરના બીજા ત્રણ પ્રકારો કહ્યાં છે.

| નગરના પ્રકારો | માપ | માર્ગ સંખ્યા |
|---|---|---|
| કનિષ્ઠ નગર | ૧૦૦૦ થી ૧૧૨૫ | ૦૯ |
| મધ્યમ નગર | ૧૫૦૦ થી ૧૬૨૫ | ૧૩ |
| ઉત્તમ નગર | ૨૦૦૦ થી ૨૧૨૫ | ૧૭ |

આ ઉપરાંત મંડને *हस्तानां च युगाष्टषोडशसहस्त्रं भूपतीनां पुरं ।।*(૧૦૭) કહીને રાજાને રહેવા માટે ૪૦૦૦ હાથનું અને ૮૦૦૦ અથવા ૧૬૦૦૦ હાથનું નગર બનાવવાનું સૂચન કર્યુ છે. તે ૧૦૦૦ ના અંવાતર ભેદ ૧૨ પ્રકારનાં છે. પરંતુ આ નગરોની જેટલી પહોળાઈ હોઈ તેનાથી લંબાઈ સવા આઠ કે સાડા આઠ વધારવી અને તે નગરોના પણ ચાર પ્રકાર છે.

તેમજ મંડને નગરમાં દેવલયનું પ્રમાણ, દેવાલય દ્વારા, દેવતામુખ દિશા વગેરેના નિર્દેશો કર્યા છે.(૧૦૮) જેનાં નિર્દેશો મે આગળ પ્રકરણ–૪ માં કર્યા છે.

મંડને વસ્તીઓનું નામ કરણ અને તેમાં માર્ગ આદિના વિધાનો પણ કર્યા છે. તેમજ રાજદ્વાર અને દેવાલયની સામે અથવા નગરની અન્ય દિશાઓમાં વસાવવાની જાતિઓ, કર્મકારોનો નિર્દેશ કર્યો છે.(૧૦૯) જેના નિર્દેશો પણ મે પ્રકરણ–૪ ના ૪,૨,૨ પેટા મુદ્દામાં કયા છે.

તેમજ મંડને નગરમાં ૪ પ્રકારનાં સિંહદ્વાર અને ૮ ખડકી દ્વાર કરવાનું કહ્યું છે.(૧૧૦) તેમાં તેણે દ્વારને મજબુત અર્ગલા, મજબુત અને શોભાયમાન કમાડો, રાજમંદિર પાસે કીર્તિસ્થંભ, નગરનાં પ્રાસાદો, હાટો, હવેલી આદિ ચુનામય ઉજ્જવળ કરવા તથા નગર પાસે બાગ અને જળાશયોનો નિર્દેશ કર્યો છે, અને નગરનાં રક્ષણ માટે જળ, અગ્નિ અને વાયુ વડે ચલાવી શકાય તેવા યંત્રોની માંસ અને મદિરાથી પૂજા કરવાનો નિર્દેશ કર્યો(૧૧૧) છે અને મહાદેવજી રચિત ભૈરવ યંત્રોના પ્રકારો પણ વર્ણવ્યા છે

– વિવિધ જળસ્રોતોના વિધાન

મંડને નગરમાં દેવાલયોની રચનાની સાથે જ *वापी कूप तडाग कुण्डमखिलं तोयं तथा वारुणे ॥* (૧૧૨) કહીને પશ્ચિમમાં વાવડી, કૂવો, તળાવ, કુંડ વગેરે બનાવવાનું શુભ માન્યું છે અને જળસ્રોતોનું નિર્માણ કાર્યના ફળનો નિર્દેશ કર્તા કહ્યું છે કે – ગાયના પગલા જેટલું જળાશય પણ જે મનુષ્ય પૃથ્વી પર બનાવે તે ૬૦ હજાર વર્ષ સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે (૧૧૩)

*वाप्यश्चतस्रोऽपि दशैव कूपाश्चत्वारि कुण्डानि च षट् तडागाः ॥* (૧૧૪)
કહીને ૪ પ્રકારની વાવ, ૧૦ પ્રકારના કૂવા, ૪ પ્રકારનાં કુંડ અને ૬ પ્રકારનાં તળાવનો નિર્દેશ કર્યો છે.

પરંતુ અહીં ઉલ્લેખનીય બાબત એ છે કે મંડને કરેલા આ વાવ, કૂવા, કુંડ અને તળાવના પ્રકારો અને વિશેષતાઓનો વિસ્તારથી ઉલ્લેખ મે પ્રકરણ–૪ ના પેટા મુદ્દા ૪,૨,૨,૨ માં કર્યો છે.

આમ, દુર્ગ, નગર અને જળાશયોનું વિધાન મંડને 'રાજવલ્લભ'માં કર્યુ છે. કેમકે, તે જનવાસ્તુ પ્રકારનો ગ્રંથ છે. જયારે વિશ્વકર્માએ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં દેવપ્રાસાદો અને તેના અંગોનું નિરુપણ કર્યુ છે. આથી પ્રસ્તુત વિષયને તેમાં દ્દષ્ટિગત કરી શકતા નથી. તેજ બંને ગ્રંથોની વિલક્ષણતા અને વૈષમ્ય છે. તેટલું જ નહીં મંડને તળાવ અને કુંડના નિર્માણ વિધાનો સચિત્ર આપ્યા છે.

## ૬.૧૪ રાજગૃહ લક્ષણ

વિશ્વકર્મા અને મંડનના પ્રસ્તુત ગ્રંથોમાં રહેલું વિષયગત વૈષમ્ય એટલે જ દેવપ્રાસાદો અને રાજપ્રાસાદો, વિશ્વકર્મા 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના ઉત્તરાર્ધમાં નાગરાદિ અને દ્રાવિડાદિ પ્રાસાદોનું વિહંગ નિરુપણ કરે છે. તો

'રાજવલ્લભ'માં મંડન રાજપ્રાસાદો અર્થાત્ રાજાના ઘરોનાં, જુદા–જુદા રાજાના ભવનોના માપ આદિ, તેની શાળાઓ, દ્વાર, મેખલા, સ્તંભો, કરો,છાપરું તેમજ પ્રાચીન મત પ્રમાણે દિશા અને વાસ્તુપદાનુસાર વિભાજન, રાજગૃહોમાં વસ્તુનુ સ્થાન, પશુઓનું

સ્થાન,નૃત્યશાળા આદિ શાળાઓનું સ્થાન, રાજમહેલ આગળ શોભા મંડપ, રાજપુત્રાદિના ભવનો, માપ અને પ્રકારોનો નિર્દેશ 'રાજવલ્લભ'નાં અધ્યાય–૫ માં કર્યા છે. જેનો હું અહીં વિસ્તાર કરતી નથી કેમકે તેના નિરુપણો મેં પ્રકરણ–૪ ના પેટા મુદ્દા ૪.૨.૪ માં કરેલા છે.

તેના આધારે કહી શકાય કે – મંડન અને વિશ્વકર્માના પ્રસ્તુત ગ્રંથોમાં આ પ્રમાણે વૈષમ્ય છે.

'*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' માં દેવપ્રાસાદોનાં નિરુપણ સાથે કયાંક જનગૃહના ઉલ્લેખો છે.

જયારે '*राजव©भ*' માં રાજગૃહ અને લોકગૃહના નિરુપણો તેના અંગાદિ સહિત વિસ્તારથી કરેલા છે.

## ૬.૧૫ ગૃહ લક્ષણો અને પ્રકારો

*राजव©भ* અને *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* બંને ગ્રંથોમાં આગળ નિરુપણ થયેલા વિષયો જેવા કે – ભૂ–પરીક્ષા, બ્રાહ્મણાદિ માટે પ્રશસ્તા ભૂમિ, ભૂમિના પ્લવવિધાન, ગૃહારંભેવત્સચક્ર, ગૃહાદિમાં શિલાન્યાસ વિધિ, ગૃહારંભ ખાત–ખનન ફળ, ગૃહારંભ વિચાર, ગૃહમાહત્મ્ય, ગૃહાયુષ્ય વિધાન અને ગૃહાદિમાં આયાદિ અધિકાર વગેરે ઉક્તિઓમાં જનોપયોગી વાસ્તુના વિધાનો છે. પરંતુ ત્યાર પછી બંને ગ્રંથોના વિષયો જુદા જુદા પ્રવાહે આગળ વધ્યા હોય તેમ લાગે છે. જેમકે – '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' માં

*नागरा द्राविडा श्चैव लतिनाश्च विमानकाः ।*
*मिश्रकाश्च वराटाश्च सान्धारा भूमिजास्तथा ।।*
*विमाननागरच्छंदा विमानपुष्पकाथवा ।*
*वल्लभा फांसनाकारा सिंहावलोका रथरुहा ।।* (૧૧૫)

અર્થાત્ – (૧) નાગરાદિ (૨) દ્રાવિડાદિ (૩) લતિનાદિ (૪) વિમાનાદિ
(૫) મિશ્રકાદિ (૬) વરાયદિ (૭) સાન્ધારાદિ (૮) ભૂમિજાદિ
(૯)વિમાનનાગરાદિ(૧૦)વિમાનપુષ્પકાદિ(૧૧)વલ્લભાદિ(૧૨)ફાસનાકારાદિ
(૧૩) સિંહાવલોકનાદિ (૧૪) રથારુહાદિ એમ પ્રાસાદની ચૌદ જાતિ જાણવી.

તેમ કહીને ઉપરોકત પ્રાસાદના પ્રકારો અને તેના અંગો અને દેવાયતનો તેમજ મૂર્તિ વિધાન વગેરે વિષયોનું વિહંગાવલોકન કરીને તેના નિરુપણો કર્યા છે. પરંતુ તેમ છતાં તેમાં ખૂબ જ ઓછા ભાગમાં ગૃહના નિર્દેશ કર્યા છે અને ગૃહાદિનાં નિર્માણમાં શાસ્ત્રાવિધિની અનિવાર્યતાને આ પ્રમાણે સિદ્ધ કરી છે.

*अशास्त्रं मंदिरं कृत्वा प्रजाराजगृहंतथा ।*
*तद्‌ग्रहमशुभं ज्ञेयंश्रेयस्तत्र न विद्यते ॥* (૧૧૬)

અર્થાત – શાસ્ત્ર વિધિ રહિત દેવમંદિર તેમજ પ્રજા અને રાજાના ગૃહો કરવામાં આવે તો તે અશુભ જાણવું, તેવા ગૃહમાં નિવાસ કરવો શ્રેયસ્કર નથી.

આ રીતે ગૃહના નિર્દેશો *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'* માં મહંદ અંશે મળે છે. જેમકે – ગૃહના ચાર પ્રવેશ દ્વાર વિધાન છે.

*उत्सङ्गः पूर्णबाहुश्च हीनबाहुस्तथापरः ।*

*प्रतिकार्यं इति प्रोक्तं प्रवेशानां चतुष्टयम् ॥* (૧૧૭)

તે ઉપરાંત ગૃહ પ્રકારો પણ વર્ણવ્યા છે. જે આ પ્રમાણે છે.

**<u>ગૃહના પ્રકારો</u>** (૧૧૮)

| ક્રમ | ગૃહનું નામ | લક્ષણ | ફળ |
|---|---|---|---|
| ૧ | સુર્પક | સૂપડાના આકારવાળું | શ્રેષ્ઠ |
| ૨ | ગૌમુખ | ગાયના મુખ જેવુ | ધનનાશ, ગૃહપતિને પરદેશ ગમન થાય |
| ૩ | ત્રિકોણ | ત્રણ ખુણાવાળુ | મૃત્યુ દાયક |
| ૪ | સમૂલ | કરો લાંબો હોય અને પછીત ટુંકી હોય | પરિવાર નાશ |
| ૫ | પ્રતિકાર | પછીતે અથવા બાજુના કરે બારણું હોય | નિવાસ ત્યાજવો |
| ૬ | અંતક | એક ગૃહના બે ગૃહ કરેલ હોય, તેમાં ડાબી બાજુનું મોટું અને જમણી બાજુનું નાનુ ગૃહ હોય | સંપત્તિનો નાશ |
| ૭ | કોણવેધ અને રથાકાર | ગૃહમાં ત્રણ કોણ, પાંચ કોણ, રથાકાર તેમજ નાડીરેખા અને તારાના વેધ હોય | વંશ નાશ |

આ રીતે ગૃહના નામ અને તેના દોષોનું વિધાન કર્યુ છે અને ગૃહ પર વૃક્ષ છાયા અને પ્રાસાદ છાયા ત્યજવાના સૂચનો કર્યા છે. આથી કહી શકાય કે પ્રસ્તુત ગ્રંથમાં પ્રાસાદો, દેવાયતનો અને મૂર્તિપ્રતિમાં વિધાનો સાથે ગૃહના વિધાનો પણ નજરચૂક કર્યા નથી.

તો જેમા રાજગૃહ અને જનગૃહનાં વિધાનો જ પ્રમુખ વિષય છે. એવા 'રાજવલ્લભ' માં ગૃહ અને તેના પ્રકારોનો નિર્દેશ આ પ્રમાણે છે.

*दिक्शालान्तं ह्येकशालादिगेहं ज्येष्ठा मध्या कन्यसा दक्षिणाङ्गात् ।*

*शालाकार्या लोकगेहे युगान्तात् त्रिद्वयेकाः स्युर्भूमयस्तेषु नूनम् ॥* (૧૧૯)

અર્થાત્ – એક શાળાથી માંડીને દશ શાળા સુધી ઘરો કરવા, તે શાળાઓમાં જયેષ્ઠા, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકાર છે. તે સૃષ્ટિમાર્ગે કરવા કહ્યું છે, પણ અન્ય લોકો માટે એક શાળાથી માંડીને ચાર શાળા સુધી ઘરો કરવા. એવા ઘરો ઉપર ત્રણ, બે અથવા એક માળ કરવાનું કહ્યું છે.

આથી કહી શકાય કે 'રાજવલ્લભ' વાસ્તુશાસ્ત્રમાં એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ, ચતુ:શાળ ઘરોની રીત, લક્ષણો અને શુભાશુભ ફળોના નિર્દેશો મંડને કર્યા છે. (૧૨૦) જેનો હું અહીંયા ટૂંકમાં નિર્દેશ કરું છું. જે આ પ્રમાણે છે.

| એકશાળ ગૃહ | દ્વિશાળ ગૃહ | ત્રિશાળ ગૃહ | ચતુ:શાળ ગૃહ |
|---|---|---|---|
| ધ્રુવાદિ–૧૬ પ્રકારના | સંતતાદિ–૪ પ્રકાર | ત્રિદશાદિ–૪ પ્રકાર | ચંદ્ર |
| રમ્યાદિ–૦૮ પ્રકારના | સ્વસ્તિકાદિ–૪ પ્રકાર | છત્રાદિ–૪ પ્રકાર | મલય |
| સુંદરાદિ–૧૬ પ્રકારના | શાંતાદિ–૪ પ્રકાર | સ્વધનાદિ–૪ પ્રકાર | શોભન |
| હંસાદિ–૧૬ પ્રકારના | બન્ધુરાદિ–૪ પ્રકાર | જલદાદિ–૪ પ્રકાર ૧૬ | સુકર્ણ |
| અલંકૃતાદિ–૧૬ પ્રકાનરના | ત્રૈપુરાદિ–૪ પ્રકાર | વિજયાદિ–૮ પ્રકાર | નાગેંદ્ર |
| પ્રભાવાદિ–૧૬ પ્રકારના | શારદાદિ–૪ પ્રકાર | ઈશ્વરાદિ–૮ પ્રકાર | ચક્ર |
| ચૂડામણિઆદિ–૧૬ પ્રકારના | સૌમ્યાદિ–૪ પ્રકાર | વરદાદિ–૮ પ્રકાર | જયાવહ |
| કુલ ૧૦૪ પ્રકારના | શ્રીધરાદિ–૪ પ્રકાર | સિંહાદિ–૮ પ્રકાર | મકરધ્વજ |
| | શ્રીભૂષાદિ–૪ પ્રકાર | ભૈરવાદિ–૮ પ્રકાર | કામદ |
| | શ્રીધરયુગ્માદિ–૪ પ્ર. | સાગરાદિ–૮ પ્રકાર | કુલ – ૦૯ |

| | | | |
|---|---|---|---|
| | ઉદ્યોતકાદિ–૪ પ્રકાર | ધાન્યાદિ–૪ પ્રકાર | |
| | વિશાલાદિ–૪ પ્રકાર | ૫૨ | |
| | મહાન્તાદિ–૪ પ્રકાર | સોમાદિ–૧૬ પ્રકાર | |
| | પ્રતાપવર્દ્ધનાદિ–૪ પ્ર | ત્રિદશાદિ–૦૯ પ્રકાર | |
| | અજગતાદિ–૪ પ્રકાર | કુલ – ૨૫ | |
| | કુલ–૬૦ પ્રકાર અને બીજા સૂર્યાદિ–૧૬ પ્રકારના દ્વિશાળ ગૃહો છે | | |

તા.ક. અહીં ઉલ્લેખનીય છે કે – 'રાજવલ્લભ'માં નિર્દિષ્ટ એક શાળ, દ્વિશાળ, ત્રિશાળ અને ચતુ:શાળ ગૃહોના પ્રકારો, લક્ષણો અન શુભાશુભ ફળોના નિર્દેશો મે પ્રકરણ–૪ ના પેટા મુદ્દા ૪,૨,૪,૧ માં વિસ્તારથી કર્યા છે.

આ ઉપરાંત રાજવલ્લભમાં રાજવભવન સંબંધીત સામગ્રીઓ અને અન્ય ઘરોના વર્ણનો પણ છે. જેમકે શય્યા લક્ષણ, સિંહાસન લક્ષણ, છત્ર લક્ષણ, ગવાક્ષ લક્ષણ, રાજસભાષ્ટક, વેદિકા, દીપ સ્તમ્ભ અને અન્ય ઘરોનાં વર્ણનો તેમજ રાજાનું ઘર, રાજકુમાર અને પટરાણીના ઘર, સેનાપતિ આદિના ઘરોનું નિરુપણ મંડને નામ, લક્ષણ અને ફળના નિર્દેશો સાથે કર્યુ છે.

આથી ગૃહલક્ષણ અને તેના પ્રકારો ઉપર દ્દષ્ટિપાત કરતા કહી શકાય કે – 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં માત્ર ગૃહના સુપ કાદિ પ્રકારો સિવાય જનોપયોગી ગૃહના અંગ–ઉપાંગોની કે તેના વિશેષ કોઈ પ્રકારોની ચર્ચા નથી. આથી સ્પષ્ટ છે કે ગૃહના વર્ણનો 'રાજવલ્લભ'માં સંપૂર્ણ માપાદિ સહિત પ્રાપ્ત છે. તેથી બંને ગ્રંથોનું વૈષમ્ય ઉડીને આંખે વળગે છે, અને ફલિત થાય છે કે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં પ્રાસાદો અને દેવાયતોનું વર્ણન છે. જયારે 'રાજવલ્લભ'માં રાજગૃહો અને જનગૃહોના વર્ણનો છે.

## ૬.૧૬ ગોચર રાત્રિ–દિન વિધાન અને જયોતિષ

સૂત્રધાર મંડન અને વિશ્વકર્મા બંને પ્રસ્તુત ગ્રંથોમાં જયોતિષશાસ્ત્રના સિદ્ધાંતો જેવા કે – યોગ, અંતર, ગુણન, ભાજન, વર્ગ, વર્ગમૂળ, ગ્રહો દ્વારા પ્રાપ્ત થતી રીતિઓ અને દેશ, દિશા અને કાળજ્ઞાન, તેમજ સંહિતા વિષયોકત પંચાંગ વિષયક પક્ષની અંદર તિથિ, વાર, સિદ્ધિ–દોષ, નક્ષત્ર, ચંદ્રમાં , યોગાદિના શુભાશુભ તત્ત્વની સાથે જ વિભિન્ન મુહૂર્તોનો પણ સંગ્રહ કર્યો છે. જે અંતર્ગત રહેલા સામ્ય–વૈષમ્યનો મે આગળ નિર્દેશ કર્યો.

આ ઉપરાંત 'રાજવલ્લભ'ના બારમો અધ્યાય *गोचरदिनरात्रिमानस्वरोदयकोट–चक्रमातृकालक्षणम्* નામનો છે. તેમા નામ પ્રમાણે ગોચર પ્રકરણની સાથે જ સંક્રાંતિ વિચાર , છાયામાન, શરીર સ્વરોધ્ય, પંચસ્વર વિચાર, પ્રાકાર ચક્ર અને માતૃકાશકુન વિષય આદિનો સંક્ષિપ્ત સંગ્રહ કર્યો છે. આ બધાજ વિષયો જયોતિષના છે અને જયોતિષના વિભિન્ન ઉપાંગોને લઈને લખેલા ગ્રંથોમાં વિસ્તારથી પ્રાપ્ત થાય છે.

અહીં મંડને સર્વપ્રથમ ચંદ્રબળની પ્રધાનતાની ચર્ચા કરી છે કે જે વ્યક્તિના ચંદ્રમાં શુકલ પક્ષની પ્રતિપદામાં શુભ હોય, તેનો તે આખો પક્ષ શુભ હોય છે. પણ જો કૃષ્ણ પક્ષમાં ચંદ્રમાં નિર્બળ હોય પરંતુ તારા પ્રશસ્ત હોય તો પણ તેનો આખો પક્ષ શુભકારી છે.[૧૨૧] તેમજ બધા ગ્રહ ૧૧ માં સ્થાનમાં,લાભના સ્થાનમાં શુભ છે. ૩,૬ અને ૧૦ માં સ્થાનમાં સૂર્ય અને રાહુ શુભ છે. ૩ અને ૬ સ્થાનમાં શનિ અને મંગળ શુભ છે અને *शुभकृन्महीजः क्रूरा ग्रहा गोचरगाः स्वराशेः ।* [૧૨૨] અર્થાત્ ક્રૂર ગ્રહ પોતાની રાશિથી ગોચરસ્થ થઈને શુભકારી છે.

તેમજ ૬,૩,૧૦,૧ અને ૭ અને શુક્લ પક્ષના ૨,૫ અને ૯ માં ચંદ્રમાં શુભ છે. ૧૨ રાશિ સિવાય બધી સમાંક રાશિમાં બુધ ૯,૭,૫ અને ૨ જી માં ગુરુ, ૭ અને ૬ રાશિ સિવાયની બીજી રાશિમાં શુક્ર શુભ છે. પરંતુ ચંદ્રમાં બધા કાર્યોમાં જોવા અને હોરા ૨ $\frac{૧}{૨}$ ઘડીની હોય છે. તેને જ્ઞાત કરવા માટે પોતાના વાર થી છઠ્ઠા વારની લેવી જોઈએ. આ ઉપરાંત મંડને સંક્રાંતિઓનું સમયમાન પણ આપ્યું છે. જેને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

## <u>સંક્રાંતિ માન</u> (૧૨૩)

| <u>સંક્રાંતિ નામ</u> | <u>ઘડી</u> | <u>પલ</u> |
|---|---|---|
| મકરસંક્રાંતિ | ૨૬ | ૧૨ |
| મેષસંક્રાંતિ | ૩૦ | – |
| તુલા સંક્રાંતિ | ૩૦ | – |

આજ ક્રમમાં મંડને કહ્યું છે કે મકરના દિનમાન જેવડો જ કર્ક સંક્રાંતિનો રાત્રીમાન હોય છે.

મકર અને મિથુન રાશિની સંક્રાંતિથી ૧ પલ – ૧૨ વિપલ

મેષ અને મીન રાશિની સંક્રાંતિથી ૩ $\frac{૧}{૨}$ પલ

કુંભ અને વૃષ રાશિની સંક્રાંતિથી ૨ પલ ૫૨ $\frac{૧}{૨}$ વિપલ, દિવસની વૃદ્ધિ થાય છે. તેમજ મકર અને કુંભ સમાન સિંહ અને વૃશ્ચિક, મીન અને મેષ સમાન કન્યા અને તુલા મકર તેમજ મિથુન સમાન ધન અને કર્ક રાશિની સંક્રાંતિનાં દિનમાનનો હ્રાસ થાય છે.(૧૨૪) આ રીતે મકર સંક્રાંતિથી દિવસની વૃદ્ધિ થાય છે અને કર્ક સંક્રાંતિથી દિવસ નાનો થાય છે.

તેમજ દિવસની અવધિ જાણવા માટે મંડને ભૂમિ પર શંકુ સ્થાપન કરી શંકુની છાયા પડે તેને અંગુલ વડે માપી, જેટલા અંગુલ થાય તેમાં ૭ ઉમેરી, જેટલા થાય તેમાંથી ધ્રુવાંક ઓછો કરવો. એ ધ્રુવાંક આ રીતે સ્પષ્ટ કરી શકાય.

| <u>રાશિ</u> | મેષ | વૃષભ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| <u>છાયા</u> | ૩ | ૨ | ૩ | ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૫ | ૪ |

આ પ્રમાણે ધ્રુવાંક ઓછો કરી, ચાલતી સંક્રાંતિના દિવસનો દિનમાન અર્ધ કરતા જે થાય તે અર્ધને × ૭ કરી, તેને શંકુની છાયાના અંક વડે ભાગતાં જે લબ્ધાંક આવે તે પૂર્વ દિવસની ગયેલી ઘડી સમજવી. જો પાછલા પહોરમાં શંકુની છાયા ભરી હોય તો પાછલા પહોરની રહેલી ઘડી સમજવી. (૧૨૫)

ત્યાર પછી મંડને <u>સ્વરવિચાર</u> લખ્યો છે. પ્રશ્નનો ઉત્તર જાણવા માટે આ રીતિ જયોતિષ શાસ્ત્રમાં ઉત્તરવર્તી રહી છે. સ્વર ત્રણ છે.

૧. સૂર્ય સ્વર – નાસિકાની જમણી નાડી ચાલતી હોય તો સૂર્ય નાડી

૨. ચંદ્ર સ્વર – નાસિકાની ડાબી નાડી ચાલતી હોય તો ચંદ્ર નાડી

૩. સુષુમ્ણાસ્વર – બંડી નાડી ચાલતી હોય તો સુષુમ્ણા નાડી

આ સ્વરોનો વિચાર આ પ્રમાણે છે. કૃષ્ણપક્ષમાં સૂયોદય પહેલા સૂર્યસ્વર અને શુક્લ પક્ષમાં સૂયોદય પહેલા ચંદ્રસ્વર ચાલે છે. આ સ્વર આ ક્રમ થી ૩–૩ દિવસ ચાલીને બદલે અને પક્ષપર્યંત આજ ક્રમ રહે. શાંત કર્મ ચંદ્ર નાડીમાં અને ભોજન અને ભય કર્મ સૂર્ય નાડીમાં શ્રેષ્ઠ છે અને સ્વરોદય જાણનારની જે તરફની નાડી ચાલતી હોય તે તરફ બેસીને કોઈ પ્રશ્ન કરે તો પ્રશ્નકર્તાની કાર્ય સિદ્ધિ થાય છે. [(૧૨૬)]

તેમજ ચંદ્રની નાડીના ઉદય વખતે સૂર્યની નાડીનો ઉદય થાય અને સૂર્યની નાડીના ઉદય વખતે ચંદ્રની નાડીનો ઉદય થાય તો ઉદ્વેગ થાય. ચંદ્રનાડી ચાલતી હોય ત્યારે પ્રશ્નકર્તા સામેથી અથવા ઊંચે સ્થાનેથી પ્રશ્ન પૂછે તો કાર્ય સિદ્ધિ સ્વરોદય જાણનારની પાછળથી અથવા નીચા સ્થાનેથી પૂછે અને સૂર્ય નાડી ચાલતી હોય તો પણ કાર્ય સિદ્ધિ જાણવી. સૂર્યની નાડી વખતે પૂછેલા પ્રશ્નના એકી અક્ષરો થાય તો કાર્યસિદ્ધિ, ચંદ્રનાડી વખતે પ્રશ્નના બેકી અક્ષરો હોય તો પણ કાર્ય સિદ્ધિ થાય છે. [(૧૨૭)]

મંડને ઉક્ત સ્વરોમાં ચાલતા તત્ત્વ ઓળખવાની રીત બતાવી છે[(૧૨૮)] તે આ પ્રમાણે છે.

| <u>ક્રમ</u> | <u>તત્ત્વ</u> | <u>લક્ષણ</u> | <u>ફળ</u> |
|---|---|---|---|
| ૧ | પૃથ્વી | સ્વરનો વાયુ મધ્યમ ચાલે | કાર્યસિદ્ધિ |
| ૨ | જલ | સ્વરનો વાયુ નીચે ચાલે | કાર્ય પૂર્ણ |
| ૩ | અગ્નિ | સ્વરનો વાયુ ઊંચે ચાલે | – |
| ૪ | વાયુ | સ્વરનો વાયુ ત્રાસો ચાલે | કાર્ય અવરોધ |
| ૫ | આકાશ | સ્વર બે નાડીમાં સંક્રમણ હોય | દુષ્ટ ફળ |

### મંડનાનુસાર પંચસ્વસ્વરાનુસાર વર્ણચક્ર [૧૨૯]

| નામ | બાલ | કુમાર | યુવા | વૃદ્ધ | મૃત |
|---|---|---|---|---|---|
| સ્વર | અ | ઈ | ઉ | એ | ઉ |
| વર્ણ | ક | ખ | ગ | ઘ | ચ |
| વર્ણ | છ | જ | ઝ | ટ | ઠ |
| વર્ણ | ડ | ઢ | ત | થ | દ |
| વર્ણ | ધ | ન | પ | ફ | બ |
| વર્ણ | ભ | મ | ય | ર | લ |
| વર્ણ | વ | શ | ષ | સ | હ |
| તિથિ | ૧,૬,૧૧ | ૨,૭,૧૨ | ૩,૮,૧૩ | ૪,૯,૧૪ | ૫,૧૦,૧૫ |
| વાર | રવિ,મંગળ | સોમ,બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| નક્ષત્ર | રે.અ.ભ. | પુ.પૂ. | ઉ.હ. | અ.જયે. | શ્ર.ધ.શ. |
| | કૃ.રો. | આ.મ. | મિ.સ્વા. | મૂ.પૂ. | પૂ.ઉ. |
| | મૃ.આ. | પૂ. | વિ. | ઉ. | |
| રાશિ | મે.વૃ. | ક.સિ. | ક.તુ. | ધ.મ.–૩ | કુ.મી. |
| નવાંશ | મિ. ૩ | મિ. ૩ | વૃ. ૩ | વૃ. ૬ | મ. ૩ |

ઉકત ચક્રાનુસાર પ્રસિદ્ધનામના પહેલા અક્ષરમાં જે માત્રા છે, તે માત્રા સંબંધી સ્વરને માત્રા સ્વર કહેવાય. યુદ્ધના અવસરમાં તથા પ્રયાણમાં સ્વર વિચાર જરૂરી છે. બધા કાર્યોમાં સ્વર છે. તે રાજા છે.[૧૩૦]

સ્વરની સંજ્ઞા અને ફળાફળનો પણ મંડને નિર્દેશ કર્યો છે.[૧૩૧] જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| સ્વર ચક્રમાં લાઈન | નામ | ફળ |
|---|---|---|
| પ્રથમ લાઈન અ સ્વર | બાલ | થોડા લાભ |
| પ્રથમ લાઈન ઈ સ્વર | કુમાર | અર્ધ લાભ |
| પ્રથમ લાઈન ઉ સ્વર | યુવા | પૂર્ણ લાભ |
| પ્રથમ લાઈન એ સ્વર | વૃદ્ધ | હાનિ કરે |
| પ્રથમ લાઈન ઊ સ્વર | મૃત | મૃત્યુ કરે |

આ ઉપરાંત મંડને કોટચક્રનો ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે જયા કોટચક્રનો વિચાર કર્યો છે ત્યાં નિવાસી શત્રુઓથી દુર્જેય રહે છે.(૧૩૨) 'રાજવલ્લભ'ની ગુજરાતી ટીકા સાથે નારાયણ ભારતીએ કોટચક્રની રચના આ પ્રમાણે આપી છે.




આ રીતે મંડને કોટચક્ર વિધાન સાથે જ સૌમ્ય ગ્રહ, દુષ્ટગ્રહ, પાપગ્રહ, ક્રુર–અક્રુર ગ્રહોના અંદર, બહાર, મધ્યે પડતા થતા દુર્ગના ફળાફળનો નિર્દેશ કર્યો (૧૩૩) છે અને લગ્નવિચારના સંદર્ભમાં ચર,સ્થિર,દ્વિસ્વભાવ અને ગ્રહના શુભત્ત્વ, પાપત્ત્વ તથા દૃષ્ટિ

અને યોગ આદિ વિશે તેમજ ચંદ્ર વિચાર તેમજ સૌમ્ય અને ક્રૂર ગ્રહોની દ્દષ્ટિથી થતા ફળનો નિર્દેશ કર્યો છે.

આ ઉપરાંત ગ્રહથી થતા વિવિધ દોષો, માતૃકા વિચાર અને અષ્ટોચરી દશાનું વર્ણન કયુ છે અને મંડને વિશેષ જયોતિષશાસ્ત્રના વિષયોનું અઘ્યાય–૧૩ માં નિરુપણ કર્યુ.

કહી શકાય કે પ્રાચીન જયોતિષ વિદ્યાનું મુખ્ય પ્રયોજન સમયે–સમયે યજ્ઞોની તિથિ અને કાળનું નિશ્ચિત કરવું અને વરાહમિહિરે જયોતિષ અંતર્ગત સંહિતાના વિષય ક્ષેત્રને ખૂબ જ વિસ્તૃત માન્યું છે(૧૩૪) અને તે પ્રમાણે મંડને પણ તિથિ, વાર,સિદ્ધિ–દોષ,નક્ષત્ર, ચંદ્રમાં યોગાદિના શુભાશુભત્ત્વની સાથે જ વિભિન્ન મુહૂર્તો પણ આપ્યા છે. તેની સંજ્ઞા મંડને ' જયોતિષલક્ષણ ' આપી છે. તેમા નક્ષત્રોની અઘોમુખાદિ સંજ્ઞા આપી તેના કાર્યોની ગણના કરી છે. ત્યાર પછી નક્ષત્રાનુકુલ તિથિઓ અને ત્યાર પછી લૌકિક વ્યવહારો અને ધર્મશોસ્ત્રોકત શ્રૌત સ્માર્ત કર્મોના સંપાદન માટે યોગ્ય અવસર એટલે કે– મુહૂર્તો આપ્યા છે. તેને આ રીતે સ્પષ્ટ કરી શકાય.

| ક્રમ | કર્મ | તિથિ / માસ | શુભવાર | શુભાશુભ નક્ષત્ર |
|---|---|---|---|---|
| ૧ | સીમંતકર્મ | ૬/૮ માસ | રવિ,ગુરુ,મંગળ | મૃ.,પૂ.,હ.,મૂ.,શ્ર. શુભ |
| ૨ | અન્નપ્રાશન | પુત્ર–૬ માસ પુત્રી–૫ માસ | – | ઉ.ત્રણ,શ્ર.,અ.,ધ.,હ.,પૂ. ચિ.,મૃ.,પુ.,રો.,રે. શુભ |
| ૩ | કર્ણવેધ | – | – | પૂ.ઉ.ત્રણ,ધ,રે.,હ.,અ.,શ્ર. ચિ.,પુ.,અ.,મૃ., શુભ |
| ૪ | મૌંજીબંધન | – | ગુરુ,શુક્ર,મંગળ,બુધ | હ.,ચિ.,સ્વા.,ધ.,રે.,શ્ર.,પુ., પૂ., મૃ., અ. શુભ |
| ૫ | વિદ્યારંભ | ૧,૮,૧૪ અને અમાસ ત્યાજય | ગુરુ, શુક્ર,બુધ,રવિ | મૂ.,પૂર્વાત્રય,હ.,ચિ.,સ્વા.,અ.,મૃ., આ.,પુ.,પૂ.,અશ્. શુભ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | અગ્નિઆધાન | – | – | ત્રણઉત્તરા,જયે.,વિ.,મૃ.,પૂ.,<br>રે.રો., કૃ. શુભ |
| ૭ | ક્ષૌરકર્મ | રિકતાતિથિ અશુભ | શુભ દિવસ અને ચંદ્રબળ જોવું | શ્ર.,ધ.,શ.,હ.,ચિ., સ્વા.<br>રે.,જયે.,અ.,પુ.,પૂ.,મ . |
| ૮ | શ્વેતવસ્ત્રધારણ | – | રવિ,બુધ,ગુરુ,<br>શુક્ર | હ.,સ્વા.,વિ.,અ.,પૂ.,શુભ<br>અ., રે. ત્રણ ઉત્તરા,પુ.,ધ.,રો. |
| ૯ | સુવર્ણ–રત્નના આભૂષણો અને ચૂડી તથા વસ્ત્ર | – | મંગળ,રવિ<br>શુક્ર, ગુરુ | રે., હ., ચિ., સ્વા., વિ., અ.<br>ધ., અ., શુભ |
| ૧૦ | રાજયાભિષેક | – | – | મૃ.,ત્રણઉત્તરા,હ.પૂ. રે.,અ.,શ્ર.,રો,<br>અ.,જયે. |
| ૧૧ | ગજાશ્વસવારી અને ઔષધોનીવિધિ | – | – | હ.,ચિ.,સ્વા.,પુ.,પૂ.,મૃ.,અ.,રે.<br>શ્ર.,ધ., શ., અ., શુભ |
| ૧૨ | રોગમુક્તિસ્નાન | – | સોમ,શુક્ર નિષેધ | ત્રણઉત્તરા,અશ્.મ.,પુ.સ્વા.રો. રે.<br>અશુભ |
| ૧૩ | અભ્યંગ સ્નાન | ૬,૧૩,૧૦,૨૮ સંક્રાંતિ, પર્વતિથિ ત્યાજયસ્ત્રીઓ માટે ૯ તિથિ ત્યાજય | શુક્ર, સોમ, ગુરુ નિષેધ સ્ત્રી માટે બુધ નિષેધ | સ્ત્રીઓ માટે મઘા અને શતભિષા નિષિદ્ધ છે. |
| ૧૪ | પ્રસૂતિ સ્નાન | – | – | મ.,ભ.,પુ.,કૃ.,મૂ.પૂ.,આ.,ચિ.,વિ.<br>અશુભ |
| ૧૫ | પશુગમનાગમન | ૪,૮,૧૪, અને અમાસત્યાજય | – | શ્ર. ત્રણ ઉત્તરા,રો.ચિ. અશુભ |
| | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | બીજની વાવણી અને હળ જોડવામાં | ૮,૯,૧૪,૪ અને અમાસ ત્યાજય | શનિ,રવિ,મંગળ | ત્રણપૂર્વા,ભ.કૃ.અ૪.જયે.આ.વિ઼,પુ. શ્ર.શ. અશુભ |
| ૧૭ | વૃક્ષ–વેલી–ઔષધ રોપવામાં | – | – | ત્રણપૂર્વા, ધ,ભ.,પુ.,સ્વા.,મ.,આ.,અ૪,કૃ., જયે., શ્રવણ અશુભ |
| ૧૮ | જલયાનનિર્માણ | – | – | હ.,શ., ધ.,જયે.,ત્રણઉ.રે.અ.પૂ. શુભ |

આ ઉપરાંત મંડને ' યાત્રા–વિચાર ' પણ લખ્યો છે કેમકે – યાત્રા જયોતિષનો મહત્ત્વપૂર્ણ વિષય છે. તેમજ ધનસંગ્રહમુહૂર્ત, દેવપ્રતિષ્ઠા,શુભગ્રહ અને ચંદ્રફળના સંદર્ભે વિચાર કર્યો છે.

આમ બંને ગ્રંથોની તુલના કરતા કહી શકાય કે ઉપરોક્ત વિધાનો જેવા કે – ગોચર રાત્રિ–દિન વિચાર,સ્વરવિચાર,સ્વરમાં પૃથ્વી આદિ તત્વનો વિચાર, કોટચક્ર વિચાર અને ઉક્ત કર્મોનું મુહૂર્ત વિચાર વગેરે 'રાજવલ્લભ'માં વિસ્તાર પૂર્વક વણ વ્યા છે. જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં તેના વિધાનો નથી તે બંને ગ્રંથોના વૈષમ્યમાં નોંધનીય બાબત છે.

## ૬.૧૭ શકુન વિધાન

પ્રસ્તુત બંને ગ્રંથોના વિષયવસ્તુની તુલના કરતા, ઘણા વિષમ વિષયો દ્દષ્ટિગતક થયા તેમાનો એક વિષય છે શકુન. જોકે બંને ગ્રંથોમાં તિથિ, વાર, નક્ષત્ર શુભ હોય ત્યારે કર્મ કરવાનાં મુહૂર્ત વિધાનો છે. પરતુ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ગ્રંથ કરતા 'રાજવલ્લભ'માં સંપૂર્ણ વિષમતા પ્રાપ્ત થાય તેવો વિષય છે શકુન. મંડન કહે છે, તિથિ, વાર, નક્ષત્ર શુભ હોય તો પણ શકુનનો વિરોધ આવતો હોય તો તે કાર્ય કરવું નહીં. (૧૩૫)

તેવો નિર્દેશ કરી 'રાજવલ્લભ'માં તેનો વિવિધ પ્રકારે વિસ્તાર કર્યો છે અને ' શકુન લક્ષણ ' નામનો આખો અંતિમ અધ્યાય આપ્યો છે.

તેમા પ્રધાનતયા શકુનની પ્રશંસા, દિગ્દાહ, પશુચેષ્ટા, નષ્ટવસ્તુ શકુન, યાત્રાસમયના શકુન, અપશકુન, સ્વર શકુન, કીડીઓનુંદશ ન, અજાદિ સ્વર શકુન, પક્ષીદર્શન, શ્યામાપક્ષી શકુન, ગતિશકુન, તારા શકુન, પિંગળા શકુન, શબ અને છીંક વિચાર , અંગસ્ફુરણ, પલ્લીપતનારોહણ વગેરેની સાથે જ અન્ય શકુનોપણ વર્ણવ્યા છે. તેનો વિસ્તાર મે પ્રકરણ – ૪ ના મુદ્દા ૪,૪,૬ માં કર્યો છે.

## ૬.૧૮ પ્રાસાદ લક્ષણો અને દેવતા મૂર્તિસ્વરૂપ લક્ષણ

પ્રસ્તુત બંને ગ્રંથોની તુલના કરતા સ્પષ્ટ થાય છે કે – બંને ગ્રંથોમાં એક જ વિષયોમાં રહેલા સામ્ય–વૈષમ્ય દ્દષ્ટિગત થયા. પરંતુ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ગ્રંથનાં બે વિભાગોછે. પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ તેમાં ઉત્તરાર્ધના ૧૪ અધ્યાયોમાંથી બે–ત્રણ અધ્યાયોને બાદ કરતા બાકીના અધ્યાયોમાં પ્રાસાદ લક્ષણો અને દેવતા મૂર્તિ સ્વરૂપ લક્ષણો આપ્યા છે. જે 'રાજવલ્લભ' ગ્રંથમાં નથી.

– મેં આગળ નિર્દેશ કર્યો તે પ્રમાણે 'રાજવલ્લભ', રાજભવનો અને જનભવનોના પ્રકારો અને લક્ષણો વર્ણવે છે. જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' પ્રાસાદોત્પત્તિથી લઈને પ્રાસાદોના અંગાદિ સહિત લક્ષણો અને પ્રકારોનું નિરુપણ છે.

જેમકે – પ્રાસાદોત્પત્તિ વિધાન , શિલાન્યાસ વિધિ, પ્રાસાદ માટેની આવશ્યક અને લાભકર સામગ્રીઓનું વિધાન, પ્રાસદદ્વાર, મંડપ અને પ્રાસાદ દોષો અને તે સંબંધી પરિહારો, કેસરી આદિ ૨૫ પ્રકારના સાન્ધાર પ્રાસાદો, સમવસરણ પ્રાસાદ મેરુગિરિ પ્રાસાદ સ્વરૂપ, જિનપ્રાસાદો સ્વરૂપ, નાગર પ્રાસાદ સ્વરૂપ – લક્ષણો, પ્રાસાદમાને જગતી વિધાન, ભ્રમણીના પ્રકારો, વિવિધ આયતનો, બલાકણ, ગર્ભગૃહ વગેરે વિષયો 'રાજવલ્લભ' ના વિષયો કરતા સંપૂર્ણ પણે વૈષમ્યયુક્ત છે.

આ ઉપરાંત દેવતામૂર્તિસ્વરૂપ લક્ષણ અંતર્ગત પૂર્વોક્ત ગ્રંથોના મતના આધારે વિશ્વકર્માએ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના ઉત્તરાર્ધના અધ્યાય–૧૩ માં વિવિધ દેવ–દેવીઓના મૂર્તિવિધાનો આપ્યા છે. જેમકે – વિદ્યા આદિ ૧૬ દેવીઓના સ્વરૂપ લક્ષણો ગણેશ, ભૈરવ, મહાકાલી, મહાલક્ષ્મી, સરસ્વતી, પાર્વતીના ગૌરી સ્વરૂપો, જગદંબા, પદ્માવતી, નવદુર્ગા વગેરેના સ્વરૂપ લક્ષણો વિશ્વકર્માએ આપ્યા છે.

ઉપરોક્ત બધા જ વિષયો આગળ પ્રકરણ–૪ માં 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના ઉત્તરાર્ધના વર્ણ્યવિષયોમાં મે વર્ણવ્યા હોવાથી અહીં પુનરુક્તિ કરતી નથી. પરંતુ સ્પષ્ટ થાય છે કે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' દેવવાસ્તુ સાથે જનવાસ્તુને પણ વર્ણવે છે. આથી જનવાસ્તુ કરતા દેવવાસ્તુના વિધાનોને વધારે મહત્ત્વ આપ્યું છે. જયારે 'રાજવલ્લભ' સંપૂર્ણતઃ જનવાસ્તુને વર્ણવે છે.

## ૬.૧૯ ચિત્રોમાં વૈષમ્ય

પ્રસ્તુત બંને ગ્રંથોમાં સ્થાપત્ય અને શિલ્પના સિદ્ધાંતોમાં વૈષમ્ય છે. આથી વર્ણ્યગત સ્થાપત્ય અને શિલ્પના ચિત્રો પણ બંને ગ્રંથોમાં પોતાના વર્ણ્ય વિષયોને અનુરુપ છે. જેમકે – 'રાજવલ્લભ'માં જનવાસ્તુ અને જનોપયોગી સ્થાપત્ય છે. જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં દેવવાસ્તુ અને દેવપ્રાસાદોના સ્થાપત્યોનું અને દેવતા મૂતિ  સ્વરુપ લક્ષણોનું નિરુપણ છે. આથી બંને ગ્રંથોમાં તત્સંબંધી ચિત્રોમાં પણ વિષમતા દેખાય છે. જેમકે –

o *राजव©भ* માં વિષયગત ચિત્રો

### નગર રચના



# કિલ્લો (દુર્ગ) અને નગર રક્ષણ યંત્રો



# વિવિધ જળ સ્ત્રોતો


वृत्ततलाव.
अर्धचंद्र तलाव.
चतुरस्त्र तलाव चतुःकोण.
भद्र तलाव.
सुभद्र तलाव
भद्रकुंड१
सुभद्र.२
प्रतिभद्र.३.

# વેદિકા



o **'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'** માં વિષયગત ચિત્રો

## બાવન જિનાલય



# પ્રાસાદ પીઠ થરમાન



narapiṭha 8
nararūpāṇi
cippikā
karṇa
gajapiṭha 12
gajāḥ
karṇamāli 14
grāsapaṭṭī
kapotikā
antarapatra
cippikā
karṇaka
paṭṭikā
Jāḍyakumbha 8
skandha
karṇa
antarapatra

# મંડોવર સ્તંભ



## દ્વારશાખ



# ત્રિશાખા



# દ્વારશાખે શંખુદ્વાર અને પ્રતિહાર





# મંડપ પ્રવેશ દ્વાર



# વિદ્યા આદિ દેવીઓ



# પ્રતિહારો



पूर्वे इंद्रजय INDRAJAYA
पूर्वे इंद्र INDRA
दक्षिणे विजय VIJAYA
दक्षिणे माहेंद्र MAHENDRA

# યજ્ઞકુંડ



## ૬.૨૦ પ્રકીર્ણ બાબતો અને નિષ્કર્ષ

પ્રસ્તુત બંને ગ્રંથો મંડનકૃત *'राजव©भ'* અને *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'* માં વૈષમ્ય અંતર્ગત આગળ ઉક્ત બાબતો સિવાય કેટલી જુદી–જુદી બાબતોમાં વૈષમ્ય દૃષ્ટિગત થાય છે.

જેમકે બંને ગ્રંથોમાં વિષયગત વૈષમ્ય સાથે જ તેની આકૃતિઓ અને ચિત્રોમાં પણ વૈષમ્ય છે.

તેમજ બંને ગ્રંથોનાં વિષયવસ્તુમાં રહેલ અધ્યાયોની સંખ્યામાં પણ વૈષમ્ય છે. જેમકે –

| *'राजव©भ'* | *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'* |
|---|---|
| અધ્યાય ૧ થી ૧૪ | બે ભાગ<br>(૧) પૂર્વાર્ધ – અધ્યાય ૧ થી ૭<br>(૨) ઉત્તરાર્ધ – અધ્યાય ૧ થી ૧૪ |

આમ, વિષયવસ્તુની દીર્ઘતા પણ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં જોઈ શકાય છે. આ ઉપરાંત બંને ગ્રંથનાં કર્તાઓ વિશ્વકર્મા અને મંડન સૂત્રધારના સમયમાં રહેલા દીર્ઘ તફાવતના કારણે જ બંને ગ્રંથોના વિષયોમાં વિલક્ષણતા અને પોતપોતાનું આગવું વૈષમ્ય દૃષ્ટિગત થાય છે.

આથી ફલિતાર્થ એ પ્રાપ્ત થાય છે કે *'राजव©भ'* જનવાસ્તુનો ગ્રંથ છે અને *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'* જનવાસ્તુ અને વિશેષ દેવવાસ્તુ વિષયનો ગ્રંથ છે અને કહી શકાય કે વાસ્તુના સિદ્ધાંતોની શરૂઆત દેવાયતનો / પ્રાસાદના નિર્માણ સિદ્ધાંતોના આધારે જ થઈ હશે.

*'राजव©भ'* ગ્રંથ રાજભવનોના નિર્માણમાં વાસ્તુ સંબંધી દરેક બાબત જેવી કે– કિલ્લો, રક્ષણ યંત્રો, સિંહાસનાદિ રાજભવન સાથે સંબંધીત સામગ્રી, ગાજાદિશાળાઓ, રાજપુત્રાદિના ભવનો, નગરો જળસ્રોતો અને નગરવ્યવસ્થા આદિને વાસ્તુના સિદ્ધાંતોના

આધારે વર્ણવી તે દેવવાસ્તુ કરતા જુદા પ્રવાહે જઈને ખરેખર રાજાઓને તો પ્રિય છે જ. પરંતુ તે જનવલ્લભ પણ થયો છે.

તો *'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'* માં વાસ્તુ સાથે શિલ્પના પણ સિદ્ધાંતો રજૂ થયા છે. જેમકે દેવપ્રાસાદો / દેવાયતનોમાં વાસ્તુના સિદ્ધાંતો સાથે જ પ્રાસાદ આદિના સ્થાપત્યોમાં સુશોભન તે શિલ્પ છે. આ ઉપરાંત પ્રાસાદ દ્વારમાન, શિખરાધિકાર, સંવરણાધિકાર, મંડપાધિકાર, દ્વારશાખ, જગતીલક્ષણ, ભ્રમણી લક્ષણ, બલાકણ, વિવિધ દેવતાઓના આયતનો, ગર્ભગૃહ, દેવતા–મૂર્તિ સ્વરૂપ–લક્ષણો, જૈન પ્રાસાદો, જિનપ્રાસાદો, મેરુગિરિ પ્રાસાદ આદિના માનાદિ સહિતના વિધાનોથી તે દેવવાસ્તુને વર્ણવે છે.

## પાદ–ટીપ

| <u>ક્રમ</u> | <u>વિષય</u> | <u>શ્લોક ક્રમ</u> |
|---|---|---|
| ૧ | राजव©भ | ૧૪,૪૩ |
| ૨ | સ્કંદપુરાણ<br>प्रभासेह्युत्पत्तिर्यस्य शिल्पकर्म प्रभाविना ।<br>सोमपुरा ज्ञातिरूपोहि देहश्रीविश्वकर्मणा ।। | |
| ૩ | राजव©भ | ૧,૮ |
| ૪ | राजव©भ | ૧,૧૨ |
| ૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૨૫ થી ૩૨ |
| ૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૩૩ |
| ૭ | राजव©भ<br>संमरांगणसूत्र | ૧,૧૪ સામ્ય<br>૮,૪૮–૪૯ |
| ૮ | राजव©भ | ૧,૧૮ |
| ૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૩૭ |
| ૧૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૩૮–૩૯ |
| ૧૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૪૦–૪૧ |
| ૧૨ | राजव©भ | ૧,૧૫ |
| ૧૩ | राजव©भ | ૧,૧૮ |
| ૧૪ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૫,૨૭–૨૮ |
| ૧૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૫,૨૯ |
| ૧૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૫,૩૨ |
| ૧૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૫,૩૩ |
| ૧૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૫,૩૪ થી ૪૦ |
| ૧૯ | राजव©भ | ૧,૨૧ |
| ૨૦ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૪૯ થી ૫૧ |

| | | |
|---|---|---|
| ૨૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૧,૫૩ |
| ૨૨ | राजव©भ | ૧,૨૩ |
| ૨૩ | राजव©भ | ૧,૨૪ |
| ૨૪ | राजव©भ | ૧,૨૫ |
| ૨૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૬,૮૪ |
| ૨૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૬,૮૮–૮૯ |
| ૨૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૬,૯૬ થી ૯૮ |
| ૨૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૬,૮૩ |
| ૨૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૬,૯૦–૯૧ |
| ૩૦ | राजव©भ | ૫,૧૨ |
| ૩૧ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૬,૯૯ થી ૧૦૧ |
| ૩૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | પૃ.નં. ૧૬૧ |
| ૩૩ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૬,૧૦૨ |
| ૩૪ | मुहूर्तमार्तण्ड | ૪૮,૩,૩ |
| ૩૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૬,૧૭૫ |
| ૩૬ | राजव©भ | ૧,૨૫ |
| ૩૭ | राजव©भवास्तुशास्त्रम् | ૨,૩૯ |
| ૩૮ | राजव©भ | ૨,૩ |
| ૩૯ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૩,૧૨૩–૧૨૪ |
| ૪૦ | राजव©भ | ૨,૫–૬ |
| ૪૧ | राजव©भ | ૧,૨૭ |
| ૪૨ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (પૂર્વાર્ધ) | ૩,૧૨૦ થી ૧૨૨ |
| ૪૩ | राजव©भ | ૨,૨૬–૨૭ |
| ૪૪ | राजव©भ | ૩,૩ |

| | | |
|---|---|---|
| ૪૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૭,૧૫ |
| ૪૬ | *राजव©भ* | ૩,૬ |
| ૪૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૩૮ |
| ૪૮ | *दीपार्णव* | ૧,૫૬ |
| ૪૯ | *राजव©भ*<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૩,૧૬ સામ્ય<br>૭,૯૦ |
| ૫૦ | જયોતિષસાર (વ્યવહાર દ્વાર) | ૨૯ થી ૩૧ |
| ૫૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૯૫ થી ૧૦૬ |
| ૫૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૧૦૨ |
| ૫૩ | *राजव©भ* | ૧૧,૧૬ |
| ૫૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૮૪ થી ૯૨ |
| ૫૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૭૮ |
| ૫૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૮૨–૮૩ |
| ૫૭ | *राजव©भ* | ૧૧,૧૬ |
| ૫૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૧૧૬ |
| ૫૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૧૨૪ |
| ૬૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૧૨૨ |
| ૬૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૧૨૩–૧૨૪ |
| ૬૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૧૨૭ |
| ૬૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૧૪,૩૫–૩૬ |
| ૬૪ | *राजव©भ* | ૧૩,૨૯ |
| ૬૫ | *राजव©भ* | ૧૨,૨૬ |
| ૬૬ | *राजव©भ* | ૧૨,૨૭ |
| ૬૭ | *राजव©भ* | ૧૨,૨૯ |

| | | |
|---|---|---|
| ૬૮ | *राजव©भ* | ૧૨,૨૦ થી ૨૫ |
| ૬૯ | વિષ્ણુધર્મોત્તર પુરાણોકતપૈતામહસિદ્ધાંત | ખંડ ૨ અ ૧૭૪ |
| ૭૦ | નારદપુરાણ પૂર્વભાગ દ્વિતીયપાદ<br>ગર્ગ સંહિતા–૨ | ૫૪, ૧–૨ સામ્ય |
| ૭૧ | લીલાવતી | વૃત – ૪૫ |
| ૭૨ | *राजव©भवास्तुशास्त्रम्* | ૩,૨૫ |
| ૭૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૧૨૫ થી ૧૨૭ |
| ૭૪ | *राजव©भ* | ૧૧,૧૮ |
| ૭૫ | *राजव©भ* | ૧૧,૧૯ |
| ૭૬ | *राजव©भ* | ૧૧,૨૦ |
| ૭૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૨૧૩–૨૧૪ |
| ૭૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૫૯ થી ૬૮ |
| ૭૯ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૭૫ થી ૭૮ |
| ૮૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૭૯ |
| ૮૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૮૧ |
| ૮૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*ज्ञानप्रकाशदिपार्णव*<br>મુહૂર્ત ચિંતામણી વિવાહ પ્રકરણ | ૭,૯૫ થી ૯૮ સામ્ય<br>૧,૬૨–૬૩<br>૨૭–૨૮ |
| ૮૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*ज्ञानप्रकाश दीपार्णव* | ૭,૯૪ સામ્ય<br>૧,૬૪ |
| ૮૪ | *राजव©भ* | ૩,૧૩ |
| ૮૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૯૯ |
| ૮૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૧૩૫ |
| ૮૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૧૩૮ થી ૧૪૨ (મુજબ) |
| ૮૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૧૪૪ |
| ૮૯ | *राजव©भ* | ૧૨,૩૦ થી ૩૬ |

| | | |
|---|---|---|
| ૯૦ | *राजव©भ* (ગુજરાતીટીકા) | પૃ.નં.૨૦૪ |
| ૯૧ | *राजव©भ* | ૧૨,૩૨ |
| ૯૨ | *राजव©भ* | ૧૨,૩૩ |
| ૯૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*मुहूत मात ण्ड* | ૬,૧૦૯ સામ્ય<br>૪૮,૩,૩ |
| ૯૪ | *राजव©भवास्तुशास्त्रम्* | ૧૧,૨૩ થી ૨૫ |
| ૯૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्*(પૂર્વાર્ધ) | ૬,૧૧૦–૧૧૧ |
| ૯૬ | જયોતિવિ દાભરણ | ૧૭,૨૯ થી ૩૪ |
| ૯૭ | *राजव©भ* | ૧૩,૨૭–૨૮ |
| ૯૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૧૪,૩૯ થી ૫૫ |
| ૯૯ | *राजव©भ* | ૧૧,૩૦ અને ૩૨ |
| ૧૦૦ | *राजव©भ* | ૧૩–૩૧ |
| ૧૦૧ | *राजव©भ* | ૧૧,૨૯ |
| ૧૦૨ | *राजव©भ* | ૪,૧ |
| ૧૦૩ | *राजव©भ* | ૪,૩ |
| ૧૦૪ | *राजव©भ* | ૪,૧૫ થી ૧૭ |
| ૧૦૫ | *राजव©भ* | ૪,૪ થી ૬ |
| ૧૦૬ | *राजव©भ* | ૪,૭ |
| ૧૦૭ | *राजव©भ* | ૪,૧૦ |
| ૧૦૮ | *राजव©भ* | ૪,૧૧ થી ૧૩ |
| ૧૦૯ | *राजव©भ* | ૪,૧૮–૧૯ |
| ૧૧૦ | *राजव©भ* | ૪,૨૦ |
| ૧૧૧ | *राजव©भ* | ૪,૨૧ |
| ૧૧૨ | *राजव©भ* | ૪,૧૯ |
| ૧૧૩ | *राजव©भ* | ૪,૩૫ |

| | | |
|---|---|---|
| ૧૧૪ | राजव©भ | ૪,૨૬ |
| ૧૧૫ | शिल्पस्मृतिवास्तुविद्यायाम (ઉત્તરાર્ધ) | ૩,૧૬–૧૭ |
| ૧૧૬ | शिल्पस्मृतिवास्तुविद्यायाम (ઉત્તરાર્ધ) | ૬,૮૨ |
| ૧૧૭ | शिल्पस्मृतिवास्तुविद्यायाम (ઉત્તરાર્ધ) | ૬,૮૦ |
| ૧૧૮ | शिल्पस्मृतिवास्तुविद्यायाम् (ઉત્તરાર્ધ) | ૬,૮૫ થી ૯૧ |
| ૧૧૯ | राजव©भ | ૫,૪૭ |
| ૧૨૦ | राजव©भ | અધ્યાય–૬ અને ૭ |
| ૧૨૧ | राजव©भ | ૧૨,૧ |
| ૧૨૨ | राजव©भ | ૧૨,૨ |
| ૧૨૩ | राजव©भ | ૧૨,૪ |
| ૧૨૪ | राजव©भ | ૧૨,૫–૬ |
| ૧૨૫ | राजव©भ | ૧૨,૭ |
| ૧૨૬ | राजव©भ | ૧૨,૮ |
| ૧૨૭ | राजव©भ | ૧૨,૯ |
| ૧૨૮ | राजव©भ<br>ગરૂડપુરાણ | ૧૨,૯–૧૦ સામ્ય<br>અધ્યાય–૬૭ |
| ૧૨૯ | राजव©भ | ૧૨,૧૧ થી ૧૫ |
| ૧૩૦ | राजव©भ | ૧૨,૧૬ |
| ૧૩૧ | राजव©भ | ૧૨,૧૭–૧૮ |
| ૧૩૨ | राजव©भ | ૧૨,૨૦ |
| ૧૩૩ | राजव©भ | ૧૨, ૨૦ થી ૨૬ |
| ૧૩૪ | बृहत्संहिता | ૨, ૨ થી ૨૪ |
| ૧૩૫ | राजव©भ | ૧૪,૧ |

# પ્રકરણ : ૭

# ' *राजव©भ* ' અને

# ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* '

# ના વર્ણ્ય વિષયોનો અન્ય

# શાસ્ત્ર સાથે સંબંધ

# પ્રકરણ – ૭

# '*राजव©भ*' અને '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' ના વર્ણ્ય વિષયોનો અન્ય શાસ્ત્રો સાથે સંબંધ

## ૭.૧ ભૂમિકા

'*राजव©भ*' અને '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' એ બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોના નિરુપણમાં ' વાસ્તુવિદ્યા ' સંપૂર્ણતઃ પ્રાપ્ત છે તેમ કહી શકાય અને વાસ્તુવિદ્યા સંપૂર્ણતઃ સૂર્યકિરણ અને તેની શક્તિપર આધારિત છે. આથી ' વાસ્તુ ' રચનાના પ્રત્યેક કર્મ પૂર્વે સૂર્ય–ચંદ્રની સ્થિતિ, નક્ષત્ર, તિથિ, દિશા, ગ્રહો આદિનું ચિંતન કરવામાં આવે છે.

એટલું જ નહી નિર્મિત થયેલા વાસ્તુના આયુષ્યનો વિચાર જયોતિષિય દ્રષ્ટિબિંદુથી કરવામાં આવ્યો છે અને વાસ્તુના સિદ્ધાંતો સાથે અર્થપ્રાપ્તિ અને અર્થનાશના વિધિ–વિધાન પણ પ્રાપ્ત થાય છે. તેમજ દેવ–દેવીઓના સ્વરુપ–લક્ષણ વિધાનો, દેવપ્રાસાદોની રચના ગર્ભગૃહથી શિખા સુધી દાર્શનિક દ્રષ્ટિબિંદુથી વર્ણવી છે. આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથોના વિષયોના આધારે કહી શકાય કે વાસ્તુશાસ્ત્ર દિશા આધારિત શાસ્ત્ર છે, અને દિશાઓના અધિપતિ તરીકે સૌરમંડળના ગ્રહો છે. તો ગ્રહોનો પ્રભાવ ' વાસ્તુ ' પર હોય તે સ્વાભાવિક છે. તેમજ વાસ્તુના મૂળ સિદ્ધાંતો પંચમહાભૂત એવા પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશને સ્વીકારે છે. જેનો પર્યાવરણમાં સમાવેશ થાય છે અને વાસ્તુનો ઉદ્દેશ્ય પંચમહાભૂતોના સામજંસ્ય દ્વારા માનવનું કલ્યાણ કરવાનું છે. પરિણામ સ્વરૂપે વાસ્તુશાસ્ત્ર અને અન્યશાસ્ત્રો વચ્ચે પારસ્પારિક સંબંધ હોય તે સ્વાભાવિક છે.

## ૭.૨ ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોનો જયોતિષ શાસ્ત્ર સાથે સંબંધ.

જયોતિષ એક ગહન શાસ્ત્ર છે. માનવ જીવનની ગતિવિધિ આ શાસ્ત્રજ્ઞાન વિના નિરથ ક છે. કેમકે જ્ઞાનનો આદિસ્ત્રોત વેદ છે, અને જયોતિષ એક વેદાંગ છે. જયોતિષશાસ્ત્ર માટે શિક્ષા ગ્રંથોમાં કહેવાયું છે કે –

*छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठ्यते ।*

*ज्योतिषामयनं चक्षुर्निरुक्तं श्रोत्रमुच्यते ॥*

*शिक्षा–घ्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम् ।*

*तस्मात्साङ्गमधीत्यैव ब्रह्मलोके महीयते ॥* (૧)

આ રીતે જયોતિષ વેદાંગ એ વેદપુરુષના નેત્રો છે. ઋગ્વેદ અને બીજા ગ્રંથોમાં જયોતિષ સંબંધી નિર્દેશો પ્રાપ્ત થાય છે. જેમકે – નારદપુરાણમાં કહ્યું છે કે – જયોતિષના વિજ્ઞાન માત્રથી ધર્મની સિદ્ધિ થાય છે. જયોતિષ શાસ્ત્રમાં ચાર લાખ શ્લોકો અને ત્રણ સ્કંધ છે. (૧) ગણિત / સિદ્ધાંત, (૨) હોરા અને (૩) સંહિતા (૨) તો વેદાંગ જયોતિષના ત્રણ ગ્રંથો છે. (૧) ઋક્ (૨) યાજુષ્ અને (૩) અથર્વ. જેમાં કાલનું માપ, ઘડી, દિવસ, પક્ષ, માસ, પર્વ, ઋતુ, અયન, વર્ષ અને યુગ સુધી આપેલ છે. આથી કહી શકાય કે જયોતિષ જ્ઞાનમાં કાલજ્ઞાન ઘણું મહત્ત્વ ધરાવે છે.

જયોતિષશાસ્ત્રની વ્યુત્પત્તિ પણ આ પ્રમાણે છે. " *जयोतिषां सूर्यादिग्रहाणां बोधकं शास्त्रम्* " અર્થાત્ સૂર્ય આદિ ગ્રહ અને કાલનો બોધ કરાવનાર શાસ્ત્રને જયોતિષશાસ્ત્ર કહે છે. જયોતિષશાસ્ત્રનું અન્ય એક નામ " કાલવિધાનશાસ્ત્ર " પણ છે. આમ, જયોતિષશાસ્ત્રમાં નક્ષત્ર, નક્ષત્રની ગતિ, નક્ષત્ર અને રાશિ તેમજ શુભાશુભ ફળની પ્રાપ્તિ વિષયક વિષયો મળે છે.

પ્રસ્તુત બંને વાસ્તુશાસ્ત્રના ગ્રંથોના વર્ણ્ય વિષયોમાં પ્રત્યેક કર્મની પૂર્વે નક્ષત્ર, તિથિ, વાર, માસ, રાશિ આદિનું ચિંતન કરવામાં આવ્યું છે. તેમજ વાસ્તુના આયુષ્યનો

પણ વિચાર કરવામાં આવ્યો છે, અને આમ પણ વાસ્તુ અને જયોતિષ તો આંતરસંબંધ ધરાવે છે તો .....

<u>પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયો અને જયોતિષની આંતર સંબંધી વિવેચના કરતા કહી શકાય કે –</u>

પ્રાચીન જયોતિષ વિદ્યાનું મુખ્ય પ્રયોજન સમયે સમયે યજ્ઞોની તિથિ અને કાળનો નિર્ણય તેમજ ગુપ્ત કાળમાં જયારે વાસ્તુ પર જયોતિષનો પ્રભાવ પડયો ત્યારે ગૃહસ્વામીની રાશિ અને ભવનમાનની સાથે જ દિશા–પાલન અને તેની સાથે જ સુખ–દુઃખાદિના સંદર્ભમાં જોવાવા લાગ્યું હશે અને આ રીતે જયોતિષ અને વાસ્તુને આંતરસંબંધ છે એમ કહી શકાય. તો જયોતિષના મુખ્ય સિદ્ધાંતો છે રાશિ વિચાર, ષડ્વગ વિચાર, ગૃહ વિચાર, દ્વાદશભાવ વિચાર, જન્મસમય અને જન્મ પક્ષ વિચાર છે.

વાસ્તુશાસ્ત્ર દિશા આધારિત શાસ્ત્ર છે અને દિશાઓનાં અધિપતિ તરીકે સૌરમંડળના ગ્રહો છે. આ ગ્રહોનો પ્રભાવ ' વાસ્તુ ' ઉપર હોય એ સ્વાભાવિક છે અને આથી જ પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્યવિષયો અને જયોતિષશાસ્ત્રની આંતર સંબંધની વિવેચના આ પ્રમાણે થઈ શકે.

– આય વિચાર અને જયોતિષશાસ્ત્ર

'*राजव©भ*' અને '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' એ બંને ગ્રંથોમાં આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશ, ચંદ્રમાં, રાશિગૃહ, તિથિ, યોગ વગેરેનો વિચાર કયો છે.

વાસ્તુ વિષયક પ્રસ્તુત ગ્રંથોમાં સૌ પ્રથમ <u>આયનો વિચાર</u> કરવામાં આવે છે. તેમાં આયનું માપ નકકી કરવા માટે આ પ્રમાણે વિધિ બતાવી છે.

ક્ષેત્રની લંબાઈ × પહોળાઈ ÷ ૮ = જે શેષ વધે તે ધ્વજાદિ આયો જાણવા[૩] અને 'રાજવલ્લભ'માં ભૂમિનું ક્ષેત્ર પણ જ્ઞાત કરીને પછી તે જ માનને અનુરુપ આયની કલ્પના કરવાનો નિર્દેશ કર્યો છે.

આયના પ્રકારો અને નામો આ પ્રમાણે છે. (૧) ધ્વજ, (૨) ધુમ્ર, (૩) સિંહ, (૪) શ્વાન, (૫) વૃષ, (૬) ખર, (૭) ગજ, (૮) ધ્વાંક્ષ આયોના શુભાશુભ સંદર્ભે જણાવ્યું છે કે–

*सिंहे च विपुला भोगाः कलहः श्वाने सदा भवेत् ।*

*धनधान्यं वृषेचैव स्त्रीमरणं तुं रासभे ॥*

*गजे भद्राणि पश्यन्ति ध्वांऽक्षेचमरणं ध्रुवम् ।*

*स्वस्वस्थाने स्थिताः सर्वे सर्वदा शुभकारकाः ॥* (४)

અર્થાત્ – સિંહાય–ભોગ આપનાર, શ્વાનાયથી કલેશ રહે, વૃષાય ધન–ધાન્ય આપે, ખરાયથી સ્ત્રીનું મૃત્યુ થાય, ગજાય કલ્યાણ કારક છે અને ધ્વાંક્ષાયથી નિશ્ચય મૃત્યું થાય. પોતપોતાના સ્થાને આપવાથી સર્વે આયો શુભકારક છે.

બંને ગ્રંથોમાં આયનું સ્થાન વર્ણ અનુસાર અને પ્રાસાદ, ગૃહ, દેવમંદિર વગેરેમાં કયો આય શ્રેષ્ઠ છે તેનો નિર્દેશ કરે છે.

– નક્ષત્ર વિચાર અને જયોતિષ

વાસ્તુની રચના પૂર્વે પ્રત્યેક અંગોનો વિચાર કરવો જોઈએ આ આયાદિ પ્રત્યેક અંગો જયોતિષશાસ્ત્ર સાથે સંલગ્ન છે. જેનાથી જ વાસ્તુ અને જયોતિષના પારસ્પરિક સંબંધ વ્યક્ત થાય છે. જેમકે – વાસ્તુ નિર્માણ પૂર્વે ભૂ–પરીક્ષા, ભૂમિખનન, શિલાન્યાસ, ભૂમિશયન, પૃથ્વી સંજ્ઞા આદિનો વિચાર કરવામાં આવે છે. જેમાં પ્રત્યેક સંબંધ જયોતિષશાસ્ત્ર સાથે છે. 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વાસ્તુમુક્તાવલી અને મુહૂર્ત માર્તણ્ડના મતો ઉદ્ધૃત કરીને વિશ્વકર્મા કહે છે કે –

*अधो मुखे च नक्षत्रे शुभेऽह्नि शुभवासरे ।*

*चन्द्रतारानुकूल्ये च खननारंभणं शुभम् ॥* (५)

અર્થાત્ – ભરણી, કૃત્તિકા, અશ્લેષા, મઘા, પૂ.ફાલ્ગુન, પૂ.ષાઢા, પૂ.ભાદ્રપદ, મૂલ, વિશાખા એ અધોમુખ નક્ષત્રમાં શુભવાર અને ચંદ્ર તથા તારા બલ જોઈ ખનન કરવું. તેમજ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'માં પૃથ્વીસંજ્ઞા આપી છે તે આ પ્રમાણે છે –શુદ પ્રતિપદાથી તિથિ + અશ્વિનીથી નક્ષત્ર + રવિથી વાર ÷ ૪ =૧ વધે તો પૃથ્વી ઉભી

શુદ પ્રતિપદાથી તિથિ + અશ્વિનીથી નક્ષત્ર + રવિથી વાર ÷ ૪ = ૨ વધે તો પૃથ્વી બેઠી

શુદ પ્રતિપદાથી તિથિ + અશ્વિનીથી નક્ષત્ર + રવિથી વાર ÷ ૪ = ૩ વધે તો પૃથ્વી સુતી

શુદ પ્રતિપદાથી તિથિ + અશ્વિનીથી નક્ષત્ર + રવિથી વાર ÷ ૪ = ૪ વધે તો પૃથ્વી જાગતી જાણવી તેના ફલાફલનો પણ નિર્દેશ કર્યો છે.

ઉભીમાં લડાઈ, બેઠીમાં ગૃહારંભ, સૂતીમાં વાવ–કૂવા ખોદવા અને જાગતીમાં શુભકાર્ય કરવું નહીં. જાગતી સ્મશાન કરે.(૬)

આ ઉપરાંત પૃથ્વી કેટલોક સમય શયન કરતી હોય છે. આ શયન અવસ્થામાં ભૂમિ ખનન કરવું જોઈએ નહીં. ભૂમિશયન અવસ્થા કયારે છે ? તેનો નિર્દેશ કરતા વિશ્વકર્મા 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં જણાવે છે કે –

સૂર્યના નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર ગણતા ૫, ૭, ૯, ૧૨, ૧૯, ૨૬ આટલા નક્ષત્રનો અંક આવે તો પૃથ્વી સૂતી જાણવી. તેમા ખનન કરવું નહીં. વાવ, તળાવ અને ગૃહાદિકાર્ય કરવું નહીં. 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં <u>શિલાન્યાસ વિધિમાં</u> શુભ નક્ષત્રનો વિચાર પૂર્વોક્ત ગ્રંથોના મતે આ પ્રમાણે આપે છે.(૭)

| <u>ગ્રંથો</u> | પ્રાસાદમંડન | મુહૂર્ત માર્તણ્ડ | વાસ્તુરત્નાકર | વાસ્તુ પ્રતિષ્ઠાકલ્પ | અપરાજિત પૃચ્છા |
|---|---|---|---|---|---|
| <u>નક્ષત્ર</u> | રોહિણી | શ્રવણ | ત્રણ ઉત્તરા | અશ્વિની | ત્રણ ઉત્તરા |
| | શ્રવણ | મૃગશીર્ષ | રોહિણી | રોહિણી | રોહિણી |
| | હસ્ત | રેવતી | પુષ્ય | મૂલ | આર્દ્રા |
| | પુષ્ય | હસ્ત | અનુરાધા | ત્રણ ઉત્તરા | પુનર્વસુ |
| | મૃગશીર્ષ | રોહિણી | હસ્ત | સ્વાતી | પુષ્ય |
| | રેવતી | પુષ્ય | ચિત્રા | હસ્ત | અનુરાધા |
| | ઉત્તરાફાલ્ગુની | અશ્વિની | ધનિષ્ઠા | અનુરાધા | શ્રવણ |
| | ઉત્તરાષાઢા | ત્રણ ઉત્તરા | શતભિષા | | મૃગશીર્ષ |
| | ઉત્તરાભાદ્રપદ | | રેવતી | | સ્વાતી |
| | | | | | હસ્ત |
| | | | | | મૂલ |

આ રીતે ઉપરોક્ત નક્ષત્રમાં શિલાન્યાસ શુભત્ત્વ બક્ષે છે.

તેમજ નક્ષત્ર–મૈત્રી–વૈર, નક્ષત્રગણ અને ગૃહ નક્ષત્રજ્ઞાન વિધાનો તેમજ ચંદ્રાધિકાર વિધાન બંને ગ્રંથોમાં છે. વાસ્તુમાં તેની આવશ્યતા છે અને જયોતિષ સાથે તે સંલગ્ન છે.

આ ઉપરાંત બંને ગ્રંથોમાં ઉક્ત વ્યયાધિકાર, તારાધિકાર, રાશ્યાધિકાર, અંશાધિકાર વગેરેનો જયોતિષ સાથે સંબંધ છે, તેમ કહી શકાય.

## <u>વાસ્તુપ્રારંભ અને જયોતિષ</u>:

વાસ્તુરચનાના પ્રારંભ વિશે વિશ્વકર્મા કહે છે કે

*आरम्भे च समाप्तिं च प्रासादपुरवेश्मनाम् ।*

*उत्थिते केशवे कुर्यान्न प्रसुप्ते कदाचन ।।* (૮)

અર્થાત્– પ્રાસાદ, પૂર, ગૃહાદિ કાર્યનો આરંભ અને સમાપ્તિ વિષ્ણુ ભગવાન સૂતા હોય ત્યારે નહીં કરવું.

વાસ્તુ પ્રારંભમાં માસફળ કથન આપતા બંને ગ્રંથો કહે છે કે –

*चैत्रे शोककरं गृहादिरचितंस्यान्माधवेऽर्थप्रदं*

*ज्येष्ठे मृत्युकरं शुचौ पशुहरं तद्विवृद्धिदं श्रावणे ।*

*शून्यं भाद्रपदेऽश्विने कलिकरं भृत्यक्षयं कार्त्तिके*

*धान्यं मार्गसहस्ययोर्दहनभीर्माघे श्रियं फाल्गुने ।।* (૯)

અર્થાત્ – ચૈત્ર માસમાં ગૃહાદિનો આરંભ કરે તો શોક ઉત્પન્ન થાય. વૈશાખમાં ધનની પ્રાપ્તિ, જયેષ્ઠમાં મૃત્યું, અષાઢમાં પશુનાશ, શ્રાવણમાં સર્વ પ્રકારે વૃદ્ધિ, ભાદ્રપદમાં ગૃહ શૂન્ય બને, અશ્વિનમાં કલેશ, કાર્તિકમાં નોકરોનો નાશ, માર્ગશીર્ષ અને પૌષમાં ધાન્ય વૃદ્ધિ, માઘમાં અગ્નિભય અને ફાલ્ગુનમાં લક્ષ્મીની પ્રાપ્તિ થાય.

ગૃહપ્રારંભમાં તિથિ – પક્ષ આદિનું ચિંતન

*सिद्धयै गृहारम्भमुशन्ति वृद्धा यथोदिते मासिवलक्षपक्षे ।*

*शशाङ्कवीर्य सुदिने निमित्ते शुभे खौ सौम्यगते प्रवेशम् ।।* (૧૦)

અર્થાત્ – શુભમાસ, શુકલપક્ષ, ચંદ્રબલ, શુભદિન અને શુભ નિમિત્ત જોઈને, જયારે સૂર્ય ઉત્તરાયણમાં ગમન કરે ત્યારે ગૃહારંભ અને ગૃહ પ્રવેશ પ્રશસ્ત છે.

તેમજ – *शुक्लपक्षे भवेत् सौख्यं कृष्णे तस्करतो भयम् ।*

*त्यक्त्वा चतुर्दशीं षष्ठींचतुर्थीमष्टमीमिमाम् ।*

*नवमीं च रविं भौमं गृहारंभो विधीयते ।।* (૧૧)

અર્થાત્ – શુકલ પક્ષમાં ગૃહારંભ કરવાથી સુખની પ્રાપ્તિ થાય. કૃષ્ણપક્ષમાં ગૃહારંભ કરવાથી ચોરનો ભય થાય, ચતુર્દશી, ષષ્ઠી, ચતુર્થી, અષ્ટમી, અમાવાસ્યા, નવમી તિથિ તથા રવિવાર અને મંગળવારનો ત્યાગ કરવો અને બાકી રહેલ તિથિ તથા વારોમાં ગૃહારંભ કરવો શ્રેષ્ઠ છે.

ગૃહ પ્રારંભમાં લગ્નશુદ્ધિ વિશે મંડન જણાવે છે કે –

દ્વિસ્વભાવ લગ્ન અથવા સ્થિર લગ્ન એવા લગ્ન વિષે સૌમ્ય ગ્રહ પડયા હોય અથવા તેવા લગ્ન ઉપર શુભ ગ્રહની દ્દષ્ટિ હોય, વળી દશમાં સ્થાનમાં સૌમ્ય ગ્રહ બળવાન હોય તો એવા વખતે ઘરનો પ્રારંભ કરવો, તેમજ પાંચમાં ભવનમાં તથા બીજા ભવનમાં અને કેન્દ્ર સ્થાનમાં એટલે ઠેકાણે શુભ ગ્રહ બળવાન હોય તો તે સારું ફળ આપે માટે તેવા વખતે ઘરનો પ્રારંભ કરવો, ત્રીજા, છઠ્ઠા અને અગિયારમાં ભવનમાં પાપગ્રહ હોય તો પણ તે શુભફળ આપે, પરંતુ ઘરના પ્રારંભ વખતે ક્રૂર ગ્રહ આઠમાં ભવનમાં રહ્યો હોય તો ઘરના સ્વામીનું મૃત્યુ કરે છે. (૧૨)

તેમજ ઘરના પ્રારંભમાં ચોથા ઘરનો સ્વામી બૃહસ્પતિ બળવાન હોય તો સુખ આપે, ચોથા ઘરનો સ્વામી શુક્ર બળવાન હોય તો તે ધાન્યની વૃદ્ધિ કરે, ચંદ્રમાં બળવાન હોય તો લક્ષ્મીની પ્રાપ્તિ, સૂર્ય બળવાન હોય તો સુખ, ધાન્ય અને લક્ષ્મી મળે, પરંતુ આ ચારેય ગ્રહો નીચ સ્થાનમાં હોય અથવા અસ્તમાં હોય તો નિર્બળ જાણવા તેમજ બૃહસ્પતિ લગ્નમાં હોય, બુધ સાતમે ભવને હોય, સૂર્ય છઠ્ઠા ભવને હોય, શુક્ર ચોથા ભવને હોય અને શનિ ત્રીજે ભવને હોય તો તે ઘર સો વર્ષ સુધી ટકે છે.(૧૩)

આમ, ગૃહારંભમાં લગ્નશુદ્ધિનું મહત્ત્વ વાસ્તુમાં રહ્યું છે.

ગૃહ પ્રારંભમાં વત્સદિશા અને રાશિ

વાસ્તુશાસ્ત્ર દિશા આધારિત શાસ્ત્ર છે તેમાં ગૃહાદિના નિર્માણમાં ગૃહદ્વાર દિશા નિર્ણયમાં સૂર્યની સ્થિતિનાં આધારે દ્વાર દિશા નક્કી થાય છે. અહીં પ્રસ્તુત બંને ગ્રંથોમાં વત્સમુખાધારિત દિશા નિર્ણય આ પ્રમાણે આપ્યો છે.

*कन्यादित्रिषु पूर्वतो त्याज्यं च चापादितः ।*

*द्वारं पश्चिमतस्त्रिके जल चरात् सौम्ये खौ युग्मतः ॥*

*तस्माद्वत्स मुखं दिशासु भवनद्वारादिकं हानिकृत ।*

*सिंहचाथ वृष च वृश्चिक घटया ते हिते सर्वदा ॥* (૧૪)

અર્થાત્ – કન્યા, તુલા અને વૃશ્ચિક એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સમુખ પૂર્વ દિશામાં

ધન, મકર અને કુંભ રાશિમાં વત્સમુખ દક્ષિણ દિશામાં

મીન, મેષ અને વૃષભ રાશિમાં વત્સમુખ પશ્ચિમ દિશામાં

મિથુન, કર્ક અને સિંહ રાશિમાં વત્સમુખ ઉત્તર દિશામાં હોય છે. માટે જે દિશામાં મુખ હોય તે દિશામાં દ્વાર મૂકવામાં આવે તો હાનિ થાય અને વત્સની પાછળ દ્વાર મુકાય તો આયુષ્યનો ક્ષય થાય માટે બંને બાજુ દ્વાર મૂકવું પરંતુ સિંહ, વૃષભ, વૃશ્ચિક અને કુંભ રાશિના સૂર્યમાં ચારે બાજુ દ્વાર મૂકી શકાય.

તેમજ વિશ્વકર્મા ગૃહ પ્રારંભે રાશિ ફળનો નિર્દેશ કરે છે.

મેષરાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ શુભ

વૃષભ રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ ધન વૃદ્ધિ

મિથુન રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ સ્વામી મૃત્યુ

કર્ક રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ શુભ

સિંહ રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ નોકર વૃદ્ધિ

કન્યા રાશિના સૂયમાં ગૃહાદિ આરંભ રોગ

તુલા રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ સુખ

વૃશ્ચિક રાશિના સૂર્ય માં ગૃહાદિ આરંભ ધન વૃદ્ધિ

ધન રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ મહાન હાનિ

મકર રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ ધન લાભ

કુંભ રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ રત્ન લાભ

મીન રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ ભયકારક

આમ, સૂર્યની આ સ્થિતિ વાસ્તુને શુભત્વ અર્પે છે.

તેમજ ગૃહારંભમાં વૃષભ ચક્ર, સ્તંભ બેસાડવામાં કૂર્મચક્ર અને પ્રવેશમાં કલશચક્ર એમ ત્રણ પ્રકારે વાસ્તુચક્ર જોવાનું વિદ્વાનો એ કહેલ છે.

– ગૃહપ્રવેશ અને જયોતિષ

'રાજવલ્લભ'કાર મંડને ગૃહ પ્રવેશ વિચાર આપતા કહ્યું છે કે, શુકલ પક્ષમાં, શુભ દિવસે ગણેશ દેવતાની વિધિ પૂર્વક પૂજા કરીને ગૃહ પ્રવેશ કરવો. જો જયેષ્ઠ, માર્ગશીર્ષ અથવા પૌષ માસમાં પ્રવેશ કરવો હોય તો શ્રવણ નક્ષત્રમાં પુનઃ સિદ્ધિ નિમિત વાસ્તુ આદિ કર્મ કરવું લાભ કરે છે. તેમજ –

*गृहप्रवेशो मृग–मैत्र–पुष्येचित्रा–धनिष्ठोत्तरवारूणर्क्षे ।*

*स्वात्योश्विनीपूषभरोहिणी शुभोऽथरिक्तारविभूमिजेनो ॥* (૧૫)

અર્થાત્ – નક્ષત્રોમાં મૃગશીર્ષ, અનુરાધા, પુષ્ય, ચિત્રા, ઘનિષ્ઠા, ત્રણ ઉત્તરા, શતભિષા, સ્વાતિ, અશ્વિની, રેવતી અને રોહિણી માં ગૃહ પ્રવેશ શ્રેષ્ઠ છે. પરંતુ રિક્તા તિથિ, રવિવાર, મંગળવારનો ગૃહ પ્રવેશ ન કરવો જોઈએ.

આમ, નક્ષત્ર, તિથિ, વાર આદિનો વિચાર ગૃહ પ્રવેશમાં કર્યો છે.

આ ઉપરાંત પ્રસ્તુત બંને ગ્રંથોમાં યોગ, કરણ, ભદ્રા, ગૃહાયુષ્ય અને સિદ્ધિ–અસિદ્ધિ યોગનો સામ્ય ઉલ્લેખ છે. તેમજ 'રાજવલ્લભ'માં મંડને જયોતિષની પ્રાચીન રીતિ સમાન પલભોન્નત કાલજ્ઞાન વિધાન કર્યું છે. તો ' જયોતિષલક્ષણ ' નામના એક અધ્યાયમાં જયોતિષ આધારિત વિભિન્ન મુહૂર્તો આપ્યા છે.

આથી કહી શકાય કે બંને ગ્રંથોમાં વર્ણિત વિષયો જયોતિષ સાથે સંબંધ ધરાવે છે. તેમજ બંને ગ્રંથોમાં જયોતિષશાસ્ત્રીય તફાવત પણ જોઈ શકાય છે. જેમકે – વાસ્તુપૂજન વિધાન માં બંને ગ્રંથોમાં વૈષમ્ય છે. તો 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં વાસ્તુ નિર્માણ પૂર્વે પૃથ્વીની સંજ્ઞા, પૃથ્વી શયનકાળ, કળશચક્ર, વૃષભચક્ર અને અન્ય યોગોના વિધાન છે.

અહીં પ્રગટ થતો જયોતિષશાસ્ત્રીય તફાવત તે જુદા જુદા ભૂગોળ, જુદી–જુદી સંસ્કૃતિ, ઈતિહાસ, પ્રથા, પરંપરા સુવિધા, લાભાલાભ વગેરે સામે ટકી રહેવાના કારણે પૂજા પદ્ધતિ અને જયોતિષ સિદ્ધાંતોમાં તફાવત જોઈ શકાય છે. જેમકે – મંડન તત્કાલીન રાજપરિવાર અને લોક સમુદાયને ઉપયોગી વિભિન્ન મુહૂર્ત આપ્યા છે. તો વિશ્વકર્મા એ દેવ પ્રતિષ્ઠા, દેવાલય દ્વાર દિશા અને નક્ષત્ર આધારિત વિભિન્ન યોગોનું સવિસ્તાર વિધાન આપ્યું છે.

આથી કહી શકાય કે – નિર્મિત થતી પ્રત્યેક સંરચના ' વાસ્તુ ' કહેવાય છે. નિર્માણ પામતી પ્રત્યેક આકૃતિ વાસ્તુરૂપે પરિણમન્ પામે છે. વાસ્તુ રચના સંદર્ભે તમામ પ્રક્રિયાઓ વિશે ચિંતન કરવામાં આવ્યું છે. ભૂમિ શોધન, ભૂમિખનન, શિલાન્યાસ આદિ અનેક વાસ્તુવિષયક વિભાવનાઓનો પૂર્વ કર્મરૂપ નક્ષત્ર, તિથિ,રાશિ આદિના શુભત્ત્વનું ચિંતન થયું છે. તેમજ ગ્રહ, નક્ષત્રની ગતિ, દશા – અંતર્દશા વિશે પણ ચિંતન થયું છે. આ સમગ્ર ચિંતન જયોતિષશાસ્ત્ર અંતર્ગત થતી વિચારધારાનું ફલક છે. તો વાસ્તુશાસ્ત્ર એ દિશા આધારિત શાસ્ત્ર છે અને દિશાના અધિપતિ સૂર્યાદિગ્રહો છે અને ગ્રહોની મીમાંસા એ જયોતિષશાસ્ત્રની વિચારધારા છે. તો વાસ્તુનિર્માણ પૂર્વે કેટલાક અંગો વિશેનું ચિંતન કરવામાં આવે છે અને આ અંગોનો સીધો સંબંધ જયોતિષશાસ્ત્ર સાથે છે.

' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' આ બંને ગ્રંથોમાં વાસ્તુનિર્માણ પૂર્વેના અંગોનું ચિંતન કરવામાં આવ્યું છે. તેથી પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયો અને જયોતિષશાસ્ત્રનો સંબંધ સ્થાપિત થાય છે.

### ૭.૩ ' ***राजव©भ*** ' અને ***'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'*** ના વર્ણ્ય વિષયનો ધર્મશાસ્ત્ર સાથે સંબંધ

પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયો વાસ્તુશાસ્ત્ર અને શિલ્પશાસ્ત્રનું ગહન જ્ઞાન કરતા વિષયો છે અને તેનો ધર્મશાસ્ત્ર સાથે પણ ગહન સંબંધ છે. કેમકે – 'વાસ્તુશાસ્ત્ર' ઉપવેદ હોવાના કારણે માનવધર્મનું એક મૂર્તિમાન સ્વરૂપ છે.

' ધર્મ ' શબ્દનાં અનેક અર્થો થાય છે. આ શબ્દ અનેક પરિવર્તનો અને વિપર્યયોના ચક્રમાં ફરી ચૂકયો છે. ઋગ્વેદની ઋચામાં સંજ્ઞાના રૂપમાં પ્રયુક્ત થયો છે. ' *ધર્મન્* ' પરંતુ આ શબ્દ ધૃ ધાતુ પરથી બન્યો છે. જેનો અર્થ છે, ધારણ કરવું, આલમ્બન દેવું

વેદમાં મોટાભાગનાં સ્થાનોમાં ' ધર્મ ' ધાર્મિક વિધિઓ અથવા ધાર્મિક–ક્રિયા–સંસ્કારના રૂપમાં જ પ્રયુક્ત થયો છે. જેમકે – ' *तानि धर्माणि प्रथमान्यासन्* ' (૧૬)

અથર્વવેદમાં ' ધર્મ ' શબ્દનો અર્થ ધાર્મિક ક્રિયા સંસ્કાર કરવાથી અર્જિત ગુણ, એવો થાય છે. તો છાંદોગ્ય ઉપનિષદમાં ધર્મની ત્રણ શાખાઓ માનવામાં આવી છે.(૧૭)

(૧) યજ્ઞ, અધ્યયન અને દાન અર્થાત્– ગૃહસ્થાશ્રમ

(૨) તપસ્યા અર્થાત્ – તાપસધર્મ

(૩) બ્રહ્મચારિત્વ

અહીં ધર્મ શબ્દ આશ્રમોના વિલક્ષણ કર્તવ્યો તરફ સંકેત કરે છે અને તે વર્ણાશ્રમનો દ્યોતક બની ગયો છે. શ્રીમદ્ ભગવત્ ગીતામાં પણ *स्वधर्मे निधनं श्रेयः ।* કહીને ધર્મનો એજ અર્થ આપ્યો છે. આ ઉપરાંત ધર્મની કેટલીક એકાંગી પરિભાષાઓ પણ છે. જેમકે – *अहिंसा परमो धर्मः ।* (૧૮) અને *आचारः परमो धर्मः ।* (૧૯)

તન્ત્રવાર્તિક અનુસાર ધર્મશાસ્ત્રોનું કાર્ય વર્ણો તેમજ આશ્રમોના ધર્મોનું શિક્ષણ આપવાનું છે. ધર્મશાસ્ત્ર એટલે કાયદાઓ અને તે પ્રમાણે મનુષ્ય ગૃહમાં રહીને વાસ્તુવિદ્યાની જાણકારી અને તેના અનુકરણથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ કરે છે. જેનાથી માનવીનું જીવન સાર્થક થઈ જાય છે. સાથે આ લોકમાં જ મનુષ્ય દેવત્વ પ્રાપ્ત કરે છે.

આ રીતે મનુષ્ય પોતાના જીવનમાં કર્મ કરતાં કરતાં પ્રસ્તુત ચાર પુરુષાર્થોમાં ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ છે. તેમા સૌથી પ્રમુખ ધર્મ છે. ધર્મગ્રંથ તરીકે આપણી પાસે વેદો છે. વેદો આપણને વર્ણાશ્રમધર્મ આપે છે. તો વાસ્તુશાસ્ત્ર અથર્વવેદનો ઉપવેદ હોવાના કારણે માનવધર્મનું એક મૂર્તિમાન સ્વરૂપ છે. વૈદિક

પરંપરામાં વર્ણિત ઘણા પ્રકારનાં દેવી–દેવતાઓ, આકૃતિઓનું સાકાર સ્વરૂપ ફક્ત વાસ્તુશાસ્ત્ર જ આપી શકે, જેનાથી દરેક ધર્મ, જાતિ અને સંપ્રદાયના લોકો પોતપોતાની રીતે પૂજા–પાઠ કરે છે. યજ્ઞની વેદી હોય કે બધા દેવતાઓની મૂર્તિ હોય, દેરાસર હોય કે મંદિર–મસ્જિદ કે જિનાલય હોય બધાનું સ્વરૂપ વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો પર આધારિત શિલ્પશાસ્ત્રથી જ બને છે. આથી વાસ્તુ અને ધર્મશાસ્ત્રનો આંતરસંબંધ છે તેમ કહી શકાય.

<u>પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય  વિષયો અને ધર્મ શાસ્ત્રની આંતરસંબંધી વિવેચના કરતા કહી શકાય કે –</u>

મનુષ્યનું જીવન અને સમગ્ર માનવ સમુદાય શ્રદ્ધા અને ભક્તિ પૂર્વક અલગ–અલગ દેવી–દેવતાઓને ઈષ્ટ દેવ માનીને તેની મંદિરાદિમાં સ્થાપના કરે છે. આ પ્રતિમાં પૂજા અથવા મૂર્તિપૂજા માટે પણ શાસ્ત્રકારોએ અનેક લક્ષણો સૂચવ્યા છે. જેમકે મૂર્તિના સ્વરૂપ, લક્ષણો અને પ્રતિષ્ઠા વગેરે તેમજ મંદિર, દેવાલયાદિ અને ધર્મગ્રંથો વગેરેની બાંધણીના નિયમો તો વાસ્તુશાસ્ત્ર જ આપે છે. આથી જ ધર્મશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્ર એકબીજા સાથે સંલગ્ન છે તેમ કહી શકાય.

<u>મૂર્તિકલા</u>

ભારતના પ્રત્યેક સંપ્રદાયમાં મૂર્તિપૂજન પ્રાધાન્ય સ્થાને છે. વેદોમાં પણ મૂર્તિ વિશે ઉલ્લેખો છે. વેદકાળમાં યજ્ઞના ક્રિયાકાંડમાં દેવોની સ્તુતિ સાથે બલિ આપતા હતા આ દેવોના આયુધ વાહન,શક્તિ આદિની કલ્પના પરથી પ્રતિમાના સ્વરૂપ રચાયા છે. ધાર્મિક દષ્ટિએ સાધક, સાધ્ય અને સાધનમાં અનુક્રમે ભક્ત,મોક્ષ અને મૂર્તિ–પ્રતિમાં મનાય છે. આ પ્રતિમાની સ્થાપના માટે ઉભા કરેલા સ્થાપત્યને મંદિર–દેવાલય કહે છે અને મૂર્તિ–પ્રતિમાં લક્ષણ તથા દેવાલય નિર્માણ વિધાનને 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ગહનતા પૂર્વક નિર્દેશ કરેલ છે.

જેમકે – ગૃહમંદિર પ્રતિમા પ્રમાણ આપતા વિશ્વકર્મા કહે છે કે–

*अंगुष्ठ पर्वदारभ्य वितस्तिर्यावं देवतु ।*

*गृहेषु प्रतिमा पूज्या नाधिकाशस्यते बुधैः ।* (२०)

અર્થાત્ – અંગુઠાના પર્વથી વિતસ્તિ એટલે કે નવ અંગુલ પ્રમાણ સુધીની પ્રતિમા ગૃહમાં પૂજવી તેથી મોટી પ્રતિમાં ગૃહ પૂજામાં બુદ્ધિમાને ન રાખવા.

ચતુર્વર્ણ માટે મૂર્તિ પ્રમાણ આપતા વિશ્વકર્મા કહે છે કે –

બ્રાહ્મણને ૧૨ અંગુલ મૂર્તિપ્રમાણ

ક્ષત્રિયને ૯ અંગુલ મૂર્તિપ્રમાણ

વૈશ્યને ૭ અંગુલ મૂર્તિપ્રમાણ

શૂદ્રને ૫ અંગુલ મૂર્તિપ્રમાણ રાખવું તેમજ ગૃહસ્થના ગૃહે રહેલા દેવમંદિરમાં કયારેય ધ્વજદંડ ન ચડાવવો.

તેમજ પ્રતિમાં, કાષ્ઠ, લેપ, પાષાણ, હસ્તિદંત, ચિત્ર, લોહ પંચધાતુની બનાવવી. પરંતુ માનથી ન્યુનાધિક કરવી નહી.(૨૧)

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ગૃહમાં મૂર્તિ કે લિંગ પ્રતિષ્ઠાનો નિષેધ કરીને, નેમિનાથ, મહાવીર સ્વામી અને મલ્લિનાથજી એ ત્રણ પ્રતિમાઓની ગૃહમાં સ્થાપના કરવી અશુભદ ગણાવીને પ્રતિમાદોષ વર્ણવે છે.

પ્રતિમાના દ્રવ્યમાં ખીલા, છિદ્ર, પોલાણ, જીવના જાળાં, સાંધા, મંડલાકાર રેખા, ગાંઠા હોય કે પાષાણ બે રંગનો હોય, પ્રતિમાની ઊંચાઈ પ્રમાણ એકી અંગુલ ન હોય, ટુંકા હાથ–પગ, અંગ વગરની, નાસિકા હીન, બેઠેલા ગાલવાળી, ભયંકર દેખાવવાળી પ્રતિમા દોષકર્તા છે.

પ્રતિમાનું દૃષ્ટિવિધાન આ પ્રમાણે છે –

પ્રતિમાની ઊંચી કે વિકરાળ દૃષ્ટિ હોય તો રાજા અને રાજયનો નાશ કરે, નીચી કે ક્રોધાયમાન દૃષ્ટિ પૂજનારનો નાશ કરે, નાસિકા દૃષ્ટિ શિલ્પી અને આચાર્યનો નાશ કરે, પડખેદૃષ્ટિ ભાઈઓનો નાશ કરે માટે સમદૃષ્ટિવાળી પ્રતિમા કરાવવી.(૨૨)

અત્યંત પાતળા અંગોવાળી, હીન અંગોવાળી કે અધિક અંગોવાળી પ્રતિમા દોષકર્તા છે.

ખંડિત પ્રતિમાનું વિધાન કરતા કહ્યું છે કે – સો વર્ષથી પૂજાતી હોય, મહાપુરુષે સ્થાપિત કરેલી હોય તેવી મૂર્તિ ખંડિત હોય તો પણ પૂજવી પરંતુ બીજી ખંડિત મૂર્તિ પૂજવી નહીં. ખંડિત કે ચલાયમાન લિંગ તજવું નહી લેપાદિથી સમુદ્ધાર કરવો, મૂર્તિના આભૂષણો, અસ્ત્ર,શસ્ત્ર ખંડિત થયા હોય તો દોષકર્તા નથી પરંતુ તેને સુધરાવીને પુનઃ ક્રિયાવિધિવત સ્થાપના કરવી, પરંતુ ત્યાગવી નહીં. ધાતુ કે રત્નની મૂર્તિ ખંડિત કે વાંકી–ચુકી થઈ ગઈ હોય તો તે પણ સંસ્કાર યોગ પૂજનિક જાણવી પરંતુ પાષાણ કે કાષ્ઠની પ્રતિમા ખંડિત થઈ હોય તો તે સંસ્કાર યોગ્ય ન જાણવી.

તેમજ મૂર્તિના અંગ–ઉપાંગ, પ્રત્યાંગ ખંડિત થયા હોય તો તેનું વિસર્જન કરી બીજી પ્રતિમા વિધિથી સ્થાપવી.

વિશ્વકર્મા 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના ઉત્તરાર્ધમાં જિનકલ્પદ્રુમ નામના દશમાં અધ્યાયમાં જિન પ્રતિમા લક્ષણ આપે છે અને ત્યાર પછી પ્રાસાદમાને પ્રતિમા પ્રમાણ આપતા ઉભી પ્રતિમા અને બેઠી પ્રતિમાનું પ્રમાણ આ પ્રમાણે આપ્યું છે.

**<u>પ્રતિમા માન પ્રમાણ</u>**

| પ્રાસાદ હસ્ત | ઉભી પ્રતિમા | બેઠી પ્રતિમા |
|---|---|---|
| ૧ હસ્ત | ૧૧ અંગુલ | ૬ અંગુલ |
| ૨ હસ્ત | ૨૧ અંગુલ | ૧૨ અંગુલ |
| ૩ હસ્ત | ૩૧ અંગુલ | ૧૮ અંગુલ |
| ૪ હસ્ત | ૪૧ અંગુલ | ૨૪ અંગુલ |
| ૫ હસ્ત | ૪૩ અંગુલ | ૨૭ અંગુલ |
| ૬ હસ્ત | ૪૫ અંગુલ | ૩૦ અંગુલ |
| ૭ હસ્ત | ૪૭ અંગુલ | ૩૩ અંગુલ |
| ૮ હસ્ત | ૪૯ અંગુલ | ૩૬ અંગુલ |
| ૯ હસ્ત | ૫૧ અંગુલ | ૩૯ અંગુલ |
| ૧૦ હસ્ત | ૫૩ અંગુલ | ૪૨ અંગુલ |

| | | |
|---|---|---|
| ૨૦ હસ્ત | ૬૭ અંગુલ | ૫૨ અંગુલ |
| ૩૦ હસ્ત | ૭૩ અંગુલ | ૬૨ અંગુલ |
| ૪૦ હસ્ત | ૮૩ અંગુલ | ૭૨ અંગુલ |
| ૫૦ હસ્ત | ૯૩ અંગુલ | ૮૨ અંગુલ |

આસનસ્થ પ્રતિમા અંગ લક્ષણ આપતા કહ્યું છે કે પ્રતિમાની ઊંચાઈના ચારભાગ કરવા, અને તે ચારે ભાગોમાં ૧૪–૧૪ વિભાગ કરવા. ઉપરોક્ત અંગુલ પ્રમાણે ૫૬ અંગુલ યુક્ત પ્રતિમાની કેશાંત પર્યંતની ઊંચાઈ થઈ ઊંચાઈના પ્રમાણે પહોળાઈ અને પલાંઠી  ૫૬ ભાગોથી યુક્ત કરવી. તે સર્વ કામનાઓને આપનાર છે.

શિવલિંગના ન્યૂનાધિક માન વિશે કહે છે કે – સ્વયંભૂલિંગ, બાણલિંગ અને રત્નલિંગ એ માનમાં ઓછા વધતા હોય તો દોષ નથી, પરંતુ ઘડેલું શિવલિંગ અને ઘડેલી મૂર્તિ, એ શાસ્ત્રાનુસાર માન પ્રમાણે જ કરવા જોઈએ.

તેમજ દેવતામૂર્તિ સ્વરૂપ લક્ષણાધિકાર નામના ઉત્તરાર્ધના અંતિમ અધ્યાયમાં ગણેશ, કાર્તિક સ્વામી, ભૈરવ, ઘંટાકર્ણ દેવ, આદિ દેવો અને મહાકાલી, મહાલક્ષ્મી, સરસ્વતી, લક્ષ્મી, દ્વાદશ સરસ્વતીના નામો, ચામુંડેશ્વરી, ચંડી, દુર્ગા, ભુવનેશ્વરી, નવદુર્ગા, સાતમાત્રિકા, પાર્વતી, ગૌરી આદિ દેવીઓ, ચતુર્વેદ, સૂર્ય, પંચદેવ, ચંદ્ર, ગૃહાદિ અને અષ્ટ દીક્પાલ, વિષ્ણુ આદિના સ્વરૂપ લક્ષણાદિના વિધાનો વાસ્તુવિધાન અને માનાદિ સહિત કર્યા છે.

આથી જ કહી શકાય કે જો આજે વાસ્તુવિદ્યા પર આધારિત શિલ્પકળા ન હોત તો દુનિયાના કોઈપણ ધર્મનું સાકાર રૂપ આપણી સામે કેવી રીતે આવી શકત ?

– <u>દેવાલય નિર્માણ</u>

વાસ્તુ એ આપણો ઉપવેદ છે અને વાસ્તુવિદ્યાના પ્રસ્તુત ગ્રંથ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં દ્દષ્ટિપાત કરતા ખ્યાલ આવે છે કે, ભારતમાં ઘર, મહેલો, ભવનોની સાથોસાથ દેવાલયનું પણ સવિશેષ મહત્ત્વ છે. મનુષ્ય ઈશ્વર, દેવતા

અથવા મહાપુરુષોની ઉપાસના માટે મૂર્તિ અથવા તો કોઈ ચિન્હ્ બનાવે અને સમયાનુસાર પવિત્ર ભવનમાં સ્થાપિત કરે તે મંદિર અથવા દેવાલય.

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં દેવાયતનો અને દેવપ્રાસાદોનું બૃહદ વર્ણન જોઈ શકાય છે. જેમકે – ગણપત્યાયતન, શિવાયતન,, બ્રહ્માયતન, વિષ્ણુવાયતન, સૂર્યાયતન, ગૌયા યતન, જિનેંદ્રાયતન વગેરે અને નાગરાદિ પ્રાસાદ, જિનપ્રાસાદો, મેરુપ્રાસાદો અને સાન્ધાર પ્રાસાદો.

દેવાયતનોના સંદર્ભને આધારે જોઈએ તો મંદિર હોય કે દેવપ્રાસાદ કે ભવનનિર્માણ હોય પરંતુ ભૂમિની શુદ્ધતા ઘણી જ મહત્ત્વની છે. જેના નિર્દેશો વિશ્વકર્માના પ્રસ્તુત ગ્રંથમાં મળે છે. 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માંથી મળતી જાણકારી અનુસાર શુભ દિવસે તથા શુભ નક્ષત્રે, સારા લગ્ને સુમુહૂર્તે, પહેલા ભૂમિ પરીક્ષા કરવી, શુભ શકુન જોવા અને સૂત્રધાર શાસ્ત્રનો જાણકાર, વાસ્તુવેદોના લક્ષણ જાણનાર, સૂત્ર અને હસ્તનું પ્રમાણ જાણનાર, સર્વશાસ્ત્રમાં કુશળ હોવો જોઈએ.[૨૩] અને વાસ્તુનું મહત્ત્વ દર્શાવતા જણાવે છે કે –

*वास्तुपूजाविधानं तु कर्तव्यं दिशकात्तमैः ।*
*निर्विध्नं च भवेत्तत्र हेतुकादि समर्चने ॥* [૨૪]

આ રીતે ગૃહ, પ્રાસાદ કે દેવાલયાદિમાં વાસ્તુ પૂજાનું મહત્ત્વ છે, અને વાસ્તુ પૂજન ન કરવાથી થતા દોષનો નિર્દેશ કર્યો છે. આથી સ્પષ્ટ છે કે મંદિર – દેવાલયનું નિર્માણ પણ વાસ્તુ વિના શકય નથી. આથી જ ધર્મશાસ્ત્ર અને વાસ્તુનો આંતર સંબંધ સ્પષ્ટ થાય છે.

આ ઉપરાંત મૂર્તિ વિધાન અને દેવાલય વિધાન સંદર્ભે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં દેવતા દિક્મુખાધિકાર અને દેવ પ્રતિષ્ઠા વિધાનો પણ છે. આ ઉલ્લેખો શિલ્પ–સ્થાપત્યના ઉત્તમ નમૂના રૂપ ગણી શકાય એ નિર્વિવાદ છે. પરંતુ આ પ્રત્યેક સંદર્ભ જેવા કે, મૂર્તિ કલાવિધાન, મૂર્તિ પ્રતિષ્ઠા, મૂર્તિપૂજા આદિને ધર્મ સાથે સાંકળી આજે પણ જનમાનસ સાથે સાંકળેલું છે. આજે પણ વાસ્તુ, યજ્ઞ, મૂર્તિ પ્રતિષ્ઠા, મૂર્તિ કલા અને દેવાલય નિર્માણ વાસ્તુશાસ્ત્રથી નિર્મિત થાય છે. જેનો સંદર્ભ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' સાથે સંકળાયેલો છે.

પ્રસ્તુત બંને ગ્રંથોમાં 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં ધર્મનું મૂર્તિમાન વિધાન મૂર્તિકલા, દેવાલય નિર્માણ આદિ વિધાનો છે. જયારે 'રાજવલ્લભ' માં રાજભવનો અને ગૃહ નિર્માણના નિર્દેશો છે. જેથી વાસ્તુ અને ધર્મશાસ્ત્રના સંબંધમાં બંને ગ્રંથોમાં તફાવત જોઈ શકાય છે.

જો કે 'રાજવલ્લભ' માં ધર્મ સાથે સાંકળી શકાય તેવા પૂર્ત કર્મ અને ૧૬ સંસ્કારના મુહૂર્ત વિધાનો છે તેમ કહી શકાય.

## ૭.૪ ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોનો દર્શન શાસ્ત્ર સાથે સંબંધ

વિશ્વમાં મનુષ્ય એક જ એવું પ્રાણી છે જેને પરમાત્મા દ્વારા બુદ્ધિની વિશેષતા પ્રાપ્ત થઈ છે. મહાભારતમાં *न हि मनुष्यात् श्रेष्ठतरम् हि किंचित् ।* [૨૫] કહ્યું છે. આથી વિશિષ્ટ પ્રજ્ઞાને કારણે જગતના રહસ્યોને જાણવા માટે તે સતત ચિંતન કરતો રહે છે. મનમાં ઉદ્‌ભવતા તાત્ત્વિક પ્રશ્નોને સમજવાની તેની જિજ્ઞાસાની તે પરિતૃપ્તિ ઈચ્છે છે. જગત, જીવ, જગદીશ, જીવન, આત્મા, જન્મ–મરણ ચક્રમાંથી મુક્તિના ઉપાયો વગેરે જાણવાની જિજ્ઞાસાથી ઉઠતા દાર્શનિક પ્રશ્નો મનુષ્યના મનમાં ઉઠતા રહે છે. તેને સમજવા માટે કઠિન પરિશ્રમ, બૌદ્ધિક વ્યાયામ અને ઊંડુ ચિંતન કરતો રહે છે અને તેના ફલ સ્વરૂપે માનવ જાતને કાંઈ ને કાંઈ, સનાતન મૂલ્યવાળું તત્ત્વચિંતન મળે છે.જેને આપણે ' દર્શન ' કહીએ છીએ.

' દર્શન ' શબ્દનાં મૂળમાં ' *दृश्* ' ધાતુ છે, જેનો અર્થ ' જોવું ' થાય છે. જોવું એટલે ચાક્ષુષ્ પ્રત્યક્ષ જ્ઞાન તો છે જે સાથો સાથ બૌદ્ધિક દૃષ્ટિએ ' સમજવું ' તેનો અર્થ થાય છે. તત્ત્વ સ્વરૂપનું જ્ઞાન થવું તેને ' દર્શન ' કહેવાય છે.

ઈન્દ્રિયજ્ઞાન અને બૌદ્ધિક વિચારશક્તિથી આગળ વધીને કોઈ વિશિષ્ટ તત્ત્વનો અનુભવ કરવો તે ' દર્શન ' કહેવાય છે. કહી શકાય કે આજ ભારતીય દર્શનનું લક્ષ્ય છે

અને ઋગ્વેદના કથન પ્રમાણે *एकं सद् विप्राः बहुधा वदन्ति ।* એટલે કે અનેક દ્રષ્ટિથી જોવું તે પણ ' દર્શન ' છે.

આમ, પરિપાક રૂપે કહી શકાય કે તાત્વિક પ્રશ્નોના જવાબ માટે અને તેનાથી મૂક્તિ માટે જ્ઞાનયોગ મૂલક કર્મયોગ કરતા–કરતા બ્રહ્મમાં સમાહિત થવાની અનુભૂતિ એટલે 'દર્શન'.

ભારતીય દર્શનોમાં (૧) આસ્તિક અને (૨) નાસ્તિક દર્શનો છે અને આસ્તિક દર્શનમાં ષડ્દર્શનનો સમાવેશ થાય છે. દર્શનશાસ્ત્રની કોઈપણ વિચારધારાઓનો ઉદ્ભવ જાણવા માટે વેદોનું અધ્યયન જરૂરી છે. કારણ કે વેદો જ ભારતીય દર્શનોનું ઉદ્ભવ સ્થાન છે.

વેદોમાં યજુર્વેદ આપણને ગણિત, ચિકિત્સા, વાસ્તુવિદ્યા, યુદ્ધકળા, જયોતિષ જેવા અનેક શાસ્ત્રોની ભેટ આપી છે. એ રીતે આપણી આધ્યાત્મિક વિચારધારાના પ્રચાર અને પ્રસાર તેમજ ઘડતરમાં યજુર્વેદીય સંસ્કૃતિનો સિંહ ફાળો છે.

આમ, દર્શનોનું મૂળ વેદો છે અને વાસ્તુવિદ્યા એ ઉપવેદ છે. આ રીતે દર્શન અને વાસ્તુનો આંતરસંબંધ સ્થાપિત થાય છે, તો –

<u>પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયો અને દર્શનશાસ્ત્રની આંતરસંબંધી વિવેચના કરતા કહી શકાય કે –</u>

પ્રસ્તુત બંને ગ્રંથોનો સંબંધ જે રીતે ધર્મ સાથે છે તે જ રીતે વૈષ્ણવ, જૈન, શૈવ, શક્તિ કે બીજા કોઈ સંપ્રદાયના દાર્શનિક સિદ્ધાંતો સાથે છે. કેમકે – <u>દર્શનનો મૂલાધાર ધર્મ છે.</u>

દર્શન અને ધર્મ બંને સાથે સાથે ચાલતા હોવા છતાં બંને વચ્ચે ભેદ રેખા ધ્યાનમાં રાખવી જોઈએ. ધર્મનો સીધો સંબંધ આચરણ અને અમુક પ્રકારના કર્મકાંડો સાથે છે. જયારે દર્શનનો ઉદ્દેશ્ય સત્યનું ઉદ્ઘાટન કરવાનો છે. ધર્મ એક જીવન પદ્ધતિ છે, જયારે દર્શન એક વિશેષ વિચારધારા છે.

આથી સ્પષ્ટ છે કે દર્શનનો મૂલ આધાર ધર્મ છે અને ધાર્મિક દેવી–દેવતાઓનું સગુણ–રૂપ ત્યાં સુધી નહીં બને જયાં સુધી શિલ્પશાસ્ત્ર નહીં હોય. ગુરુ ગ્રંથ , કુરાન કે વેદ અથવા બધા ગ્રંથોનો આકાર પણ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે જ નિમિ  ત થાય છે અને પ્રસ્તુત ગ્રંથોમાં દેવ–દેવીઓના સ્વરૂપ – લક્ષણો તથા દેવપ્રાસાદોનું નિર્માણ વિધાન આપણી દાર્શનિક વિચાર ધારાને પોષે છે.

પ્રસ્તુત ગ્રંથ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં દેવપ્રાસાદોની સંરચના ગર્ભગૃહથી લઈને શિખા સુધી વર્ણવી છે. જેના દ્વારા પ્રતીત થાય છે કે જેવી રીતે સંસારિક કર્મો કરતા કરતા માણસ જાતે બ્રહ્મરૂપી બિંદુમાં સમાહિત થઈ જાય છે. તેવી જ રીતે દેવપ્રાસાદ ચારેય પુરુષાર્થ આગળ વધતા જાતે જ શિખરના બિંદુમાં સમાહિત થઈ જાય છે.

વાસ્તુશાસ્ત્ર પ્રમાણે આધ્યાત્મિક વિચારધારામાંથી નિર્મિત મંદિરના દર્શનથી આધ્યાત્મિક ભાવનાની અનુભૂતિ થાય છે.

મંદિરના કેટલાક પર્યાયો છે – પ્રાસાદ, દેવાયતન, દેવાલય, દેવનિકેતન, દેવાગાર, દેવરા, દેવસ્થાન, દેવગૃહ, ઈશ્વરાલય વગેરે. આ બધાના મૂળમાં દેવવાસની કલ્પના જ પ્રેરિત લાગે છે. [(૨૬)]

ભારત અને ભારત સિવાયના અન્ય ક્ષેત્રોમાં આ કલ્પનાને આકાર મળ્યો છે. વસ્તુતઃ એક દેવાલય કોઈ પુરુષના દેહની સંરચનાથી ઉતરતુ નથી. પત્થર, શિલા, ધાતુ, રત્નાદિ આ દેવાલય રૂપી દેહની અસ્થિઓ છે. જેનાથી તેના અંગ–ઉપાંગો બને છે. પગની જેમ દેવાલયની પીઠિકા બને છે. જંઘા, સ્કંધ, નાસિકા, શિર, શિખા આ બધું તુલનાત્મક રૂપથી સમસૂત્રમાં દેખાય છે. જેવી રીતે દેહને સુંદર દેખાડવામાં આવે છે, તેવી રીતે દેવાલયના સૌંદર્ય માટે કલાત્મક સુશોભન કરી વિકસિત કરવામાં આવે છે. જીવિત શરીરમાં જેવી રીતે હૃદયમાં આત્માનો નિવાસ માનવામાં આવે છે તેવી જ રીતે દેવાલયના ગર્ભગૃહમાં આત્મારુપ પરમાત્માની સ્થિતિ છે.

'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં આ અવધારણા આ પ્રમાણે સ્પષ્ટ કરી છે.

*प्रासादो देवरूपः स्यात् पादौ पादशिलास्तथा ।*

*गर्भ श्चैवोदरं ज्ञेयं जंघा पादोर्ध्व मुच्यते ।।*

*स्तंभाश्चजानवोज्ञेया घंटा जिह्वा प्रकीर्तिता ।*

*दीपः प्राण रूपो ज्ञेया ह्यपाने जल निर्गतः ।।*

*ब्रह्म स्थानं यदेतच्च तन्नाभि परिकीर्तिता ।*

*हृदयं पीठिका ज्ञेया प्रतिमा  पुरूषः स्मृतः ।।*

*पादचारस्त्वहंकारो जोतिस्तच्चक्षुरूच्यते ।*

*तदुर्ध्वं प्रकृतिस्तस्य प्रतिमात्मा स्मृतौ बुधैः ।।*

*तल कुंभा दधो द्वारं तस्य प्रजननं स्मृतम् ।*

*शुकनाशा भवेन्नासा गवाक्षः कर्ण उच्यते ।।*

*कायापाली स्मृतः स्कंधे ग्रीवा चालमसारिका ।*

*कलशस्तु शिरो ज्ञेयो मज्जादित्पर संयुतं ।।*

*मेदश्च वसुधा विद्यात् प्रलेपो मांसमुच्यते ।*

*अस्थिनो च शिलास्तस्य स्नायुकीलादयः स्मृताः ।।*

*चक्षूंषि शिखरास्तस्य ध्वजाकेशप्रकीर्तिताः ।*

*एवं पुरूषरूपं तु ध्यायेच्च मनसा सुधीः ।।* (૨૭)

**અર્થાત્ –** **અહીં *प्रासादो देवरूपः स्यात्*, કહીને પ્રાસાદની દેવ શરીર રૂપે કલ્પના કરી છે. જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.**

## <u>પ્રાસાદની દેવશરીરરુપ કલ્પના</u>

| **પ્રાસાદ અંગ** | **દેવશરીર અંગ** |
|---|---|
| **પાયાની શિલા** | **પગ રૂપે** |
| **ગર્ભ ગૃહ** | **ઉદર રૂપે** |
| **પાયા પરની જગતી** | **જાંઘ રૂપે** |
| **થાંભલા** | **ઢીંચણ રૂપે** |

| | |
|---|---|
| ઘંટા | જીભ રૂપે |
| દીપક | પ્રાણ રૂપે |
| પ્રવાલ | ગુદા રૂપે |
| દેવનું બ્રમ સ્થાન | નાભિ રૂપે |
| પીઠિકા | હૃદય રૂપે |
| પ્રતિમા | પુરુષ રૂપે |
| પગનો સંચાર | અહંકાર |
| દીપનો પ્રકાશ | ચક્ષુ રૂપે |
| ઉપરનો ભાગ | પ્રકૃતિ |
| પ્રતિમા | આત્મા રૂપે |
| દ્વારના કુંભીના તલથી નીચેનો ભાગ | લિંગ રૂપે |
| શિખરનો શુકનાશ | નાસિકા રૂપે |
| ગવાક્ષ – જરૂખા | કાન રૂપે |
| શિખરોના સ્કંધ | ખભા રૂપે |
| આમલસારાનું ગળું | કંઠ રૂપે |
| આમલસારાનો કળશ | મસ્તક રૂપે |
| ચૂનાનું પ્લાસ્ટર | ચામડી રૂપે |
| પૃથ્વી | મેદ રૂપે |
| ચૂનાનો લેપ | માસ રૂપે |
| શિલાઓ | હાડકાં રૂપે |
| ખીલા, પાઉ, કુકરા | સ્નાયું રૂપે |
| શૃંગ | ચક્ષુ રૂપે |
| ધ્વજા | કેશ રૂપે |

આ રીતે દેવપ્રાસાદની દેવપુરુષ રૂપે કલ્પના કરી છે. આથી દેવાલયના દર્શનથી જન્મથી આધ્યાત્મિકતા કર્મમાંથી કર્મયોગ તરફ અને કર્મયોગ કરતા કરતા ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ કરતો મનુષ્ય અંતે બ્રહ્મમાં સમાહિત થાય છે. અથવા પુનર્જન્મના સિદ્ધાંત મુજબ જીવ પ્રાણી અનેક કોટિની યોનિમાં જન્મતા જન્મતા આખરે બ્રહ્મમાં વિલીન થાય છે અને આ સિદ્ધાંતે જ દેવમંદિરના શિખરો શંકુ આકારે છે. આપણા શાસ્ત્રોમાં પુરુષોત્તમની કલ્પના પુરુષ શબ્દથી જ કરાય છે. જેમકે – સાંખ્યદર્શનમાં પુરુષ અને પ્રકૃતિ, વેદમાં પુરુષ સૂક્તમાં પુરુષની કલ્પના, શ્રીમદ્ ભગવત્ ગીતામાં પુરુષોત્તમ, કાવ્યશાસ્ત્રોમાં કાવ્યપુરુષ અને વાસ્તુશાસ્ત્રમાં વાસ્તુપુરુષ.

અહીં પુરુષની કલ્પના જાણે કે ક્ષર–અક્ષરથી પર એવા ઉત્તમ પુરુષની કલ્પનાથી જાણે કે અદ્વૈત સિદ્ધાંતને પ્રગટ કરે છે.

વાસ્તુ દ્વારા નિર્મિત ઈશ્વરની મૂર્તિ પહેલા સાકાર સ્વરુપનો બોધ કરાવે છે, પછી નિરાકાર બ્રહ્મમાં સમાવેશ મુમુક્ષું થાય છે અને બધા દેવી–દેવતાના દર્શનથી બહુદેવતાવાદ દ્વારાજ એકેશ્વર બ્રહ્મનો બોધ થાય છે. વાસ્તુમાં માનવ શરીરના પાંચ તત્ત્વ પણ વિદ્યમાન છે. આત્મ તત્ત્વની સાથે જીવનના ચાર પુરુષાર્થોનું બ્રહ્મની સાથે મંદિરમાં નિરુપણ કરવામાં આવ્યું છે.

| <u>ચાર પુરુષાર્થો</u> | <u>ચાર અવસ્થા</u> | <u>ચાર માર્ગ</u> |
|---|---|---|
| ધર્મ | બાલ્યાવસ્થા | ઋગ્વેદ–જ્ઞાનમાર્ગ |
| અર્થ | કૌમારાવસ્થા | યજુર્વેદ–કર્મમાર્ગ |
| કામ | યુવાવસ્થા | સામવેદ–ભક્તિમાર્ગ |
| મોક્ષ | વૃદ્ધાવસ્થા | અથર્વવેદ–ધર્મમાર્ગ |

આ ચાર પુરુષાર્થોનો મનુષ્ય સાથે તેમજ વાસ્તુશાસ્ત્ર સાથે સમન્વય સધાયેલો છે. આથી કહી શકાય છે કે દર્શનનો મૂલાધાર ધર્મ છે અને ધર્મના સિદ્ધાંતોનું પ્રતિપાદન તે દર્શન છે.

આથી કહી શકાય કે મૂર્તિ એ આધ્યાત્મિક ઉપાસનાનું પ્રતિક છે અને દેવાલય અદ્વૈત સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. આથી જ પ્રસ્તુત ગ્રંથોના વર્ણ્ય વિષયો અને દર્શનશાસ્ત્રનો આંતરસંબંધ સ્થાપિત થાય છે.

જોકે બંને ગ્રંથોમાં આ સંદર્ભે તફાવત પણ જોઈ શકાય છે. 'રાજવલ્લભ' માં મૂર્તિ–કલા, દેવાલય, આદિના વિધાનો નથી. આથી 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ના વર્ણ્ય વિષયોનો દર્શનશાસ્ત્ર સાથે સંબંધ છે, તેમ કહી શકાય.

૭.૫ '*राजव©भ*' અને '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' ના વર્ણ્ય વિષયોનો અર્થશાસ્ત્ર સાથે સંબંધ

ભારતીય વાસ્તુ પરંપરામાં બે પ્રકારની પરંપરાઓ પ્રાપ્ત થાય છે. (૧) દૈવી પરંપરા (૨) આસુરી પરંપરા

તેમાં દૈવી પરંપરાના ગુરુ બૃહસ્પતિએ જ વાસ્તુશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને વ્યાકરણ શાસ્ત્રની રચના કરી. આમ વાસ્તુશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર એક જ દૈવી પરંપરામાંથી પ્રાપ્ત થયા છે. પરંતુ અર્થશાસ્ત્રની પ્રાચીનતા વિશે વિચારીએ તો –

વેદોએ આપણો અમૂલ્ય વારસો છે. સામાજિક, ધાર્મિક, આર્થિક કે રાજનૈતિક પાસાંઓથી સુસંબદ્ધ તે વૈદિક સાહિત્ય મનુષ્યને જીવમાંથી શિવ તરફ ગતિમાન બનાવે છે. વેદોમાં રાજનીતિ અને રાજા, કે રાજયવ્યવસ્થા વિશે માહિતી પ્રાપ્ત થાય છે. જુદા–જુદા વૈદિક મંત્રોમાં રાજ, રાજા, રાજય વ્યવસ્થા, રાષ્ટ્ર, સભા, પરિષદ્ વગેરે શબ્દોના ઉલ્લેખોના આધારે કહી શકાય કે – સૃષ્ટિના આરંભથી જ રાજયશાસ્ત્રની શરુઆત થઈ હશે અને આ રાજયશાસ્ત્રનો આધાર જેના પર છે તે શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.

રાષ્ટ્રની આર્થિક વ્યવસ્થાને સુદ્દઢ બનાવવા માટે રાજાએ રાષ્ટ્ર ભૂમિનો સંપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. એમ માનતા કૌટિલ્યએ રાષ્ટ્રની સ્થાપનાનો મૂળભૂત આધાર ભૂમિને જ ગણાવ્યો છે અને કહ્યું છે કે –

*મનુષ્યાણાં વૃત્તિરર્થં, મનુષ્યવતી લૂમિરિત્યર્થઃ ।*

*તસ્યા પૃથિવ્યા લાભપાલનોયોઃ શાસ્ત્રમર્થશાસ્ત્રમિતિ ।।* (૨૮)

અર્થાત્ – મનુષ્યની જીવિકાને અર્થ કહેવાય છે અને મનુષ્યો વાળી ભૂમિને જ અર્થ કહેવાય છે. તે ભૂમિને લાભ કરનારા અને ભૂમિનું પાલન કરવાના ઉપાયો બતાવનાર શાસ્ત્ર જ અર્થશાસ્ત્ર છે. તેમજ અર્થશાસ્ત્ર એટલે પૃથ્વીની પ્રાપ્તિ અને રક્ષણ માટે લખાયેલ શાસ્ત્ર અને ધનની પ્રાપ્તિ માટેના ઉપાયો પણ તેમાજ બતાવાયા છે.

આથી જ કૌટિલ્યે કહ્યું છે ભૂમિ જ પ્રજાના ત્રિવિધ પુરુષાર્થ ધર્મ, અર્થ અને કામની પૂર્તિ માટેનું પ્રાથમિક સાધન છે. તેથી જ ભૂમિના શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહ્યુ છે.(૨૯)

ભૂમિનું શાસ્ત્ર તે અર્થશાસ્ત્ર અને વાસ્તુની રચના ભૂમિ ઉપર જ થાય છે. માટે વાસ્તુવિદ્યામાં ભૂમિનું વધુ મહત્ત્વ છે. દરેક ભૂમિ સમાન હોતી નથી. કોઈ ભૂમિ ઉપર નિવાસ કરવાથી સુખ, સંપત્તિ અને શાંતિ મળે છે. જયારે કેટલીક ભૂમિ ઉપર નિવાસ કરવાથી દુઃખ આપત્તિ જેવા કસ્ટ મળે છે. તો વાસ્તુવિદ્યા આપણને ભૂ–પરીક્ષા દ્વારા ઉત્તમ ભૂમિની પ્રાપ્તિનું વિધાન કરે છે. જેનાથી મનુષ્ય ઉત્તમ જીવિકા – અર્થ પણ પ્રાપ્ત કરી શકે. આ રીતે અર્થશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્રનો આંતરસંબંધ જોઈ શકાય છે.

<u>પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયો અને અર્થશાસ્ત્રની આંતરસંબંધી વિવેચના કરતા કહી શકાય કે –</u>

પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોનો સંબંધ જે રીતે ધર્મશાસ્ત્ર સાથે છે તેજ રીતે અર્થશાસ્ત્ર સાથે જોઈ શકાય તેમ છે. જેમકે – બંને ગ્રંથોમાં વાસ્તુ નિર્માણ પૂર્વેની વિધિ જેવી કે– ભૂપરીક્ષા, ભૂમિખનન, દ્વારદિશા, ગૃહારંભ, વાસ્તુકર્મ, આયાદિતત્ત્વાધિકાર, ગૃહ પ્રવેશ, નગરદ્વાર વગેરે વિધિમાં જયોતિષના આધારે કંઈ રીતે અર્થ પ્રાપ્તિ અને કયાં નિયમના ઉલ્લંઘનથી અર્થ નાશ થઈ શકે તે વિધિવિધાન બતાવાયા છે. જેમકે –

— **ગૃહનું મહત્ત્વ**

**ગૃહથી જ ગૃહસ્થાશ્રમ છે અને વ્યક્તિ ગૃહમાં રહિને જ ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ કરે છે. તે સંદર્ભે બંને ગ્રંથોમાં સમાન ઉક્તિ છે –**

*स्त्रीपुत्रादिकभोगसौख्यजननं धर्मार्थकामप्रदम् ।*

*जंतूनांलयनं सुखास्पदमिंदं शीतांबुधर्मावहम् ।।*

*वापी देवगृहादिपुण्यमखिलं गेहात्समुत्पद्यते ।*

*गेहे पूर्वमुशन्ति तेन विबुधाः श्री विश्वकर्मादयः ।।* (૩૦)

**આમ, ઘર જ સ્ત્રી–પુત્રાદિકનું સુખ, ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ કરાવનાર છે.**

— **ગૃહારંભ વિચાર**

**મનુષ્યને સુખાદિ અને વિશ્રામદાયક ગૃહ જ છે. માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે શુભ માસ, શુકલ પક્ષ, ચંદ્રબલ, શુભદિવસે અને શુભ મુહૂર્ત જોઈને જયારે સૂર્ય ઉત્તરાયણમાં ગમન કરતો હોય ત્યારે ગૃહારંભ અને ગૃહ પ્રવેશ શુભ છે.**(૩૧) **આથી વાસ્તુવિશારદોએ ગૃહારંભે માસ ફળ અને રાશિફળનો નિર્દેશ કર્યો છે.**

**ગૃહારંભે માસફળ** (૩૨)

| ક્રમ | ગૃહારંભ માસ | ફળ |
|---|---|---|
| ૧ | ચૈત્ર | શોકોત્પત્તિ |
| ૨ | વૈશાખ | ધન પ્રાપ્તિ |
| ૩ | જયેષ્ઠ | મૃત્યુ |
| ૪ | અષાઢ | પશુનાશ |
| ૫ | શ્રાવણ | સર્વ પ્રકારે વૃદ્ધિ |
| ૬ | ભાદ્રપદ | ગૃહ શૂન્ય બને |
| ૭ | અશ્વિન | કલેશ |
| ૮ | કાર્તિક | નોકર નાશ |
| ૯ | માર્ગશીર્ષ | ધાન્યવૃદ્ધિ |

| | | |
|---|---|---|
| ૧૦ | પૌષ | ધાન્યવૃદ્ધિ |
| ૧૧ | માઘ | અગ્નિ ભય |
| ૧૨ | ફાલ્ગુન | લક્ષ્મીની પ્રાપ્તિ |

**ગૃહારંભે રાશિફળ** (૩૩)

| ક્રમ | રાશિમાં સૂર્ય | ફળ |
|---|---|---|
| ૧ | મેષ | શુભ |
| ૨ | વૃષભ | ધનવૃદ્ધિ |
| ૩ | મિથુન | મરણ |
| ૪ | કક | શુભ |
| ૫ | સિંહ | નોકર વૃદ્ધિ |
| ૬ | કન્યા | રોગ |
| ૭ | તુલા | સુખ |
| ૮ | વૃશ્ચિક | ધનવૃદ્ધિ |
| ૯ | ધન | મહાહાનિ |
| ૧૦ | મકર | ધન લાભ |
| ૧૧ | કુંભ | રત્નલાભ |
| ૧૨ | મીન | ભય |

આમ, ગૃહારંભ વિચારમાં વાસ્તુશાસ્ત્ર સાથે અર્થલાભ અને સુખાદિનો વિચાર કરે છે. તેથી વાસ્તુ પ્રમાણે ગૃહારંભ કરવાથી મનુષ્ય વૃત્તિ–જીવિકા પ્રાપ્ત કરવામાં સુભદતા પ્રાપ્ત કરે છે. જે અર્થશાસ્ત્રનો હેતુ છે.

— <u>ભૂ – પરીક્ષા અને પ્લવ વિચાર</u>

વાસ્તુની રચના ભૂમિ ઉપર થાય છે. માટે વાસ્તુવિદ્યામાં ભૂમિનું વધુ મહત્ત્વ છે. દરેક ભૂમિ સમાન હોતી નથી કોઈ ભૂમિપર નિવાસ કરવાથી સુખ, સંપત્તિ અને શાંતિ મળે છે તો કોઈ ભૂમિપર નિવાસથી દુઃખ, આપત્તિ જેવા કષ્ટ આવે છે. આથી જ વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો પ્રમાણે વાસ્તુના નિર્માણ પૂર્વે ભૂમિ પરીક્ષણ અવશ્ય કરવું જોઈએ. મત્સ્યપુરાણમાં કહ્યું છે કે – *<u>पूर्वे भूमि परीक्षेत पश्चाद्वास्तु प्रकल्पयेत्</u> ।* (૩૪)

અર્થાત્ – 'પહેલા ભૂમિનું પરીક્ષણ કર્યા બાદ જ વાસ્તુની રચના કરવી.'

કારણકે ભૂમિની પરીક્ષાના આધારે જ ભૂમિની યોગ્યતા–અયોગ્યતાનો નિર્ણય થઈ શકે છે. ભૂમિના ઉત્તમ, મધ્યમ અને અધમ ત્રણ પ્રકારો ગણાવ્યા છે અને તેમાં અધમ ભૂમિ પર નિવાસ કરવાનો નિષેધ છે. આથી ભૂમિ કેવી હશે તે જાણવા માટે પ્રસ્તુત ગ્રંથોમાં અલગ–અલગ પરીક્ષણો અને ભૂમિ લક્ષણો આપ્યા છે. અંતે ભૂમિની ફલપ્રાપ્તિમાં કઈ ભૂમિ દ્વારા કેવું ફળ મળે છે તે પણ નિર્દેશ કર્યો છે.

બંને ગ્રંથોમાં સૌપ્રથમ બ્રાહ્મણાદિ વર્ણ માટે શુભપ્રદ ભૂમિના નિર્દેશો કર્યા છે. ત્યાર પછી પ્રશસ્તા ભૂમિનું લક્ષણ આપતા કહ્યું છે કે –

*शस्तौषधिद्रुमलता मधुरा सुगन्धा ।*
*स्निग्धा समा न सुषिराच मही नाराणाम् ॥*
*अप्यध्वनिश्रमविनोदमुपागतानाम् ।*
*धत्ते श्रियं किमुत शाश्वतमन्दिराणाम् ॥* (૩૫)

અર્થાત્ – " જયાં ઉત્તમોત્તમ ઔષધીઓ, વૃક્ષ, લતા ખૂબ લીલી ભરી હોય, માટી સમત્વ, મધુર અને સુગંધા તેમજ ચીકણી ભૂમિ મનુષ્યો માટે નિવાસ કરવા યોગ્ય ઉત્તમ ભૂમિ છે. આવી ભૂમિ રસ્તાના પથિકને વિશ્રામ કરવાથી લક્ષ્મી પ્રદાન કરે છે તો ગૃહ બનાવનાર માટે તો શું કહેવું ? "

અર્થાત્ – આવી શુભલક્ષણા ભૂમિ પર ગૃહાદિ બનાવનાર ને કદી ધન, જન ઈત્યાદિની કમી રહેતી નથી.

ભૂમિનાઢાળ / પ્લવના આધારે ભૂમિનું પરીક્ષણ કરવાનાં નિર્દેશો કર્યા છે. તેના ફલાફલના વિધાનો આ પ્રમાણે છે.

## પ્લવાધારિત ભૂ–પરીક્ષા (૩૬)

| ક્રમ | પ્લવ દિશા | શુભાશુભ ફળ |
|---|---|---|
| ૧ | પૂર્વ | આયુષ્ય,બળ,સવ પ્રકારની સંપતિ તેમજ રાજય સન્માન અને આનંદકારી છે. |
| ૨ | અગ્નિકોણ | અગ્નિભય, શત્રુભય, કલેશ |
| ૩ | દક્ષિણ | પુરુષ નાશ, ધનહાનિ, રોગ ઉપદ્રવ |
| ૪ | નૈઋત્યકોણ | કલેશ, રોગ અને મૃત્યુદાયક, ધનહાનિ |
| ૫ | પશ્ચિમ | ધન–ધાન્યનો વિનાશ, દુઃખવૃદ્ધિ |
| ૬ | વાયવ્યકોણ | શત્રુઉત્પત્તિ, કડવાસ વધારનાર, કુળનાશ, ગૃહસ્વામી નાશ, દુઃખ–ભય ઉત્પન કરનાર |
| ૭ | ઉત્તર | નિત્ય લાભદાયી, પુત્ર–પુત્રાદિની વૃદ્ધિ, સર્વ પ્રકારના સુખ, વૈભવ, ધનસંપતિ આપનાર |
| ૮ | ઈશાનકોણ | પતિ–પત્નીને સુખ સૌભાગ્ય આપનારી, ધન અને ઐશ્વર્ય સંપન્ન ધર્મ આપનારી |

આ રીતે આઠેય દિશાના પ્લવના આધારે ગુણ–દોષ વર્ણવતા ધન પ્રાપ્તિ અને ધનનાશના નિર્દેશો કર્યા છે. આ પ્રમાણે વાસ્તુ નિર્માણ કરવાથી વર્તમાન સમયમાં પણ સુખ, સંપત્તિ અને શાંતિ પ્રાપ્ત કરી શકાય.

આ ઉપરાંત ભૂપૃષ્ઠ પરથી ભૂમિ પરીક્ષણનો પણ નિર્દેશ કર્યો છે.(૩૭) જે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

| <u>ક્રમ</u> | <u>ભૂપૃષ્ઠ</u> | <u>શુભાશુભ ફળ</u> |
|---|---|---|
| ૧ | ગજપૃષ્ઠ ભૂમિ | લક્ષ્મીની પ્રાપ્તિ અને આયુષ્યવૃદ્ધિ |
| ૨ | કૂર્મપૃષ્ઠ | ઉત્સાહ વૃદ્ધિ, સુખ, ધન, ધાન્યનોલાભ |
| ૩ | દૈત્યપૃષ્ઠ | ધન, પુત્ર, પશુ ઈત્યાદિની હાનિ |
| ૪ | નાગપૃષ્ઠ | ઉદ્વેગ, મૃત્યુ, ભય, સ્ત્રી, પુત્રાદિકની હાનિ અને શત્રુવર્ધક છે |

આ રીતે ગજપૃષ્ઠ અને કૂર્મપૃષ્ઠ ભૂમિને અર્થ પ્રાપ્તિ માટે શુભ અને પ્રશસ્તા ગણાવી છે.

– <u>દિક્સાધન અને દ્વારવિચાર</u>

વાસ્તુશાસ્ત્ર એ દિશા આધારિત શાસ્ત્ર છે અને દિશાઓના અધિપર સૌરમંડળના ગ્રહો છે. આથી ગ્રહોની સ્થિતિના આધારે દિશા જ્ઞાન કરી શકાય અને દિશાના આધારે ધન–ધાન્ય, સુખ–સંપત્તિ આપી શકે તેવા ગૃહનું નિર્માણ કરી શકાય.

આથી વાસ્તુના પ્રસ્તુત ગ્રંથોમાં વાસ્તુના નિર્માણ પૂર્વે દિક્શોધન અનિવાર્ય ગણાવ્યું છે અને નક્ષત્ર, ધ્રુવ તારો અને વૃત્તાકારથી દિક્ શોધનનો નિર્દેશ કર્યો છે.

જે દિશામાં મેષ અને તુલારાશિનો સૂર્યોદય હોય અને શ્રવણ અને કૃત્તિકા નક્ષત્રનો ઉદય હોય તે પૂર્વ દિશા જાણવી, ચિત્રા અને સ્વાતી નક્ષત્ર મધ્યમમાં હોય તો પણ પૂર્વ દિશા જ માનવી. આ દિશામાં આવાસ મહેલ અને નગર વસાવવાથી આયુષ્ય અને ધનની અભિવૃદ્ધિ થાય છે.[૩૮]

આ ઉપરાંત સિંહ, કર્ક, મકર, કુંભ રાશિના સૂર્યમાં પૂર્વ–પશ્ચિમ દ્વાર, તુલા, મેષ, વૃશ્ચિક, વૃષભ રાશિના સૂર્યમાં દક્ષિણ–ઉત્તર દ્વાર બનાવવા જોઈએ. આનાથી વિરુદ્ધ કરવાથી દ્રવ્યહાનિ થાય છે.[૩૯]

દિશા અને દ્વાર દિશાના આધારે અર્થપ્રાપ્તિના વિધાનો છે જે વર્તમાન સમયમાં અર્થ અને આરોગ્ય માટે ઉપયોગી છે.

– <u>આયાદિતત્ત્વાધિકાર</u>

પ્રસ્તુત બંને ગ્રંથોમાં આયાદિ તત્ત્વોના નિર્દેશો છે. વાસ્તુનિર્માણ પૂર્વે આયાદિ તત્ત્વો મેળવવા માટેનો વિધિ અને તત્ત્વો સાથે ગૃહ સ્વામીના લેણદેણના આધારે મનુષ્ય ગૃહાદિથી સુખ, સંપત્તિ અને શાંતિ મેળવી શકે.

બંને ગ્રંથોમાં આયાદિ તત્ત્વોના વિધાના માટે એક–એક અધ્યાય આપ્યો છે. જે તત્ત્વો છે આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશ, ચંદ્ર, રાશિ, તિથિ–વાર–લગ્ન, પૃથ્વી આદિ પંચતત્ત્વો, કરણ, વિષ્કુંભાદિયોગ ઈત્યાદિ તત્ત્વોનાના આધારે પણ અર્થ પ્રાપ્તિના ઉપાયો અને નિયમ ભંગથી અર્થનાશના વિધાનો કર્યા છે.

ઉલ્લેખનીય છે કે આયાદિ તત્ત્વોના વિધાનો વિસ્તારપૂર્વક આગળ વર્ણવ્યા છે. આથી વિસ્તાર કરતી નથી.

પરંતુ 'રાજવલ્લભ' પ્રમાણે કહી શકાય કે –

*આયર્ક્ષવ્યયતારકાંશકવિધૂન્ રાશિં ગ્રહાદ્યં તથા*

*ધાન્યં સૌરવ્યયશોભિવૃદ્ધિરધિકાયસ્માદતઃ કથ્યતે ।* (૪૦)

અર્થાત્ – ગૃહાદિ વિશે આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશ, ચંદ્ર અને રાશિ મેળવવાની રીત બતાવીએ છીએ. કારણકે તેઓ શ્રેષ્ઠ આવ્યેથી ધાન્ય, સુખ અને યશની અધિક વૃદ્ધિ થાય છે.

– <u>અન્ય બાબતો</u>

વાસ્તુશાસ્ત્રના પ્રસ્તુત ગ્રંથોના વર્ણ્ય વિષયોનો અર્થશાસ્ત્ર સાથે આંતરસંબંધ જોતા કઈ શકાય કે – ઉપરોક્ત વિધાનો સિવાય, ગૃહપ્રવેશ, ભૂમિખનન, વાસ્તુપૂજન વિધાન વગેરેમાં અર્થ–ધન પ્રાપ્તિના ઉલ્લેખો છે. તો મંડને ગૃહની સામે દૂધવાળા વૃક્ષ હોવાથી ધનનાશનું વિધાન કર્યુ છે.

કૌટિલ્યે અર્થનું વિધાન કરતા જનવતી પૃથ્વીને પણ અર્થ કહી છે અને પૃથ્વીના લાભ / પ્રાપ્તિ અને પાલન માટેના શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહ્યું છે. તો અહીં 'રાજવલ્લભ' ગ્રંથમાં દુર્ગ નિર્માણના વિધાનો, દુર્ગના પ્રકારો, દુર્ગની સામગ્રી, દુર્ગમાં રક્ષણ યંત્રો, નગરઆયોજન, નગરના પ્રકારો, માર્ગો, નગરદ્વાર, રાજપ્રાસાદ અને તત્સંબંધી નિર્દેશો

કર્યા છે. જે મુજબ વાસ્તુનિર્માણ કરવાથી રાજા અને પ્રજાને સુખ, યશ અને ધનની પ્રાપ્તિ થાય છે.

આ રીતે વાસ્તુવિષયો સાથે જ પ્રસ્તુત બંને ગ્રંથોમાં ધન–ધાન્યની વૃદ્ધિ અને ધનનાશ વગેરેના વર્ણનો પ્રાપ્ય છે. પરંતુ બંને ગ્રંથોમાં તત્સંબંધી તફાવત પણ જોઈ શકાય છે. 'રાજવલ્લભ' એ જનવાસ્તુનું નિરુપણ કરતો ગ્રંથ હોવાથી જનોપયોગી અર્થના વિધાનો તેમા વધારે જોઈ શકાય છે. જેમ કે ગૃહના પ્રકારો, જયોતિષ પ્રમાણે મુહૂર્તો, શકુનો, રાજભવનો આદિમાં અર્થ વિષયની પ્રાપ્તિ થાય છે.

અંતે કહી શકાય કે – જયાં જયાં જયોતિષ સાથે સંબંધ છે ત્યાં ત્યાં અર્થ પ્રાપ્તિ અને ધન નાશના ઉલ્લેખો છે.

## ૭.૬ '*राजव©भ*' અને '*शिल्पस्मृतिवास्तुविद्यायाम्*' ના વર્ણ્ય વિષયોનો અન્ય શાસ્ત્રો સાથે સંબંધ

પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયો વાસ્તુવિદ્યાને વર્ણવે છે અને વાસ્તુનો મૂલાધાર પાંચ મહાભૂત અને પ્રાકૃતિક શક્તિઓ છે. પંચમહાભૂત – પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ છે. તેમજ ગુરુત્વાકર્ષણ શક્તિ, ચુંબકીયશક્તિ અને સૂર્ય ઉર્જા આ ત્રણ પ્રાકૃતિક શક્તિઓ છે. ગૃહાદિનું નિર્માણ આ બધી શક્તિઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જેથી તેમાં રહેનાર વ્યક્તિ આ શક્તિઓથી વંચિત ન રહે કારણકે આ શક્તિઓના આધારે જ વ્યક્તિનું તન–મન અને જીવન સંતુલિત રહે છે. આથી, કહી શકાય કે વાસ્તુશાસ્ત્ર એ વૈજ્ઞાનિક તથ્ય પર આધારિત વિજ્ઞાન છે. જેવી રીતે વિજ્ઞાનમાં ચોક્કસ નિયમો હોય છે તેવી રીતે વાસ્તુશાસ્ત્રમાં પણ, દિશા, તલમાપ અને સમય ઈત્યાદિ તેના નિયમો છે અને આ નિયમોના ભંગ કરવાથી ગૃહસ્વામીને અનેક દુઃખ, વ્યાધી તેમજ આપત્તિઓનો પણ સામનો કરવો પડે છે.

આમ ચોક્કસ નિયમો પર આધારિત વાસ્તુવિદ્યાનુ નિરુપણ કરતા પ્રસ્તુત ગ્રંથોનો સંબંધ વિજ્ઞાન સાથે છે તેમ કહી શકાય.

વાસ્તુશાસ્ત્રમાં વાસ્તુનિર્માણ પૂર્વે આયાદિ સાથે ગૃહસ્વામીના લેણ–દેણ નક્કી કરવા માટે ભૂમિનું ક્ષેત્રફળ,ઘનફળ,વ્યાસ,પરિઘ અને ક્ષેત્રફળના આધારે આય, વ્યય, નક્ષત્ર, તારા, ચંદ્ર, રાશિ, પૃથ્વી આદિ તત્ત્વ, આયુષ્ય આદિ વિધાનો કર્યા છે. પ્રસ્તુત બંને ગ્રંથોમાં પણ ગણિતશાસ્ત્ર પ્રમાણે ગુણન, ભાજન આદિ રીતિઓ બતાવી છે. એટલું જ નહિં 'રાજવલ્લભ' ગ્રંથમાં '*गणितक्षेत्राद्भुतम्* ' નામનો આખો અધ્યાય આપ્યો છે.(૪૨) જેમાં પરમાણુથી હસ્ત સુધીના માપ, ક્ષેત્રફળ (વિવિધાકાર ક્ષેત્રફળ),વ્યાસ, પરિઘ,ઘનફળ વગેરે મેળવાના વિધાનો આપ્યા છે અને પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોનો સંબંધ જયોતિષ સાથે જોઈ શકાય છે. તો જયોતિષનો પ્રથમ સ્કંધ ગણિત/સિદ્ધાંત છે. આથી પ્રસ્તુત વિષયોનો સંબંધ ગણિતશાસ્ત્ર સાથે પણ છે તેમ કહી શકાય.

વાસ્તુશાસ્ત્ર એ આપણું પ્રાચીન શાસ્ત્ર છે અને પ્રાચીન સમયમાં પર્યાવરણનું ખૂબ જ મહત્ત્વ હતું. દરેક મનુષ્ય પોતાની આસપાસના વિસ્તારમાં પર્યાવરણની જાળવણી કરતો. અહીં સૂત્રધાર મંડને પણ પ્રકૃતિનું હૃદય ગણાતા અને મનુષ્ય માટે વાતાવરણને શુદ્ધ કરતા દોષ રહિત અને દોષપુર્ણ વૃક્ષોનું વર્ણન કર્યું છે. જેમકે – દૂધવાળા, કાંટાવાળા, ફળવાળા વૃક્ષોને ગૃહોપયોગી માન્યા નથી. પરંતુ પુષ્પવાળી લતાયૂકત વૃક્ષોને સ્વીકાર્ય ગણાવ્યા છે.(૪૩)

જેમકે — ત્યાજ્ય વૃક્ષાદિ — દૂધવાળા, કાંટાવાળા, ઘણા ફળવાળા

શુભ વૃક્ષાદિ — ચંપો, ગુલાબ, કેળ, ચમેલી, કેતકી, દ્રાક્ષનો મંડપ, ચંદન, પૂષ્પવેલીઓનો મંડપ,પીંપળ, અને દાડમી

વૃક્ષાદિના પરિણામ સંદર્ભે વિધાન છે કે –

*सदुग्धवृक्षा द्रविणस्य नाशं कुर्वन्ति ते कण्टकिनोऽरिभीतिम् ।*

*प्रजाविनाशं फलिनः समीपे गृहस्य वर्ज्याः फलधौतपुष्पाः ॥*(૪૪)

| | | | |
|---|---|---|---|
| અર્થાત્ – | દૂધવાળા વૃક્ષ | – | ધનનાશ |
| | કાંટાવાળા વૃક્ષ | – | શત્રુભય |
| | ઘણા ફળવાળા વૃક્ષ | – | સંતતિનાશ |
| | પીળા ફૂલવાળા વૃક્ષ | – | નિંદનીય |

તેમજ બંને ગ્રંથોમાં દિશા અનુસાર વૃક્ષો રોપવાનો નિર્દેશ આ પ્રમાણે છે.

ગૃહની ઉત્તરદિશાએ – કપિત્થ, દક્ષિણે–ઉંબરો, પશ્ચિમે–પીપળો,પૂર્વે–વડ એ ચાર દિશાએ ચાર જાતિના વૃક્ષો રોપવા(૪૫)

આ રીતે પ્રસ્તુત ગ્રંથો પ્રાચીન સંસ્કૃતિના વૃક્ષો જે પૂજનીય છે તેનો નિર્દેશ કરી વાસ્તુ સાથે પર્યાવરણનો પણ નિર્દેશ કરે છે. આ ઉપરાંત ગૃહદ્વાર, એકથી વધારે દ્વાર, દ્વાર દિશા વગેરેમાં પણ વાતાનુકૂલન જ સધાય છે. માટે જ પ્રસ્તુત ગ્રંથોનો સંબંધ પર્યાવરણ સાથે પણ છે, તેમ કહી શકાય.

વાસ્તુશાસ્ત્રના નિયમોનું વાસ્તુ નિર્માણ પૂર્વે પરિપાલન થવું જરૂરી છે. ભૂમિ પસંદગી, ભૂમિખનન, ભૂમિ પૃષ્ઠાકાર, તે સાથે તેનો તાલમેલ પણ થવો જોઈએ. જો તેનુ પાલન ન થાય તો માનવના આરોગ્ય પર તેની વિપરીત અસર ઝીલાય છે અને તેના કારણે માનવ રોગગ્રસ્ત બંને છે.  આ રોગ અવસ્થા પ્રાપ્ત ન થાય તેના માટે પ્રસ્તુત ગ્રંથોના વર્ણ્ય વિષયોમાં કેટલાક નિર્દેશો પ્રાપ્ત થાય છે. જે આ પ્રમાણે વ્યક્ત કરી શકાય – જેમકે – ભૂમિનોઢાળ.

ભૂમિનોઢાળ અલગ અલગ દિશામાં હોવાના કારણે તેના જુદા–જુદા પરિણામો ફલરૂપે પ્રાપ્ત થાય છે. પૂર્વ અથવા ઈશાન કોણ તરફનો ભૂમિનોઢાળ શુભપ્રદ માનવામાં આવ્યો છે. કેમકે સૂર્યની સકારાત્મક ઉર્જા વાસ્તુને પ્રભાવિત કરે છે. જે માનવને આરોગ્ય પ્રદાન કરે છે. પણ તેનાથી વિપરીત ભૂમિઢાળ માનવને રોગ ગ્રસ્ત બનાવે છે. ગૃહાદિના નિર્માણમાં દ્વાર વિચાર પણ છે. જો ગૃહની નાભિમાં દ્વાર હોય તો સર્વરોગનો દાતા બને છે. પરિણામે વાસ્તુના સિદ્ધાંત પ્રમાણે ગૃહનિર્માણનો નિર્દેશ છે.

આથી કહી શકાય કે આયુર્વેદની જેમ રોગને દૂર રાખવાના ઉપાયો પ્રસ્તુત ગ્રંથોના વર્ણ્ય વિષયો પણ આપે છે. તેથી આયુર્વેદ સાથે પણ આંતર સંબંધ જોઇ શકાય છે.

આ ઉપરાંત સુખ – સમૃદ્ધિ અને પ્રગતિશીલ દેશો સિંગાપુર અને હોંગકોંગમાં વધુમાં – વધુ જેનો ઉપયોગ થઇ રહ્યો છે તે ફેંગ–શૂઈ પણ વાસ્તુના નિયમો મુજબ જ બનાવેલ છે. તેથી તેની સાથે પણ પ્રસ્તુત ગ્રંથોના વર્ણ્ય વિષયો સંલગ્ન છે તેમ કહીએ તો કંઈ અતિશયોક્તિ નથી.

## ૭.૭ નિષ્કર્ષ

વાસ્તુપૂર્વે એટલે કે વાસ્તુની રચના પૂર્વે નક્ષત્રાદિનું ચિંતન, ગૃહનિર્માણ આરંભ સમય વગેરે જ્યોતિષ મુજબ થાય છે તો દેવપ્રસાદો, દેવમૂર્તિ કલા વિધાન અને તત્સંબંધી સિદ્ધાંતોમાં ધર્મ સાથે જ દર્શનશાસ્ત્ર અને વર્તમાન સમયમાં મનુષ્ય જેની સૌથી વધારે ઈચ્છા કરે છે તે અર્થ આદિના વિધાનો ઉપરાંત વિજ્ઞાન, ગણિત, પર્યાવરણ અને આયુર્વેદ સાથે પ્રસ્તુત ગ્રંથોના વર્ણ્ય વિષયો સંલગ્ન છે. પરંતુ વાસ્તુના સિદ્ધાંતો,રીતીઓ, પ્રકારો આદિમાં મળતા સામ્ય વૈષમ્યની જેમ પ્રસ્તુત શાસ્ત્રોના સંબંધમાં પણ બંને ગ્રંથોમા તફાવત દૃષ્ટિગત થાય છે. જેમકે – જ્યોતિષશાસ્ત્ર સાથેનો સંબંધ થોડા વૈષમ્યથી છે તો ધર્મ અને દર્શન શાસ્ત્ર સાથે હૃદયપૂર્વક સ્પર્શતો હોય તેવો 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ગ્રંથ છે અને અર્થશાસ્ત્રના સંબંધમાં કહી શકાય કે 'રાજવલ્લભ' ગ્રંથ વધારે સંલગ્ન છે.

## પાદ–ટીપ

| <u>ક્રમ</u> | <u>નામ</u> | <u>શ્લોક ક્રમ</u> |
|---|---|---|
| ૧ | પાણિનીય શિક્ષા | ૪૧–૪૨ |
| ૨ | નારદપુરાણ પૂર્વભાગ બીજોપાદ<br>બૃહત્સંહિતા | ૫૪,૧–૨ સામ્ય<br>૧,૯ |
| ૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૧૫ સામ્ય *राजव©भ* ૩,૮ |
| ૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૨૧–૨૨ |
| ૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૫,૩૦ |
| ૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | અધ્યાય–૫, પૃ.નં. ૧૪૭ |
| ૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૬,૧૦૩ થી ૧૦૮ |
| ૮ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૮ |
| ૯ | *राजव©भ*<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧,૭ સામ્ય<br>૪,૧ |
| ૧૦ | *राजव©भ* | ૧,૬ |
| ૧૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૨૧ |
| ૧૨ | *राजव©भ* | ૧૧,૧૭ |
| ૧૩ | *राजव©भ* | ૧૧,૧૮ |
| ૧૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ)<br>*राजव©भ* | ૨,૨૮ – ૨૯ સામ્ય<br>૧,૯ |
| ૧૫ | *राजव©भ* | ૧૧,૨૩ |
| ૧૬ | *ऋग्वेद* | ૧૦,૯૦,૧૬ |
| ૧૭ | *छांदोग्य उपनिषद्* | ૨–૨૩ |
| ૧૮ | અનુશાસન પર્વ | ૧૧૫ – ૧ |
| ૧૯ | મનુસ્મૃતિ | ૧,૧૦૮ |
| ૨૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૬,૧૨૭ |
| ૨૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૬,૧૩૧ |
| ૨૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૬,૧૩૭–૧૩૮ |

| | | |
|---|---|---|
| ૨૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૧,૨૮–૨૯ |
| ૨૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૧,૩૫ |
| ૨૫ | મહાભારતમ્ | શાંતિપર્વ |
| ૨૬ | પ્રાસાદમંડનમ્ | ભૂમિકા પૃ.નં. ૩ |
| ૨૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૩–૮ થી ૧૫ |
| ૨૮ | કૌટિલ્ય અર્થશાસ્ત્ર | ૧,૧ |
| ૨૯ | કૌટિલ્ય અર્થશાસ્ત્ર | ૧૫,,૧,૧ |
| ૩૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૧,૧૦ સામ્ય<br>૧,૫ |
| ૩૧ | *राजव©भ* | ૧,૬ |
| ૩૨ | *राजव©भ*<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧,૭ સામ્ય<br>૪,૧ |
| ૩૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૪,૩ થી ૫ |
| ૩૪ | *मत्स्यपुराणम्* | ૧૧૬ |
| ૩૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧,૩૩–૩૪ |
| ૩૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૧,૧૫ થી ૨૪ સામ્ય<br>૧,૧૭ |
| ૩૭ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧,૨૫ થી ૩૨ |
| ૩૮ | *राजव©भ* | ૧,૧૦ |
| ૩૯ | *राजव©भ* | ૧,૮ |
| ૪૦ | *राजव©भ* | ૩,૧ |
| ૪૧ | *राजव©भ* | ૧,૨૯ |
| ૪૨ | *राजव©भ* | અધ્યાય–૧૦ |
| ૪૩ | *राजव©भ* | ૧,૨૮ |
| ૪૪ | *राजव©भ* | ૧,૨૯ |
| ૪૫ | *राजव©भ*<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (ઉત્તરાર્ધ) | ૧,૩૦ સામ્ય<br>૬,૮૩ |

# પ્રકરણ : ૮

# ' *राजव©भ* ' અને

# ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* '

# ના વર્ણ્ય વિષયોની

# પ્રાસંગિકતા અને ઉપાદેયતા

# પ્રકરણ – ૮

# ' *राजव©भ* ' અને ' *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* ' ના વર્ણ્ય વિષયોની પ્રાસંગિકતા અને ઉપાદેયતા

## ૮.૧ ભૂમિકા

પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોનું વિહંગાવલોકન કરીને સ્પષ્ટ થયું કે વેદ–ઉપવેદમાં વાસ્તુશાસ્ત્ર અને શિલ્પકળાનો સમાવેશ થયો છે અને તેના વર્ણ્ય વિષયો, જયોતિષ, ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, અર્થશાસ્ત્રાદિ સાથે સંબંધ ધરાવે છે. તેમજ તેના વાસ્તુપરંપરામાં સ્થાનાદિનો વિચાર કરતા કહી શકાય કે બંને ગ્રંથો ખૂબ જ પ્રાચીન અને આપણા ઉત્કૃષ્ટ અનમોલ રત્નો છે. તેની ઉપાદેયતા અને પ્રાસંગિકતાની વિવેચના કરતા કહી શકાય કે, વર્તમાન સમયમાં જયાં જયાં વાસ્તુના સિદ્ધાંતોનો ઉપયોગ જરુરી છે. ત્યાં ત્યાં પ્રસ્તુત ગ્રંથોના વિષયો ઉપયોગી બની શકે તેમ છે.

પરંપરાગત ભારતીય વાસ્તુકળા અને શિલ્પ–સ્થાપત્યો, દેશી–વિદેશી અભ્યાસીઓ, સંશોધકો, શિલ્પશાસ્ત્રીઓ અને પુરાતત્વશાસ્ત્રીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં છે. ત્યારે અને પ્રવર્તમાન સમયમાં ફેંગસૂઈ ઘણું પ્રચારમાં છે. તેમાં ચાઈનીઝ–બૌદ્ધ પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં પર્વત, ડ્રેગન, દેડકા, ફિનીકસ, પક્ષી, વાંસના છોડ, સાંસ્કૃતિક પ્રતીકો તથા ચીનના દેવી–દેવતાઓના ચિત્રોનો વ્યાપક ઉપયોગ થાય છે. પરંતુ આપણી ભારતીય સંસ્કૃતિ, દેશ–કાળ, આબોહવા, ખોરાક વગેરે ચીનની સંસ્કૃતિથી જુદાં પડે છે. ત્યારે આવી વિદેશી પદ્ધતિઓના બદલે ભારતીય સંસ્કૃતિથી જુદાં પડે છે. અને જેમાં વાસ્તુશાંતિ અને વાસ્તુદોષ નિવારણના શાસ્ત્રીય ઉપાયો સરળ રીતે નિરુપાયેલા છે. તેવા પ્રસ્તુત ગ્રંથોના વર્ણ્ય વિષયો વિવિધ ક્ષેત્રે ઉપયોગી થઈ શકે તેમ છે. કેમકે વાસ્તુશાસ્ત્ર એ માત્ર બારી–બારણાં,ઈંટ, ચૂનો કે

પથ્થર જ નથી પરંતુ જીવ સૃષ્ટિથી આરંભીને એકકોષીયથી બહુકોષીય અને અંતતોગત્ત્વા હિરણ્યગર્ભથી વિરાટ સુધીનો સંબંધ ધરાવે છે.

વાસ્તુવિદ્યાની વાસ્તવિક્તા ત્યારે આગળ આવી જયારે વિશ્વકર્માને દેવપક્ષનું શિલ્પી તરીકે કાર્ય સોંપવામાં આવ્યું. વિશ્વકર્મા એ ભૂ–પરીક્ષણો કરી ભવ્ય ઈમારતો, રાજમાર્ગો, અંતઃપુરો, હવામહેલો, શાલાઓ, ચબૂતરાઓ વગેરેનું બાંધકામ કર્યુ પછીથી ભૂ,ભૂવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ અને સત્યલોકમાં આ વિદ્યા ખૂબ જ પ્રચલિત બની.

માનવ–જાતિ અસ્તિત્ત્વમાં આવી તે પહેલા દૈવી અને આસુરી સંપત્તિઓના વિભાજન થઈ ચૂકયા હતા, અનેક કલ્પ–કલ્પાંતરોથી થયેલા યુદ્ધમાં તમામ રચનાઓ નષ્ટ પ્રાયઃ થઈ ચૂકી હતી. ત્યાર પછી એક નવી સૃષ્ટિની રચના થઈ, તેમાંજ પ્રમુખ અઢાર આચાર્યોએ વાસ્તુ સંબંધી કાર્ય હાથ ધરી આલિશાન ભવનો, આવાસો, બહુમંજિલ અટ્ટાલિકાઓ, દુર્ગો, રાજપથો, કૂપ–વાવ વગેરે તથા ગ્રામ–નગરોના નિર્માણ કર્યા.

આજે માનવ રહેઠાણ બનાવવા માટે ભૂમિમાંથી પત્થરો કાઢીને, સિમેન્ટ, ઈંટો, પત્થરોથી મકાન બાંધે છે. તેની પાછળ વૈદિક ઋષિઓની હજારો વર્ષની આરાધના રહેલી વૈદિક ઋષિઓએ હજારો વર્ષ સુધી સંશોધન કરી માનવ માટે કંઈ–કંઈ વસ્તુ લાભકારી, સુખકારી અને હાનિકર્તા છે તેનો વિચાર કર્યો તે વાસ્તુવિદ્યા અને આવી વાસ્તુવિદ્યાનું નિરુપણ કરતા ગ્રંથોમાં પ્રસ્તુત ગ્રંથો પ્રથમ હરોળમાં મુકી શકાય તેમ છે ત્યારે પ્રાચીન સમયથી માનવમાત્ર માટે ખૂબ જ ઉપયોગી થઈ રહ્યો હશે અને ' વાસ્તુશાસ્ત્ર ' નો મૂળ ઉદ્દેશ્ય લોક હિતનો જ છે. વિશ્વકર્મા એ પોતાના એક ગ્રંથની શરૂઆતમાં લખ્યું છે કે — *वास्तुशास्त्रं प्रवक्ष्यामि लोकानां हितकाम्यया ।* (૧)

આ પ્રમાણે લોકોનું હિત કરનારા અનેક વિધાનો વાસ્તુવિદ્યાના પ્રસ્તુત ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. જેવા કે – ભૂ–પરીક્ષા, ખનન વિધિ, શલ્યશોધન, દ્વારદિશા, શિલાસ્થાપના, વાસ્તુપૂજન, આયાદિઅધિકારતત્ત્વો, ગણિત–જયોતિષાધારિત સિદ્ધિ–અસિદ્ધ યોગ, મુહૂર્તો, ગૃહાદિના પ્રકારો, પ્રાસાદવિવેચના, દુર્ગ, નગર,

જળસ્રોતો, દેવી–દેવતાના સ્વરૂપો, દેવાદિની પ્રતિષ્ઠાવિધાન આદિ વિષયક વિચારોને પ્રસ્તુત ગ્રંથોમાં ખૂબ જ સચોટ રીતે દર્શાવવામાં આવ્યા છે.

પ્રવર્તમાન સમયમાં પણ આ નિયમોનુ પાલન કરીને વાસ્તુની રચના કરવામાં આવે છે અને આ ગ્રંથોના વર્ણ્ય વિષયોને જયોતિષ, ધર્મ, દર્શન, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, પર્યાવરણ, આયુર્વેદ વગેરે સાથે સંબંધ હોવાથી તેની સારી–નરસી અસર મનુષ્યના જીવનપર થાય છે. તે નિરબાધિતરુપ પ્રતિપાદિત થયું છે. માટે આધુનિક સમયમાં મનુષ્યે પોતાના પ્રાદેશિક હવામાન, દેશ–કાળ અને સંસ્કૃતિ પ્રમાણે અલગ–અલગ દૃષ્ટિકોણથી તેનો ઉપયોગ જાણવો ખૂબ જ જરૂરી છે.

## ૮.૨ પૃથ્વી સંબંધી ઉત્પાતોથી રક્ષામાં પ્રસ્તુત વિષયોની ઉપયોગિતા

પૃથ્વી સંબંધી ઉત્પાતો જેવા કે ભૂકંપ, ભયંકર દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડું વગેરેના ભયથી વૈશ્વિક શાંતિ જરૂરી છે. જે ટાળી શકાતુ નથી પરંતુ તેમાંથી બચવાના થોડા ઉપાયો જાણવા અને તે પદ્ધતિથી આવાસાદિનું નિર્માણ કરવાથી તે હાનિ પહોંચાડતા નથી જેમ " કવચ ધારણ કરેલા મનુષ્યને બાણોનો પ્રહાર નુકશાન કરતો નથી તે રીતે ધર્મ પરાયણ તથા શાંતિ કરનારા મનુષ્યોને દૈવનો પ્રહાર હાનિ પહોંચાડતો નથી.[૨]

આથી વાસ્તુશાસ્ત્રએ બતાવેલ આ નિયમોનો ઉપયોગ જાણકાર વિદ્વાનોએ કરવો જેથી પૃથ્વી સંબંધી ઉત્પાતો ભૂકંપ વગેરેથી લોકોને બચાવી શકાય, જેમકે

ભૂમિ પરીક્ષા બંને ગ્રંથોમાં બતાવ્યા પ્રમાણે સર્વે રીતે પ્રશસ્તાભૂમિ ગૃહાદિના નિર્માણમાં પસંદ કરવી. આ ઉપરાંત વાસ્તુનિર્માણ માટેની જમીન જોતી વખતે તેનો આકાર, બાજુના રસ્તા, વર્ણ, સ્વાદ, પાણીનો પ્રવાહ, ભૂપૃષ્ઠ, ખોદકામ કરતા નીકળતી વસ્તુઓ, શલ્યદોષ, વૃક્ષોની સ્થિતિ વગેરેથી પરીક્ષા કરવી જોઈએ.

તેમજ શલ્યશોધન અને ભૂમિ શુદ્ધિ વગર વાસ્તુપૂજા ભય આપનારી છે. તો ભૂમિની આસપાસના ભાગમાં મંદિર–જિનાલયાદિ અને મોટુ વૃક્ષ ન હોવા જોઈએ. તેમજ બંને ગ્રંથોમાં બતાવેલ જળશોષણ દ્વારા ભૂમિ પરીક્ષા કરીને દોષ રહિત વાસ્તુ પૂજા કરવી.

વાસ્તુનિર્માણના મુહૂર્ત  જેવા કે – ભૂમિપૂજન, મુહૂર્ત, ગૃહારંભે માસ શુદ્ધિ, સૂર્યની સ્થિતિ, ભૂમિશયન, નાગશિરો વિચાર, રાહુમુખ, વાસ્તુપુરુષની સ્થિતિ, દિશા સંશોધન આદિ વાસ્તુના સિદ્ધાંતોનો પ્રવર્તમાન સમયમાં પણ થોડો ઉપયોગ વધ્યો હોવાથી આ વિચારો આધુનિક સંદર્ભોથી સમીક્ષાર્થે ઉપયોગી થઈ શકે તેમ છે.

આથી કહી શકાય કે ગૃહાદિનું નિર્માણ કંઈ ભૂમિ પર કરવું, કઈ પદ્ધતિથી કરવુ, કઈ દિશામાં દ્વારાદિ રાખવું વગેરેની વિસ્તૃત માહિતી પ્રસ્તુત ગ્રંથોના વિષયમાંથી પ્રાપ્ત થાય છે. જે અત્યારના સમયમાં ખૂબજ ઉપયોગી છે. તેના પ્રમાણે વાસ્તુનિર્માણ કરવાથી કુદરતી પ્રકોપોથી દૈવનો પ્રહાર હાનિ પહોંચાડતો નથી.

## ૮.૩ અર્થ અને આરોગ્ય માટે પ્રસ્તુત વિષયોની ઉપયોગિતા

વર્તમાન સમય એટલે સ્પર્ધાત્મક યુગ અને સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવા માટે મનુષ્યો પોતાનાથી બનતા બધાજ પ્રયત્ન કરતા–કરતા પણ સુખ, શાંતિ અને સંપત્તિ માટે પ્રાયઃ વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો તરફ નમ્યું છે. ત્યારે પ્રસ્તુત વિષયોમાં બતાવેલ સિદ્ધાંતો પ્રમાણે ગૃહાદિનું નિર્માણ કરવાથી વ્યક્તિ અર્થ અને આરોગ્ય બંને પ્રાપ્ત કરી શકે.

વાસ્તુશાસ્ત્રનો આંતરસંબંધ અર્થશાસ્ત્ર સાથે છે. જેમકે તેમા અર્થ પ્રાપ્તિ અને અર્થનાશનાં વિધાનો છે. તેવી જ રીતે વાસ્તુશાસ્ત્રનો સંબંધ આયુર્વેદ સાથે પણ છે જેમકે – વાસ્તુવિદ્યાનો ઉદ્દેશ્ય લોકહિત છે તો આયુર્વેદનું પ્રયોજન.

" સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યની રક્ષા કરવી અને રોગી વ્યક્તિના રોગને દૂર કરવા." (૩)

વાસ્તુશાસ્ત્ર એક વિજ્ઞાન છે. માનવ અને પ્રકૃતિ પરસ્પર જોડાયેલા છે. પ્રકૃતિના પ્રત્યેક પરિવર્તનની અસર માનવ ઝીલે છે. નિર્મિત થતી પ્રત્યેક સંરચના ' વાસ્તુ ' કહેવાય છે અને આકૃતિરૂપે ' વાસ્તુ ' પરિણમન પામે છે. વાસ્તુશાસ્ત્ર સૂર્યકિરણ અને તેની શક્તિ પર અવલંબિત છે. તો દિશા અને ઉપદિશાએ આ શાસ્ત્રની ધરોહર છે. પ્રાકૃતિક તત્ત્વ સાથેનું સામંજસ્ય માનવને પરમ સુખની પ્રાપ્તિ કરાવે છે. પંચતત્ત્વ એ વાસ્તુશાસ્ત્રનાં પાયામાં છે. આ તત્ત્વો સાથે માનવનું સંતુલન વાસ્તુ દ્વારા સાધવાનો પ્રયત્ન કરવામાં આવે છે. વાસ્તુશાસ્ત્રનું લક્ષ્ય માનવને તત્ત્વ સાથેના સંતુલન દ્વારા સુખ પ્રદાન કરવાનું છે. દિશા–ઉપદિશા અને તેના સ્વામી અને તેના દ્વારા પ્રાપ્ત થતું ફળ એ અંતિમ લક્ષ્યની ગતિવિધિ છે. માનવ શરીર પંચતત્ત્વોનું બનેલું છે. વાસ્તુશાસ્ત્રમાં પણ પંચતત્ત્વનો સ્વીકાર થયો છે. માટે જ ભૂમિપર આકાર પામતા ગૃહાદિના નિર્માણ માટે પંચતત્ત્વો અને દિશાઓનું જ્ઞાન અનિવાર્ય છે. તેના સંતુલન વડે વાસ્તુશાસ્ત્રના નિયમો અનુસાર ભવન–નિર્માણથી તેમા નિવાસ કરનાર માનવ રોગ મુક્ત અને સુખ સંપન્ન થાય છે.

માનવ પંચમહાભૂતનો બનેલો પિંડ છે. ' *यत् पिण्डे तत् ब्रह्माण्डे* ' અનુસાર ચુંબકીય અસરો ઝીલાતી હોય છે. માનવ શરીર પર પંચમહાભૂત અને વાત, પિત, કફનો પ્રભાવ છે. જો સંતુલન યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ચરિતાર્થ ન થાય તો તેના દુષ્પરિણામો પ્રાપ્ત થાય છે. જયારે તેઓ વચ્ચેનું સંતુલન સધાય છે. ત્યારે માનવનું પરમ લક્ષ્ય સુખ, સંપત્તિ અને શાંતિ ને સાધી શકાય છે. પરંતુ વાસ્તુની રચના જો પ્રાકૃતિક નિયમથી વિપરીત કરવામાં આવે તો માનવના આરોગ્ય પર વિપરીત અસર કરે છે અને માનવ તેના નકારાત્મક પરિણામો ઝીલે છે. માટે વાસ્તુશાસ્ત્રના પ્રસ્તુત નિયમોનું વાસ્તુ પૂર્વે પરિપાલન થવું જરૂરી છે. જેવા કે, ભૂમિ પસંદગી, ભૂમિ ખનન, ભૂમિ આકાર, વાસ્તુપૂજન એ પ્રત્યેક ગતિવિધિ સાથે તેનો તાલ મેલ થવો જોઈએ. જો તેનું પરિપાલન ન થાય તો પ્રાકૃતિક તત્ત્વોની વિપરીત અસરના કારણે માનવના અર્થ અને આરોગ્યને હાનિ થાય છે.

પ્રસ્તુત ગ્રંથોમાં વાસ્તુ નિર્માણ પૂર્વેના કેટલાક સિદ્ધાંતો પ્રાપ્ત થાય છે. જેમકે –

ભૂમિનો ઢાળ અલગ–અલગ દિશામાં હોવાના કારણે તેના જુદા જુદા પરિણામો ફલરૂપે પ્રાપ્ત થતા હોય છે. જેમકે – પૂર્વ, ઉત્તર અને ઈશાન કોણ તરફનો ભૂમિનો ઢાળ શુભપ્રદ માનવામાં આવ્યો છે.[૪] કારણકે સૂર્યની સકારાત્મક ઉર્જા વાસ્તુને પ્રભાવિત કરે છે. જે માનવને આરોગ્ય પ્રદાન કરનાર છે. તેનાથી વિપરીત ભૂમિનો ઢાળ માનવને હાનિ કરે છે. તો ભૂમિનો પૃષ્ઠાકાર સંદર્ભે કહ્યું છે કે –

*गजपृष्ठे भवेद्वासः सलक्ष्मी धनपूरितः ।*

*आयुर्वृद्धिकरी नित्यं जायते नात्र संशयः ॥*

*कूर्मपृष्ठं भवेद्वासो नित्योत्साह सुखप्रदः ।*

*धनधान्यं भवेत्तस्य निश्चितं विपुलं धनम् ॥* [૫]

ભૂમિના ભૂપૃષ્ઠનો પણ ભૂમિ પસંદગી વખતે વિચાર કરવો. જે ભૂમિ ગજપૃષ્ઠ અને કૂર્મપૃષ્ઠ હોય તે અર્થ, આરોગ્ય, આયુષ્ય અને યશમાં વૃદ્ધિ કરનાર છે.

ગૃહાદિના નિર્માણમાં પણ દ્વારવિચાર પણ કરવામાં આવેલ છે. જેમાં સૂર્ય સંક્રાંતિ, વત્સમુખાધારિત દિશા વગેરેના નિર્ણય છે.

*तस्माद्वत्स मुखं दिशासु भवनद्वारा दिकं हानिकृत् ।*

*सिंहंचाथ वृषं च वृश्चिकघटं याते हिते सर्वदा ॥*[૬]

આ રીતે વત્સના મુખની દિશામાં અને વત્સની પાછળ દ્વાર મુક્તા હાનિ અને આયુષ્યનો ક્ષય થાય છે.

આ ઉપરાંત પૂર્વ દિશામાં આવાસાદિ નિર્માણ કરવાથી આયુષ્ય અને ધનની અભિવૃદ્ધિ થાય છે.[૭] તેમજ ખનન મુહૂર્તમાં નાગમુખ વિચાર કરવો શુભાવહ છે. નાગની કુક્ષિથી ગૃહારંભ કરવાથી પુત્ર અને ધનની પ્રાપ્તિ થાય છે. તેમજ વાસ્તુ પૂજા ન કરવાથી થતા દોષોથી પણ માનવ તનાવગ્રસ્ત રહે છે.

મકાનની શરૂઆત કેવા સમયમાં કરવામાં આવે છે, તે સમયના ગૃહોની ચોક્કસ અસરો તેમા વસવાટ કરનાર ઉપર અનુભવાય છે. ગૃહારંભ સમય સ્થિત ગ્રહોના જીવંત તરંગો અને તેમાં રહેનારના જન્મના ગ્રહોના રાશિ–નક્ષત્રનો મેળ શુભ હોય તો ઘરનું વાતાવરણ તાદાત્મ્ય બની રહે છે.

તેમજ વાસ્તુનિર્માણમાં એકશાલ, દ્વિશાલ, ત્રિશાલ અને ચતુર્શાલ ગૃહ કરવાના વિધાનો અને તેની શુભાશુભ અસરોનું પણ મંડને ગૃહાદિના પ્રકાર સહિત નિરુપણ કર્યુ છે. તેમાં અમુક એકશાલ, અમુક દ્વિશાલ ગૃહોને અશુભ માનવામાં આવ્યા છે. જેમકે – જે ગૃહમાં કરિણી અને મહિષી શાલાઓ સમ્મિલિત હોય તે સિદ્ધાર્થ ગૃહ છે. તે શુભફલદા છે. ગાવી અને મહિષીશાલાઓ સમ્મિલિત હોય તે યમસૂર્ય ગૃહ છે. તે મૃત્યુકારક છે. છાગી અને ગાવીના યોગથી બનેલ ગૃહ દંડ છે. તે ધનનાશક છે. હસ્તી અને છાગી શાલાના યોગથી બનેલ ગૃહ કાચ છે. તે પણ ધનનાશક છે. તો ગાવી અને કરિણીના યોગથી બનેલ ગૃહ ચુલ્લી છે. તે પણ વર્જિત છે.[૮]

આમ, દોષયુકત દ્વિશાલ ગૃહનાં નિર્માણથી તેમાં નિવાસ કરનાર માનવી વાત દોષથી અને વાયુની બિમારીથી પીડિત રહેતો હોય છે. મંડને એક મત એ પણ આપ્યો છે કે ઉત્તર દિશામાં દ્વાર વાતાનુકૂલીન રીતે પ્રશસ્ત નથી. તેને કહ્યું છે.

*एक द्वारं प्राङ्मुखं शोभनं ।* [૯] એક દ્વાર બનાવવું હોય તો પૂર્વ દિશામાં, બે દ્વાર રાખવા હોય તો પૂર્વ અને પશ્ચિમમાં અને ત્રણ દ્વાર રાખવા હોય તો મુખ્ય દ્વાર દક્ષિણ દિશા છોડીને બનાવવું.

આમ દિશા અને ઉપદિશાઓ વાસ્તુશાસ્ત્રમાં તેની રચના સંદર્ભે અત્યંત મહત્ત્વના છે. આ દિશાઓ અને ઉપદિશાઓ ગૃહરચનામાં દોષને કારણે તેમા નિવાસ કરનાર વ્યક્તિને અનેક પ્રકારની આધિ–વ્યાધિ જન્મતી રહે છે.

મંડને સ્થાનાદિનું કેટલુંક નિરુપણ આ પ્રમાણે કર્યુ છે કે, – નૃત્યશાળા પૂર્વમાં, પશ્ચિમમાં, વાયવ્ય અને અગ્નિ કોણમાં, શોચાલય નૈઋત્યમાં તથા પશ્ચિમમાં ભોજનાલય પ્રશસ્ત છે. (૧૦)

આ રીતે પ્રસ્તુત વાસ્તુશાસ્ત્રના કેટલાક નિર્દેશો પ્રમાણે ગૃહાદિની રચના કરવાથી વ્યક્તિ સુખ, શાંતિ, સંપત્તિ અને આરોગ્ય પ્રાપ્ત કરે છે.

## ૮.૪ ગૃહારંભે જયોતિષશાસ્ત્રીય તત્ત્વોની દૃષ્ટિએ

ગૃહારંભે ગ્રહ, નક્ષત્ર, રાશિ, વાર, પક્ષ, તિથિ અને શુભ યોગ આદિનો વિચાર કરી, તેના શુભત્ત્વને જોઈને ગૃહ પ્રવેશ કરવાથી ગૃહપતિને શુભફળ મળે છે, જેના વર્ણન જયોતિષશાસ્ત્રમાં છે અને પ્રસ્તુત ગ્રંથો પ્રમાણે ગૃહારંભનું શુભ મુહૂર્ત આ પ્રમાણે છે.

પક્ષ ⇨ શુક્લ પક્ષ

શુભમાસ ⇨ વૈશાખ, શ્રાવણ, માર્ગશીર્ષ, પૌષ, ફાલ્ગુન

શુભ નક્ષત્ર ⇨ ભરણી, કૃત્તિકા, અશ્લેષા, મઘા, પૂ.ફાલ્ગુન, પૂ.ષાઢા, પૂ.ભાદ્રપદ, મૂલ, વિશાખા

અયન ⇨ ઉત્તરાયણ

તિથિ ⇨ શુક્લપક્ષની ૧, ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧ શુભ છે.

વાર ⇨ સોમ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, ચંદ્રબળ, તારાબળ જોઈને શુદ્ધ લગ્ને ગૃહારંભ કરવો શુભ છે.

ગૃહપ્રવેશ ⇨ મૃગશીર્ષ, અનુરાધા, પુષ્ય, ચિત્રા, ઘનિષ્ઠા, ત્રણેય ઉત્તરા, શતભિષા, સ્વાતિ, અશ્વિની, રેવતી રોહિણીમાં ગૃહપ્રવેશ શ્રેષ્ઠ છે. પરંતુ રિક્તા તિથિ, રવિવાર, મંગળવારમાં ગૃહ પ્રવેશ ન કરવો.

તેમજ ચંદ્રબળ વિધાન, સિદ્ધિયોગ, મૃત્યુયોગ, મુહૂર્તો, સિંહસ્થ ગુરુનો ત્યાગ વગેરે જયોતિષ વિધાનો અને ગૃહાદિનો આરંભ અને પ્રવેશ તે દરેક બાબતની પ્રાસંગિકતા આજે પણ જોવા મળે છે. ગૃહનિર્માણ સમયે અને ગૃહ પ્રવેશ સમયે શુભ નક્ષત્ર, તિથિ, માસ,વાર ને શુભાશુભ માનીને નિર્માણ સમયમાં કે ગૃહ પ્રવેશ સમયમાં પરિવર્તન કરવામાં આવે છે. જેથી ગૃહમાં નિવાસ કરનાર સુખ–સમૃદ્ધિ, ધર્મસંપન્ન બની શકે તેમજ દુઃખ–દારિદ્રથી મુક્ત બને.

આમ, જયોતિષ વિધાનની પ્રાસંગિકતા આજે પણ જોવા મળે છે.

## ૮.૫ વાસ્તુપૂજન વિધાનની દૃષ્ટીએ

ગૃહ પ્રવેશ પૂર્વે વાસ્તુપુરુષની પૂજા સર્વતોભાવેન શાસ્ત્રસમ્મત છે, માટે – વાસ્તુપૂજનની વિધિ અર્થાત્ ભૂમિપૂજનની વિધિની અને ગૃહપ્રવેશે વાસ્તુ યજ્ઞોની પ્રાસંગિકતા આજે પણ જોવા મળે છે. તેમા જયોતિષ વિધાન ઉપરાંત કેટલીક વખત વાસ્તુપૂજન કરવું. કયાં કયાં કરવું અને કેટલા પદનો વાસ્તુ પૂજવો તેના વિધાનો પ્રસ્તુત ગ્રંથોમાં છે. જેમકે –

*भवनपुरसुराणां सूत्रणे पूर्वमुक्तः कथित इह पृथिव्याः शोधने च द्वितीयः ।*

*तदनुं मुखनिवेशे स्तंभसंरोपणे स्याद् भवनवसनकाले पञ्चधा वास्तुयज्ञः ।।* (૧૧)

અર્થાત્ – ગૃહ, નગર અને મંદિર બનાવતા પહેલા ચારેય દિશાઓમાં ખીંટીઓ લગાવી વિધિપૂર્વક વાસ્તુપૂજન કરવું. (૧) ભૂમિશોધન કર્યા પછી, (૨) શિલાન્યાસમાં, (૩) દ્વાર સ્થાપનામાં, (૪) સ્તંભ રોપવામાં અને (૫) નિવાસ શરૂ કરતી વખતે વાસ્તુ પૂજન કરવું. તેમજ–

*प्रासादे भवने तडागखनने कूपे च वापी वने ।*

*जीर्णोद्धारे पुरे च यागभवने प्रारम्भनिर्वत्तने ।।* (૧૨)

અર્થાત્ – પ્રાસાદ, ગૃહ આરંભે , તળાવ ખોદાવતા, કૂવા, વાવ કરતાં વનમાં વૃક્ષો રોપતા વનમાં વૃક્ષોરોપતા, જીર્ણોદ્ધાર કરતા, નગર વસાવતા યજ્ઞાદિ કર્મ વખતે આદિ કર્મમાં આરંભે અને કાર્યની સમાપ્તિમાં વાસ્તુ દેવનું પૂજન કરવાથી સુખ મળે છે.

તેમજ વાસ્તુપૂજન માટે ક્ષેત્ર અનુસાર આકૃતિની રચના કરવી, ૧ પદ થી ૧૦૦૦ પદ સુધીના વાસ્તુની આકૃતિ બનાવી પૂજા થઈ શકે છે. પરંતુ સામ્ય રીતે ૬૪ અને ૮૧ પદના વાસ્તુની પૂજા કરવી તો આવશ્યક છે. (૧૩)

આ ઉપરાંત વાસ્તુ અંગે દેવતા વિન્યાસ, દેવતાને બલિ–નૈવેદ્ય, અને વાસ્તુપૂજન વિધિના વિધાનો પ્રસ્તુત ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. જયારે પ્રવર્તમાન યુગમાં માનવ વિજ્ઞાન અને ટેકનોલોજી તરફ હરણ ફાળ ભરી રહ્યા છે. ત્યારે પણ ઠેર ઠેર ભૂમિપૂજન અને વાસ્તુયજ્ઞો થઈ રહ્યાં છે. ત્યારે વાસ્તુપૂજન સંબંધી વિધાનો સમજીને તે પ્રમાણે વાસ્તુયજ્ઞો કરવાથી ગૃહપતિ સુખ–સમૃદ્ધિ, આરોગ્ય, યશ અને ધર્મ સંપન બને છે.

## ૮.૬ પર્યાવરણની દ્રષ્ટિએ

પર્યાવરણ શબ્દનો અર્થ છે. ચારેય તરફનું આવરણ – આ રીતે આપણી ચારેય તરફ જે વાતાવરણ છે. જેનો આપણે પ્રત્યક્ષ આપણે અપ્રત્યક્ષ અનિવાર્ય રૂપથી ઉપભોગ કરીએ છીએ. તે પર્યાવરણ કહેવાય. (૧૪)

આપણા વાસ્તુગ્રંથોમાં વર્ણવાયેલા પ્રાકૃતિક સંદર્ભોને આધુનિક પર્યાવરણની દ્રષ્ટિએ મૂલવવા જરૂરી છે. જેના દ્વારા આજની સૌથી મોટામાં મોટી સમસ્યા પર્યાવરણ સુરક્ષાના પ્રશ્નનો ઉકેલ કદાચ સંભવિત બને પ્રકૃતિના તત્ત્વો પર્વતો, જળસ્રોતો, વૃક્ષો, ફૂલો, પશુ–પક્ષીઓ, પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ વગેરે. આ બધા તત્ત્વોને માત્ર પ્રાકૃતિક સંદર્ભોથી ન જોતા આપણા વાસ્તુગ્રંથોએ સવિશેષ મહત્ત્વ આપ્યું છે. પર્યાવરણના આ બધા તત્ત્વોને અલગ–અલગ સંદર્ભો સાથે સાંકળીને તેનું જતન કરવાનું તેમજ તેની પવિત્રતા જાળવવાનું આપણાં પ્રસ્તુત ગ્રંથોએ જણાવ્યું છે.

મનુષ્યના પ્રત્યેક જીવન–વ્યવહાર સાથે સંલગ્ન પ્રકૃતિને 'રાજવલ્લભ' ગ્રંથમાં મંડને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. કઈ દિશામાં કયું વૃક્ષ શુભ ગણાય કે અશુભ ગણાય તે જાણવા માટે 'રાજવલ્લભ' અને 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' બંનેમાં મહત્ત્વપૂર્ણ અવતરણો પ્રસ્તુત છે.

દા. ત. ઘરની પૂર્વ દિશામાં વડ, દક્ષિણમાં ઊંબરો, પશ્ચિમમાં પીપળો અને ઉત્તર દિશાએ કપિત્થ અને એ ચારે દિશાએ ચાર જાતિના વૃક્ષો રોપવા કહ્યાં છે. [૧૫]

ઘર આંગણે દૂધવાળા વૃક્ષો હોય તો દ્રવ્યનો નાશ થાય, કાંટાવાળા વૃક્ષો હોય તો શત્રુનો ભય ઉત્પન્ન કરે, ઘણાં ફળવાળાં વૃક્ષો હોય તો બાળકનો નાશ કરે અને પીળાં ફુલવાળાં વૃક્ષો હોય તે પણ નીંદનીય છે. તેથી તેવા વૃક્ષો વાવવાનો નિષેધ કર્યો છે. તો દુષ્ટવૃક્ષો તેમજ જે વૃક્ષમાં ભૂતનો વાસ હોય તેવા વૃક્ષોને બળ વડે કાપવાં નહીં, બીલી, ખીજડો, આસોપાલવ, બોરસળી, પુન્નાગ અને ચંપો ઈત્યાદિ વૃક્ષો પણ કાપવા નહીં. તેમજ ચંપો , પાડળ, કેળ, જાઈ, કેતકી, ચંદનનું વૃક્ષ, પીંપળી અને દાડમી એ વગેરે વૃક્ષો ઘર આગળ રોપવા કહ્યાં છે. [૧૬]

તેમજ ઘર આંગણોને દ્રાક્ષનો માંડવો તથા પુષ્પવેલીઓનો માંડવો વગેરેથી સુશોભિત કરવું.

આ રીતે વાસ્તુશાસ્ત્રના પુરાણોક્ત વિધાન મુજબ વૃક્ષારોપણ કરવામાં આવે તો વ્યક્તિ અશુભથી મુક્ત બને છે. તેમજ સુખ પૂર્વક જીવન વ્યતીત કરી શકે છે. તે પ્રસ્તુત નિર્દેશો પરથી જાણી શકાય.

સુખની ઈચ્છા રાખનાર વ્યક્તિએ સરસ, અર્જુનવૃક્ષ, પનસ, શ્રીપર્ણિકા, શીશમ, હળદરવો, ચંદન, સુરતરું, પદ્માક અને ટીંબરણ વૃક્ષોનાં કાષ્ઠ ગૃહ નિર્માણમાં ઉપયોગ કરવો નહીં.[૧૭] તેમજ દૂધવાળું વૃક્ષ, આંબલીનું વૃક્ષ, બ્હેડાનું વૃક્ષનાં કાષ્ઠ પણ વાપરવા નહીં.

આ રીતે માનવજીવન સાથે પ્રકૃતિનો નાતો પૌરાણિક સમયથી જ અતૂટ રહ્યો છે અને મનુષ્યના જીવનમાં પાણીનું અતિ મહત્ત્વ છે. આ પાણીના સંગ્રહ સ્થાનો વાવ, કૂવા, તળાવ, કુંડ વગેરે જળસ્રોતોનું મંડને 'રાજવલ્લભ' માં વર્ણન કર્યુ છે. જેના નિર્માણ મુહૂર્ત, પ્રકાર, વિધિ વગેરે બતાવી જળાશય નિર્માણના ફળ વિશે કહ્યું છે. " પૃથ્વી પર માત્ર ગાયના પગ જેટલું પણ જળાશય કોઈ મનુષ્ય બનાવે તો તેને સ્વર્ગલોકના સુખો પ્રાપ્ત થાય છે." [૧૮] પરંતુ ગામના મધ્ય ભાગથી પશ્ચિમ દિશાએ સુખ આપનાર છે.

વર્તમાન સમયમાં પણ જળાશયોના નિર્માણની પ્રાસંગિકતા જોઈ શકાય છે. જેમકે – ગુજરાત રાજયના નર્મદા નદી પર બાંધવામાં આવેલ " સરદાર – સરોવર ડેમ " તથા અન્ય

ડેમો / ચેકડેમો અને ખેતરોમાં બનાવવામાં આવતી ખેતતલાવડીઓ પણ જલસંચયનોજ એક ભાગ છે.

### પંચમહાભૂત તત્ત્વ

આ સૃષ્ટિનું નિર્માણ પંચમહાભૂતતત્ત્વોમાંથી થયેલું છે. અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ અને આકાશ આ પંચમહાભૂત તત્ત્વોની શુભ અસરો મેળવવા માટે જ વાસ્તુશાસ્ત્રની રચના થયેલી છે. પંચમહાભૂતની અસરો વિશ્વના જુદા જુદા દેશોમાં જુદી જુદી રીતે અનુભવાય છે. તેના આધારે જ જે તે પ્રદેશના વાસ્તુ સિદ્ધાંતો અલગ અલગ બનાવવામાં આવે છે.

વાસ્તુશાસ્ત્રના નિયમો અને વાસ્તુપુરુષની રચના એ રીતે કરવામાં આવેલી છે કે જેનાથી સૂર્યની ગતિ, પવનની દિશા, ચુંબકીયશક્તિ અને ગુરુત્વાકર્ષણ બળના પ્રાકૃતિક પરીબળોની ઉર્જાનો શ્રેષ્ઠ લાભ પ્રાપ્ત કરી શકાય. જેથી આપણે સારું સ્વાસ્થ્ય, સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકીએ. જે તત્ત્વથી આપણું શરીર બનેલું છે તેજ તત્ત્વ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. જેને આપણે પ્રકૃતિ કહીએ છીએ. પ્રકૃતિ વિરુદ્ધનું જીવન જીવવાથી દુ:ખ, નિર્ધનતા અને અશાંતિનો ભોગ નિશ્ચયથી બનવું જ પડે છે. જેથી પ્રકૃતિ અને પંચમહાભૂતની શુભ અસરો પામી શકાય તે માટે વાસ્તુશાસ્ત્રનું જ્ઞાન અને તેના નિયમોનું પાલન કરવું અતિ આવશ્યક છે અને તેના માટે આપણે પ્રસ્તુત ગ્રંથો ઉપયોગી થઈ શકે તેમ છે.

પંચતત્ત્વો આંતર બાહ્ય માનવ સાથે અને વાસ્તુ સાથે સંલગ્ન છે તે પ્રકૃત્તિના પંચતત્ત્વોની મહત્તા આ પ્રમાણે દર્શાવી શકાય.

૧) અગ્નિતત્ત્વ : ચરાચર વિશ્વમાં અગ્નિ પ્રકારાન્તરે દ્દષ્ટિગોચર થાય છે. દક્ષિણ–પૂર્વનાં ખૂણાને ' અગ્નિખૂણો ' કહે છે. માનવ શરીરમાં જીવન ત્યાં સુધી છે કે જયાં સુધી શરીરમાં અગ્નિ છે. આ ઉર્જા બ્રહ્માંડમાં સૂર્ય દેવથી પ્રાપ્ત થાય છે. આ અગ્નિ તત્ત્વથી ભવન નિર્માણની પ્રક્રિયામાં લાભ પ્રાપ્ત થઈ શકે તે માટે સૂર્ય પ્રકાશ, તાપમાન આદિ લક્ષમાં લઈને ગૃહ દિશા, દ્વાર, બારી, રસોઈ ઘર આદિની દિશા નિર્ધારિત કરી છે.

૨) પૃથ્વીતત્ત્વ : બ્રહ્માંડીય પદાથો માં થયેલ ફેરફારોને લઈને સૂર્યમંડળમાંથી પૃથ્વી અલગ થઈ. તે પૃથ્વી તત્ત્વ સાથે વાસ્તુપુરુષનો સીધો સંબંધ છે અને માનવ શરીરમાં સૌથી વધુ પૃથ્વી

તત્ત્વ છે. આહાર, વિહાર, ગતિવિધિનું આધારબિંદુ પૃથ્વી જ છે. ગુરુત્વાકર્ષણબળ, પર્યાવરણ, ચુંબકીય શક્તિના પ્રભાવને કારણે પૃથ્વી ઉપરની આબોહવા દરેક ઠેકાણે અલગ–અલગ રહે છે. પૃથ્વીના સ્પર્શ, ગંધ, રસ, રૂપ, ધ્વનિના વિશિષ્ટ ગુણધર્મોના આધારે ચેતનાનો સંચાર થાય છે. તેનો વાસ્તુશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવે છે. વાસ્તુના પ્રસ્તુત ગ્રંથોમાં જુદા–જુદા સૂક્ષ્મ નિરીક્ષણોના આધારે આ પૃથ્વીતત્ત્વની ફળદ્રુપતાનો વિચાર કરવામાં આવે છે. માટે જ પ્રસ્તુત ગ્રંથોમાં બતાવેલ વાસ્તુસિદ્ધાંતને અનુરૂપ જમીનની પરીક્ષા કરીને ભૂખંડની પરીક્ષા કરવી જોઈએ.

૩) વાયુતત્ત્વ : સજીવ સૃષ્ટિમાં પ્રાણશક્તિના સંચાર માટે વાયુતત્ત્વ સૌથી અગત્યનું છે અને વાયુતત્ત્વનો વાહક ઈશાન ખૂણો છે. વાયુતત્ત્વના દુષિત થવાથી રોગ જન્મે છે. સૂર્યકિરણ અને પાંચ વચ્ચે ગાઢ સંબંધ છે. આથી વાસ્તુ સિદ્ધાંતોમાં દરવાજા, બારીઓ, ખડકી, હવા–ઉજાસની જાળીઓ ઉત્તર–પૂર્વ દિશાએ રાખવાના વધારે નિર્દેશો છે. શરીર સંચાલન, નાડીનું ધબકવું આદિ વાયુ પર નિર્ભર છે. વાયુ મંડળમાં ઓકિસજન, નાઈટ્રોજન, હાઈડ્રોજન, ઓઝોન, હિલિયમ વગેરે છે. જે માનવ જીવન માટે અનિવાર્ય છે. કહી શકાય કે પ્રસ્તુત ગ્રંથોમાં તેનો પણ વિચાર કરવામાં આવ્યો છે. જેમકે–ખુલ્લી જગ્યા, ફળીયું, ઉત્તર–પૂર્વમાં ઓછી ઊંચાઈ, ગૃહ સમીપ વૃક્ષ વગેરે તત્ત્વોનું નિરુપણ છે. તે પ્રમાણે ગૃહાદિનું નિર્માણ કરવાથી વાયુ તત્ત્વની પ્રાકૃતિક અસરોનું શુભત્ત્વ પ્રાપ્ત થાય છે.

૪) જલતત્ત્વ : સજીવ સૃષ્ટિને જીવિત રાખવા માટે જળની જરૂર પડે છે. વૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રમાણે $H_2O$ ના મિશ્રણથી પાણી બને છે. તે જળ તત્ત્વનો વાહક વાયવ્ય ખૂણો છે.

વાસ્તુ ભુખંડ ઉપર જળની વ્યવસ્થા કરવી આવશ્યક છે. તેમજ જયાં ભવનાદિનું નિર્માણ કરવું છે ત્યાં તે ભૂમિની અંદર જળ છે કે નહીં તેનું જ્ઞાન પણ જરૂરી છે. આપણા વાસ્તુશાસ્ત્રમાં જળની વ્યવસ્થા / સંગ્રહ સ્થાન ઈશાન ખૂણામાં કરવાનું જણાવ્યું છે.

૫) આકાશ તત્ત્વ : આકાશતત્ત્વનો વિસ્તાર અનંત છે. પૃથ્વી તથા બ્રહ્માંડમાં જે કંઈ છે તેના કારણે છે. જેમકે નિહારિકા, ગુરુત્વાકર્ષણબળ, ચુંબકીયબળ, ઉર્જા, ગ્રહ, ઉપગ્રહ, વિકિરણો, તરંગો આદિ તેમાં સમાહિત છે. આકાશ તત્ત્વ સર્વવ્યાપક છે. વાસ્તુશાસ્ત્રમાં

મધ્યભાગ ખુલ્લો રાખવાની પરંપરા છે. તે બ્રહ્મનું સ્થાન છે. સર્વવ્યાપક હોવાથી તેની મહત્તા અનેરી છે અને મંદિર–મસ્જિદ–ગુરુદ્વારના શિખર તથા પિરામિડના શંકુઆકાર આકાશ તત્ત્વની વિપુલતાનું પ્રતીક છે.

આમ વાસ્તુશાસ્ત્રમાં ભૂખંડ પરીક્ષણ તેના આકાર, પૃષ્ઠ, ફળદ્રુપતા, ઢાળ, ઊંચાઈ, આસપાસનું ક્ષેત્ર આદિનું ચિંતન કરવામાં આવે છે. જેના કારણે પંચતત્ત્વોનું સંતુલન અને દિશાઓથી પ્રાપ્ત થતી ઉર્જાઓનું યોગ્ય રીતે ભવનમાં પ્રવેશ થઈ શકે.

આથી કહી શકાય કે, વર્તમાન સમયમાં પર્યાવરણની શુદ્ધતા માટે પર્યાવરણના તત્ત્વો, વૃક્ષ, વેલી, જળસ્રોતો, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ આદિ તત્ત્વોના નિરુપણોનો સમજ, દશકાળ અને જરૂરીયાત મુજબના નિર્દેશો ગ્રહણ કરી ભવનાદિના નિર્માણથી પંચતત્ત્વોનું અને ઉર્જાનું સંતુલન થાય છે.

## ૮.૭ આધુનિક સમયમાં ભૂખંડોનું વૈજ્ઞાનિક રીતિએ ચિંતન

ભારતીય સંસ્કૃતિના બધા જ સિદ્ધાંતો પૂર્ણતઃ વૈજ્ઞાનિક છે અને તેનો એક માત્ર ઉદ્દેશ્ય બધા મનુષ્યના કલ્યાણનો છે. માનવોનું સમજદારીપૂર્વક અને ઝડપથી કલ્યાણ કેવી રીતે થાય ? સુખ–સમૃદ્ધિની પ્રાપ્તિ કેવી રીતે થાય ? આવી અનેક વાતોનો જેટલો ગંભીર વિચાર હિન્દુ સંસ્કૃતિમાં ઋષિઓએ કર્યો છે તેટલો બીજી સંસ્કૃતિઓમાં નહી હોય એમ વર્તમાન સમયમાં દેખાઈ રહ્યું છે. જન્મથી લઈને મૃત્યુ સુધી, મનુષ્ય જે જે વસ્તુઓ અને વ્યક્તિઓના સંપર્કમાં આવે છે અને જે જે ક્રિયાઓ કરે છે તે બધી આપણા ક્રાન્તદર્શી ઋષિમુનિઓએ વૈજ્ઞાનિક ઢંગથી સુસંસ્કૃત કરીને એક ઉદ્દેશ્ય પર પહોંચ્યા કે સમગ્ર માનવ સમાજને ઉપર ઉઠાવવો હોય તો રોટી–કપડા અને મકાન જે માનવ જીવનની આવશ્યકતા છે તેમા વિક્ષેપ કયાં આવે છે. ? ઋષિઓને ચિંતન કરતા ખબર પડી કે શાસ્ત્રની મર્યાદા પાર કરીને ભૂમિ પર માનવ જે મકાન બનાવી રહ્યો છે તે મકાન દોષ પૂર્ણ હોય છે. આપણા ઘણા પ્રાચીન ગ્રંથોમાં ' વાસ્તુવિદ્યા ' જેવી કેટલીક વિદ્યાઓ છૂપી પડી છે. પરંતુ પાછલા કેટલાક વર્ષોથી મનુષ્યોનું ધ્યાન વાસ્તુવિદ્યા તરફ ગયું છે.

*वास्तुपूजा विहीनश्च सूत्रधारेर्विना तथा ।*
*सप्तजन्मभवेत्कुष्ठी स कर्ता नरकं व्रजेत् ॥* (૧૯)

તેમજ વાસ્તુવિદ્યામાં કહેવાયું છે કે વાસ્તુપૂજા કરીને જ ગૃહારંભ અને ગૃહપ્રવેશ કરવો, આથી શાસ્ત્ર પ્રમાણે વાસ્તુપૂજા અર્થાત્ – ભૂમિપૂજા જરૂરી છે. ભૂમિને વસુંધરા કહેવામાં આવી છે. તેમજ ભૂમિ રત્નમયી પેટાળ વાળી છે. તેવું વેદના ઋષિઓનું વિધાન છે અને જયાં રત્નો છે ત્યાં દોષ અવશ્ય રહેવાનો. ભૂમિની શક્તિ દ્વારા સ્થાવર, જંગમ, જડ, ચેતન તમામ પદાર્થોની ગતિ–સંચરણ ક્રિયા જુદા–જુદા સ્વરૂપે જોવા મળે છે અને દરેક વાસ્તુની રચના ભૂમિ ઉપર જ નિર્માણ થાય છે. આથી વર્તમાન સમયમાં ભૂમિ પરીક્ષણ વિશેના વિચાર જાણવા મનુષ્યો આતુર બન્યા છે. ત્યારે પ્રસ્તુત ગ્રંથોમાં બતાવેલ જુદા–જુદા પ્રકારની ભૂમિ–પરીક્ષા ઉપયોગી થઈ શકે તેમ છે.

## ૮.૮ દેવાલય નિર્માણની દૃષ્ટિએ

વર્તમાન સમયમાં મનુષ્યો વૈજ્ઞાનિક દૃષ્ટિએકોણથી આગળ વધી રહ્યો હોવા છતા બૃહદ્ દેવાલયોના નિર્માણ પણ હિન્દુ સંસ્કૃતિમાં વધી રહ્યા છે. જો કે ભૂ–પરીક્ષા વગેરે દ્વાર જે ભૂમિ ગૃહ બનાવવા માટે શ્રેષ્ઠ હોય તે દેવાલય માટે પણ શુભ ગણવી. ગૃહનિર્માણમાં શિલાન્યાસનો જે વિધિ છે તે દેવાલય માટે છે.

દેવાલય માટે ખાત મુહૂર્ત આરંભથી ૧૪ મુહૂર્ત હોય છે. જેમકે –

(૧) ખાત મુહૂર્ત (૨) કૂમ શિલા સ્થાપતા (૩) ખડસલ ચોડતા (૪) સૂત્રારંભે (૫) દ્વારશાંખ સ્થાપતા (૬) ખુરશિલા ચોડતા (૭) કુંભી સ્થાપતા (૮) ભારવટ મૂકતા (૯) પદ્મશિલા મૂક્તા(૧૦) શુકનાશ વખતે (૧૧) ધ્વજ સ્થાપતા (૧૨) આમલસારે મુક્તા (૧૧) કલશ ચડાવતા અને (૧૪) ધ્વજયુક્ત પ્રતિષ્ઠા વખતે વાસ્તુ પૂજન કરવું. [૨૦]

આ ઉપરાંત ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં દેવાલય દ્વાર, દેવતા દિક્મુખાધિકાર, દેવતા પ્રતિષ્ઠાવિધાન, દેવાલયમાં મંડપવિધાન, દેવાલયમાં ગર્ભગૃહ વિધાન, ઉદુમ્બર માપ, દેવતા દૃષ્ટિ વિધાન, દેવાલયે પ્રતિહાર વિધાન, દેવતા પ્રતિમા પ્રમાણ, પ્રતિમા આસન, શિવાલયમાં જલધારી પીઠિકા વિધાન વગેરે નિર્દેશો વર્તમાન સમયમાં દેવાલય નિર્માણમાં ઉપયોગી છે.

મંદિર રચનાનો વિચાર કરતા દ્દષ્ટાંત રૂપે તિરુપતિ બાલાજીનું મંદિર ગણાવી શકાય. જેની રચનામાં પણ કુદરતી રીતે જ વાસ્તુ સિદ્ધાંતોનો અમલ થયેલો છે. જેને લીધે તે પૃથ્વી ઉપરનું સૌથી સમૃદ્ધ મંદિર બન્યું.

મંદિર નિર્માણમાં પાલિતાણાનું સોમપુરા પરિવાર ખ્યાતનામ છે. જેનાથી જ સંકલિત થયેલો ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નામનો બૃહત્ ગ્રંથ મંદિર નિર્માણમાં ઉપયોગી થઈ શકે તેમ છે. એટલુ જ નહીં મંદિર નિર્માણની પ્રાસંગિકતા આજે પણ જોઈ શકાય તેમ છે. દ્દષ્ટાંતરૂપે જોઈએ તો હાલમાં નિર્મિત થતું કાગવડ પાસે ખોડલધામ મંદિર જે સોમપુરા શિલ્પીઓ દ્વારા વાસ્તુવિદ્યાના સિદ્ધાંતો પ્રમાણે નિર્માણ પામી રહ્યું છે. આ અને આવા કેટલાય પ્રસંગોમાં પ્રસ્તુત ગ્રંથ ઉપયોગી છે.

આ ઉપરાંત કહી શકાય કે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ગ્રંથ શિલ્પ સ્થાપત્યના વિચાર અંગેનો ઉત્તમ નમૂનો છે. જે આજના પરિપ્રેક્ષ્યમાં વિચારણીય છે. તેમજ સ્થાપત્ય અને શિલ્પતત્ત્વના નિરુપણમાં તે સૌંદર્યલક્ષી કે ભાવવ્યંજકતાનું તત્ત્વ ભારતીય સ્થાપત્યની સમજણમાં અતિ ઉપયોગી દ્દષ્ટિ પૂરી પાડે છે. તેથી ભારતીય સ્થાપત્યના અભ્યાસીઓએ આ તત્ત્વને કદી દ્દષ્ટિ બહાર જવા દેવું જોઈએ નહીં.

## ૮.૯ દિશાઓ જાણવા માટે

*प्रासादे सदनेऽलिन्द – द्वारे कुण्डे विशेषतः ।*

*दिग्मूढे कुलनाशः स्यात् तस्मात्संशोधयेद्दिशः ॥* (૨૧)

પ્રાસાદ, ગૃહ, અલિંદ, દ્વાર, કુંડ વગેરેમાં દિક્શુદ્ધિ ન કરવાથી ફળનો નાશ થાય છે. માટે નિર્માણ વખતે વિશેષ કરીને દિક્શોધન કરવું જરૂરી છે.

વર્તમાન સમયમાં પણ વાસ્તુવિદ્યાની જાણકારી મેળવવા માટે આપણને દિશાઓનું સ્પષ્ટ જ્ઞાન જરૂરી છે. તેથી નિર્ધારિત ભૂમિમાં સીમાંકન કરતા પહેલા ચોકસાઈ પૂર્વક દિશાઓનો ખ્યાલ કરવો જ જોઈએ. ભૌમિતિક ખગોળવિદ્યા દ્વારા આઠ દિશાઓ નિયત કરવામાં આવી છે. પરંતુ આપણી સંસ્કૃતિએ આકાશ અને પાતાળને પણ દિશા સમાન ગણ્યા છે. જેથી કુલ ૧૦ દિશાઓ ગણવામાં આવે છે.

પ્રસ્તુત ગ્રંથોમાં દિક્સાધનાનો વિધિ બતાવ્યો છે. જેમકે દિવસે દિશા જાણવા માટે – ભૂમિ સમતલ કરી, વૃતાકાર કરી તેની મધ્યે શંકુ ઉભો રાખી તે શંકુની છાયા અનુસાર પૂર્વ–પશ્ચિમ દિશાનું જ્ઞાન થાય છે.

એજ રીતે રાત્રિ દિક્સાધનામાં શંકુરોપણ કરી તેના પડછાયા અનુસાર ધ્રુવમાંકડીનો ઉપયોગ કરીને ધ્રુવતારાની દિશા પ્રથમ નિર્ધારિત કરી ત્યાર પછી દિશાઓમાં ઉત્તર–દક્ષિણ દિશા સિદ્ધ થાય છે. આ ઉપરાંત દક્ષિણ દિશા વાસીઓ ચિત્રા–સ્વાતિ નક્ષત્રના અંતરથી ઉત્તરવાસીઓએ કૃત્તિકા નક્ષત્રથી પૂર્વ દિશા જાણવી. આ રીતે પૂર્વ દિશાનું જ્ઞાન કરવું જરૂરી છે.

પૂર્વ દિશામાં સૂર્ય ઉગે છે અને પશ્ચિમ દિશામાં સૂર્ય આથમે છે. સૂર્ય તરફ મોં કરી સવારે ઉભા રહીએ તો મોં સામે પૂર્વ દિશા, પીઠ પાછળ પશ્ચિમ દિશા, ડાબા હાથ તરફ ઉત્તર દિશા અને જમણા હાથ તરફ દક્ષિણ દિશા હોય છે. પરંતુ મિથુન ને મકર સંક્રાંતિનો સૂર્ય શુદ્ધ પૂર્વ દિશામાં ઉગે છે. આ ઉપરાંત કહ્યું છે કે – વર્ષમાં માત્ર બે જ દિવસો ૨૧ મી માર્ચ અને ૨૧ મી સપ્ટેમ્બરે જ સૂર્ય બરાબર પૂર્વ દિશાના મધ્ય બિંદુ પર ઉગે છે. તે શુદ્ધ પૂર્વ દિશા છે. બાકી ઉત્તરાયણ અને દક્ષિણાયન મુજબ ઉત્તર તરફ ૨૩ં અને દક્ષિણ તરફ ૨૩ં સરકતો હોય છે.

આથી જ આધુનિક સમયમાં ચુંબક, હોકાયંત્રની સોયનો ઉપયોગ કરી દિશા જાણવાનો નિર્દેશ કર્યો છે. જે ભૂમિ પર વાસ્તુવિદ્યા વિશે દિશાની જાણકારી મેળવવી હોય ત્યાં કેન્દ્રમાં હોકાયંત્ર મુકવું. તેની ઉત્તર દિશા–દક્ષિણ દિશા, વાસ્તુભૂમિની ઉત્તર –દક્ષિણ દિશા, વાસ્તુભૂમિની ઉત્તર–દક્ષિણ દિશાને સમાંતર હોય, તેમજ પૂર્વ–પશ્ચિમ દિશા પણ સમાંતરે હોય તો વાસ્તુ સારું ગણાય. ત્યાં સ્થાયી, સુખદ અને સ્થિર જીવન વ્યતીત કરી શકાય. આ ઉપરાંત ભૂમિના મેગ્નેટીક સેંટર–નોથ પોલ–સાઉથપોલ–ચુંબકીય ધ્રુવ વગેરેની ચકાસણી કર્યા પછી બાંધકામની જગ્યાનું ચુંબકીય ધ્રુવને સમાંતરે રાખવાની પણ અન્ય ગ્રંથોમાં સલાહ છે. જો બંને ધ્રુવમાં અસંગતિ હોય તો અનેકવિધ નાની મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આમ, આધુનિક સમયમાં દિશાશોધક યંત્રો દ્વારા દિશાઓનું જ્ઞાન મળે છે. તેમજ ઉપર્યુકત દિશાઓનો આધાર લઈને વાસ્તુનિર્માણ કરવાનો પ્રયત્ન પણ વર્તમાન સમયમાં કરવામાં આવે છે. ત્યારે વાસ્તુવિદ્યાના પ્રસ્તુત ગ્રંથોમાં બતાવેલ દિશા શોધનના વિધિઓ પણ ઉપયોગી થઈ શકે તેમ છે.

## ૮.૧૦ માપજ્ઞાન જાણવાની દૃષ્ટિએ

વાસ્તુનિર્માણમાં માપન એક મહત્ત્વનું પરિબળ છે. પુરાતન કાળમાં માપન હાથ વડે લેવામાં આવતું હતું. વાસ્તુવિદ્યામાં કોઈપણ પ્રકારની નિર્મિતિમાં માનની અનિવાર્યતા સ્વીકારવામાં આવી છે. માપન વિના કોઈપણ કૃતિ અપૂર્ણ છે. નિર્મિત આકારનું સૌંદર્ય માનને કારણે જ છે.

માનની મહત્તા વર્ણવતા સમરાંગણ સૂત્રકાર કહે છે કે – હસ્ત સંપૂર્ણ વાસ્તુકૃત્ય અને કલાઓનો હેતુ તથા અખિલ વાસ્તુ કર્મોનો આધાર માનવામાં આવે છે. માન, ઉન્માન અને વિભાગ આદિના નિર્ણયનું આ એક માત્ર નિબંધન છે. આ હસ્તના ત્રણ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે.

*ज्येष्ठं चाष्टयवैः प्रोक्तं मध्यमं सप्तर्भियवैः ।*

*स्यात्कनिष्ठं षड् यवैस्तच्चतुर्विंशतिभिः करः ।।* (૨૨)

હસ્ત ૨૪ અંગુલનો હોય છે. જે હસ્તનો પ્રત્યેક અંગુલ ૮ યવના પરિણામથી પ્રકલ્પિત હોય તે ' જયેષ્ઠ ' કહેવાય, જે હસ્તના અંગુલ ૭ યવમાં પ્રકલ્પિત હોય તે ' મઘ્યમ ' કહેવાય અને જેમાં ૬ યવ હોય તેને ' કનિષ્ઠ ' કહેવાય છે.

આ હસ્તનું માપન વાસ્તુનિર્માણના સંદર્ભમાં કેવી રીતે કરવું તેનું ચિંતન પણ બંને ગ્રંથોમાં છે. હસ્તના માનને આ પ્રમાણે વર્ણવ્યું છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | રેણુ | – | ૧ | પરમાણુ |
| ૮ | પરમાણુ | – | ૧ | રજ |
| ૮ | રજ | – | ૧ | કેશાગ્ર |
| ૮ | કેશાગ્ર | – | ૧ | લીક્ષા |
| ૮ | લીક્ષા | – | ૧ | યુકા |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | યુકા | – | ૧ | યવ |
| ૮ | યવ | – | ૧ | અંગુલ |
| ૩ | અંગુલ | – | ૧ | પર્વ |
| ૮ | પર્વ | – | ૧ | હસ્ત / ગજ |

હસ્તનું વિભાજન પણ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં દર્શાવવામાં આવ્યું છે. તેમજ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં અંગુલાદિથી પૃથ્વી પ્રમાણ પણ દર્શાવ્યું છે. (૨૩) જે આ પ્રમાણે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | અંગુલ | – | ૧ | માત્રા |
| ૨ | અંગુલ | – | ૧ | કળા |
| ૩ | અંગુલ | – | ૧ | પર્વ |
| ૪ | અંગુલ | – | ૧ | મુષ્ટિ |
| ૧૨ | અંગુલ | – | ૧ | તાલ (વેંત) |
| ૨૪ | અંગુલ | – | ૧ | હસ્ત (કર) |
| ૪૨ | અંગુલ | – | ૧ | કિષ્કુ |
| ૯૬ | અંગુલ | – | ૧ | ધનુષ્ય |
| ૧૦૦૦ | ધનુષ્ય | – | ૧ | કોષ |
| ૨ | કોષ | – | ૧ | ગવ્યૂતિ |
| ૨ | ગવ્યૂતિ | – | ૧ | યોજન |
| ૧૦૦૦ | યોજન | – | ૧ | પૃથ્વી |

'રાજવલ્લભ' પણ માન અંગે નિરુપણ આપે છે. (૨૪) જેમકે –

- ભૂમિના વ્યાસ અને લંબાઈ સરખા હોય તેને વ્યાસ × લંબાઈ = ક્ષેત્રફળ
- વ્યાસ (હાથ) × લંબાઈ (હાથ) = હસ્તાત્મક ક્ષેત્રફળ
- વ્યાસ (હાથ) × લંબાઈ (હાથ) × એના અંગુલો = હસ્તાંગુલાત્મક ક્ષેત્રફળ
- વ્યાસ અને લંબાઈનું અંગુલમાં પરિવત ન કરી પ્રાપ્ત ક્ષેત્રફળ તે અંગુલાત્મક ક્ષેત્રફળ

- ❖ વૃતનો વ્યાસ × ૩ + વ્યાસનો ષષ્ટાંગ = પરિધિ
- ❖ વૃતનો વ્યાસના $\frac{૧}{૨}$ × પરિધિના $\frac{૧}{૨}$ ભાગ = પિંડ

આ ઉપરાંત બંને ગ્રંથોમાં આયાદિ મેળવવાના ગણિત વિશે પણ જણાવ્યું છે.

આમ અવ્યક્ત જયારે વ્યક્તરૂપે આવિર્ભાવ પામે ત્યારે માન એક મહત્ત્વનું પરિમાણ બની રહે છે. નિર્માણ પ્રક્રિયામાં માન એક અગત્યનું પરિમેય છે અને માન, પ્રમાણ જાણવા તાલમાન જાણવું આવશ્યક છે. કોઈપણ પ્રાચીન ગ્રંથોમાં જણાવેલા વાસ્તુ વિશે માહિતી મેળવવા તેના માપનું કે પ્રમાણનું જ્ઞાન આવશ્યક છે. વળી પ્રાચીન ગ્રંથોમાં જણાવેલા માપો પ્રાચીન હોવાથી તેનો વર્તમાન સમય પ્રમાણે અર્થ જાણવાથી જ તે ગ્રંથોના આધારે વાસ્તુનિર્માણ કરી શકાય. માટે તાલમાન વિશે જાણવું જરૂરી છે અને તેમાં પ્રસ્તુત વિધાનોની ઉપયોગીતા સિદ્ધ થઈ શકે તેમ છે.

## ૮.૧૧ આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિએ

વાસ્તુવિદ્યાનો સંબંધ જયોતિષ, ધર્મ, દર્શન, અર્થશાસ્ત્ર, આયુર્વેદ, પર્યાવરણ વગેરે સાથે છે તેમ વાસ્તુવિદ્યાનો સંબંધ વિજ્ઞાન સાથે પણ જોઈ શકાય છે. જેમકે – વિજ્ઞાનમાં જેમ ચોક્કસ નિયમો છે. તેમ વાસ્તુવિદ્યા પણ ચોક્કસ સિદ્ધાંતો પર આધારિત શાસ્ત્ર છે. તેમજ વિજ્ઞાનમાં પૃથ્વી, તેના પરનું આવરણ, પર્યાવરણ, દિશાઓ, સૂર્ય અને ગ્રહમંડળ, નક્ષત્ર, ગુરુત્વાકર્ષણશક્તિ, ચુંબકીયશક્તિ વગેરેનો વિચાર કરે છે. જયારે વાસ્તુવિદ્યા પણ ઉક્ત બાબતોનાં જ સિદ્ધાંતો આપે છે. જેના પર મનુષ્યના સુખ–દુ:ખ અવલંબે છે. આ રીતે વિજ્ઞાન સાથે સંબંધ ધરાવતી પ્રસ્તુત વાસ્તુવિદ્યા વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ઉપયોગી છે.

વાસ્તુશાસ્ત્ર સંપૂર્ણતઃ સૂર્યકિરણ અને તેની શક્તિ પર આધારિત છે અને પ્રાકૃતિક નિયમ પર પણ આધારિત છે. તો વિજ્ઞાન પણ પંચતત્ત્વોને સ્વીકારે છે. જેમ કે –

વાતાવરણમાં (વાયુમાં) ઓકિસજન, નાઈટ્રોજન, કાર્બન ડાયોકસાઈડ, હિલિયમ, નિયોગ, ક્રિપ્ટોન તથા પાણીની વરાળ (ભેજ) હોય છે. ઓકિસજન તથા નાઈટ્રોજન વાયુ વિના વનસ્પતિની વૃદ્ધિ થતી નથી.

આકાશ એટલે જેનો છેડો નથી તે વિશ્વની રચના આકાશ ગંગા, ગ્રહો, તારાઓ, નક્ષત્રો ઈત્યાદિથી થાય છે. માટે સૂર્ય તથા ગ્રહોની અસર વિશેની થોડી જાણકારી હોવી જરૂરી છે. પ્રસ્તુત ગ્રંથોમાં તે પ્રાપ્ત છે. સૂર્યમાંથી પ્રકાશ તથા ગરમી પૃથ્વી પર પ્રાપ્ત થાય છે. સૂર્ય વિના દિવસ–રાત્રિ થતી નથી. અણુ–પરમાણુ, ગુરુત્વાકર્ષણ, થર્મોન્યુકલીયર, રિએકસન વિશે જાણકારી પણ પર્યાવરણની જાળવણી માટે જાણવી જરૂરી છે.

પુરાતાત્ત્વિક સાક્ષ્યોના આધારે પૃથ્વી ૪૬૦ કરોડ વર્ષ પહેલા અગ્નિનો ગોળો હતો. ક્રમશઃ તેમાંથી વર્ષો પછી ઠંડી થતા પૃથ્વી બનેલ છે. સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ, બુધ, શનિ વગેરેની જેમ પૃથ્વી પણ એક ગ્રહ જ છે. પૃથ્વી એક મોટું મેગ્નેટ – લોહચુંબક છે. તેના ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવ – ઉત્તર ગોળાર્ધમાં દક્ષિણ ગોળાર્ધ પૃથ્વીના ભાગોમાં ચુંબકત્વ પસાર થાય છે.

પાણી ગરમ થઈ વરાળ થઈ વાદળા બને છે અને ઉંચે ચડતા ઠંડા થતા વરસાદના રૂપમાં પૃથ્વી પર પાણી પાછું ફરે છે. નદી, તળાવ, સમુદ્રોમાં પાણી સચવાય છે. પ્રત્યેક જીવિત વ્યક્તિમાં પાણી મહત્ત્વનુ તત્ત્વ છે. પાણીનો સ્પર્શ કરી શકાય છે. હાઈડ્રોજનના બે અણુ અને ઓકિસજનના એક અણુના પ્રમાણમાં પાણીનું બંધારણ હોય છે.

અગ્નિ તત્ત્વ અર્થાત્ ઉર્જાનું મુખ્ય સ્રોત સૂર્ય છે. અગ્નિ તેનો વાહક છે. ઉષ્ણતા તેનું સ્વરૂપ છે. વાતાવરણની ચુંબકીય શક્તિ અને હવાના દબાણને લઈને ઉર્જા પેદા થાય છે. તેનાથી જીવસૃષ્ટિની ચેતનાનો સંચાર થાય છે.

આ પંચમહાભૂતમાંથી મનુષ્ય દેહ બન્યો છે. આ પાંચ તત્ત્વો પર વાસ્તુની અદૃશ્ય શક્તિ કાર્ય કરે છે. કુદરતના તત્ત્વોની જાળવણી જરૂરી છે. કુદરતી શક્તિનો મહત્તમ ઉપયોગ માનવ જીવનના વિકાસ માટે કરવામાં વાસ્તુશાસ્ત્રનો ઉપયોગ અનિવાર્ય છે.

કાચની વસ્તુ તુટી જાય, રસાયણોની અસર જાણી શકાય, ભૌતિક શાસ્ત્રના નિયમો જોઈ–સમજી કે માણી શકાય તેમ પ્રસ્તુત વાસ્તુસિદ્ધાંતો પરિણામ લક્ષી વિજ્ઞાન છે.

કુદરતની સાથે સકળાયેલા આ વાસ્તુસિદ્ધાંતોનો ઉપયોગ વાતાવરણમાંથી તેજ, પ્રકાશ, ઉષ્ણતા, સૂર્યના કિરણો વગેરે પ્રાપ્ત કરવા માટેના લક્ષ્યથી કરવામાં આવે છે. કુદરતની શક્તિ વિના આપણે કંઈ જ નથી.

વાસ્તુશાસ્ત્રમાં નૈસર્ગિક દિશાઓનું પણ ખૂબ જ મહત્ત્વ છે. આથી જ વાસ્તુના ગ્રંથોમાં ઉલ્લેખ છે કે – નિર્મિત વાસ્તુની દક્ષિણ અને પશ્ચિમ બાજુ, પૂર્વ અને ઉત્તર બાજુ કરતાં ઊંચી હોવી જોઈએ. નૈઋત્ય ખૂણો બધાથી ઊંચો હોવો જોઈએ. આથી સૂર્યનો પૃથ્વી ઉપરનો પ્રભાવ, પૃથ્વીના ચુંબકીય વલય, ગુરુત્વાકર્ષણ વગેરેનો વધુમાં વધુ ઉપયોગ થઈ શકે.

સૂર્ય એ જીવનનું પ્રતીક છે. સૂર્યના નિલા કિરણો ચામડી પર પડતા ડી. વિટામીન બની લોહી મારફત શોષાય છે. સવારના સૂર્ય કિરણોમાં દાહકતા ઓછી હોવાથી પૂર્વ દિશાનું મહત્ત્વ વિશેષ છે. આથી જ –

*एकद्वारं प्राङ्मुखं शोभनं ।* કહીને પૂર્વદ્વારના નિર્દેશો કર્યા છે. *कैश्चिद्वारुण सौम्यकं नहि हितं प्रोक्तं च वातायने ।* (૨૫)

અર્થાત્ – પશ્ચિમ અને ઉત્તર દિશામાં બારી ન રાખવી જોઈએ તેમ કહીને વધુમાં વધુ બારીઓ ઈશાન ખુણામાં રાખવાનો નિર્દેશ કર્યો છે. તેમજ વધુમાં વધુ ખુલ્લી જગ્યા પૂર્વ દિશા તરફ કે ઈશાન ખૂણામાં રાખવી. પાણી સંગ્રહ સ્થાન પણ પૂર્વ કે ઈશાનમાં રાખવું. આથી જ પૂર્વ તરફથી આવનાર સૂર્ય કિરણમાં અડચણ આવે તેવી ટેકરી, પર્વત, મોટા ઝાડ, મોટા મકાન વગેરેનો ખ્યાલ રાખવાનો નિર્દેશ કરે છે.

પશ્ચિમ તરફ આથમતા સૂર્યના દાહક કિરણોથી ત્રાસ ન થાય તેથી પશ્ચિમમાં ઓછામાં ઓછી બારી–દરવાજા રાખવા. દક્ષિણ–પશ્ચિમની દિવાલ જાડી રાખવાનું સૂચન છે. આથી કિરણોની દાહતાથી ઘરનું તાપમાન વધતુ નથી.

આમ, નૈસર્ગિક દિશા, ભૌગોલિક પરિસ્થિતિ, પૃથ્વીનું ચુંબકત્વ, ગુરુત્વાકર્ષણ, સૂર્યના કિરણો ઈત્યાદિ કુદરતી નિયમોનું યોગ્ય પાલન કરી વાસ્તુનું નિર્માણ કરવાની કળા એટલે વાસ્તુશાસ્ત્ર, કુદરતી તત્ત્વો નાશ પામતા નથી. પરંતુ એકબીજામાં ભળી જાય છે. એક શક્તિનું બીજી શક્તિમાં પરિવર્તન થાય છે. જેમકે – પાણીની વરાળ થઈ,

વાદળાં વરસી ફરીથી મધુર પાણી પૃથ્વી પર પાછું ફરે છે. આ સમુદ્રના પાણીની જેમ જીવિત શરીરમાં પણ પાણી, સોડિયમ, કેલ્શયમ, પોટેશ્યમ, મેગ્નેશ્યમ ઈત્યાદિ તત્ત્વો છે. આ માટે મેડિકલ વિજ્ઞાન પ્રમાણ પુરુ પાડે છે.

વાસ્તુશાસ્ત્ર એક વિજ્ઞાન છે – વાસ્તુશાસ્ત્ર એક ભારતીય વિજ્ઞાન છે. જે અંતરિક્ષ અને શિલ્પકામ સાથે સંકળાયેલ છે. તેના લીધે આપણને અંતરિક્ષ અને પર્યાવરણને સહાયક થાય છે અને શારીરિક તથા આધ્યાત્મિક સમૃદ્ધિ સર્જે છે.

વાસ્તુશાસ્ત્ર અને એક કલા અને વિજ્ઞાન છે. જે ઘર, કાર્યાલય, મંદિરોનાં માળખા બનાવી સારી ઉર્જા પૂરી પાડે છે. ભારતીય રાજા, મહારાજાઓ આ વાસ્તુશાસ્ત્રનો ઉપયોગ સમાંતર મહેલ, કૃત્રિમ તળાવો, ભૌગોલિક વસાહતોને હકારાત્મક ઉર્જા માટે કરતા.

વાસ્તુ એવી ઉર્જા છે જે વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ રજૂ કરે છે. વાસ્તુશાસ્ત્ર કુદરતી ઉર્જાનું બળ, સીમા ચિન્હો અને સૃષ્ટિ તથા ઘર વચ્ચે સમતુલા પૂરી પાડે છે. વાસ્તુશાસ્ત્ર ફક્ત વિજ્ઞાન નથી પરંતુ માનવ અને કુદરત વચ્ચેનો સેતું છે.

વાસ્તુનો સાહિત્યિક અર્થ જીવવું એવો થાય છે. તે પૃથ્વી પરના સજીવોનું ઉદ્દ્બોધન કરનારું છે. આ જીવંત ઉર્જાને ' વાસ્તુપુરુષ ' કહેવાય છે. " વાસ્તુશાસ્ત્ર મર્યાદિત એકમોમાં બંધાયેલું છે. દા.ત. ઘર, મંદિર, ઔદ્યોગિક ઈમારતો અથવા દુકાનો તેનો મુખ્ય હેતુ મર્યાદિત એકમ અને બહારના વાતાવરણ વચ્ચે સમતુલા જાળવવાનો છે. વાસ્તુશાસ્ત્ર પાંચ તત્ત્વોનું બનેલું છે. પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ અને આકાશ, પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર દા.ત. ઉત્તર અને દક્ષિણ ઝોન અને સૂર્યના કિરણો "

વાસ્તુશાસ્ત્ર કઈ રીતે કાર્ય કરે છે – વાસ્તુ ત્રણ નિયમોને આધારે અંદરના એકમોનું સંચાલન કરે છે. પ્રથમ છે, ' ભોગાધ્યમ ', જે કહે છે કે આયોજન બદ્ધ એકમ કેટલુ ઉપયોગી નીવડી શકે તેમ છે. બીજુ છે, ' સૂક્ષ્મ દર્શન ' જેમા આયોજન બધ્ધ એકમ કેટલું સુખરૂપ નીવડી શકે છે. અંતરિક્ષની અને વસ્તુની ઉપયોગીતા થયેલી છે. જે અંદરના એકમનાં અલંકારો, રંગ, બારીઓના , બારણાઓના, ખંડોના કદ બધાને નિરાશામાંથી મૂક્ત કરવાનો પ્રોજેકટ છે અને સુંદર દેખાવ માટેનો પ્રોજેકટ છે. ત્રીજો નિયમ છે ' રમ્ય '

જે અંદરના એકમને ઉજાગર કરે છે અને તેનો ઉપયોગ કરનારાઓનું શુભત્ત્વ કરે છે. [૨૬]

વાસ્તુપુરુષ મંડળનું વૈજ્ઞાનિક અર્થઘટન – સાઈન્ટીફિક વાસ્તુ અનુસાર વાસ્તુપુરુષ પર સ્થિર દેવતાઓ વાસ્તુપુરુષ મંડળ તરીકે ઓળખાય છે. સૂર્યપ્રકાશને ત્રણ પ્રકારે વિભક્ત કરવામાં આવે છે.

૧) સૂર્યોદય દરમિયાન પ્રથમ ૨–૨:૩૦ કલાક જીવનની પ્રગતિ માટે ઉર્જા પૂરી પાડે છે. તે સારા અસ્તિત્ત્વ માટે છે.

૨) પછીના ૩ કલાક વાતાવરણમાં વધારેને વધારે ઉજા  શરૂ થાય છે. તેને અગ્નિનું રૂપ કહે છે. તે નકારાત્મક અસર પૂરી પાડે છે.

૩) પછીના ૩ કલાક સંપૂર્ણ ધગધગતો હોય છે. તે યમ કહેવાય છે. પછીના ૩ કલાક સૂર્ય ક્ષિતિજ ને સંપૂર્ણ આદેશ કરે છે અને સૂર્યાસ્ત સમયે તે પોતાના કિરણોને ઠંડા પાડે છે અને રાત્રિનો વિસ્તાર કરે છે.

આ મુજબ વાસ્તુપુરુષ મંડળમાં ઈશ્વરોની કલ્પનાનું મૂલ્યાંકન કરે છે.






વાસ્તુપુરુષ મંડળની આ હકારાત્મક આકૃતિ છે. જે વાસ્તુપુરુષ મંડળમાં ભગવાનની ખાસ દોરવણનું મૂલ્યાંકન કરે છે.

મદ્રાસમાં એપોલો હોસ્પિટલ વાસ્તુશાસ્ત્ર અનુસાર બનાવેલ છે. જયાં દર્દીઓને સુવા માટે દિશાઓનો ખ્યાલ રાખવામાં આવે છે. આથી કહી શકાય કે વર્તમાન સમયમાં પણ વાસ્તુવિજ્ઞાન ખૂબ જ ઉપયોગી છે.

## ૮.૧૨ સંશોધનની દૃષ્ટિએ

પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોમાં વાસ્તુ, સ્થાપત્ય અને શિલ્પકળાના ગહનતમ નિર્દેશો છે. જે વર્તમાન સમયનાં શિલ્પકળાના શોખીન અને શિલ્પકળાના જાણનાર

શિલ્પીઓ માટે ઉપયોગી છે. કેમકે પ્રસ્તુત ગ્રંથોમાં શિલ્પ અને સ્થાપત્યનો મહાન વારસો પડેલો છે. જેમાંથી વાસ્તુ, સ્થાપત્ય અને શિલ્પ વગેરેના સિદ્ધાંતો પ્રાપ્ત થાય છે. જેમકે –

વાસ્તુવિદ્યા – દેશ, માર્ગ, નગર, દુર્ગ, જળાશય, રાજપ્રાસાદ, દેવપ્રાસાદ, ભૂ–પરીક્ષા એ સર્વ વિદ્યાઓનું જ્ઞાન તે વાસ્તુવિદ્યા.

સ્થાપત્ય – નગર, દુર્ગ, જળાશય, રાજપ્રાસાદ, દેવપ્રાસાદ, ગૃહ વગેરેનું વિશાળ બાંધકામ તે સ્થાપત્ય.

શિલ્પ – દુર્ગનાદ્વાર, રાજભવન, દેવપ્રાસાદ, જળાશયો વગેરે સ્થાપત્યના સુશોભન, અલંકરણ, પ્રતિમા, ગોખ, ઝરુખા આદિ અલંકૃત ભાગ તે શિલ્પ.

પ્રસ્તુત ગ્રંથોમાં ' રાજવલ્લભ ' વાસ્તુ અને સ્થાપત્યને વર્ણવે છે. જયારે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' માં વાસ્તુ, સ્થાપત્ય અને શિલ્પના સિદ્ધાંતો આપી જનવાસ્તુ સાથે સંપૂર્ણ દેવવાસ્તુને વર્ણવે છે. જે વર્તમાન સમયનાં શિલ્પીઓ માટે પથદર્શક રૂપ છે. આ ઉપરાંત વાસ્તુ, શિલ્પ કે સ્થાપત્યના કોઈપણ વિષય ઉપર સંશોધન કરનાર સંશોધક માટે પ્રસ્તુત ગ્રંથમાં ઉલ્લેખિત સિદ્ધાંતો ઉપયોગી નીવડે તેમ છે. બંને ગ્રંથના સંપાદકોએ સિદ્ધાંતો, આકૃતિ, ચિત્ર વગેરેથી સરળ બનાવ્યા છે. જે વાસ્તુવિદ્યાના જ્ઞાન માટે ખૂબ જ ઉપયોગી છે.

તેમજ સામાન્ય જન સમાજ માટે વત માન સમયમાં વાસ્તુવિદ્યા ખૂબજ ઉપયોગી છે. જમીનની ખરીદ, ખોદકામ, બાંધકામ વગેરેમાં વાસ્તુવિદ્યાનું ખૂબ જ મહત્ત્વ છે. લોકોના ભલા માટે, વિશ્વશાંતિ માટે વાસ્તુ આશીર્વાદ છે.

સૂર્યનો પ્રકાશ, હવા, પાણી, જમીન, અને આકાશ તત્ત્વ વગેરેને સાંકળી વિશ્વના કોઈપણ સ્થળે બાંધકામ કરી જ્ઞાતિ–ધર્મના ભેદભાવ વિના વાસ્તુવિદ્યાનો લાભ સૌ કોઈ મેળવી શકે છે.

પ્રસ્તુત ગ્રંથોમાં નિરુપિત સિદ્ધાંતોને અનુસરીને મંદિરથી માંડીને કોઈપણ સ્થાપત્યનું કઈ રીતે નિર્માણ કરી શકાય અને તેમાં જે જે બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ તે તમામ બાબતોની પ્રસ્તુત ગ્રંથોમાં ઝીણવટ પૂર્વક છણાવટ કરવામાં આવી છે.

આશા છે કે પ્રસ્તુત બંને ગ્રંથોના તુલનાત્મક અધ્યયનથી પ્રાપ્ત થતા બંને ગ્રંથોના સિદ્ધાંતો વાસ્તુવિજ્ઞાનના જાણકાર એવા કુશળ આર્કિટેક, શિખાઉ શિલ્પકારથી માંડી સામાન્ય લોકોને તથા સંશોધકોને પણ માર્ગદર્શન પુરુ પાડશે અને શાસ્ત્રની સંમતિ અનુસારના વાસ્તુ નિર્માણ કાર્યમાં ઉપયોગી થઈ પડશે.

આ ઉપરાંત 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં નિરુપિત, જિન પ્રાસાદો, જિનપરિકર આદિના નિરુપણોથી તે શિલ્પ પૂરતો જ મર્યાદિત ન રહેતા વર્તમાન સમયનાં જૈન સાધુઓ માટે પણ તેનું જ્ઞાન મેળવવું જરૂરી બન્યું છે.

## ૮.૧૩ નિષ્કર્ષ

પ્રસ્તુત બંને ગ્રંથો વાસ્તુવિદ્યામાં પ્રસિદ્ધ અને સૈદ્ધાંતિક છે અને વાસ્તુવિદ્યાનું મહત્ ઉદ્દેશ્ય જનકલ્યાણ છે. તેમા શિલ્પસ્થાપત્યનો પ્રાચીન વારસો પડેલો હોવા છતાં તે આધુનિક સમયમાં વિકાસ પામેલ વિજ્ઞાનથી આગળ છે. તેથી તે આધુનિક સમયમાં પૃથ્વી સંબંધી ઉત્પાતો, અર્થ, આરોગ્ય, પર્યાવરણ વગેરેની દૃષ્ટિએ વાસ્તુશાસ્ત્ર મુજબનું બાંધકામ ઘણી સમસ્યાઓનું નિરાકરણ કરે છે.

આધુનિક કાળમાં વિદેશનાં માણસોનું માનસ પણ પ્રાયઃ વાસ્તુવિદ્યા તરફ વળ્યું છે ત્યારે ભારતીય સંસ્કૃતિના જનસમુદાય માટે બદલાતા સમયની સાથે સિદ્ધાંતોમાં થોડુ પરિવર્તન કરી એટલે કે – નિર્માણ ભૂમિ, સગવડ, આવશ્યકતા વગેરેને ધ્યાનમાં રાખી વાસ્તુવિજ્ઞાન પ્રમાણે નિર્માણ કાર્યમાં ઉપયોગી છે. જેમકે – પ્રાચીન સમયમાં સાધનોના અભાવે રક્ષા માટે દુર્ગ નિર્માણ કરવામાં આવતું. જયારે આધુનિક સમયમાં કેમેરા, સિકયુરીટી, રડાર, રોબોટ વગેરેના આધારે રક્ષણ કાર્ય થાય છે. તેજ રીતે જળસંગ્રહ સ્થાનોમા પણ પરિવર્તન આવ્યું છે. છતાં પણ વાસ્તુના સિદ્ધાંતો પ્રમાણે જળસ્રોતોનું નિર્માણ હાલમાં પ્રવર્તતતા જળ સંકટથી બચાવી શકે તેમ છે.

પ્રસ્તુત ગ્રંથોનું જ્ઞાન વ્યક્તિમાત્રનાં વ્યક્તિગત, સામાજિક, આર્થિક, નૈતિક, ભૌતિક કે રાજનૈતિક જીવન પર પણ પ્રકાશ પાડે છે અને તે વાસ્તુવિદ્યાનો પ્રવેશ આપણાં મસ્તિષ્કના પ્રત્યેક કોષો તથા ઉપકોષો પર છે. અન્નમય, પ્રાણમય, મનોમય, જ્ઞાન કે

વિજ્ઞાનમય કોષોથી પર આંતરચેતનામાં વાસ્તુવિજ્ઞાનનો પ્રવેશ છે. નરસિંહ મહેતાના શબ્દોમાં કહીએ તો ' વૃક્ષમાં બીજ તું , બીજમાં વૃક્ષ તું ' નો યથાર્થ પ્રકાશ આ વાસ્તુવિજ્ઞાનના અધ્યયનમાંથી સંભવી શકે. પંચમહાભૂત ઈત્યાદિથી આગળ સૂર્ય, ચંદ્ર, બુધ,ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ વગેરે ગ્રહો ઉપરાંત પૂર્વ ભાદ્રપદ, અશ્વિની, કૃત્તિકા, મૃગશીર્ષ પુનર્વસુ, મઘા, ઉત્તરાફાલ્ગુની, ચિત્રા, વિશાખા, મૂળ ઉત્તરાષાઢા, ધનિષ્ઠા વગેરે નક્ષત્રોનું જ્ઞાન, આયાદિ લક્ષણો, કર્મો માટેના શુભ મુહૂર્તો, દેવવાસ્તુના ઉત્તમ પ્રાસાદો, દેવતા મૂર્તિ લક્ષણો, ગૃહાદિના લક્ષણો, જળાશયોના પ્રકારો, શકુન–અપશકુન વગેરેના નિરુપણો બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોમાંથી પ્રાપ્ત થાય છે. ટૂંકમાં કહીએ તો – શ્રુતિ પ્રમાણ ' *एकं ज्ञात्त्वा सर्व विजानीयतात्* ' એક જ્ઞાનની પ્રાપ્તિથી બધાં જ જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. તેમ પ્રસ્તુત ગ્રંથોની વાસ્તુવિદ્યાનું જ્ઞાન છે. આથી એક વાત સ્પષ્ટ થાય છે કે જેવી રીતે યોગ એટલે માત્ર આસનો કે પ્રાણાયામ જ નથી. પરંતુ વ્યક્તિની સમષ્ટિમાં પરિણતિ છે. તેજ રીતે અહીં નિરુપિત વાસ્તુવિદ્યામાં માત્ર બારી, બારણાં, ઈંટ, ચૂનો, પથ્થર જે ભૂમિની જ માહિતી નથી પરંતુ જીવસૃષ્ટિથી આરંભીને વર્તમાન યુગના વિજ્ઞાન સુધીના તમામ જ્ઞાનને નિરુપિત કરતો પ્રસ્તુત વિષયો માનવમાત્રને દેશ–કાળ પરિછિન્ન ઉપયોગી છે.

પ્રસ્તુત બંને ગ્રંથો અનુક્રમે જનવાસ્તુ અને દેવવાસ્તુના નિરુપણો કરે છે. તે બંનેની ઉપયોગીતા સિદ્ધ થાય છે. કેમકે – વાસ્તુવિદ્યા વાસ્તવમાં પૃથ્વી તથા દિશાઓના સ્થાપિત દેવતાઓના આશીર્વાદ મેળવવા માટેનું મહત્ત્વનું સાધન છે. માનવ જીવનમાં સુખ અને શાંતિનો સંચાર સતત વહેતો રહે તે માટે આ દૈવિકશાસ્ત્રનું નિરુપણકર્તા બંને ગ્રંથોમાં નિર્દિષ્ટ પંચ મહાભૂતાત્મક સિદ્ધાંતોના આધારે ભવન, દેવપ્રાસાદો આદિનું નિર્માણ કરવું અને જયોતિષ શાસ્ત્ર સાથે સંલગ્ન મુહૂર્તાદિ પ્રમાણે કર્મ કરવું આવશ્યક છે.

## પાદ–ટીપ

| ક્રમ | નામ | શ્લોક ક્રમ |
|---|---|---|
| ૧ | *विश्वकर्माप्रकाश* | –– |
| ૨ | *मत्स्यपुराणम्* | ૨૨૮ – ૫૧૧ |
| ૩ | સુશ્રુત સૂત્રસ્થાન | ૧,૧૩ |
| ૪ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૧,૪૫–૧૫ અને ૨૩,૨૪ સામ્ય<br>૧,૧૭ |
| ૫ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧,૨૬ અને ૨૮ |
| ૬ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૫,૨ સામ્ય<br>૧,૯ |
| ૭ | *राजव©भ* | ૧,૧૦ |
| ૮ | *राजव©भ* | ૬,૧૯ |
| ૯ | *राजव©भ* | ૯,૩૯ |
| ૧૦ | *राजव©भ* | ૫,૪ |
| ૧૧ | *राजव©भ* | ૧,૨૭ |
| ૧૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ)<br>*राजव©भ* | ૩,૧૧૮ સામ્ય<br>૨,૨ |
| ૧૩ | *राजव©भ* | ૨,૩ |
| ૧૪ | સંસ્કૃત સાહિત્ય અને પર્યાવરણ | પૃ.નં. ૧૯ |
| ૧૫ | *राजव©भ*<br>*शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧,૩૦ સામ્ય<br>૬,૮૩ |
| ૧૬ | *राजव©भ* | ૧,૨૮ થી ૩૦ |
| ૧૭ | *राजव©भ* | ૫,૧૭ |
| ૧૮ | *राजव©भ* | ૪,૩૫ |
| ૧૯ | *राजव©भवास्तुशास्त्रम्* | ૨,૩૭ |
| ૨૦ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૩,૧૨૧–૧૨૨ |
| ૨૧ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૧,૫૮ |

| | | |
|---|---|---|
| ૨૨ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૭,૨ |
| ૨૩ | *शिल्पस्मृतिवास्तुविद्यायाम्* (પૂર્વાર્ધ) | ૨,૧૦૩ થી ૧૦૬ |
| ૨૪ | *राजव©भ* | અધ્યાય–૧૦૬ |
| ૨૫ | *राजव©भ* | ૫,૨૬ |
| ૨૬ | www. elan-india.com | |

# ઉપસંહાર

## ◈ ઉપસંહાર ◈

' રાજવલ્લભ ' અને ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' નું તુલનાત્મક અધ્યય કરતા ઉપરોક્ત પ્રકરણો ૧ થી ૮ માં જુદા – જુદા દૃષ્ટિકોણથી તેના વર્ણ્ય વિષયોની સૈદ્ધાંતિક તુલના કરવામાં આવી છે. બંને ગ્રંથો અને કર્તાનો પરિચય, બંને ગ્રંથોનું વાસ્તુશાસ્ત્રીય ચિંતનમાં સ્થાન, બંને ગ્રંથોના વર્ણ્ય વિષયો, તેમાં રહેલું સામ્ય–વૈષમ્ય અને પ્રસ્તુત વિષયોના અન્ય શાસ્ત્રો સાથે સંબંધો તેમજ વર્તમાન સમયમાં તેની પ્રાસંગિકતા અને ઉપાદેયતા વગેરેના સંદર્ભમાં બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોને ન્યાયી રીતે મૂલવતા કહી શકાય છે.

બંને ગ્રંથો વાસ્તુવિદ્યાના નિરુપણો કરતા, વાસ્તુવિદ્યાના અન્ય ગ્રંથોની સરખામણીમાં શિરમોર છે. બંનેના કર્તા સ્વયં પ્રકાશિત અને વાસ્તુવિશારદો છે. આપણી વાસ્તુ પરંપરા બે પ્રકારની છે.

૧) દેવતાઓની વાસ્તુ પરંપરા

૨) અસુરોની વાસ્તુ પરંપરા

આદ્ય સ્થપતિ અને ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના કર્તા દેવશિલ્પસ્થાપત્યના ઉપદેશક અને મહાન ગુરુ છે. તો 'રાજવલ્લભ ' ના કર્તા સૂત્રધાર મંડન દેશી રાજ્યોના ઈતિહાસમાં થયેલા મહારાણા કુંભકર્ણના પ્રિય અને વાસ્તુકર્મમાં વિશારદ, વાસ્તુનાં સૈદ્ધાંતિક અને વ્યાવહારિક બંને પક્ષોમાં પ્રસિદ્ધ છે.

આમ, કહી શકાય કે દેવતાઓની પરંપરામાં વિશ્વકર્મા એ આદ્ય શિલ્પજ્ઞ દેવ છે. તેઓએ દેવોની નગરીઓ જેવી કે – અમરાપુરી, સંયમી, દ્વારકા વગેરે અનેક સ્થાપત્યોની રચના કરી છે. તો સૂત્રધાર મંડને ' રાજવલ્લભ ' માં કેટલીક બાબતમાં વિશ્વકર્માના નિર્દેશો પોતાની સામે રાખ્યા હશે. જેમકે – આયાદિતત્ત્વાધિકાર પર મુખ્યત્વે દીપાર્ણવ, 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્', 'ક્ષીરાર્ણવ' વગેરેનો પ્રભાવ જોઈ શકાય છે. આથી સ્પષ્ટ થાય છે કે બંને ગ્રંથો દેવોની વાસ્તુપરંપરાના વાસ્તુ ગ્રંથો છે.

આ ઉપરાંત આપણી ભારતીય વાસ્તુવિદ્યાના ઈતિહાસમાં હયાતી ધરાવતી વાસ્તુશાસ્ત્રની ત્રણેય પરંપરા અર્થાત્ શૈલી છે.

૧) નાગરાદિ વાસ્તુપરંપરા (ઉત્તર ભારતીય વાસ્તુપરંપરા)

૨) દ્રાવિડાદિ વાસ્તુપરંપરા (દક્ષિણ ભારતીય વાસ્તુપરંપરા)

૩) વેસરાદિ વાસ્તુપરંપરા (આંધ્ર અને હૈશાળ વાસ્તુપરંપરા)

આ ત્રણેય પ્રકારની વાસ્તુપરંપરાને પ્રાચીન વિદ્વાનોએ સંવર્ધિત કરી તે મૂળ તો એક જ છે. પરંતુ કોઈ ચોક્કસ કારણોને લીધે તેનો સાવ સ્વતંત્ર વિકાસ થયો છે. આ ત્રણમાં નાગરાદિ અર્થાત્ ઉત્તરભારતીય વાસ્તુપરંપરામાં ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' અને ' રાજવલ્લભ ' નુ સ્થાન કલ્પી શકાય કેમકે – તેમાં પ્રાસાદોત્પત્તિનો સુરમ્ય ઈતિહાસ વર્ણવતા નાગરાદિ પ્રાસાદોની ચૌદ જાતિના વર્ણનો કર્યા છે અને દીપાર્ણવ ગ્રંથમાં મળતી માહિતીના આધારે કહી શકાય કે – 'રાજવલ્લભ' પણ નાગરાદિ વાસ્તુપરંપરાનો ગ્રંથ છે.

આ ઉપરાંત ભારતીય વાસ્તુ–વિદ્યાના ગ્રંથોમાં ત્રણ વિભાગો જોવા મળે છે.

૧) શિલ્પશાસ્ત્ર વિષયક ગ્રંથો

૨) જનવાસ્તુ વિષયક ગ્રંથો

૩) દેવવાસ્તુ વિષયક ગ્રંથો

અહીં કહી શકાય તેમ છે કે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' પ્રસ્તુત ત્રણેય વિભાગોને વર્ણવે છે. જયારે ' રાજવલ્લભ ' જનવાસ્તુ વિષયોનો નિરુપણ કરતો ગ્રંથ છે.

આમ, એક જ પરંપરાના બંને ગ્રંથો જે જુદા–જુદા વિભાગોને વર્ણવે છે. આથી તેના અધ્યયથી સ્પષ્ટ લાગે છે કે તેના સિદ્ધાંતોમાં સામ્ય સાથે વૈષમ્ય પણ છે અને તેમના સામ્ય સિદ્ધાંતોની અંદર પણ કાળ, દેશ, રીતિ, પ્રદેશની લાક્ષણિકતા, લાભાલાભ, સગવડતા વગેરેને ધ્યાનમાં રાખીને વિષમ રીતે રજૂ કર્યા છે. જેમકે – સરખા જ સિદ્ધાંતોમાં પણ પ્રકારો, રીતિ, લક્ષણ, સંખ્યા, સ્વરૂપ, પ્રમાણ, વિધિ વગેરેમાં વિષમતા છે.

પ્રસ્તુત બંને ગ્રંથોના વર્ણ્ય વિષયોને સૈદ્ધાંતિક રૂપમાં આ પ્રમાણે વિભાજિત કરી શકાય.

| 'રાજવલ્લભ' | 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' |
| --- | --- |
| ૧) વાસ્તુશાસ્ત્ર | ૧) વાસ્તુશાસ્ત્ર |
| ૨) ગણિતશાસ્ત્ર | ૨) ગણિતશાસ્ત્ર |
| ૩) જયોતિષશાસ્ત્ર | ૩) જયોતિષશાસ્ત્ર |
| ૪) શકુનશાસ્ત્ર | ૪) પ્રાસાદોત્પત્તિ અને દેવાયતન નિર્માણ |
| | ૫) દેવ–દેવીઓના સ્વરૂપ–લક્ષણ |

**બંને ગ્રંથોમાં વિષમતા યુક્ત સમાન વિષયો (સામ્ય–વૈષમ્ય સહિત)**

**ગૃહનિર્માણપ્રયોજન, ગૃહનિર્માણકાળ, ભૂ–પરીક્ષા, દિક્સાધના, પ્લવવિચાર, શિલાન્યાસવિધિ, ગજઆદિના પ્રમાણ વિચાર, વાસ્તુપુરુષ, વાસ્તુપુરુષોત્પત્તિ, વાસ્તુપૂજન વિધિ, વાસ્તુપ્રકારો (૧ થી ૧૦૦ પદવાસ્તુ) આયાદિતત્ત્વાધિકાર, કીલરોપણ, ખનન, વત્સચક્ર, ક્ષેત્રફળ વિચાર, તિથિ, વાર, નક્ષત્ર, રાશિ, ગ્રહ, શુભાશુભયોગ, ગૃહનિર્માણ–ગૃહપ્રવેશ, દેવપ્રતિષ્ઠા, આયુષ્યવિચાર આદિમાં સામ્યની સાથે મહંદ્ અશે, વિધિ, પ્રકાર, સ્વરુપ, પ્રમાણઆદિગત વૈષમ્ય પણ છે.**

બંને ગ્રંથોમાં વિષમતા યુક્ત વિષય –

| ' રાજવલ્લભ ' | ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' |
|---|---|
| ૧) જળાશય નિર્માણ (વાવ–કૂવા–તળાવ–કુંડાદિ) | ૧) નાગરાદિ ચૌદ જાતિના પ્રાસાદો |
| ૨) ગૃહ નિર્માણ (એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ, ચતુ:શાળ ગૃહો) | ૨) કૈશર્યાદિ સાન્ધાર પ્રાસાદો |
| ૩) નગર નિર્માણ | ૩) નિરન્ધાર પ્રાસાદો |
| ૪) દુર્ગ નિર્માણ | ૪) મેરુ પ્રાસાદો |
| ૫) રાજપ્રાસાદ નિર્માણ | ૫) ઋષભાદિ પ્રાસાદો |
| ૬) રાજભવન સંબંધિત સામગ્રીઓ | ૬) જિન પ્રાસાદો |
| ૭) ગણિતશાસ્ત્રમાં ઘનફળ, પરિધ, વ્યાસ આદિ વિધાનો | ૭) સમવસરણનું સ્વરૂપ |
| ૮) સંસ્કાર કર્મોમાં મુહૂર્ત વિધાન | ૮) પ્રાસાદદ્વાર, જગતી, ભ્રમણી, મંડોવર, મંડપ,ગવાક્ષ તેમજ પ્રાસાદોના તલમાન, પ્રતિષ્ઠા આદિ વિષયોનું વિધાન |
| ૯) શકુન લક્ષણો | ૯) દેવાયતનો નિર્માણ વિધાન, દેવદૃષ્ટિ નિર્ણય, ગર્ભગૃહ વિધાન, કળશ વિધાન, દેવ–દેવીઓના પ્રતિમા સ્વરૂપ–લક્ષણ, જિનસ્વરૂપ, તીર્થકરો સ્વરૂપ, વિદ્યાઆદિ દેવીઓનું વિધાન, આય સ્વરૂપો |
| | ૧૦) દેવ–દેવીઓના સ્વરૂપ લક્ષણો |

આ રીતે ' રાજવલ્લભ ' અને ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' બંને ગ્રંથોમાં વૈષમ્ય યુક્ત વિષયોના નિરુપણો વધારે પ્રમાણમાં છે જેમા સ્પષ્ટ જોઈ શકાય છે કે ' રાજવલ્લભ ' જનવાસ્તુને વર્ણવે છે. જયારે ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' જનવાસ્તુના નિર્દેશો સાથે સંપૂર્ણપણે દેવવાસ્તુ અને શિલ્પને વર્ણવે છે.

ઉપરોક્ત વિધાનના આધારે સ્પષ્ટ થાય છે કે બંને ગ્રંથોમાં સામ્ય–વૈષમ્ય બંને છે. આથી કહી શકાય કે બંને ગ્રંથો દેવવાસ્તુ પરંપરામાં નાગરાદિ વાસ્તુ શૈલીને વર્ણવે છે એ

સામ્ય છે. પરંતુ એક જ પરંપરામાં રહીને બંને ગ્રંથોએ જુદા–જુદા વાસ્તુ વિષયોને વર્ણવ્યા છે. ' રાજવલ્લભ ' જનવાસ્તુને તો ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' જનવાસ્તુના નિર્દેશો સાથે દેવવાસ્તુ વર્ણવે છે.

આ રીતે સ્થાન અને વર્ણ્ય વિષયોમાં સામ્ય–વૈષમ્ય વર્ણવી શકાય, તેમ છે.

આ ઉપરાંત અન્યશાસ્ત્રો સાથે સંબંધ ધરાવતા પ્રસ્તુત ગ્રંથોમાં પણ તફાવત છે. જેમકે – જુદા–જુદા ભૂગોળ, સંસ્કૃતિ, ઈતિહાસ, પ્રથા, પરંપરા, સુવિધા, લાભાલાભ વગેરે સામે ટકી રહેવાના કારણે પૂજા પદ્ધતિ, જયોતિષ, સિદ્ધાંતો, પર્યાવરણના નિર્દેશો, દાર્શનિકતા, વ્યવહારિકતા વગેરેમાં તફાવત જોઈ શકાય છે. તેમજ બંને ગ્રંથોનો જયોતિષશાસ્ત્ર સાથે, અર્થશાસ્ત્ર સાથે, પર્યાવરણ સાથે, ગણિત સાથે, આયુર્વેદ સાથે સમતા યુક્ત સંબંધ છે. જયારે ધર્મશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર સાથે વધુ આંતર સંબંધ ' શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્ ' ના વર્ણ્ય વિષયોનો છે.

જયારે 'રાજવલ્લભ' શકુનશાસ્ત્રને વર્ણવીને વાસ્તુ સાથે શકુનનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે. વર્તમાન સમયમાં વર્ણ્યવિષયોની ઉપયોગીતાની દ્દષ્ટિએ જોઈએ તો 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' આધુનિક શિલ્પીઓ માટે અને પ્રાસાદ, દેવાયતનોના નિર્માણમાં નાનામાં નાની બાબતની પણ ચોક્કસાઈ પૂર્વક સમજ આપે છે. જયારે 'રાજવલ્લભ' વર્તમાન સમયમાં વાસ્તુ પદ્ધતિથી ગૃહ નિર્માણમાં આગળ વધેલા જનસમુહને ખૂબ જ ઉપયોગી છે.

જેમકે – આધુનિક સ્થાપત્ય–શિલ્પ, વાસ્તુશાસ્ત્ર, ગૃહનિર્માણ માટે સમય, વાસ્તુપૂજા, વાસ્તુવિદ્યામાં વેધ પરિમાર્જન, એકશાળ, દ્વિશાળ, ત્રિશાળ, ચતુઃશાળ ગૃહો, જળસ્રોતો, નગર નિર્માણ કલા, જયોતિષ, ગણિત, શકુન આદિનો સમાવેશ સૂક્ષ્મ અવલોકનથી ચિત્રિત કરનાર 'રાજવલ્લભ' વાસ્તુ–સ્થાપત્ય અંગેનો ઉત્તમ નમૂનો આપે છે. જે આજના પરિપ્રેક્ષ્યમાં વિચારણીય છે અને આપણી પ્રજાના જીવનને સ્પર્શતી તથા તેના મનોભાવોને ઘડતી બધી વાસ્તુશાસ્ત્રીય બાબતોનો રસપ્રદ ચિતાર 'રાજવલ્લભ' માં પ્રસ્તુત થયેલ છે. તો ઘણી પ્રાચીન અને ભૂલાઈ ગયેલી સાંસ્કૃતિક, ધાર્મિક, દાર્શનિક, જયોતિષય અને શિલ્પસ્થાપત્યની વાસ્તવિકતાઓને નવા રૂપરંગ, નવા સિદ્ધાંતો અને વિશ્વકર્માના મતોના ઉદ્ધરણની મદદથી 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' આપણી સમક્ષ રજૂ કરે છે.

પ્રસ્તુત ગ્રંથોના અધ્યયન પરથી સાબિત થાય છે કે – દેવપ્રાસાદો, રાજભવનો અને ગ હોની આજની પરિકલ્પના આ ગ્રંથોના સંદર્ભનાં આધારે ઘણી વામણી લાગે છે. પ્રાચીન સમયમાં પણ ઉત્તમ કલાકૃતિના નમૂનારૂપ પ્રાસાદો, ગૃહો અને નગરોની રચના થતી જે આજના સમય માટે કદાચ સ્વપ્ન સમાન ગણી શકાય. આથી જ કહી શકાય કે ભારતીય વાસ્તુપરંપરાના આ બંને ગ્રંથોમાં નિરુપિત વાસ્તુસિદ્ધાંતો ભારતીય સ્થાપત્યની સમજણમાં અતિ ઉપયોગી દ્રષ્ટિ પુરી પાડે છે. તેથી ભારતીય સ્થાપત્યના અભ્યાસીએ પ્રસ્તુત ગ્રંથોને દ્રષ્ટિ બહાર જવા દેવા જોઈએ નહીં. કેમકે તે વાસ્તુના સર્વાંગ સંપૂર્ણ ચિતાર આપનાર ગ્રંથ છે.

પ્રસ્તુત ગ્રંથોના અધ્યયનના આધારે તત્કાલીન સમાજનો આછો ખ્યાલ આવે છે. જેમકે – 'રાજવલ્લભ' માં મુહૂર્ત વિધાનો, શકુન વિધાનો અને તેનાથી થતા શુભાશુભ ફળનાં નિર્દેશો કરે છે. આથી તે સમયનો સમાજ જયોતિષ, શકુનાદિમાં માનનારો સમાજ હશે એમ કહી શકાય. જયારે 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' કાલીન સમાજ મૂર્તિપૂજાને પ્રાધાન્ય આપતો સમાજ હશે. કેમકે તેમા ભારતીય સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂનારુપ મૂર્તિવિધાન, મૂર્તિના લક્ષણો, દેવતાઓની પ્રતિષ્ઠા, પ્રતિમા પ્રમાણ, પ્રતિમાદ્રષ્ટિ નિર્ણય, દેવાયતનો નિર્માણ વગેરે બાબતોથી અનેકવિધ દેવતાઓને વ્યક્તિઓ પૂજાવિધિમાં સ્થાન આપતા હશે તેમ જણાઈ આવે છે.

તો ખંડિત તથા દોષરૂપ મૂર્તિ પણ આફત ઉભી કરનારી મનાતી હતી. તેવા ઉલ્લેખો 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં છે. આથી કહી શકાય કે – વ્યક્તિની ભક્તિને વેગ આપનાર સગુણ ઉપાસનાનો માર્ગ બતાવી હિન્દુ માનસમાં મંદિર, મૂર્તિ તથા તેની સાથે સંકળાયેલી બાબતોને સ્વીકૃત કરવાનો એક નવો જ અભિગમ આપે છે.

વર્તમાન સમયમાં મનુષ્યો ભલે વિજ્ઞાન અને ટેકનોલોજીથી વિકાસમાં હરણફાળ ભરી રહ્યાં, પરંતુ વાસ્તુ અને સ્થાપત્યના પ્રસ્તુત સિદ્ધાંતોની તેની આવશ્યકતા છે. કેમકે તે એક એવો આધાર છે કે જેના પર આધુનિક મનુષ્યો અર્થ અને આરોગ્યના નિયમનને પ્રતિષ્ઠિત કરી શકે છે.

આપણી રાષ્ટ્રીય ચેતનાનું જોમવંતુ અને ગતિશીલ વાહન બનેલી સંસ્કૃત ભાષા અને તેમાં રચાયેલી અનેકાનેક ઉત્તમ ગ્રંથો આપણી રાષ્ટ્રીય ગરિમાના વાહકો બન્યા હતા ત્યારે વર્તમાન સમયમાં લોકોપયોગી વાસ્તુસિદ્ધાંતોને પ્રજાના હ્રદય સુધી પહોંચાડનાર આ ગ્રંથો વ્યક્તિને અત્યારે કેટલા ઉપયોગી બની શકે તેનો સંપૂર્ણ નિર્ણય વ્યકિત પર નિર્ભર છે. દરેક માનવીને નિવાસ કરવા માટે ' પોતાનું એક ઘર હોય ' એવુ સ્વપ્ન હોય છે. આથી, જો માનવ યોગ્ય ભૂમિ ઉપર અને યોગ્ય દિશામાં તેમજ વાસ્તુ આધારિત ગૃહનું નિર્માણ કરે તો તેમા વાસ કરનારને સુખ–સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે.

'રાજવલ્લભ' પ્રમાણે રાજાના ગૃહથી શરૂ કરીને સેનાપતિ અને બ્રાહ્મણથી શરૂ કરીને શૂદ્ર જાતિના માનવો માટેના ગૃહનું અલગ–અલગ પ્રમાણ આપેલ છે. જેથી જાણવા મળે છે કે રાજાના ગૃહનું પ્રમાણ–માન મોટા તેમજ અન્ય વર્ગના માનવોના ગૃહ નાના હતા. વળી 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' માં મંદિરોના લક્ષણોના આધારે ગોળ–લંબગોળ આકાર, શિખર તેમજ જગતી, ભ્રમણી દરેક ને અલગ–અલગ પ્રમાણમાં આપ્યા છે.

આથી કહી શકાય કે મનુષ્ય જીવનમાં જ્ઞાન મૂલક, ભક્તિપ્રધાન કર્મયોગ કરી શકે તે માટે દેવપ્રાસાદો અને પોતાના ઘરની આવશ્યકતા છે. ઘરનું પ્રમાણ પોતાની શક્તિ તેમજ રૂચિ આધારે કરી શકાય. પરંતુ ભૂમિ, દ્વાર, ગૃહારંભ અને કઈ દિશામાં કયું સ્થાન બનાવવું તે તો વાસ્તુના પ્રસ્તુત ગ્રંથોમાં આપેલા નિર્દેશો પ્રમાણે જ બનાવવા આવશ્યક અને હિતકર બની શકે તેમ છે. કેમકે માત્ર વાસ્તુ જ એક એવો વિષય છે જે આપણી તમામ ભૌતિક, શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને વાતાવરણીય સંવાદિતા સાથે પ્રત્યક્ષ રીતે સંબંધ ધરાવે છે.

કહી શકાય કે પ્રસ્તુત ગ્રંથોના કર્તા, સમય, વિષયો, સિદ્ધાંતો આદિમાં રહેલા સામ્ય–વૈષમ્યના નિરુપણો કરીને સ્પષ્ટ થાય છે કે વર્તમાન સમયમાં ઘણા વાસ્તુશાસ્ત્રીય ઘડો, તાંબાના તાર, તાંબાના પિરામીડ, કાચબો, અનુષ્ઠાન કરીને સિદ્ધ કરેલા યંત્રો વગેરે સાધનોનો ઉપયોગ કરીને વાસ્તુદોષ નિવારણ કરવામાં આવે છે. પરંતુ અહીં પ્રસ્તુત ગ્રંથો જે વાસ્તુવિદ્યાના મુખ્ય ગ્રંથો તરીકે ગણી શકાય તેમ છે. તેમાં તેનો ઉલ્લેખ જોવા મળતો નથી. આમ, આ વિચારો હાલમાં ઘડી કાઢેલા જણાય છે. પરિવર્તન પામતા

સમયનાં બદલાવ સાથે વાસ્તુવિદ્યાના કેટલાક વિચારોમાં ફેરફાર તો વળી, કેટલાકમાં ઉમેરણો તો, કેટલાક નિર્માણ શકય ન બની શકે તેવા આધારોનો નાશ થઈ ગયો છે. આથી વાસ્તુવિદ્યાના પ્રસ્તુત ગ્રંથોના અભ્યાસથી વાસ્તુ વિશેના મૂળ વિચારોથી માહિતગાર બની શકીએ.

પ્રસ્તુત ગ્રંથોમાં 'રાજવલ્લભ' ગ્રંથમાં રાજભવનો, નગરવ્યવસ્થા, રાજભવન સંબંધિત સામગ્રીઓ અને રાજભવનના અન્ય નિવાસો તેમજ દુર્ગાદિના નિરુપણો હોવાથી 'રાજવલ્લભ' ઉપરાંત જનવલ્લભ પણ છે. પરંતુ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' ગ્રંથ દેવશિલ્પી વિશ્વકર્મા દ્વારા જાણે કે દેવવલ્લભ બન્યો હશે. પરંતુ આ ગ્રંથ આશરે ચારેક દાયકા પહેલા જ પ્રસિદ્ધ થયો જે વાસ્તુવિદ્યા સાથે શિલ્પને વર્ણવે છે અને આ ગ્રંથમાં જુદા–જુદા શિલ્પના ગ્રંથોમાંથી જરૂરી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. જેમકે ૨૪ નહીં પરંતુ જિનપ્રાસાદો, કમલભૂષણાદિ ૫૨ જિન પ્રાસાદો, દેવ–દેવીઓના મૂર્તિ સંબંધિત વિસ્તૃત માહિતી આપી છે. જયારે 'રાજવલ્લભ' ગ્રંથ આશરે નવ દાયકા પહેલા પ્રકાશિત થયેલો વાસ્તુનો સ્વતંત્ર ગ્રંથ છે.

આ રીતે વાસ્તુશાસ્ત્રનો ગ્રંથ 'રાજવલ્લભ' અને વાસ્તુવિદ્યામાં શિલ્પકળાને પણ વર્ણવતો ગ્રંથ 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્' છે. આ બંને ગ્રંથોના નિરુપિત વિષયોના સામ્ય–વૈષમ્યના નિરુપણો પરોપકારી સિદ્ધ થાય તેમ વાસ્તુદેવને મારી અભ્યર્થના.

# પરિશિષ્ટો

## સંદર્ભ ગ્રંથોની વર્ગીકૃત સૂચિ

# પરિશિષ્ટો

(૧) સંસ્કૃત ગ્રંથો

(૨) હિન્દી ગ્રંથો

(૩) ગુજરાતી ગ્રંથો

(૪) અંગ્રેજી ગ્રંથો

(૫) શબ્દકોશો

(૬) સામયિકો

## સંસ્કૃત ગ્રંથો

| ક્રમ | ગ્રંથ | લેખક/સંપાદક/અનુવાદક/પ્રકાશક |
|---|---|---|
| १ | अग्निपुराणम् | संपा.श्री बलदेव उपाध्याय<br>चोखम्बा संस्कृत सीरिज<br>वाराणसी प्रथम संस्करण |
| २ | अपराजितपृच्छा | भवनदेव विरचियतम्<br>ओरिएन्टल इन्स्टी. बरोडा-१९५० |
| ३ | अथर्ववेदसंहिता | नाग पब्लिशर्श दिल्ली – २००३ |
| ४ | अष्टादश पुराणपरिचयः<br>(पोराणिक प्रभापरिशीलनम्) | श्री कृष्णमणि त्रिपाठी<br>चोखम्बा सरस्वतीभवन<br>वाराणसी प्रथम स. १९८० |
| ५ | ग्रहनक्षत्राणि | स. डॉ. सम्पूर्णानन्द<br>अनु. कमलापति मिश्र<br>सम्पूर्णानन्द संस्कृत<br>विश्वविद्यालय – वाराणसी |
| ६ | ज्योतिषशास्त्र<br>दिग्देशकालज्ञानम् | ले. डॉ. नागेन्द्र पाण्डेय<br>सम्पूर्णानन्द संस्कृत विश्वविद्यालय<br>वाराणसी |
| ७ | ज्योतिषतत्त्वसुधार्णव | श्यामसुंदर लाललक्ष्मी<br>वेंकटेश्वर मुद्रणालय, मुंबई<br>सं. १९८३ |
| ८ | ज्योतिर्विदाभरणम् | महाकवि कालिदास विरचितम्<br>सुवर्णाख्य मुद्रणायंत्रालये<br>प्र. आ. १९०८ |
| | | |

| | | |
|---|---|---|
| ९ | कूर्मपुराणम् | इन्डोलोजिकल बुक हाउस<br>वाराणसी – १९६७ |
| १० | मत्स्यपुराण् | गीता प्रेस गोरखपुर<br>१९८१, १९८५ |
| ११ | मुहूर्तचिंतामणि | श्रीमद् रामदैवज्ञ विरचित<br>तुकाराम जावजी निर्णय सागर<br>प्रेस मुंबई – सन – १९१४ |
| १२ | पुराणविमर्श | ले. बलदेव उपाध्याय<br>चोखम्बा विद्याभवन वाराणसी |
| १३ | ऋग्वेद संहिता | नाग पब्लिशर्स दिल्ली – २००३<br>चतुर्थ संस्करण – २००८ |
| १४ | सचित्रवास्तुशान्तिप्रदिप | पंडित विश्वनाथशास्त्री |
| १५ | वसिष्ठसंहिता | वसिष्ठ विरचितम्<br>गंगाविष्णु श्री कृष्णदास<br>कल्याण – मुंबई स– १९७२ |
| १६ | वास्तुविद्या | स. टी. गणपति शास्त्री<br>त्रिवेन्द्रम संस्क त सिरिज – १९१३ |
| १७ | याजुष् ज्योतिषम् | सोमाकर सुधाकर भाष्यसहितम्<br>मेडीकल होल प्रेस बनारस–१९०८ |

## હિન્દી ગ્રંથો

| ક્રમ | ગ્રંથ | લેખક / અનુવાદક / સંપાદક / પ્રકાશક |
|---|---|---|
| ૧ | आयुर्वेद का इतिहास | डॉ. विद्याधर शुक्ल<br>चोखम्बा संस्कृत प्रतिष्ठान<br>वाराणसी तृ.आ. १९९३ |
| ૨ | भवनभास्कर | राजेन्द्रकुमार धवल<br>गीताप्रेम गोरखपुर – २०६० |
| ૩ | बृहत् वास्तुमाला | पंडित रामनिहोर द्विवेदी<br>अनु. डॉ. ब्रह्मनंद त्रिपाठी<br>चोखम्बा प्रकाशन – वाराणसी |
| ૪ | बृहत्संहिता<br>(द्वितीय संस्करण) | ले. वराहमिहिराचार्य<br>संपा. कृष्णचन्द्र द्विवेदी<br>प्रका. संपूर्णानन्द संस्कृत<br>विश्वविद्यालय – वाराणसी |
| ૫ | भारतीय ज्योतिष | नेमीचन्द्र शास्त्री<br>भारतीय ज्ञानपीठ कासी<br>प्र. आ. १९७२ |
| ૬ | भारतीय वास्तु एवं भवन प्रारूप | ले. प. जगदीशचन्द्र शर्मा<br>सहयोग तरुण अग्रवाल<br>रविपोफेट बुक्स, ३३ हरिनगर<br>मेरठ |
| ૭ | भारतीय संस्कृति और कला | ले. वाचस्पति गैरोला<br>उपरप्रदेश हिन्दी संस्थान राजर्षि<br>पुरुषोत्तमदास ,<br>टन्दन महात्मा गांधी मार्ग– लखनऊ |

| | | |
|---|---|---|
| ८ | भारतीय स्थापत्य | ले. डॉ. द्विजेन्द्रनाथ शुक्ल<br>हिन्दी समिति – लखनऊ |
| ९ | हमारा ज्योतिष और धर्मशास्त्र | हरिहर पाण्डेय<br>उ. प्रदेश – हिन्दी संस्थान<br>लखनऊ प्र. आ. १९८१ |
| १० | ज्योतिष रत्नाकर | ले. देवकीनंद सिंह<br>मोतीलाल बनारसीदास<br>दिल्ली – १९९३ |
| ११ | ज्योतिषशास्त्र | पं. सुरेशशास्त्री क्लासिक<br>पब्लिशींग हाउस<br>जयपुर. प्र. आ. १९९१ |
| १२ | कलाविवेचन | ले. कुमार विमल<br>भारतीय भवन एफीलबिसन रोड,<br>पटना |
| १३ | कमर्शियलवास्तु | ले. डॉ. भोजराज द्विवेदी<br>सहसंपादन रमेश द्विवेदी<br>डायमंड पोकेट बुक्स (प्रा.)<br>नई दिल्ली प्र. आ. २००० |
| १४ | मत्स्यपुराणम् | सं.प. श्री राम शर्मा आचार्य<br>संस्कृत संस्थान बरेली<br>द्वितीय खण्ड – २००० |
| १५ | मयमतम् | सं. डॉ. श्री कृष्ण ' जुगनु '<br>चोखम्बा संस्कृत सीरीज आफीस,<br>वाराणसी |
| १६ | मेवाडकी चित्रांकन परम्परा | ले. डॉ. राधाकृष्ण वरिष्ठ<br>पुनिक ट्रेडर्स – चौडा रस्ता – जयपुर |

| | | |
|---|---|---|
| १७ | नारद त्रिस्कन्ध ज्योतिष | स. डॉ. कमलप्रकाश अग्रवाल<br>स्टैण्डर्ड पब्लिशर्स<br>नई – दिल्ली |
| १८ | प्रासादमण्डनम् | सं. डॉ. श्री कृष्ण जुगनुं<br>परिमल पब्लिकेशन्स – दिल्ली |
| १९ | पुराण विमर्श | ले. बलदेव उपाध्याय<br>प्रथम संस्कारण |
| २० | राजव©भवास्तुशास्त्रम् | सं. डॉ. श्री कृष्ण जुगनुं<br>परिमल पब्लिकेशन्स – दिल्ली |
| २१ | समराङ्गण सूत्रधार<br>भवन निवेश<br>(प्रथम / द्वितीय भाग) | भोजकृत<br>अनु. डॉ. द्विजेन्द्रनाथ शुक्ल<br>वास्तुवाङ्मय प्रकाशन शाला<br>लखनऊ – १९६५ |
| २२ | संस्कृत साहित्य का इतिहास | ले. डॉ. दीप्तिकमल<br>राज पब्लिशिंग हाउस, जयपुर |
| २३ | श्री मुहूर्तराज | श्री राजेन्द्र हिन्दी टीका<br>ज्योतिष विशारद ' श्रवण '<br>श्री राजेन्द्र प्रवचन कार्यालय<br>जिला. धार (म.प्र.) |
| २४ | शिलान्यास एवं<br>वास्तुपूजन पद्धति | युगलकिशोर मिश्र |
| २५ | व्यावहारिक वास्तुशास्त्र | ले. आचार्य सत्यानन्द<br>सं. श्रीमती जयश्री<br>डायमंड पोकेट बुक्स (प्रा.) लि.<br>नई दिल्ली |

| | | |
|---|---|---|
| २६ | वराहमिहिर बृहत्संहिता | व्या. अच्युतानंद झा<br>चोखम्बा प्रकाशन<br>वाराणसी – १९९३ |
| २७ | वास्तुमुक्तावली | सटीक राधारमण सुमन<br>भार्गव पुस्तकालय, बनारस तृ. आ. |
| २८ | वास्तुरत्नावली<br>( श्री जीवनाथ झा देवज्ञ विरचित) | सटीक श्रीमद् अच्युतानन्द झा<br>चोखम्बा प्रकाशन वाराणसी<br>प्रथमावृत्ति – १९९९ |
| २९ | वास्तुराजव©भ<br>( श्री मंडन सूत्रधार विरचित) | सं.प. रामयत्न ओझा<br>भार्गव पुस्तकालय, काशी<br>द्वि. आ. १९९९ |
| ३० | वास्तुशास्त्र के रहस्य | ले. राज कोठारी<br>सिल्वर लाईन्स – इन्दोर<br>द्वितीय आवृति – स. १९९६ |
| ३१ | वास्तुरत्नावली | सं. प. रामयत्न ओझा<br>भार्गव पुस्तकालय – काशी<br>द्वि. आ . सं. १९७१ |
| ३२ | विश्वकर्माप्रकाश<br>(विश्वकर्माकृत) | अनु. डॉ. उमेशपुरी ज्ञानेश्वर<br>रणधीर प्रकाशन – हरिद्वार– १९३६ |
| ३३ | वेदांग ज्योतिषभूमिका | डॉ. आर. अेन. शास्त्री<br>मैसुर सरकार द्वारा प्रकाशित– १९३६ |
| ३४ | वैदिक देवशास्त्र | अनु. डॉ. सूर्यकान्त<br>पाणनि पब्लशर्स एण्ड<br>प्रिन्टर्स – नई दिल्ली – १९८ |

## ગુજરાતી ગ્રંથો

| ક્રમ | ગ્રંથ | લેખક/ અનુવાદક/ સંપાદક/ પ્રકાશક |
|---|---|---|
| ૧ | અથર્વવેદ | સં. શ્રી સાતવળેકર સ્વાધ્યમંડળ<br>પારડી, ચતુર્થ સંસ્કરણ |
| ૨ | અષ્ટાંગ હૃદય<br>(મહર્ષિ વાગ્ભટ્ટે કૃત) | અનુ. વિજયશંકર<br>સસ્તુ સાહિત્ય, અમદાવાદ.<br>દ્વિ. આ. સ. ૨૦૨૨ |
| ૩ | આયુર્વેદનો ઈતિહાસ | દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી<br>ગુજ. વિધાનસભા, અમદાવાદ.<br>દ્વિ. આ. ૧૯૬૪ |
| ૪ | ભારતીય સાહિત્ય શાસ્ત્રની<br>વિચાર પરંપરાઓ | લે. ડો. તપસ્વી નાન્દી<br>યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ,<br>ગુજરાત રાજય – અમદાવાદ<br>બીજી આવૃતિ – ૧૯૮૪ |
| ૫ | ગુજરાત મૂર્તિવિધાન | લે. શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવે<br>રસીકલાલ છો. પરીખ<br>અધ્યક્ષ શ્રી ભો. જે. અધ્યયન સંશોધન,<br>વિદ્યાભવન, અમદાવાદ.<br>પ્રથમ સંસ્કરણ |
| ૬ | જ્ઞાનપ્રકાશ દીપાર્ણવ<br>(વિશ્વકર્મા પ્રણિત) | સં. પ્રભાશકંર ઓઘડભાઈ સોમપુરા<br>પાલીતાણા – ૧૯૬૦ |
| ૭ | ગૃહનિર્માણ વાસ્તુવિદ્યાયામ્ | સ. નંદલાલ ચુનિલાલ સોમપુરા<br>દક્ષકુમાર નંદલાલ સોમપુરા<br>પાલીતાણા – ૧૯૮૧ |

| | | |
|---|---|---|
| ૮ | જયોતિષ કલ્પતરુ | અનુ. શ્રી સોમેશ્વર દ્વારકાદાસ જોષી<br>સુલોચન જોષી, રાવળ પોળ<br>કપડવંથ પુનઃ મુદ્રણ – ૧૯૬૯ |
| ૯ | જૈન રત્નચિંતામણી<br>સર્વ સંગ્રહ સાર્થ (ભાગ– ૧,૨) | પ્રકાશન વર્ષ – નવેમ્બર – ૧૯૮૫ |
| ૧૦ | કશ્યપસંહિતા<br>(કશ્યપમુનિ વિરચિત) | અનુ. ગિરજાશંકર માયાશંકર શાસ્ત્રી<br>સસ્તુ સાહિત્ય અમદાવાદ<br>પ્ર.આ. – ૧૯૭૦ |
| ૧૧ | મત્સ્યપુરાણ | મહર્ષિવેદ વ્યાસ પ્રણીત<br>અનુ. શ્રી હિંમતરામ મહાશંકર જાની<br>સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય<br>અમદાવાદ |
| ૧૨ | પ્રસ્થાનત્રયી | લે.શ્રી સી. વી. રાવળ<br>પ્ર. સી. વી. રાવળ<br>૨૮, નાવેક્ષ રો હાઉસીંગ – અમદાવાદ |
| ૧૩ | પ્રાચીન ભારતીય<br>શિલ્પકળા અને સ્થાપત્ય | પ્રિયબાળા શાહ<br>શ્રી ક. ચ. પરીખ |
| ૧૪ | પુરાણ વિવેચન | લે. શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી<br>ગુજરાત વર્નાકયુલર સોસાયટી<br>અમદાવાદ |
| ૧૫ | *राजव©भ*<br>(મંડન સૂત્રધારકૃત) | અનુ. નારાયણ ભારતી<br>રામદેવ જાગુષ્ટે – અમદાવાદ<br>સને. – ૧૯૨૪ |
| ૧૬ | શ્રીમદ્ ભાગવત મહાપુરાણ<br>(મહર્ષિવેદ વ્યાસ રચિત) | અનુ. જોઈતારામ પટેલ, ગીતા પ્રેસ,<br>ગોરખપુર, પ્રથમ ખંડ– ૨૦૦૪ |

| | | |
|---|---|---|
| ૧૭ | શિલ્પદીપક | ગોવર્ધન કૃત<br>મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે<br>અમદાવાદ |
| ૧૮ | શિલ્પરત્નાકર | અનુ. નર્મદાશંકર સોમપુરા<br>શ્રી નર્મદાશંકર સોમપુરા<br>ધ્રાંગધ્રા – પ્રા. આ. ૧૯૩૯ |
| ૧૯ | *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'*<br>પૂર્વાર્ધ | સં. નંદલાલ ચુનીલાલ સોમપુરા<br>પાલીતાણા – ૧૯૭૭ |
| ૨૦ | *'शिल्पस्मृतिवास्तुविद्यायाम्'*<br>ઉતરાર્ધ | સં. નંદલાલ ચુનીલાલ સોમપુરા<br>પાલીતાણા – ૧૯૭૯ |
| ૨૧ | સુશ્રુત આયુર્વેદ ભાગ – ૧ | અનુ. શાસ્ત્રી કાલિદાસ ગોવિંદજી<br>સસ્તુ સાહિત્ય અમદાવાદ<br>તૃ. આ. સં. ૨020 |
| ૨૨ | ઉત્તમ વાસ્તુશાસ્ત્ર | પ્ર. હરિહર પુસ્તકાલય<br>ટાવર રોડ, સુરત |
| ૨૩ | વાસ્તુ જયોતિષશાસ્ત્ર તંત્ર અને મંત્ર | સુહાસ ડોંગરે, ચૈત્ર પાલ્વી<br>પ્રકાશન, પુના   પ્ર. આ. ૧૯૯૮ |
| ૨૪ | વાસ્તુ પ્રસાર | લ. રવિન્દ્ર ભાવસાર, જિતેન્દ્ર ગોળવાળા<br>શ્રીમતી પંકજ ગોળવાળા<br>ગોળવાળા પ્રકાશન – અમદાવાદ |
| ૨૫ | વાસ્તુ સમુચ્ચય | સંપા. શ્રી હરેન્દ્ર હ. શુકલ<br>હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સુરત. |
| ૨૬ | વાસ્તુશાસ્ત્રના રહસ્યો | લે. રાજ કોઠારી<br>અનુ. નરહરિ વ્યાસ, પેરા પબ્લીશન્સ,<br>" સિલ્વર લાઈન્સ " ઈન્દોર. |

| | | |
|---|---|---|
| ૨૭ | વાસ્તુશિલ્પશાસ્ત્ર અનુસાર<br>ભવનનિર્માણ | અનુ. કનૈયાલાલ જોષી<br>ઈન્કો. સાહિત્ય પ્રકાશન<br>અમદાવાદ   પ્ર.આ. ૧૯૯૮ |
| ૨૮ | વાસ્તુવિદ્યાપરિચય | લે. શ્રી મહેશ રાવલ<br>રાવલ પબ્લિકેશન નવરંગપુરા<br>અમદાવાદ |
| ૨૯ | વાયુપુરાણ | સં. ડૉ. અમૃત ઉપાધ્યાય<br>શ્રી ઈશ્વરભાઈ પટેલ<br>અધ્યક્ષ – મહર્ષિવેદ વિજ્ઞાન અકાદમી<br>હાઈલેન્ડ પાર્ક સોસાયટી,<br>અમદાવાદ–૨૫ |
| ૩૦ | વેદ વાસ્તુ પ્રભાકર | સં. પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા<br>પાલીતાણા – ૧૯૬૫ |
| ૩૧ | યોગરત્નાકર (પૂર્વાર્ધ) | અનુ. ગિરજાશંકર માયાશંકર શાસ્ત્રી<br>સસ્તુ સાહિત્ય – અમદાવાદ– ૧૯૬૯ |

## અંગ્રેજી ગ્રંથો

| Sr. No. | Book Name | Publishers/Edited/Published |
|---|---|---|
| 1 | History of Indian | M. A. Winter Nitz<br>Vol. 2<br>Calcutta - 1972 |
| 2 | History of Sanskrit | S. K. De Firma<br>K. L. Mukho Padhaya<br>Calcutta - 1966 |
| 3 | Sanskrit – English Dictionary | Sir Monier Williams<br>Motilal Banarasidas<br>Delhi – 1963 |

## શબ્દકોશો

| ક્રમ | ગ્રંથ | લેખક / પ્રકાશક |
| --- | --- | --- |
| ૧ | *अमरकोशः* | *पंडितः अमरसिंहः*<br>*संपा. पंडित शिवदत*<br>*निर्णयसागर प्रेस मुम्बई*<br>*प्रथम संस्करण ई. स. १९४४* |
| ૨ | ભગવદ્ ગોમંડળ<br>ભાગ ૧–૪ | પ્રવિણ પ્રકાશન રાજકોટ<br>ભાગ – ૧ (૧૯૮૬)ભાગ – ૪<br>(૧૯૮૬) |
| ૩ | *बृहत् कोश* | અક્ષર પ્રકાશન – અમદાવાદ<br>પ્રા. રતિલાલ પટેલ |
| ૪ | *बडा कोश* | અક્ષર પ્રકાશન – અમદાવાદ<br>ડૉ. ભોલાભાઈ પટેલ |
| ૫ | ગુજરાતી – અંગ્રેજી કોશ | યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ<br>ગુજરાત રાજ્ય, પ્રથમ આવૃતિ |
| ૬ | ગુજરાતી વિશ્વકોશ<br>ખંડ – ૨ અને ૭ | ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ<br>અમદાવાદ પ્ર. આ. ૧૯૯૬<br>(ભાગ–૨) ૧૯૯૦ (ભાગ–૭) |
| ૭ | ગુજરાતી સંસ્કૃત કોશ | ડૉ. નારાયણ કંસાર<br>આચાર્ય નટવરલાલ યાજ્ઞિક<br>ડૉ. દશરથભાઈ વેદિયા<br>ડૉ. જયંતિલાલ ભટ્ટ<br>ડૉ. અમૃત ઉપાધ્યાય<br>મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી<br>અમદાવાદ – ૧૯૯૦ |

| | | |
|---|---|---|
| ૮ | શબ્દનિધિ | શ્રી શાંતિલાલ શાહ<br>સાહિત્ય સંકુલ ચૌટા બજાર – સુરત |
| ૯ | સંસ્કૃત – ગુજરાતી વિનીત કોશ | સંપા– ગોપાલભાઈ જીવાભાઈ પટેલ<br>પ્રકા. રામલાલ ડાયાભાઈ પટેલ<br>મહામાત્ર, ગુજરાત વિદ્યાપીઠ<br>પ્ર. આ. ૧૯૬૨ અમદાવાદ |
| ૧૦ | સંસ્કૃત – હિન્દીકોશ | સંગ્રહકાર – શિવરામ વામન આપ્ટે<br>પ્રકાશક – મોતીલાલ બનારસીદાસ<br>બંગલા રોડ, જવાહરનગર,<br>દિલ્લી – ૭ તૃ. સં. ૧૯૭૨ |

## સામયિકો

## મેગેઝીન / જર્નલ / રીસર્ચ પેપર

| ક્રમ | ગ્રંથ | લેખક / પ્રકાશ |
|---|---|---|
| ૧ | कल्याण | व्यवस्थापक–कल्याण कार्यालय<br>गीता प्रेस – गोरखपुर |
| २ | प्रदीप | श्री द्वारकाधीश संस्कृत एकेडमी<br>१५ जनवरी, २००३<br>संपादकश्री जयप्रकाश नारायण द्विवेदी<br>प्रकाशक श्री शारदापीठ विद्यासभा –<br>द्वारका |
| ૩ | प्रशिक्षण – पत्र | बुनो म्रोनींग १/२००० हिन्दी |
| ૪ | साम्मनस्यम् | प्रा. सुरेशचंद्र दवे एवं<br>डॉ. भगवती प्रसाद पंडया<br>श्री बृहद् गुजरात संस्कृत<br>परिषद – अहमदाबाद |
| ૫ | सारस्वती सुषमा<br>द्वितीय खण्ड<br>रजत जयंती विशेषाङ्क | डॉ. भागीरथ प्रसाद त्रिपाठी<br>संपूर्णानन्द संस्कृत विश्वविद्यालय<br>वाराणसी |
| ૬ | शोधप्रभा | लालबहादुर शास्त्री राष्ट्रीय<br>संस्कृत विद्यापीठ<br>नई दिल्ली, वर्ष जुलाई – २००२ |
| ૭ | व्रज गंधा | जुलाइ–अक्तूबर – २०००<br>संपा. डॉ. वासुदेवकृष्ण चतुर्वेदी<br>रामाश्रमः गतश्रम टीला, मथुरा |